# વચનામૃત-પ્રવચન

('બહેનશ્રીનાં વચનામૃત' પર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો)

## ભાગ-૨



શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૧૮૪ *

ૐ

नमः परमात्मने।

શ્રી

# વચનામૃત-પ્રવચન

## (ભાગ બીજો)

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત
ઉપર
પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

*

: સંકલનકર્તા :
બ્ર૦ ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા

*

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**

પ્રથમાવૃત્તિ : પ્રત ૫૦૦

વીર સં. ૨૫૧૮ વિ. સં. ૨૦૪૮ ઈ. સ. ૧૯૯૨

દ્વિતીયાવૃત્તિ : પ્રત ૧૦૦૦

વીર સં. ૨૫૨૯ વિ. સં. ૨૦૫૯ ઈ. સ. ૨૦૦૩

**❀ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ❀**

**અમેરિકા (ઑસ્ટીન ટેકસાસ) સ્થિત મુમુક્ષુ ભાઈશ્રી અજિતભાઈ રવાણી તેમનાં ધર્મપત્ની સ્વ. મૃદુલાબેન તથા સુપુત્રી સ્વ. મિતાના સ્મરણાર્થે.**

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૮૪=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૫૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦% સ્વ૦ શ્રી શાંતિલાલ રતિલાલ શાહ તરફથી કિંમત ઘટાડવામાં આવતાં આ ગ્રંથની વેચાણ કિંમત રૂા. ૨૫=૦૦ રાખવામાં આવી છે.

મૂલ્ય : રૂા. ૨૫=૦૦

❀


મુદ્રક :

**કહાન મુદ્રણાલય**

સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

✆ : (02846) 244081

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**



શ્રી સીમંધરાદિ જિનેન્દ્રભગવંતોની અર્ઘપૂજા કરતા પૂજ્ય ગુરુદેવશ્રી

# પ્રકાશકીય નિવેદન

(પ્રથમ આવૃત્તિનું)

પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું પ્રકાશન કરવું તે આપણું—સૌ મુમુક્ષુઓનું—કર્તવ્ય છે. તદનુસાર 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો પહેલો ભાગ પ્રકાશિત કરવામાં આવ્યો હતો અને આજે તેનો બીજો ભાગ પ્રકાશિત કરતાં અમને અતિ હર્ષ થાય છે.

આ પ્રવચન-ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મનાં ગહન રહસ્યોનું સુંદર ઉદ્‌ઘાટન કર્યું છે, જે વાંચતાં સહેજે અનુભવમાં આવે છે. પૂજ્ય ગુરુદેવનાં આવાં પ્રવચનો પ્રકાશિત કરવાનો અમને સુઅવસર પ્રાપ્ત થયો તેને અમે અમારું મહાભાગ્ય સમજીએ છીએ અને આ કાર્ય દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિ–ઉલ્લાસ વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવે તેમના જીવનકાળ દરમ્યાન સ્વાનુભવસમૃદ્ધ પોતાના પવિત્ર જીવનથી તથા ભવછેદક વાણીથી આપણા પર અવર્ણનીય ઉપકાર કર્યો છે; તે ઉપરાંત હજુ તેમની અનુપસ્થિતિમાં પણ તેમની ટેઈપ-અવતીર્ણ વાણી તેમ જ પુસ્તકારૂઢ પ્રવચનો દ્વારા આપણા પર તેઓશ્રી મહાન ઉપકાર કરી રહ્યા છે. તેઓશ્રી પ્રત્યે ઉપકૃતભાવથી ભિંજાયેલી ભક્તિ આપણા હૃદયમાં નિરંતર રહો એ જ ભાવના.

આ ગ્રંથનું પ્રકાશન કરવા માટે ટેઈપ-રેકર્ડ ઉપરથી અનેક બ્રહ્મચારી બહેનોએ પ્રવચનો લખી આપવા બદલ તેમના આભારી છીએ. તે લખાણ ઉપરથી, પૂજ્ય ગુરુદેવના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી ભાઈશ્રી ચંદુભાઈએ—જેમણે ૩૯ વર્ષ સુધી નિરંતર કૃપાળુ ગુરુદેવનાં ચરણોમાં રહી તેઓશ્રીની સર્વતોમુખી અમૂલ્ય સેવાભક્તિનો અનન્ય લહાવો લીધો છે તેમણે—અતિ પરિશ્રમપૂર્વક છતાં અત્યંત ઉલ્લસિતભાવે તેનું સુંદર સંકલન કરીને પ્રવચનોનું પ્રેસ-મેટર તૈયાર કરી આપ્યું છે, તે બદલ અમે તેમના ઘણા જ ઉપકૃત છીએ. તેમણે આ કામ હાથમાં લીધું ન હોત તો આવું સર્વાંગ-સંતોષકારક સંકલન થઈ શકત નહિ તેમ જ આવું પૂરી ચોકસાઈપૂર્વક પ્રૂફ-સંશોધન થઈ શકત નહિ.

અંતમાં, આ પ્રવચનગ્રંથના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુઓ આત્મકલ્યાણ સાધે તેવી ભાવના ભાવીએ છીએ.

શ્રાવણ વદ બીજ, વિ. સં. ૨૦૩૮,
(પૂજ્ય બહેનશ્રીની ૬૯ મી જન્મજયંતી,)
તારીખ : ૬–૮–૧૯૮૨

ટ્રસ્ટી-ગણ,
**શ્રી વીતરાગ–સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ,**
ભાવનગર

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

*—હિંમતલાલ જેઠાલાલ શાહ*

# પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો અપાર ઉપકાર

[ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષરમાં ]

હે પરમ કૃપાળુ ગુરુદેવ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરું? આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરું? આ આત્માના દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે. આપે આ ભારતના જીવોને જાગ્રત કર્યા છે, અંતરમાં આત્મા તરફ વાળ્યા છે.

હે ગુરુદેવ! આપના શુદ્ધાત્મામાં પ્રગટેલા શુદ્ધ પર્યાયોના—જ્ઞાન-વિરક્તિ આદિની છાયા આપના અંતરમાં તેમજ આપની મુદ્રામાં છવાઈ ગઈ હતી.

હે ગુરુદેવ! આપના અંતરમાં ચૈતન્યચમત્કાર-સ્પર્શી સાતિશય શ્રુતજ્ઞાનના ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝગમગતા જ્ઞાન-દીવડા પ્રકાશિત રહ્યા હતા; આપની સાતિશય વાણી ચૈતન્યદેવનો અદ્ભુત ચમત્કાર દેખાડનારી હતી.

હે ગુરુદેવ! આપનું ચૈતન્યદ્રવ્ય મંગળસ્વરૂપ અને મંગળતા પ્રગટાવનાર તથા અલૌકિક હતું, દિવ્ય હતું.

હે ગુરુદેવ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સન્મુખ માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી વાળ્યા છે; શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડાં સૂક્ષ્મ ગૂઢ પ્રકાશ્યાં છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિના નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યના અદ્ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતના મહાન વિભૂતિ અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ! આપના ઉપકારોનું શું વર્ણન થાય? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપની સેવા-ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણ કમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો.

ॐ

નમઃ श्रीसद्गुरुदेवाय।

# આમુખ

ભારતવર્ષની ભવ્ય વસુંધરા સંતરત્નો પાકવાની પુણ્ય ભૂમિ છે. પવિત્ર આર્યભૂમિમાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો વગેરે શલાકાપુરુષો ઊપજે છે. તેમાં સૌરાષ્ટ્રનું પણ આગળ પડતું સ્થાન છે. બાવીશમાં તીર્થંકરદેવ શ્રી નેમિનાથ ભગવાનના સમુદ્ભવથી—તેમનાં પાંચેય કલ્યાણકોથી—સૌરાષ્ટ્રની ભૂમિ પાવન થયેલી છે. અર્વાચીન યુગમાં પણ અધ્યાત્મપ્રધાન જૈનગગનમાં ચમકતાં નક્ષત્રો સમા સમીપસમયજ્ઞ શ્રીમદ્‌રાજચંદ્ર, અધ્યાત્મયુગસ્રષ્ટા આત્મજ્ઞ સંત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન જેવા અસાધારણ સ્વાનુભૂતિધર્મપ્રકાશક સાધક મહાત્માઓની જગતને ભેટ આપીને સૌરાષ્ટ્રની ધરણી ગૌરવાન્વિત બની છે.

પરમદેવાધિદેવ, સર્વજ્ઞવીતરાગ, પ્રવર્તમાન ચોવીશીના ચરમતીર્થંકર, પરમપૂજ્ય શ્રી મહાવીરસ્વામીના દિવ્યધ્વનિ દ્વારા પુનઃ પ્રવાહિત અને ગુરુપરંપરા દ્વારા સંપ્રાપ્ત જે પરમ પાવન અધ્યાત્મપ્રવાહને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસાર વગેરે પ્રાભૃતભાજનોમાં સૂત્રબદ્ધ કરી ચિરંજીવી કર્યો છે તે પુનિત પ્રવાહના અમૃતનું પાન કરી, ગતભવમાં પૂર્વવિદેહક્ષેત્રસ્થ શ્રી સીમંધર જિનવરના પ્રત્યક્ષ સમાગમે સંપન્ન કરેલા અધ્યાત્મસંસ્કાર તથા વર્તમાન અંતર્‌સન્મુખતાના પુરુષાર્થ વડે સ્વાનુભૂતિસમૃદ્ધ આત્મસાક્ષાત્કાર પામી જેમણે સૌરાષ્ટ્ર–ગુજરાતમાં, સમગ્ર ભારતવર્ષમાં તેમ જ વિદેશમાં પણ શુદ્ધાત્મતત્ત્વ પ્રમુખ અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસરાવીને વીસમી–એકવીસમી સદીના વિલાસી વિષમય ભૌતિક યુગમાં દુઃખાર્ત જીવોનો ઉદ્ધાર કર્યો છે તે શુદ્ધાત્મવિદ્યાવિદ્ જિનશાસનપ્રભાવક **પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની** શુદ્ધાત્મસુધારસસ્યંદી મંગલમય પવિત્રતા, પુરુષાર્થ-ધબકતું ધ્યેયનિષ્ઠ સહજવૈરાગ્યનીતરતું જીવન, સ્વાનુભૂતિમૂલક વીતરાગમાર્ગદર્શક સદુપદેશો અને બીજા અનેકાનેક ઉપકારોનું વર્ણન ગમે તેટલું સંક્ષિપ્તરૂપે કરવામાં આવે તોપણ ઘણાં પૃષ્ઠો ભરાય એમ છે તેથી અત્રે 'આમુખ'ને બહુ લાંબું નહિ કરતાં, પૂજ્ય ગુરુદેવનું 'સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન', જે 'વચનામૃત-પ્રવચન' ગ્રંથના પહેલા ભાગમાં આપેલું છે તે, વાંચી જવા ભલામણ છે.

'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તકના પ્રવચનકાર પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી શુદ્ધાત્મદષ્ટિવંત, સ્વરૂપાનુભવી, વીતરાગ દેવ-ગુરુના પરમ ભક્ત, બાલબ્રહ્મચારી, સમયસાર આદિ અનેક ગહન શાસ્ત્રોના પારગામી, સ્વાનુભવસ્યંદી ભાવશ્રુતલબ્ધિના ધણી, સતતજ્ઞાનોપયોગી, વૈરાગ્યમૂર્તિ, નયાધિરાજ શુદ્ધનયની પ્રમુખતા સહ સમ્યક્-અનેકાંતરૂપ

અધ્યાત્મતત્ત્વના ઉત્તમ વ્યાખ્યાનકાર અને આશ્ચર્યકારી પ્રભાવનાઉદયના ધારક અધ્યાત્મયુગસ્રષ્ટા મહાપુરુષ છે. તેમનાં આ પ્રવચનો વાંચતાં જ વાચકને તેમનો ગાઢ અધ્યાત્મપ્રેમ, શુદ્ધાત્મ-અનુભવ, સ્વરૂપ તરફ ઢળી રહેલી પરિણતિ, વીતરાગભક્તિના રંગે રંગાયેલું ચિત્ત, જ્ઞાયકદેવના તળને સ્પર્શનારું અગાધ શ્રુતજ્ઞાન અને અસરકારક પરમ કલ્યાણકારી અદ્ભુત વચનયોગનો ખ્યાલ આવી જાય છે.

પૂજ્ય ગુરુદેવે અધ્યાત્મનવનીત સમા આ 'વચનામૃત'ના પ્રત્યેક બોલને સર્વ તરફથી છણીને એ સંક્ષિપ્ત સૂત્રવાક્યોના વિરાટ અર્થોને આ પ્રવચનોમાં ખોલ્યા છે. સૌના અનુભવમાં આવ્યા હોય એવા ઘરગથ્થુ પ્રસંગોનાં અનેક ઉદાહરણો વડે, અતિશય સચોટ છતાં સુગમ એવા અનેક ન્યાયો વડે અને અનેક યથોચિત દૃષ્ટાંતો વડે પૂજ્ય ગુરુદેવે 'વચનામૃત'ના અર્થગંભીર સૂક્ષ્મ ભાવોને અતિશય સ્પષ્ટ અને સરળ બનાવ્યા છે. જીવને કેવા ભાવ રહે ત્યારે જીવ-પુદ્ગલનું સ્વતંત્ર પરિણમન સમજાયું કહેવાય, કેવા ભાવ રહે ત્યારે આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાયું ગણાય, ભૂતાર્થ નિજ ધ્રુવ જ્ઞાયક તત્ત્વનો કેવો આશ્રય હોય તો દ્રવ્યદૃષ્ટિ પરિણમી મનાય, કેવા કેવા ભાવ રહે ત્યારે સ્વાવલંબી પુરુષાર્થનો આદર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્યાદિકની પ્રાપ્તિ થઈ કહેવાય—વગેરે મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત બાબતો મનુષ્યના જીવનમાં બનતા અનેક પ્રસંગોના સચોટ દાખલા આપીને એવી સ્પષ્ટ કરવામાં આવી છે કે આત્માર્થીને તે તે વિષયનું સ્પષ્ટ ભાવભાસન થઈ અપૂર્વ ગંભીર અર્થો દૃષ્ટિગોચર થાય અને તે, શુભભાવરૂપ બંધમાર્ગને વિષે મોક્ષમાર્ગની કલ્પના છોડી, શુદ્ધભાવરૂપ યથાર્થ મોક્ષમાર્ગને સમજી, સમ્યક્ પુરુષાર્થમાં જોડાય. આ રીતે 'વચનામૃત'ના સ્વાનુભૂતિદાયક ઊંડા ભાવોને, સોંસરી ઊતરી જાય એવી અસરકારક ભાષામાં અને અતિશય મધુર, નિત્ય-નવીન વૈવિધ્યપૂર્ણ શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવી ગુરુદેવે આત્માર્થીજગત પર અનહદ ઉપકાર કર્યો છે;—'વચનામૃત'ની સાદી ભાષાના ગર્ભમાં છુપાયેલાં અણમૂલ તત્ત્વરત્નોનાં મૂલ્ય સ્વાનુભવવિભૂષિત ગુરુદેવે જગતવિદિત કર્યાં છે.

આ પરમ પુનિત પ્રવચનો સ્વાનુભૂતિના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે મુમુક્ષુજીવોના હૃદયમાં સ્વાનુભવની રુચિ અને પુરુષાર્થ જાગૃત કરી, કંઈક અંશે સત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ જેવું ચમત્કારિક કાર્ય કરે છે. પ્રવચનોની વાણી એટલી સહજ, ભાવાર્દ્ર, ચેતનવંતી અને જોરદાર છે કે ચૈતન્યમૂર્તિ ગુરુદેવના સ્વાનુભવસ્યંદી ચૈતન્યભાવો જ જાણે મૂર્તિમંત બની વાણીપ્રવાહરૂપે વહી રહ્યા ન હોય! આવી અત્યંત ભાવવાહિની—અંતરવેદનને અતિ ઉગ્રપણે વ્યક્ત કરતી, શુદ્ધાત્મા—જ્ઞાયક પ્રત્યે અનહદ પ્રેમથી ઊભરાતી, હૃદયસ્પર્શી જોરદાર વાણી સુપાત્ર વાચકના હૃદયને હલાવી નાખે છે અને તેની વિપરીત રુચિને ક્ષીણ કરી શુદ્ધાત્મરુચિને જાગૃત કરે છે. પ્રવચનોના પાને-પાને શુદ્ધાત્મ-મહિમાનું અત્યંત ભક્તિમય વાતાવરણ ગુંજી રહ્યું છે અને એના શબ્દે-શબ્દમાંથી મધુર

અનુભવરસ નીતરી રહ્યો છે. એ શુદ્ધાત્મભક્તિ-રસથી અને અનુભવરસથી મુમુક્ષુનું હૃદય ભિંજાઈ જાય છે, તેને શુદ્ધાત્માની લય લાગે છે, શુદ્ધાત્મા સિવાય સર્વ ભાવો તેને તુચ્છ ભાસે છે અને પુરુષાર્થ 'ઊપડું, ઊપડું' થઈ રહે છે. આવી અપૂર્વ ચમત્કારિક શક્તિ પુસ્તકારૂઢ પ્રવચનવાણીમાં જ્વલ્લે જ જોવામાં આવે છે.

આ રીતે અધ્યાત્મતત્ત્વવિજ્ઞાનનાં ગહન રહસ્યો અમૃતઝરતી વાણીમાં સમજાવી અને સાથે સાથે શુદ્ધાત્મરુચિને જાગ્રત કરી, પુરુષાર્થને પ્રેરી, પ્રત્યક્ષ સત્સમાગમની ઝાંખી કરાવનારાં આ પ્રવચનો જૈન સાહિત્યમાં અજોડ છે. પ્રત્યક્ષ સત્સમાગમના વિયોગમાં મુમુક્ષુઓને આ પ્રવચનો અનન્ય આધારભૂત છે. નિરાલંબન પુરુષાર્થ સમજાવવો અને પ્રેરવો તે જ ઉદ્દેશ હોવા સાથે 'વચનામૃત'ના સર્વાંગ સ્પષ્ટીકરણસ્વરૂપ આ પ્રવચનોમાં સમસ્ત શાસ્ત્રોનાં સર્વ પ્રયોજનભૂત તત્ત્વોનું તળસ્પર્શી દર્શન આવી ગયું છે. શ્રુતામૃતનો સુખસિંધુ જાણે આ પ્રવચનોમાં હિલોળી રહ્યો છે. આ પ્રવચનગ્રંથ હજારો પ્રશ્નોના ઉકેલનો મહાકોષ છે, શુદ્ધાત્મતત્ત્વની રુચિ ઉત્પન્ન કરી પર પ્રત્યેની રુચિ નષ્ટ કરવાનું પરમ ઔષધ છે, સ્વાનુભૂતિનો સુગમ પંથ છે અને ભિન્ન ભિન્ન કોટિના સર્વ આત્માર્થીઓને અત્યંત ઉપકારક છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ અમૃતસાગર સમા પ્રવચનોની ભેટ આપી ભારતવર્ષના મુમુક્ષુઓને ન્યાલ કર્યા છે.

સ્વરૂપસુધાને પ્રાપ્ત કરવા ઈચ્છતા જીવોએ આ પરમ પવિત્ર પ્રવચનોનું વારંવાર મનન કરવા યોગ્ય છે. સંસારવિષવૃક્ષને છેદવાનું તે અમોઘ શસ્ત્ર છે. ડાળે-પાંખડે વળગ્યા વિના તે મૂળ પર જ ઘા કરે છે. આ અલ્પાયુષી મનુષ્યભવમાં જીવનું પ્રથમમાં પ્રથમ કર્તવ્ય એક નિજ શુદ્ધાત્માનું બહુમાન, પ્રતીતિ અને અનુભવ છે. તે બહુમાનાદિ કરાવવામાં આ પ્રવચનો પરમ નિમિત્તભૂત છે. મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસપૂર્વક તેનો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી તેમાં કહેલા ભાવોને સંપૂર્ણ રીતે હૃદયમાં ઉતારી, શુદ્ધાત્માની રુચિ, પ્રતીતિ તથા અનુભવ કરી, શાશ્વત પરમાનંદને પામો.

પરમોપકારી પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રીએ જેમનાં 'વચનામૃત' પર આ સુંદર ભાવવાહી પ્રવચનો આપ્યાં છે તે ધન્યાવતાર પ્રશમમૂર્તિ સ્વાનુભવપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સંક્ષિપ્ત પરિચય સાથે, પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયમાં વર્તતા—તેમની આધ્યાત્મિક પવિત્રતા, સ્વાનુભૂતિ તથા લોકોત્તર પ્રશાન્ત જીવન સંબંધી—વિશિષ્ટ મહિમાનો અને પૂજ્ય બહેનશ્રીની નિજાનંદભીની સ્વાનુભવદશામાંથી વહેલાં 'વચનામૃત' વિષે પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ ઉચ્ચારેલા પવિત્ર ઉદ્‌ગારોનો, આત્માર્થી જીવોના લાભના હેતુએ, અત્રે સંક્ષેપમાં ઉલ્લેખ કરવામાં આવે છે.

જેમની પવિત્ર પરિણતિમાંથી ભવ્યજનકલ્યાણકારી 'વચનામૃત'નો પુનિત પ્રવાહ વહેલો છે તે મહાન આત્માની અંતરંગ સહજ દશાનું—શુદ્ધજ્ઞાયકભાવસમર્પિતસર્વસ્વ લોકોત્તર જીવનનું વર્ણન શું થાય? તે ધન્યાવતાર પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ વિ. સં. ૧૯૭૦

શ્રાવણ વદ ૨, શુક્રવાર, તા. ૭–૮–૧૯૧૪ના શુભ દિને વઢવાણ શહેરમાં થયો હતો. પિતાજીનું નામ શ્રી જેઠાલાલ મોતીચંદ શાહ, માતાનું નામ તેજબા. શ્રી વ્રજલાલભાઈ તથા અધ્યાત્મતત્ત્વરસિક શ્રી સમયસાર વગેરે પરમાગમોના ઉત્તમ અનુવાદક વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલભાઈ—એ બે ભાઈ તથા બે બહેનો–એમ ચારેય ભાંડુઓમાં ચંપાબેન સૌથી નાનાં. પૂજ્ય ચંપાબેનનું પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ—અંતર તથા બાહ્ય—અતિ ગંભીર અને મહાન છે. બાળાવયથી જ વૈરાગ્યપ્રેમ, કુશાગ્રબુદ્ધિ, ચિંતનશીલ સ્વભાવ અને દૃઢ નિર્ણયશક્તિ વગેરે અનેક ગુણો તેમનામાં સહજ ઉપલબ્ધ છે.

વૈરાગ્યભીનું અને સત્યશોધક તેમનું હૃદય આત્માની પ્રાપ્તિ માટે તડપતું હતું. પૂજ્ય ગુરુદેવનો સમાગમ થયો, તેમની અધ્યાત્મામૃતઝરતી અમોઘ વજ્રવાણીએ બહેનશ્રીનું અંતરંગ સત્ત્વ ઝળકાવી દીધું, નિજશુદ્ધાત્મદર્શન—સમકિત પામવાની તમન્ના તીવ્ર બની. તેમણે સર્વ શક્તિ આત્મામાં કેન્દ્રિત કરી દિન-રાત દૃષ્ટિની નિર્મળતા તથા સ્વાત્માનુભૂતિની સાક્ષાત્ પ્રાપ્તિ માટે અથક, અવિરત પુરુષાર્થ કર્યો, અને અંતે તીવ્ર તડપના પરિણામે માત્ર અઢાર વર્ષની લઘુ વયમાં જ વિ. સં. ૧૯૮૯, ફાગણ વદ દશમ, તા. ૨૧-૩-૧૯૩૩, મંગળવારના દિને વાંકાનેરમાં પોતાનો અપ્રતિમ પુરુષાર્થ સફળ કર્યો—ભવસંતતિછેદક, કલ્યાણબીજ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું, નિજ ભગવાન આત્માનો અદ્‌ભુત સાક્ષાત્કાર થયો અને પરિણતિમાં અતીન્દ્રિય જ્ઞાનાનંદમય નિર્મળ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિનું મંગલમય અમૃતઝરણું વહેતું થયું. અહા! ધન્ય છે તે મહાન આત્મા, ધન્ય છે તેમનો ધ્યેયલક્ષી અફર પુરુષાર્થ અને ધન્ય છે તેમનો અવતાર કે જેમાં તેમણે અવતારસંતતિના છેદનું મંગલ કાર્ય કર્યું!

દિનપ્રતિદિન તે અમૃતઝરણાની—સુધાસિકત આત્મસાધનાની પરિણતિ વૃદ્ધિંગત થવા માંડી, અને સાથે સાથે સોનગઢમાં વિ. સં. ૧૯૯૩, ચૈત્ર વદ આઠમ, તા. ૩-૫-૧૯૩૭, સોમવારના દિને જ્ઞાનપરિણતિમાં જાતિસ્મરણજ્ઞાનની સાતિશય નિર્મળતા પણ પ્રગટી. પૂજ્ય ગુરુદેવને પોતાને કેટલીક બાબતોનો—અમુક જાતનાં કીમતી વસ્ત્રો પહેરેલા ઊંચા દેહવાળા રાજકુમાર, 'ૐ' કાર દિવ્યધ્વનિનો તથા સાડા બાર કરોડ વાજાંઓના ભણકાર, તીર્થંકરત્વ ઈત્યાદિનો—જે 'ભાસ' થતો હતો તેનો સ્પષ્ટ સત્ય ઉકેલ પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાને આપ્યો. પૂજ્ય ગુરુદેવના ભૂત, વર્તમાન અને ભાવી ભવોનું આશ્ચર્યકારી અનુસંધાન—ગત ભવમાં શ્રેષ્ઠીપુત્રપણે વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનની સભામાં જે પ્રત્યક્ષ સાંભળેલું તે—તેમના સ્મરણજ્ઞાને આપ્યું. તે પવિત્ર અનુસંધાનજ્ઞાન દ્વારા મુમુક્ષુસમાજ ઉપર વિશિષ્ટ ઉપકાર થયો છે.

પરમ પૂજ્ય અધ્યાત્મયુગસ્રષ્ટા કરુણાસાગર ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સમસ્ત મુમુક્ષુજગત પર અનંત અનંત ઉપકાર છે. તેઓશ્રીના વિવિધ ઉપકારોમાંનો એક મહાન ઉપકાર એ છે કે તેઓશ્રીએ આપણને જેમનાં 'વચનામૃત' પર પોતે ભાવવિભોર થઈને આ અદ્‌ભુત પ્રવચનો આપ્યાં છે તે પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી

ચંપાબેનની પવિત્ર અલૌકિક અંતરંગદશાની યથાર્થ ઓળખાણ કરાવી છે.

સુધાસ્યંદી–સ્વાત્માનુભૂતિપરિણત, વિશિષ્ટજ્ઞાનવિભૂષિત પૂજ્ય બહેનશ્રીની સહજ–પ્રશમરસઝરતી પવિત્ર મુદ્રા જ જાણે કે સાધકદશાનું મૂર્ત રૂપ હોય તેમ સમ્યક્ મોક્ષમાર્ગનો મૂક ઉપદેશ આપી રહી છે. શાસ્ત્રોપમ-ગંભીર છતાં સરળ એવાં તેમનાં 'વચનામૃત' વિધવિધ કોટિના સર્વ જીવોને અતિ ઉપકારક થાય છે, ચમત્કારિક વિશદતાથી વસ્તુસ્વરૂપને—શુદ્ધાત્મદ્રવ્યસામાન્યની મુખ્યતાપૂર્વક અનેકાન્તસુસંગત દ્રવ્ય-પર્યાયસ્વરૂપ નિજ આત્મતત્ત્વને—હસ્તામલકવત્ દર્શાવે છે અને સાધક જીવોની અટપટી અંતર પરિણતિની અવિરુદ્ધપણે સ્પષ્ટ સૂઝ આપે છે. કૃપાસાગર પૂજ્ય ગુરુદેવ પણ પૂજ્ય બહેનશ્રીની પવિત્ર દશાનો અને 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તકનો મહિમા સભામાં અનેક વાર વર્ણવતાં અતિ પ્રસન્નતા અનુભવતા હતા. પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિવિભૂષિત પવિત્રતા, અનેક ભવ સંબંધી ધર્મવિષયક અસાધારણ જાતિસ્મરણજ્ઞાન અને 'બહેનશ્રીનાં વચનામૃત'ની વિશિષ્ટતાનો મુક્તકંઠે પ્રકાશ કરતા ગુરુદેવની પ્રસન્ન મુદ્રા હજારો શ્રોતાઓની દૃષ્ટિ સમક્ષ હજુ સ્પષ્ટ તરે છે!

પ્રશમમૂર્તિ ધન્યાવતાર ગુણગંભીર ઉદારચિત્ત તેમ જ દેવ-ગુરુનાં પરમભક્ત પૂજ્ય બહેનશ્રી અંતરમાં ખૂબ મહાન અને બાહ્યમાં અતિ નિર્લેપ છે. તેમનું આત્મલક્ષી અંતરંગ જીવન અને તેમની નિર્વિકલ્પ આનંદમય અદ્ભુત દશા વર્ણનાતીત છે. તેમના વિશુદ્ધ ગહન વ્યક્તિત્વ ઉપર, તેમની દશાના પારખુ પૂજ્ય ગુરુદેવ ઘણી વાર યથાર્થ પ્રકાશ પાડતા. પૂજ્ય ગુરુદેવે તેમને જે 'ભગવતી' અને 'જગદમ્બા'નાં અસાધારણ વિશેષણો આપ્યાં છે તે તેમની સહજ અંતરંગદશાના તથા તેમની મહાનતાના યથાર્થ દ્યોતક છે. હંમેશાં તોળી તોળીને વચનો ઉચ્ચારનારા, તીક્ષ્ણદૃષ્ટિવંત, ગહનવિચારક, સ્વરૂપાનુભવી પરમપૂજ્ય ગુરુદેવશ્રી અન્ય કોઈ પણ વ્યક્તિને જે બે વિશેષણોથી કદી વિશેષિત કરતા નહિ એવાં ઉપરોક્ત બે મહિમાપૂર્ણ વિશેષણોથી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને અનેક વાર પ્રસન્નતાપૂર્વક બિરદાવતા હતા, તે જ હકીકત પૂજ્ય બહેનશ્રીની અદ્ભુત મહત્તા આપણાં હૃદયમાં દૃઢપણે સ્થાપિત કરવાને પૂરતી છે. આ વિશેષણો દ્વારા પૂજ્ય ગુરુદેવે સંક્ષેપથી તેમના પ્રત્યે પોતાનો અહોભાવ વ્યક્ત કરતું પોતાનું હાર્દ પ્રગટ કર્યું છે. અહા! ગુરુદેવના હાર્દને તથા તે વિશેષણોના મર્મભર્યા ઊંડાણને આપણે ગંભીરતાથી સમજીએ, ગુરુદેવે આપેલા અધ્યાત્મબોધને જીવનમાં વણી લેનાર આ 'ભગવતી માતા'ની આત્મસાધનાના આદર્શને દૃષ્ટિસમક્ષ રાખીએ અને તેમના જીવનમાંથી મળતી પ્રેરણા દ્વારા આપણે આપણો આત્માર્થ સાધીએ.

ખરેખર 'ભગવતી માતા' પૂજ્ય બહેનશ્રી માત્ર ભારતવર્ષનાં જ નહિ, અપિતુ દૃષ્ટિગમ્ય સમગ્ર જગતનાં અદ્વિતીય આધ્યાત્મિક મહિલારત્ન છે, મુમુક્ષુસમાજનાં શિરોમણિ છે, મુમુક્ષુમહિલાસમાજનાં શિરછત્ર છે, કુમારિકા બ્રહ્મચારિણી બહેનોનાં જીવનાધાર છે અને આત્માર્થીઓનાં મહાન આદર્શ છે.

સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીના અસાધારણ ગુણગંભીર વ્યક્તિત્વનો પરિચય આપતાં પૂજ્ય ગુરુદેવ સ્વયં પ્રસન્નહૃદયે પ્રવચનસભામાં ભિન્ન ભિન્ન પ્રસંગે ઘણી વાર પ્રકાશતા કે :—

''બહેનોનાં મહાન ભાગ્ય છે કે ચંપાબેન જેવાં 'ધર્મરત્ન' આ કાળે પાક્યાં છે. બેન તો હિન્દુસ્તાનનું અણમોલ રતન છે. અતીન્દ્રિય આનંદનો નાથ એને અંદરથી જાગ્યો છે. એમની અંદરની સ્થિતિ કોઈ જુદી જ છે. તેમની સુદ્રઢ નિર્મળ આત્મદૃષ્ટિ તથા નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો જોટો આ કાળે મળવો મુશ્કેલ છે...અસંખ્ય અબજો વર્ષનું તેમને જાતિસ્મરણજ્ઞાન છે. બેન ધ્યાનમાં બેસે છે ત્યારે કેટલીક વાર તે અંદરમાં ભૂલી જાય છે કે 'હું મહાવિદેહમાં છું કે ભરતમાં'!!....બેન તો પોતાની અંદરમાં—આત્માના કામમાં—એવાં મશગૂલ છે કે તેમને બહારની બીજી કાંઈ પડી નથી. પ્રવૃત્તિનો તેમને જરાય રસ નથી. એમની બહારમાં પ્રસિદ્ધિ થાય તે એમને પોતાને બિલકુલ ગમતું નથી. પણ અમને એવો ભાવ આવે છે કે, બેન ઘણાં વર્ષ ગુપ્ત રહ્યાં, હવે લોકો બેનને ઓળખે.''

''...એમને (બહેનશ્રી ચંપાબેનને) ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે પણ ગંભીર એટલાં કે કોઈ દિવસ બહાર પાડતાં નથી. મને પમ...પોતાની વાત ન કરે, મારું બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. ક્યાં બોલે છે? માટે લોકોને મહિમા આવતો નથી. એમના જેવાં દુનિયામાં કોઈ સ્ત્રી નથી, સ્ત્રીઓનાં મહાભાગ્ય છે કે આવા કાળમાં—આવા મિથ્યાત્વના જોરના કાળમાં એમનો અહીં જન્મ! એ તો જે બહુમાન કરશે એમનાં મહાભાગ્ય છે.''

''બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઈ નથી. અહીં ક્યાં અમારે કાંઈ છાનું રાખવું છે! બેન તો અજોડ છે, અકેલા હી હે. અમારે ખાનગી—ગુપ્ત છે નહિ.''

''ઓહો! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી! ઘણું સ્પષ્ટ જ્ઞાન! બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે. હવે તો એમને બહાર પાડવાં જ છે. એમનો જયજયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઈન જ જુદી છે.''

''બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણાં ભાગ્ય છે. જો મૌન રહે તોરણ એનાં દર્શનથી તો લાભ જ છે. અમને ઘણા વખતથી ખ્યાલમાં હતું : બેનની ઘણી શક્તિ છે.''

''(બહેનશ્રીને આવતાં દેખીને કહ્યું—) બેન માટે જગ્યા કરે, 'ધર્મની શોભા' ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.''

—આવા વાત્સલ્યોર્મિસભર ભાવોદ્ગાર ભરેલી પૂજ્ય ગુરુદેવની મંગળ વાણીમાં જેમનો આધ્યાત્મિક પવિત્ર મહિમા સભા વિષે અનેક વાર પ્રસિદ્ધ થયો છે તે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં, તેમણે મહિલા-શાસ્ત્રસભામાં તથા કુમારિકા બ્રહ્મચારિણી બહેનો સમક્ષ અંદર ચર્ચાવાર્તામાં ઉચ્ચારેલાં—તેમની સ્વાનુભવસ્યંદી જ્ઞાનધારામાંથી વહેલાં—આત્માર્થપોષક વચનામૃત લિપિબદ્ધ થાય તો ઘણા મુમુક્ષુ જીવોને મહાન આત્મલાભનું કારણ બને, એવી ઘણા સમયથી સમાજનાં ઘણાં ભાઈબહેનોને ઉત્કટ ભાવના વર્તતી હતી. એ શુભ ભાવનાને સાકાર કરવામાં, કેટલાંક બ્રહ્મચારિણી બહેનોએ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની અધ્યાત્મરસઝરતી પ્રવચનધારા તથા ચર્ચામાંથી પોતાને ખાસ લાભ થાય એવાં વચનામૃતની જે નોંધ કરેલી તેમાંથી ખાસ ખાસ બોલ ચૂંટીને એક સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો, જે 'બહેનશ્રીનાં વચનામૃત' નામના પુસ્તકરૂપે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ—સોનગઢ તરફથી વિ. સં. ૨૦૩૩ માં પૂજ્ય બહેનશ્રીની ૬૪મી જન્મજયંતી–ઉત્સવના મંગળ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવ્યો.

આ 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તકનું ઊંડું અવગાહન કરીને, જેમ કુશળ ઝવેરી રત્નને પારખી લે તેમ, તેમાં રહેલા ગંભીર ભાવોને પૂજ્ય ગુરુદેવે તરત જ પરખી લીધા અને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ—સોનગઢના તત્કાલીન પ્રમુખ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીને કહ્યું : 'ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.' (અત્યાર સુધીમાં—છ વર્ષના સ્વલ્પ સમયમાં આ પુસ્તકની ૮૬૦૦૦ પ્રત ગુજરાતી, હિન્દી, મરાઠી અને કન્નડ–એમ જુદી જુદી ભાષામાં પ્રકાશિત થઈ ગઈ છે.) અધ્યાત્મતત્ત્વ સમજવા માટે આ પુસ્તક ધ્યાનપૂર્વક વાંચવાની પૂજ્ય ગુરુદેવ ખાસ ભલામણ કરતા અને નવાગંતુકને પ્રસન્નતાથી ભેટ આપતા હતા.

આ આત્માર્થિપ્રિય અમૂલ્ય પુસ્તકની મહત્તા, ભિન્ન ભિન્ન પ્રસંગે નીકળેલા પૂજ્ય ગુરુદેવના મંગલમય પવિત્ર ઉદ્ગારોમાં જોઈએ :—

'(બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ પણ ભાવ ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી–ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ દેવા એમ મને થયું.' (પૂજ્ય ગુરુદેવના ભાવ-અનુસાર હિન્દી–ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને આ પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.)

''પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે—અનુભવનો સાર છે; પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ.''

'આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય–ગુણ–પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.'

'હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે—આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિન્દુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે—એવી વાત છે. જગતને લાભનું કારણ છે.'

''બેનનું પુસ્તક (વચનામૃત) આવ્યું ઘણું ઊંચું. સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી આ વાત છે. એકલું માખણ ભર્યું છે—એકલો માલ ભર્યો છે. ઘણું ગંભીર! થોડા શબ્દોમાં ઘણું ગંભીર! આ તો અમૃતધારાનો વરસાદ છે. વચનામૃત તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતનાં ભાગ્ય—આવી ચીજ બહાર આવી!''

'જેને આનંદમાં જમવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (–સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાં) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોસરણમાં આમ વાત ચાલતી, ભાઈ!..... અરે! આ વાત બેસે તે તો ન્યાલ થઈ જાય તેવું છે. જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે.'

પૂજ્ય ગુરુદેવના શ્રીમુખથી અનેક વાર 'બહેનશ્રીનાં વચનામૃત'ની ભૂરિ ભૂરિ પ્રશંસા સાંભળીને મુમુક્ષુસમાજે પ્રવચન દ્વારા તેના ગહન ભાવો સમજાવવાની કૃપા કરવા ગુરુદેવશ્રીને વિનંતી કરી. પૂજ્ય ગુરુદેવે ભક્તોની વિનંતી સ્વીકારી. પ્રવચનો આપ્યાં. પ્રવચનોમાં 'વચનામૃત'ના ભાવો ખૂબ રંગપૂર્વક ખોલ્યા. 'વચનામૃત'માં ૪૩૨ બોલ છે; તેના પર ૧૮૧ પ્રવચન થયાં છે. તે પ્રવચનો ચાર ભાગમાં પ્રકાશિત થશે. આ 'વચનામૃત-પ્રવચન'નો પહેલો ભાગ વિ. સં. ૨૦૩૮, શ્રાવણ વદ બીજના—પૂજ્ય બહેનશ્રીની ૬૯મી જન્મજયંતીના —દિને પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તે પહેલા ભાગમાં 'વચનામૃત'ના ૧૨૫ બોલ ઉપરનાં ૪૫ પ્રવચનોનું સંકલન કરવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં પ્રવચન નંબર ૪૬ થી ૯૦— એમ ૪૫ પ્રવચનોનું (બોલ નં. ૧૨૬ થી ૨૩૧) સંકલન કરવામાં આવ્યું છે.

'બહેનશ્રીનાં વચનામૃત'માં સમાવિષ્ટ અનેક આધ્યાત્મિક વિષયો પર પૂજ્ય ગુરુદેવે આ પ્રવચનગ્રંથમાં જે ખૂબ અદ્‌ભુત છણાવટ કરી છે—તળસ્પર્શી ખુલાસા કર્યા છે, તે વાંચીને આશ્ચર્ય થાય છે કે, અહા! આમાં આવા અલૌકિક ભાવો ભર્યા છે! ખરેખર, પૂજ્ય

[ ૧૩ ]

ગુરુદેવે 'વચનામૃત'ના ઊંડા ભાવો ખોલીને મુમુક્ષુઓ પર મહાન ઉપકાર કર્યો છે.

આ પ્રવચનો પૂજ્ય બહેનશ્રીનાં ચરણોપાસિકા કેટલાંક કુમારિકા બ્ર૦ બહેનો તથા મુમુક્ષુ ભાઈ–બહેનોએ ટેઈપ–રેકોર્ડમાંથી ઉતારી આપ્યાં છે. તેનું આ સંકલન તૈયાર કરવામાં આવ્યું છે. આ સંકલન અધ્યાત્મતત્ત્વરૂચિવંત આદરણીય વિદ્વદ્વર્ય ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ અથક પરિશ્રમ લઈને અતિ ચીવટપૂર્વક તપાસી ગયા છે તથા તેમણે પ્રૂફ-સંશોધનમાં પણ પૂરો સહકાર આપ્યો છે. ખરેખર, તેમના અમૂલ્ય સહકાર વિના આ પ્રવચનો આવા સુંદર રૂપમાં તૈયાર થવાં અશક્ય હતાં. તે બદલ કૃતજ્ઞતાપૂર્વક તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. શ્રમ લઈને 'ટેઈપ'માંથી ઉતારી આપનારાઓ પણ ધન્યવાદને પાત્ર છે.

અંતમાં, આપણે સૌ—અધ્યાત્મતત્ત્વપિપાસુ જીવો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવસ્યંદી જ્ઞાનધારામાંથી વહેલાં આ શુદ્ધાત્મસ્પર્શી 'વચનામૃત' ઉપર પરમોપકારી કૃપાસાગર પૂજ્ય ગુરુદેવે સ્વાનુભૂતિપ્રધાન સમસ્ત નિજાત્મવૈભવ ખુલ્લો કરીને આપેલાં આ વિશદ તેમજ સુગમ પ્રવચનોના ઊંડા અવગાહન દ્વારા ભવસંતતિછેદક સ્વાનુભૂતિ સાધવાની પ્રબળ પ્રેરણા પામી પોતાના સાધનાપંથને સુધાસ્યંદી બનાવીએ—એ જ ભાવના.

શ્રાવણ વદ ૨, સં. ૨૦૩૮
(પૂજ્ય બહેનશ્રીની ૬૯મી જન્મજયંતી)

—*સંકલયિતા*

❑ ❑ ❑

## પ્રકાશકીય નિવેદન

(દ્વિતીય આવૃત્તિ પ્રસંગે)

આ ગુજરાતી 'બહેનશ્રીનાં વચનામૃત પ્રવચન ભાગ-૨'ની આગળની આવૃત્તિ ખપી જવાથી તેની દ્વિતીય આવૃત્તિ અગાઉની આવૃત્તિ પ્રમાણે જ છપાવવામાં આવેલ છે.

મુદ્રણકાર્ય 'કહાન મુદ્રણાલય'ના માલિક શ્રી જ્ઞાનચંદજી જૈને અલ્પ સમયમાં કાળજીપૂર્વક સારું કરી આપ્યું, તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ ગ્રંથના પઠન-પાઠનથી મુમુક્ષુ જીવ આત્મલક્ષી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માર્થને પુષ્ટ કરે એજ ભાવના.

વિ. સં. ૨૦૫૯,
ફાગણ વદ-૨,
તા. ૧૪-૮-૨૦૦૩

સાહિત્યપ્રકાશન સમિતિ,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.

❁

મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી,
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.

સહજ ચિદાનંદ.

❁

તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નર ધન્ય તે, સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,
સ્વપ્નેય મલિન કર્યું ન જેણે સિદ્ધિકર સમ્યક્ત્વને.

(મોક્ષપ્રાભૃત)

❁

કલ્યાણશ્રેણી સાથ પામે જીવ સમકિત શુદ્ધને;
સુર-અસુર કેરા લોકમાં સમ્યક્ત્વરત્ન પુજાય છે.

(દર્શનપ્રાભૃત)

સહજ ચિદાનંદ.

❁

બહુ કથનથી શું? નરવરો ગત કાળ જે સિદ્ધ્યા અહો!
જે સિદ્ધશે ભવ્યો હવે, સમ્યક્ત્વમહિમા જાણવો.

(મોક્ષપ્રાભૃત)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# પ્રવચન–અનુક્રમણિકા


| પ્રવચન | વચનામૃત | પૃષ્ઠ | પ્રવચન | વચનામૃત | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૪૬ | ૧૨૬-૧૨૭ | ૧-૬ | ૬૯ | ૧૮૬-૧૮૮ | ૨૧૩-૨૧૭ |
| ૪૭ | ૧૨૮-૧૨૯ | ૧૧-૧૭ | ૭૦ | ૧૮૯-૧૯૦ | ૨૨૨-૨૨૭ |
| ૪૮ | ૧૩૦-૧૩૨ | ૨૧-૨૭ | ૭૧ | ૧૯૧-૧૯૨ | ૨૩૦-૨૩૬ |
| ૪૯ | ૧૩૩-૧૩૬ | ૨૯-૩૬ | ૭૨ | ૧૯૩-૧૯૫ | ૨૩૮-૨૪૬ |
| ૫૦ | ૧૩૭-૧૩૯ | ૩૯-૪૫ | ૭૩ | ૧૯૬-૧૯૭ | ૨૪૮-૨૫૫ |
| ૫૧ | ૧૪૦-૧૪૧ | ૪૭-૫૨ | ૭૪ | ૧૯૭ | ૨૫૬-૨૬૪ |
| ૫૨ | ૧૪૨-૧૪૫ | ૫૬-૬૩ | ૭૫ | ૧૯૭ | ૨૬૫-૨૭૨ |
| ૫૩ | ૧૪૬-૧૪૮ | ૬૬-૭૨ | ૭૬ | ૧૯૮-૧૯૯ | ૨૭૩-૨૭૭ |
| ૫૪ | ૧૪૯-૧૫૧ | ૭૪-૭૯ | ૭૭ | ૧૯૯ | ૨૮૨-૨૯૦ |
| ૫૫ | ૧૫૨-૧૫૫ | ૮૪-૯૨ | ૭૮ | ૨૦૦ | ૨૯૧-૨૯૮ |
| ૫૬ | ૧૫૬-૧૫૯ | ૯૪-૧૦૧ | ૭૯ | ૨૦૧ | ૨૯૯-૩૦૮ |
| ૫૭ | ૧૬૦-૧૬૧ | ૧૦૪-૧૧૦ | ૮૦ | ૨૦૨-૨૦૩ | ૩૦૯-૩૧૩ |
| ૫૮ | ૧૬૨ | ૧૧૪-૧૨૧ | ૮૧ | ૨૦૪-૨૦૫ | ૩૧૬-૩૨૦ |
| ૫૯ | ૧૬૩-૧૬૫ | ૧૨૨-૧૩૧ | ૮૨ | ૨૦૬-૨૦૭ | ૩૨૫-૩૨૯ |
| ૬૦ | ૧૬૬-૧૬૭ | ૧૩૨-૧૩૯ | ૮૩ | ૨૦૮-૨૦૯ | ૩૩૪-૩૪૧ |
| ૬૧ | ૧૬૮-૧૭૦ | ૧૪૧-૧૪૭ | ૮૪ | ૨૧૦-૨૧૧ | ૩૪૨-૩૫૪ |
| ૬૨ | ૧૭૧-૧૭૨ | ૧૫૧-૧૫૬ | ૮૫ | ૨૧૨-૨૧૪ | ૩૫૫-૩૬૫ |
| ૬૩ | ૧૭૩-૧૭૪ | ૧૬૦-૧૬૪ | ૮૬ | ૨૧૫-૨૧૭ | ૩૬૬-૩૭૭ |
| ૬૪ | ૧૭૫-૧૭૬ | ૧૬૭-૧૭૦ | ૮૭ | ૨૧૮-૨૨૨ | ૩૭૮-૩૮૮ |
| ૬૫ | ૧૭૭-૧૭૮ | ૧૭૬-૧૮૧ | ૮૮ | ૨૨૩-૨૨૬ | ૩૮૯-૩૯૮ |
| ૬૬ | ૧૭૯-૧૮૦ | ૧૮૪-૧૮૯ | ૮૯ | ૨૨૭-૨૨૮ | ૩૯૯-૪૦૬ |
| ૬૭ | ૧૮૧-૧૮૩ | ૧૯૪-૨૦૧ | ૯૦ | ૨૨૯-૨૩૧ | ૪૦૭-૪૧૬ |
| ૬૮ | ૧૮૪-૧૮૫ | ૨૦૪-૨૦૮ | | | |

ॐ

परमात्मने नमः।

શ્રી

# વચનામૃત-પ્રવચન

(ભાગ બીજો)

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત
ઉપર
પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

સહજ ચિદાનંદ.

*

## પ્રવચન-૪૬

### વચનામૃત-૧૨૬

પર્યાય પરની દૃષ્ટિ છોડી દ્રવ્ય પર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ. જેને લાગી હોય તેને પુરુષાર્થ ઊપડ્યા વિના રહેતો જ નથી. અંદરથી કંટાળે, થાકે, ખરેખરનો થાકે, તો પાછો વળ્યા વિના રહે જ નહિ. ૧૨૬.

'પર્યાય પરની દૃષ્ટિ છોડી દ્રવ્ય પર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ.'

શું કહે છે? એકલા સત્ય સિદ્ધાંતો જ ભર્યા છે. વર્તમાન દશા-પર્યાય-હાલતમાં જે રાગાદિ થાય છે, વિચારની હલચલ થઈ રહી છે, તે ચાલતી વર્તમાન દશા ઉપરથી

દૃષ્ટિ છોડી દે. અરે! હજી તો બહારથી—બાયડી, છોકરાં, મકાન ને પૈસા પરથી—દૃષ્ટિ છોડવી કઠણ પડે છે! અહીં તો કહે છે—પ્રભુ! તારામાં બે ભાવ છે: (૧) ત્રિકાળી ભાવ, અને (૨) વર્તમાન બદલતી દશારૂપ ભાવ. જેમ સોનું તે તત્ત્વ છે, તેની પીળાશ, ચીકાશ ને વજન તે કાયમ છે; અને તેનાં કુંડલ, કડાં ને વીંટી થાય તે તેની હાલત છે, પર્યાય છે; તેમ ભગવાન આત્મા સોના સમાન ત્રિકાળ દ્રવ્ય છે; જ્ઞાન-આનંદાદિ ગુણો, સોનાના પીળાશ આદિ ગુણોની જેમ, જેની શક્તિઓ છે; અને સોનામાં કુંડલાદિની જેમ, વર્તમાન પર્યાયમાં પલટો મારે, રાગ કરે, દ્વેષ કરે, જ્ઞાનની ઓછીવત્તી દશા કરે, તે બધી પર્યાયો છે . તે પર્યાયો ઉપર અનાદિથી તારી દૃષ્ટિ છે. તારે હિત કરવું હોય તો તે દૃષ્ટિ છોડી દે.

અહા! આ તે કાંઈ વાત છે! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરભગવાન તે પણ પર છે, તેના ઉપરથી તું લક્ષ છોડી દે; તેની શ્રદ્ધાનો જે રાગ છે તેના ઉપરથી પણ લક્ષ છોડી દે. એને તો છોડી દે પણ તે રાગને જાણનારી જે વર્તમાન જ્ઞાનની દશા—તે 'રાગ છે' એમ જે જાણે છે—તે પર્યાય ઉપરની દૃષ્ટિ પણ છોડી દે; અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે.

દ્રવ્ય એટલે વસ્તુ—ત્રિકાળી ચૈતન્યધાતુ. તેના પર દૃષ્ટિ દે. તે કાંઈ વાતે વળે એવું નથી, બાપા! ક્રિયાકાંડ સંબંધી, દયા-દાન-વ્રત સંબંધી જે પરિણામ—એ પરિણામને 'હું કરું છું' એવા ભાવ પણ મિથ્યાભ્રમ છે. તે પરિણામને જાણનારી વર્તમાન દશા છે તેના ઉપર જે તારી દૃષ્ટિ છે તે પણ છોડી દે; કારણ કે તે પર્યાય-અંશ છે વસ્તુ તો ત્રિકાળી ધ્રૌવ્ય છે.

અહા! પરમ સત્ય સાહેબ પરમાત્મસ્વરૂપી અંદર બિરાજમાન છે. તને તારી ઋદ્ધિ-સિદ્ધિ કેમ વૃદ્ધિ પામે તેની ખબર નથી. અંદર જ્યાં ઋદ્ધિ પડી છે ત્યાં જા. અનાદિથી વર્તમાન દશા ઉપર જ તારી દૃષ્ટિ છે, તેને છોડીને એક સમયની પર્યાય પાછળ જે આખું ધ્રુવ તત્ત્વ છે ત્યાં દૃષ્ટિ દે. અહા! ભાષા બહુ ટૂંકી ને ભાવ ઘણા ઊંડા.

અરેરે! આવું સાચું સાંભળવા મળે નહિ, તે વિચારે કે દી અને અંદરમાં જાય કે દી? આ જિંદગી આમ ને આમ ચાલી જાય છે. બહારની વાતો છોડી તારા ધ્રુવ સ્વરૂપની દૃષ્ટિ કરવી હોય તો અનિત્ય ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે, ધ્રૌવ્ય ઉપર દૃષ્ટિ કર; તો તને આત્મ-જ્ઞાન થાય.

ત્રિકાળી સત્ ચૈતન્યપ્રભુ—તારું ધ્રુવ તત્ત્વ—એની દૃષ્ટિ તેં કદી કરી નથી. વર્તમાન રાગાદિની કે ઓછા જાણપણા વગેરેની જે હાલત છે, દશા છે તે ક્ષણિક અવસ્થા ઉપર

તારી દૃષ્ટિ છે. પરને પોતાનું માને તે તો મોટી ભ્રમણા છે જ; પરંતુ જાણવા-દેખવાની વર્તમાન દશા જે તારી કરેલી છે, તારી છે, તારામાં છે, તારા દ્રવ્યનો વર્તમાન અંશ—અવસ્થા છે, તેના ઉપર દૃષ્ટિ—પર્યાય દૃષ્ટિ—તે પણ મિથ્યાત્વ છે. એ પર્યાયદૃષ્ટિ અનાદિની છે. પર્યાય પરની દૃષ્ટિ છોડી ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ ઉપર તારી દૃષ્ટિ કદી આવી નથી. મિથ્યાત્વ ને રાગના દુઃખથી છૂટવાનો—વિકલ્પ તોડવાનો—બીજો કોઈ ઉપાય નથી; અંતર ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવની—શુદ્ધ જ્ઞાયક પરમભાવની—દૃષ્ટિ કરવી તે એક જ ઉપાય છે.

સ્ત્રી, પુત્ર, પરિવાર કે દેવ-શાસ્ત્ર-ગુરુ જે પર ચીજ છે તે તારી નથી. તેના તરફ તું દૃષ્ટિ કર તોય તે તારી નથી અને દૃષ્ટિ ન કર તોય તે તારી નથી—તે તો તારામાં છે જ નહિ. પરંતુ તારામાં જે તારી વર્તમાન અલ્પજ્ઞપણાની દશા છે, હાલત છે, તે દશા તેં કરેલી, તારામાં જ છે હો! પણ છે વર્તમાન ક્ષણિક પર્યાયમાં; ત્રિકાળી આનંદનો નાથ જે વસ્તુસ્વભાવ એમાં નહિ. તે જ્ઞાનની દશા ઉપરથી પણ દૃષ્ટિ છોડી દે; અને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ. અહા! બહુ અલૌકિક વાત છે!

શરીર, વાણી વગેરે તો આત્મા છે જ નહિ, પણ આત્માએ વર્તમાન દશામાં જે રાગ કર્યો તેની વાત પણ અહીં નથી. અહીં તો એથી પણ ઊંડે, રાગને જાણનારી તારી જે પર્યાય છે—તે વર્તમાન પલટતી દશા, એટલો અંશ તારામાં છે—તેના ઉપરની દૃષ્ટિ પણ છોડી દે; કારણ કે તે ક્ષણિક દશામાં ત્રિકાળી પરિપૂર્ણ આત્મા આવતો નથી. વર્તમાન દશા ઉપરની દૃષ્ટિ છોડી ત્રિકાળ પરિપૂર્ણ આત્મસ્વભાવ ઉપર દૃષ્ટિ દે તો અંદરથી માર્ગ મળે જ. માર્ગ પામવા માટે બીજો કોઈ ઉપાય નથી.

શું કહે છે? 'પર્યાય પરની દૃષ્ટિ છોડી દ્રવ્ય પર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ'. વાત જરા સૂક્ષ્મ છે. અનંત ગુણસ્વરૂપ આત્મા દ્રવ્ય-અપેક્ષાએ અપરિણામી ધ્રુવ પણ છે અને પર્યાય-અપેક્ષાએ અવસ્થામાં બદલે પણ છે. દ્રવ્ય અને પર્યાય—એ ઉભયાત્મક આત્મવસ્તુમાં જીવને અનાદિ કાળથી દ્રવ્યસ્વભાવ—ધ્રુવ સ્વભાવ ઉપર દૃષ્ટિનો, રુચિના જોરનો, અભિપ્રાયના વજનનો અભાવ છે; તેની દૃષ્ટિ પર્યાય પર જ છે.

પ્રવચનસારની ૯૩મી ગાથામાં '**पर्ययमूढाः हि परसमयाः**' કહ્યું છે. ત્યાં 'જ્ઞેય-અધિકાર' માં આત્મા વગેરે છયે દ્રવ્યોને જ્ઞેય કહ્યાં છે. દ્રવ્ય, ગુણ ને પર્યાય—એમ ત્રણ પ્રકાર દરેક વસ્તુમાં છે. (૧) ત્રિકાળી શક્તિઓનો ધરનાર કાયમી પદાર્થ તે દ્રવ્ય, (૨) વસ્તુમાં સાથે રહેનારી શક્તિઓ તે ગુણો, અને (૩) તે દ્રવ્યની તેમ જ તેના ગુણોની સમયે સમયે અવસ્થા બદલાય તે પર્યાય છે.

જેની રુચિ પર્યાયમાં મુગ્ધ છે તેને પર્યાયમૂઢ બહિરાત્મા કહ્યો છે.

પ્રશ્ન :—પર્યાય પણ વસ્તુનો ધર્મ છે, તે ન માનો તો વેદાન્ત જેવી માન્યતા થઈ જશે; તો પછી 'પર્યાયમૂઢ' કેમ કહ્યા?

ઉત્તર :—ભાઈ! વસ્તુમાં પર્યાય છે તો ખરી, પણ તેના પર દૃષ્ટિ નથી, જોર નથી; રુચિનું વજન એકલા નિજ જ્ઞાયક ધ્રુવ દ્રવ્યસ્વભાવ પર છે.

આત્મા જ્ઞાન, આનંદ આદિ અનંત અનંત સહજ શક્તિઓનું સંગ્રહાલય છે. તેની દશાઓ બદલે છે. બદલતી અવસ્થાઓની મુદત એક સમયની છે અને કાયમી રહેનાર ધ્રુવ સ્વભાવની મુદત ત્રિકાળ છે. જે શરીરાદિ સંયોગને અને રાગાદિ વિભાવને 'હું' પણે માને છે તે જીવ પર્યાયદૃષ્ટિ છે. તેને ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ, રુચિ નથી, તેથી તેને પર્યાયમૂઢ કહ્યો છે.

શરીર, વાણી ને કર્મ વગેરે આત્માની ચીજમાં નથી. ખરેખર તો રાગ અને દ્વેષ, દયા-દાનના વિકલ્પો વગેરે સમસ્ત વિભાવો આત્મવસ્તુના મૂળ સ્વભાવમાં નથી, તેની પર્યાયમાં છે. એ વિભાવપરિણમન એના પોતામાં છે કેમ કે વિભાવપરિણમનના ષટ્કારકોરૂપે પોતે સ્વતંત્ર પરિણમે છે; તે વિભાવપરિણમન કર્મને લઈને નથી. આત્મા પોતાના ગુણો અને પર્યાયોને—સ્વધર્મસમૂહને—ચુંબે છે, સ્પર્શે છે પણ કર્મ, શરીર વગેરે પરદ્રવ્યના ગુણપર્યાયોને ચુંબતો, સ્પર્શતો નથી. આ વાત સમયસારની ત્રીજી ગાથાની ટીકામાં સ્પષ્ટપણે સમજાવી છે.

અહીં તો એ કહેવું છે કે તારી દૃષ્ટિ અનાદિ કાળથી પર ઉપર ને તારી ક્ષણિક પર્યાય ઉપર છે તે છોડી દે. પર્યાય પરની દૃષ્ટિ એટલે પર્યાય ઉપરની જ રુચિ છે તે છોડી દે. તારે તારું કલ્યાણ કરવું હોય, આત્માનું હિત કરવું હોય, સુખના પંથે જવું હોય—આનંદના માર્ગે જવું હોય તો 'પર્યાયદૃષ્ટિ દુઃખપંથ છે' એમ સમજી તેને છોડ, અને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ દે. અહાહા! શબ્દો થોડા પણ ગંભીરતાનો પાર ન મળે.

પર્યાય પર દૃષ્ટિ એટલે શરીર, વાણી, કર્મ તથા રાગાદિ વિભાવ ને અપૂર્ણતા વગેરે પર દૃષ્ટિ. તેમાં કર્મ વગેરેનું તો અસ્તિત્વ જ આત્માથી ભિન્ન છે. પર્યાયનું અસ્તિત્વ પોતામાં છે, કેમ કે પ્રમાણજ્ઞાનનો વિષય દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ આખી વસ્તુ છે. પર્યાય છે ખરી, પણ તે માત્ર વર્તમાન ક્ષણિક અંશ છે. તે બદલતા અંશમાં આખું ત્રિકાળી તત્ત્વ આવી જતું નથી. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ વગેરે ત્રિકાળી ગુણો અને તેમની વર્તમાન પર્યાયો વસ્તુમાં છે ખરાં; પણ તે ગુણભેદ પર કે વર્તમાન બદલતી પર્યાય પર જે તારી દૃષ્ટિ છે, તારી રુચિનું ત્યાં જે વજન છે , તેને છોડ. તે પર્યાયબુદ્ધિને છોડી અંદર ભૂતાર્થ સત્ય જે ત્રિકાળી

જ્ઞાયક ધ્રુવ તત્ત્વ છે તેના પર દૃષ્ટિ દે. તેના ઉપર રુચિનું જોર આપવું તે તારા હાથની વાત છે, ત્યાં દૃષ્ટિ દેવી તે તારા પુરુષાર્થનું કામ છે.

પુરુષાર્થપૂર્વક અંદર દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ દે તો અંતરનો માર્ગ મળે જ. કર્મ માર્ગ આપે તો થાય—એમ છે નહિ; પરંતુ, વર્તમાનમાં જે ત્રિકાળી ધ્રુવ છે, એકાકાર છે એવો જે જ્ઞાયક દ્રવ્યસ્વભાવ તેના પર દૃષ્ટિ દેવાથી માર્ગ મળે જ છે. એ દ્રવ્ય પર દૃષ્ટિ એટલે રુચિનું જોર દેતાં તને સમ્યગ્દર્શન થાય જ, સમ્યગ્જ્ઞાન થાય જ ને સ્વરૂપમાં ઠરવાનો અંશ પણ થાય જ,—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગ મળે જ.

માર્ગ પોતે પર્યાય છે. એક કોર પર્યાયદૃષ્ટિ છોડાવી—પર્યાયનું વજન છોડાવ્યું અને બીજી કોર કહ્યું કે દ્રવ્ય પર દૃષ્ટિ દે તો મોક્ષમાર્ગરૂપ પર્યાય પ્રગટે જ. અહાહા! બહુ સરસ! ટૂંકામાં ઘણું ભર્યું છે! આવી વાતો છે!

'જેને લાગી હોય તેને પુરુષાર્થ ઊપડ્યા વિના રહેતો જ નથી.'

જેને એ જ્ઞાયક ધ્રુવસ્વભાવની લગની લાગે છે તેને અંદરમાં સ્વભાવનો પુરુષાર્થ ઊપડે જ છે. ત્રિકાળી ધ્રુવ સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ તે નિશ્ચય-આત્મા છે અને પર્યાય તે વ્યવહાર-આત્મા છે. વ્યવહાર-આત્માની એટલે કે પર્યાયની દૃષ્ટિ છોડી, ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક આત્મા પર દૃષ્ટિ દેવાથી મોક્ષમાર્ગસ્વરૂપ પર્યાયનો વ્યવહાર પ્રગટ થશે. મોક્ષમાર્ગ પણ વ્યવહાર છે કેમ કે તે નિર્મળ પર્યાય છે. અહાહા! આ તો ગંભીરતાનો પાર ન મળે; સમજાય એટલું સમજવું બાપુ!

અહો! આ વીતરાગનો માર્ગ! એક-એક ગુણ ને એક-એક પર્યાયની વાત છે એમાં. ગજબની વાત છે! અંદર અભેદ દ્રવ્ય પર દૃષ્ટિ દે તો અંતરમાં મોક્ષના માર્ગની પર્યાય પ્રગટે જ. સમજાય છે કાંઈ? જેને કાયમી જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યતત્ત્વની લગની લાગી છે તે અંદર પુરુષાર્થ ઉપાડ્યા વિના રહેતો જ નથી, તે અંતર્મુખ થયા વિના રહેતો જ નથી. વાસ્તવિક પૂર્ણ જ્ઞાયકતત્ત્વની જેને લગની લાગી તે સ્વ તરફનો પુરુષાર્થ કર્યા વિના રહે જ નહિ.

અરે! આ વાત બહારનાં કારખાનાંમાં નથી. આ અંદરનું કારખાનું કોઈ જુદું જ છે. પરદ્રવ્ય, તેના ગુણ ને તેની પર્યાયો—એ વાત છોડી દીધી; તેની સાથે કાંઈ સંબંધ નથી, તે સ્વતંત્ર જુદાં છે. તેનું આત્મા કાંઈ કરી શકતો નથી. તે આત્મામાં છે જ નહિ, પછી તેનો પ્રશ્ન શો? આત્મામાં છે પોતાની પર્યાયો ને પોતાનું ધ્રુવ જ્ઞાયકતત્ત્વ.

કારખાનાં, રૂપિયા ને મજૂરો—એ તારામાં નથી. તેને તારાં માને છે એ જૂઠી

માન્યતા છે. અરે! વર્તમાન રાગાદિ વિભાવની પર્યાય જે તારામાં છે તેને પોતાની માન તો તે માન્યતા પણ જૂઠી છે. શરીર, કર્મ, પૈસા, સ્ત્રી, કુટુંબ કે દેશ વગેરે આત્મામાં છે જ નહિ; તે તેનામાં 'છે'; એમને પોતાનાં માનવાં એ મોટી ભ્રમણા છે. અહીં તો એમ કહેવું છે કે—આત્મામાં જે પોતાની પર્યાયો છે તેના પર—અંશ પર—દૃષ્ટિ રાખતાં ત્રિકાળી તત્ત્વનો અનાદર થાય છે. માટે એક વાર તું પર્યાયની દૃષ્ટિ છોડ. અરે! ઉપદેશમાં શું કહેવું? પુરુષાર્થથી પર્યાયને દ્રવ્ય તરફ ઢાળવાની છે. દૃષ્ટિ જ્યાં દ્રવ્ય પર ગઈ ત્યાં પર્યાયદૃષ્ટિ છૂટી જ જાય છે. અહો! વીતરાગનો માર્ગ! એક-એક શબ્દે, એક-એક ભાવે ગંભીરતાનો પાર ન મળે.

જેને અંદરથી લાગી તેનું વીર્ય સ્વરૂપ તરફ ઢળ્યા વિના રહેતું નથી. 'રુચિ અનુયાયી વીર્ય'. રુચિ જો જ્ઞાયકતત્ત્વની હોય તો વીર્ય ત્યાં વળ્યા વિના રહે જ નહિ. જેની જરૂરિયાત જણાય તેનો પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. દ્રવ્યસ્વભાવની જરૂરિયાત જણાય તો તે તરફનો પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. અહા! આવી વાતો! એકલાં બહારનાં પલાખાં શીખીને ધર્મ માની બેઠા હોય તેને આકરું પડે બાપુ!

'અંદરથી કંટાળે, થાકે, ખરેખરનો થાકે, તો પાછો વળ્યા વિના રહે જ નહિ'.

અંદરથી કંટાળે. કોનાથી? રાગની ને વર્તમાન પર્યાયની બુદ્ધિથી. થાકે;—એક બદલતા અંશ પર લક્ષ છે તે દુઃખ છે, તેનાથી થાકે. ખરેખરનો થાકે.—પર ને પર્યાય ઉપર દૃષ્ટિ છે ત્યાં રાગાદિ કષાયભાવ થયા વિના રહે નહિ, મિથ્યાત્વભાવ થયા વિના રહે નહિ. મિથ્યાત્વભાવ છે તે મહાદુઃખ છે. પ્રતિકૂળ સંયોગો છે માટે દુઃખ છે—એ તો નિમિત્તથી કથન છે. એ મિથ્યાત્વના મહાદુઃખથી જે અંદરમાં કંટાળ્યો હોય, થાક્યો હોય, ખરેખરનો થાક લાગ્યો હોય, તે જીવ પાછો વળ્યા વિના રહે નહિ; પર્યાયબુદ્ધિથી પાછો હઠ્યા વિના રહે જ નહિ. સુખનો સાગર ભગવાન જ્ઞાયક છે ત્યાં દૃષ્ટિ મૂક્યા વિના રહે જ નહિ.

❀

## વચનામૃત—૧૨૭

**કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય? ૧૨૭.**

'કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી.'

આ વાક્યમાં ચાર 'ક'કાર આવ્યા. આત્મા એક રજકણનું પણ કાંઈ કરી શકતો નથી. શું કહે છે? આંખની પાંપણ ફેરવે, હાથ હલાવે, દાળ-શાકમાં રોટલીનું બટકું બોળે, મોટાં મોટાં ભાષણ કરે વગેરે પરદ્રવ્યની અવસ્થામાં આત્મા કાંઈ કરી શકતો નથી. અજ્ઞાનથી જીવ માને છે કે 'હું પરની અવસ્થા કરું છું'; પરંતુ જડની અવસ્થાનો જન્મ ખરેખર જડથી જ થાય છે. આંગળી વળવી, રોટલીનો કટકો થવો વગેરે અવસ્થાપણે સ્વતંત્ર જડ પોતે જ પરિણમે છે, તે-રૂપ થવું તે જડનો સ્વકાળ છે, જડનું પરિણમન છે. આત્માથી જડની અવસ્થા ત્રણ કાળમાં થતી નથી.

પ્રશ્ન :—મડદું રોટલા ખાય છે?

ઉત્તર :—મડદું ય ખાતું નથી ને જીવતો ય ખાતો નથી. 'હું ખાઉં છું' એમ (અજ્ઞાની) માને છે. ખરેખર ખાવાની ક્રિયા જ જડની છે. અહા! બહુ આકરું કામ!

અહીં કહેવાય છે કે કોઈ અન્ય દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. તેની સામે એક પંડિતે કહ્યું હતું કે—જીવને પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર જૈન જ નથી. અરે! પ્રભુ! આ શું બોલે છે? જ્યાં દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં પરિણમે છે ત્યાં પર સાથે કર્તાકર્મનો સંબંધ શો?

જીવ વાણી બોલી શકે, હોઠ—દાંત હલાવે, તણખલાના બે કટકા કરી શકે–એ વાત ત્રણ કાળમાં સાચી નથી.

પ્રશ્ન :—ચાવીને ખાવું, પેટમાં દાંત નથી—એમ કહેવાય છે ને?

ઉત્તર :—ખાવાની ને ચાવવાની ક્રિયા જડમાં, જડના કારણે થાય છે; આત્મા જડને—રોટલાને—ચાવી શકતો નથી. આત્મા ખાવાના ભાવ—રાગ કરે, પણ પરમાં કાંઈ કરી શકતો નથી. ખાવું એ તો જડની ક્રિયા છે. આત્મા સદાય પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વર્તે છે, તે સિવાય પરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તે કાંઈ કરી શકતો નથી. પરંતુ જીવને અનાદિનો ભ્રમ છે કે આત્મા પરનું કરે છે. આત્મા શરીરમાં ન હોય તો ડોક સીધી ન રહે, શરીર ટટ્ટાર ન રહે—એ માન્યતા ભ્રમ છે. તે અવસ્થા શરીરના પરિણમનને કારણે છે. માથું આમ રહ્યું છે તે આત્માને લઈને નહિ. આકરી વાત છે પ્રભુ!

'**णमोकार**' મંત્રમાં '**लोए**' અને '**सव्व**' પદ અંતદીપક હોવાથી આગળનાં ચારેય પદને લાગુ પડે છે; '**णमो लोए सव्व अरिहंताणं**'—એમ. કોઈનો તર્ક છે કે અરિહંત ભગવાન મધ્યલોકમાં હોય છે, ત્રણ લોકમાં હોતા નથી; માટે 'ણમોકાર' મંત્રમાંથી '**लोए**' શબ્દ કાઢી

નાખવો. અરે! અનાદિનિધન મંત્રમાંથી શબ્દ કાઢી નાખવાની વાત કરે છે એ કાળો કેર કરે છે ને! પ્રભુ! કેવળસમુદ્ઘાતની અપેક્ષાએ અરિહંતની સ્થિતિ આખા લોકમાં હોય છે. એ બતાવવા માટે પણ '**णमो लोए सव्व अरिहंताणं**' ઘટે છે.

વળી બીજા કોઈનો તર્ક છે કે—'**णमो लोए सव्व साहूणं**'માં '**सव्व**' નો અર્થ જૈનના ને જૈનેતરના બધા સાધુ—એમ કરવો. આ પણ મિથ્યા કલ્પના છે. ભાઈ! સાધુ કોને કહેવાય? આત્મજ્ઞાન સહિત ત્રણ કષાયનો અભાવ જેને અંદરમાં પરિણમ્યો છે, જેની દશાને અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનની મહોરછાપ લાગી છે, બાહ્યમાં જેને વસ્ત્રનો એક ટુકડો પણ ન હોય એવી નિર્વિકાર નગ્નદશા હોય, તે જ '**साहूणं**' પદમાં આવે છે. તે સિવાયના જે વસ્ત્ર -પાત્રધારી તેમ જ અન્ય પરિગ્રહવંત છે તેમને વીતરાગના માર્ગમાં સાધુ કહી શકાય જ નહિ. જેને અંતરંગ શુદ્ધ ભાવલિંગ હોય તેને જ સાચું દ્રવ્યલિંગ હોય. ભાવ રહિત એકલું દ્રવ્યલિંગ હોય તે સાચો સાધુ કહેવાતો નથી. જ્યાં અંદર આનંદની ભરતી આવી છે એવું ભાવલિંગ—ભાવમુનિપણું—પ્રગટ્યું છે ત્યાં તેને સાથે દ્રવ્યલિંગ હોય જ; નગ્નપણું પણ હોય જ. બાહ્ય નગ્નપણું ન હોય અને વસ્ત્ર સહિત હોય તેને ભાવલિંગ પ્રગટ થાય એમ કોઈ દી બની શકે નહિ. વળી, વસ્ત્ર રહિત નગ્નપણારૂપ દ્રવ્યલિંગ છે તો તેનાથી ભાવલિંગ પ્રગટે એમ પણ નથી.

પ્રશ્ન :—તીર્થંકર ભગવાન દીક્ષિત થાય ત્યારે કપડાં ઉતારવાની ક્રિયા કરે કે નહિ?

ઉત્તર :—ના, વિકલ્પ આવે, પણ કપડાં ઉતારવાની ક્રિયા જડની છે તે જડથી થાય. આત્મા જડની ક્રિયા કરી શકે નહિ. કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી; તોપણ મુનિપણું થતી વખતે વસ્ત્ર ઊતર્યા વિના રહેતાં નથી. એમ થવા છતાં આત્મા વસ્ત્ર ઉતારવાની ક્રિયા કરી શકતો નથી.

વ્યવહારનયના કથનમાં એમ આવે કે દીક્ષેચ્છુ જ્ઞાની કપડાં ઉતારે, નગ્નપણું ધારણ કરે, પરંતુ જડનું નગ્નપણું ધારવું તે આત્માની ક્રિયા છે જ નહિ; છતાં ભાવલિંગીને નગ્નપણું નિયમથી હોય જ. અનાદિ જૈનદર્શનનો આ માર્ગ છે. વસ્ત્ર સહિત મુનિપણું મનાવ્યું તે વીતરાગ જૈનદર્શનની રીત નથી.

પ્રવચનસારની ચરણાનુયોગસૂચક ચૂલિકામાં આવે છે : દીક્ષાર્થી જ્ઞાની ગુરુ પાસે પ્રાર્થના કરે છે કે—પ્રભો! મને દ્રવ્ય-ભાવલિંગ—મુનિપણું—આપો. ગુરુ અનુગ્રહપૂર્વક કહે છે : 'લો, આપ્યું.' એ તો વ્યવહારનાં કથન છે. શાસ્ત્રમાં કયા ઠેકાણે કયા નયનું કથન છે તે બરાબર સમજવું જોઈએ. સમયસાર, પરમાત્મપ્રકાશ અને દ્રવ્યસંગ્રહ વગેરે શાસ્ત્રોમાં આવે છે કે—દરેક ગાથાનો શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ ને ભાવાર્થ-એમ પાંચ રીતે અર્થ થવો જોઈએ. શાસ્ત્રના કોઈ પણ કથનને 'આ વ્યવહારથી છે કે નિશ્ચયથી

છે?' એમ નયાર્થ વગેરે પાંચેય બોલ લાગુ પાડીને સમજવું જોઈએ.

બાપુ! આ તો ગહન વાત છે! ગહન માર્ગ છે! તું કોણ? ને કેવડો? તું અનંતી શક્તિવાળો ખરો, પણ પરની ક્રિયા કરવા માટે સાવ પાંગળો. પોતાની પર્યાય કરવા માટે પૂરા સામર્થ્યવાળો. પરની દયાનો ભાવ આવે; પરંતુ દયાનો રાગ પરને બચાવી શકે એમ માનવું તે જ્ઞાનસ્વરૂપને લાંછન છે. નિર્દોષ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા—જ્ઞાનસ્વરૂપ જ્ઞાન—ખરેખર વિકૃત અવસ્થાને પણ શી રીતે કરે? વિકૃત અવસ્થા કરવા જાય તો જ્ઞાન અજ્ઞાન થઈ જાય, જાણનાર—સાક્ષી—રહેતું નથી.

કોઈ પણ પદાર્થ બીજાનું થોડું પણ કરી શકતો નથી. કરે તો પોતાની પર્યાયનું કરે. તે પણ ખરેખર પોતાની નિર્મળ પર્યાયનું જ કરે. વિકાર કરે તે તેની વસ્તુસ્થિતિ નથી. વિકાર થાય તેની પર્યાયમાં. પણ તેનો કર્તા માત્ર અજ્ઞાનભાવે જ પોતે છે. કેમ કે ચૈતન્ય જ્ઞાનજ્યોત તો માત્ર જાણવા-દેખવાનું કાર્ય કરે; જેમાં ચૈતન્યનો અંશ નથી એવા આંધળા રાગમાં જ્ઞાયકજ્યોત કેમ પ્રકાશે?

'વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય?'

જ્યાં વિભાવ પણ તારા નથી ત્યાં બીજાની તો વાત જ શી? તારા સિવાય બીજા તત્ત્વનું તું કાંઈ કરી શકતો નથી. દયા-દાન આદિના ભાવ, પુણ્ય તેમ જ પાપના વિકાર સ્થૂળ છે. વિભાવ છે, તારા નથી. ત્રિકાળી જ્ઞાનાનંદના નાથમાં પુણ્ય-પાપના કૃત્રિમ વિભાવો નથી, તો બહારની સંયોગી ચીજો એની ક્યાંથી થાય? વિકૃતતા તારી દશામાં થાય તે તારી મૂળ વસ્તુમાં નથી, તો શરીર આદિ અજીવ અને સ્ત્રી-પુત્ર વગેરે બીજા જીવો તારાં કયાંથી થાય? તારામાં થતી વિકૃત અવસ્થા—પૂજા, ભક્તિ, વ્રતાદિના વિભાવ ભાવ—તે પણ તારા સ્વભાવમાં નથી, તો જે તદ્દન પૃથક્ છે અને જેનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તારાથી તદ્દન ભિન્ન છે તે સંયોગી ચીજ તારી ક્યાંથી હોય? બંગલા કોના? બાગ કોના? વિભાવ પણ જ્યાં તારો નથી ત્યાં બહારની સંયોગી ચીજ તારી ક્યાંથી આવી?

પ્રશ્ન :—સૌના ભેગા રહેવું અને ભેગા એ મારા—એમ માનવું નહિ?

ઉત્તર :—છયે દ્રવ્ય એક જગ્યાએ ભલે હો તેથી શું? એક જ જગ્યાએ આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ને જીવના પ્રદેશો, કાળના અણુઓ તથા પુદ્ગલનાં પરમાણુઓ—બધું છે છતાં એકબીજાને કાંઈ સંબંધ નથી. એક આકાશના પ્રદેશ પર (સમુદ્ઘાત સિવાય) એક જીવના અસંખ્ય પ્રદેશ છે છતાં કર્તાકર્મનો કે સ્વ-સ્વામીપણાનો કાંઈ સંબંધ નથી.

એક જીવ આખો આકાશના એક પ્રદેશમાં ન રહે, એક જીવનો અસંખ્યમો ભાગ રહે અને એ રીતે અનંત જીવોનો—પ્રત્યેકનો અસંખ્યમો ભાગ આકાશના એક પ્રદેશમાં રહે; તેથી એક પ્રદેશમાં જીવોના કુલ અનંત પ્રદેશો હોય છે. એક જીવ આખો આકાશના એક પ્રદેશમાં ન રહે, આખો જીવ આકાશના અસંખ્ય પ્રદેશમાં રહે એટલી તો જીવ-દ્રવ્યની મોટપ છે.

એમ છએ દ્રવ્યો લોકમાં ભેગાં હોવા છતાં એક બીજાને કાંઈ લેવાદેવા નથી. સૌ પોતપોતાના ક્ષેત્રમાં રહે છે. આકાશના ક્ષેત્રમાં ભેળાં રહે છે તે કથન પણ વ્યવહાર છે.

સહજ ચિદાનંદ.

રાજકોટ તા. ૩૧-૫-૬૭

સેંકડો વર્ષોમાં નથી થયો એવો આ સ્ત્રી-દેહમાં આત્મા પાક્યો છે. સમાજનાં એટલાં પુણ્ય ક્યાં છે કે આ વાત બહાર મુકાય? લોકોને જે બોલે છે એની કિંમત આવે છે, આ (બહેનશ્રી ચંપાબેન) નથી બોલતા માટે એમની કિંમત આવતી નથી. ઓછું બોલે એટલે જાણે કાંઈ આવડતું જ ન હોય એમ લોકો માને.

*—પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન-૪૭

તા. ૨૪-૭-૭૮

## વચનામૃત—૧૨૮

**આત્મા તો જાણનાર છે. આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી. ભલે રોગ આવે કે ઉપસર્ગ આવે, આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે. ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ અંદરમાં લીનતા કરી, ત્રણે તો કેવળજ્ઞાન પ્રગટાવ્યું. અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી. ૧૨૮.**

'આત્મા તો જાણનાર છે.'

આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું છે. તે કોઈ રાગને કરે કે પરને કરે—એવું એનું સ્વરૂપ નથી. આત્મા ત્રિકાળ જ્ઞાયક—જાણનાર છે. એનો સ્વભાવ વર્ણવતાં સમયસાર નાટકમાં કહ્યું છે :

**समता रमता उरधता, ज्ञायकता सुखभास।**
**वेदकता चैतन्यता, ए सब जीवविलास॥**

જેની હયાતીમાં 'આ શી ચીજ છે' એમ જણાય છે, જેના વિદ્યમાનપણામાં દરેક પ્રસંગનું જ્ઞાન—જાણપણું વર્તે છે, તે જ્ઞાયક આત્મા ઊર્ધ્વ નામ મુખ્ય છે. આ શરીર, વાણી , મન અને રાગાદિ છે એને જાણનારું વિદ્યમાન તત્ત્વ તો જ્ઞાયક છે. ઊર્ધ્વતાનો અર્થ એમ લીધો છે કે, જેની હયાતીમાં—અગ્રતામાં 'આ શરીર છે. આ રાગ છે' એવું જણાય છે તે પ્રધાન તત્ત્વ—જ્ઞાયક આત્મા. જાણનારની હયાતીમાં-વિદ્યમાનતામાં જણાય; જાણનારની ઊર્ધ્વતા, વિદ્યમાનતા વિના 'આ રાગ છે' એ જાણે કોણ ? પ્રત્યેક પ્રસંગમાં જાણનાર તત્ત્વની—પોતાની—હયાતી ન હોય તો 'આ છે.. આ છે, આ છે' એ જાણ્યું કોણે? રાગ થયો, પણ 'એ રાગ છે' એમ જાણ્યું કોણે? એ જાણનારો ત્યાં મુખ્ય છે.

કોઈ પણ પ્રસંગમાં વિદ્યમાનતા—ઊર્ધ્વતા—અગ્રતા જ્ઞાનની છે. જ્ઞાનની ઊર્ધ્વતા—

હયાતી—વિના 'આ છે' એમ જાણે કોણ? 'આ પ્રકાશ છે, આ પ્રકાશ છે' એમ, જો જ્ઞાનની હયાતી—વિદ્યમાનતા—ન હોય તો, જાણ્યું કોણે? શરીરની કે વેપારધંધાની ગમે તે ક્રિયા હો પણ 'આ છે' એમ કોની વિદ્યમાનતામાં જણાયું? શરીર કે રાગ આદિ જે જણાયું તે 'મારી ચીજ છે' એમ નહિ, જાણવું થયું એ તો જ્ઞાનની દશા છે. જ્ઞાનની વિદ્યમાનતામાં જણાયું કે 'આ કર્મ છે.' કર્મને કંઈ પોતાનું જ્ઞાન નથી. જેની મુખ્યતામાં—ઊર્ધ્વતામાં આ બધું જણાય છે એવા જ્ઞાયક પદાર્થની વિદ્યમાનતા ન હોય તો કોની સત્તામાં આ જણાય છે? પરની સત્તામાં? કે સ્વની સત્તામાં? અહા! આવી વાતો છે!

સમ્યગ્દર્શન થતા પ્રથમ જ 'આ જાણનાર તત્ત્વ તે હું છું અને એ સિવાય દયા-દાન, વ્રતાદિનો રાગ વગેરે કોઈ ચીજ મારી નથી' એવી નિર્મળ પ્રતીતિ થઈ જાય છે. વ્યવહાર-રત્નત્રયનો રાગ આવે, પણ એનોય હું જાણનાર છું. 'આ છે' એવું જાણપણું તો જાણનાર—જ્ઞાયકની વિદ્યમાનતા બતાવે છે. જાણનારની હયાતી વિના બીજી હયાતીવાળી ચીજ છે—એની પણ ખબર ન પડે. અહા! આત્મા તો ઊર્ધ્વ છે ને, ભાઈ! 'સમતા રમતા ઉરધતા'માં ઉરધતાનો અર્થ બે રીતે થાય છે. સમયસાર નાટકમાં અર્થકારે ' ઉરધતા ' નો અર્થ ઊર્ધ્વગમનસ્વભાવ લીધો છે. સિદ્ધદશા થતાં એક સમયમાં ઊર્ધ્વગમનસ્વભાવને લીધે લોકાગ્રે જાય—એવો અર્થ લીધો છે; પણ ઊર્ધ્વતાસ્વભાવ કાયમનો લઈએ તો જ્ઞાયકપણે સદા વિદ્યમાનતા, હયાતી, પ્રમુખતા, મોજૂદગી, અગ્રતા—એવો અર્થ છે. શ્રીમદે એવો અર્થ કર્યો છે.

જેની હયાતીમાં, મોજૂદગીમાં, વિદ્યમાનતામાં 'આ રાગ છે' 'આ શરીરની યુવાન અવસ્થા છે', વૃદ્ધ અવસ્થા છે. 'આ રોગની અવસ્થા છે' વગેરે જાણવામાં આવ્યું એ જ્ઞાનસ્વભાવની—જ્ઞાયક પદાર્થની—જાણનારપણે ઊર્ધ્વતા વિના, એ દયા આદિના ભાવોથી ભિન્ન—જ્ઞેય પદાર્થોથી ભિન્ન—પોતાની જ્ઞાયકપણે વિદ્યમાનતા વિના, 'એ છે' એમ જાણ્યું કોણે! જાણનાર તત્ત્વ તો આત્મા છે.

'આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી.'

એ શું કહ્યું? આત્માનો સ્વભાવ કેવળ જ્ઞાયકતા છે-એવું જ્યાં અંતરમાં જ્ઞાન થયું ત્યાં, જગતમાં કોઈ એવી તાકાત નથી કે એની જ્ઞાતૃત્વધારાને—' હું કેવળ જ્ઞાતા જ છું, એવી પરિણમનધારાને રોકી શકે. જાણનારો જાગી ઊઠ્યો : હું તો એક જ્ઞાયક ચૈતન્ય તત્ત્વ છું ', ચૈતન્ય તો ચૈતન્યસ્વભાવ જ છે; એમ જ્યાં અનુભવમાં આવ્યું ત્યાં એની—આત્માની—જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી, અટકાવી શકતું નથી, બાધા પહોંચાડી શકતું નથી.

'ભલે રોગ આવે કે ઉપસર્ગ આવે, આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે.'

રોગ જડ શરીરની દશા છે, આત્મામાં ક્યાં રોગની દશા આવે છે? આત્મા તો શરીરમાં રોગના કાળે પણ ઊર્ધ્વપણે રહીને સદાય રોગથી પૃથક્ એવા જ્ઞાનથી એને માત્ર જાણે જ છે. અહા! આવી વાત છે! અરે! માણસને ધંધા અને બાયડી, છોકરાં ને કુટુંબ આડે આ વિચારવાની—સમજવાની—નવરાશ ન મળે! મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે કે દુનિયાને વખતનો ઘણો ભાગ પાપની પરિણતિમાં જાય છે.

વળી ત્યાં કહ્યું છે કે, શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં જો તેનું પ્રયોજન બીજું છે—પુજાવાનું, માનનું, લક્ષ્મીનું કે અન્ય લાભનું પ્રયોજન હોય—તો તે જ્ઞાન પણ અજ્ઞાન છે. જ્ઞાનનું પ્રયોજન ખરેખર જ્ઞાતાપણે રહેવું એ છે, એને ઠેકાણે જ્ઞાન થયું તેને બહારની પ્રશંસા ને મહત્તાની ધારામાં લઈ જવું એ જ્ઞાન જ નથી. ભલે ને ૧૧ અંગ ભણી ગયો હોય પણ તેથી શું? શાસ્ત્ર પ્રમાણે સત્ય ધારી લે છતાં તે વડે માનનું ને મોટપનું અયથાર્થ પ્રયોજન સાધે તો તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી, કેમ કે સાચું જ્ઞાન ધારી લીધું હોવા છતાં તેનું પ્રયોજન યથાર્થ નથી.

અરે! એ માન ને મોટપ, દુનિયા માને ને સભા રાજી થાય અને તેથી પોતે પણ રાજી થાય કે—મને કાંઈક આવડે છે, દુનિયામાં મારી વાત બહાર આવી, માટે હું કાંઈક મોટો છું—આવું જેનું પ્રયોજન છે તેનું બધું જાણપણું મિથ્યાજ્ઞાન છે. પં. ટોડરમલજીએ બહુ ખુલાસા કર્યા છે. અહા! એની બુદ્ધિ ને એનો ક્ષયોપશમ! ગોમ્મટસારની ટીકા રચવામાં એટલી તલ્લીનતા કે માએ છ મહિના સુધી શાકમાં મીઠું નાખ્યું નહિ તેની પણ તેમને ખબર રહી નહિ! ટીકા પૂરી થતાં ઉપયોગ ગયો અને માને કહ્યું: 'શાકમાં મીઠું નથી'. અહા! કેટલી એકાગ્રતા! સત્યને જાણવાની, લખવાની ને બહાર પાડવાની કેટલી લગની! એ કહે છે કે અજ્ઞાનીમાં વસ્તુસ્વરૂપ સંબંધી કાંઈક ને કાંઈક સ્વરૂપવિપર્યાસ, ભેદાભેદવિપર્યાસ ને કારણવિપર્યાસ હોય જ છે; પણ કદાચિત્—કહે છે કે—એ ન હોય, ધારણાના બળથી સત્ય હોય, તોપણ જો પ્રયોજન અયથાર્થ સાધે, પૂજા, માન ને મોટપનું પ્રયોજન સાધે, તો તે સાચું ધારણાજ્ઞાન પણ મિથ્યાજ્ઞાન જ છે.

જે જ્ઞાન સ્વરૂપમાં રહીને અંદર આનંદને સાધે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવા માટે જે જાણપણું કર્યું છે, તે જ સમ્યગ્જ્ઞાન છે. સાચું પ્રયોજન તો એ જ છે ને! અહા! આવી વીતરાગતાની વાત આત્મજ્ઞાની દિગંબર સંતો સિવાય બીજે ક્યાંય છે નહિ.

જાણનાર આત્માની નિર્મળ જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી; રાગ આવે તે તો જડ શરીરની અવસ્થા છે. શરીર તો વેદનાની મૂર્તિ, વ્યાધિઓનું મંદિર છે; પ્રભુ! તું તો જ્ઞાન ને આનંદનું બિંબ છો. શરીરમાં ભલે રોગ આવે, બેઠો હોય ત્યાં ઉપરથી ભીંત પડે, સર્પ ને વીંછી આવીને કરડે, કોઈ પથરા મારે, તેથી આત્માને શું? આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે. અહા! આવી વાત! વીતરાગ માર્ગ બહુ ઝીણો, બાપુ!

અહીં તો પ્રથમ સમ્યગ્દર્શનની વાત કરી છે. સમ્યગ્દર્શન એટલે કે આત્માની જ્ઞાતાધારા પ્રગટ થતાં જ સાથે સ્વરૂપચરણચારિત્ર પ્રગટે છે; પછી તો સ્વરૂપમાં રમણતા વધતાં વિશેષ ચારિત્રદશા એને આવશે જ. 'હું માત્ર જ્ઞાતા જ છું, શરીર ને વિભાવ નહિ' એવી ભેદજ્ઞાનની ધારા પ્રગટતાં વેંત જ થોડું સ્વરૂપાચરણચારિત્ર સાથે હોય જ છે. ગમે તેટલા પરિષહ ને ઉપસર્ગ સહન કરે પણ જો જ્ઞાતાધારા જાણવામાં—વેદવામાં આવી નથી, શરીર ને રાગથી ભિન્ન નીરોગ ને નિરુપસર્ગ એવા નિજ જ્ઞાયક આત્માનું ભેદજ્ઞાન થયું નથી તો તે બધું સહન કરવું વ્યર્થ છે. રોગ ને ઉપસર્ગ આવે તે જડની દશા છે, તે કાંઈ આત્મામાં આવતા નથી. આત્મા કાંઈ રોગવાળો કે ઉપસર્ગવાળો થઈ જતો નથી. આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે.

'ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ અંદર લીનતા કરી, ત્રણે તો કેવળ પ્રગટાવ્યું.'

શત્રુંજય પર્વત પર યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ ને સહદેવ—એ પાંચેય પાંડવો મુનિદશામાં—પ્રચુર સ્વસંવેદનરૂપ આનંદદશામાં—કેલિ કરતા હતા. દુર્યોધનના ભાણેજે 'રાજ્ય જોઈએ છે ને? લો રાજ્ય' એમ કહી ધગધગતા લોઢાના દાગીના પહેરાવ્યા. એવી સ્થિતિમાં પણ એમની જ્ઞાતાધારાને રોકવા, ઈજા પહોંચાડવા કોઈ સમર્થ નથી. અંદર પૂર્ણ લીનતા કરી ત્રણે તો કેવળજ્ઞાન પ્રગટાવ્યું.

શત્રુંજય તીર્થ અહીંથી (સોનગઢથી) ૧૪ માઈલ છે. ત્યાં ઉપર લોકાગ્રે ત્રણ પાંડવો—યુધિષ્ઠિર, ભીમ ને અર્જુન—સિદ્ધપણે બિરાજે છે. જ્યાં સિદ્ધદશા થાય ત્યાં સમશ્રેણીએ લોકાગ્રે જાય, આડાઅવળા ન જાય, ઊર્ધ્વગમનસ્વભાવને લીધે શત્રૂંજય ઉપર સમશ્રેણીએ લોકના અગ્ર ભાગમાં સિદ્ધભગવાનપણે બિરાજે છે. માટે તે સ્થળ તીર્થ છે ને યાત્રાનું ધામ છે.

સં. ૨૦૧૩માં સમ્મેદશિખરની યાત્રા પહેલી વાર કરી, ત્યારે કોઈએ પ્રશ્ન કર્યો હતો : મહારાજ સાહેબ! આ યાત્રા એટલે શું?

ઉત્તર આપ્યો હતો કે—ભાઈ! યાત્રાનો હેતુ એવો છે કે, જે સ્થળે તીર્થંકરો અને કેવળીઓ સિદ્ધ થયા, તે સ્થળે ઉપર સમશ્રેણીએ લોકાગ્રે તે સિદ્ધ ભગવંતો બિરાજે છે એવી

સ્મૃતિ માટે યાત્રા છે. તે શુભ ભાવ છે, ધર્મ નહિ; પણ એવો ભાવ સાધક ધર્માત્માને પણ આવ્યા વિના રહેતો નથી. સંપૂર્ણ વીતરાગ થયો નથી, માટે એવો ભાવ આવે, પણ તે ધર્મ કે ધર્મનું કારણ નથી. ધર્મનું ખરું કારણ વીતરાગ ભાવ છે.

પાંડવો શ્રી નેમિનાથ ભગવાન પાસે જવા નીકળેલા. શત્રુંજય પહોંચ્યા ને સમાચાર સાંભળ્યા કે ભગવાન મોક્ષ પધાર્યા છે. પાંડવો તરત જ શત્રુંજય પહાડ પર ચડી ગયા અને ધ્યાનમાં જામી ગયા. ઉપસર્ગના કાળે ત્રણે તો કેવળજ્ઞાન ઉપજાવ્યું. નાના બે ભાઈ પણ વીતરાગ સંત હતા, પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ આનંદની મહોરછાપવાળા હતા; એ કાંઈ દ્રવ્યલિંગી નહોતા. એકલા નગ્ન ને પંચમહાવ્રતના વિકલ્પવાળા નહોતા, રાગ રહિત અંદર આનંદની ઉગ્ર દશામાં મસ્ત હતા. તેમને જરા વિકલ્પ આવ્યો કે—મોટા ભાઈઓને કેમ હશે? એ વિકલ્પ છે શુભ; પણ તેનાથી કેવળજ્ઞાન અટકી ગયું. સર્વાર્થસિદ્ધિના દેવનું ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. દેવ અને મનુષ્ય એમ બે ભવ વધી ગયા.

'અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી.'

જો વિકલ્પ કર્યો તો અટક્યો. એ પોતાથી અટક્યો છે, કર્મે અટકાવ્યો નથી. બે ભવ કરવાના હતા માટે કર્મે બે નાના પાંડવને વિકલ્પ કરાવ્યો—એમ નથી. ભાન છે કે વિકલ્પ મારું સ્વરૂપ નથી છતાં, શુભ ભાવનો કર્તા નહિ હોવા છતાં, પુરુષાર્થની કચાશને લઈને વિકલ્પ ઊઠે છે; તેને તે જાણે છે. એ વિકલ્પથી બે ભવ કરવા પડશે. અહા! આ મારગડા જુદા બાપા! આ તો વીરનાં કામ છે, કાયરનાં કામ નથી. અટકે તો પોતાથી અટકે, બીજું કોઈ અટકાવતું નથી. જ્ઞાનની હીણી-અધિક દશા પોતાના પરિણમનથી પોતે જ કરે છે, તેમાં જ્ઞાનાવરણીય કર્મ કાંઈ કરતું નથી. કર્મ તો નિમિત્તમાત્ર છે. અહીંની, દરેક પદાર્થના પરિણમનની સ્વતંત્રતાની વાત સાંભળીને કોઈએ એક ત્યાગીને પૂછ્યું : શું આ વાત બરાબર છે?

ઉત્તર મળ્યો : તમે જ સમજી લો ને? કઈ રીતે બરાબર છે? એ બરાબર નથી. કોઈ પણ કહે, ભલે અંગધારી કહે તોપણ બરાબર નથી.

અરેરે! શું થાય? કેટલો ક્ષયોપશમ હતો! સમયસારની ટીકા કંઠસ્થ હતી, પણ દૃષ્ટિમાં ફેર હતો. જ્ઞાનાવરણીય કર્મ જીવમાં કાંઈ કરતું નથી-એમ નહિ, જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે છે, એને લઈને જ્ઞાનની હીણી દશા છે—એવી એમની માન્યતા હતી.

ભાઈ! શાસ્ત્રનાં એ કથન તો નિમિત્તકારણનું જ્ઞાન કરાવવા માટે છે. જ્ઞાનનું હીણારૂપ પરિણમન પોતાના ઉપાદાનકારણથી થાય છે. તેમાં કર્મ શું કરે?

''कर्म बिचारे कौन, भूल मेरी अधिकाई''

ભૂલરૂપે પોતે પરિણમે છે, તેમાં કર્મ શી ચીજ છે? જ્ઞાનની હીણી દશા કે શ્રદ્ધાની વિપરીતતા તેનો કરનારો તો હું છું; કર્મને કારણે થાય છે એ માન્યતા બિલકુલ જૂઠી છે. કર્મ કર્તા ને જીવનો વિભાવભાવ કર્મ—કાર્ય, એ વાત તદ્દન ખોટી છે. સમજાણું કાંઈ?

અહીં પણ એ જ કહે છે. એ અટકે તો પોતાથી અટકે છે, કર્મ વગેરે અન્ય કોઈ તેને અટકાવતું નથી. કર્મને લઈને જીવમાં વિકાર થાય એ માન્યતા જૈનના બધા સંપ્રદાયમાં ઘર કરી ગઈ છે. અરે! બહુ ફેરફાર થઈ ગયો છે. પંથભ્રષ્ટ થઈને નીકળેલા અન્યની વાત તો દૂર રહો, પણ જેમાં સનાતન વસ્તુસ્થિતિ છે એવા અનાદિનિધન વીતરાગ માર્ગમાં પણ આ સ્થિતિ ઊભી થઈ છે! કર્મ તે કોણ? કર્મ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય આત્માને અડતું પણ નથી કારણ કે દરેક દ્રવ્ય પોતાના ધર્મસમૂહને ચુંબે છે. પણ અન્ય દ્રવ્યને ચુંબતું નથી, સ્પર્શતું નથી, અડતું નથી. જ્યાં કર્મ આત્માને અડતું પણ નથી ત્યાં તે જ્ઞાનને કઈ રીતે રોકી શકે? જ્ઞાન પોતે પોતાથી હીણું કરે છે ત્યાં જ્ઞાનાવરણીય કર્મ તેને હીણું કરે છે એમ કહેવું—એ નિમિત્ત ને વ્યવહારનયનું કથન છે.

પ્રશ્ન :—નિમિત્તને કારણ કેમ કહ્યું?

ઉત્તર :—નિમિત્ત એ સાચું કારણ નથી, તેને આરોપિત કારણ કહ્યું છે. જીવ પોતે જેવા વિકારભાવે પોતાના ઉપાદાનકારણથી પરિણમે છે ત્યારે અનુકૂળપણે જે કર્મનો ઉદય હોય છે તેને આરોપથી, ઉપચારથી, વ્યવહારથી નિમિત્તકારણ શાસ્ત્રમાં કહ્યું છે. જિન-વાણીમાં જે આરોપિત કથન આવ્યું છે તેને પરમાર્થ સત્ય માનવું તે મિથ્યાત્વ છે, તેનું ફળ સંસાર છે.

ઘાતિકર્મના બે અર્થ છે : ભાવઘાતિકર્મ ને દ્રવ્યઘાતિકર્મ. જીવ પોતે પોતાથી વિકાર કરે તે ભાવઘાતિકર્મ છે; ત્યારે ઉદયમાં વર્તતા દ્રવ્યઘાતિકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. અહા! આવી વાત છે!

પંચાસ્તિકાયસંગ્રહની ૬૨મી ગાથામાં આવ્યું છે કે વિભાવપર્યાયમાં પણ જીવનાં છ કારકો અને કર્મપુદ્‌ગલનાં છ કારકો જુદેજુદાં છે. નિશ્ચયથી વિકારી પરિણામનો કર્તા જીવ પોતે છે. તેને પુદ્‌ગલકર્મ કારક થઈને કરે—એ વાત છે જ નહિ.

અહા! કર્મની આ ચર્ચા વિ. સં. ૧૯૭૧ થી અમારે અંદર ચાલી આવે છે. દીક્ષા લીધા પછી બીજે જ વર્ષે મેં સ્પષ્ટ કહી દીધું હતું કે—કર્મ જીવમાં બિલકુલ કાંઈ કરે નહિ; જે કાંઈ વિકાર થાય છે તે પોતાના ઊંધા પુરુષાર્થથી થાય છે. સવળો પુરુષાર્થ કરે

તો વિકાર ટળે છે. કર્મનો કાંઈ અધિકાર આત્મા ઉપર છે જ નહિ. નિમિત્તની ચીજ નિમિત્તમાં છે. નિમિત્ત છે ખરું, પણ નિમિત્ત પરમાં કાંઈ કરે છે તે વાત ખોટી છે. હવે તો કેટલાક વિદ્વાનો પણ વિચાર કરતા થઈ ગયા છે અને આ વાતનો સ્વીકાર કરે છે. તેઓ કહે છે કે—છાપાંમાં પણ લખે છે કે—સોનગઢવાળા 'નિમિત્ત છે' એમ માને છે, પણ 'નિમિત્તથી (ઉપાદાનમાં) કાંઈ થાય'—એમ માનતા નથી.

અહીં તો કહે છે કે—કોઈ એને (જીવને) કાંઈ કરે છે, ઉપસર્ગ દઈને અટકાવે છે, એવું છે જ નહિ. કર્મ કે બીજો કોઈ પદાર્થ તેને અટકાવતું નથી, અન્ય પદાર્થનો પ્રતિબંધ કે રુકાવટ તેને નથી, અટકે તો પોતાથી અટકે છે. પંચાસ્તિકાયની ૧૬૩મી ગાથાની ટીકામાં આવ્યું છે કે—ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો (સ્વભાવની વિપરીતતા, વિરુદ્ધતા, ઊલટાપણાનો) અભાવ છે. સ્વભાવની પ્રતિકૂળતા એટલે શું? આત્માનો 'સ્વભાવ' ખરેખર દર્શન અને જ્ઞાન છે. તે બંનેને વિષયપ્રતિબંધ—વિષયમાં રુકાવટ, વિષયમાં મર્યાદિતપણું—હોવો તે 'પ્રતિકૂળતા' છે. દર્શન ને જ્ઞાનના વિષયમાં મર્યાદિતપણું હોવું તે સ્વભાવની પ્રતિકૂળતા છે. ત્યાં સ્વભાવની વિપરીતતા અર્થાત્ દર્શનજ્ઞાનના વિષયમાં રુકાવટ પોતે કરે છે; કોઈ કર્મ કે ઉપસર્ગ રુકાવટ કરે છે એમ કહ્યું નથી. અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી.

## વચનામૃત—૧૨૯

**'ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ. અનેકાન્તનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે.' ૧૨૯.**

'ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ.'

ભગવાન સર્વજ્ઞદેવ એમ કહે છે કે દરેક દ્રવ્યની પ્રત્યેક સમયની પર્યાય—વિકારી કે અવિકારી—પોતાનાં કારકોથી, કર્તા-કારણ વગેરેથી થાય છે. એમાં કાંઈ પણ ફેર કર્યો, કર્મને લઈને વિકાર થાય, શુભ રાગ ધર્મનું સાધન થાય—એવી જો કાંઈ પણ ગરબડ કરી—ભગવાનની આજ્ઞા બહાર પગ મૂક્યો—તો રખડી મરીશ.

ભગવાન એમ કહે છે કે પરને લઈને પરમાં કાંઈ થાય નહિ, વ્યવહાર કરતાં કરતાં ધર્મ થાય નહિ, એમાં જો ફેરફાર કર્યો કે અશુભ ટાળીને શુભ થાય એટલો તો લાભ થાય છે ને?—એમ ભગવાનની આજ્ઞા બહાર પગ મૂકીશ, ઊંધી માન્યતા કરીશ

તો ચાર ગતિમાં રખડી મરીશ. શુભ રાગથી લાભ થશે એમ જેની દૃષ્ટિ રાગ કરવા ઉપર છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે; તેને અશુભેય ટળ્યો નથી, કેમ કે, પહેલાં તો મિથ્યાત્વભાવ પોતે જ અશુભ છે.

પ્રશ્ન :—વ્યવહાર પણ ભગવાનની આજ્ઞામાં છે ને?

ઉત્તર :—ના. જ્ઞાનસ્વરૂપ થવાનું એટલે કે અનુભૂતિ કરવાનું જ ભગવાનનું ફરમાન છે; તોપણ જિનવાણીમાં પરમાર્થનો હસ્તાવલંબ, સહાયક, સહચર અને નિમિત્ત દેખીને વ્યવહારનું કથન ઘણું કર્યું છે. જો વ્યવહારના આ આરોપિત કથનને પરમાર્થ સત્ય માની તેનો આશ્રય કરે તો એનું ફળ સંસાર છે.

શુભ રાગથી જે ધર્મ માને છે, શુભ કરતાં કરતાં આગળ જવાશે એમ જેની માન્યતા છે, તેની દૃષ્ટિ મિથ્યા છે. મિથ્યાત્વભાવ પોતે જ મહા અશુભ છે, તેથી તેને અશુભેય ટળ્યો નથી. શુભમાં ધર્મ માનવો તે ભગવાનની આજ્ઞા બહાર છે. જો તેમાં પગ મૂકીશ તો ડૂબી જઈશ—નરક ને નિગોદમાં જઈશ. યાદ રાખજે કે કુદરતમાં વસ્તુના સ્વભાવથી વિરુદ્ધ જઈશ તો નરક—નિગોદમાં પડીશ. વસ્ત્રનો એક ટુકડો રાખીને—તલતુષમાત્ર પરિગ્રહ રાખીને—'પોતે મુનિ છે' એમ માને, મનાવે, માનતાને રૂડું જાણે તે 'णिगोदं गच्छदि' નિગોદમાં જવાના છે. કદાચિત્ કંઈક શુભ ભાવ હોય તો વચ્ચે એકાદ ભવ સ્વર્ગમાં જાય, પણ તત્ત્વજ્ઞાનની વિરાધના હોવાથી, ત્યાંથી મરીને તિર્યંચ થઈ પછી નિગોદમાં જવાના. આકરું કામ બહુ બાપુ!

પ્રશ્ન :—વસ્ત્રનો એટલો ટુકડો રાખે, રાખીને મુનિપણું માને એમાં શું થઈ ગયું?

ઉત્તર :—વસ્ત્રનો ટુકડો રાખવાનો રાખીને મુનિપણું માનવાનો જે ભાવ છે તે ભાવ મિથ્યાત્વ છે. વસ્ત્રે મુનિપણું અટકાવ્યું નથી; પણ વસ્ત્ર હોય તો ઠીક, વસ્ત્ર હોય તો જરી પરિષહ સહન થાય, શરીરને ઠીક રહે, નીરોગતા હોય તો શરીરથી કંઈ કામ કરી શકીએ—એવી જે તારી માન્યતા છે તે ભ્રમણા છે. તે ભ્રમણાના ભાવમાં મુનિપણું આવી શકે જ નહિ.

રાગથી ભિન્ન પડી, 'મારું સ્વરૂપ આનંદ છે' એવો અનુભવ જેને વર્તે છે એવો ચક્રવર્તી રાજ કરતો હોય, ૯૬ હજાર સ્ત્રી હોય, છતાં તે મોક્ષમાર્ગી છે, અને દ્રવ્યલિંગી સાધુ મહાવ્રતાદિ પાળતો હોય છતાં, 'એ શુભ ભાવથી કલ્યાણ થશે' એવી માન્યતા હોવાથી, તે મોક્ષમાર્ગમાં નથી, સંસારમાર્ગમાં છે.—આ, વીતરાગની આજ્ઞા છે. એ આજ્ઞા બહાર જો પગ મૂક્યો તો નરક-નિગોદમાં રખડી મરીશ.

વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે; શુભમાં તો આવ્યા છીએ ને! અશુભથી તો બચીએ છીએ ને! એમ કરતાં કરતાં પછી શુદ્ધ થશે;—એ રીતે ભગવાને કહેલા વ્યવહારને પણ જો ધર્મ કે ધર્મનું યથાર્થ સાધન માનીશ તો—ભગવાને તો તેના આશ્રયનું ફળ સંસાર કહ્યું છે—રખડી મરીશ, નરક-નિગોદમાં જઈશ. આકરી વાત છે બાપુ!

અરે! આ દેહ કેટલો કાળ રહેશે? સ્થિતિ પૂરી થશે ને રાખ થઈ ને ઊડી જશે. તું ક્યાંય ને ક્યાંય હાલ્યો જઈશ. ભાઈ! તને તારી દયા નથી. મારું શું થશે—એનો વિચાર નથી. વર્તમાન અનુકૂળતા સેવીને સ્વચ્છંદે જો કાંઈ ભગવાનની આજ્ઞા બહાર માન્યું તો ભવસાગરમાં ડૂબી જઈશ.

‘અનેકાંતનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે.’

એ શું કહ્યું? અનેકાન્તનું જ્ઞાન કર એટલે આત્માના આશ્રયે ધર્મ થાય અને વ્યવહાર—શુભ રાગ—કરતાં કરતાં ધર્મ ન થાય; એનું નામ અનેકાન્ત છે. ધર્મ નિશ્ચયથી પણ થાય ને વ્યવહારથી પણ થાય એમ માનવું તે ભગવાનની આજ્ઞા બહારનું એકાન્ત મિથ્યાત્વ છે.

ભાઈ! શાસ્ત્રમાં વ્યવહારનાં કથનો આવે તેને તું જાણજે, શ્રદ્ધજે કે એ છોડવા લાયક છે. વ્યવહાર કે જે છોડવા લાયક છે તેને આદરવા લાયક માનવા જઈશ તો ભગવાનની આજ્ઞા વિરુદ્ધ એકાન્ત માન્યતાથી તું મરી જઈશ, ભવસાગરમાં રખડી મરીશ. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે : નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું; અને વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું, કેમ કે વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને, તેમના ભાવોને અને કારણકાર્યાદિને કોઈ નાં કોઈમાં નિરૂપણ કરે છે, એટલે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે, માટે તેનો ત્યાગ કરવો; તથા નિશ્ચયનય સ્વ-પરદ્રવ્યને તેમના ભાવોને અને કારણકાર્યાદિને યથાવત્ જેમ છે તેમ નિરૂપણ કરે છે, કોઈનાં કોઈમાં મેળવતો નથી, એટલે એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું.

પ્રશ્ન :—વ્રતાદિ કરવાની પણ ભગવાનની આજ્ઞા છે ને?

ઉત્તર :—એ આજ્ઞા વ્યવહારની છે કે નિશ્ચયની? વ્યવહારની આજ્ઞા છે તે તો નિમિત્ત આદિનું જ્ઞાન કરાવવા કહ્યું છે. એ આદરણીય છે અને એનાથી લાભ છે એ માટે કહ્યું નથી. અનેકાન્તનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે. મારું મારાથી થાય, પરથી ન થાય; નિશ્ચય ધર્મ મારા દ્રવ્યના આશ્રયે થાય, વ્યવહારના આશ્રયે ન થાય—એનું નામ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અનેકાન્ત છે. એવું અનેકાન્તનું જ્ઞાન રાખજે. ભગવાનની આજ્ઞા એ છે. નિશ્ચયથી પણ થાય ને વ્યવહારથી પણ થાય—એમ કેટલાક અનેકાન્ત ઠરાવે છે. શું એ અનેકાન્ત છે? એ તો મિથ્યા અનેકાન્ત છે. ખરેખર તો નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય—એ સાચો અનેકાન્ત છે. મારી પર્યાય મારાથી છે, પરને લઈને નહિ; પરની પર્યાય એનાથી છે, મારે લઈને નહિ. વ્યવહાર આવે ખરો, પણ તેથી નિશ્ચયને મદદ મળે છે એમ નહિ. વ્યવહાર આવે, પણ એ સંસારનું કારણ—બંધનું કારણ છે. અહા! આવી વાતો છે! અજ્ઞાની ને જ્ઞાનીની માન્યતામાં મોટો ફેર છે. અનેકાન્તનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે.

તા. ૨૧-૧૧-૬૫

૨૮ વર્ષ થઈ ગયાં જાતિસ્મરણ થયાંને, પણ બહાર પડવાની જરાય જેને (બહેનશ્રી ચંપાબેને) વૃત્તિ નથી ઊઠતી—પ્રતિબિંબ જેવાં ઠરી ગયાં છે. જેને પોતાને સાગરોપમ વર્ષોનું જ્ઞાન છે તોપણ ગુપ્ત! મને પણ નથી કહ્યું. મારી બધી વાત કહી જાય, પણ પોતાની નહિ. એમનો આત્મા કેટલો ગંભીર! અલૌકિક! અચિન્ત્ય! અદ્‌ભુત!—શબ્દો ઓછા પડે છે. આ તો સાગર સમાન ગંભીર છે.

—*પૂજ્ય ગુરુદેવ*

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રવચન-૪૮

તા. ૨૬-૭-૭૮

## વચનામૃત—૧૩૦

નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે, તેમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે. અનંત ગુણોની ઋદ્ધિ જે પ્રગટે તે પોતામાં છે. ૧૩૦.

'નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે, એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે.'

શ્રી શાન્તિનાથ, કુંથુનાથ ને અરનાથ તે તીર્થંકર હતા ને ચક્રવર્તી પણ હતા. છ ખંડ સાધવાનો ભાવ તે વિકલ્પ હતો. વિકલ્પના તેઓ કર્તા ન હતા, જ્ઞાતા હતા. બહારથી જોનારને છ ખંડ સાધતા દેખાય, પણ ખરેખર તો તેઓ અંદર અખંડને સાધતા હતા. જેની સ્વદ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ છે એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચક્રવર્તી છ ખંડને નહિ પણ જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણરત્નોથી ભરપૂર નિજ અખંડ જ્ઞાયકતત્ત્વને સાધે છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' માં પણ આવે છે કે જ્ઞાની સમકિતી ચક્રવર્તીએ છ ખંડ સાધ્યા નથી પણ અંદર આત્માનું અખંડપણું સાધ્યું છે.

ચૈતન્યચક્રવર્તી અનંત ગુણરત્નોથી ભરેલો છે. આકાશના પ્રદેશોની સંખ્યા કરતાં આત્માના ગુણોની સંખ્યા અનંતગુણી છે. આકાશમાં લોક તો અસંખ્ય પ્રદેશોમાં છે; તેની બહાર દશેય દિશાઓમાં અલોકાકાશ છે, તેના ક્ષેત્રનો અંત છે? તે તો દશેય દિશાઓમાં અનંત અનંત અમાપ છે, ત્રણ કાળના સમયો કરતાં પણ આકાશના પ્રદેશો અનંતગુણા છે; તેના કરતાં પણ આ ચૈતન્યચક્રવર્તી—જીવ—માં અનંતગુણા ગુણો છે.

ચક્રવર્તી ને જેમ ૯૬ કરોડ પાયદળ, ૯૬ કરોડ ગામ, ૯૬ હજાર સ્ત્રી ને ૧૬ હજાર દેવ વગેરે પુણ્યનો વૈભવ હોય છે; તેમ આ આત્મા નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે, એમાં અનંત અનંત ગુણરત્નોનો વૈભવ ભર્યો છે. બહારના ચક્રવર્તીને તો ૧૪ રત્નો હોય ને ૧૬ હજાર દેવ સેવા કરે, પણ અહીંયાં અંદર ચૈતન્યચક્રવર્તીમાં તો અનંત ગુણરત્નો

ને અનંત દેવી—દિવ્ય—શક્તિઓ છે. ભગવાન આત્મા—દિવ્ય શક્તિઓથી ભરેલો નિજચૈતન્યદેવ—સાધકદશામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણરત્નોની સાધના કરે છે; સાધના કરતાં કરતાં પૂર્ણ થાય ત્યારે તે અનંત ગુણરત્નો પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ જાય છે. તેથી અહીં કહ્યું છે કે નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે, એમાંથી અનંત ગુણરત્નોની પ્રાપ્તિ થશે; ક્યાંય બહારથી—પૂજા, ભક્તિ ને વ્રતાદિના ક્રિયાકાંડ કે શુભ ભાવમાંથી—જ્ઞાન, આનંદ ને શાન્તિ આદિ અનંત ગુણ આવતા નથી. ભગવાનને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત વીર્ય—એ અનંત ચતુષ્ટય પ્રગટ્યું તે અંતરમાં શક્તિપણે હતું એમાંથી—એના આશ્રયે—આવ્યું છે. આ ચૈતન્યદેવમાં પણ અંદર અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ અનંત ગુણો શક્તિપણે છે, તેનું સાધન કરવાથી પર્યાયમાં પ્રગટ થશે.

પં. ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં—શરૂઆતમાં—પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ બતાવ્યું છે. તેમાં અરિહંતના સ્વરૂપમાં કહ્યું છે : 'નિજસ્વભાવ સાધન વડે...અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે.' મુનિપણું કેવું છે? ત્યાં કહ્યું છે : 'જે વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે...' તે જૈન મુનિ છે. ૨૮ મૂળગુણ અંગીકાર કર્યા માટે તે સાધુ છે—એમ નથી; એ તો શુભ રાગ ને વિકલ્પ છે. શુદ્ધોપયોગરૂપ સાધન વડે નિજ આત્માનું પ્રચુર સ્વસંવેદન ન હોય તો તે સાધુ જ નથી, ધર્મ જ નથી.

પ્રશ્ન :—અત્યારે આ કાળે શુદ્ધોપયોગ થતો નથી, તો શુભ-ઉપયોગમાં સમ્યગ્દર્શન થાય છે ને?

ઉત્તર :—ભાઈ! જો આ કાળે શુદ્ધોપયોગ નથી તો સમકિત પણ નથી અને ધર્મ પણ નથી. આ કાળે અત્યારે પણ જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય ને ધ્યાતા-ધ્યાન-ધ્યેયના વિકલ્પ ભેદ-વિચાર—છૂટી જઈને ઉપયોગ આત્મામાં અભેદ થઈ શકે છે. શુદ્ધાત્મામાં ઉપયોગ અભેદ થવો તે જ શુદ્ધોપયોગ છે.

દ્રવ્યસંગ્રહની ૪૭મી ગાથામાં કહ્યું છે :

दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।
तम्हा पयत्तचित्ता जूयं झाणं समब्भसह ॥

નિશ્ચયમોક્ષમાર્ગ ને વ્યવહારમોક્ષમાર્ગ બન્ને ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. તે કાંઈ શુભના ધ્યાનની વાત નથી. નિજ શુદ્ધદ્રવ્યના આશ્રયે ઉપયોગ શુદ્ધ થાય તો જ સમ્યગ્દર્શન અર્થાત્ મોક્ષમાર્ગની શરૂઆત થાય. વાત ઝીણી છે. અરે! લોકોએ અત્યારે માર્ગને વીંખી નાખ્યો

છે! ધ્યાનમાં જેટલી શુદ્ધિ અને શુદ્ધોપયોગ પ્રગટ્યો એટલો નિશ્ચયમોક્ષમાર્ગ છે અને તે વખતે જે અબુદ્ધિપૂર્વકનો રાગ રહ્યો તેને આરોપ કરીને વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે. જગત, હજી શ્રદ્ધાનાં ઠેકાણાં ન મળે, મોક્ષમાર્ગ કેમ થાય એની ખબર પણ ન મળે, અને બહારમાં—શુભમાં—ધર્મ માની બેઠું છે! અરેરે! બાપુ! પ્રભુનો માર્ગ એ વીરતાનો માર્ગ છે, કાયરનો માર્ગ નથી.

સંતોએ તો શુદ્ધ-ઉપયોગરૂપ મુનિ ધર્મ અંગીકાર કર્યો છે. શુભ-ઉપયોગ તો રાગ છે, તે તો જ્ઞાતાનું જ્ઞેય છે—આદરણીય નથી. પંચાસ્તિકાયમાં કહ્યું છે : તારી પ્રભુતા તારામાં છે. તારી ઈશ્વરતા તારામાં તારાથી છે. તારો ઉપયોગ—રુચિ જ્યાં ઈશ્વરશક્તિ સન્મુખ થાય છે ત્યાં અંદર પ્રભુત્વશક્તિના કારણે પ્રભુતાની પર્યાય—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—પ્રગટ થાય છે, ધ્યાતા-ધ્યાન-ધ્યેયની એકાકાર પરિણતિ પ્રાપ્ત થાય છે. એ નિશ્ચય-મોક્ષમાર્ગ છે.

વ્યવહારરત્નત્રય ખરેખર મોક્ષમાર્ગ છે નહિ, પણ અંદર શુદ્ધ જ્ઞાયક આત્માના આશ્રયે જે નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટ્યો છે તેની સાથે રાગની મંદતાનું સહચરપણું—નિમિત્તપણું દેખીને તે શુભ રાગને ઉપચારથી વ્યવહારે મોક્ષમાર્ગનો આરોપ કર્યો છે. અહા! આવી વાત! વીતરાગ દિગંબર જૈન ધર્મ સિવાય લોકમાં બીજે ક્યાંય આ વાતની ગંધ ન મળે. અરે! ક્યાંયના ક્યાંય અર્થ કરીને વસ્તુને બગાડી નાખી છે!

દેવ-શાસ્ત્ર-ગુરુ આદિમાં પણ જે રાગ છે તે વ્યવહાર ને બંધનું કારણ છે. વ્યવહાર અભૂતાર્થ છે એટલે કે શુભ ભાવ અને પર્યાય અસત્ય છે, કેમ કે તે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ચીજ નથી. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપનો ઉપયોગ—શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ—કરવો તેનું નામ ધર્મ છે.

જે માએ પેટમાં સવા નવ મહિના રાખ્યો એ માનો જીવ (અત્યારે) ક્યાં હશે? કોઈ દિવસ એ વિચાર કર્યો છે? અરેરે! આ નિરાધાર સંસારમાં મા, બાપ ને ભાઈઓ ક્યાંય ચાલ્યા ગયા! એમને આ ધર્મની વાત સાંભળવા પણ મળી નહોતી. અહાહા! જેનું અસ્તિત્વ ત્રિકાળ છે એ જીવ ક્યાંય છે તો ખરા ને? આ મનુષ્યપણામાં કરવા જેવું તો પોતાના ચૈતન્યદેવને પ્રાપ્ત કરવો—તેનો અનુભવ કરવો તે છે; પણ એનો વિચાર કરવા જીવને નવરાશ ક્યાં છે?!

એ દુનિયાની વાત એક કોર મૂકો. આ ભગવાન આત્માની અંતરમાં દૃષ્ટિ કરતાં એ પોતે ચૈતન્યચક્રવર્તી છે તેની પ્રાપ્તિ થાય છે. તેનું સાધન વ્રતાદિના રાગથી ભિન્ન પાડનાર પ્રજ્ઞાછીણી છે. તે વડે ચૈતન્યચક્રવર્તીમાંથી અનંત ગુણરત્નોની પ્રાપ્તિ થશે. ગુણોની પ્રાપ્તિ

થશે એટલે પર્યાયમાં અનંતા ગુણોની નિર્મળ દશા પ્રગટ થશે. કૂવામાં હોય તે અવાડામાં આવે; અંદર શક્તિમાં છે તે પર્યાયમાં પ્રગટ થાય છે. ભાઈ! આ ધીરાનાં કામ છે બાપા! આ કોઈ બહારથી ત્યાગ કરી દીધો, લૂગડાં ફેંકી દીધાં ને નગ્ન થઈ ગયો માટે ધર્મ થઈ ગયો એમ નથી.

'અનંત ગુણોની ઋદ્ધિ જે પ્રગટે છે તે પોતામાં છે.'

કેવળજ્ઞાનના કાળે પર્યાયમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ વગેરે અનંત ઋદ્ધિ પ્રગટશે તે બધી શક્તિ પોતામાં છે, તે ક્યાંય બહારથી આવતી નથી. કેવળી અનંત જ્ઞાન ને અનંત આનંદને પર્યાયમાં પામ્યા એ આવ્યાં ક્યાંથી? ક્યાંક બહારથી, દેવ-ગુરુ વગેરે કોઈ નિમિત્તમાંથી કે વ્રત-તપના શુભ ભાવમાંથી આવે છે? અરે! પૂર્વ પર્યાયમાંથી પણ એ ઋદ્ધિ આવતી નથી. શું કહ્યું? પૂર્વે ચાર જ્ઞાનની પર્યાય હોય—સાધક પર્યાય હોય—તેમાંથી કેવળજ્ઞાનની પર્યાય આવતી નથી. એ પર્યાય તો દ્રવ્યના આશ્રયે આવે છે.

છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં નીચે રેતી નથી, રત્નો ભર્યાં છે; એમ આ 'સ્વયંભૂ' ભગવાન આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણરત્નો ભર્યાં છે. તે ચૈતન્યદેવ ઉપર ધ્યાન આપતાં અનંત ગુણો જે પોતામાં છે તે પર્યાયમાં પ્રગટ થાય છે.

અહા! આ વાત કેમ બેસે? પ્રભુ! આ વાત કઠણ છે પણ અશક્ય નથી, કેમ કે એ તો પોતાની ચીજ છે ને? અરેરે! આ વાત એને સાંભળવા મળે નહિ, વિચારવાને મળે નહિ, તો અંદરમાં પ્રયત્ન શી રીતે કરે? અરે! આ જિંદગી ચાલી જાય છે બાપુ! મોતનાં નગારાં માથે વાગે છે. મોતની પળ આવીને ઊભી રહેશે. તે પહેલાં આ તત્ત્વ સમજી લે ભાઈ! અહીં કહે છે કે—અનંત ગુણોની નિધિ જે પ્રગટે છે તે તારા પોતામાં છે, તેના માટે ક્યાંય બહાર નજર નાખવી પડે એમ નથી.

❁

## વચનામૃત—૧૩૧

**શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ; શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે. શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ. જો પ્રતીતમાં ફેર પડ્યો તો સંસાર ઊભો છે. ૧૩૧.**

'શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ; શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે.'

પૂર્ણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન નિજ આત્માની જે દૃષ્ટિ થઈ, એનું જ્ઞાન થયું અને એનું સ્વરૂપાચરણ થયું તે શુદ્ધ-ઉપયોગ છે. પ્રભુ! ત્યાંથી બહાર આવીશ તો રાગ થશે. તે શુદ્ધોપયોગ સંસારથી ઊગરવાનો માર્ગ છે માટે ત્યાંથી બહાર આવીશ નહિ. પહેલાં 'માર્ગ આ છે' એમ શ્રદ્ધા-જ્ઞાનમાં નિર્ણય તો કરે, પછી પ્રયોગ કરે. પરંતુ હજુ જ્ઞાનમાં જ સાચા નિર્ણયનાં ઠેકાણાં નથી એ જ્ઞાન અંદરમાં પ્રયત્ન શી રીતે કરશે?

વ્યવહાર કરતાં કરતાં ધર્મ થશે—એમ માનનારની રુચિ તો રાગ ઉપર છે. અહા! શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ, એટલે કે ખરેખર તો તે જ મોક્ષનો માર્ગ છે. શુદ્ધોપયોગ જ નિશ્ચય-મોક્ષમાર્ગ છે; બહાર આવતાં વ્યવહાર-રત્નત્રયનો વિકલ્પ આવે તે તો બંધનું કારણ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્ર-ભણતરના વિકલ્પો—એ બધો બંધમાર્ગ છે. અરે! પ્રભુ! આકરું પડે ભાઈ!

પ્રશ્નઃ—તેને બાહ્ય સાધન તરીકે ન કહેવાય?

ઉત્તરઃ—અંતરમાં શુદ્ધોપયોગરૂપ સાધન કર્યું હોય તો તે વ્રતાદિમાં બાહ્ય સાધનનો આરોપ આપવામાં આવે છે; ખરેખર તે સાધન નથી.

'શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ.'

અહા! આ બોલમાં 'શુદ્ધોપયોગ' શબ્દ ત્રણ વાર આવ્યો છે : (૧) શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ, અંતરમાં લીન થઈ જતાં બહાર આવીશ નહિ, નિર્વિકલ્પ ઉપયોગ થતાં વિકલ્પમાં આવીશ નહિ; (૨) શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે; અને (૩) શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ.

શુદ્ધ-ઉપયોગમાં ન રહી શકે તો, વ્યવહાર ને શુભ રાગથી લાભ થશે એમ માનીશ નહિ. લાભ એટલે ધર્મ તો અંતર ધ્રુવ તત્ત્વના આશ્રયે શુદ્ધ-ઉપયોગથી થશે એવી પ્રતીત છોડીશ નહિ. અંદર સ્વરૂપમાં રહી ન શકે તો ભક્તિ, વ્રત-તપ વગેરેના શુભ ભાવમાં બહાર આવે; પણ પ્રતીતમાં સદા એમ જ રાખજે કે—શુદ્ધ-ઉપયોગ તે એક જ મોક્ષનું કારણ છે, બહાર આવ્યો એ વિકલ્પ બંધનું કારણ છે. અહા! આવું આ પુસ્તક નીકળ્યું છે! આગ્રહી થઈને પડ્યા હોય તેને 'આ તો એકાંત નિશ્ચય છે' એમ લાગે. પણ ભાઈ! નિશ્ચય એટલે સત્ય અને એકાન્ત એટલે તદ્દન. શુદ્ધ-ઉપયોગ તે એક જ સંસારથી ઊગરવાનો ઉપાય છે તે એકાન્ત સત્ય છે, તદ્દન સાચી વાત છે. શુદ્ધ-ઉપયોગમાં યથાર્થ પ્રતીત રાખજે, એટલે કે શુભઉપયોગથી પણ કલ્યાણ થશે એમ પ્રતીતમાં રાખીશ નહિ.

પ્રતીતમાં તો એમ જ રાખજે કે—દૃષ્ટિમાં જે નિજ શુદ્ધાત્મદ્રવ્ય લીધું તેમાં ઉપયોગ,

શુદ્ધ-ઉપયોગ—જ્ઞાયકતત્ત્વમાં ઠરવું—એ એક જ મોક્ષનો માર્ગ છે. અહા! ભાષા સાદી, પણ ભાવ બહુ ગંભીર છે! દર્શનપ્રાભૃતમાં કહ્યું છે ને—

થઈ જે શકે કરવું અને નવ થઈ શકે તે શ્રદ્ધવું;
સમ્યક્ત્વ શ્રદ્ધાવંતને સર્વજ્ઞ જિનદેવે કહ્યું. ૨૨.

શુદ્ધ-ઉપયોગમાં ન રહી શકે તો શ્રદ્ધા તો યથાર્થ રાખજે જ. 'શુદ્ધ-ઉપયોગ નીચેની દશામાં ક્યાંથી હોય? માટે વ્યવહાર તે મોક્ષમાર્ગ છે'—એમ કરીશ નહિ. અરે! એક વાર પણ આ પુસ્તકની વાત સાંભળે, મધ્યસ્થતાથી વાંચે, તો તેને એમ થઈ જાય કે—અહા! આ કોઈ વસ્તુ છે! આમાં અમૃતધારાનો વરસાદ છે પ્રભુ! એમાં તારી વાત છે નાથ!

અહા! પ્રભુ! તું કેવડો મોટો છો? તારી મોટપનું વર્ણન ચાલે છે. મોટપ તારામાં નથી અને તને મોટો ઠરાવ્યો છે એમ નથી. તારી મોટપ માટે ક્ષેત્રની જરૂર નથી કે મોટું ક્ષેત્ર હોય તો અનંત—જ્ઞાન, આનંદ વગેરે—રહે. અંગુલના અસંખ્યમાં ભાગમાં નિગોદના અનંતા જીવો છે તે એકેક જીવમાં અનંત આનંદ વગેરે શક્તિઓ ઠસોઠસ ભરી છે. મોટું ક્ષેત્ર હોય તો જ મોટો ગુણ રહે એવું કાંઈ નથી. એને મોટા ક્ષેત્રની નહિ પણ સ્વભાવના સામર્થ્યની—શક્તિની—જરૂર છે.

અહા! આ વાત બીજે મળવી મુશ્કેલ છે. બાપુ! શું કહીએ? આતો માન મૂકી દેવાની વાતો છે. કોનાં માન ને કોનાં અપમાન? તારું માન તો તારી ચીજમાં છે. આવે છે ને!—'લહી ભવ્યતા મોટું માન, કવણ અભવ્ય ત્રિભુવન અપમાન!' ત્રણ લોકના નાથ એમ કહે કે—'આ સમકિતી છે, એણે આત્માને જાણ્યો છે.' એ ત્રણ લોકના નાથનું માન મળ્યું, હવે તારે બીજા કોનું માન જોઈએ છે? અને ત્રણ લોકના નાથ એમ કહે કે—'આ અજ્ઞાની છે, રાગનો આદર કરનાર છે, અપાત્ર છે'–એમ ભગવાન તરફથી અપમાન થયું; એના જેવું બીજું અપમાન ક્યું છે? ભલે દુનિયા તને માને પણ તેથી શું?

ધર્મી સ્વરૂપમાં પૂર્ણ ઠરી શકતો નથી એટલે તેને રાગ આવે, શુભ ભાવ આવે; પણ જેટલો રાગ છે એટલું દુઃખ છે, અને આત્માનો આશ્રય જેટલો પ્રગટયો છે તેટલો આનંદ છે.

પ્રશ્નઃ—કહેવાય છે ને કે જ્ઞાનીને એકલો આનંદ છે?

ઉત્તરઃ—એકલો આનંદ—સંપૂર્ણ આનંદ—ભગવાનને હોય; એકલું દુઃખ મિથ્યા-દૃષ્ટિને હોય; સાધકને આનંદ ને દુઃખ બંને હોય. બાપુ! એમ એકાન્ત ન તણાય. દૃષ્ટિના વિષયની વાત ચાલતી હોય ત્યારે એમ બોલાય કે ધર્મીને રાગ નથી ને દુઃખ પણ નથી;

પણ જોડે જે જ્ઞાન છે તે કણેકણનું જ્ઞાન કરે છે. જેટલો રાગ છે તે દુઃખ છે, ઉપાધિ છે, મેલ છે, વિભાવ છે—એમ ગણધર પણ જાણે છે.

પ્રવચનસારમાં (૪૭ નયમાં) આવે છે : રાગનો કર્તા પણ આત્મા છે ને ભોક્તા પણ આત્મા છે. રાગ કરવાલાયક છે એમ માનતો નથી, પણ કમજોરીને લઈને જે રાગ થાય છે તે પરિણમન જીવનું પોતાનું છે—એમ સમકિતી જ્ઞાની ગણધર માને છે. માટે જો શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ.

'જો પ્રતીતમાં ફેર પડ્યો તો સંસાર ઊભો છે.'

શુભ રાગ છે તે પણ ધર્મ છે અને એનાથી પણ હળવે હળવે આગળ જવાશે—એમ જો પ્રતીત કરીશ તો રખડી મરીશ. અહા! તત્ત્વ તો આવું છે! ભાષા તો સાદી છે, ભાવ તો બાપા! જેમ છે તેમ છે.

## વચનામૃત—૧૩૨

**જેમ લીંડીપીપરનું લઢણ કરવાથી તીખાશ પ્રગટ થાય છે, તેમ જ્ઞાયકસ્વભાવનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે. ૧૩૨.**

લીંડીપીપર બહારમાં રંગે કાળી અને અલ્પ તીખાશવાળી છે, પણ અંદરમાં લીલી ને ૬૪ પહોરી તીખાશ એમાં ભરી છે. લીંડીપીપરને લઢવાથી—ઘૂંટવાથી અંદર શક્તિપણે તીખાશ છે તે પ્રગટ થાય છે. શક્તિપણે અંદર તીખાશ 'છે' તે પ્રગટ થાય છે; એ કાંઈ ઘૂંટવાથી કે ખરલ ને ઉપરવટણાથી પ્રગટ થતી નથી. જો ઘૂંટવાથી પ્રગટ થતી હોય તો કોલસા ને લાકડાને ઘૂંટવાથી પણ તીખાશ પ્રગટ થવી જોઈએ; પણ એમાં તીખાશ નથી તે ક્યાંથી આવશે? કદે નાની અને રંગે કાળી છતાં તેના સ્વભાવમાં ૬૪ પહોરી પૂર્ણ તીખાશ ભરી છે. તીખાશ માટે તેને મોટા ક્ષેત્રની જરૂર નથી; ક્ષેત્ર નાનું, કદ નાનું હોવા છતાં ૬૪ પહોરી તીખાશ ભરેલી પ્રત્યક્ષ દેખાય છે, એ તો વૈદોને ય ખબર છે.

—એમ ભગવાન આત્મા—જ્ઞાયકસ્વભાવ—નું જ્ઞાયકસ્વરૂપે લઢણ કરવાથી, જાણસ્વભાવી પ્રભુનું જાણસ્વભાવરૂપે લઢણ—અંતર એકાગ્રતા—કરવાથી, જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માને દૃષ્ટિમાં લઈને તેનું ઘૂંટણ કરવાથી, તેના તરફની મગ્નતા કરવાથી, જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણો પર્યાયમાં પૂર્ણપણે પ્રગટ થશે.

ભાષા સાદી છે. ભાઈ! પુસ્તક બરાબર કાળે બહાર આવ્યું છે. પરિવર્તન કર્યાં

૪૩ વર્ષ થયાં! બહારમાં વાત આવે ને જરા લોકો વાંચે તો ખરા! ભાઈ! તારા હિતના માર્ગની આ વાત છે. 'માર્ગ તો આ છે' એમ હા તો પાડ. 'હા' કરતાં હાલત થશે; 'હા' કરતાં, 'હા'ની લત પડતાં હાલત થઈ જશે.

અનંત ગુણોનો સાગર એવો જે ભગવાન આત્મા તેને મોટા ક્ષેત્રની જરૂર નથી, તેને સ્વભાવના સામર્થ્યની જરૂર છે. જ્ઞાનનું માપ છે કે અનંત જ્ઞેયને પણ એ જાણે. આત્મા જ્ઞાનપ્રમાણ છે અને જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. એ જ્ઞેયની સંખ્યા જે અનંત છે તેને જાણનારું એ જ્ઞાન છે. એ રીતે જ્ઞાનનું પ્રમાણ અનંત સાબિત થાય છે.

અહા! ભાઈ! તારી મોટપનો પાર નથી; અને નિઃસંદેહપણે એ વાત બેસી જાય એવો તારો સ્વભાવ છે. શું કહ્યું? એ જ્ઞાયક આત્મા અનંત ગુણ ને અનંત શક્તિથી પરિપૂર્ણ ચમત્કારી રત્ન છે. તેને જેવું છે તેવું નહિ સ્વીકારતાં, એ તો રાગવાળુ છે ને એક અંશવાળું છે એવી જે પ્રતીતિ કરવી એ તો મિથ્યા શ્રદ્ધા છે. તે કાંઈ સ્વભાવમાં નથી, કૃત્રિમ ઊભી કરેલી છે, અને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રસ્વભાવ તો અંદર સામર્થ્યરૂપે ભર્યો છે. અહા! તે પર્યાયમાં પ્રગટ થાય છે.

ભગવાન જ્ઞાયકસ્વભાવ શુભાશુભ ભાવપણે કોઈ દિવસ થયો નથી—એમ સમયસારની છઠ્ઠી ગાથાની ટીકામાં આવ્યું છે. જ્ઞાયકસ્વભાવ તો જ્ઞાન, જ્ઞાન ને જ્ઞાનના પ્રકાશરૂપ છે અને શુભાશુભ ભાવ તો અંધકાર છે, જડ છે, અચેતન છે. ભલે તેમાં પરમાણુની જેમ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ નથી, પણ તેમાં જ્ઞાનના—પ્રકાશના—અંશનો અભાવ છે; માટે શુભ ભાવ અને અશુભ ભાવ બન્ને અચેતન ને જડ છે. જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા તે જડ શુભાશુભ ભાવોરૂપે થયો જ નથી. એવા જ્ઞાયકસ્વભાવનું લઢણ—અંતરમાં એકાગ્રતાનું ઘૂંટણ—કરવાથી જ્ઞાન ને અતીન્દ્રિય શાન્તિ આદિ અનંત ગુણો પર્યાયમાં પ્રગટે છે. અહાહા! સમ્યગ્દર્શન થતાં અનંતા ગુણોનો એક અંશ વ્યક્ત પ્રગટ થાય છે, અને કેવળજ્ઞાન વખતે અનંત ગુણોની પૂરી પર્યાય પ્રગટ થાય છે. એ જે પૂરી પર્યાય પ્રગટ થાય છે તે જ્ઞાયકસ્વભાવના લઢણથી થાય છે. બીજા કોઈ ઉપાયથી નહિ.

❀

# પ્રવચન-૪૯

તા. ૨૭-૭-૭૮

## વચનામૃત—૧૩૩

**જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલબુદ્ધિવાળા—આતુર હોય છે. અહો! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે. ૧૩૩.**

'જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલબુદ્ધિવાળા—આતુર હોય છે.'

ધર્મી જીવ સમકિતી હોય છે, તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર હોય છે. ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ જે અનંત અનંત ગુણરત્નોથી ભરેલો ચૈતન્યરત્નાકર છે અને અનંત અતીન્દ્રિય આનંદનો સાગર છે, તે જ્ઞાયક પ્રભુની જેને દૃષ્ટિ થઈ છે, પર્યાયબુદ્ધિ ગઈ છે, વર્તમાન એક અંશની રાગબુદ્ધિ ટળીને અંતર દૃષ્ટિમાં જેને ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપનો નિર્વિકલ્પ સ્વીકાર થયો છે તેને ભગવાન સમ્યગ્દૃષ્ટિ એટલે ધર્મની પ્રથમ શરૂઆતવાળો કહે છે. અહીં તો, તેનાથી આગળ વધીને, કહે છે : જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા ઉત્સુક છે. જેમ શરીર પર રત્નના દાગીના પહેરે અને શોભા લાગે, તેમ ભગવાન આત્મા સહજ જ્ઞાન, સહજ આનંદ અને સહજ વીર્ય આદિ અનંત ગુણરત્નોથી સુશોભિત છે. અનંત ગુણના અલંકારથી જે શોભિત છે એવા નિજ જ્ઞાયકની દિવ્ય શોભા નિહાળવા માટે જ્ઞાની કુતૂહલબુદ્ધિવાળા હોય છે.

જેમ કોઈ નવીન ચીજ જોવાની હોય તો કુતૂહલ થાય છે કે—અહા! આ કેવી છે? આમાં શું છે? તેમ ચૈતન્ય—ભગવાન આત્મા—જ્ઞાયક જેને પહેલાં દૃષ્ટિમાં આવ્યો છે, જ્ઞાનમાં જણાયો છે અને અનુભવમાં આવ્યો છે એવા ધર્મી જીવ અંતર ચૈતન્યની પૂર્ણતાને નિહાળવાની—જોવાની—કુતૂહલબુદ્ધિવાળા હોય છે. અહા! આ જ્ઞાયક તે શું છે!—એમ તેનો અંદરનો ગુણવૈભવ જોવાને આતુર હોય છે.

જેમને આત્મજ્ઞાન થયું છે, આત્મજ્ઞાનમાં અનંત આનંદ આદિ ગુણરત્નોથી ભરેલા

ચૈતન્યરત્નાકરનો નિર્વિકલ્પ અનુભવ થયો છે એવા જ્ઞાની ધર્માત્મા, તેને વિશેષ અનુભવવા માટે, તેમાં આગળ વધવા માટે, કુતૂહલબુદ્ધિ કરે છે કે—અરે! આ શું છે—કે જેના ગુણનું માપ નહિ, એકેક ગુણની અમાપ અમાપ અનંત શક્તિ! એ જોવાને આતુર હોય છે. અંદરમાંથી બહાર નીકળવું, અરે! શુભમાં આવવું તે પણ, સંસાર અને બંધન છે. ચૈતન્ય સ્વયંભૂ રત્નાકર જ્ઞાન આદિ ગુણરત્નનો આકર—દરિયો છે, તેને સ્વાનુભવજ્ઞાન દ્વારા અંદરમાં જોવાને જ્ઞાની આતુર છે; તેમાંથી બહાર નીકળવું તે તેમને ગોઠતું નથી.

'અહો! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી!'

પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓને—જે રાજકુમાર હોય, ચક્રવર્તીના પુત્રો હોય, અરે! ચક્રવર્તી પોતે હોય તેમને—આત્મજ્ઞાન ને અનુભવ તો હોય છે, પણ વિશેષ અંદર જવા માટે, અંદરમાં આત્માને વધારે નિહાળવા માટે, ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને વનમાં એકલા ચાલ્યા જાય છે. અહાહા! વનમાં અંદરના ચૈતન્યદેવને નિહાળવા જાય છે. વનમાં ચારે બાજુ સિંહ વાઘ ત્રાડો નાખતા હોય, બહાર ઘનઘોર અંધારાં હોય, ચારે કોર ઝાડને ઝેરી સર્પો વીંટળાયેલા હોય, ત્યાં, જે નિધિ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં જાણી તેનો વિશેષ અનુભવ કરવા અંદર આત્મામાં ઊતરી જાય છે. અહો! એ મહાપુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા! જેમને બહારનું જોવાનું છૂટી ગયું છે, અંતરમાં જોવાને આતુર છે, તેઓ પછી બહાર આવતા જ નથી. તે મહાજ્ઞાનીઓની દશા કેવી હશે! અહા! અંદર આનંદસ્વરૂપમાં જામી ગયા તે, પછી બહાર શુભ વિકલ્પમાં પણ આવતા નથી; અશુભ ભાવમાં તો નહિ પણ શુભ ભાવમાં ય આવતા નથી.

જેમને આત્માના આનંદનો રસ લાગ્યો છે તે આનંદરસના ઘૂંટડા પીવા અંતરમાં જાય છે. કેવી છે તે દશા? અંદર ગયા તે ગયા; ચૈતન્યમાં—જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયની અભેદ ત્રિપુટીમાં—ગયા તે ગયા. તે અંદર ગયા પછી બહાર આવતા જ નથી; બહાર આવે તો શુભ વિકલ્પ ઊઠે છે. ચાહે તો ભગવાનની ભક્તિનો, વ્રત-તપનો કે દયા આદિનો વિકલ્પ ઊઠે, પણ તે તો સંસાર છે, બંધનું ને ભવનું કારણ છે. પાપના પરિણામની તો શી વાત કરવી? તે તો સંસારનો મોટો રાફડો છે, તેમાં મોટા ઝેરી સર્પો છે, તે એકલો ઝેરનો સ્વાદ છે; પણ અહીં તો શુભ ભાવમાં આવવું તેને પણ ઝેરીલો સ્વાદ કહે છે.

ચિદાનંદસ્વરૂપ પ્રભુ આત્માને જેમણે અંતરના જ્ઞાનમાં જોયો, આનંદનો અનુભવ લીધો, એવા જે મહાપુરુષાર્થી મહાજ્ઞાનીઓ તે અંદરમાં ગયા તે ગયા! અહાહા! અંદરમાં ગુમ થયા તે બહાર આવ્યા જ નહિ. જે અંદરમાં જામી ગયા છે એવા સમ્યગ્દૃષ્ટિને પણ

બહારના વિકલ્પમાં આવવું 'ગોઠતું નથી'. આ મહામુનિરાજ તો નિર્વિકલ્પ પરિણતિ દ્વારા અંદરમાં જામી ગયા છે તેમાંથી તે બહાર 'આવતા જ નથી'.

'ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.'

ધન્ય તે દિવસ! ને ધન્ય તે પળ! કે જ્યારે બહાર આવવું જ ન પડે,—એવી જ્ઞાની સમકિતીને ભાવના હોય છે. જે બહારના વિકલ્પના હોંશીલા છે, જેને બહારની સેવા કરવી છે, જેને જગતના લહાવા લેવા છે તે, 'જગત માટે એકાદ ભવ વધારે કરવો પડે તો વાંધો નહિ' એમ માનવાવાળા તો મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. દુનિયામાં ગણતરી થાય, મોટપ મળે, પોતાની મહત્તા કરવી, તે તો બધા દુઃખના રસ્તા છે. મોક્ષમાર્ગ તો વીતરાગી ભાવ છે. વીતરાગ ભાવ તો અંતરમાં ગુપ્ત થઈ જાય ત્યારે થાય. ચોથે ગુણસ્થાને પણ અંતરમાં જેટલો એકાકાર થયો તેટલી તેને વીતરાગતા આવી, એટલો મોક્ષનો માર્ગ શરૂ થયો છે. અંદરમાં વિશેષ જતાં તો એવો ઠરી ગયો કે બહાર આવ્યો જ નહિ અને અંતમુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું! એ દશા ક્યારે પ્રાપ્ત થશે એવી સમકિતીને ભાવના હોય છે.

અજ્ઞાની માને કે દુનિયા સમજે તો મને લાભ થાય. કોને લાભ થાય? સમાધિશતકમાં પૂજ્યપાદ-આચાર્યદેવ કહે છે : 'હું કોઈને સમજાવું' ને 'હું પરથી સમજું' એ તો બધો વિકલ્પ છે, ઉન્માદ છે, ઘેલછા છે. સમજનારો ભગવાન પ્રભુ તું પોતે અંદરમાં બિરાજે છે. તે પોતે પોતાને સમજાવે છે, માટે નિશ્ચયથી પોતે પોતાનો ગુરુ છે. સ્વની સમજણ કરીને પોતે સમજે, ત્યારે પર ગુરુને વ્યવહારથી નિમિત્ત કહેવાય. વ્યવહાર તો આરોપિત કથન છે.

વીતરાગનાં વચનો વીતરાગતા બતાવે છે. તે વીતરાગતા સ્વના આશ્રયે થાય છે. જેને સ્વના આશ્રયે સમ્યગ્દર્શન થયું, વીતરાગતા થઈ, તે પૂર્ણ વીતરાગતા માટે અંદર ભાવના ભાવે છે કે હું પૂર્ણ વીતરાગ ક્યારે થાઉં! શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં ભાવના કરે છે :

એકાંકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.—અપૂર્વ૦

શરીર તો સ્થિર થાય, પણ મનમાં યે જરા પણ ક્ષોભ ન થાય, વિકલ્પ ઊઠે નહિ, તેવી દશા જોઈએ છે. શરીર મારું નથી, મારે જોઈતું નથી, તે મારાથી રહ્યું નથી. જેને

તે જોઈતું હોય તે લઈ જાઓ. શરીર મારે જોઈતું નથી ને વાઘ-સિંહને જોઈતું હોય તો ભલે લઈ જાય; તે મારા મિત્ર છે. સમકિતી આવી વીતરાગતાની ભાવના ભાવે છે.

ચક્રવર્તીના રાજકુમારો, જાણે પુણ્યનાં પૂતળાં—તેમને અંદરમાં ભાન વર્તે છે કે હું આ બહારના વૈભવમાં ક્યાંય નથી. તેઓ ભાન સહિત અંદરમાં જ જવા માગે છે. તેઓ જંગલમાં જવા ચાલી નીકળે છે ત્યારે પોતાની માતા પાસે રજા માગે છે : હે જનેતા! તું મને રજા દે, હું મારા આનંદના નાથ પાસે જવા માગું છું. માતા! હવે અમને એક ક્ષણ પણ બહાર ગમતું નથી. આ રત્નોના મહેલો ને રાણીઓમાં ક્યાંય મારો આનંદ નથી. આત્મા આનંદનો નાથ છે તે મેં ભાળ્યો છે. માતા! એક વાર તારે રોવું હોય તો તું રોઈ લે, અમે કોલકરાર કરીએ છીએ કે હવે ફરીને બીજી માતા કરશું નહિ. અમે તો અંદરમાં જઈને ભવનો અભાવ કરશું. અમે તો અતીન્દ્રિય આનંદરસના રસિયા છીએ. માતા! તે રસ લેવા અમે જંગલમાં એકલા ચાલ્યા જઈશું. અહાહા! એ પુરુષાર્થ કેટલો હશે? પાંચમા આરામાં પણ સમકિતીને તો આવી જ ભાવના હોય છે. બાપુ! મારગ તો આ છે!

અહા! કેવા શબ્દો છે બેનના! 'ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.' એ મહાપુરુષાર્થી મહાજ્ઞાનીઓ આનંદના અનુભવમાં—એક વીતરાગ ભાવમાં જ—મશગૂલ, લીન થઈ ગયા છે. તે દશા અમને હો. તે અવસર ક્યારે આવે એવી ભાવના ધર્મીને હોય છે. ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે. અહાહા! આનંદમાં સમાયા તે સમાયા. 'શ્રીમદ્ રાજચંદ્ર'માં આવે છે કે—સમજ્યા તે સમાઈ ગયા, અંદરમાં જ ઠરી ગયા.

❁

## વચનામૃત—૧૩૪

**મુનિએ બધા વિભાવો પર વિજય મેળવી પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે. વિજયધ્વજ ફરકી રહ્યો છે. ૧૩૪.**

'મુનિએ બધા વિભાવો પર વિજય મેળવી પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે.'

મુનિ કોને કહીએ?—કે જેણે બધા વિભાવો—રાગ ને વ્રતાદિના સમસ્ત વિકલ્પ—પર વિજય મેળવ્યો છે ને સ્વરૂપરમણતારૂપ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે. મુનિરાજ કહે છે : હવે અમારી વીતરાગ દશાસ્વરૂપ વિજયધજા ફરકે છે. હવે રાગનો વિજય નથી. બધા

વિભાવના વિકલ્પો, અરે! દયા કે વ્રત-તપ આદિ શુભ ભાવના જે અસંખ્ય વિકલ્પો તેનાથી પણ જુદા પડીને, તેના પર વિજય પ્રાપ્ત કરીને મુનિએ ચારિત્રસ્વરૂપ સામ્રાજ્ય કબજે કર્યું છે.

પ્રવ્રજ્યા એટલે ચારિત્રરૂપી સામ્રાજ્ય. સ્વરૂપરમણતારૂપ ચારિત્ર તે જ સાચું સામ્રાજ્ય છે. જીત મેળવીને રાજા જુદા જુદા દેશોને કબજે કરે તે સામ્રાજ્ય નથી. બાપુ! અંદર જે અનંત અનંત આનંદનો નાથ છે તેને કબજે કરવો, જ્ઞાન ને શાન્તિ આદિ અનંત ગુણથી બિરાજમાન જે સ્વરૂપ-દેશ છે તેને કબજે કરીને તેમાં આનંદપૂર્વક વાસ કરવો તે સામ્રાજ્ય છે. અહાહા! વીતરાગ ભાવ ઉપર જેમણે કબજો જમાવ્યો છે, તેનું સ્વામિત્વ પ્રગટ કર્યું છે, જે પોતાનો સ્વરૂપ-દેશ છે તેનો હક લીધો છે તે સાચું સામ્રાજ્ય છે. બહારના દેશ જીતે તે ખરું સામ્રાજ્ય જ નથી.

અહા! મુનિ ધર્માત્મા નિરંતર આનંદઝરતા પોતાના પ્રચુર સ્વસંવેદનમાંથી—આનંદસ્વરૂપ નિજ આત્મામાંથી—બહાર આવે, વ્રતનો કે ધર્મોપદેશનો વિકલ્પ આવે તો તેમને એમ થાય કે અરેરે! અમે ક્યાં આ પરદેશમાં આવ્યા! જ્ઞાનીઓની પરિણતિ, ધર્મીની દશા, વિભાવથી પાછી વળીને સ્વરૂપ તરફ ઢળી રહી છે. જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. આ શરીર ને સ્ત્રી-પુરુષ-પરિવાર તો અમારાં નથી જ, પણ આ વિભાવભાવો ય અમારો દેશ નથી. અમારો દેશ તો અંદર જે ચિદાનંદ પ્રભુ છે તે છે.

સહજ ચિદાનંદ

વીતરાગ માર્ગનું સ્વરૂપ આવું છે. મહાવ્રત આદિનો કે બીજાને સમજાવવાનો વિકલ્પ ઊઠે તે પણ રાગ છે; રાગ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? અમને અહીંયાં ગોઠતું નથી. કમજોરીને લઈને અંદર સ્વરૂપમાં રહી શક્યા નહિ, પુરુષાર્થ ઓછો છે, તેથી અહીં આવી પડ્યા. અહીં શુભ ભાવમાં અમારું કોઈ નથી. જ્યાં અનંત શ્રદ્ધા, અનંત જ્ઞાન, અનંત ચારિત્ર, અનંત આનંદ ને અનંત વીર્ય વગેરે અમારો પરિવાર વસે છે તે નિજ શુદ્ધ ચૈતન્યભૂમિ જ અમારો સ્વદેશ છે. ધર્મીને નિરંતર આવી દૃષ્ટિ હોય છે. અમે હવે અમારા તે સ્વરૂપ-સ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.

જેણે શુભભાવને પણ પોતાનો માન્યો છે તેણે પોતાના સહજ જ્ઞાયકસ્વભાવનો અનાદર કર્યો છે, નિજ સ્વરૂપની હિંસા કરી છે. પર જીવને કોઈ મારી કે બચાવી શકતું નથી; પણ 'પરને મેં માર્યો, મેં બચાવ્યો' એવી જે તારી માન્યતા છે તે જ તારા સ્વરૂપનો ઘાત છે, ભાવમરણ છે. જાણનારો તે તો ક્ષણે ક્ષણે જાણનાર જ છે. તેનો તેં અનાદર કર્યો, એ જ તારા સ્વરૂપની હિંસા અને ભાવમરણ છે. પરવસ્તુ મારી છે એમ માનીને

ચૈતન્યનો—જ્ઞાતાપણાનો—અનાદર કર્યો તે જ ભાવમરણ છે. શ્રીમદ્ કહે છે : 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!' પરની દયાનો ભાવ તે શુભ રાગ છે; તે સ્વરૂપની હિંસા છે. અહા! આ માર્ગ આકરો છે. જગતને સાંભળવા પણ મળતો નથી. એમ ને એમ, ઢોરની જેમ, એની જિંદગી ચાલી જાય છે!

સમકિતી જ્ઞાનીને આત્માનું ભાન થયું છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. તે કહે છે : અમે હવે અમારા સ્વદેશમાં જઈ રહ્યા છીએ. અનંત જ્ઞાન, આનંદ, શાન્તિ અને પ્રભુતા આદિ અનંત શક્તિઓનો સંગ્રહ—સ્વદ્રવ્ય—તે અમારો દેશ છે, તે અમારું ઘર છે. બહાર આવવું અમને ગોઠતું નથી. અમારે હવે ત્વરાથી—ઉતાવળથી—ઝડપથી અમારા મૂળ વતનમાં—સ્વરૂપદેશમાં—વસવું છે. સ્વરૂપદેશમાં જવા માટે ચોથો આરો કે પાંચમો આરો—એવું કંઈ નથી. આરો વસ્તુને ક્યાં નડે છે? આત્મવસ્તુ તો જળહળ જ્યોતિ, નિત્યાનંદ, સહજાનંદ પ્રભુ છે, તેને કંઈ પાંચમો આરો નડતો નથી. ચૈતન્યરત્નાકર પ્રભુ પાંચમા આરામાં ય કાયમ એવો જ રહ્યો છે. નરકનાં-દુઃખો પર્યાયમાં વેઠ્યાં છતાં વસ્તુ—પરમાનંદનો નાથ—તો સ્વચ્છ એવી ને એવી જ છે. તેને કંઈ આંચ કે અવજ્ઞા લાગુ પડતી નથી. તે પરમાનંદસ્વરૂપ ચૈતન્યની મીઠાશ પાસે જગતની બધી મીઠાશ ઝેર જેવી છે.

વસ્તુની દૃષ્ટિ થઈ નથી, વસ્તુ કેવી છે તે જોઈને જાણી નથી, પછી ઠરવાનું ક્યાં આવ્યું? વસ્તુ જોઈને જાણી હોય તો તેને ખબર પડે કે ઠરવાનું સ્થાન તો આ છે. ઠરવું એટલે ચારિત્ર. મુનિએ બધા વિભાવ પર વિજય મેળવી ચારિત્રરૂપી સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે.

'વિજયધ્વજ ફરકી રહ્યો છે.'

અહાહા! મુનિને વિજયધ્વજ ફરકી રહ્યો છે, વીતરાગ ભાવનો વિજય છે, રાગનો જય નથી—પરાજય થઈ ગયો છે. અમૃતના સાગરને અંદર એક વાર જો, તો તને સંતોષ થશે.

ચક્રવર્તી છ ખંડ સાધીને—જીત મેળવીને વૈતાઢ્ય પર્વત પર પોતાના નામની વિજયપ્રશસ્તિ લખે છે. તે સમકિતી છે, તેને અંદર તો એમ વર્તી રહ્યું છે કે—જે આ દેશ જીત્યા છે તે અમારો દેશ નથી, રાગથી ભિન્ન જે નિજ ભગવાન આત્મા તે અમારો સ્વદેશ છે; અનંત ગુણની વસતી છે તેનો હું બાદશાહ છું. સત્ય તો આવું આકરું છે. તત્ત્વની સ્થિતિ તો આ જ છે બાપુ! મુનિ રાગનો વિકલ્પ આવે તેને જાણે છે પણ તેના કર્તા-સ્વામી થતા નથી. રાગ ઉપર તેમણે વિજય પ્રાપ્ત કર્યો છે. મુનિને વીતરાગ ભાવનો

વિજય છે ને આસ્રવની હાર છે. તે તો નિરંતર આનંદમાં—પ્રચુર સ્વસંવેદનમાં—વર્તી રહ્યા છે. આનું નામ મુનિપણું છે.

## વચનામૃત—૧૩૫

**એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય. આત્મા તો અનાદિ-અનંત ગુણોનો પિંડ છે. ૧૩૫.**

'એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા.'

આ રાગ છે, આ દ્વેષ છે, આ પુણ્ય છે, આ પાપ છે,—એમ એક એક દોષને શોધી શોધીને ટાળવા પડતા નથી; કારણ કે દોષ ઉપર દૃષ્ટિ રહે કે 'હું તેને ટાળું' —એ દોષ ટાળવાની વિધિ નથી.

'અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય.'

અંદર પૂર્ણાનંદ સ્વરૂપમાં—જ્ઞાયક પ્રભુમાં—દૃષ્ટિ સ્થિર કરે તો ગુણરત્નાકર પ્રગટ થાય. અહા! તે ગુણરત્નાકરનાં શું વખાણ કરવા? તે વચનમાં આવી શકે એવી ચીજ નથી, માત્ર અનુભવગમ્ય છે. તે અરૂપી ચૈતન્યરત્નાકર ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી, વિકલ્પથી ગ્રાહ્ય નથી અને પર્યાયબુદ્ધિમાં રહીને પણ તે ગ્રાહ્ય થતો નથી. અંદર નજર ઠેરવતાં જ્ઞાયક—ગુણરત્નાકર—પ્રગટે ત્યાં બધા દોષનો ભૂકો બોલી જાય, નાશ થઈ જાય.

પ્રાયશ્ચિત્ત વખતે 'આ વિકલ્પને આમ ટાળું' અને 'આ વિકલ્પને આમ હઠાવું' એમ વિકલ્પને ગણી ગણીને નાશ કરવા પડતા નથી, પણ પોતે અંદર આનંદસ્વરૂપમાં વિશેષ ઉગ્રપણે જાય, ત્યાં નજર ઠેરવે તો ચૈતન્યરત્નાકર પ્રગટે, અને તે પ્રગટ થતાં વેંત જ બધા દોષ ક્ષય થઈ જાય છે. તેને પ્રાયશ્ચિત્ત કહે છે. અહા! આવી વાતો છે! વીતરાગનો માર્ગ તો આ છે. આ વાત તીર્થંકર ભગવાનની દિવ્ય ધ્વનિમાં આવી છે. પામર પ્રાણીને એ બેસતી નથી : આ તો નિશ્ચયની, અગમનિગમની વાતો છે. છે તો આવું; કેમ કે તે જ્ઞાનથી ગમ્ય છે અને વિકલ્પથી અગમ્ય છે. દયા, દાન, વ્રત, તપ, જપ ને જાત્રાના શુભ ભાવથી પ્રાપ્ત થાય એવી તે ચીજ નથી. પૂજામાં આવે છે ને—'એક વાર વંદે જો કોઈ, તાહિ

નરક પશુ ગતિ નહિ હોઈ.' એકાદ ભવ નરક-પશુમાં ન જાય, તો પછી જશે; તેમાં શા દાળિયા થયા? એ કોઈ પરમાર્થ ચીજ નથી. તેનાથી ભવનો અભાવ ક્યાં થયો છે? ભવનો અભાવ થાય તે ખરી ચીજ છે.

'આત્મા તો અનાદિ-અનંત ગુણોનો પિંડ છે.'

સત્, ચિદ્ અને આનંદ વગેરે અનાદિ-અનંત ગુણરત્નોનો પિંડ એવો ભગવાન આત્મા—જેમાં રાગાદિની ગંધ નથી, દયાદાનાદિના વિકલ્પનો અવકાશ નથી—જ્યાં પ્રગટે ત્યાં બધા દોષનો ભૂકો બોલી જાય છે—નાશ થઈ જાય છે. 'ભૂકો બોલી જાય છે' તે, બેનની સાદી ગુજરાતી—કાઠિયાવાડી—ભાષા છે.

એ શાશ્વત જ્ઞાયક પ્રભુમાં રાગનો ને વ્યવહારનો અવકાશ નથી, એમાં બસ એક, ગુણપિંડનો જ અવકાશ છે. ચૈતન્યપ્રભુની મીઠાશ આગળ રાગની મીઠાશ જેને છૂટી ગઈ છે તેને આત્મા અનાદિ-અનંત ટકનાર ગુણોના પિંડરૂપે—શુદ્ધ જ્ઞાયક દ્રવ્યરૂપે—અનુભવમાં આવે છે.

## વચનામૃત—૧૩૬

**સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો. ૧૩૬.**

'સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે.'

આત્મા આનંદસ્વરૂપ છે, પૂર્ણ છે ને શુદ્ધ છે—એવું દૃષ્ટિમાં આવીને નિર્વિકલ્પ અનુભવ થાય, વેદન થાય તે સમકિત છે. તે સમકિત પ્રગટ થયા પહેલાં પણ વિચારધારામાં વિકલ્પ દ્વારા આત્માનો નિર્ણય થઈ શકે છે.

વીતરાગ સર્વજ્ઞ ભગવાને 'આત્મા' કહ્યો અને બીજાએ પણ 'આત્મા' કહ્યો—તે બંનેમાં શો તફાવત છે? બંનેમાં કોણ સત્ય છે? તે જાણવા અને નિર્ણય કરવા માટે વિકલ્પ આવે. હું પરિપૂર્ણ અનંત આનંદનો સાગર છું; મારું—આત્માનું—ક્ષેત્ર શરીરપ્રમાણ છે, સર્વવ્યાપક નથી;—તેનો પ્રમાણ, નય અને નિક્ષેપથી પહેલાં નિર્ણય કરે. સમયસારની ૧૩મી ગાથાની ટીકામાં આવે છે : નિશ્ચયથી વસ્તુ અભેદ છે અને વ્યવહારથી પર્યાયમાં રાગાદિ

ને ભેદ છે—એમ નયવિભાગથી વસ્તુસ્વરૂપનો પહેલાં નિર્ણય કરે; પરંતુ તે છે વિકલ્પ. અનુભવ—સમ્યગ્દર્શન—થયા પહેલાં વિચાર દ્વારા વસ્તુનો આવો નિર્ણય આવે છે. વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે.

'જાણ' જેની સત્તા છે, જેની હયાતીમાં આ બધું જણાય છે, તે જાણનાર પોતે આત્મા છે. તેમાં જે બીજી ચીજો પણ જણાય છે તે કાંઈ આ આત્મા નથી. આ શરીર છે, આ સ્ત્રી-પુત્ર-પરિવાર આદિ પર પદાર્થો છે—એ બધું જેની સત્તામાં—હોવાપણામાં જણાય છે તે આ જ્ઞાનસત્તાનો—ભગવાન જ્ઞાયક આત્માનો—પાકો નિર્ણય પહેલાં વિકલ્પવાળી દશામાં થઈ શકે છે.

સમયસારની ૧૪૪મી ગાથાની ટીકામાં આવે છે : પહેલાં આગમથી—શ્રુતજ્ઞાનથી—આ જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય કરે, પછી મતિ અને શ્રુતના વિકલ્પો છોડીને અનુભવ કરે છે. ત્યાં ૭૩મી ગાથાની ટીકામાં કહ્યું છે : મારો આત્મા એક, અખંડ, શુદ્ધ ને પરિપૂર્ણ છે. ષટ્કારકોની પ્રક્રિયાથી ભેદ પાર ઊતરેલી અનુભૂતિસ્વરૂપ હોવાથી હું શુદ્ધ છું. જેમાં કોઈ પણ પર્યાયનો ભેદ નથી એવા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક તત્ત્વને 'અનુભૂતિ' શબ્દથી કહ્યું છે, આ 'અનુભૂતિ' પર્યાયની વાત નથી. કારકોના ભેદ રહિત ત્રિકાળ અનુભૂતિસ્વરૂપ સહજ જ્ઞાયકપણું તે હું છું, એવો પ્રથમ વિકલ્પથી—મનના સંબંધ સહિત રાગમિશ્રિત વિચારથી—નિર્ણય કરે છે, પાકો નિર્ણય કરે છે.

'ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો.'

અંતરમાં આનંદના સ્વાદની અનુભૂતિ તો સમકિત થતાં થાય છે. અરે! આ તો હજી ચોથા ગુણસ્થાનની, સમકિતદશાની, ધર્મની શરૂઆતની વાત છે. હજુ પાંચમું અને મુનિનું છઠ્ઠું-સાતમું તો ક્યાંય દૂર રહી ગયું!

ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો પાકો નિર્ણય હોય છે ખરો, એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી, પણ તે કીમતી નથી; વિકલ્પ તોડીને અંદર જ્ઞાયકસ્વભાવનો અનુભવ થાય—સમકિત થાય—ત્યારે સાચાપણાની—સમ્યક્પણાની—કિંમત આવે છે. આંગણે આવવા માટે એવા વિકલ્પ હોય છે, પછી અંદર જવા માટે તે વિકલ્પને તોડવા પડે છે. ઝવેરીની દુકાને ઊભો ઊભો વિકલ્પ કરે કે—આ ઝવેરાતની દુકાન છે, અહીં હીરા, માણેક ને મોતી મળે છે; તેમ આ આંગણે ઊભો ઊભો વિકલ્પ કરે છે કે—ચૈતન્યપ્રભુ આવો છે, શુદ્ધ અભેદ જ્ઞાયક છે. પછી તે વિકલ્પ છોડીને અંદર અનુભવમાં જાય છે.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે આત્મા કહ્યો છે અને અજ્ઞાનીઓ જે આત્માનું સ્વરૂપ બતાવે છે, તેમાં ફેર છે. અજ્ઞાનીઓ જે કહે છે તે વિપરીતસ્વરૂપ છે. માટે આત્માનું સાચું સ્વરૂપ નક્કી કરવા વાસ્તે પહેલાં વિકલ્પ સહિતનો પાકો નિર્ણય હોય છે. પછી વિકલ્પ છોડીને તે નિર્ણયને અભેદ જ્ઞાયક તત્ત્વના અનુભવયુક્ત કરવો તેનું નામ સમ્યગ્દર્શન છે.




બેનને જાતિસ્મરણમાં આવ્યું છે : ભગવાન પાસે સાંભળ્યું છે કે એક એવું સમકિત હોય છે કે જે ક્ષાયિકને જોડે છે,—એવું 'જોડણી ક્ષાયક' હોય છે. એમને ગોઠતું નથી પણ હવે એ થોડું થોડું બહાર પાડીએ છીએ. બેનનું પુસ્તક બહુ સરસ છે, એકલું માખણ છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' કરતાં પણ ચડી જાય એવું છે. સાદી, સરળ ભાષામાં ઊંચું તત્ત્વ પીરસ્યું છે. *—પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન–૫૦

તા. ૨૮-૭-૭૮

## વચનામૃત—૧૩૭

**ચૈતન્યપરિણતિ તે જ જીવન છે. બહારનું તો અનંત વાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે. ૧૩૭.**

'ચૈતન્યપરિણતિ તે જ જીવન છે.'

ચિદાનંદઘનસ્વરૂપ નિજ ભગવાન આત્માની નિર્મળ દૃષ્ટિ કરીને જે શુદ્ધ ચૈતન્યપરિણતિ થાય તે જ જીવનું સાચું જીવન છે. લોકોને એકાંત લાગે પણ શું થાય બાપુ! કાંઈક બહારનાં બીજાં સાધન હોય તો આ ચૈતન્યપરિણતિ થાય—એમ આ વસ્તુ નથી. જે વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જણાય છે તે ત્રિકાળી જ્ઞાયક પ્રભુની અંદર દૃષ્ટિ કરીને, જે નિર્મળ પરિણમન થાય તે જીવનું ખરું જીવન છે.

સમયસારના પરિશિષ્ટમાં ૪૭ શક્તિમાં પહેલી જીવત્વશક્તિ લીધી છે : આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું સ્વરૂપ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં—આત્મામાં—ઊછળે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત વીર્ય આદિ અનંત ગુણમય ચૈતન્યમાત્ર ત્રિકાળી ભાવપ્રાણથી જીવવું તે જ જીવની ખરી જીવનશક્તિ છે. અંદર ધ્રુવ જે આનંદ ને જ્ઞાયક ભાવ છે તેનું આલંબન લઈ જે અતીન્દ્રિય નિરાકુળ સુખમય નિર્મળ પરિણતિ થાય તે જ જીવનું ખરું જીવન છે. બાકી બધું થોથાં છે. સમજાણું કાંઈ?

પ્રશ્ન :—એ દશા કઈ રીતે પ્રગટે?

ઉત્તર :—પ્રથમ આખી દુનિયાથી ઉદાસ થઈ, વિભાવનાં નિમિત્તો ઉપરનું લક્ષ છોડી, રાગ, પર્યાય ને ગુણ ભેદનું લક્ષ પણ વિકલ્પ છે—એને પણ છોડી, ત્રિકાળી

ધ્રુવ ભાવ—જ્ઞાયક ધ્રુવ ધામ—જે પોતાનો સ્વદેશ છે તેમાં વસવું, ને એ રીતે જીવનમાં આનંદમય શુદ્ધચૈતન્યપરિણતિ થવી, તે જ સાચી જીવનદશા પ્રગટવાનો ઉપાય છે. અહાહા! જેના ફળમાં પૂર્ણ અનંત જ્ઞાન ને પૂર્ણ અનંત આનંદ પ્રગટ થાય છે એવું આ જીવન છે!

પ્રશ્ન:—આ એકાંત લાગે છે, બીજું કાંઈક સાધન તો જોઈએ ને?

ઉત્તર:—વ્રત, તપ ને ભક્તિ વગેરે શુભ ભાવ તે સાધન નથી. ભલે તને એકાંત લાગે, પણ ખરેખર એ જ સાચો અનેકાન્ત છે. જીવ સ્વપણે છે ને પરપણે નથી; શુદ્ધ ચૈતન્યપરિણતિ તે જ જીવન છે, દયા-દાન આદિનો શુભ રાગ તે જીવન નથી; ત્રિકાળી સ્વરૂપના—નિશ્ચયના—આશ્રયે સમ્યગ્દર્શન થાય, શુભ રાગ ને વ્યવહારના આશ્રયે ન થાય;—એ સાચો અનેકાંત છે. અહા! આવી વાત છે! નથી પહોંચી શકાતું માટે ઊંધું ન મનાય બાપુ! એ રીતે તું નહિ પહોંચી શકે. જ્ઞાન ને આનંદનો કંદ એવા તારા ભગવત્સ્વરૂપનો—ધ્રુવ જ્ઞાયકનો—અંદરમાં સ્વીકાર થતાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા થઈ તે જીવનું સાચું જીવન છે. ભાઈ! રાગ ને સંયોગના આશ્રયે જીવવું તે તો જીવનું મૃત્યુ—ભાવમરણ છે. અહા! આકરી વાત છે બાપા!

અતીન્દ્રિય અનાકુળ આનંદ આદિ અનંત ગુણરત્નોથી ભરેલો જે નિજ ચૈતન્યભગવાન તેના આશ્રયે જે નિર્મળ દશા થાય—સ્વભાવ તો ત્રિકાળ ટકેલો છે, ટકેલા ને 'ટકેલો' છે એમ અનુભવવો—એ જ જીવનું જીવન છે. ઝીણી વાત છે, પ્રભુ! દેહની સ્થિતિ પૂરી થશે, તું જઈશ ક્યાં? આત્મા તો નિત્ય છે તે ક્યાં રહેશે? જેણે રાગ ને પુણ્યને સારાં માન્યાં છે તે મૃત્યુના જીવનમાં—જન્મમરણમાં—રહેવાનો છે.

પરમાં આનંદ છે—સ્ત્રીમાં, પૈસામાં, આબરૂમાં, મકાનમાં, અરે! રાગની મંદતાના ભાવમાં પણ સુખ છે, એમ બહારમાં ક્યાંય સુખ છે—એવી જે માન્યતા તે તો ચૈતન્યના પ્રાણનો—જીવનનો—ઘાત છે, હિંસા છે, ઘસારો છે. 'હું કેવળ ચૈતન્ય જ છું' એવી પરિણતિ તે જ જીવનું આનંદસ્વરૂપ જીવન છે. તે ચૈતન્યપરિણતિ વિનાનાં જીવન તે મડદાં છે. અષ્ટપાહુડમાં—ભાવપાહુડમાં—આવે છે : 'ચલ શબ' જાણ દર્શનમુક્તને...સમ્યગ્દર્શન વિનાનાં પ્રાણીઓ ચાલતાં મડદાં છે. પ્રભુ! તારા સ્વરૂપમાં અનાકુળ આનંદ પડ્યો છે, તું તો આનંદનું ઢીમ છો, ત્યાં નજર કરવાની છે ભાઈ! પામર ચીજમાં નજર કરીને તું દુ:ખી થઈ રહ્યો છો, ત્યાંથી નજર ઉઠાવીને અંદર આનંદના ઢગલા—સહજ જ્ઞાયક ભાવ—ઉપર નજર કર તેને પ્રતીતિ ને જ્ઞાનમાં લે, તો તારી પરિણતિ આનંદ ને શાંતિમય થઈ જશે. એ જ, જીવનું સાચું જીવન છે ભાઈ! આકરું લાગે, મોંઘુ લાગે, પણ માર્ગ તો આ જ છે.

'બહારનું તો અનંત વાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે.'

કરોડો ને અબજોની સંપત્તિ, દેવપદ, બહારની અનુકૂળ સામગ્રી, સુંદર રૂપાળું શરીર, ત્રણ પલ્યના આયુષ્યવાળું—એક પલ્યના અસંખ્યાતમા ભાગમાં અસંખ્ય અબજો વર્ષ જાય—ને ત્રણ ગાઉની ઊંચાઈવાળું જુગલિયાનું શરીર—એ બધું અનંત વાર પ્રાપ્ત થયું છે, તે કાંઈ અપૂર્વ નથી.

પ્રશ્ન :—બહારની ચીજ તો કોઈને મળતી નથી ને?

ઉત્તર :—'મને મળી છે' એમ અજ્ઞાની માને છે ને? પૈસા મળ્યા, મારા છોકરા હોંશીયાર થયા, આ મારી બૈરી, આ મારાં મકાન, પાંચ-પચીસ હજારની આ મારી ઉઘરાણી—એમ પરને અજ્ઞાની પોતાનું માને છે ને? માને છે માટે તે એનું થઈ જાય છે—એમ નથી, પણ એ તેનો ભ્રમ છે. એક રાગનો કણ પણ જ્યાં એનો નથી ત્યાં શરીર આદિ બહારના સંયોગો તો તેના કેમ થાય? તે આત્માના સ્વરૂપમાં નથી માટે તો સંયોગ કહેવાય છે. સંયોગ ઉપર દૃષ્ટિ અનાદિની છે. શરીરનું જીવન તે તારું જીવન જ નથી, તારું તો અંદર આત્મજીવન છે.

પ્રશ્ન :—કાંઈક સાધન તો જોઈએ ને?

ઉત્તર :—પ્રભુ! રાગથી ભિન્ન પડવું ને જ્ઞાયકમાં ભળવું તે સાધન નથી? જ્ઞાનને રાગથી જુદું પાડનાર પ્રજ્ઞાછીણી જ એકમાત્ર સાધન છે. ચૈતન્યસ્વભાવ રાગ વિનાનો એકલો છે, તેનો જેણે આશ્રય લીધો તે તેનું સાચું જીવન છે. તે સિવાય બહારનું—રાજપાટ વગેરે—અનંત વાર મળ્યું છે. અરે! અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન પણ અનંત વાર પ્રાપ્ત થયું છે. તે જ્ઞાન પરલક્ષી છે, સ્વલક્ષી નહિ. અહા! અંદર જ્ઞાન ને આનંદનો દરિયો છે, તેની સામું જોતાં જ જીવનું અંદર પરિણમન—જીવન—બદલી જાય છે; રાગ ને નિમિત્ત સામું જોતાં એનું જીવન મૃત્યુ જેવું થઈ જાય છે.

અનંત ગુણનો સાગર પ્રભુ આત્મા શરીરપ્રમાણ છે. કદ શરીરપ્રમાણ છે છતાં તેનું માહાત્મ્ય અંદર મોટું છે. પર્યાયમાં પુણ્ય-પાપનો મેલ દેખાય છે, પણ એ તેની મૂળ ચીજ નથી. અહા! તે અનંત ગુણના ધામનો—અભેદ જ્ઞાયક પ્રભુનો—આશ્રય લેતાં જે નિર્મળ દશા પ્રગટે તે જ અપૂર્વ જીવન છે. એ સિવાય બહારનું બીજું બધું તો અનંત વાર મળ્યું છે, તે અપૂર્વ નથી.

અબજો રૂપિયા, સારી રૂપાળી સ્ત્રી,—વાણિયો હોય ને તેને રાજની કન્યા મળે—

બાપુ! એ બધું તો અનંત વાર મળ્યું છે; એ દુઃખના નિમિત્તો અપૂર્વ નથી; પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. અહા! તારી પ્રભુતા જ્ઞાયકમાં છે, તારી પ્રભુતા રાગ ને પુણ્યમાં ય નથી, તો બહારનાં નિમિત્તમાં તારી પ્રભુતા આવે જ ક્યાંથી? પૈસા, સ્ત્રી-પુત્ર-પરિવાર ને બહારની બીજી અનુકૂળ સામગ્રી—એ કાંઈ અપૂર્વ નથી, પણ અંદર જ્ઞાયકસ્વભાવની સાધનાનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. અંદર જ્ઞાન ને આનંદની વજ્રભીંત પડી છે, તેની સાથે પર્યાયને જોડી દે બાપુ! એનો સ્વીકાર કરતાં તારી પર્યાય નિર્મળ થઈ જશે. એ જ અંદરનો અપૂર્વ પુરુષાર્થ છે.

અંતરમાં તારા જીવનની જ્યોત—ચૈતન્યની જળહળ જ્યોતિ—બિરાજે છે ને પ્રભુ! એની સામું જોતાં જે જીવન થાય તેને જ ખરેખર જીવન કહેવામાં આવે છે. બાકી બધાં થોથાં—એ શું અપૂર્વ પુરુષાર્થ છે? સ્વભાવસાગરની સામું જોવું એ અંદરનો પુરુષાર્થ જ અપૂર્વ છે.

'બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે.'

ઉદ્યોગપતિ થયો; પણ શેનો 'પતિ'? ધંધાનો ને રાગનો બહુ પુરુષાર્થ કર્યો માટે તેને ઉદ્યોગપતિ કહેવો? બાપુ! એ જડનાં રજકણો પુદ્‌ગલ છે, એ આત્માનાં છે નહિ, અને તે આત્મા પાસે આવતાં યે નથી. એ આવ્યાં ત્યારે 'મને મળ્યાં' એવી મમતા એની પાસે આવી. અહા! એ મમતા પણ અપૂર્વ નથી, પૂર્વે અનંત વાર કરી છે.

બે, પાંચ કે દસ લાખ અથવા તો કરોડ રૂપિયા ધર્મના નામે ખરચે, 'ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે!'—એમ ધર્મના નામે હોહા કરે અને 'ઓહો! આ તો સંઘનો ધર્મધુરંધર ધર્માત્મા!' એમ બિરુદ મેળવે; પણ બાપુ! એ તો બધું અનંત વાર કર્યું છે, એ કાંઈ નવી ચીજ નથી. બહારમાં જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વભાવમાં સર્વસ્વ માનવાનું છે. અહા! આકરું કામ બાપુ! જીવનનો આખો પલટો મારવાનો છે. કલ્યાણ કરવું હોય એની વાત છે.

આત્મા સર્વજ્ઞસ્વભાવવાળો છે. સર્વને જાણવું-દેખવું એ જ એનો ત્રિકાળી સ્વભાવ છે. એ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો જેણે સ્વીકાર કર્યો તે કેવળ જાણનાર જ—જ્ઞાતા જ—રહે છે, પરનો કે વિભાવનો કર્તા થતો નથી. અજ્ઞાનીને રાગથી માંડીને આખી દુનિયા—એમાં સર્વસ્વ મનાઈ ગયું છે, ત્યાંથી ગુલાંટ ખાઈ ને અનંત ગુણનો ધણી જ્ઞાયક આત્મા તે મારું સર્વસ્વ છે—એમ માનવાનું છે. ભાષા તો સાદી છે બાપા! પણ પુરુષાર્થ વિના જ્ઞાયકતત્ત્વ મળે તેમ નથી. એ પુરુષાર્થ પણ અંદર સ્વસન્મુખનો જોઈએ.

'સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;'

સર્વ ભાવથી ઉદાસીન, માત્ર એક દેહ રહે, તે પણ સંયમના હેતુએ; દેહ તો આયુષ્ય હોય ત્યાં સુધી છોડ્યો જાય નહિ. અહાહા! એ દેહદેવળની અંદર પૂર્ણાનંદનો નાથ, ચૈતન્યજ્યોતિથી ઝળહળતો ભગવાન આત્મા બિરાજે છે, જેમાં ચૈતન્યરત્નાકરનાં અનંત ગુણરત્નોની ચમક ઊઠે છે, ઝળક ઊઠે છે. તેને જોતાં જે પરિણમન થાય તે અપૂર્વ છે.

બહારમાં જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે. ત્યાં, 'પલટીને' એ પર્યાયની વાત છે. વસ્તુ તો વસ્તુ છે, પણ પરમાં જે સર્વસ્વ માન્યું છે તે સર્વસ્વ પોતામાં 'માનવું' તે પર્યાય છે. સ્વમાં સર્વસ્વ માનવું છે.

❀

## વચનામૃત—૧૩૮

**રુચિ રાખવી રુચિ જ કામ કરે છે. પૂજ્ય ગુરુદેવે ઘણું દીધું છે. તેઓશ્રી અનેક રીતે સમજાવે છે. પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો. રુચિ વધારતા જવી. ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે. 'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક'—એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ. ૧૩૮.**

'રુચિ રાખવી.'

આનંદનો નાથ અંદર ભગવાન જ્ઞાયક છે એની રુચિ કર. પહેલાં રુચિમાં પોસાય કે મારે મારો આત્મા જ જોઈએ છે, તે સિવાય બીજું કાંઈ મને પોસાતું નથી. વાણિયો પણ, જ્યાં પોસાય ત્યાં માલ લેવા જાય ને? એમ રુચિમાં અંદર વસ્તુનું પોસાણ જોઈએ. રુચિ રાખવી. જેમ વેપારી પોસાણ હોય તો માલ લે, તેમ જીવને આત્માનું પોસાણ હોય તો આત્માની દૃષ્ટિ કરે.

અહા! આવો માર્ગ ક્યાંય નહિ મળે ભાઈ! આ મનુષ્યનો મોંઘો અવતાર ચાલ્યો જશે; આંખો વીંચીને ચાલ્યો જઈશ બાપુ! ક્યાંય કોઈ ધણી નથી. જેનું શરણ છે તે તો અહીં અંદર પડ્યો છે. બહારનું—અરિહંતનું, સિદ્ધનું—શરણ ગોતવા જાય એ બધી બહારમાં વ્યવહારની વાતો છે. અંદર ચૈતન્યને જાણીને, ઓળખીને એનું શરણ લીધું નહિ

હોય તો મરણકાળે દેહની સ્થિતિ છૂટતાં, ચારે કોરની ભીંસો પડતાં, બેસૂધ થઈ ને ભીંસમાં ભીંસાઈ જશે. જ્યાં સુધી ઘણના મારનું થોડું દુઃખ પડે ત્યાં સુધી સૂધ રહે, પણ જ્યારે ઘણનો બહુ માર પડે—દુઃખની પરાકાષ્ઠા થઈ જાય—ત્યારે બેસૂધ થઈ જાય છે. બેસૂધ થાય ત્યારે તેને દુઃખ નથી થતું—એમ નથી.

આ જીવ રાગને, પુણ્યને ને તેના ફળને સર્વસ્વ માને છે તે તત્ત્વદૃષ્ટિએ બેસૂધ થઈ ગયો છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ જેને પોસાણમાં આવ્યો છે, એની જ જેને રુચિ છે, તેને જીવનમાં ચૈતન્યની જ્યોતિ પ્રગટશે. એ રુચિ રાખવી.

'રુચિ જ કામ કરે છે.'

જો અંદર જ્ઞાયકસ્વભાવની રુચિ હશે તો તે રુચિ સાધનાનું કામ કરશે. જો અંદર રાગની—શુભ ભાવની કે વ્યવહાર ધર્મની—રુચિ રહી તો અંતરમાં તું નહિ જઈ શકે પ્રભુ!

'પૂજ્ય ગુરુદેવે ઘણું દીધું છે, તેઓશ્રી અનેક રીતે સમજાવે છે. પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો.'

પછી તો બહેને નામ આપ્યું છે અહીંનું (ગુરુદેવનું)....ઘણું દીધું છે....અનેક રીતે સમજાવે છે. બહેન તો બહુમાનથી વાત કરે છે ને? અહીંનું બહુમાન છે ને? કહે છે : અનેક રીતે અનેક પડખેથી સમજાવે છે. અહીંનાં (ગુરુદેવનાં) વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો. એ તો ભગવાનની વાણી છે, ત્રિલોકનાથ સર્વજ્ઞ કહે છે તે આ વાણી છે. એ વાણીના વિચારનો—વચનામૃતોના વિચારનો—પ્રયોગ કરવો.

'રુચિ વધારતા જવી.'

આનંદઘન શુદ્ધ ચૈતન્યની રુચિ વિશેષ–વિશેષ ઘટ્ટ કરતા જવી, દૃઢ કરતા જવી. આ એનું પહેલું કર્તવ્ય છે, બાકી બીજી બધી તો ધર્મના નામે વાતો છે.

'ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે.'

રાગથી જુદો પાડવામાં સ્વભાવની તીવ્ર રુચિ જ કામ કરે છે. સ્વભાવની રુચિ હોય તો જ વિભાવથી ભિન્ન પડે.

પ્રશ્નઃ—ભેદજ્ઞાનના પ્રયત્ન વખતે 'આ રાગ તે હું નહિ' એવો વિકલ્પ તો આવે ને?

ઉત્તરઃ—ભેદજ્ઞાન માટે વિકલ્પ ઊઠે છે તે રાગ-વિકલ્પ આત્માનો સ્વભાવ નથી.

તે વિકલ્પ પર્યાયમાં છે, મૂળ વસ્તુમાં નથી તેનાથી ભેદજ્ઞાન કરવા માટે અંદર તીખી રુચિ જ કામ કરે છે. તીખી રુચિ એટલે આકરી રુચિ, તીવ્ર રુચિ. અંદર આત્મસ્વભાવનો જે ઘણો જ પ્રેમ અને રુચિ છે, તે તીવ્ર રુચિ જ ભેદજ્ઞાન માટે કામ કરે છે.

''જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક',—એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ.''

'જાણનાર', 'જાણનાર', 'જાણનાર'; રાગ તો નહિ, પણ અલ્પજ્ઞપણું તે પણ હું નહિ. ત્રિકાળ એકરૂપ રહેનારો 'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક'—એની અંદર લગની લાગવી જોઈએ. એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ અંદર થયા વિના રહે નહિ. ત્રિકાળ જ્ઞાયકની રુચિ ને પોસાણ હોય તો તેના તરફ પુરુષાર્થ થયા વિના રહે જ નહિ.

સો ટચના સોનાની જેમ આ જ્ઞાયક ભગવાન ચોખ્ખો—શુદ્ધ છે; એને જ્યાં દૃષ્ટિમાં લે છે અને એ માલદારનો અંદર સ્વીકાર કરે છે, ત્યાં પર્યાયમાં જે શાન્તિ ને આનંદનું જીવન આવે, એનું નામ જીવનું જીવન છે.

જેને ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ રુચે તેનો પુરુષાર્થ અંતરમાં વળ્યા વગર રહે નહિ. રાગ ને પુણ્યપાપના ભાવનું પોસાય છે તો ત્યાં તેનો પુરુષાર્થ હોંશે હોંશે કામ કરે જ છે ને? તેમ જ્ઞાયકસ્વભાવનું રુચિમાં પોસાણ થાય તો પુરુષાર્થનું વલણ તે તરફ થયા વિના રહે જ નહિ.

સહજ ચિદાનંદ.

## વચનામૃત—૧૩૯

**ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ. અનાદિ કાળથી લગની લાગી જ નથી. લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ. ૧૩૯.**

'ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ.'

ભાષા તો ગુજરાતી, સાદી અને બહુ મીઠી છે!

ધ્રુવ જ્ઞાયક સત્ત્વ જેનું તળિયું છે એવા પ્રભુ ભગવાન આત્મામાં વર્તમાન પર્યાયને ઊંડાણમાં લઈ જઈને ત્રિકાળી ધ્રુવ સ્વરૂપની ઊંડાણમાંથી લગની લગાવે, તે તરફનો પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ.

કૂવામાં પાતાળ ફૂટીને જે પુષ્કળ પાણી આવે તે કદી ખૂટે નહિ; એમ આ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વગેરે ગુણોની નિર્મળ ધારા આવે છે તે ઊંડાણમાંથી—ધ્રુવ સ્વભાવના આશ્રયે—પ્રગટે છે. ઊંડું જવું એટલે વર્તમાન પર્યાયથી અંદર ધ્રુવ સ્વરૂપમાં જવું. પર્યાય વર્તમાન છે તે તો બહાર છે. અનંત અનંત અમાપ ગુણરત્નાકર છલોછલ ભર્યો છે. ત્યાં દૃષ્ટિને લઈ જવી. ભાષા સાદી છે, પણ ભાવ તો જુઓ!

અહા! ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ—પૂર્ણ જ્ઞાન ને આનંદનું ધામ—મળ્યા વગર રહે નહિ. બોટાદ પાસે જનડા ગામમાં પાતાળકૂવો છે. એક સાથે ૧૮ કોશથી પાણી કાઢે છતાં ખૂટે નહિ. એમ આ ભગવાન આત્મા આનંદનો ઊંડો કૂવો છે. તેની લગની લગાડીને પુરુષાર્થ કરે તો આત્મવસ્તુ મળ્યા વિના રહે નહિ. પર તરફ પુરુષાર્થ કરે તો રાગ ને પુણ્ય-પાપ થાય છે ને? તેમ આ બાજુ પુરુષાર્થ કરે તો પવિત્રતા ભરેલી ચીજ—સહજ જ્ઞાયકવસ્તુ—મળ્યા વિના રહે જ નહિ.

વસ્તુ એટલે અનંત ગુણોનું ધામ—ચૈતન્ય, આત્મા; એ તરફ રુચિ કરીને પુરુષાર્થ કરે તો તે મળ્યા વિના રહે જ નહિ. જેટલી પુરુષાર્થની કચાશ છે એટલું કારણ આપ્યું નથી, માટે કાર્ય આવતું નથી. થોડો પુરુષાર્થ કરે ને તેથી વસ્તુની પ્રાપ્તિ થાય એમ ઈચ્છે, તેણે કારણની પૂર્ણતા આપી નથી, તો પછી તેને કાર્ય ક્યાંથી આવે?

'અનાદિ કાળથી લગની લાગી જ નથી.'

જૈનનો દિગંબર સાધુ થયો અનંત વાર, પણ અંતરની લગની નહિ, બહારના ક્રિયાકાંડમાં બસ મશગૂલ! વ્રત પાળ્યા ને અભિગ્રહ લીધા, આકરા નિયમો ધારણ કર્યા, ભિક્ષા માટે જાઉં ત્યાં આ પ્રમાણે હોય તો જ આહાર લઉં—મોતી નામની બાઈ હોય, મોતીચૂરના લાડવા બનાવેલા હોય, મોતીની ભાતવાળો સાડલો પહેર્યો હોય, સાડલાના છેડે મોતી બાંધેલા હોય, તો જ આહાર લઉં, નહિતર ન લઉં—એવા આકરા નિયમ પણ અનંત વાર ધાર્યા, પણ એ તો બધા વિકલ્પો છે.

'લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ.'

અનાદિ કાળથી આત્માની લગની લાગી જ નથી. લગની લાગે તો જ્ઞાન ને આનંદ પ્રગટે જ; અંદર ધ્રુવ પાતાળમાંથી જ્ઞાન ને આનંદ ફૂટે જ, નીકળે જ. શાસ્ત્રનું ભણતર એ કાંઈ જ્ઞાન નથી. અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થતાં જે નિર્મળ જ્ઞાનધારા આવે—તેની સાથે અતીન્દ્રિય આનંદ પણ આવે—તેને જ્ઞાન કહેવામાં આવે છે. અંદરથી લગની લાગે તો એ નિર્મળ જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ પ્રગટ્યા વિના રહે જ નહિ. *

# પ્રવચન–૫૧

તા. ૨૯-૭-૭૮

## વચનામૃત—૧૪૦

**‘છે’, ‘છે’, ‘છે’ એમ ‘અસ્તિ’ ખ્યાલમાં આવે છે ને? ‘જાણનાર’, ‘જાણનાર’, ‘જાણનાર’ છે ને? તે માત્ર વર્તમાન પૂરતું ‘સત્’ નથી. તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર ‘વર્તમાન અસ્તિ’ માને છે! જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ. વિચાર કરતાં આગળ વધાય. અનંત કાળમાં બધું કર્યું, એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધ્યું નથી. ૧૪૦.**

“‘છે’, ‘છે’, ‘છે’ એમ ‘અસ્તિ’ ખ્યાલમાં આવે છે ને? ‘જાણનાર’, ‘જાણનાર’, ‘જાણનાર’ છે ને? તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી.”

હવે આત્મા જે કાયમ છે તેને સરળ ભાષામાં કહે છે. ‘છે’, ‘છે’, ‘છે’—ભૂતકાળમાં હતો, વર્તમાનકાળમાં છે અને ભવિષ્યકાળમાં હશે—એમ વસ્તુની ત્રિકાળી હયાતી, મોજૂદગી, હસ્તી ખ્યાલમાં આવે છે ને? એ શું છે? આમ તો પરમાણુ વગેરે પરદ્રવ્યો પણ છે, પણ ‘આ છે’ એવું જેના ખ્યાલમાં આવે છે તે શી વસ્તુ છે? તો કહે છે : ‘જાણનાર’, ‘જાણનાર’, ‘જાણનાર’ છે ને? તે માત્ર વર્તમાન પૂરતું ‘સત્’ નથી. અહા! ભાષા તો ઘણી સાદી છે!

‘જાણનાર’ તત્ત્વ ‘છે’, નથી એમ નહિ. એ ‘છે’ તો કેવું છે? તે જાણનારપણે પૂર્વે હતો, વર્તમાન છે અને ભવિષ્યમાં હશે; તે ‘જાણનાર’ તત્ત્વ માત્ર વર્તમાન પૂરતી હયાતીવાળું નથી. વસ્તુ ‘છે’ એમ જેની વર્તમાન પર્યાયમાં ખ્યાલ આવે છે તે જાણનાર તત્ત્વ—ખ્યાલ લેનારો પદાર્થ—માત્ર વર્તમાન પૂરતી હયાતીવાળો નથી, તે ત્રિકાળી હયાતી ધરાવનાર ‘સત્’ છે.

હમણાં.........ભાઈએ ગાયું ને? ‘બેને (ચંપાબેને) કમાલ કરી નાખી છે; આવું ક્યાંથી લાવ્યાં બા તમે?’—બહુ જ સરસ, બહું સારું ગોઠવ્યું છે.

અહીંયા જે 'વસ્તુ' છે તે આત્મા છે. તે 'છે', 'છે', 'છે' એમ ખ્યાલમાં આવે છે ને? એ શું છે?—કે 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' છે. એમ 'છે'ના ખ્યાલમાં 'જાણનાર છે' એમ જે આવે છે તે માત્ર વર્તમાન જેટલો જ નથી.

**"તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે!"**

વર્તમાનમાં જે 'જાણવું' છે, જે સ્થિતિ છે તે, ત્રિકાળી તત્ત્વને સિદ્ધ કરે છે. જે જાણે છે તે જાણનાર છે. એનું અસ્તિત્વ વર્તમાનમાં જણાય છે ને? તો જે વર્તમાન જણાય તે ત્રિકાળી હોય જ. અહા! ભાષા તો સાદી ને મીઠી છે.

ભગવાન આત્મા ત્રિકાળી 'જાણનાર' જ છે, તેની શ્રદ્ધા તેં કોઈ દી કરી નથી. 'જાણનાર' તત્ત્વને વર્તમાન પૂરતું માની ત્યાં સંતોષાઈ ગયો, પરંતુ એ માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી; તે ત્રિકાળરૂપે 'સત્' છે. 'જાણનાર' જ્ઞાયકવસ્તુ ત્રિકાળ સત્ છે, તેના ઉપર દૃષ્ટિ જવી જોઈએ. અહા! આવો માર્ગ છે!

આનંદકંદ ચૈતન્યમૂર્તિ અંદર 'છે', 'છે', 'છે', 'છે' તે 'જાણનાર' છે. તે 'જાણનાર' વર્તમાન પૂરતો છે—એમ નહિ. તે તત્ત્વ પોતાને ત્રિકાળી સત્ જણાવી રહ્યું છે. અહા! 'જ્ઞાયક' એ વર્તમાન જેટલું જ જ્ઞાયક-સત્ નથી. વર્તમાન તે ત્રિકાળી 'સત્' ને જણાવે છે કે આ જ્ઞાયકવસ્તુ ત્રિકાળ છે.

કોઈને એમ લાગે કે આ ઉપદેશ કેવો?! દયા ને વ્રત પાળવાની વાત તો સમજાય એવી સહેલી સટ છે; આમાં તો માથું ભારે થઈ જાય છે!

પણ બાપુ! દયા કોને કહેવી? તું જેવડો—ત્રિકાળી જ્ઞાયક સત્—છો તેને તેવડો માનવો એનું નામ સ્વની દયા છે. ત્રિકાળી 'જાણનાર' સત્‌ને જ્ઞાનમાં લેવું, શ્રદ્ધામાં લેવું ને અનુભવમાં લેવું એનું નામ જે 'પૂરણ સત્' છે તેની દયા પાળી કહેવાય. જીવનું જીવતર—જીવત્વ—જેટલું છે એટલું માન્યું તેને તે જીવતરની દયા પાળી કહેવાય. એનું જીવત્વ જેટલું છે એટલું નહિ માનતાં વર્તમાન પર્યાય પૂરતું માનવું તે તો જીવની હિંસા છે, કેમ કે ત્રિકાળી 'સત્' જેવું છે તેવું એણે ન માન્યું. સમજાણું કાંઈ? આ તો ચાર ચોપડી ભણેલા બાળકને પણ સમજાય એવું છે.

આ શરીર, વાણી ને મન વગેરેને તો એક કોર કાઢી નાખો, પણ અંદર જે 'જાણનાર' છે તેની હસ્તી ખ્યાલમાં આવે છે કે નહિ? જેની 'અસ્તિ' ખ્યાલમાં આવે છે તે હતો, છે અને હશે—એમ જ્ઞાયકપણે પોતાની ત્રિકાળી હયાતીને તે જણાવે છે. 'જ્ઞાયક

કહો કે 'જાણનાર' કહો, અને 'છે' કહો કે 'સત્' કહો. એ 'સત્' છે તે વર્તમાન પૂરતું 'જાણનાર' નથી, ત્રિકાળ છે. તે તત્ત્વ પોતાને કાયમી સત્ જણાવી રહ્યું છે. એ જ્ઞાયકભાવ—'છે' એવો સત્ભાવ—પોતે કાયમી છે એમ આબાળગોપાળ સૌને જણાવી રહ્યો છે.

વર્તમાન જાણવાની પર્યાયમાં પૂરું સત્ આવી જતું નથી; તે જાણનારી પર્યાય ત્રિકાળી ધ્રુવ સત્‌ને જણાવે છે. અહા! આવો માર્ગ છે! લોકો તેને સમજવાનો પ્રયત્ન કરતા નથી, પણ જે પોતે માની રાખ્યું હોય તે હાંકયે રાખે છે. બાપુ! એમ કાંઈ સાચો માર્ગ હાથ ન આવે.

અંદર મોટો પ્રભુ બિરાજે છે. વર્તમાનમાં તેની 'જાણન' અવસ્થાનું જે અસ્તિત્વ છે તેટલો જ તે નથી, તે તો એનું વર્તમાન રૂપ છે; તે વર્તમાન રૂપ ત્રિકાળ સત્‌ને બતાવે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પામવાની આ રીત છે, બાકી બધાં થોથાં છે.

ભગવાન આત્મા 'જાણનાર' તરીકે વર્તમાનમાં પ્રસિદ્ધ છે કે નહિ? કોઈ પણ ચીજને જાણવાના પ્રસંગમાં 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' ઊર્ધ્વ—મુખ્ય—રહે છે. જો 'જાણનાર' મુખ્ય ન હોય તો 'આ જણાય છે' તે શેમાં? 'જાણનાર'ની ઊર્ધ્વતા ન હોય તો 'આને જાણે છે' એમ આવ્યું ક્યાંથી? દરેક પ્રસંગમાં 'જાણનાર'ની મુખ્યતા ન હોય તો તે 'આ પ્રસંગ છે' એમ જાણ્યું કોણે? જેને 'જાણવું' જ મુખ્ય છે તેને, પરને જાણતાં પણ, પોતાની સત્તાની—હયાતીની—પ્રસિદ્ધિ છે. તે 'જાણનાર'ની પ્રસિદ્ધિ વર્તમાન પર્યાય પૂરતી નથી. અહાહા! આનાથી સહેલું બીજી કઈ રીતે કહેવાય? અરે! દુનિયા બિચારી ક્રિયાકાંડના કુટારામાં મરી ગઈ, પણ વસ્તુસ્થિતિ શી છે—એનું માહાત્મ્ય આવ્યું નહિ!

'જાણવું' એ જેનું વર્તમાન પર્યાયપણું છે તે, કોઈ 'જાણનાર' ત્રિકાળી ચીજ છે. તે ચીજની વર્તમાન અવસ્થા તેના ત્રિકાળીપણાને જણાવે છે, બતાવે છે. અહાહા! 'જાણનાર' તત્ત્વની જે વર્તમાન અસ્તિ છે એટલા પૂરતું કાંઈ સત્ નથી. 'જાણનાર'ની પર્યાય કોના આધારે થઈ? કોના અવલંબને થઈ? કોના આશ્રયે થઈ? 'જાણવા'રૂપ વર્તમાન પર્યાય જ્ઞાયકને જણાવે છે કે 'આ ત્રિકાળ ધ્રુવ તત્ત્વ છે.' પ્રભુ! તારી વર્તમાન જ્ઞાનની હયાતી તને જણાય છે કે નહિ? કોઈ પણ પ્રસંગમાં 'જાણનાર' પોતે ન હોય તો જાણે કોણ? 'જાણનાર'ની હયાતી તો તને વર્તમાનમાં જણાય છે, પણ વર્તમાન જેટલું આખું તત્ત્વ નથી. તે પર્યાય ધ્રુવ તત્ત્વને બતાવે છે; વર્તમાન છે તે કાયમીને બતાવનાર છે; અનિત્ય છે તે નિત્યને પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? બાપુ! આ તો એકલો જ્ઞાનનો માર્ગ છે; કોઈ ક્રિયા—આ કરો ને તે કરો—એ તો વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ. તેના

ત્રિકાળી સ્વરૂપમાં તો છે જ નહિ, પણ એના વર્તમાન સ્વરૂપમાં પણ નથી.

જ્ઞાનનું વર્તમાન પૂરતું હોવાપણું જે જાણવામાં આવે છે તે પર્યાયનું અસ્તિત્વ તો છે. તે અંશ અધ્ધરથી થયો છે એમ નથી; તે કોઈ અંદર ત્રિકાળી ચીજને જણાવે છે. જેનો એ અંશ છે તે, તેના ત્રિકાળી તત્ત્વને જણાવે છે. તે તત્ત્વ પોતાને—સ્વયંને—ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે!

વાત આ છે : 'આ શરીર છે', 'આ રાગ છે', એમ આ વર્તમાન જાણે છે ને! શરીર ને રાગ કાંઈ જાણે છે? તે કાંઈ જાણતા નથી, જ્ઞાન જાણે છે. જાણવામાં આવતા રાગાદિ આત્માના રાગાદિપણાને નહિ પણ જ્ઞાનમયપણાને જણાવે છે, વર્તમાન જ્ઞાનની પર્યાયની પ્રસિદ્ધિ કરે છે. શરીર આદિ પરને જાણતાં, પર સાથે તન્મયપણાની નહિ, પણ પરને 'જાણવા' રૂપ પર્યાયની પ્રસિદ્ધિ છે. તે પર્યાય 'જાણવા' પણે અસ્તિ છે; પરપણે અસ્તિ છે એમ નહિ. ત્યાં પરનું જે 'જાણવું' થયું, તે 'જાણવું' જ્ઞાનનું હોવાપણું છે. એ 'જાણવા' રૂપ હોવાપણું કાયમી ચીજને જણાવે છે. વર્તમાન પલટતી જ્ઞાનપર્યાય નિત્ય ધ્રુવ જ્ઞાનસ્વભાવને બતાવે છે. આવી વસ્તુ છે! વાત બહુ ગંભીર છે! બહુ સાદી ભાષામાં, સાધારણ લોકો પણ સમજી શકે એવી શૈલીમાં બેને કહી છે.

ખ્યાલમાં આવે છે ને કે 'આ જાણે છે? ત્યાં, જે જાણે છે તે 'જાણનાર' છે કે નથી? 'જાણવું' તે જાણનાર તત્ત્વની વર્તમાન પર્યાય છે. તે પરને જાણે છે, પણ અહીં પરનું અસ્તિત્વ સિદ્ધ કરવું નથી. પરને જાણવા કાળે 'જાણવા'રૂપ પર્યાયનું અસ્તિત્વ છે ને? પરના અસ્તિત્વનું અહીં પ્રયોજન નથી, પણ પરને જાણવારૂપ જે વર્તમાન જ્ઞાન-અંશ છે તે જેનો છે એને એ બતાવે છે કે—આ જ્ઞાન ત્રિકાળ ધ્રુવ છે. આમ હોવા છતાં તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' જ માને છે. ત્યાગી થયો, દિગંબર સાધુ થયો, તોપણ એનું વલણ વર્તમાન પર્યાય પૂરતું જ રહ્યું, ત્રિકાળ ધ્રુવ તત્ત્વ પર દૃષ્ટિ કરી નહિ.

અહાહા! આવી વાતો છે ભગવાન, તારી પ્રભુતાની! પર્યાયની પામરતાને પકડી, પણ તારી પ્રભુતાને તેં કોઈ દી પકડી નથી પ્રભુ! સાધુ થયો તોય 'આ છોડ્યું, ને આ ગ્રહ્યું', 'આ ખપે, ને આ ન ખપે' એમ બહારની કડાકૂટ કરી, પણ અંદર આખો આત્મા ખપતો નથી એની ખબર ન મળે! આવી વાતો છે ભગવંત! પ્રભુ! તું ભગવાન છો, તારી પ્રભુતાનો પાર નથી ભાઈ!

તારી પર્યાયમાં એટલી પ્રભુતા છે કે જેને 'જાણવા' માટે પરના આલંબનની, અરે ઇન્દ્રિય ને મનના આલંબનની પણ , જરૂર નથી; ઇન્દ્રિયો ને મન છે માટે જ્ઞાનની વર્તમાન પર્યાય જાણે છે—એમ નથી. શાસ્ત્રથી જાણ્યું કે મન ને ઇન્દ્રિયો છે. તે 'છે' એમ જ્ઞાનમાં

જણાય છે પણ જ્ઞાનને તેનાં આલંબન ને અપેક્ષાની જરૂર નથી. તે નિરાલંબન જ્ઞાન જેનો અંશ છે તે ત્રિકાળી-જ્ઞાયક ચીજમાં કોઈની અપેક્ષા છે જ નહિ. એ ત્રિકાળી તત્ત્વના હોવાપણા પર જીવે કદી નજર આપી નથી અને માત્ર તેની 'વર્તમાન અસ્તિ' માને છે!

'જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.'

'અવસ્થા' છે ને? જુઓ, પુદ્‌ગલપરમાણુઓની આ સ્કંધ-અવસ્થા છે ને? જેની અવસ્થા છે તે ત્રિકાળી હોય જ. અત્યારે જે આ ધોળપ દેખાય છે તે તો વર્તમાન અવસ્થા છે. જેની તે અવસ્થા છે તે કોઈ કાયમી તત્ત્વ છે કે નહિ? તેનું કાયમી તત્ત્વ ધ્રુવ પરમાણુ છે. એ પ્રમાણે જેની જાણવારૂપ જ્ઞાનની પર્યાય છે તેનું ધ્રુવપણું, જ્ઞાયકપણું ત્રિકાળ છે; કેમ કે જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.

'વિચાર કરતાં આગળ વધાય.'

જ્ઞાનની આ વર્તમાન પર્યાય છે તો અંદર જ્ઞાયક કાયમી ચીજ પણ છે—એમ વિચાર કરતાં અંતરમાં આગળ જવાય. અહાહા! શબ્દો બહુ થોડા છે પણ ભાવ તો સર્વજ્ઞ પરમાત્માએ કહ્યા છે તે છે.

ભાઈ! તારા વર્તમાન અંશનું તું માને છે, પણ તે અંશ કોના આધારે થાય છે? તે અંશ કોનો છે? શું તે 'જાણવા'રૂપ અંશ કોઈ પરમાણુ કે રાગનો છે? અંદર ત્રિકાળ જ્ઞાયકતત્ત્વ છે તેનો તે અંશ છે. તે અંશ ત્રિકાળી જ્ઞાયક—અંશીને જણાવે છે. પર્યાય તો પલટતી હોવાથી અનિત્ય જ છે ને? સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર—મોક્ષમાર્ગ—પણ પર્યાય હોવાથી અનિત્ય છે. અરે! કેવળજ્ઞાનની પર્યાય પણ દરેક સમયે બદલતી હોવાથી નાશવાન છે, કેમ કે પર્યાયની મુદત જ એક સમયની છે, અને વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ છે.

જીવમાં આ મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનનો અંશ છે તે, પર્યાયની સ્થિતિ એક સમયની હોવાથી, અનિત્ય છે—નાશવાન છે. તે અનિત્ય જ્ઞાનપર્યાય નિત્ય ધ્રુવ જ્ઞાયકસ્વભાવને બતાવે છે. આ અનિત્યપણું કોનું? નિત્યસ્વભાવવાન જ્ઞાયક પદાર્થનું.

અહાહા! આવી વીતરાગ પરમાત્માની વાત! ઘણી સાદી ભાષામાં! ત્રણ લોકના નાથની વાણીમાં—દિવ્ય ધ્વનિમાં—આવું સ્વરૂપ આવ્યું છે. ગણધરો, ઈન્દ્રો, રાજાઓ, બાળકો આ વાત સાંભળે છે, અરે! સિંહ અને વાઘનાં બચ્ચાં સમજી જાય એવી આ વાત છે. પશુઓ પણ ભગવાનની વાણી સાંભળે અને પોતાની ભાષામાં પોતાની યોગ્યતા પ્રમાણે સમજી જાય છે.

પ્રભુ! તું છો ને? વર્તમાન છો ને? જેનું એ વર્તમાન છે, તે ત્રિકાળ છે. જે તત્ત્વ

વર્તમાન હોય તે ત્રિકાળ હોય જ. એમ વિચાર કરતાં આગળ વધાય.

'અનંત કાળમાં બધું કર્યું, એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નથી.'

દયા, દાન, વ્રત, તપ વગેરે શુભ ભાવ અનંત વાર કર્યો, પણ એ કાંઈ નવી ચીજ નથી. એવું તો અભવ્ય જીવ પણ અનંત વાર કરે છે.

પ્રશ્નઃ—બધું કર્યું એટલે શું?

ઉત્તરઃ—બધું એટલે પરનું કર્યું—શરીરની ક્રિયા વગેરે કર્યું—એમ નહિ. પરનું જીવ કરી શકે છે જ ક્યાં? પણ અસંખ્ય પ્રકારના શુભ ભાવ અને અસંખ્ય પ્રકારના અશુભ ભાવ—એ બધું અનંત વાર કર્યું.

ધંધો કર્યો, બાયડી પરણ્યો, છોકરાંઓ પરણાવ્યાં—એ ક્રિયા તો આત્માની છે જ ક્યાં? સમજાણું કાંઈ? અંદર જેનો તરંગ ઊઠે છે તેનું દળ તો કોઈ હોય ને? એ ધ્રુવ દળ વિના તરંગ ક્યાંથી ઊઠે? જેનો પર્યાયરૂપી તરંગ દેખાય છે તેનું દળ આખું ધ્રુવ છે; તેના વિના પર્યાયતરંગ ઊઠે ક્યાંથી? ભાઈ! તારી નજર ત્યાં ગઈ નથી; તારી નજર વર્તમાન પૂરતા જ્ઞાનમાં રોકાઈ ગઈ છે. બહારનું બધું કર્યું—બહારનો ત્યાગ કર્યો, વૈરાગ્ય કર્યો—પણ એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નથી. શુભ અને અશુભ ભાવ અનંત વાર કર્યા, પણ જેનો એ વિભાવ-અંશ છે એવા આ ધ્રુવ જ્ઞાયકભાવની અંદર નજર ન કરી!

ધંધાપાણીના ભાવ હો, પણ બહારનાં ધંધાપાણી કર્યાં થઈ શકતાં જ નથી. પર્યાયનો ધંધો—શુભાશુભ રાગનો ધંધો કર્યો, પણ અંદર જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેના ઉપર તેં નજર ન કરી. જેનો એ અંશ છે તે અંશી અંદર જ છે. એના ઉપર તારું ધ્યાન ન ગયું. ભાઈ! જે કરવાનું હતું તે કર્યું નહિ—એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નહિ.

## વચનામૃત—૧૪૧

**અજ્ઞાની જીવને અનાદિનો વિભાવનો અભ્યાસ છે; મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે. પોતે પોતાની સહજ દશા પ્રાપ્ત કરી છે. જરા પણ ઉપયોગ બહાર જાય કે તરત સહજપણે પોતા તરફ વળી જાય છે. બહાર આવવું પડે તે બોજો—ઉપાધિ લાગે છે. મુનિઓને અંદર સહજ દશા —સમાધિ છે. ૧૪૧.**

'અજ્ઞાની જીવને અનાદિનો વિભાવનો અભ્યાસ છે; મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે.'

અજ્ઞાની જીવને અનાદિથી શુભ-અશુભ ભાવનો અભ્યાસ છે, પરનો નહિ; કારણ કે પરની—શરીરની કે મકાન વગેરે કરવાની—કોઈ ક્રિયા આત્માની નથી; તે ક્રિયા આત્મા કરી શકતો નથી. આત્માના સ્વભાવથી જે વિરુદ્ધ છે એવા પુણ્ય-પાપના ભાવોનો—વિકારી ભાવોનો—તેને અનાદિ કાળથી અધ્યાસ—અભ્યાસ છે. મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે અને અજ્ઞાનીને વિભાવનો અભ્યાસ વર્તે છે.

મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે. જે અતીન્દ્રિય આનંદનો નાથ છે, શુદ્ધચૈતન્યઘન પ્રભુ છે, ચૈતન્યસ્વરૂપ ધારી રાખ્યું હોવાથી નિત્ય ચૈતન્યધાતુ છે—એવા નિજ સહજ જ્ઞાયક ચૈતન્યસ્વભાવનો મુનિને—સાધક સંતોને અભ્યાસ છે. અજ્ઞાનીને શુભાશુભ વિભાવનો અભ્યાસ છે, સંતોને સ્વભાવનો અભ્યાસ છે. અભ્યાસ તો બેયને છે; પણ એકને વિભાવનો, ને બીજાને સ્વભાવનો. સમજાણું કાંઈ? પણ આવું સાંભળ્યું જ ન હોય ને? આવું સાંભળવું મોંઘું પડે છે. અત્યારે બધી વાતમાં ફેરફાર થઈ ગયો છે. અરેરે! જેનાથી હિત થાય, સંસારમાંથી છૂટો થાય, એ વાત ન મળે! એ વાત ન સમજાય ત્યાં સુધી શું કર્યું ભાઈ? અરે! વિભાવનો પ્રેમ એ તો મિથ્યાત્વ છે, પર્યાયબુદ્ધિ છે અને નરક-નિગોદના ભવોમાં રખડવાનો ભાવ છે.

પ્રશ્ન:—અહીં સ્વભાવના અભ્યાસમાં મુનિને કેમ લીધા? સમકિતીને કેમ નહિ?

ઉત્તર:—સમકિતીને સ્વભાવનો અભ્યાસ તો છે, પણ જઘન્ય છે; મુનિને સ્વભાવનો અભ્યાસ ઘણો વિશેષ છે. આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંત શાંત શાંત અકષાયભાવસ્વરૂપ જે ત્રિકાળ જ્ઞાયક આત્મા, તેનો પ્રચુર સ્વસંવેદન સહિત મુનિને ઘણો અભ્યાસ વર્તે છે. સ્વભાવનો અભ્યાસ તો બેયને વર્તે છે પણ સમકિતીને જઘન્યપણે ને મુનિને અતિ વિશેષપણે. સમકિતીને સ્વભાવનો અભ્યાસ વર્તે છે પણ થોડો વર્તે છે, અને મુનિને તો, જાણે અંદરથી આનંદનો દરિયો ઊછળ્યો હોય એમ સ્વરૂપરમણતાનો ઘણો અભ્યાસ વર્તે છે. અહાહા! પ્રભુ તારા સંસારમાંથી ઉદ્ધારના પંથની આ વાત છે! આ કોઈ વ્યક્તિની વાત નથી, વસ્તુની સ્થિતિ જ આ પ્રમાણે છે.

મુનિને પંચ મહાવ્રત કે અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પનો અભ્યાસ વર્તે છે—એમ નથી. એ તો રાગ છે, મુનિપણું છે જ નહિ. મુનિને તો રાગથી પૃથક્ થયેલા જ્ઞાન ને આનંદમય સ્વભાવનો અભ્યાસ વર્તે છે.

'પોતે પોતાની સહજ દશા પ્રાપ્ત કરી છે.'

સંતોએ સ્વયં પોતે પોતાની સહજ દશા પ્રગટ કરી છે. જ્ઞાન, આનંદ, શાન્તિ ને વીતરાગતા અંદર શક્તિ ને સ્વભાવરૂપે તો હતાં જ, પણ પર્યાયમાં સહજ જ્ઞાયકના અભ્યાસ વડે મુનિરાજે વીતરાગતા ને આનંદ વગેરેની સહજ નિર્મળ દશા પ્રાપ્ત કરી છે. એ દશા સ્વભાવના આશ્રયે પ્રગટી હોવાથી સહજ છે, ત્યાં હઠ નથી. પૂર્ણાનંદનો નાથ એવા ભગવાન આત્માને અવલંબીને જે, મોક્ષમાર્ગની વીતરાગ શાન્ત નિર્મળ દશા પ્રાપ્ત થઈ છે તે સહજ દશા છે.

'જરા પણ ઉપયોગ બહાર જાય કે તરત સહજપણે પોતા તરફ વળી જાય છે.'

મુનિને સાતમા ગુણસ્થાનમાં—અપ્રમત્ત દશામાં બુદ્ધિપૂર્વક વિકલ્પ નહિ હોવાથી નિર્વિકલ્પ ઉપયોગ હોય છે. તેમાંથી બહાર આવે—છઠ્ઠા પ્રમત્ત દશામાં આવે—ત્યારે મહાવ્રત વગેરેનો વિકલ્પ ઊઠે છે. મુનિને ઉપયોગ જરા પણ બહાર અઠ્યાવીસ મૂળગુણ વગેરેમાં જાય કે તરત સહજપણે સ્વરૂપ તરફ વળી જાય છે, અંદર આનંદમાં તરત ઢળી જાય છે, લીન થઈ જાય છે.

મુનિને એ વિકલ્પ છે તે દુઃખદાયક છે. બહારમાં આવવું તેમને ગોઠતું નથી. પુરુષાર્થની નબળાઈને લઈને એ વિકલ્પના ભાવ આવે—ઉપયોગ જેવો બહાર જાય—કે તરત સહજપણે સ્વભાવ તરફ વળી જાય છે. તરત જ હો! આ શુભને છોડું ને અંદર ઠરું—એમ વિકલ્પથી નહિ, પણ સહજ સ્વભાવથી પોતા તરફ વળી જાય છે. અહાહા! અતીન્દ્રિય આનંદામૃતનો સાગર જ્યાં નજર ને અનુભવમાં આવ્યો, ત્યાં એના નિર્વિકલ્પ સ્વાદની દશામાંથી ઉપયોગ બહાર આવતાં વિકલ્પ આવ્યો કે તરત જ પાછો અંદર સ્વરૂપાનંદમાં ઢળી જાય છે. અહા! આ છઠ્ઠે-સાતમે વર્તતા મુનિરાજની દશા!

'બહાર આવવું પડે તે બોજો—ઉપાધિ લાગે છે.'

અરે! ઉપદેશ દેવાનો વિકલ્પ આવે, આહાર લેવાનો વિકલ્પ આવે—એ બધું બોજો—ઉપાધિ લાગે છે. રાગના ભારથી રહિત એવી હળવી જ્ઞાયક-ચીજમાં વિકલ્પ એ બોજો લાગે છે. અનાકુળ આનંદના રસીલા એવા ભગવાન આત્માને રાગ તો આકુળતા—દુઃખ ને બોજો લાગે છે. મુનિ આનંદમાં રહ્યા છે, એમને બહાર આવવું ગોઠતું નથી. અહાહા! મુનિપણું એ તો પરમેશ્વરપદ છે. પંચપરમેષ્ઠીમાં મુનિ આવી જાય છે ને!

બે નાના પાંડવોને વિકલ્પ આવ્યો કે મોટા ત્રણે ભાઈઓને ઉપસર્ગમાં કેમ હશે? તેનાથી બંધ પડી ગયો ને બે ભવ વધી ગયા. બહાર આવવું પડે—વિકલ્પ ઊઠે તે મુનિને

બોજો લાગે છે. બાપુ! મુનિદશા તો કોઈ અલૌકિક છે ભાઈ!

રાજકુમારો—ચક્રવર્તીના પુત્રો—પૂર્ણ સુખસાહેબીમાં ઊછરેલા હોય, તે પણ, જ્યારે સમ્યગ્દર્શન સહિત આત્માનો વિશેષ અનુભવ કરવા માટે વનમાં જવા ચાલી નીકળે છે ત્યારે, કહે છે : 'માતા! મને ક્યાંય ગોઠતું નથી, મને જ્યાં ગોઠે છે ત્યાં—મારા સ્વરૂપમાં—હું જવા માગું છું. મારો નાથ—ભગવાન આત્મા—અતીન્દ્રિય આનંદથી ભરેલો છે, તેમાં આવરણ, અશુદ્ધિ કે અધૂરાપણું નથી. મારો જ્ઞાયકપ્રભુ પૂર્ણાનંદનો નાથ છે, તેના આનંદને લૂંટવા માટે—અનુભવવા માટે હું તો જાઉં છું'. અહાહા! મુનિપણું તો આવું છે બાપુ! મુનિને બહાર આવવું પડે તે બોજો—ઉપાધિ લાગે છે.

'મુનિઓને અંદર સહજ દશા—સમાધિ છે.'

મુનિરાજને અંદર શાન્તિ શાન્તિ શાન્તિ અકષાયભાવ—મોક્ષનો માર્ગ પ્રગટ્યો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે અકષાયભાવ છે, વીતરાગભાવ છે. તે વીતરાગભાવ છે ભલે પર્યાય—અનિત્ય, પણ એ છે સમાધિભાવ.

સમાધિ એટલે રાગરૂપ વિષમતાથી છૂટી મુનિયોગ્ય વીતરાગતારૂપ સમતાભાવે પરિણમન. બાવાઓ હઠયોગ કરે છે તે સમાધિ નથી. રાગ વિનાની શાન્તિ, અતીન્દ્રિય આનંદની ધારા તેને અહીંયાં સમાધિ કહે છે. અહા!: તે મુનિઓને અંદર સહજ દશા—સમાધિ છે.

સહજ ચિદાનંદ.

❀

તા. ૧૭-૯-૮૦

આ તો બેનની ભાષા તદ્દન સાદી અને અંદરથી બોલેલી. આ તો જરીક બોલ્યાં અને લખાઈ ગયું, નહિંતર તો બહાર આવે જ ક્યાંથી? એકલાં રત્ન પડ્યા છે! અન્યમતીનેય એમ થાય કે આવું ક્યાંથી! હીરાનો ભંડાર છે!

—*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન-૫૨

તા. ૩૦-૭-૭૮

## વચનામૃત—૧૪૨

હંમેશાં આત્માને ઊર્ધ્વ રાખવો. ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી. ૧૪૨.

'હંમેશા આત્માને ઊર્ધ્વ રાખવો.'

શું કહે છે? આત્મા જે નિશ્ચયનયના વિષયસ્વરૂપ ધ્રુવ શુદ્ધ જ્ઞાયક એક ભાવ છે, તેની મુખ્યતા કોઈ દિવસ છોડવી નહિ. ચાહે તો ગમે તે પ્રકારના ભૂમિકાને ઉચિત શુભાશુભ પરિણામ થાય, તે પર્યાય ઉપર લક્ષ જાય, પણ ધ્યેય તો છે માત્ર એક ત્રિકાળી શુદ્ધચૈતન્ય દ્રવ્યસ્વભાવ. સમયસારની ૩૧મી ગાથામાં કહ્યું છે : **'णाणसहावाधियं मुणदि आदं...'** અર્થાત્ જે ઇન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ વડે અન્ય દ્રવ્યથી અધિક આત્માને જાણે છે તેને, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તેઓ, ખરેખર જિતેન્દ્રિય કહે છે. જ્ઞાનસ્વભાવ વડે આત્મા અન્ય સર્વ દ્રવ્યોથી અધિક, જુદો જ છે.

પ્રશ્ન:—તે જ્ઞાનસ્વભાવ કેવો છે?

ઉત્તર:—જે સમસ્ત પદાર્થોની ઉપર તરતો, ઊર્ધ્વ ને ઊર્ધ્વ રહેતો, તેમને જાણતાં છતાં તે-રૂપ નહિ થતો, પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનશ્વર, સ્વતઃસિદ્ધ અને પરમાર્થસત્ છે તે ભગવાન જ્ઞાનસ્વભાવ છે. તે જ્ઞાનસ્વભાવ વડે લક્ષિત ભગવાન આત્માને અન્યદ્રવ્યથી અધિક, બધાથી જુદો, મુખ્ય રાખવો, ઊર્ધ્વ રાખવો. ઊર્ધ્વ એટલે મુખ્ય, ઊંચો, અધિક, જુદો, તરતો. ઊંચા પદાર્થ તરીકે આત્માને લક્ષમાં રાખવો. આત્મવસ્તુ જ જગતમાં ઊંચી, ઊર્ધ્વ ને કીમતી છે. તે સિવાય બીજી કોઈ ચીજ ઉંચી નથી. અહા! આવી વાતો છે, સાદી ભાષામાં છે.

હંમેશાં એટલે સદાય. આત્માને દૃષ્ટિમાં કાયમ મુખ્ય રાખવો. અંદર દ્રવ્ય ઉપરનું લક્ષ કદી ખસવું ન જોઈએ. જેને કલ્યાણ એટલે કે આત્મહિત કરવું હોય તેની આ વાત

છે. ભગવાનની ભક્તિ ને વ્રતના વિકલ્પ આવે, પણ અંદર દ્રવ્યસ્વભાવની મુખ્યતા કદી ન જાય. જેની પ્રભુતામાં પ્રભુત્વ વગેરે અનંત શક્તિઓ ભરી પડી છે એવો જે આ ચૈતન્યપ્રભુ તેને લક્ષમાં કાયમ ઊર્ધ્વ રાખવો જોઈએ. એમ અહીં બેન કહે છે.

પ્રશ્ન :—એનું કાંઈ સાધન?

ઉત્તર :—એનું સાધન રાગ કે વ્યવહાર વગેરે બીજું કાંઈ નથી. રાગ ને વ્યવહારના શુભભાવથી ભિન્ન પડનારી જે નિર્મળ પર્યાય તે સાધન છે. અંદર પૂર્ણાનંદ પ્રભુને દૃષ્ટિમાં મુખ્ય રાખતાં જે નિર્મળ દશા થાય તેને સાધન કહેવામાં આવે છે. પૂર્ણ કેવળજ્ઞાન—પૂર્ણ પદ પ્રાપ્ત કરવું તે સાધ્યદશા છે. સાધન, સાધ્ય ને ધ્યેય—ત્રણેય, રાગથી ભિન્ન અંદર આત્મામાં છે. અહા! માર્ગ આકરો બહુ!

'ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી.'

આત્માની ખરી જિજ્ઞાસા હોય તેને અંદર સાચો પ્રયાસ થયા વિના રહે નહિ. કલ્પનાથી કે દુનિયાના દેખાવ માટે—જાણપણું કરું તો દુનિયામાં આગળ પડીશ એવા ભાવથી—જિજ્ઞાસા કરે એની દૃષ્ટિ પર ઉપર છે. તેની જિજ્ઞાસા સાચી નથી. ખરી જિજ્ઞાસાવાળાને અંતરમાં ઊર્ધ્વ એવા આત્મસ્વભાવ સન્મુખ થવાનો પ્રયાસ થયા વિના રહેતો નથી.

ઝીણી વાત બહુ! ભાષા ટૂંકી પણ ભાવ તો...! વચનામૃતનાં પુસ્તકો તો ઘણાં છપાઈ ગયાં છે, ૩૯ હજાર લગભગ છપાણાં. તે સિવાય તાડપત્ર, છૂટાં પાનાં તથા 'અધ્યાત્મપીયૂષ' વગેરે નાની પુસ્તિકા, એવું તો બીજું ઘણું છપાઈ ગયું છે. આ ચીજ કુદરતે એવી આવી ગઈ કે લોકો જરી મધ્યસ્થ થઈને વાંચશે તો તેમને પણ લાગે કે 'માર્ગ તો આ છે'. આ પુસ્તક કન્નડ ભાષામાં છપાય છે, મરાઠી ભાષામાં પણ થાય છે.

પ્રભુ! જ્ઞાન ને આનંદ આદિ અનંત શક્તિઓનું સંગ્રહાલય એવા નિજ દ્રવ્યસ્વભાવની મુખ્યતા કદી જવી ન જોઈએ. તેને પર્યાયમાં મંદતારૂપ શુભ ભાવ હોય ખરા પણ એની મુખ્યતા કદી પણ ન આવવી જોઈએ; કેમ કે તે તો બંધનું કારણ છે. સ્વભાવને મુખ્ય—ઊર્ધ્વ રાખવાથી અબંધ પરિણામ થાય અને રાગ આદિને મુખ્ય રાખીએ તો બંધના પરિણામ થાય. દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પર તરફના લક્ષથી પણ બંધના પરિણામ થાય. અંદર ઊર્ધ્વ એવા જ્ઞાયકસ્વભાવનું લક્ષ હોય, તેની મુખ્યતા હોય, તો પર ને રાગના રસ્તે જાય નહિ. અહા! આવી વાત છે!

ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી. જેની જરૂરિયાત જણાય

તેના તરફ પુરુષાર્થ વળ્યા વિના રહેતો નથી. 'રુચિ અનુયાયી વીર્ય.' જેને ઊર્ધ્વ, તરતા એવા ધ્રુવ જ્ઞાયકસ્વભાવની રુચિ હોય તેને પોતાનું વીર્ય સ્વભાવ તરફ વળ્યા જ કરે. અહીં તો કહે છે : હંમેશાં આત્માને ઊર્ધ્વ રાખવો, તેનું લક્ષ એક ક્ષણ પણ એણે ન ચૂકવું.

અનુભવ થયા પછીના વખતની આ વાત છે. વસ્તુ જ જ્યાં દૃષ્ટિમાં આવી ન હોય ત્યાં તેને તે ઊર્ધ્વ શી રીતે રાખે? પહેલાં અવ્યક્ત તેને 'ઊર્ધ્વ'પણે રાખે. તે પ્રગટ ખ્યાલમાં ન આવ્યું હોય છતાં એ રાગાદિથી જુદી ઊર્ધ્વ કીમતી ચીજ છે, એમ તેના ઉપર વીર્યનું વજન જાય. એવું અવ્યક્તપણે હોય છે.

પ્રશ્ન :—તેનું વ્યક્તપણું ક્યારે થાય?

ઉત્તર :—જ્યારે જ્ઞાનસ્વભાવ વડે અધિક—ઊર્ધ્વ એવા નિજ ધ્રુવ ધ્યેયને અંતરના પુરુષાર્થથી પકડે ત્યારે યથાર્થ વ્યક્તપણું થાય. અહા! આવી વાત છે!

## વચનામૃત—૧૪૩

**સ્વરૂપની શોધમાં તન્મય થતાં, અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે. આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી ગુણોનો વિકાસ થાય છે. ૧૪૩.**

'સ્વરૂપની શોધમાં તન્મય થતાં, અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે.'

સ્વરૂપ નામ જ્ઞાન ને આનંદમય ધ્રુવ પ્રભુ જ્ઞાયક આત્મા. તે જ્ઞાયકસ્વરૂપની શોધમાં અંદર જતાં, તન્મય થતાં, પરિણતિ જે અનેક પ્રકારના વિકલ્પોમાં ભમતી હતી તે ત્યાંથી છૂટીને અંતર્મુખ થતાં, દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ પ્રગટ થાય છે; એ અંતરની દૃષ્ટિ પ્રગટ થતાં જે નિર્વિકલ્પતા થાય તે તેની તન્મયતા છે. પહેલું આ કરવાનું છે; એ સિવાય બધી વાત થોથાં છે. અહા! ઝીણી વાત છે. શબ્દો થોડા છે પણ ભાવ...! ટૂંકી ભાષામાં ભાવ આ છે!

અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો તે, વિકલ્પ છોડીને આત્માની સન્મુખ થાય છે. બહુ આકરું! છે તો એના ઘરની ચીજ પણ અભ્યાસ નથી ને! બહારમાં આખો દિવસ પાપનો અભ્યાસ! રળવું, ખાવું, પીવું, સ્ત્રી ને છોકરાં-એની વાંસે આખો દી પાપ, પાપ

ને પાપ! કોણ ખાય ને કોણ કમાય? ખોરાકના રજકણો જે આવવાના હોય તે આવશે જ, જવાના હશે તે જશે જ. કહેવત છે ને! : 'દાણે દાણે ખાનારનું નામ.' દાણામાં કાંઈ નામ લખેલું હોતું નથી, પણ તેનો અર્થ એ કે—જે રજકણો ખોરાકમાં આવવાના છે તે આવશે જ. જીવની ઈચ્છાથી આવશે—એમ નથી. જે નથી આવવાના તે નહિ જ આવે; કેમકે તેના પરિણમનમાં આવવાની યોગ્યતા જ નથી. ચૂરમાનો કોળિયો તારા પ્રયત્નથી અંદર મોંમાં જાય તે વાત બરાબર નથી.

પરની વાત તો દૂર રહી, પણ એના લક્ષમાં રાગ ને પર્યાય રહે એમ પણ નહિ. એના ધ્યેયમાં—શોધમાં પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્માની મુખ્યતા—ઊર્ધ્વતા થતાં ત્યાં તે તન્મય થઈ જાય, અને તેથી જે અનેક પ્રકારના વિકલ્પો પૂર્વે થતા હતા તે બધા રોકાઈ જાય છે.

આ બધા શરીર, લક્ષ્મી વગેરે ધૂળના—માટીના રજકણો કેમ આવ્યા? કેમ રહ્યા? કેટલો કાળ ટકવાના? અને ક્યારે જવાના? એ એમની પોતાની સ્થિતિને આધીન છે, એમાં આત્માનો કાંઈ અધિકાર નથી. મેં વેપારમાં ધ્યાન રાખ્યું માટે પૈસા આવ્યા—એ બિલકુલ જૂઠી વાત છે.

લક્ષ રાખે પરનું ને શોધવા ઈચ્છે અંતરમાં એકદમ—એમ ન થાય. આ આત્મા જ્ઞાયક છે, શુદ્ધ છે એવું અંતર્મુખ લક્ષ કરે, સ્વરૂપની શોધમાં તન્મય થાય, તો સ્વસન્મુખ થાય.

સહજ ચિદાનંદ.

પ્રશ્ન:—શોધ તો પર્યાય છે, તેમાં તન્મય થાય?

ઉત્તર:—તન્મય થાય એટલે સ્વરૂપની શોધરૂપે પરિણમે. જે, સ્વરૂપની શોધમાં છે તે પર્યાય છે. પણ તે શોધવારૂપ પર્યાય કોને શોધે છે? દ્રવ્યને—નિજ જ્ઞાયક સ્વરૂપને.

અહા! આખા જગતથી આ જુદી વાત છે! અત્યારે તો ધર્મના નામે પણ વ્રત કરો, તપ કરો, એનાથી ધર્મ થાય છે—એમ ચાલે છે, પણ એ તો મિથ્યાત્વનું સેવન છે. જે શ્રદ્ધા-જ્ઞાનમાં ભગવાન જ્ઞાયક મુખ્યપણે ન રહે તે તદન સંસાર જ છે. સોગાનીએ 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં નથી લખ્યું?—કે ચક્રવર્તી છ ખંડને સાધતા નહોતા પણ અંદર અખંડને સાધતા હતા, જ્યારે તે બહારમાં જતા હતા, તે વખતે પણ તેમને ધ્યેયનું જ ઊર્ધ્વપણું હતું, ધ્યેયને ચૂકતા નહોતા.

આ તો એકદમ ગુલાંટ ખાવાની વાત છે. અનાદિથી જે પર્યાયબુદ્ધિમાં છે તેને દ્રવ્યબુદ્ધિમાં લાવવાનો છે. એ કાંઈ સાધારણ વાત છે? જગતને બહારનાં જાણપણાં થાય,

સમજાવવાની શક્તિ પણ થાય,—એ કોઈ ચીજ નથી, એની કોઈ કિંમત નથી.

શુદ્ધ આત્માને ધ્યેયરૂપ બનાવવો કહો કે પર્યાયમાં તેને મુખ્ય રાખવો કહો—એ બધામાં આ જ કહેવું છે; પર્યાયમાં ત્રિકાળીને લક્ષમાં લેવો છે, કેમ કે મુખ્ય તો આ ચીજ છે. તે મુખ્ય ચીજને લક્ષમાં લેવાથી તો ધર્મની શરૂઆત થાય છે; એ વિના બધું થોથાં છે. છ ઢાળામાં કહ્યું છે :

**लाख बातकी बात यह निश्चय उर लाओ।**
**तोड़ी सकल जगदन्द फन्द निज आतम ध्याओ॥**

લાખ વાતની વાત નહિ, પણ અનંત વાતની વાત એ છે કે જગતના દ્વન્દ્વને—દ્વિધાને છોડી નિજ આત્માને ધ્યાઓ. છ ઢાળામાં 'ગાગરમાં સાગર' ભર્યો છે. ત્યાં એમ નથી કહ્યું કે—પહેલાં વ્યવહાર કરો, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે. લાખ વાતની વાત એ છે કે—વ્યવહારથી થાય જ નહિ. તેનાથી થાય એ વાત જ ક્યાં છે? નિશ્ચયના લક્ષે અંદર દૃષ્ટિ થઈ ત્યારે તેને સાધન કહેવામાં આવે છે. વ્યવહાર તે સાચું સાધન છે જ નહિ. દ્રવ્યના લક્ષે અંદર જતાં ને રાગથી ભિન્ન પડતાં જે પર્યાય થઈ તે નિર્મળ પર્યાય જ સાધન છે. અહા! આવી વાત છે બાપુ!

વીતરાગ સર્વજ્ઞદેવનો માર્ગ અત્યારે સંપ્રદાયમાં વીંખાઈ ગયો છે. બહારની 'હોહા'માં ધર્મ મનાય છે, 'ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે'; વ્રત કર્યાં, અપવાસ કર્યા, સામાયિક-પોસા કર્યાં, પ્રતિક્રમણ કર્યાં, બ્રહ્મચર્ય જાવજીવનું લઈ લીધું વગેરે બહારની ક્રિયામાં ધર્મ માની બેઠા છે. ભાઈ! એ બધો તો રાગ છે. બ્રહ્મ નામ ભગવાન આત્મા, તેમાં ચર્ય નામ ચરવું, રમવું, એની અંદર તન્મય થઈ જવું, તે સાચું બ્રહ્મચર્ય છે.

વ્યવહાર—રાગ આદિ—ની દશા અને તેની દિશા પર તરફ છે, અને નિર્મળ વીતરાગી પરિણતિની દશા અને તેની દિશા સ્વ તરફ છે.

'આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી ગુણોનો વિકાસ થાય છે.'

અહીં એમ કહે છે : સ્વરૂપની શોધમાં તન્મય થતાં જીવ નિજ આત્માની સન્મુખ થાય છે; પૂર્ણાનંદ આદિ અનંત ગુણોનો રાશિ—ઢગલો એવા ચૈતન્યસ્વરૂપનો અભ્યાસ કરવાથી એના ગુણોનો વિકાસ થાય છે. 'ગુણોનો વિકાસ થાય છે' એટલે પર્યાયમાં નિર્મળપણે પરિણમે છે. એમાં બે વાત થઈ : (૧) આત્મા તે દ્રવ્ય થયું, અને (૨) સન્મુખ થાય છે તે પર્યાય થઈ. પર્યાય દ્રવ્યસન્મુખ થાય છે ત્યારે એ ગુણો પર્યાયમાં

વિકાસ પામે છે. આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી ગુણોનો વિકાસ નામ શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે. શાસ્ત્રનો અભ્યાસ કરવાથી ગુણોનો વિકાસ થાય—એમ અહીં ન આવ્યું.

શુદ્ધચૈતન્ય સ્વરૂપમાં અંતર્મુખ થવાનો અભ્યાસ કરવાથી ગુણો જે શક્તિરૂપે છે તેઓ પર્યાયપણે ચકચકાટ પ્રગટ પ્રકાશમાન થાય છે. જ્ઞાનાનંદમય જે ચૈતન્ય જ્ઞાયક આત્મા તેના સ્વરૂપનો અંદર અભ્યાસ કરવાથી, તે તરફ ઢળવાથી, ગુણો જે શક્તિરૂપે છે તે પર્યાયમાં વિકાસ પામે છે, નિર્મળ પર્યાયે પરિણમે છે; તેનું નામ ધર્મ છે.

ગુણોનો વિકાસ થયો એટલે પહેલાં ગુણોનો કાંઈ ઘટાડો થયો હતો—એમ નથી. સ્વસ્વરૂપના અભ્યાસથી શક્તિરૂપ સ્વભાવની વ્યક્તરૂપ નિર્મળ દશા થઈ, અરે! કેવળજ્ઞાન થયું, તેને ગુણનો વિકાસ કહે છે. તેથી કંઈ જ્ઞાનગુણમાં જરાય ઊણપ આવી ગઈ છે—એમ નથી. એ ગુણ તો પૂરેપૂરો છે.

અહાહા! આ શી ગંભીર ચીજ છે! આ આકાશના ક્ષેત્રનો ક્યાંય અંત છે બાપુ? અસંખ્ય જોજનમાં આ જગત છે, પછી ખાલી ભાગમાં એકલું આકાશ છે. તે આકાશનો છેડો ક્યાં આવ્યો? આ તે શું છે? સાધારણ તર્કમાં ન આવે એવો ક્ષેત્રસ્વભાવ છે. અનંત અનંત જોજન પછી, અરે! અનંતનો અનંતથી ગુણાકાર કરીને જે અનંતાનંત જોજન થાય તેટલા જોજન પછી પણ, તેનો દશેય દિશામાં ક્યાંય અંત નથી. અહા! શી છે આ ક્ષેત્રસ્વભાવની ગંભીરતા? કાળનો પણ આદિ નથી કે આ દ્રવ્યની પહેલી પર્યાય કઈ? એમ ગુણની બાબતમાં પણ અનંતતા છે. આત્મદ્રવ્યના અનંત અનંત ગુણોમાં પહેલો મોટો ગુણ કયો ને બીજા નાના ગુણ કયા? વળી, ગુણની પર્યાય પ્રગટી ત્યારે ગુણ ઓછો થયો? બાપુ! એ ગુણની ગંભીરતા અનંત અનંત છે! જેમ ક્ષેત્રની ગંભીરતાનો પાર નથી, કાળની ગંભીરતાનો પાર નથી, તેમ ગુણની ગંભીરતાનો પાર ન મળે. એક વાર નાસ્તિક પણ વિચાર કરે તો એને પ્રત્યક્ષ લાગે કે અહા! શી ગંભીરતા છે આ અનંત અનંત ક્ષેત્રસ્વભાવની! બીજી બધી વાત એક કોર રાખો, પ્રથમ વિચારો કે—જગતનું ક્ષેત્ર તો અસંખ્ય જોજન છે, ત્યાર પછી શું! પછી? ત્યાર પછી? ને ત્યાર પછી? પછી ક્ષેત્ર હશે કે નહિ? તો આ ક્ષેત્ર ક્યાં સુધી છે? દશે દિશામાં આ ક્ષેત્ર અનંત અનંત છે, તેમાં આ ચૌદ બ્રહ્માંડ તો રાઈના દાણા જેટલું છે. અહાહા! એ વસ્તુ શી છે? દ્રવ્યનો—વસ્તુનો શો ગંભીર સ્વભાવ? ક્ષેત્રનો શો સ્વભાવ? કાળનો શો સ્વભાવ? ભાવનો શો સ્વભાવ ને પર્યાયનો શો સ્વભાવ?—એમ સ્વભાવનો—આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી ગુણોનો—ગુણોની પર્યાયમાં નિર્મળતાનો વિકાસ થાય છે.

## વચનામૃત—૧૪૪

**સાચું સમજતાં વાર ભલે લાગે પણ ફળ આનંદ અને મુક્તિ છે. આત્મામાં એકાગ્ર થાય ત્યાં આનંદ ઝરે. ૧૪૪.**

'સાચું સમજતાં વાર ભલે લાગે પણ ફળ આનંદ અને મુક્તિ છે.'

અપૂર્વ વાત છે! પૂર્વે અનંત કાળમાં સમજ્યો નથી, માટે સાચુ સમજતાં ભલે જરી વાર લાગે પણ તે સાચી સમજણનું ફળ અતીન્દ્રિય આનંદ ને મુક્તિ છે. અરે! પૂર્વે અનંત વાર દિગંબર મુનિ થયો, ૧૧ અંગનું જ્ઞાન કર્યું, પણ જેને જાણવું જોઈએ તે નિજ જ્ઞાયકતત્ત્વને જાણ્યું નહિ. અનંત અનંત ગુણોનો સાગર એવો જે આ જ્ઞાનાનંદમૂર્તિ ભગવાન આત્મા, તેને સમજતાં—સમકિત થતાં—વાર ભલે લાગે પણ સમજણનું ફળ અનંત જ્ઞાન ને અનંત આનંદ છે.

લોકો કહે છે ને કે—ભણ્યાનું પરિણામ શું આવ્યું?—એમ આ સ્વરૂપને સમજતાં વાર ભલે લાગે પણ એ સમજણનું ફળ શું? સ્વરૂપને સમજતાં જરી વાર લાગે, તેમાં સ્થિર થતાં પણ ભલે જરી વાર લાગે, પણ એનું ફળ છે અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત આનંદ ને અનંત શાન્તિ. અનંત અનંત ગુણનો વિકાસ—શાંતિ વગેરે—એ તો અંશ છે—પર્યાય છે; પણ એ જે અંશ—નિર્મળ પર્યાય—પૂર્વે અનંત કાળમાં પ્રગટેલ નહિ તે, સ્વરૂપ સમજવાથી તથા તેમાં સ્થિરતા થવાથી પ્રગટ્યો.

અહીં અંદર સમજવાનો પ્રયત્ન કરવાનું કહ્યું છે; વ્રત, તપ ને ભક્તિ વગેરે બહારનો અભ્યાસ કરવાનું કહ્યું નથી. એ તો રાગની ક્રિયા છે, સંસાર છે, એ કાંઈ આત્માની ચીજ નથી.

અંદર શુદ્ધાત્મતત્ત્વને સમજતાં, તેનો અભ્યાસ કરતાં, અંતરમાં પુરુષાર્થની ઉગ્રતા થતાં ભલે થોડી વાર લાગે, પણ એનાં ફળ પર્યાયમાં અહાહા! અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત ચારિત્ર, અનંત શાંતિ, અનંત સુખ, અનંત પ્રભુતા ને અનંત ઈશ્વરતા છે. માટે કરવાનું તો તે છે. બાકી બધાં થોથાં છે, સંસારમાં રખડવાનાં કારણ છે.

'આત્મામાં એકાગ્ર થાય ત્યાં આનંદ ઝરે.'

આત્માનું ભાન થતાં, તેમાં સ્થિરતા થઈને જે એકાગ્ર થાય ત્યાં અંદર અતીન્દ્રિય આનંદરૂપી અમૃત ઝરે છે. અતીન્દ્રિય આનંદ પર્યાયમાં ઝરે. ડુંગરમાંથી જેમ પાણીનો પ્રવાહ ઝરે, વહે; તેમ ભગવાન આત્મા આનંદનો ડુંગર છે, પોતે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક આનંદનો

પર્વત છે, તેના અંતર્મુખ અભ્યાસ દ્વારા તેમાં એકાગ્ર થતાં પર્યાયમાં અનાકુળ અતીન્દ્રિય આનંદ ઝરે, વહે. આત્મામાં એકાગ્રતા થતાં પ્રગટેલી નિર્મળ પર્યાયમાં અતીન્દ્રિય નિર્વિકલ્પ આનંદનો અનુભવ આવે. અહા! આવી વાતો છે! ભાષા ટૂંકી છે પણ ભાવ ઘણા ઊંચા છે.

## વચનામૃત—૧૪૫

**રાગનું જીવતર હોય તેને આત્મામાં જવાનું બને નહિ. રાગને મારી નાખ તો અંદર જવાય. ૧૪૫.**

'રાગનું જીવતર હોય તેને આત્મામાં જવાનું બને નહિ.'

શું કહે છે? જેને રાગનો પ્રેમ છે, રાગના પ્રેમે જેને જીવવું છે, જેના જીવનમાં રાગનો પ્રેમ છે, 'રાગમય જીવતર હોય તે જ જીવન છે, ભલે શુભ રાગ હો કે અશુભ રાગ હો પણ રાગનું જીવતર એ જ મારી ચીજ છે'—એમ જેને રાગના પ્રેમમય જીવન છે, તેને આત્મામાં જવાનું બને નહિ. શુભાશુભ રાગનું જેને જીવતર છે તેને અરાગ -સ્વભાવનું મૃત્યુ છે; અને જેણે રાગનું મૃત્યુ કર્યું છે તેને અરાગસ્વભાવનું જીવન હાથમાં આવ્યું છે. શું કહે છે? શુભ ને અશુભ ભાવના—રાગના અસંખ્ય પ્રકાર છે. એ રાગના રંગમાં રંગાયેલું જેનું જીવતર છે તે કોઈ પણ રીતે અંતરમાં જઈ શકશે નહિ.

ભગવાન આત્મા અંતરમાં વીતરાગ ને જિનસ્વરૂપ છે. કહ્યું છે ને—

घट घट अन्तर जिन बसै, घट घट अन्तर जैन।
मति - मदिराके पानसौं, मतवाला समुझै न ॥

પોતાના અભિપ્રાયના મદમાં ઘેલા—પાગલ થઈ ગયેલા રાગના રસીલાઓ—જેનું જીવતર રાગમાં રંગાઈ ગયેલું છે તે—અંદર આત્મામાં જઈ શકશે નહિ; કારણ કે અંદર વસ્તુ છે એ તો વીતરાગ ને જિનસ્વરૂપ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે'—ભગવાન આત્માને જિનસ્વરૂપ કહ્યો ને! જેને શુભાશુભ રાગનો રંગ—જીવતર છે તેને અરાગસ્વરૂપ એવો જે જિનસ્વરૂપ નિજ ભગવાન આત્મા તે હાથમાં નહિ આવે. ભલે વ્રત, તપ, દયા, દાનનો રાગ હોય, તે રાગનું જેને જીવતર જીવવું છે તે અંદર રાગ રહિત જીવતરમાં નહિ જઈ શકે.

અહાહા! આ વચનામૃત પુસ્તક! વાંચ્યું છે ને? કેટલી વાર? એક વાર? બે વાર? ભેટમાં આવ્યું હશે? ઠીક. દસ હજાર નવાં હિન્દી છપાઈને આવ્યાં છે. અહાહા! વાત તો સાચી બાપા! એવી ચીજ છે! ભાષા તો ઘણી સાદી આવી છે ને ભાવો ઘણા ઊંડા છે. અંદર વસ્તુસ્થિતિ એવી છે. અહાહા! બેન તો...! એમને અનુભવમાંથી આવેલી આ વાત છે. આ કાંઈ ગોખી રાખ્યું છે—ધારી રાખ્યું છે, ને એમાંથી આવ્યું છે—એમ નથી. અહા! ભાષા તો જુઓ! રાગનું જેને જીવતર છે, રાગના કણ ઉપર પણ જેનું જીવન અટકી રહ્યું છે તે, વીતરાગસ્વરૂપ નિજ ભગવાન આત્મામાં નહિ જઈ શકે.—એને વીતરાગી જીવન નહિ થઈ શકે. સમજાય છે કાંઈ?

જેને રાગનો રસ છે, રાગનો પ્રેમ છે, રાગમય જીવન છે, જે રાગમય જીવનના જીવનારા છે, તે અંદર અરાગમૂર્તિ પ્રભુમાં—નિજ ભગવાન આત્મામાં નહિ જઈ શકે. બીજી રીતે કહીએ તો, વ્યવહાર રત્નત્રયનો પણ જેને રાગ છે—ભલે અંદર નિશ્ચય નથી છતાં તેને વ્યવહાર કહેવાય છે ને? ખરેખર તો એ વ્યવહારાભાસ છે—તે અંતર વીતરાગસ્વરૂપમાં જઈ નહિ શકે. અહા! રાગની ઓઝલમાં પડેલો ભગવાન આત્મા હાથમાં નહિ આવે. અહાહા! ભાષા તો બહુ ટૂંકી છે પણ ભાવ ઘણા ગંભીર છે.

રાગનું જીવન જ એ છે કે—બસ, વ્રત પાળીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ વગેરે. એવા રાગના જીવને જીવે છે તે મિથ્યાદૃષ્ટિ છે. એક વાર રાગને ઝેર તરીકે જાણશે ત્યારે અમૃતસ્વરૂપ ભગવાન આત્મામાં જઈ શકશે.

શરીર, વાણી ને મન તો ક્યાંય બહાર રહી ગયાં પણ અંદરમાં જે દેવ-શાસ્ત્ર-ગુરુ કે તત્ત્વાર્થની શ્રદ્ધાનો રાગ આવે, તે રાગ જેનું જીવન છે, કર્તવ્ય છે—જેનું જીવન તે રાગના જીવતરથી ઘડાઈ ગયું છે—એવો જીવ વીતરાગમૂર્તિ ભગવાન આત્મામાં નહિ જઈ શકે.

'રાગને મારી નાખ તો અંદર જવાય.'

રાગને મારી નાખશે તો જ જીવંત રહી શકશે. બીજી કોઈ રીતે અંદર જવાનું બની શકશે નહિ; રાગને મારી નાખ તો જ અંદર સ્વરૂપમાં જવાય. મારી ચીજમાં રાગ વગેરે કોઈ ચીજ જ નથી. રાગ ને ઉદયભાવને મારી નાખ; અરે! જે દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો કે વ્રતાદિનો શુભ રાગ છે તેને પણ મારી નાખ, અને જે શુદ્ધ ચૈતન્યનું જીવતર જીવવાનું છે તેમાં જા! રાગને મારી નાખશે તો જ ચૈતન્યના જીવતરમાં જઈ શકાશે. અહા! આવી વાતો છે! અરે! ત્રણ લોકના નાથ! એમણે જે કહ્યું છે તે ભાવને બતાવનારી આ બધી ભાષા છે. સમજાય છે કાંઈ?

પ્રશ્ન :—રાગને મારી નાખ એટલે શું?

ઉત્તર :—રાગની તુચ્છતા ગણીને તેનું લક્ષ છોડી દે. અમે આમ કર્યું ને આમ કરીએ છીએ—એવું દયા-દાન આદિનું કર્તાપણું છોડી દે. એવા રાગને પણ તુચ્છ ગણીને અંદર ભગવાન મહાપ્રભુ છે ત્યાં જા. ત્યાં તને આનંદ આવશે. રાગમાં રહ્યો છે તે આકુળતા છે પ્રભુ! અહીં તો કહે છે : દયા, દાન, વ્રત આદિની આકુળતાથી રંગાયેલા ચિત્તને અનાકુળ એવો નિજ ભગવાન આત્મા હાથમાં નહિ આવે. અહાહા! એક વાર રાગને મારી નાખ.

સહજ ચિદાનંદ.

તા. ૧૯–૨–૭૮

(બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં—આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ!

—પૂજ્ય ગુરુદેવ

# પ્રવચન–૫૩

તા. ૩૧-૭-૭૮

## વચનામૃત—૧૪૬

**કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતાં નથી. આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. તું તારા સ્વભાવને ઓળખ. અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ. આત્માનું લક્ષણ—ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર. ૧૪૬.**

'કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતાં નથી.'

શું કહે છે? પોતાનું જે કાયમી સ્વરૂપ છે તેને કોઈ દ્રવ્ય કદી છોડતું નથી. ચાહે તો આત્મા હો કે પરમાણુ હો—કોઈ પોતાના ત્રિકાળી સ્વભાવને કોઈ દી છોડતા નથી.

'આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી.'

ભગવાન આત્મા તો ત્રિકાળી પરમ શુદ્ધ પદાર્થ છે. અનંત આનંદનું ધામ એવો તે આત્મા પોતાના કાયમી સ્વરૂપને કદી છોડતો નથી. અનાદિથી આજ સુધીમાં જેટલા સિદ્ધભગવાન થયા તેના કરતાં અનંત ગુણા દરેક આત્મામાં જે ત્રિકાળી ગુણ છે તે એનું સ્વરૂપ છે. સમયસારની પહેલી ગાથાની ટીકામાં, અનંત સિદ્ધોને પોતાના આત્મામાં સ્થાપીને વંદન કર્યું છે. અહાહા! એ સિદ્ધભગવંતોની સંખ્યા કેટલી? ભૂતકાળના જેટલા સમયો છે તેના કરતાં અસંખ્યમા ભાગે સિદ્ધો છે. અથવા, સિદ્ધની સંખ્યા જે અનંત છે તેના કરતાં અનાદિથી વર્તમાન સુધીના સમયો અસંખ્યાતગુણા છે. એ અનંત સિદ્ધોને પોતાની પર્યાયમાં સ્થાપીને—વંદન કરીને પછી 'સમયસાર' શરૂ કર્યું છે. અહાહા! પ્રભુએ તો સ્થાપ્યું, પણ તું તારા અંતરમાં સ્થાપ ત્યારે પ્રભુએ સ્થાપ્યું—એમ કહેવામાં આવે છે. એવા અનંત સિદ્ધોની સંખ્યા કરતાં પણ એક દ્રવ્યનું સ્વરૂપ અનંતગુણા ગુણમય છે. અહીં કહે છે કે એવા જ્ઞાનાદિ અનંત ગુણસ્વરૂપ દ્રવ્ય પોતાના ત્રિકાળી—કાયમી સ્વરૂપને કદી છોડતું નથી.

આત્મા તો ત્રિકાળી પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. આ, આત્મા જે વસ્તુ છે તેની વાત છે. પરમતત્ત્વ, શુદ્ધવસ્તુ, પરમપારિણામિક સ્વભાવભાવ, જ્ઞાયકભાવ, નિજ પરમાત્મદ્રવ્ય—એવી જે ત્રિકાળ એકરૂપ શુદ્ધ ધ્રુવ સ્વવસ્તુ તેની અંદર ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચારેય ભાવો નથી; કેમ કે તે ચાર ભાવ પર્યાય-અપેક્ષાએ છે. આ ચાર ભાવ રહિત એવું જે ત્રિકાળી ધ્રુવ પરમ શુદ્ધતત્ત્વ—નિજ સહજ શુદ્ધ અખંડ એક જ્ઞાયકભાવ—તે જ સમ્યગ્દર્શનનો વિષય ને ધ્યેય છે.

(સમયસાર) ૩૨૦મી ગાથાની શ્રી જયસેનાચાર્યની ટીકામાં આવ્યું છે ને કે—ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ - અખંડ - એક - પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું'. શું કહ્યું? જેમાં 'પલટવું' નથી, જે અખંડ શુદ્ધ એક જ્ઞાયક પરમભાવ છે, અવિનશ્વર-શાશ્વત છે, પ્રત્યક્ષ-પ્રતિભાસમય છે એવું જે નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું, પણ ક્ષાયોપશમિક આદિ ચાર ભાવ તે 'હું' નથી. મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યય—ચાર જ્ઞાન પર્યાયમાં પ્રગટ્યાં હોય પણ એ કાંઈ ધ્રુવ વસ્તુમાં નથી. પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ્યું હોય, અનંત આનંદ પ્રગટ્યો હોય, ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ્યું હોય, પણ એ બધું પર્યાયમાં છે, દ્રવ્યસ્વભાવમાં—ધ્રુવ જ્ઞાયક દ્રવ્યમાં—નથી. ખરેખર તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક એ જ વસ્તુ છે અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે.

ક્ષાયોપશમિક આદિ ચાર ભાવો જીવના દ્રવ્યસ્વભાવમાં નથી. મિથ્યાત્વ અને રાગ આદિ જે વિભાવભાવ તે તો સ્વરૂપમાં છે જ નહિ. જીવ અજ્ઞાનથી માન્યતા ભલે કરે કે 'હું રાગી છું', 'હું અલ્પજ્ઞ છું', પણ એ માન્યતા—ઔદયિકભાવ—કંઈ વસ્તુસ્વરૂપમાં નથી. ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક સમકિત અને ચારિત્ર થાય—એ બધા ભાવ કંઈ દ્રવ્યસ્વરૂપમાં નથી, એ તો પર્યાય છે. જેના આશ્રયે ઔપશમિક આદિ સમકિત થાય એ ધ્રુવ જ્ઞાયક વસ્તુ તે નિર્મળ પર્યાયમાં નથી; કેમ કે સમકિત અને ચારિત્ર આદિ તો નવી પ્રગટતી પર્યાય છે અને જ્ઞાયક વસ્તુ તો ત્રિકાળી ધ્રુવ છે, એમ ને એમ રહે છે, કોઈ દી ફરતી નથી ને સદા એકરૂપ રહે છે. જ્ઞાયકદ્રવ્ય પોતાના મૂળ સ્વરૂપને કદી છોડતું નથી.

જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે રાગ પણ ઔદયિકભાવ છે, એ કાંઈ સ્વરૂપમાં નથી. ઔદયિક આદિ ચારેય ભાવ કર્મસાપેક્ષ છે. વિકારી હોય કે નિર્વિકારી હોય, ક્ષાયોપશમિક હોય કે ક્ષાયિક હોય—એ પર્યાયપણે વસ્તુ થઈ જતી નથી. મૂળ

વસ્તુસ્વરૂપમાં ઊણપ, અધિકતા કે વિપરીતતા આવતી નથી. આત્મવસ્તુનો મૂળ સ્વભાવ તો ત્રિકાળ અખંડ એક જ્ઞાયકસ્વરૂપ આનંદનું દળ છે. શરીર, વાણી ને કર્મ વગેરે પર વસ્તુ તો જીવની પર્યાયમાંય નથી, પણ એની પર્યાયમાં જે વિકૃત અને અવિકૃત, અપૂર્ણ અને પૂર્ણ અવસ્થાઓ છે તે પણ ત્રિકાળી ધ્રુવ શુદ્ધ જ્ઞાયકવસ્તુમાં નથી.

'તું તારા સ્વભાવને ઓળખ.'

એ ત્રિકાળી નિજ સ્વરૂપને તું ઓળખ. 'ઓળખ' પોતે પર્યાય છે, પણ તે ઓળખે છે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકતત્ત્વને. તું તારા ત્રિકાળી સ્વભાવને ઓળખ. આ, ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવને ઓળખવાની વાત છે હો! કેમ કે પર્યાયભાવ તો અંદર ત્રિકાળીમાં છે જ નહિ.

'અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ.'

સચ્ચિદાનંદસ્વરૂપ નિજ ધ્રુવ પરમાત્મદ્રવ્યસ્વભાવમાં ક્ષાયોપશમિક આદિ પર્યાયો નથી, પણ સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત ગુણરત્નોની માળા જે અંદર પડી છે તેની ઓળખાણ કર. જેની સંખ્યાનો કોઈ પાર નથી એવા અનંત ગુણોનો હારડો અંદરમાં સદાય છે. અંદરમાં ક્ષાયોપશમિક આદિ પર્યાયો નથી—એમ કહ્યું, તો પછી અંદર છે શું? અંદર અનંત ધ્રુવ ચૈતન્ય ગુણરત્નોની માળા પડી છે—જ્ઞાન, દર્શન, સુખ વગેરે અનંત અનંત ગુણરત્નોનો રાશિ ભર્યો છે—તેને ઓળખ. સંયોગ, નિમિત્ત કે રાગને ઓળખ—એમ કહ્યું નથી, પણ અંદર જે છે તેને—ગુણરત્નોની માળાને, ધ્રુવ જ્ઞાયકતત્ત્વને—ઓળખ.

અહાહા! એ તે શી ચીજ છે! એકેક આત્મા અનંત અનંત ગુણોનો ગંજ પ્રભુ છે, તેને કોઈ ક્ષેત્રની મોટપની જરૂર નથી, એની મોટપ તો એના સ્વભાવની શક્તિના અમાપપણામાં છે. અમાપ જ્ઞાન, અમાપ સુખ, અમાપ શાન્તિ વગેરે અનંત અમાપ ગુણરત્નોની માળા અંદર પડી છે 'તેને' ઓળખ. તેને એટલે અનંત ગુણોને ઓળખ એમ નહિ, પણ અનંત ગુણરત્નની અભેદ માળાને એટલે કે અભેદ ધ્રુવ દ્રવ્યસ્વભાવને. અહીં કાયમી ધ્રુવ સ્વરૂપની વાત છે. તેને ઓળખ.

'આત્માનું લક્ષણ—ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર.'

શું કહ્યું? આત્માનું લક્ષણ ત્રિકાળી ધ્રુવપણે રહેવું તે છે. અહાહા! ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ ધ્રુવ ધ્રુવ એકરૂપ સ્વરૂપને ઓળખવું, પ્રતીતિમાં લેવું. જે તેનું ત્રિકાળી ચૈતન્ય શુદ્ધસ્વરૂપ છે તે જ એનું લક્ષણ છે—એમ જ્ઞાન કરીને પ્રતીત કર. 'ઓળખવું' તે જ્ઞાનની

પર્યાય છે. જાણ્યા વિના પ્રતીત કોની? અહા! થોડા શબ્દોમાં ઘણું આવ્યું છે.

જ્ઞાયકપણું, પરમપારિણામિક સ્વભાવભાવપણું, ત્રિકાળી સહજ સ્વભાવપણું, પરમ-સ્વભાવભાવપણું—એવું આત્મદ્રવ્યનું જે સહજ લક્ષણ તેને ઓળખીને, ત્રિકાળીનું જ્ઞાન કરીને—જ્ઞાનની જાણપણારૂપ પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ આવ્યું નથી, પણ તે ધ્રુવ સ્વરૂપ જેવડું છે તેવડું તે સંબંધીનું જ્ઞાન આવ્યું છે—તેની પ્રતીત કર, શ્રદ્ધા કર.

એક વાર પ્રભુ! તું સાંભળ! અનંતા સિદ્ધો છે. સિદ્ધપણું તે પર્યાય છે, ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં એ પર્યાય નથી. વસ્તુ તો કાયમ એકરૂપે રહેનારી ચીજ છે. એ તો પર્યાય વિનાનો અને અનંત ગુણરૂપી આભરણથી ભરેલો મોટો ડાબલો છે. એ આશ્ચર્યકારી મહાન ચીજને ઓળખી તેની પ્રતીત કર, ત્યારે તારું કલ્યાણ થશે, તને ધર્મ થશે; એ વિના ધર્મ છે નહિ.

મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે : કોકનાં વચનથી માન્યું હશે તે બીજાનાં વચનથી પાછું ફરી જશે; કેમ કે વાસ્તવિક સ્વરૂપને ઓળખીને—જાણીને માન્યું નથી, માટે તે માન્યતા સાચી નથી. ભગવાને કહ્યું માટે સાચું; પણ ભગવાને શું કહ્યું છે તેની ખબર નથી તો સાચી પ્રતીતિ ક્યાંથી થશે? 'ભગવાને આમ કહ્યું છે'—એ પણ પરલક્ષી જ્ઞાન છે. પરલક્ષી જ્ઞાનથી પણ નિજ જ્ઞાયક આત્મા જણાય એવો નથી, ત્રિકાળી આનંદકંદ ચૈતન્યપ્રભુની જાતની જે નિર્મળ પર્યાય, એનાથી ઓળખાય ને પ્રતીતમાં આવે એવો છે. અહા! ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની ઓળખાણ કરનાર તે જ્ઞાનપર્યાયની મોટપ કેટલી? તે ધ્રુવ તત્ત્વને પ્રતીતમાં લેનાર શ્રદ્ધાપર્યાયની મોટપ કેટલી? ત્રિકાળી ચીજ આવી છે, એણે પોતાનું સ્વરૂપ કોઈ દી છોડ્યું નથી, એટલે કે પર્યાયમાં પણ તે ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ આવ્યું નથી—એવી કાયમી ધ્રુવ ચીજને જ્ઞાનમાં લે તે જ્ઞાનપર્યાયની તાકાત કેટલી? આવડા મહાન તત્ત્વને—જેનું સ્વરૂપ કોઈ દી છૂટ્યું નથી એવો પૂર્ણાનંદનો નાથ જે આખો આત્મા તેને—ઓળખીને પ્રતીત થઈ એ પ્રતીતમાં—શ્રદ્ધામાં તાકાત કેટલી? છતાં તે જ્ઞાન ને પ્રતીતની પર્યાય ત્રિકાળી ધ્રુવ સ્વરૂપમાં નથી, અને તે પર્યાયમાં ત્રિકાળી ધ્રુવસ્વરૂપ આવ્યું નથી. પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધા આવી છે.

અહા! આવો માર્ગ વીતરાગ સિવાય બીજે ક્યાંય છે નહિ; એ પણ દિગંબર સંતોએ કહેલો. અહા! દિગંબર સંતોએ ગજબ કામ કર્યાં છે! જેના એકેક શબ્દમાં, એકેક શ્લોકમાં ગંભીરતા ગંભીરતા ગંભીરતા. ભાઈ! ગહનતા એટલી છે કે ઉપરટપકે દેખાય એવી એ ચીજ નથી.

આ 'ઓળખ' છે તે ધારણાની પર્યાય નથી. આવો આત્મા છે, તેમાં આટલા ગુણો

છે વગેરે ધારણામાં આવે, પણ તે ‘ઓળખ’ ની પર્યાય નથી. ધારણા એ કોઈ ચીજ નથી. ધારણાજ્ઞાનના વિકલ્પથી છૂટીને અંદરમાં ગયો નથી, અંદરમાં વળ્યો નથી ત્યાં સુધી તેનું જ્ઞાન સમ્યક્ નથી.

પ્રશ્નઃ—પરોક્ષ જ્ઞાન પ્રમાણ નથી?

ઉત્તરઃ—પૂર્ણ જ્ઞાયક તત્ત્વને ઓળખીને જે જ્ઞાન થયું તે—ભલે પરોક્ષ હોય—પ્રમાણ છે; અનુમાનજ્ઞાન એ પણ પ્રમાણ છે. તે જ્ઞાન સત્ય છે માટે પ્રમાણ છે. પરલક્ષી ધારણાજ્ઞાન તે વાસ્તવિક પ્રમાણ જ નથી. એવું તો અગિયાર અંગનું જ્ઞાન અનંત વાર કર્યું પણ સાથે પરલક્ષી જાણપણાનું અભિમાન હતું; એ તો મિથ્યાત્વ હતું.

જે ત્રિકાળ એકરૂપ છે એવા નિજ જ્ઞાયકસ્વરૂપને ઓળખ. ઓળખનાર પર્યાયે, ધ્રુવ સ્વભાવની સન્મુખ થઈને તેનો આશ્રય લીધો. આશ્રયનો અર્થ એવો નથી કે આશ્રય કરનારી પર્યાય દ્રવ્યમાં—ધ્રુવ તત્ત્વમાં ભળી ગઈ. આશ્રયનો અર્થ એવો છે કે પર્યાય જે બહારમાં વળેલી હતી તે અંદર ધ્રુવ સ્વભાવ તરફ વળી. બસ, એને દ્રવ્યનો—ધ્રુવ તત્ત્વનો આશ્રય લીધો એમ કહેવાય છે; છતાં પર્યાય દ્રવ્યમાં ભળી નથી ને પર્યાયમાં દ્રવ્ય આવી ગયું નથી. અહા! પ્રભુ તું કોણ છો? કેવો છો? તારી તાકાત કેટલી છે? ભાઈ! તારી મોટપની તને ખબર નથી. તારી ધ્રુવ મોટપ ક્ષણિક પર્યાયમાં ન આવે, પર્યાય ધ્રુવ મોટપને જાણે. બે અંશ છે ને? એક પલટતો અંશ ને બીજો ત્રિકાળ ધ્રુવ અંશ. એ ત્રિકાળી ધ્રુવ સ્વરૂપને ઓળખી તેની પ્રતીત કર, તો તને અંદરથી કાયમી શાંતિ પ્રગટ થશે અને જન્મ-મરણનાં દુઃખનો નાશ થઈ જશે.

## વચનામૃત—૧૪૭

**આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે. એકને જાણતાં બધું જણાય. મૂળને જાણ્યા વિના બધું નિષ્ફળ. ૧૪૭.**

‘આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે.’

જેણે આનંદસાગર એવા પોતાના ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વરૂપને—પોતાના ભગવાન જ્ઞાનસ્વભાવને—કોઈ દી છોડેલ નથી એવા ચૈતન્યમૂર્તિ નિજ શુદ્ધ આત્માના જ્ઞાનમાં—તેનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુભવમાં—બધું જ્ઞાન આવી જાય છે.

'એકને જાણતાં બધું જણાય.'

એકને—આત્માને—જેણે બરાબર જાણ્યો, એણે બધું જાણ્યું. એકને જાણ્યા વિના અનેકને જાણે, અગિયાર અંગના જ્ઞાનના મોટા ઢગલા કરે, અને બહારના જાણપણામાં જે પાવરધું હોય, તે ખરેખર જ્ઞાન જ નથી. નિજ આત્માના—ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવના—જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે. ત્યાં, આત્મા તો ત્રિકાળી વસ્તુ છે, તેનું 'જ્ઞાન'—એ પર્યાય છે. તે પર્યાયે ત્રિકાળી જ્ઞાયક આત્માનું જ્ઞાન કર્યું. અહાહા! માર્ગ બહુ અલૌકિક છે બાપુ! જન્મ-મરણથી છૂટવાની રીત કોઈ જુદી જાતની છે ભાઈ! ભવભ્રમણથી છૂટવાની પ્રતીત ને તેનું સમ્યગ્જ્ઞાન કોઈ અલૌકિક વાત છે!

એક નિજ આત્માનું જે જ્ઞાન થયું તેમાં બધું આવી ગયું. છ દ્રવ્યનું, પરનું જે જ્ઞાન તે અહીં લીધું નથી.

પ્રશ્ન:—અરિહંતને જાણે તેને આત્માનું જ્ઞાન થાય—એમ આવે છે ને?

ઉત્તર:—અરિહંત વગેરે ભગવાન પંચપરમેષ્ઠીને ઓળખ્યા એ વાત અહીં લેવી નથી, કેમ કે તે તો પરવસ્તુ છે. પ્રવચનસારની ૮૦મી ગાથામાં આવે છે:

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.

—પણ એ તો નિમિત્તથી કથન છે. અરિહંતનું દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે જ્ઞાન થઈ પછી જ્યારે જીવ અંદર સ્વદ્રવ્યમાં વળે છે, નિજ ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો આશ્રય કરે છે, ત્યારે તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે અને તેના મિથ્યાત્વમોહનો નાશ થાય છે. અરિહંતના દ્રવ્ય, ગુણ ને પર્યાયને જાણી લીધા માટે તેને સમ્યગ્જ્ઞાન થયું છે—એમ નથી. અરિહંતના સ્વરૂપને દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે જાણીને જેણે દૃષ્ટિ પોતા તરફ વાળી—પોતાની પર્યાયોને ગુણમાં સંક્ષેપીને, તિરોભૂત કરીને, અને ગુણોને દ્રવ્યમાં અંતર્ગર્ભિત કરીને, ભેળવીને—પોતાની ત્રિકાળી અભેદ વસ્તુનું જ્યારે ભાન થયું ત્યારે તેને સમ્યગ્જ્ઞાન થયું કહેવાય છે. આત્માના આ સમ્યગ્જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે, તેમાં બધું આવી જાય છે. એક આત્માને જાણતાં બધું જણાય છે.

'મૂળને જાણ્યા વિના બધું નિષ્ફળ.'

ત્રિકાળી જ્ઞાયકસ્વભાવી નિજ આત્મા છે તે મૂળ ચીજ છે. તેને જાણ્યા વિના બીજું બધું જાણપણું નિષ્ફળ છે. ત્રિલોકનો નાથ એવો જે જ્ઞાયક નિજ ધ્રુવ આત્મા, જેમાં

પર્યાયનો અભાવ ને જ્ઞાનાદિ ગુણોનો સદ્‌ભાવ છે, તેને આશ્રયપણે અધિક જાણ્યા વિના બધું જાણપણું નિષ્ફળ છે. શાસ્ત્રનું જ્ઞાન, છ દ્રવ્યનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન—બધું જાણપણું, આત્મજ્ઞાન વિના, નિષ્ફળ છે; સફળ છે રખડવા માટે, મોક્ષ માટે નિષ્ફળ છે.

અહાહા! અત્યારે આ પુસ્તકની જરૂર હતી. કુદરતના નિયમમાં એ અવસર અત્યારે બરાબર આવ્યો છે.

## વચનામૃત—૧૪૮

**ચૈતન્યલોકમાં અંદર જા. અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે; તેમાં નિર્વિકલ્પ થઈને જા, તેની શોભા નિહાળ. ૧૪૮.**

'ચૈતન્યલોકમાં અંદર જા.'

કર્મની ૧૪૮ પ્રકૃતિ છે તે જડ છે, અચેતન છે; તેને છોડીને પ્રભુ! અંદર ચૈતન્યલોકમાં જા. બહારના લક્ષમાં તું ભટકે છે ભાઈ! જ્યાં તું નથી ત્યાં ભટકે છે, એ ભટકવું રહેવા દે બાપુ! જ્યાં તું છો ત્યાં—અંદરમાં—જા. જ્યાં તું નથી ત્યાં—તેના લક્ષમાં—તું દોરવાઈ ગયો છો; પ્રભુ! એ તો સંસાર છે, પરિભ્રમણ છે, દુઃખ છે.

જ્ઞાન, દર્શન, સુખ ને વીર્ય આદિ અનંત ગુણના થોકરૂપ જે ચૈતન્ય-આત્મા જણાય છે તે લોક છે. આ ચૈતન્યલોક જણાય છે પર્યાયમાં. તે ચૈતન્યલોકમાં જા, એટલે કે તેની સન્મુખ થા. જેમાં કેવળજ્ઞાન આદિ ક્ષાયિક પર્યાયોનો પણ અભાવ છે એવો પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા—ચૈતન્યલોક—અંદરમાં બિરાજે છે, ત્યાં જા.

'અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે;'

અહાહા! અંદર ચૈતન્યલોકમાં જા.

પ્રશ્ન :—કેવો છે તે ચૈતન્યલોક?

ઉત્તર :—સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ આનંદ આદિ ત્રિકાળી અનંતા ગુણરત્નો જેની અલૌકિક—જગતથી નિરાળી—શોભા છે તે, દેહાદિ પરવસ્તુથી ભિન્ન અને રાગાદિ વિભાવોથી રહિત એવી ત્રિકાળી જ્ઞાયકવસ્તુ ચૈતન્યલોક છે. અહાહા! એની શોભા છે કોઈ! તે શોભાને નિહાળવા અંદર નજર કર, એટલે કે પૂર્ણાનંદ પ્રભુનું અંદર જ્ઞાન કર. પહેલામાં પહેલું આ કરવાનું છે.

અનંત ગુણરત્નોની અલૌકિક શોભાથી આ ચૈતન્યલોક ભરપૂર છે. અસંખ્ય પ્રદેશી ચૈતન્યલોકમાં, ભલે ક્ષેત્રપ્રદેશોનો અંત આવી ગયો પણ, એના ભાવનો—ગુણરત્નોનો—સંખ્યાથી અંત છે નહિ. ચૈતન્યલોકના ઊંડાણમાં—તળમાં, ધ્રુવસ્વરૂપમાં—અનંતા ગુણો પડ્યા છે. જેમાં 'છેલ્લું' એવું છે નહિ એવાં અનંત અનંત અનંત ગુણરત્નો, અલૌકિક શોભાથી ભરપૂર, ચૈતન્યલોકમાં છે.

અહાહા! આ તે શી ચીજ છે?! અહા! આ અલૌકિક ચીજ સર્વજ્ઞ ભગવાને પ્રત્યક્ષ જોઈને કહી છે. જેના મતમાં સર્વજ્ઞ નથી તેના મતમાં એકેય વાત સાચી હોતી જ નથી.

જ્ઞાયકભાવ કહો કે સર્વજ્ઞત્વસ્વભાવ કહો—એ, આત્માનો કાયમી સ્વભાવ છે. તેમાં અલ્પજ્ઞપણાનો તો અભાવ છે. ચૈતન્યલોકમાં સર્વજ્ઞપણું વગેરે અનંત ગુણો ભર્યા છે. અલૌકિક શોભાથી ભરપૂર એવા અનંત ગુણસ્વરૂપ ચૈતન્યલોકમાં અંદર જા, તેમાં દૃષ્ટિ કરીને અંદર એકાગ્ર થા. અહાહા! ભાષા તો બહુ ટૂંકી, પણ ભાવ તો બહુ ઊંડા છે!

'તેમાં નિર્વિકલ્પ થઈને જા, તેની શોભા નિહાળ.'

અનંત અનંત ગુણોની શોભાથી ભરેલા આ ભગવાન આત્મામાં, રાગનો કે શાસ્ત્રસંબંધી જ્ઞાનનો વિકલ્પ સાથે લઈને, અંદર નહિ જવાય. વિકલ્પથી તું અંદર જ્ઞાયકસ્વરૂપમાં નહિ જઈ શકે. અનંત અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે; તેમાં નિર્વિકલ્પ થઈને જા. વિકલ્પનો અંશ પણ લક્ષમાં હશે ત્યાં સુધી અંદર નહિ જવાય. પર્યાયભેદનું લક્ષ હશે ત્યાં સુધી પણ અંદર નહિ જવાય. અલૌકિક શોભાથી ભરપૂર એવા અનંત ગુણોસ્વરૂપ ચૈતન્યલોકમાં નિર્વિકલ્પ થઈને જા, તેની શોભા નિહાળ તો અંતરમાં અતીન્દ્રિય શાન્તિ અને આનંદ પ્રાપ્ત થશે.

# પ્રવચન–૫૪

તા. ૧-૮-૭૮

## વચનામૃત—૧૪૯

**રાગી છું કે નથી—તે બધા વિકલ્પોથી પેલી પાર હું શુદ્ધ તત્ત્વ છું. નયોથી અતિક્રાન્ત ચૈતન્ય બિરાજે છે. દ્રવ્યનું અવલંબન કર તો ચૈતન્ય પ્રગટ થશે. ૧૪૯.**

'રાગી છું કે નથી—તે બધા વિકલ્પોથી પેલી પાર હું શુદ્ધ તત્ત્વ છું.'

અહાહા! એકદમ તત્ત્વની વાત છે. શરીર, વાણી, મન કે અન્ય જડ ને ચેતન પરવસ્તુ તે તો આત્માની પર્યાયમાં પણ નથી. આત્માની પર્યાયમાં રાગાદિ વિભાવ છે. રાગી છું કે નથી—એ પણ એક વિકલ્પ છે. 'રાગી છું'—એ, પર્યાયના લક્ષનો વિકલ્પ છે અને 'રાગી નથી'—એ, દ્રવ્યના લક્ષનો વિકલ્પ છે. તે બન્ને જાતના વિકલ્પો સુધી આવ્યો, પણ તેથી શું? માર્ગ તો વિકલ્પ રહિત થવાનો છે. નિજ અભેદ શુદ્ધ જ્ઞાયકદ્રવ્યસ્વભાવની સન્મુખતાની જે સહજ દશા એ જ જન્મ-મરણ રહિત થવાનો ઉપાય છે.

પર્યાયમાં રાગ છે તે વ્યવહારનયનો વિષય છે, અને વસ્તુસ્વભાવમાં રાગ નથી તે નિશ્ચયનયનો વિષય છે. પણ એ બન્ને પ્રકારના વિકલ્પની લાગણીમાં રોકાવું એમાં સ્વરૂપની પ્રાપ્તિ નથી. ચૈતન્યની પર્યાયમાં એ વિકલ્પની વૃત્તિનું જે ઉત્થાન થાય એનાથી પેલી પાર હું શુદ્ધ તત્ત્વ છું. 'હું શુદ્ધ તત્ત્વ છું' એવો વિકલ્પ પણ ત્યાં નથી. જ્ઞાનની વર્તમાન દશા અંદર જ્ઞાયકસ્વભાવની ગહનતામાં જાય—અપરિમિત આનંદ આદિ અનંત ગુણોની વર્તમાન પર્યાય, અંતર્મુખ થતાં, થાય—ત્યાં તેને વિકલ્પ રહેતો નથી. અહા! વસ્તુ અલૌકિક છે!

વર્તમાન પર્યાય જે પર ને રાગ તરફ છે તેને અંદર સ્વભાવમાં ઝુકાવવી તે સમ્યગ્દર્શન પામવાની પહેલી કળા ને રીત છે. તેથી અહીં કહે છે કે—રાગી છું કે રાગી નથી—તે બધા નયના વિકલ્પોથી પેલી પાર અંદર હું શુદ્ધ તત્ત્વ છું.

'નયોથી અતિક્રાન્ત ચૈતન્ય બિરાજે છે.'

નિશ્ચય અને વ્યવહાર—એ બન્ને નયોના વિકલ્પોથી અતિક્રાન્ત અંદર ચૈતન્યદેવ બિરાજે છે. અહીં અત્યારે નિશ્ચયનયને પણ વિકલ્પમાં લીધો છે. ચૈતન્યતત્ત્વ નિશ્ચયના વિકલ્પથી પણ પેલી પાર છે. સમયસારમાં—

'...નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.'

—કહ્યું છે, ત્યાં વિકલ્પની વાત નથી. ત્યાં તો ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો આશ્રય લેવાને નિશ્ચયનય કહ્યો છે. અને અહીં બંને નયોને વિકલ્પવાળી કહીને, તેનાથી પાર અંદર શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં જવાનું કહ્યું છે.

અંદર વિકલ્પથી પેલી પાર એવા શુદ્ધ ચૈતન્યતત્ત્વની દૃષ્ટિ વિના, તારાં લાખ વ્રત, તપ, ભક્તિ ને પૂજા કર ને! અરે! કરોડ ને અનંત કર ને!—એ તો બધો સ્થૂળ રાગ છે; પણ 'વસ્તુ છે તે રાગવાળી નથી' એવો વિકલ્પ પણ સૂક્ષ્મ રાગ છે. એનાથી પણ અંદરમાં જવાતું નથી; કેમ કે અંતરની જાતની દશા વિના અંદરમાં જવાય નહિ. શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં એની શુદ્ધ નિર્મળ પર્યાયથી જવાય, એને પકડી શકાય; બાકી વિકલ્પથી પકડી શકાય એવી એ ચીજ નથી. અહાહા! પહેલાં શ્રદ્ધામાં પાકો નિર્ણય તો કરે કે—આત્મામાં જવા માટે કોઈ વિકલ્પ કામ કરતો નથી.

અહાહા! આવો માર્ગ છે! બાકી તો, જ્ઞાયક–આત્માના ભાન વિના, અનાદિ કાળથી ચોરાશીના અવતારમાં રખડી મરે છે; કોઈ એને શરણ નથી. કરોળિયો જેમ લાળ કાઢીને તેમાં સલવાઈ જાય, તેમ આ જીવ સ્ત્રી, પુત્ર ને પરિવારમાં તથા વેપાર-ધંધામાં સલવાઈ ગયો છે. અરેરે! એને ઊગરવાનો આરો ક્યાં પ્રભુ! અહીં તો ત્યાં સુધી કહે છે કે 'બદ્ધ છું કે અબદ્ધ છું' એવી વૃત્તિથી પણ જ્ઞાયક–આત્મા પ્રાપ્ત થઈ શકે એવો નથી. અહા! આ વસ્તુ આકરી લાગે, પણ શું થાય બાપુ!

જ્યાં આત્માને વિકલ્પ ને રાગનો સંબંધ નથી, ત્યાં શરીર, સ્ત્રી-પુત્ર કે વેપાર-ધંધાનો સંબંધ ક્યાંથી આવી ગયો? એ પાપનો વિકલ્પ તો ક્યાંય રહી ગયો; પણ દયા, દાન, વ્રત, તપ ને ભક્તિનો વિકલ્પ પણ બંધનું કારણ અને દુઃખરૂપ છે. અરે! એ શુભ વિકલ્પ પણ ક્યાંય રહી ગયો; અહીંયાં તો અંતરમાં જ્ઞાયકવસ્તુની સન્મુખ થવામાં તે આવી છે, વસ્તુના આંગણામાં ઊભો રહીને 'આ ચીજ રાગ વિનાની વીતરાગસ્વરૂપ છે', એવો જે સૂક્ષ્મ વિકલ્પ ઊઠે, તેનાથી નિજ જ્ઞાયકવસ્તુ પેલી પાર છે. અહા! ચીજ જે રીતે છે તે રીતે જાણતાં ન આવડે તો અંદરમાં જાય શી રીતે?

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નયોથી અતિક્રાન્ત ચૈતન્ય અંદર બિરાજે છે. 'હું શુદ્ધ છું, અબદ્ધ છું, એક છું, પૂર્ણ છું ને પવિત્ર છું' એવી જે નિશ્ચયનયની વૃત્તિ—વિકલ્પ ઊઠે, એનાથી વસ્તુ પેલી પાર છે. રાગના વિકલ્પથી પેલી પાર એવી વસ્તુનો અનુભવ કરે તો સમકિત થાય;—એવી શ્રદ્ધા પહેલી કરવી. વિકલ્પથી એનો નિર્ણય કરતાં તેના ખ્યાલમાં એમ રહેવું જોઈએ કે—આ નિર્ણય તો હજુ વિકલ્પથી છે, નિર્વિકલ્પ દૃષ્ટિથી જ્યાં સુધી નિર્ણય ન થાય ત્યાં સુધી સાચું તત્ત્વ હાથ આવતું નથી. અહા! આવો માર્ગ છે!

ભાઈ! શું થાય? લોકો બહારની હોંશમાં ને હોંશમાં—ધંધા ને રળવાની તથા સ્ત્રી -પુત્ર-પરિવારની સરખાઈની હોંશમાં—વખત ગાળે છે, પણ તેની સાથે તારે શો સંબંધ છે? એ તો બધાં પાપનાં ને અધર્મનાં પોટલાં છે. એના પરિણામે તો દુર્ગતિ થવાની છે. મોક્ષપાહુડની ૧૬ મી ગાથામાં કહ્યું છે : 'परदव्वादो दुग्गइ सदव्वादो हु सुग्गई होइ।'

પરદ્રવ્યથી દુર્ગતિ, ખરે સુગતિ સ્વદ્રવ્યથી થાય છે;
—એ જાણી, નિજદ્રવ્યે રમો, પરદ્રવ્યથી વિરમો તમે. ૧૬.

પરમાત્મા એમ કહે છે : અમે પણ તારાથી ભિન્ન પરદ્રવ્ય છીએ; અમને પણ જો તું યાદ કરીશ તો તને વિકલ્પ ને દુર્ગતિ થશે. ચૈતન્યની ગતિ—શુદ્ધ પરિણતિ—ન થવી એ જ દુર્ગતિ. ચાર ગતિ, પછી ભલે ને સ્વર્ગની ગતિ મળે, એ દુર્ગતિ છે. પૂર્ણાનંદસ્વરૂપ જ્ઞાયક—સ્વદ્રવ્યનો આશ્રય લઈને જે પર્યાય થાય તે ચૈતન્યની સુગતિ છે. સ્વદ્રવ્યથી ખસીને ધર્મના નામે પણ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં જે વિકલ્પ ઊઠે તે ચૈતન્યની સુગતિ નહિ. અરે! ભાઈ! સમ્યગ્દર્શન કોઈ એવી ચીજ છે કે એને તો લાખો-કરોડોમાં કોઈક જ પામી શકે.

અહીંયાં તો એમ કહ્યું છે કે—જ્ઞાયકતત્ત્વ બદ્ધ-અબદ્ધ આદિ નયોના વિકલ્પોથી પેલી પાર બિરાજે છે.

'દ્રવ્યનું અવલંબન કર તો ચૈતન્ય પ્રગટ થશે.'

વસ્તુ પૂર્ણસ્વરૂપ છે, એનું અવલંબન કર; વિકલ્પનું નહિ. ભાઈ! વાત તો સાદી ભાષામાં છે, પણ ભાવ તો જે છે એ છે. પહેલામાં પહેલું કરવાનું હોય તો આ છે : સ્વદ્રવ્યનું અવલંબન. તેમાં અનંત અનંત પુરુષાર્થ છે. આ વિના બાકી બધી—વ્રત-તપ વગેરે—બહારની વાતો છે. તેને ધર્મ માનવો તે બધું મિથ્યાત્વનું પોષણ છે. પ્રભુ! તું તારી ચીજનું અવલંબન લે ને. દેવ-ગુરુનું પણ અવલંબન લેતાં તને પર્યાયમાં રાગ થશે, તારી પ્રભુતામાં ખોટ આવશે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પ્રભુ! નિર્મળ પર્યાય તારી ચીજમાંથી આવી છે. અંદર પ્રભુત્વસ્વભાવમાંથી પ્રભુપણાની નિર્મળ પર્યાય આવી છે. કેવળજ્ઞાનની પૂર્ણ પર્યાય પણ રાગથી કે કોઈ પૂર્વ પર્યાયથી નથી આવી. અંદર દ્રવ્યસ્વભાવનું અવલંબન કરવાથી ચૈતન્યની નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. અહાહા! ઝીણી વાત છે! અહીં તો કહે છે કે—શુદ્ધચૈતન્ય તરફના લક્ષવાળા જે વિકલ્પો થાય, તેનાથી પણ ત્રિકાળી જ્ઞાયકપ્રભુ હાથ નહિ આવે, સમકિત નહિ થાય. તું ત્રણ લોકનો નાથ ચૈતન્યભગવાન છો, તેનું અવલંબન અંતરમાં લે તો તને ધર્મની પહેલી શરૂઆત—સમકિત—થશે. બાકી બધી વાતો છે. ઉપવાસ કર્યા, વ્રત પાળ્યાં ને ભક્તિ કરી—એ બધી રાગ ને બંધની ક્રિયાઓ છે.

અહાહા! આકરું કામ છે ભાઈ! અરે! રાગાદિના અવલંબનમાંથી ગુલાંટ ખાવી તે અનંત પુરુષાર્થ છે. અંદર ચૈતન્યદ્રવ્ય—આત્મપદાર્થ—બિરાજે છે તેનું અવલંબન લે. પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકનું અવલંબન લે. ભગવાન ને ભગવાનની મૂર્તિનું અવલંબન લેવા જઈશ તો ત્યાં તને રાગ થશે. રાગ આવે પણ તે અવલંબન લેવા યોગ્ય નથી.

પ્રભુ! તારી મોટપ એટલી છે કે જ્યાં 'હું શુદ્ધ છું' એવી વૃત્તિ ઊઠે તે પણ કલંક છે, બંધપરિણામ છે. સમકિત એટલે કે અબંધ-પરિણામ પ્રગટ કરવા હોય તો વિકલ્પથી પેલી પાર જે ચીજ—ધ્રુવ જ્ઞાયક એક ભાવ—પડેલ છે તેનું અવલંબન લે અને તેથી તને ચૈતન્યનું ભાન થશે કે—અહાહા! આ તો મહાન ભગવાન છે. ત્યાં અંતરમાં જા. આ જ—સ્વદ્રવ્યનું અવલંબન લેવું તે જ—એક ઉપાય છે. એ સિવાય બીજો વળી ઉપાય શો? ભગવાન! માર્ગ તો આવો છે.

ભાઈ! દુનિયામાં જીવોનાં મરણ જોઈએ છીએ ને! નાની ઉંમરમાં મરીને બિચારા ક્યાંય ને ક્યાંય ચાલ્યા જાય છે. ધર્મ કર્યો ન હોય, અરે! પુણ્યનાં પણ ઠેકાણાં ન હોય, એવા જીવો મરીને ઘણા તો પશુયોનિમાં અવતરે છે. વીતરાગના માર્ગમાં એમ કહ્યું છે. પ્રભુ! ભવનો ડર જોઈએ. શ્રી યોગીન્દુદેવે યોગસારમાં કહ્યું છે : 'ભવભયથી ડરી ચિત્ત'. નરકમાં દુઃખ છે ને સ્વર્ગમાં સુખ છે—એમ નહિ, પણ ભવમાત્ર પોતે દુઃખરૂપ છે. 'મરીને કેવો ભવ થશે? ક્યાં ઉતારા થશે?, એવો જેને ભવનો ભય—ડર લાગ્યો હોય તે અંદર આત્મામાં જવા માગે, બહારમાં જેને હોંશું વર્તતી હોય તે અંદર જ્ઞાયકસ્વભાવમાં કેમ જઈ શકે?

અહા! આ તો હજુ પહેલી સમ્યગ્દષ્ટિ થવાની રીત છે. ચારિત્ર તો હજી ક્યાંય રહ્યું. ચારિત્ર કોને કહેવું બાપુ! ત્રિકાળી આનંદકંદ જ્ઞાયકપ્રભુમાં—નિરાકુળ સ્વભાવના સાગરમાં—દૃષ્ટિ કરીને પછી અંદર વિશેષ રમવું, ઠરવું, આનંદની વિશેષ દશા પ્રગટ

કરવી, એનું નામ ચારિત્ર છે. વ્રત પાળવાં ને નગ્નપણું એ કાંઈ ચારિત્ર નથી. અંદર દ્રવ્યનું વિશેષ અવલંબન કરે તો ચારિત્ર પ્રગટ થાય.

## વચનામૃત—૧૫૦

**શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી તે નૌકામાં બેસી ગયો તે તરી ગયો. ૧૫૦.**

પૂર્ણ શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવરૂપ જ્ઞાયકવસ્તુની જેણે અંતર્મુખ થઈને દૃષ્ટિ પ્રગટ કરી તે સમ્યગ્દર્શનરૂપી—સાધકદશારૂપી—નૌકામાં બેસી ગયો, તે ભવસાગર તરી ગયો. અહા! ભવના અભાવ તરફ તેનું પ્રયાણ થઈ ગયું. આવી ઝીણી વાત છે ભાઈ!

પ્રશ્નઃ—વ્યવહારથી તરાય એ વાત તો કરતા નથી!

ઉત્તરઃ—અરે! વ્યવહાર એ તો રાગ છે, વિકલ્પ છે; એનાથી ત્રણ કાળમાં આત્મા પ્રાપ્ત ન થાય, સમકિત નહિ થાય. ભલે વ્યવહારના લાખ વિકલ્પ કર ને! પણ તેથી શું? છ ઢાળામાં કહ્યું છે :

लाख बातकी बात यहै, निश्चय उर लाओ।
तोरी सकल जग दन्द-फन्द, नित आतम ध्याओ॥

અરે! એનો અર્થ ક્યાં સમજવો છે કોઈ દિવસ! એમ ને એમ પોતાની માનેલી વાતને હાંક્યે રાખવી છે. થઈ રહ્યું : કલાક–બે કલાક વ્યવહારની વાતો સાંભળે ને પછી એ પોતાના પાપના ધંધામાં પડી જાય! વ્યવહારના વિકલ્પોથી પાર એવા પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન નિજ જ્ઞાયકઆત્માની રુચિ અને દૃષ્ટિ કરવાની—અંતરથી સમજવાની—એને ગરજ અને નવરાશ ક્યાં છે?

જેણે નિજ પરમાનંદ પ્રભુની દૃષ્ટિ કરી, તે સાધનારૂપી નૌકામાં બેસી ગયો. અહાહા! જેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું તે સાધનારૂપી નૌકા વડે સંસારસાગર પાર કરે છે. ભલે ને તે હજુ ગૃહસ્થાશ્રમમાં હો પણ જેણે પૂર્વે અનંત કાળમાં નહિ થયેલું એવું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તે ભવસાગર તરી ગયો અને ભવની પરંપરા છેદનાર એ પવિત્ર સમ્યગ્દર્શન વિના જીવ—

मुनिव्रत धार अनन्त बार ग्रीवक उपजायौ।
पै निज आतमज्ञान बिना, सुख लेश न पायौ॥

મુનિપણું લીધું, હજારો રાણીઓ છોડી, શરીર ઉપર વસ્ત્રનો એક ટુકડો પણ નહિ—એવું નગ્નપણું લીધું, પણ અંદરમાં મહાવ્રતના શુભ પરિણામ તે મારા, મને લાભ કરશે, એવી મિથ્યાત્વમય દૃષ્ટિ છોડી નહિ. અહા! તેને રાગથી ભિન્ન આત્માનો સ્વાદ ન આવ્યો, સુખ ન આવ્યું. ભાઈ! પંચમહાવ્રતના પરિણામ તો આસ્રવ છે અને આસ્રવ દુઃખરૂપ છે. જે દુઃખરૂપ છે તેને સાધન માને એનું શું કરવું? પ્રભુ! તારે ક્યાં જવું છે? એ વ્રતાદિના રાગરૂપ સાધનથી તો બંધ થાય છે ને બંધથી તો સંસાર છે.

અહા! જેણે દ્રવ્યસ્વભાવનું અવલંબન લઈને અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી તેને દેહના છૂટવા કાળે અરે! શરણ ક્યાં? અરે! દેહમાં રગેરગ તણાશે, સબાકા મારશે, રજકણે રજકણ પલટી જશે, તે વખતે જ્ઞાયક ભગવાન આત્મા જે શરણ છે તેની દૃષ્ટિ નહિ હોય તો એ જાશે ક્યાં? એ દુઃખમાં ભીંસાઈ જશે. ભાઈ! ત્યાં પોતાના આત્મા સિવાય બીજું કોઈ શરણ નથી.

અહાહા! જેણે શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી તે નૌકામાં બેસી ગયો; બસ, હવે તે પાર થઈ જશે. રત્નકરંડ-શ્રાવકાચારમાં કહ્યું છે :

गृहस्थो मोक्षमार्गस्थो निर्मोहो नैव मोहवान् ।
अनगारो गृही श्रेयान् निर्मोहो माहिनो मुनेः ।।३३।।

જેને અંતરમાં આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ થયું છે તે, ભલે ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ મોક્ષમાર્ગમાં છે; અને જે અણગાર—મુનિ થયો છે, પણ શુભ રાગની ક્રિયાથી મને લાભ થશે, આ પંચ મહાવ્રત પાળું છું તેનાથી મને ધર્મ થશે,—એમ માને છે તે જીવની દૃષ્ટિ મિથ્યા હોવાથી તે સંસારમાર્ગમાં છે. નિર્મોહી સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ મોહી—મિથ્યાદૃષ્ટિ સાધુ કરતાં શ્રેષ્ઠ છે, ઉત્તમ છે. અહાહા! આવી વાતો છે!

❁

## વચનામૃત—૧૫૧

એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા. ક્યાંય રોકાઈશ નહિ. અંદરથી ખટક જાય નહિ ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી. બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગ દશા ન પ્રગટી! આંખમાં કણું સમાય નહિ તેમ આત્મસ્વભાવમાં

**એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી. જ્યાં સુધી સંજ્વલન કષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન —કેવળજ્ઞાન પ્રકટ થતું નથી. ૧૫૧.**

'એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા.'

શું કહેવા માગે છે? પહેલાં આમ કરવું ને પછી આમ કરવું, પહેલાં રાગની મંદતા કરું, વિકલ્પથી નિર્ણય કરું ને પછી અંદર ચૈતન્યસ્વભાવમાં જઉં—એ બધું છોડી દે, એ બધું રહેવા દે.

'જૈનમિત્ર'માં વચનામૃત પુસ્તકનાં વખાણ આવ્યાં છે. મધ્યસ્થપણે લખ્યું છે કે બેનનાં વચનામૃતો પઠન કરવા યોગ્ય છે, અધ્યાત્મના પ્રેમમાં રસ આવે એવાં છે. બહુ સારું લખ્યું છે. સાદી ગુજરાતી ભાષા! તેનું હિન્દી પણ થઈ ગયું છે. દસ હજાર તો હમણાં છપાણાં ને તેમાંથી પોણા સાત હજાર પુસ્તક હિન્દી 'આત્મધર્મ' ના ગ્રાહકોને ભેટ અપાયા છે. જેની પાસે 'આત્મધર્મ' જાય છે તે બધાને આ વચનામૃત પુસ્તક પહોંચી ગયા છે . અહાહા! વાંચે તો ખ્યાલ આવે ને કે—અહો! આવી ચીજ! વેદાન્તી વાંચે તોપણ ખુશી-ખુશી! તેને એક વાર તો એમ થઈ જાય કે વાત તો બરાબર એમ જ છે. બાપુ! આ તો પરમ સત્ય, બેનની સાદી ભાષામાં—ગુજરાતી બોલચાલની ભાષામાં—આવી ગયું છે.

અહીં કહે છે : એકદમ પુરુષાર્થ કર. પહેલાં અશુભ ટાળવું ને શુભ કાંઈક કરવું, પછી આ કાંઈક શુદ્ધ ચૈતન્યના વિકલ્પો કરું ને પછી ચૈતન્યસ્વભાવમાં જઈશ—એ બધી વાયદાની વાત છોડી દે. એકદમ એટલે તુરત જ અંદરનો પુરુષાર્થ કર ને ફટ દઈને રાગ રહિત એવા તારા જ્ઞાયકસ્વભાવમાં ઊંડો ઊતરી જા. પહેલાં વિકલ્પથી નિર્ણય કરીશ ને પછી આ કરીશ એમ વાયદા ન કર; એમ વાયદા નહિ ચાલે.

અરે! બહારનાં—વ્યવહારનાં આચરણવાળા મળે, ને એમાં જીવને રસ લાગી જાય કે—આ નગ્ન છે, સાધુ છે, બહારના ત્યાગી છે, પંચ મહાવ્રત પાળે છે. જગતને બહારનો પ્રેમ—મિથ્યાત્વનો રસ—છૂટવો બહુ આકરો છે!

ભાઈ! એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા.

પ્રશ્ન:—ઊંડો ઊતરી જા એટલે શું?

ઉત્તર:—જેમ કોશિયો ભૂસકો મારીને કૂવામાં તળિયે જઈને તાગ (વેળુ) લાવે છે, તેમ આત્માના ધ્રુવ તળમાં જઈને—વર્તમાન શુભાશુભ પર્યાય છે તે તો ઉપર-ઉપર છે,

અને જ્ઞાયકનું તળ ઊંડું ઊંડું ધ્રુવ છે—ત્યાં વસી જા, અંતરનો પુરુષાર્થ કરીને જે ત્રિકાળ જ્ઞાયકભાવ, આનંદભાવ, શાંતભાવ છે ત્યાં ઊંડો ઊતરી જા. પર્યાય તો ઉપર-ઉપર તરે છે, દ્રવ્યમાં—ધ્રુવ સામાન્યતત્ત્વમાં—પેઠી નથી. પર્યાય ધ્રુવ તત્ત્વમાં પેસે નહિ, પણ એના તરફ વળે; પર્યાયનું લક્ષ પર્યાય ઉપર હતું તેનો પલટો લઈને ધ્રુવ તરફ લક્ષ કર્યું એટલે પર્યાય ઊંડે તળમાં ગઈ એમ કહેવામાં આવે છે.

અહાહા! વાત ઝીણી બહુ! સાચું શ્રવણ પણ ભાગ્ય વિના મળે નહિ બાપુ!

ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પૂર્ણ પરમાત્મા સીમંધર પ્રભુ મહાવિદેહમાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. બેન ત્યાંથી આવ્યા છે, એની આ વાણી છે. અહા! સમજાણું કાંઈ?

'ક્યાંય રોકાઈશ નહિ.'

આટલું જ્ઞાન મેળવું, આટલાં શાસ્ત્રો વાંચી લઉં, એમ ક્યાંય બહારમાં રોકાઈશ નહિ. વાંચ્યે પાર નહિ આવે બાપુ!

'અંદરથી ખટક જાય નહિ ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી.'

પહેલાં આ કરું ને પછી આ કરું—એમ અંદર જ્યાં સુધી વિકલ્પની ખટક રહેશે ત્યાં સુધી અંતરમાં નહિ જઈ શકે. ખાવાપીવાનાં સાધન કાંઈક ઠીક રહે, છોકરાઓ રસ્તે ચડે પછી નિવૃત્તિ લઈશ,—એવામાં રોકાઈશ નહિ ભાઈ! એવામાં તો નહિ પણ શાસ્ત્ર ભણવાના વિકલ્પોમાંય રોકાઈશ નહિ. તને અંદરથી ખ્યાલમાં આવી જવું જોઈએ કે આનંદઘન ધ્રુવ જ્ઞાયક આત્મા એ કોઈ બીજી ચીજ છે! તો હવે પુરુષાર્થ કરીને ત્યાં અંતરમાં જા, વચ્ચે બીજે ક્યાંય રોકાઈશ નહિ.

દુનિયાને આટલો બધો ઉપદેશ આપ્યા પછી અંદરમાં જઈશું, થોડાક લોકો ધર્મ સાંભળે—સમજે—એટલો થોડો વખત કાઢીએ ને પછી અંતરમાં જવાની નિવૃત્તિ લેશું; ભાઈ! એ માટે રોકાઈશ નહિ, એમ અંદરનું તત્ત્વ હાથ નહિ આવે. અરે! પ્રભુ! માથે મોત ગાજી રહ્યું છે, ક્યે સમયે દેહ છૂટશે તેની ખબર નથી, બીજા ભવમાં જવાનું થશે, ભાઈ! તે પહેલાં આત્માનું હિત કરી લે.

ખૂબ ધામધૂમથી મોટી રથયાત્રા નીકળે, વીતરાગ જૈનધર્મનો જયજયકાર બોલાય,—એમાં કાંઈ આત્મા નથી; એ તો શુભ રાગનો વિકલ્પ હોય ને બહારની ક્રિયા થવાની હોય તો થાય; તેની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. એનાથી આત્માને કંઈક લાભ

થશે—એમ બહારમાં ક્યાંય રોકાઈશ નહિ. અંદરથી ખટક જાય નહિ, ને વિકલ્પ આવ્યા કરે કે આ કરું, આ કરું,—આટલું કર્યા પછી અંદરમાં જઈશ—એમ જો વાયદા કર્યા તો અંદર નહિ જઈ શકે, જ્ઞાયકનું તળ તને હાથ નહિ આવે. અંદરની ખટક જ્યાં સુધી જાય નહિ, ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી.

'બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગ દશા ન પ્રગટી!'

બાહુબલી મુનિ હતા. ત્રણ કષાયનો અભાવ થયો હતો, એક સંજ્વલનનો કષાય બાકી હતો. આ જમીન ભરતની છે—એવા એક વિકલ્પની જરાક ખટકને લઈને કેવળજ્ઞાન ન થયું. અહાહા! જેણે હજારો રાણી છોડી, રાજ્ય છોડ્યું, ત્રણ કષાયનો અભાવ કરી અંદર નિરંતર આનંદઝરતા પ્રચુર સ્વસંવેદનના મહોરછાપવાળું ભાવલિંગ પ્રગટ કર્યું હતું તેને—બાર બાર મહિના સુધી ઊભાં ઊભાં તપ કર્યું, શરીર પર વેલડીઓ વિંટળાણી, ભયંકર ઝેરી સર્પ શરીર સાથે લપેટાયા,—વિકલ્પની જરી એક ખટકમાં રોકાઈ રહેવાથી વીતરાગ દશા ન પ્રગટી. સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે ને સમ્યક્ચારિત્ર પણ છે. ચારિત્ર છે પણ અપૂર્ણ છે, પૂર્ણ વીતરાગ ચારિત્ર નથી. અહાહા! તેને પણ એક ખટકમાં રોકાઈ જતાં સંપૂર્ણ વીતરાગ દશા ન પ્રગટી.

'આંખમાં કણું સમાય નહિ તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી.'

જેમ આંખમાં એક રજકણ પડે ત્યાં ખટક ખટક થયા કરે, પાણી જાય, ખટકો—પીડા થયા કરે, તેમ જીવને જ્ઞાન ને આનંદમાં સૂક્ષ્મ પણ રાગનો અંશ રહે ત્યાં સુધી વીતરાગતા નહિ થાય, કેવળજ્ઞાન નહિ થાય. પ્રવચનસારમાં કહ્યું છે :

અણુમાત્ર પણ મૂર્છા તણો સદ્ભાવ જો દેહાદિકે,
તો સર્વ આગમધર ભલે પણ નવ લહે સિદ્ધત્વને.

જો રાગ સાથે એકતાના વિકલ્પમાં રોકાઈ ગયો તો સમકિત નહિ થાય. અહીં કહે છે : અસ્થિરતાના રાગમાં રોકાઈ ગયો તો વીતરાગતા નહિ થાય. અહાહા! આંખમાં કણું સમાય નહિ, તેમ આત્મસ્વભાવમાં અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી, કેમ કે જ્ઞાયક પ્રભુ તો વીતરાગસ્વરૂપે છે ને!

'જ્યાં સુધી સંજ્વલનકષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન—કેવળજ્ઞાન પ્રગટ થતું નથી.'

સંજ્વલનકષાયનો અબુદ્ધિપૂર્વકનો અંશ પણ જ્યાં સુધી છે ત્યાં સુધી વીતરાગતા નહિ થાય. છટ્ઠે ગુણસ્થાને તો હજી બુદ્ધિપૂર્વક રાગ છે; અહીં તો અબુદ્ધિપૂર્વકના કષાયની વાત છે. બાહુબલી મુનિને રાગની જરાક ખટક હતી તે ખસી ગઈ ને ઊતરી ગયા અંદર, અને એક ક્ષણમાં નિજ ચૈતન્યભગવાનની કેવળજ્ઞાનસ્વરૂપ જળહળતી જ્યોતિ—અરિહંત પદ—પ્રાપ્ત કરી.

અહાહા! અબુદ્ધિપૂર્વક—ખ્યાલમાં ન આવે એવો સૂક્ષ્મ—રાગનો એક પણ અંશ અવ્યક્તપણે રહ્યો હોય તોપણ વીતરાગતા ને કેવળજ્ઞાન થતું નથી; તો અરે! નીચે રાગના કણનો પ્રેમ અને તેની રુચિમાં પડ્યો હોય તેને સમ્યગ્દર્શન થાય—એ ત્રણ કાળમાં બને નહિ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રવચન–૫૫

તા. ૨-૮-૭૮

## વચનામૃત—૧૫૨

**આત્માને ઓળખી સ્વરૂપરમણતાની પ્રાપ્તિ કરવી તે જ પ્રાયશ્ચિત્ત છે. ૧૫૨.**

શુદ્ધ અને પૂર્ણસ્વરૂપ જ્ઞાયક આત્માનું જ્ઞાન કરવું, સાચી ઓળખાણ કરી તેમાં રમણતા કરવી તેને પ્રતિક્રમણ કહો, આલોચના કહો, પ્રત્યાખ્યાન કહો કે પ્રાયશ્ચિત્ત કહો, એ બધું એક છે—આત્માનો શુદ્ધ ભાવ છે. બહારથી કોક પાપનું પ્રાયશ્ચિત્ત લે એ તો શુભ ભાવ છે, રાગ છે. રાગ રહિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને જાણ્યા વિના રમણતા શેમાં? અને સ્વરૂપરમણતા વિના ચારિત્ર—પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ ને પ્રાયશ્ચિત્ત વગેરે—ક્યાંથી આવ્યું? માટે પ્રથમ વીતરાગસ્વરૂપ નિજ આત્માની સાચી ઓળખાણ કર. પહેલામાં પહેલું આ કરવાનું છે. બહુ તો, પહેલાં નવ તત્ત્વનો વિકલ્પથી વિચાર કરવો એમ આવે, પણ તે મૂળ ચીજ નથી.

જ્ઞાન, આનંદ, પ્રભુત્વ, સ્વચ્છત્વ આદિ અનંત અનંત ગુણરત્નોનો ભંડાર—ગુણરત્નાકર એવા નિજ જ્ઞાયક પ્રભુને જ્ઞાનની વર્તમાન દશામાં મુખ્ય જ્ઞેય બનાવી તેની ઓળખાણ કર; પછી અતીન્દ્રિય આનંદમૂર્તિ એવા નિજ ભગવાન આત્મામાં જે વિશેષ લીનતા—રમણતા કરવી તેને પ્રાયશ્ચિત, ધર્મ, સંયમ અને ચારિત્ર વગેરે કહેવામાં આવે છે.

પ્રશ્ન:—બહારની શુદ્ધિ વિના અંદરમાં કઈ રીતે જવું?

ઉત્તર:—શુદ્ધિ બહારમાં છે જ નહિ, અંતરની શુદ્ધિ એ જ ખરી શુદ્ધિ છે. રાગની મંદતા, શુભ રાગ—બહારની શુદ્ધિ લાખ કરોડ કરે, અરે! ‘મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો’ એવું અનંત વાર કર્યું, પણ તે સાચી શુદ્ધિ નથી, અશુદ્ધિ છે; કેમ કે રાગની મંદતા કરવા છતાં પણ ‘નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો’. બહારના મંદકષાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એકદમ પુરુષાર્થ કરી અંદર અકષાય શાન્ત જ્ઞાયક

સ્વભાવના ઊંડાણમાં ઊતરી જાય, તો તને આનંદ પ્રાપ્ત થશે. અહા! આ તો તાત્ત્વિક માલની વાત છે!

નિયમસારના પ્રાયશ્ચિત્ત-અધિકારમાં આવ્યું છે ને!—ધર્મી જીવને પ્રાયઃ ચિત્ત એટલે કે પ્રકૃષ્ટપણે ચિત્ત (-જ્ઞાન) છે. બોધ, જ્ઞાન અને ચિત્ત જુદા પદાર્થો નથી. ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ તે ખરેખર પરમ બોધ છે. એવા બોધને—ચિત્તને—જ્ઞાનને જે નિત્ય ધારણ કરે છે, તે જ્ઞાનીને ખરેખર સાચું પ્રાયશ્ચિત્ત છે.

જીવ ધર્મી છે અને જ્ઞાનાદિક તેના ધર્મો છે. પરમ ચિત્ત અથવા પરમ જ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ વિશેષધર્મ છે. માટે સ્વભાવ-અપેક્ષાએ જીવદ્રવ્યને પ્રાયઃ ચિત્ત છે અર્થાત્ પ્રકૃષ્ટપણે જ્ઞાન છે. જે જ્ઞાની આવા ચિત્તને (-પરમ જ્ઞાનસ્વભાવને) શ્રદ્ધે છે અને તેમાં લીન રહે છે, તેને નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે.

અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો પિંડ એવું જે અંદર પોતાનું પરમાત્મસ્વરૂપ છે તેનો પ્રકૃષ્ટપણે—ખાસપણે બોધ કરવો, તેની ઓળખાણ કરી સ્વરૂપમાં લીનતા પ્રાપ્ત કરવી તે જ પ્રાયશ્ચિત્ત છે. અહા! આ કાંઈ સાધારણ વાત નથી. અનાદિ ભવપ્રવાહમાં અનંત વાર પંચ મહાવ્રત ધારણ કર્યાં, ક્રિયાકાંડ કર્યા, ભક્તિ કરી, કરોડો ને અબજોનાં ખર્ચથી મંદિરો બનાવ્યાં પણ તેથી શું? એ ભાવ તો શુભ છે; તેનાથી પુણ્ય છે, ધર્મ નથી. આત્માનો સ્વભાવ જે જ્ઞાન–બોધ–ચિત્ત, આનંદ, શાંતિ ને વીતરાગતા આદિ છે તેની, 'આત્મા ધર્મી ને જ્ઞાન આદિ તેના ધર્મ' એવો ભેદ પાડ્યા વગર, જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ઓળખાણ કરી, સ્વરૂપરમણતા કરવી તે જ સાચું પ્રાયશ્ચિત્ત ને ધર્મ છે. અહા! શબ્દો તો સહેલા છે પણ ભાવ બહુ ઊંડા છે!

પ્રશ્નઃ—પહેલાં દાન, શીલ, તપ વગેરે કાંઈક કરીએ તો પછી ધર્મ થાય ને?

ઉત્તરઃ—ભાઈ! એમ છે જ નહિ. પહેલાં મંદકષાય કરીએ ભક્તિ, પૂજા, વ્રત કે તપ કરીએ તો પછી ધર્મ થશે—એવી ચીજ નથી. પોતાના ત્રિકાળી આનંદસ્વરૂપના આશ્રયે નિર્મળ આનંદપર્યાયરૂપે પોતે પરિણમીને તેને પોતામાં રાખી તે જ સાચું દાન એટલે કે સંપ્રદાન છે. બહારમાં બે-પાંચ કરોડ રૂપિયા ખર્ચી નાખ્યા તો દાન થયું ને ધર્મ થયો—એમ જરાય નથી.

પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત બેહદ શક્તિઓનો મહા ગંભીર સાગર, સહજ સુખ-શાંતિ આદિ અનંત ગુણરત્નોનો ભંડાર,—એવો જે આ જ્ઞાયક ભગવાન આત્મા તેને ઓળખી અંદર સ્વરૂપમાં રમણતા પ્રાપ્ત કરવી તે ચારિત્ર છે. ચારિત્ર એટલે

પ્રચુર સ્વસંવેદન સહિત નિજ સ્વરૂપમાં ચરવું, રમવું, જામી જવું, અંદર અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું. અહા! આવી વાત છે ભાઈ! જગતથી સાવ જુદી!

## વચનામૃત—૧૫૩

**રાજાના દરબારમાં જવું હોય તો ફરતી ટહેલ નાખે, પછી એક વાર અંદર ઘૂસી જાય; તેમ સ્વરૂપ માટે દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી અંદર જવાનું શીખે તો એક વાર નિજ ઘર જોઈ લે. ૧૫૩.**

'રાજાના દરબારમાં જવું હોય તો ફરતી ટહેલ નાખે, પછી એક વાર અંદર ઘૂસી જાય;'

કોઈ મોટો રાજા હોય ને તેને મળવા જવું હોય તો પહેલાં મહેલ—રાજદરબાર—પાસે આવવું, અંદર જવા માટે ત્યાં ટહેલ મારવી અને અવસર જોઈને એક વાર અંદર ઘૂસી જવું, જેથી રાજા જોવા મળે.

'તેમ સ્વરૂપ માટે દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી અંદર જવાનું શીખે તો એક વાર નિજ ઘર જોઈ લે.'

સહજ જ્ઞાન, સહજ આનંદ ને સહજ વીતરાગતાનો—શાન્તિનો કંદ એવા ત્રિકાળી જ્ઞાયક ભગવાન આત્માનું સ્વરૂપ સમજવા—પ્રાપ્ત કરવા માટે પ્રથમ સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી—તેમણે ઉપદેશેલા મૂળ પ્રયોજનભૂત નિજ જ્ઞાયકતત્ત્વની મહત્તા હૃદયમાં રાખી—અંદર જવાનું શીખે તો એક વાર નિજ ઘર જોઈ લે—ત્રિકાળી નિજ વીતરાગ સ્વરૂપ પ્રાપ્ત કરી લે. સર્વ જિનવચનનું તાત્પર્ય પણ એ જ કહ્યું છે કે વીતરાગતા પ્રગટ કર.

શ્રીમદ્ના ભક્તો પણ એમ કહે છે : 'ગુરુની આજ્ઞા.....' પણ ગુરુની આજ્ઞા શી? અંદર આત્મામાં જવું, વીતરાગતા પ્રગટ કરવી—એ જ ભગવાનની, શાસ્ત્રની—દિવ્ય ધ્વનિની અને ગુરુની આજ્ઞા છે. અંદર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પાતાળકૂવો છે. તેના સ્વરૂપની પ્રાપ્તિ માટે દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા હોય, પણ તે નિમિત્તો એમ કહે છે : તું અંદર જા, તું અંતરમાં તારા સ્વરૂપની સમીપતા કર. આનંદઘનજી કહે છે :

'વીરપણું તે આતમઠાણે જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે.'

હે વીરપ્રભુ! વીર્યનો પિંડ અને આનંદનો કંદ એ બધું ભગવાન આત્માના સ્થાનમાં છે એ તમારી આજ્ઞાથી, તમારી દિવ્ય વાણીથી મેં જાણ્યું; પણ અંદર સ્વરૂપમાં સમીપ આવીને જાણવું, તેનો અતીન્દ્રિય અનુભવ કરવો, તે મારું કર્તવ્ય છે. જ્ઞાન અંતરનું, ધ્યાન અંતરનું, પૂર્ણ થવાનો ઉત્સાહ—વીર્ય પણ અંતરનું. પોતાના વર્તમાન પુરુષાર્થમાં અન્તરમુખ સ્ફુરણ થવું, પ્રેરણા કરવી તે વીર્ય. અહા! આકરું લાગે લોકોને!

પ્રશ્ન:—આ તો આપ નિશ્ચયની વાત કરો છો!

ઉત્તર:—નિશ્ચય એટલે યથાર્થ. પરમ સત્ય આ જ છે બાપુ! પ્રૌઢ વિવેકવાળા નિશ્ચયના જે અજાણ છે તેઓ પરમાર્થ સત્ય એવા નિજ ભગવાન સમયસારને પામતા નથી—અનુભવતા નથી.

અનુભવ થયા પછી સ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા થાય. પૂર્ણતા ન થાય ત્યાં સુધી વચમાં વ્યવહાર—પૂજા-ભક્તિ તથા વ્રત-તપ આદિના ભાવ—આવે, પણ તે ભાવ બંધનું કારણ છે; પોતાના ધ્રુવ જ્ઞાયક સ્વભાવનું જેટલું અવલંબન લઈ અંદર રહે એટલો મોક્ષનો માર્ગ ને અબંધપરિણામ છે. પોતાના સ્વભાવનું અવલંબન છોડીને જેટલો પરદ્રવ્યનો—ચાહે તો સમવસરણમાં સાક્ષાત્ બિરાજમાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકર ભગવાન હો, તેમના પ્રત્યેનો પણ—વિકલ્પ છે તે તો રાગ છે; તે શુભ ભાવ ધર્મ નથી. પોતાના ત્રિકાળી સ્વદ્રવ્ય સિવાય બીજાનું અવલંબન લેવા જઈશ તો રાગ જ થશે. અહા! બહુ ઝીણી વાત!

વીતરાગ નિજ સ્વરૂપની પ્રાપ્તિ માટે વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી અંદર ઘૂસી જવું. અંદર જવાનું શીખે, પૂર્ણાનંદસ્વરૂપમાં પ્રવેશ કરવાનું શીખે, એટલે કે સ્વરૂપને જાણવા તરફનો પ્રયત્ન કરે, તો એક વાર નિજ ઘર જોઈ લે. પંડિત દોલતરામજી કહે છે ને—

હમ તો કબહુ ન નિજ ઘર આયે, (૨) ;
પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે. હમ તો૦

પરપદ નિજપદ માનિ મગન હ્વૈ, પરપરનતિ લપટાયે;
શુદ્ધ બુદ્ધ સુખકંદ મનોહર, ચેતન ભાવ ન ભાયે. હમ તો૦

હું શેઠ છું, રંક છું; હું પંડિત છું, મૂરખ છું; હું મનુષ્ય છું, દેવ છું, પશુ છું;

મેં પુણ્ય કર્યું, મેં પાપ કર્યું—એવું માનતો આવ્યો છે; શાસ્ત્રો વાંચી પંડિત પણ અનંત વાર થયો છે; પણ અંદર નિજ ઘરમાં શી ચીજ છે! ત્યાં આવ્યો નહિ. અતીન્દ્રિય વીતરાગ આનંદમૂર્તિ જે નિજ જ્ઞાયક પ્રભુ તેની સન્મુખ એક વાર પણ જાય, તેનો આશ્રય એક સમય પણ લે, તો અંદર નિજ ઘરને જોઈ લે.

અંદર જવાનું શીખે તો અંતરમાં જે ચીજ છે તેનું જ્ઞાન થાય. દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી અંદરમાં જવાનું કહ્યું, પણ ખરેખર તો તારો દેવ અને ગુરુ તું જ છો. સમજવાલાયક દેવ પણ તું છો ને સમજાવનાર ગુરુ પણ તું છો. અમે તને શું સમજાવીએ? તું જ સમજાવ તારા આત્માને કે, અરે આત્મા! તું અંદર આનંદસ્વરૂપ છો, ત્યાં જા ને. અહા! આવી વાતો છે! અત્યારે તો બહારની! ' હાહો' માં જિંદગી ચાલી જાય છે. ભાઈ! સ્વરૂપમાં જવાનું શીખીને એક વાર નિજ ઘર જોઈ લે, તો તને અપૂર્વ આનંદ ને શાન્તિ પ્રાપ્ત થશે.

## વચનામૃત—૧૫૪

**જેને જેની રુચિ હોય તેને તે જ ગમે, બીજું ડખલરૂપ લાગે. જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે. 'કાલ કરીશ, કાલ કરીશ' એવા વાયદા ન હોય. અંદર ગડમથલ ચાલ્યા જ કરે અને એમ થાય કે મારે હમણાં જ કરવું છે. ૧૫૪.**

'જેને જેની રુચિ હોય તેને તે જ ગમે, બીજું ડખલરૂપ લાગે.'

જેને જેની જરૂરિયાત લાગે તેને તે જ રુચે છે. ભગવાન આત્માની જેને રુચિ હોય તેને તે જ ગમે છે, સુખરૂપ દેખાય છે, બીજું બધું ડખલરૂપ લાગે છે; વચમાં દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમા વગેરેનો શુભ વિકલ્પ આવે, પણ તે દુઃખરૂપ લાગે છે. અંદર આનંદસ્વરૂપની રુચિમાં ભગવાન આત્મા સુખરૂપ લાગે છે. અહા! આવો માર્ગ છે ભાઈ! લોકોએ ધર્મનો માર્ગ ચૂંથી નાખ્યો; કોકે કાંઈકમાં ને કોકે કાંઈકમાં ધર્મ માન્યો. લઈ લો જાવજીવનું બ્રહ્મચર્ય, લૂગડાં છોડો ને થઈ જાઓ નગ્ન; પણ ભાઈ! એમાં ધૂળે ય ધર્મ નથી. એવું બહારનું નગ્નપણું તો અનંત વાર ધારણ કર્યું. આત્મા કે જેમાં રાગની લાગણીનાં કપડાં પણ નથી એવી ત્રિકાળી જ્ઞાયક ચીજ તેને પહેલાં ઓળખીને—તેનો અનુભવ કરીને જેને નિજ ઘરમાં જવું છે તેને બીજું બધું દુઃખરૂપ લાગે છે.

ધર્મી જીવને પોતાનો આત્મા જ રુચે છે, રાગાદિ આવે છે તે ગમતા નથી, દુઃખરૂપ લાગે છે, બોજારૂપ લાગે છે.

પ્રશ્ન :—શું આ નિશ્ચયાભાસ નથી?

ઉત્તર :—ના. આ જ સાચો નિશ્ચય છે. વ્યવહાર હોય પણ તેનાથી નિશ્ચય થાય તે વાત બરાબર નથી. નિમિત્ત હોય પણ તેનાથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થાય—એમ નથી. દેવ-ગુરુના કારણે પોતાને ધર્મ થઈ જાય—એમ નથી.

પ્રશ્ન :—દેવ-ગુરુની સમીપતામાં થાય કે નહિ?

ઉત્તર :—સમીપતાનો અર્થ શો? સમીપતા ક્યારે કહેવાય? તે જ અહીં કહે છે : પોતે અંદરમાં સમજે, આત્માની સમીપતા—મુખ્યતા—અગ્રતા રાખી અંતરમાં જવાનું શીખે તો ધર્મ અને શાંતિ થાય.

પ્રશ્ન :—નિમિત્તથી કાંઈ થતું નથી, તો મુમુક્ષુઓ સોનગઢ શા માટે આવે છે?

ઉત્તર :—'નિમિત્તથી કાંઈ થતું નથી' એ વાતને પોતે પોતા વડે અંદરથી દૃઢ કરે છે, ત્યાં બહારમાં એવા સત્સમાગમનો યોગ હોય છે.

પ્રશ્ન :—સત્સમાગમરૂપ નિમિત્તથી દૃઢતા તો થાય છે ને?

ઉત્તર :—દૃઢતા પોતે પોતાથી જ કરે છે, નિમિત્તથી નહિ. માર્ગ તો એવો છે ભાઈ! વળી, ગુરુ-આજ્ઞા સિવાય ધર્મ થાય—એવું પણ નથી; પણ તેનો અર્થ શો? ગુરુ આજ્ઞામાં શું કહે છે? અમારો આશ્રય છોડ ને તારા દ્રવ્યસ્વભાવનો આશ્રય લે એમ ગુરુ કહે છે.

અત્યારે તો ઉપદેશમાં ઘણી વિપરીતતા ચાલે છે. હાલના ઉપદેશકો કહે છે : વ્રત કરો, તપ કરો, ત્યાગ કરો; પણ એ તો ઊંધો ઉપદેશ છે; આત્માના ભાન વિના સાચાં વ્રત-તપ કેવાં? દુનિયા ગાંડી—પાગલ છે; પાગલ પસંદ કરે એમાં આત્માને શું? દુનિયા પ્રમાણપત્ર આપે માટે ધર્મી? જેને પોતાના સ્વરૂપનું ભાન નથી તેના પ્રમાણપત્રની કિંમત કેટલી? 'લહી ભવ્યતા મોટું માન' ભગવાન એમ કહે કે આ જીવ ભવ્ય, લાયક ને આત્માર્થી છે, પછી તારે કોનું માન લેવું છે? દેવ-ગુરુનો ઉપદેશ વીતરાગતાનો છે. તમે અમારી બાજુનો રાગ કરો અને તેથી ક્રમે ક્રમે ધર્મ ને કલ્યાણ થશે; પહેલાં અશુભ ટાળી શુભ કરો, પછી શુભ ટળી હળવે હળવે શુદ્ધ થશે—એવો ઉપદેશ વીતરાગ ભગવાનનો નથી.

જેને શુદ્ધ ચિદાનંદ પ્રભુ ભગવાન આત્મા રુચે છે, ગમે છે, તેને બીજું બધું ડખલરૂપ લાગે છે. સમ્યગ્જ્ઞાનીને વ્યવહારના ભાવો આવે છે, પણ તે અંતરની સાધનામાં ડખલરૂપ, દુઃખરૂપ લાગે છે. અહા! આવી વાત છે!

'જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે.'

જેને ચિદાનંદસ્વરૂપ આત્મા સમજવાની રુચિ છે તેને બીજી કોઈ ચીજ રુચતી નથી. કેવળ એક આત્મા, આત્મા ને આત્મા; પ્રભુ! તું જ છો એ. પોતાના શુદ્ધ સ્વભાવની 'અસ્તિ'માં બીજી બધી ચીજની—દેવ-શાસ્ત્ર-ગુરુની પણ—'નાસ્તિ' છે. જેણે સ્વદ્રવ્ય દૃષ્ટિમાં લીધું તેને બીજાં બધાં દેવ-ગુરુ સુધ્ધાં—પોતાનું દ્રવ્ય નથી તે અપેક્ષાએ અદ્રવ્ય દેખાય છે. બાહ્યવસ્તુ આ દ્રવ્ય નથી માટે અદ્રવ્ય—પરદ્રવ્ય.

અધ્યાત્મની સૂક્ષ્મ દૃષ્ટિએ સ્વદ્રવ્ય-પરદ્રવ્યની વ્યાખ્યા આ પ્રમાણે છે : 'સ્વદ્રવ્ય' એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ; 'પરદ્રવ્ય' એટલે સવિકલ્પ ભેદ-કલ્પના. 'સ્વક્ષેત્ર' એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ; 'પરક્ષેત્ર' એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો, તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે. 'સ્વકાળ' એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા; 'પરકાળ' એટલે દ્રવ્યની જે મૂળ નિર્વિકલ્પ અવસ્થા તે જ અવસ્થાન્તર—ભેદરૂપ કલ્પનાથી 'પરકાળ' કહેવાય છે. 'સ્વભાવ' વસ્તુની મૂળ સહજ શક્તિ; 'પરભાવ' એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના. આ વાત સમયસાર-કલશટીકામાં ૨૫૨મા શ્લોકના ભાવાર્થમાં આવી છે.

જ્યાં પોતાની એક સમયની વિશેષ પર્યાયને—કેવળજ્ઞાનની એક સમયની ક્ષાયિક પર્યાયને પણ, પોતાના દ્રવ્યની મૂળ અવસ્થારૂપ 'સ્વકાળ'ની અપેક્ષાએ, અવસ્થાન્તર—ભેદરૂપ કલ્પનાથી 'પરકાળ' કહ્યો, ત્યાં દેવ-શાસ્ત્ર-ગુરુની તો વાત જ ક્યાં રહી? એ તો સ્પષ્ટ પરદ્રવ્ય છે, આ નિજ આત્માની અપેક્ષાએ 'અદ્રવ્ય' છે. અહાહા! જેને પોતાના દ્રવ્યનો—જ્ઞાયક સ્વભાવનો—નિજવૈભવ સમજવાની રુચિ છે તેને બીજું કાંઈ ગમતું નથી.

'કાલ કરીશ, કાલ કરીશ' એવા વાયદા ન હોય.'

અત્યારે વેપારધંધો સારો ચાલે છે, હમણાં એ થોડો કરી લઉં, પછી આત્માનું કરીશ—એવા વાયદા ન હોય. પોતાની નિજ ચીજનો નિર્ણય પછી કરીશ, પછી કરીશ—કાલ કરીશ, કાલ કરીશ—એવા વાયદા કરનારની 'કાલ' ક્યારેય આવશે નહિ ને પોતાનું હિત કદી કરશે નહિ. સમજાણું કાંઈ?

પ્રવચનસારમાં કહ્યું છે : સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ ભેદજ્ઞાનની કળા વડે

નિજ સહજ જ્ઞાયકતત્ત્વને પ્રાપ્ત કરીને આજે પરમાનંદપરિણામે પરિણમો—તે જ્ઞાનાનંદ-સ્વરૂપ નિજ આત્માને જ આત્મા આજે અત્યંત અનુભવો—કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ ઉત્તમ નથી, નિજ ચૈતન્ય જ એક ઉત્તમ તત્ત્વ છે.

પોતાના સ્વરૂપની પ્રતીતિ આજે હમણાં અત્યારે જ કરી લે, 'કાલે કરીશ'ના વાયદા ન કર. સમયસારમાં આચાર્યદેવ કહે છેઃ આ જે એકત્વવિભક્ત આત્મા તને દર્શાવું છું, તેને તું પોતે જ પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરજે. આ ઠીક છે, સારી વાત છે—એવા વિકલ્પથી નહિ, પણ અંતરથી તેનો સ્વીકાર કરજે.

પ્રશ્ન :—આ પાંચમા આરામાં આત્માની પ્રતીતિ જલદી થાય?

ઉત્તર :—એક ક્ષણમાં થાય. પાંચમો આરો એટલે શું? આરો આત્મામાં ક્યાં છે? આ ભગવાન જ્ઞાયક આત્મા તો આરાની પાર બિરાજે છે. આરાની તો આત્મામાં નાસ્તિ છે. બાપુ! આ તો મહા પુરુષાર્થનું કામ છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યું : અનુભવ કરીને પ્રમાણ કરજે; તે પાંચમા આરાના પ્રાણીને કહ્યું છે. ભાઈ! આ તો વીરનો મારગ છે, તેમાં કાયરનાં કામ નહિ.

'વીરનો મારગ છે શૂરાનો, કાયરનાં નહિ કામ જો ને;
પરથમ પહેલાં મસ્તક મૂકી, વળતાં લેવું નામ જો ને.'

આત્માની પ્રાપ્તિ હમણાં ન થઈ શકે—એમ કહી વાયદા કરનાર કાયરને તો હમણાં નહિ જ થઈ શકે. 'કાલ કરીશ, કાલ કરીશ' એવા વાયદામાં એ રહી જ જશે. વાણિયાને ત્યાં જમણ હતું. પાટિયા ઉપર લખેલું : 'આજે વાણિયા જમશે ને કાલે બારોટ'. બીજે દિવસે બારોટ જમવા આવ્યા, પણ વાણિયાએ કહ્યું : પાટિયામાં શું લખ્યું છે તે વાંચો; 'કાલે બારોટ જમશે.' વાણિયાની 'કાલ' કોઈ દી આવે નહિ ને બારોટ કોઈ દી જમે નહિ. એમ 'હમણાં નહિ, હમણાં નહિ' એમ જે વાયદા કરે છે તેનું 'હમણાં' કદી નહિ થાય, તેને આત્માની ઓળખાણ કોઈ દી નહિ થાય.

શ્રીમદ્ કહે છે ને!—

વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.
—રે ગુણવંતા જ્ઞાની! અમૃત વરસ્યાં રે પંચમ કાળમાં.

પરમાનંદનો નાથ પ્રભુ અંદર બિરાજે છે, તેની સામું જુએ એને 'કાલ' ક્યાં? એક

સમયમાં આત્મા ગુલાંટ ખાઈને અંદરમાં વળી જાય. મારી ચીજ મારી પાસે જ છે, શુદ્ધ આનંદઘન પ્રભુ હું જ છું, દયા કે ભક્તિ વગેરેનો શુભ રાગ પણ મારો નથી. શરીરને ન જો, રાગને ન જો, એક સમયની પર્યાયને કે ગુણભેદને પણ ન જો; અંદર પૂર્ણાનંદ આદિ અનંત ગુણોનો ભરપૂર અભેદ ભર—પિંડ એવા નિજ જ્ઞાયકદ્રવ્ય ઉપર દૃષ્ટિ દે. અહાહા! દિગંબર સંતોની આ વાણી! અંદરથી ફાટ ફાટ કરતી! સત્‌ના ભણકારા મારતી! આવી વાણી બીજે ક્યાંય છે જ નહિ.

'અંદર ગડમથલ ચાલ્યા જ કરે અને એમ થાય કે મારે હમણાં જ કરવું છે.'

ભગવાન આત્મા પૂર્ણાનંદનો પિંડ અંદર જે બિરાજે છે, તે તારાથી દૂર રહે? વર્તમાન વર્તતી એક સમયની પર્યાયની સમીપમાં જ અંદર ધ્રુવ તત્ત્વ પડ્યું છે. તેના તરફ નજર કરીને એક વાર હા તો પાડ! તેનો અંદરથી સ્વીકાર તો કર! હા પાડતાં પાડતાં હાલત થઈ જશે, તેનો અંતરથી સ્વીકાર કરતાં કરતાં અતીન્દ્રિય આનંદની દશા થઈ જશે. 'કાલ કરીશ, કાલ કરીશ' એવા વાયદા ન કર. આત્માર્થીને અંદરમાં આત્મપ્રાપ્તિનો પ્રયાસ સતત બન્યો જ રહે, તેની લગની લાગે, અંતરમાં જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયક—ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયકપ્રભુની એવી રઢ લાગે—એવો પુરુષાર્થ બન્યો જ રહે કે એને એમ થાય કે મારે મારું કામ—ભગવાન આત્માની પ્રાપ્તિ હમણાં જ કરવી છે.

સહજ ચિદાનંદ.

## વચનામૃત—૧૫૫

**જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે. ૧૫૫.**

શું કહે છે? જેણે રાગથી વિરક્તિ અને સ્વરૂપમાં એકતા કરી છે તેને સદા સર્વ પ્રસંગોમાં, ગમે તેવા પરિષહમાં પણ એકત્વવિભક્ત નિજ જ્ઞાયક પ્રભુ જ વિશેષ લાગે છે.

રાગથી ભિન્ન સ્વદ્રવ્યમાં જેને દૃષ્ટિ લાગી છે તે અભિપ્રાયમાં રાગથી જુદો થઈ જ ગયો છે, તેને સદાય આત્મા જ વિશેષ રહે છે. આગળ વધીને જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે, (નિર્મળતામાં અતિશયતા આવી છે,) તેને ગમે તેવા પરિષહ આવે, ગમે તેટલી પ્રતિકૂળતા હોય, શરીરને બાળી રાખ કરી દે, ૨૫ હાથ લાંબા સાંકડા નળમાં ઊભો નાખી દે જ્યાં હાથ-પગ ફરે નહિ, હવા આવે નહિ—એવા ગમે તે પ્રકારના પ્રતિકૂળ

યોગોમાં એમ થાય કે અહા! આ તો મારી સ્વરૂપસ્થિરતાની પરીક્ષાનો પ્રસંગ છે. ત્યાં તેમને (સ્થિરતા-અપેક્ષાએ પણ) અંતર આત્માની જ વિશેષતા લાગે છે. અહા! આ ભેદજ્ઞાન શી ચીજ છે! અહીંની પ્રતિકૂળતાની તો સાધારણ વાત કરી; પણ સાતમી નરકમાં સમ્યગ્દૃષ્ટિ હોય છે, ત્યાં પણ ભેદજ્ઞાન થાય છે. ત્યાંની પ્રતિકૂળતાની શી વાત કરવી! જન્મથી જ આકરા સોળ રોગ હોય, છતાં પણ પોતાના ધ્યેયથી રજમાત્ર પણ ખસતા નથી. તેને નિજ જ્ઞાયક આત્મા જ વિશેષ લાગે છે.

જ્ઞાનીને ગમે તેવા આકરા પરિષહમાં પણ આનંદનિધાન નિજ આત્મા જ વિશેષ લાગે છે, જગતની બીજી કોઈ વાત વિશેષ લાગતી નથી.

સહજ ચિદાનંદ.

તા. ૧૭-૯-૮૦

બેનથી બોલાઈ ગયું અંતરમાંથી. ત્યાંથી (વિદેહક્ષેત્રથી) આવેલી વાત છે. બેન ત્યાંથી આવ્યા છે. ...બેન (દીકરિયું પાસે) બોલેલાં ને લખાઈ ગયું, નહિતર તો બહાર આવે જ ક્યાંથી? (આ બધું) કોતરવાનું છે પથ્થરમાં (આરસનાં પાટિયામાં).

—પૂજ્ય ગુરુદેવ

# પ્રવચન–૫૬

તા. ૩-૮-૭૮

## વચનામૃત—૧૫૬

**કરવાનું તો એક જ છે—પરથી એકત્વ તોડવું. પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે. અનાદિ અભ્યાસ છે તેથી જીવ પર સાથે એકાકાર થઈ જાય છે. પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે. હવે જીવે પોતે પુરુષાર્થ કરીને, પરથી જુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે તેમાંથી ગુણો પ્રગટ કરવાના છે. ૧૫૬.**

**'કરવાનું તો એક જ છે—પરથી એકત્વ તોડવું.'**

જેને ધર્મ કરવો છે તેણે પહેલું આ એક જ કરવાનું છે કે દેહાદિ પરપદાર્થો સાથે એકત્વની માન્યતા તોડવી. 'એકત્વનિશ્ચયગત' અને 'એકત્વવિભક્ત' આત્માની વાત, આચાર્ય કહે છે, હું કહીશ. શું કહીશ? જ્ઞાન અને આનંદ આદિ સ્વભાવવાળા આ ભગવાન આત્માને પોતાના સ્વરૂપની અપેક્ષાએ સદા એકત્વ છે ને પુણ્ય-પાપના વિભાવ તેમ જ પરપદાર્થથી સદા ભિન્નત્વ છે.

નવ તત્ત્વ છે ને? તેમાં શરીર, વાણી અને મન એ તો અજીવ પુદ્‌ગલતત્ત્વ છે; હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના, ધંધોરોજગાર વગેરેના ભાવો પાપતત્ત્વ છે; અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ને તીર્થયાત્રા આદિના ભાવ તે શુભ—પુણ્યતત્ત્વ છે. અહીં તો કહે છે : આત્માનું જો હિત કરવું હોય, કલ્યાણ કરવું હોય, તો પરથી ને વિભાવથી આત્માનું એકત્વ તોડવું તે જ એક કરવાનું છે.

અંદર જ્ઞાયકતત્ત્વ શી ચીજ છે તેની તને અનાદિ કાળથી ખબર નથી. શરીર, વાણી અને મન તો માટી—ધૂળ છે. તેની જે અવસ્થા થાય તે તેના કારણે થાય છે, આત્માના કારણે નહિ. ભગવતી ચૈતન્યજોત શરીર આદિ પુદ્‌ગલથી તો ભિન્ન છે જ, પણ અંદર

પુણ્ય-પાપના વિભાવથી પણ તદ્દન ભિન્ન છે. જેને આત્મકલ્યાણ કરવું હોય, ૮૪ લાખ યોનિમાં જન્મ-મરણના ફેરા ટાળવા હોય, તેણે અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ જેનું સહજ સ્વરૂપ છે એવા આત્મતત્ત્વ સાથે એકત્વ અને પુણ્ય-પાપના વિભાવથી જુદાપણું—એ એક જ કરવાનું છે, પરની ને વિભાવની સાથે એકત્વ તોડવાનું છે.

અરેરે! નરક, પશુ—કીડા, કાગડા ને કૂતરા વગેરે યોનિઓમાં જન્મ-મરણ કરીને તારા સોથા નીકળી ગયા બાપુ! અહા! નરકનાં દુઃખની વાત શું કહીએ? ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ કહે છે કે, કરોડો ભવે ને કરોડો જીભથી ન કહી શકાય એવાં ત્યાં દુઃખો છે. ભાઈ! એ દુઃખ તેં અનંત વાર વેઠ્યાં છે. પ્રભુ! તું નરક ને નિગોદમાં—ડુંગળી, લસણ, સેવાળ વગેરેમાં અનંત કાળ રહ્યો છે. ભાઈ! તને ખબર નથી કે—તું કોણ છો, ક્યાં હતો ને કેવી રીતે રખડ્યો. અહીં એ જ કહે છે કે—પ્રભુ! તું એક વાર સાંભળ તો ખરો! અંદર સચ્ચિદાનંદ પ્રભુ રાગ ને વિભાવથી જુદો બિરાજે છે. જન્મ-મરણનો નાશ કરવો હોય તો કરવાનું તો એક જ છે—પરથી એકત્વ તોડવું. બાકી બધાં થોથાં છે.

અહા! 'પરથી એકત્વ તોડવાનું છે'—આ તો મહાસિદ્ધાન્ત છે. દાક્તરનાં ઈંજેક્શન કરતાં આ સિદ્ધાન્તનાં ઈંજેક્શન જુદી જાતનાં છે. અંદર શીતળ શીતળ શાન્તસ્વભાવ ચૈતન્યચંદ્ર જ્ઞાયકઆત્મા વીતરાગ અકષાયસ્વરૂપે બિરાજમાન છે; તેને તું, જો તારે ધર્મ કરવો હોય, અતીન્દ્રિય શાન્તિ પ્રાપ્ત કરવી હોય તો, પુણ્ય-પાપના વિભાવથી જુદો પાડ. રાગનું લક્ષ છોડી, ભગવાન આત્મા જ્યાં અંદર ચૈતન્યસ્વરૂપે બિરાજે છે, ત્યાં જા.

'પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે.'

પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિમાં જે તન્મયપણું માન્યું છે તેને તોડવું પડશે બાપુ! જીવે અજ્ઞાનભાવથી દયા, દાન, વ્રત, ભક્તિ તથા વેપારરોજગાર આદિના શુભાશુભ પરિણામ સાથે તન્મયપણું માની રાખ્યું છે, પણ ખરેખર આત્માને તેની સાથે તન્મયપણું છે નહિ. અહા! બહુ ઝીણી વાતો! લોકોએ ધર્મ ક્યાંય ને ક્યાંય કલ્પી લીધો છે!—બહારમાં દયા પાળવી, વ્રત પાળવાં, ઉપવાસ કરી નાખવા અરે! ધૂળમાંય એ ધર્મ નથી. એ કરી કરીને મરી જા તોય તેનાથી જરાય આત્મશાંતિ કે ધર્મ નથી. એ તો રાગરૂપી કલેશ છે; કલેશભાવથી ધર્મ કે આત્મશાંતિ થાય? ભાઈ! તને ધર્મ શી ચીજ છે તેની ખબર નથી. અહીં તો કહે છે કે ધર્મ કરવો હોય, અંદરથી અતીન્દ્રિય આત્મશાંતિ પ્રાપ્ત કરવી હોય, તો પર ને વિભાવ સાથે જે માન્યતામાં તન્મયતા કરી રાખી છે તેને તોડવી. જીવે સર્વપ્રથમ તે જ કરવાનું છે.

'અનાદિ અભ્યાસ છે તેથી જીવ પર સાથે એકાકાર થઈ જાય છે.'

આ આત્મા અનાદિનો છે તે ખબર છે ને? છે, છે ને છે, પણ અનાદિ કાળથી તેને પર અને રાગની સાથે એકાકારપણાનો અધ્યાસ થઈ ગયો છે. પરપદાર્થ શરીર વગેરેની જે ક્રિયા થાય છે તે તો સ્વતંત્ર જડને લઈને; તેમાં આત્માનો કાંઈ અધિકાર નથી; પણ પુણ્ય-પાપના વિભાવ ઊભા થાય છે તે પણ તારા મૂળ સ્વભાવમાં તન્મય નથી; તેમાં તું નથી ને તે તારામાં નથી. છતાં અનાદિ અભ્યાસને લઈને પર ને વિભાવ સાથે એકાકારપણું માની બેઠો છે. તે વિપરીત માન્યતા તોડવાની છે.

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ ભગવાનનું આ ફરમાન છેઃ પ્રભુ! તારે તારો ઉદ્ધાર કરવો હોય, ચોરાશી લાખના અવતારમાંથી—જન્મ-મરણનાં દુઃખમાંથી—બચવું હોય, તો રાગ ને પુણ્ય સાથે જે એકાકારપણું થઈ ગયું છે તેને તોડી, અંદર ત્રિકાળી સહજ જ્ઞાયક પ્રભુ સાથે એકાકાર થા, વર્તમાન પર્યાયને પરથી ને વિભાવથી પાછી વાળીને પોતાના ધ્રુવ ચૈતન્યતત્ત્વ સાથે તન્મય કર. અહા! એક વાર તે કરી તો જો; એમ કરવાથી તને અપૂર્વ અતીન્દ્રિય આત્મશાંતિ ને આનંદ પ્રાપ્ત થશે. પણ અરેરે! સંસારનાં પાપ આડે જીવને આ સમજવાનો વખત ક્યાં છે? એકાદ કલાક સાંભળવા નવરો થાય ત્યાં 'વ્રત કરો ને તપ કરો' એમ કહી કુગુરુ તેનો વખત લૂંટી લે. અહા! આકરી વાત છે પ્રભુ!

'પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે.'

અહીં તો ચોખ્ખી વાત છે. દેહની કે પરની ક્રિયા આત્મા ત્રણ કાળમાં કરી શકે નહિ. તારામાં જે પુણ્ય-પાપના ભાવ થાય તે રાગ ને દુઃખરૂપ છે. તેનાથી ભિન્નતા કરતા, તેની સાથેનું એકાકારપણું તોડવાથી, તને અતીન્દ્રિય સુખ થશે. તે સિવાય સુખનો કોઈ ઉપાય નથી; બીજું કરવા જઈશ તો રખડી પડીશ, મરી જઈશ. અહા! સમજાણું કાંઈ?

પ્રશ્ન :—અબજોપતિ ને કરોડપતિ સુખી દેખાય છે ને?

ઉત્તર :—એ ધૂળે ય સુખી નથી. તેણે તો 'લક્ષ્મીથી સુખ છે' એમ માની દુઃખના ડુંગર સાથે માથાં પછાડ્યાં છે. અતીન્દ્રિય આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અંદર બિરાજે છે તેને તેણે જોયો નથી, માન્યો નથી, અને બહારમાં આ બધું 'મારું, મારું' કરીને મરી ગયો છે. તેથી અહીં કહે છે :

'હવે જીવે પોતે પુરુષાર્થ કરીને, પરથી જુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે તેમાંથી ગુણો પ્રગટ કરવાના છે.'

આત્માની જે વર્તમાન ચાલતી દશા, વર્તમાન પલટતી અવસ્થા છે તેની સમીપમાં

અંદર આખું ધ્રુવ જ્ઞાયકતત્ત્વ પડ્યું છે. તેને પુરુષાર્થ કરીને પરથી ને શુભાશુભ વિકારથી જુદું પાડ.

અનંત અન્ય આત્માથી જુદો, અનંત અનંત પુદ્‌ગલ-રજકણોથી જુદો, પોતાના સહજ જ્ઞાન, સહજ આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર આ પોતાનો ભગવાન આત્મા કાયમી હયાતી ધરાવનાર કોઈ પદાર્થ છે ને? અહા! એ કેમ બેસે! તેને અનંત ગુણો રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી. પોતાના અસંખ્ય પ્રદેશોમાં તે અનંત ગુણોથી ભરેલો છે. તે અનંત શાન્તિનો સાગર છે, પણ અંદર જ્યાં નિધાન પડ્યું છે ત્યાં કોઈ દી નજરું કરી નથી; રાગથી ખસી અંદર ચૈતન્યની ઋદ્ધિ ને સમૃદ્ધિ પડી છે ત્યાં 'આ શું છે!' એમ અંતરમાં કુતૂહલતા લાવી કોઈ દી સ્વરૂપમાં ગયો નથી. બહારની સમૃદ્ધિની રુચિ તો રખડવાના રસ્તા છે. ત્યાંથી રુચિ ખેસવીને અંદર ગુણો—ગુણોની નિર્મળ પર્યાય પ્રગટ કરવાની છે.

સ્ફટિકમણિની જેમ ભગવાન આત્માનું સ્વરૂપ તો નિર્મળ ને શુદ્ધ છે. તેની દશામાં પર ને રાગ સાથે તન્મયપણું માન્યતામાં કરી રાખ્યું હોવાથી અનાદિ કાળથી ચાર ગતિના અનંત ભવ કર્યા, અને હજી પણ રાગ સાથે તન્મયપણું નહિ તોડે તો તે મનુષ્ય ને તિર્યંચ આદિ ચાર ગતિમાં રખડવાના પંથે છે. મનુષ્યનાં શરીર ઊભાં છે ને તિર્યંચનાં શરીર આડાં છે; તે શું સૂચવે છે? ગોમ્મટસારમાં કહ્યું છે કે—પૂર્વે રાગદ્વેષની, કૂડકપટ ને માયાની આડોડાઈ બહુ કરેલી તેથી તે આડોડાઈના ફળ તરીકે આડાં શરીર મળ્યાં. અંદરમાં તો આડોડાઈ કરી, પણ શરીરેય આડું મળ્યું અરેરે! જીવે આવા અવતાર અનંત વાર કર્યા.

ઝીણી વાત છે બાપુ! વિસ્તારથી કહેવા બેસીએ તો વાર લાગે; પણ યુક્તિથી બધી વાત બરાબર સિદ્ધ થઈ શકે છે. સર્વજ્ઞ ભગવાનને બધી વાત ન્યાયથી કરી છે.

અહીં કહે છે કે રાગ તો વિકલ્પ છે, તેનાથી ભિન્ન ભગવાન આત્મા પોતાના અનંત ગુણોથી ભરપૂર અંદર બિરાજમાન છે. અહા! આટલે બધે જાવું? હજી તો આત્માને શરીરથી જુદો માનવો કઠણ પડે છે. ભાઈ! શરીર તો રજકણોનો પિંડ છે. માતાપિતાના યોગથી રજકણો શરીરરૂપે બંધાણા. માતાના ગર્ભમાં સવા નવ મહિના રહીને બહાર આવ્યો. અરેરે! પોતાના ભગવાન આત્માને ભૂલીને આવા અવતાર તો અનંતવાર કર્યા છે. એ ભૂલથી ખસીને જીવે, પોતે અંદર પુરુષાર્થ કરીને, સહજ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોથી ભરેલા પોતાના ભગવાન જ્ઞાયક આત્માને ઓળખવાનો છે, અને તેમાંથી ગુણો—ગુણોની આનંદ આદિ નિર્મળ દશા પ્રગટ કરવાની છે.

## વચનામૃત—૧૫૭

**મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું, એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે; તેમાં તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ અવગુણ દબાય છે. માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં—તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે અને તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતાં તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે. ૧૫૭.**

'મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું, એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે;'

સર્વજ્ઞ પરમેશ્વર ને ગુરુ સંત આદિ મોટા પુરુષની આજ્ઞા માનવી. એમની આજ્ઞા શી છે?—કે વીતરાગતા પ્રગટ કર. રાગથી ભિન્ન અંદર જ્ઞાયકતત્ત્વ છે તેને જો; જે જોનારો છે તેને જો; જોનારો આમ જુએ છે કે—આ, આ, આ,—એ જોનાર દશાનો જે જોનાર છે તેને જો કે 'આ હું છું'. સર્વજ્ઞ પરમેશ્વર ને સાધક સંતોનું જે આ ફરમાન છે તેને બરાબર માનવું.

સંતો, ગુરુઓ ને સર્વજ્ઞથી ડરવું. એમ ઉદ્ધતાઈ ન કરવી કે મારું ગમે તેમ થાઓ, હું ડરતો નથી. મોટા પુરુષથી ડરવું તે તને તારા અવગુણથી ડરવા જેવું છે. સંતો આત્માને રાગથી ભિન્ન કરવાની આજ્ઞા કરે છે. તેમનાથી તારે એક ન્યાયે ડરવું, એટલે કે આજ્ઞાથી વિરુદ્ધ કરીશ તો મને નુકસાન થશે—એમ ડરવું; સ્વચ્છંદે ન વર્તવું.

પ્રભુ! તું ક્યાં જઈશ? આ દેહ છૂટ્યા પછી ઉતારા ક્યાં કરીશ? દેહનો નાશ થશે, પણ તું તો છો કે નહિ? શું તારો કાંઈ નાશ થવાનો છે? મૃત્યુકાળે 'જીવ ગયો' એમ કહેવાય છે, પણ 'જીવ મરી ગયો' એમ કહેવાય છે? જીવ તો ત્રિકાળી શાશ્વત સત્ વસ્તુ છે. તે નાશ ક્યાં પામે છે? એક ભવથી બીજે ને બીજેથી ત્રીજે—એમ ભવાંતરમાં ભ્રમણ કરે છે, તેનો સર્વથા નાશ થતો નથી.

અહીં કહે છે ગુરુએ—સંતોએ જે આજ્ઞા કરી તેને તું જાણ–માન. જો તે આજ્ઞાની અવજ્ઞા કરીશ કે 'એ તો કીધા જ કરે છે, એમને બીજો ધંધો શો છે?'—તો તું મરી

જઈશ. ગુરુની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું, તે તો તને તારા દોષોથી ડરવા જેવું છે.

'તેમાં તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ અવગુણ દબાય છે.'

સંતોની આજ્ઞામાં રહેવાથી ક્રોધ, માન વગેરે તારા દોષો દબાશે. આજ્ઞાનો વિરોધ ન કરવો. એનાથી ડરવું; કેમ કે એમ કરવાથી અંદરમાં રહેલાં અભિમાન, ક્રોધ, લોભ, માયા ને રાગ-દ્વેષ વગેરે અવગુણ દબાશે.

'માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં—તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે અને તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ.'

તેથી—

'મોટા પુરુષનું શરણ લેતાં તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે.'

અહીં એમ કહે છે કે—ગુરુ વગેરે મોટા પુરુષનું શરણ લેતાં, તેમની આજ્ઞા પ્રમાણ કરતાં, અંદર અતીન્દ્રિય જ્ઞાન ને આનંદની ખાણ એવો ગુણનિધિ ભગવાન આત્મા, ચૈતન્ય-હીરલો બિરાજે છે તે તને પ્રગટ થશે, તેનું તને ભાન થશે. આજ્ઞા માનીને કામ લઈશ તો અંદર જ્ઞાયકપ્રભુ પ્રગટ થશે. સમજાણું કાંઈ?

## વચનામૃત—૧૫૮

**હે જીવ! સુખ અંદરમાં છે, બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે? જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર સુખ છે જ નહિ. ૧૫૮.**

'હે જીવ! સુખ અંદરમાં છે, બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે?'

શ્રીમદ્ કહે છે : 'સુખ અંતરમાં છે. તે બહાર શોધવાથી નહિ મળે. અંતરનું સુખ અંતરની સમસ્થિતિમાં છે, સ્થિતિ થવા બાહ્ય પદાર્થો સંબંધીનું આશ્ચર્ય ભૂલ.' હે જીવ! આનંદ તારામાં છે, બહાર વિષયમાં નથી. પુણ્ય-પાપના ભાવ તો વિકૃત દશા છે, દુઃખ છે. અંદર સ્વરૂપ છે તે ત્રિકાળી અતીન્દ્રિય આનંદમય છે. કસ્તૂરી છે પોતાની નાભિમાં

પણ હરણ તેના માટે ફાંફાં મારે છે બહારમાં; એમ સુખ છે સ્વભાવમાં, પણ તેનું ભાન નહિ હોવાથી, સુખ માટે—આનંદ માટે ફાંફાં મારે છે બહાર વિષયોમાં. આનંદમૂર્તિ ભગવાન આત્મામાં જતો નથી, ને બહાર વ્યાકુળ થઈને ક્યાં ફાંફાં મારે છે પ્રભુ?

બાયડીમાં, પૈસામાં, પ્રશંસામાં વગેરે બહારમાં સુખ માટે વ્યાકુળ થઈને ફાંફાં મારે છે, પણ એ તો દુઃખ છે. સુખ તો અહીં અંદર નિરાકુળ સચ્ચિદાનંદમય પ્રભુમાં છે, તેની તને ખબર નથી. આત્મા અંદર આનંદની ખાણ છે, પણ એ કેમ બેસે? બહારમાં આબરૂ ભાળે, પૈસા ભાળે, લાખોની કિંમતના બંગલા ને ફર્નિચર હોય, મખમલના ગાલીચા હોય—એમાં સુખ ક્યાં છે બાપુ? સુખ તો અહીં અંદર ભગવાન જ્ઞાયક આત્મામાં છે, તું આકળો થઈને બહાર વિષયોમાં ક્યાં ફાંફાં મારે છે?

આનંદ આત્મામાં ભર્યો છે, પણ ભ્રાન્તિથી બહારમાં શોધે છે. પૈસા રળવા માટે દેશ, કુટુંબ, સગાંવહાલાં વગેરે છોડી પરદેશમાં એકલો રહે; પહેલાં ત્યાંથી આજીવિકા રળી લઈએ, પછી આત્માનું કરશું—એમ વાયદામાં ને વાયદામાં એનું જીવન ચાલ્યું જાય છે. ભાઈ! સુખ અંતરમાં છે ત્યાં જો ને. વ્યાકુળ થઈને બહાર ક્યાં વલખાં મારે છે?

'જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર સુખ છે જ નહિ.'

ખારીલી જમીનમાં સૂર્યના કિરણો પરાવર્તન પામે એટલે પાણી જેવું લાગે. એ ઝાંઝવાંનાં જળ દેખી ત્યાં પીવા જાય તો પાણી મળે નહિ; એમ જગતના પ્રાણી શરીર, સ્ત્રી, પુત્ર, પરિવાર, લક્ષ્મી વગેરેમાંથી સુખ મેળવવા માટે આકળો થઈ વલખાં મારે છે, પણ તેમાં સુખ છે જ નહિ તો ક્યાંથી મળે? અંદર આનંદમૂર્તિ ભગવાન જ્ઞાયક આત્મા સુખથી ભરપૂર છે, ત્યાં જોતો નથી ને બહાર ફાંફાં મારે છે.

ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર વિષયોમાં ફાંફાં મારવાથી કદી કોઈને સુખ મળ્યું જ નથી; કારણ કે તે તો વિકારી ભાવ છે, દુઃખ છે. અરે! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ પણ રાગ છે, કલેશ છે, વૃત્તિનું ઉત્થાન છે, તેમાં આત્માનો આનંદ નથી. ત્યાં શોધવા જઈશ તોપણ આનંદ-સુખ મળશે નહિ. શરીર, સ્ત્રી, બંગલા વગેરે પર પદાર્થને આત્મા ભોગવી શકતો જ નથી; તે તો માટી ધૂળ છે, પ્રભુ આત્મા અરૂપી છે. તે એને અડતોય નથી, ફક્ત તે બાજુનું લક્ષ કરે છે કે 'આ મને ઠીક છે'. 'ઠીક છે' એવી રાગની વૃત્તિને ભોગવે છે, શરીરને નહિ. હું શું ભોગવું છું ને શું નથી ભોગવતો—એનીય તેને ખબર નથી. એ માત્ર રાગનાં દુઃખને ભોગવે છે.

એ જ અહીં કહે છે કે—બહાર સુખ છે જ નહિ. સુંદર શરીર, સ્ત્રી, લક્ષ્મી વગેરેમાં તો છે જ નહિ, એ તો ક્યાંય દૂર રહી ગયાં, પણ અંદર જે પુણ્યના ભાવ થાય તેમાં પણ સુખ નથી. શુદ્ધ બુદ્ધ સુખકંદ પ્રભુ તો અંદર જુદો બિરાજે છે. એ બહારના વિષયોનો જાણનાર અંદર જુદો છે, ને જણાય છે તે ચીજ જુદી છે. જુદાનું સુખ જુદી ચીજમાં ક્યાંથી હોય? આવી વાત છે બાપુ! આ મારગ કોઈ જુદો જ છે. અનંત કાળે આ મોંઘું મનુષ્યપણું મળ્યું; એમાં જો અત્યારે આત્મહિત નહિ કર, તો ક્યારે કરીશ? આવું મનુષ્યપણું ફરી ફરી નહિ મળે. આ અવસર ચૂક્યો તો ફરી પત્તો નહિ ખાય. પ્રભુ! સુખ અંતરમાં છે; બહારમાં સુખ છે જ નહિ.

❀

## વચનામૃત—૧૫૯

**ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે. કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે. ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે અને ગુણ પ્રગટે છે. ૧૫૯.**

'ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે.'

શું કહે છે? ગુરુ કહેશે કે તારા ગુણો પર દૃષ્ટિ મૂક.

કમળમાં ખીલવાની શક્તિ છે; તે ખીલે છે પોતાના કારણે, તેમાં સૂરજ તો નિમિત્તમાત્ર છે; તે સૂરજથી ખીલતું નથી; સૂરજથી ખીલતું હોય તો લાકડાનું કમળ પણ ખીલવું જોઈએ. ગુરુ તને તારા ગુણો ખીલવવાની કળા દેખાડશે. તું અંદર જ્ઞાનાનંદ પ્રભુ છો; ત્યાં દૃષ્ટિ કર તો તારા ગુણની દશા ખીલી જશે. તેમાં ગુરુનું દેખાડવું નિમિત્તમાત્ર છે. ગુણો ખિલવવાની કળા પ્રગટ કરવી તે પોતાના હાથની વાત છે, તે કળા ગુરુ પ્રગટાવી ન આપે. ગુરુ માર્ગ દેખાડે પણ માર્ગ કાપે કોણ? ચાલે કોણ? ગુરુ તો માર્ગ બતાવે, પણ પોતે અંદરમાં ઊંડો ઊતરીને પોતાના ગુણોમાંથી નિર્મળ પર્યાય ખીલવવાની કળા શીખે તો કામ થાય.

ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ અંદર છે, એમાં તું દૃષ્ટિ દે અને રાગથી ખસી જા, તો તારા ગુણની નિર્મળ દશા પ્રગટશે ને તારાં જન્મ-મરણનો છેડો આવશે.

અહીં અમારે તો નાની ઉંમરથી જ ધર્મનો પ્રેમ હતો. પાલેજમાં દુકાન ઉપર પણ

ધર્મનાં પુસ્તકો વાંચતો હતો. ચાર સઝ્ઝાયમાળા (સ્વાધ્યાયમાળા) દુકાન ઉપર વાંચેલી. તેમાં આવે છેઃ 'હોંશીડા! હોંશ મત કીજે...' અરે જીવ! બહારની વાતોમાં—બહારની મોટપ, સંસારની સરખાઈ વગેરેમાં—હોંશું શેની? એ તો બધા પુદ્ગલના ઠાઠ છે, તેમાં આત્માની શાંતિ-સુખ જરાય નથી. બહારની હોંશથી ખસ ને અંદર આનંદમૂર્તિ ભગવાન આત્મા છે તેમાં વસ—તેમાં નજર કરીને ઠર, તો તને અંતરથી સાચી શાંતિ અને અતીન્દ્રિય સુખ પ્રગટશે, તારા ગુણો અંદરથી ખીલી નીકળશે.

૧૭ વર્ષની ઉંમરે પાલેજમાં 'રામલીલા' જોવા ગયા હતા. તે જોઈને અંદરથી એકદમ વૈરાગ્યની ધૂન ઊપડી; તેમાંથી ૧૨ કડીનું એક ગાયન રચાઈ ગયું. અત્યારે માત્ર તેની એક પહેલી લીટી યાદ છેઃ 'શિવરમણી રમનાર તું, તુંહી દેવનો દેવ;...' અરે પ્રભુ! તું કોણ છો? ચામડાની સ્ત્રીનો ભોગ કરનાર તું નહિ; તું તો મોક્ષરમણી—અતીન્દ્રિય પૂર્ણાનંદ દશાનો રમનાર છો. અને તું પોતે જ દેવનો દેવ—ચિદાનંદમૂર્તિ દેવાધિદેવ—છો. અહા! નાની ઉંમરમાં કોણ જાણે અંદરથી વૈરાગ્યના ભણકારા વાગ્યા હતા! ગાયનની ચોપડી, દીક્ષા લીધા પછી, દુકાનમાં વરસાદનું પાણી ભરાવાથી પલળી ગઈ. જો તે ગાયન હોત તો ખબર પડત કે એમાં શા ભાવ હતા.

અહીં કહે છે : ગુરુ તારા ગુણોને ખિલવવાની કળા દેખાડશે.

'ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.'

ગુરુની આજ્ઞા શી છે?—કે રાગથી ભિન્ન થઈને આત્મામાં રહેવું, શ્રીમદ્માં પણ આવે છેઃ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે રહેવું. ઘણાં શાસ્ત્રો અને વાક્યોનો અભ્યાસ કરવા કરતાં પણ જો જ્ઞાની પુરુષની એકેક આજ્ઞા જીવ ઉપાસે તો ઘણાં શાસ્ત્રોથી મળતું ફળ સહજમાં પ્રાપ્ત થાય. જ્ઞાનીની પ્રત્યેક આજ્ઞા કલ્યાણકારી છે—એમ લોકો બોલ્યે જાય, પણ જ્ઞાનીની આજ્ઞા શી છે તેની ખબર નથી. જ્ઞાનીની આજ્ઞા એ છે કે—રાગથી ભિન્ન પડી આત્મામાં જા; રાગથી ખસ ને સ્વરૂપમાં વસ. અહા! ગુરુ-આજ્ઞાએ રહેવું તે પરમ સુખ છે.

'કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે.'

દેવપૂજા, ગુરુસેવા, વ્રત, તપ, ભક્તિ, સ્વાધ્યાય, તત્ત્વવિચાર વગેરે શુભ ભાવ અને પૈસા રળવા, સ્ત્રી-પુત્ર-પરિવારને રાજી રાખવાં વગેરે અશુભ ભાવ—એ બધા કર્મોદયના નિમિત્તે થયેલા વિભાવભાવો છે, આત્માનો સ્વભાવભાવ નથી. અંદર નિજાનંદનાથ ચૈતન્યપ્રભુ જ્ઞાયક આત્મા શક્તિપણે પૂર્ણ બિરાજમાન છે, પણ કર્મજનિત વિભાવની ચાદર પાછળ—એક સમયની પર્યાયમાં ઉત્પન્ન થતા શુભાશુભ વિકારની

પાછળ—દબાઈ ગયો છે, નજરે પડતો નથી. અંતરમાં સદા બિરાજમાન, વિભાવથી ભિન્ન ચિદાનંદપ્રભુની નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ વિના બહારમાં—દુનિયાની ધૂળમાં—ક્યાંય જરાય સુખ કે શાન્તિ નથી. માટે અહીં કહે છે કે—ગુરુ-આજ્ઞાએ એટલે કે ગુરુએ દર્શાવેલા નિજ ચૈતન્યપ્રભુની અનુભૂતિમાં રહેવું એ જ પરમ સુખ છે.

'ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે અને ગુણ પ્રગટે છે.'

ગુરુની આજ્ઞા તો એ છે કે વીતરાગતા પ્રગટ કરવી; કેમ કે આખા જૈનશાસનનો—વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલા ચારેય અનુયોગનો, સમસ્ત દિગંબર જૈનશાસ્ત્રોનો—સાર વીતરાગતા છે.

પ્રશ્ન :—વીતારાગતા કઈ રીતે પ્રગટ થાય?

ઉત્તર :—અંદર ભગવાન આત્મા સ્વયં વીતરાગસ્વરૂપ છે. તેને બરાબર ઓળખી, મહિમા લાવી, શ્રદ્ધા-જ્ઞાનમાં તેનો આશ્રય લે તો પર્યાયમાં વીતરાગતા થાય, કર્મ સહેજે દબાય—કર્મજનિત વિભાવો છૂટી જાય, અને નિર્મળજ્ઞાન ને આનંદ આદિ ગુણો—ગુણોની અરાગ નિર્મળ દશા—પ્રગટે. આ કરવાથી તારાં જન્મ-મરણ મટશે, નહિ તો જન્મ-મરણની હોળી સળગતી જ રહેશે. શ્રીમદ્ કહે છે : હું કોણ છું? ક્યાંથી થયો? મારું ખરું સ્વરૂપ શું છે? વગેરેનો વિવેકપૂર્વક શાંતભાવે વિચાર કરે તો આત્મપ્રાપ્તિના સિદ્ધાન્ત બરાબર અનુભવમાં આવે, આત્મશાંતિ પ્રાપ્ત થાય.

# પ્રવચન–૫૭

તા. ૪-૮-૭૮

## વચનામૃત—૧૬૦

**જેમ કમળ કાદવ અને પાણીથી જુદું જ રહે છે તેમ તારું દ્રવ્ય કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં કર્મથી જુદું જ છે; તે ગયા કાળે એકમેક નહોતું, વર્તમાનમાં નથી, ભવિષ્યમાં નહિ થાય. તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી. આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ. પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જુદાપણું જણાય જ છે. ૧૬૦.**

'જેમ કમળ કાદવ અને પાણીથી જુદું જ રહે છે તેમ તારું દ્રવ્ય કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં કર્મથી જુદું જ છે;'

કમળ કાદવ ને જળની વચ્ચે રહ્યું હોવા છતાં તે તેનાથી જુદું જ છે; તેમ આ પૂર્ણાનંદઘન ચૈતન્યપ્રભુ આત્મા જડકર્મ ને કર્મના નિમિત્તે થતા શુભાશુભ ચિદ્‌વિકારો—એ બંનેથી જુદો જ છે.

'તે ગયા કાળે એકમેક નહોતું, વર્તમાનમાં નથી, ભવિષ્યમાં નહિ થાય.'

ભૂતકાળનો આદિ નથી; જે જ્ઞાનરસ, આનંદરસ વગેરે અનંત અતીન્દ્રિય સ્વરસ-સ્વરૂપ નિજ આત્મદ્રવ્ય છે તે અનાદિ ભૂતકાળમાં—ગયા કાળે કોઈ દિવસ કર્મ ને રાગ સાથે એકમેક થયું જ નહોતું, વર્તમાન વર્તતા સમયે પણ એકમેક થયું નથી અને ભવિષ્યમાં—અનંત અનંત આગામી કાળમાં પણ એકમેક થશે નહિ. જીવે અજ્ઞાનથી માન્યું ભલે હો કે 'રાગમાં હું દબાઈ ગયો છું' ને 'રાગ મારું સ્વરૂપ છે', પણ ખરેખર વસ્તુસ્વરૂપ એમ છે જ નહિ.

પ્રશ્ન :—આત્મા રાગથી જુદો? ક્યારે? અત્યારે?

ઉત્તર :—કર્મ એટલે અજીવ પુદ્‌ગલ ને રાગ એટલે જીવના શુભાશુભ પરિણામ—એનાથી ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક આત્મા સદા જુદો જ પડ્યો છે. તે ગયા કાળે કર્મ ને રાગ સાથે એકમેક નહોતો, વર્તમાનમાં પણ નથી ને ભાવિ કાળમાં પણ કદી થશે નહિ. અત્યારે તો લોકોએ તો શું, પણ ઉપદેશકોએ પણ પોક માંડી છે કે કર્મને લઈને આમ થાય ને તેમ થાય—વિભાવમાત્ર કર્મને લઈને જ થાય. ભાઈ! કર્મ તો અચેતન જડ છે, તેને લઈને તારામાં વિભાવ ન થાય. કર્મોદય હોતાં તું પોતે જ તે નિમિત્તને આધીન થઈને સ્વતંત્રપણે શુભાશુભ વિકારરૂપે પરિણમે છે. તારા અપરાધથી વિકાર તારી પર્યાયમાં થતો હોવા છતાં પણ, તારો ધ્રુવ દ્રવ્યસ્વભાવ તો કર્મ અને વિકારથી તદ્દન જુદો જ છે; સ્વભાવ કદી કર્મ કે વિકારરૂપ થતો જ નથી.

અજ્ઞાનીનું આત્મદ્રવ્ય પણ, રાગ ને કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં, તેની સાથે કદી એકમેક થતું જ નથી; એકમેક થઈ ગયું છે એમ અજ્ઞાની માને ભલે, પણ તે વખતે પણ છે તો તદ્દન જુદું જ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ રાગ—વિભાવ છે, જ્ઞાયક પ્રભુ અંદર તેનાથી જુદો જ છે. શુભ ભાવથી ધર્મ થશે—એમ માનનારે તો વિભાવ ને સ્વભાવ એકમેક માન્યા. તે માન્યતા મિથ્યાત્વ છે. વિભાવ ને સ્વભાવ તો સદા તદ્દન જુદા જ છે. અહાહા! વાત થોડી છે, નાની છે પણ એનું રહસ્ય મોટું છે.

ભગવાન આત્માને રાગથી ભિન્ન પાડવો, કેમ કે તેનું સ્વરૂપ રાગથી ભિન્ન છે. અંદર પરલક્ષે જે વૃત્તિ ઊઠે છે તેમાં ચૈતન્યનું સ્વલક્ષ નથી, તે વૃત્તિ તો રાગ છે.

પ્રશ્ન :—વાત સાચી; પણ રાગ શું ને ચૈતન્ય શું?

ઉત્તર :—જાણનાર—જોનાર ને આનંદસ્વરૂપ એવું જે ત્રિકાળી જ્ઞાયકદ્રવ્ય તે ચૈતન્યતત્ત્વ છે, અને તેની પલટતી વર્તમાન હાલતમાં પરનો આશ્રય કરવાથી જે વિભાવ થાય છે તે રાગ છે. પોતાના વીતરાગસ્વરૂપ તરફ તેનું પરિણમન ઢળ્યું નથી, નિમિત્ત તરફ ઢળ્યું છે તે રાગ છે.—એમ બરાબર લક્ષમાં આવવું જોઈએ. અરેરે! જે મૂળ કરવાનું છે તે આ છે. ઝીણી વાત છે ભાઈ!

રાગ ને જ્ઞાન બન્ને એક છે જ નહિ, એક માનવાં તે ભૂલ છે, અજ્ઞાન છે. જ્ઞાન અંદર સ્વરૂપના લક્ષે—આશ્રયે થાય છે અને રાગ બહિર્લક્ષે થાય છે. બહિર્લક્ષી રાગ કહો કે પરલક્ષી ભાવ કહો—બન્ને એક જ છે. રાગ કહેવો કોને?—તો ઓળખાવવા કહે કે અંદર જેટલો પરલક્ષે દયા, દાન, ભક્તિનો ભાવ તથા શરીર, સ્ત્રી-પુત્ર-પરિવાર પ્રત્યેનો પ્રેમભાવ તે બધો રાગ છે. આત્મપરિણતિનું પર બાજુ જવું એ જ રાગ છે, કેમ કે સ્વરૂપ

તો વીતરાગ છે; કર્મ ને રાગથી તો તે ભિન્ન છે. ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ તો અત્યારે જ વીતરાગસ્વરૂપ છે.

જૈનધર્મ કોને કહેવો તે લોકોને તો શું, પણ સંપ્રદાયમાં જન્મેલા જૈનોને પણ ખબર નથી. 'ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન.' અંદર ત્રિકાળી જ્ઞાયક આત્મદ્રવ્ય પોતે જિનસ્વરૂપ છે, અને તે દ્રવ્યસ્વભાવની આરાધના—ઉપાસના—આત્મદ્રવ્ય સન્મુખ થયેલા નિર્મળ પરિણામ તે જૈનધર્મ છે. ભગવાન જ્યારે બિરાજતા હતા ત્યારે આ ધર્મ, દેવલોકમાંથી ઈન્દ્રો અને દેવ-દેવીઓ સાંભળવા આવતાં હતાં. મનુષ્યોમાં તો ઘણો પ્રચાર હતો. અત્યારે તો 'હું ભગવાન આત્મા જિનસ્વરૂપ છું' એવો વિશ્વાસ પણ જીવને આવતો નથી, તેથી રાગ ને પુણ્યની ક્રિયાથી અમને ધર્મ થાશે—એમ માને છે. અહાહા! અંદર પૂર્ણાનંદનો નાથ વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા બિરાજે છે—એની તેને શ્રદ્ધા નથી, એને એણે જાણ્યો નથી, જ્ઞાનમાં એની એને ખબર નથી.

અનંતા તીર્થંકરો ને અનંતા કેવળીઓનો આ પોકાર છે કે—શરીર, વાણી, મન અને કર્મ એ તો પરવસ્તુ છે, જગતમાં સ્વતંત્ર તત્ત્વો છે. જ્ઞાનઘન આત્મા તેની પર્યાયમાંય ગયો નથી, તો તેને દ્રવ્યમાં તો ક્યાંથી જાય? કર્મ વગેરે ફક્ત નિમિત્ત છે; તેના તરફ જીવને અનાદિથી દૃષ્ટિ છે અને તેથી પોતાની પર્યાયમાં વિકારભાવ પોતાથી ઉત્પન્ન થાય છે; એમ છતાં વસ્તુ તો તે વિકારભાવથી પણ નિરાળી—ભિન્ન છે. અનાદિ મિથ્યાત્વ ને અજ્ઞાનને લઈને 'રાગ તે હું, દયા-દાન આદિનો વિકલ્પ ઊઠે તે જાણે હું છું, તે મારું કર્તવ્ય છે'—એવો અધ્યાસ થઈ ગયો છે, એનાથી ટેવાઈ ગયો છે. પરંતુ અંદર વસ્તુ જે ચિદાનંદઘનતત્ત્વ છે, દ્રવ્ય છે, વસ્તુ છે, ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ...હયાતીવાળી ધ્રુવ ચીજ છે તે તો સ્વયં જિનસ્વરૂપ છે.

અજ્ઞાની એમ માને કે—હું કર્મમાં ઘેરાઈ ગયો છું, કર્મે મને દાબ્યો છે, કર્મ મને રખડાવે છે. વળી, કર્મના નિમિત્તે થનારા શુભાશુભ રાગભાવ છે તે, કર્મસંબંધી વિભાવભાવ છે—એમ ન માનતાં, મારું કાર્ય છે, મારો સ્વભાવ છે, મારો ધર્મ છે, મારાથી થાય છે, તે મને સુખકર છે, એમ તે માને છે. પરંતુ અહીં તો કહે છે કે—કર્મ અને રાગાદિ સાથે આ ભગવાન આત્મા ભૂતકાળમાં કદી એકમેક થયો નથી, વર્તમાનમાં છે નહિ અને ભવિષ્યમાં થશે નહિ. અજ્ઞાની માને ગમે તેમ, તેની માન્યતા કરવામાં તે સ્વતંત્ર છે; એવી માન્યતા કરે તેથી તે, આત્મા સાથે એકમેક થઈ ન જાય. નાળિયેરમાં સફેદ ટોપરું છાલાં, કઠણ કાચલી ને કાચલી તરફની રાતડથી જુદું જ છે, તેની સાથે એકમેક થયું જ નથી; તેમ આ ભગવાન આત્મા છાલાંરૂપ શરીર, કઠણ કાચલીરૂપ

કર્મ ને કર્મ તરફની રાતડરૂપ રાગાદિ વિભાવથી જુદો જ છે, તેની સાથે કદી એકમેક થયો જ નથી.

અહાહા! ભગવાન જિનેશ્વરદેવ જે ફરમાવે છે તે આ, બેનનાં વચનોમાં છે. પ્રભુ! તું તો અંદર રાગ ને કર્મથી જુદો પડ્યો છે ને! જો જુદો ન હોય તો (પર્યાયમાં) જુદો થશે ક્યાંથી?

પ્રશ્ન :—આનું બીજું કાંઈ સાધન?

ઉત્તર :—ભાઈ! સાધન આ એક જ છે : રાગ ને પરથી આત્માને ભિન્ન અનુભવવો. ગુરુની આજ્ઞાએ રહેવું—એમ આગળ કહી ગયા; અને સમયસારની ચોથી ગાથાની ટીકામાં પણ કહ્યું છે : પોતે આત્માને જાણતો નથી અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ—સેવા કરી નથી. પણ ગુરુની આજ્ઞા અને ગુરુની સેવા એટલે શું? એમણે જે કીધું છે કે—પ્રભુ! તું પરથી ને વિભાવથી જુદો છો, અમારી સામે જોવાથી તારી વસ્તુ તને નહિ મળે, અંદર જ્યાં તારી વસ્તુ છે ત્યાં તેની સામું જોવાથી તને તારો ભગવાન મળશે, તે પ્રમાણે અંદરથી સ્વીકાર કરવો તે જ ગુરુની આજ્ઞા માની કહેવાય—ગુરુની ઉપાસના કરી ગણાય.

બહારના પદાર્થની હોંશુંમાં પોતે હણાઈ જાય છે તેની જીવને ખબર નથી. પ્રભુ! તને તારી હોંશ ન આવી કે—અંદર હું એક આનંદસાગર પ્રભુ છું, વીતરાગ જિનસ્વરૂપ ભગવાન આત્મા છું. ભગવાન આત્મા સ્વભાવે જિનસ્વરૂપ ન હોય તો પર્યાયમાં જિનપણું આવશે ક્યાંથી? પર્યાયમાં જે સર્વજ્ઞ વીતરાગ અરિહંતપણું થાય છે તે આવ્યું ક્યાંથી? ક્યાંય બહારથી આવે છે? અહાહા! પ્રભુ! તું સ્વભાવે વીતરાગ, સર્વજ્ઞ ને પરમાનંદ-સ્વરૂપ છો; આ બાજુ આવ, આ બાજુ આવ; તારું સ્વરૂપ આ છે, આ છે; રાગ તારું સ્વરૂપ નથી, નથી.

જગતને આ વાત ઝીણી પડે છે; પણ શું થાય? રખડે છે અનાદિથી. રાગનો કણ જે શુભભાવ, તેનાથી તારું જીવતત્ત્વ ભિન્ન છે પ્રભુ! કેમ કે શુભ રાગનો કણ પુણ્ય-તત્ત્વ છે અને ભગવાન આત્મા તો અરાગ જ્ઞાયકતત્ત્વ છે. પુણ્ય ને જ્ઞાયક—બંને તત્ત્વો ભિન્ન છે પ્રભુ! કામ આકરું છે ભાઈ! પણ એનું ફળ વીતરાગ પરમાત્મદશા છે. સમજાણું કાંઈ?

‘તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી.’

પ્રભુ! તું શ્રદ્ધાગુણ, જ્ઞાનગુણ, ચારિત્રગુણ, શાન્તિગુણ, વીતરાગગુણ, પુરુષાર્થગુણ,

આનંદગુણ, જીવત્વગુણ વગેરે અનંત સ્વાભાવિક ગુણોથી ભરેલો ભગવાન છો. તારો એક પણ ગુણ પરમાં વહી જતો નથી, ભળી જતો નથી. સ્વતઃસિદ્ધ વસ્તુના સ્વભાવભૂત ગુણો પરમાં કઈ રીતે ભળે? ચેતનાગુણ ચેતનને છોડીને જડમાં ભળે? વર્ણ પુદ્‌ગલને છોડીને જીવમાં ભળે? જિનસ્વરૂપ ભગવાન આત્મા પોતાનું જિનપણું છોડે? વીતરાગગુણ પોતાનો સ્વભાવ છોડે? અહીં તો કહે છે કે—ભગવાન જ્ઞાયક પદાર્થ રાગપણે પણ થતો નથી, તો કર્મપણે અને પરપણે તો ક્યાંથી થાય? કેમ કે તેનો કોઈ પણ ગુણ પરમાં ભળી જતો નથી.

વસ્તુ તો આ છે, બાકી તો દુઃખી થઈને રખડી મરવાના ધંધા છે. ભલે મોઢાં લાલ દેખાય—પૈસાવાળા, બંગલાવાળા, આબરૂવાળા, રુઆબવાળા દેખાય. અહા! કેટલા ‘વાળા’? શરીરમાં એક ‘વાળો’ (વાળાનો રોગ) નીકળે તો રાડ નાખે, અને અહીં તો પત્નીવાળો, પુત્રવાળો, પરિવારવાળો વગેરે ‘વાળા’નો રાફડો ફાટ્યો. પણ એ તો બાપુ! ધુતારાની ટોળી છે. દેહ છૂટતાં તે બધાંનો સંબંધ એક ક્ષણમાં છૂટી જશે. જ્યાં રાગનો કણ પણ તારો નથી, ત્યાં કોની પત્ની ને કોનો પુત્ર? તું તો તેનાથી તદ્દન ભિન્ન શુદ્ધ આનંદઘન જ્ઞાયક દ્રવ્ય છો.

‘આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ.’

પવિત્રતાનો પિંડ પ્રભુ આત્મા, એકલો શુદ્ધ નહિ પણ, અત્યંત શુદ્ધ છે. બેનને હીરાથી વધાવવાનાં છે ને! હીરા તો પુદ્‌ગલની પર્યાય છે, તેની ચમક તો જડ છે. અંદર આત્મપ્રભુ તો, જેના ચૈતન્ય-ચમકાર પાસે સૂર્ય-ચંદ્રના પ્રકાશ પણ ઝાંખા લાગે એવો, અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ. જેની પાસે મતિ-શ્રુત આદિ ચાર જ્ઞાન પણ ફીકાં લાગે એવા કેવળજ્ઞાનના પુંજરૂપ ચૈતન્યશક્તિથી ભરેલો તું ભગવાન છો. તારે તેનો વિશ્વાસ ને દૃષ્ટિ કરવી પડશે. બહાર ઉપર લક્ષ છે તે છોડી દે અને દૃષ્ટિને અંતર સ્વરૂપમાં વાળ; તે વિના સમકિત નહિ થાય. જેને સમકિત નથી તેને, ભલે લાખ ક્રિયાકાંડ કરે રાગ મોળો પાડે છતાં પણ, ધરમ-બરમ અંશેય નથી. માટે અહીં કહે છે કે—બહારથી લક્ષ ફેરવી નાખ અને તારું આત્મદ્રવ્ય જે અત્યંત શુદ્ધ છે તેને તું, અંદરથી મહિમા લાવીને, ઓળખ.

અંદર આનંદનો નાથ ભગવાન જ્ઞાયક આત્મા બિરાજે છે, પણ અંતરમાં ઊંડા ઊતરીને ઓળખવાની નવરાશ ક્યાં છે? મોટો માણસ મળવા આવ્યો હોય ને આ, નાના બાળક સાથે રમતુંમાં રોકાઈ રહે તો ‘આ તો મારા સામું જોતો પણ નથી’ એમ કરીને તે ચાલ્યો જાય; તેમ અંદર પૂર્ણ જ્ઞાનાનંદનો નાથ ભગવાન આત્મા બિરાજે છે, તેની મોટપને જીવ જોતો નથી ને રાગની પામરતાનાં રમતરોળિયાંમાં ચડી ગયો છે. અહા! વાત

તો ઝીણી છે પ્રભુ! માર્ગ ઝીણો છે પણ એનાં ફળ મહા ઊંચાં છે; ઊંધા મારગનાં ફળ પણ હલકાં છે—નરક ને નિગોદ.

પ્રશ્ન :—પણ વર્તમાનમાં તો—મનુષ્યપણું ને સમૃદ્ધિ—આ બધું છે ને?

ઉત્તર :—અરે બાપુ! આ મનુષ્યપણું તો રાખ ને ધૂળ થઈ જશે. રાખ છે તે રાખ થશે જ ને? અંદર ભગવાન ચૈતન્ય-હીરલો પડ્યો છે તે કોઈ દી રાખ થશે? એ તો રાગમાં પણ આવતો નથી. તે પોતાનું સત્ત્વ છોડીને જાય ક્યાં? તેને તું ઓળખ. ઓળખવાથી અવશ્ય પ્રાપ્ત થાય જ. તે રાગથી કદી ઓળખાશે નહિ.

પ્રભુ! તું તો સ્વભાવે વીતરાગસ્વરૂપ છો ને! અંદર સ્વભાવને ઓળખીને પર્યાયમાં વીતરાગતા પ્રગટ કર ને! એ જ જિનવરે કહેલો ધર્મ છે. ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે ભાઈ! પૂર્વે કદી કર્યો નથી તેથી મોંઘો લાગે છે. શ્રીમદ્ કહે છે : 'સત્ સત્ જ છે, સરળ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ તે બતાવનાર સત્ જોઈએ.' પોતે પૂર્ણાનંદ જ્ઞાયક-સ્વરૂપમાં અંદર નજર કરી, ત્યારે બતાવનારા ગુરુ નિમિત્ત મળ્યા એમ કહેવાય. દેશનાલબ્ધિ હોય છે, પણ દેશનાથી આત્મા પમાતો નથી. દેશના તો નિમિત્ત છે. તેનાથી તો નહિ, પણ તેના નિમિત્તે જે જ્ઞાન થયું—દેશનાલબ્ધિ થઈ—તે વિકલ્પવાળા જ્ઞાનથી પણ આત્મા પ્રાપ્ત થતો નથી; એ તો ત્રિકાળી વીતરાગસ્વભાવી જ્ઞાયકપ્રભુના અવલંબને ઉત્પન્ન થતી વીતરાગ નિર્વિકલ્પ અનુભૂતિરૂપ નિર્મળ પર્યાયથી જ પ્રાપ્ત થાય છે. અહા! વીતરાગ જિનેશ્વરે કહેલું વસ્તુસ્વરૂપ આવું છે.

'પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જુદાપણું જણાય જ છે.'

શું કહ્યું? આત્માની હયાતી રાગ ને કર્મથી જુદી છે એમ જ્યારે પોતે પોતાને જ્ઞાનની વીતરાગ દશા દ્વારા જોયો—ઓળખ્યો ત્યારે પરથી ને વિભાવથી જુદો પડી ગયો. અંદર સ્વભાવે જે જુદો હતો તે પર્યાયમાં જુદો દેખાણો. આત્મા પર ને વિભાવથી જુદો જ છે તેની હયાતી માટે પરની કોઈ અપેક્ષા નથી. જેનાથી તે જુદો છે તેનાથી તે જણાય—તેની અપેક્ષા રાખે—એવી એ ચીજ જ નથી. અહા! વસ્તુસ્વરૂપ આવું છે.

અહા! વસ્તુસ્વરૂપ શું છે તે ન્યાયથી ને લોજિકથી (તર્કથી) પહેલાં બરાબર સમજવું જોઈએ ને! ન્યાય શબ્દ 'ની' ધાતુમાંથી બન્યો છે, 'ની नयति' દોરી જવું, લઈ જવું—એવો તેનો અર્થ છે. વસ્તુનું જે સ્વરૂપ છે તે પ્રતિ લઈ જનાર, દોરી જનાર શ્રુતજ્ઞાનને—તર્કજ્ઞાનને ન્યાય કહે છે. લોકના ને સરકારના ન્યાય જુદા; આ તો ત્રણ લોકના નાથે કેવળજ્ઞાન વડે જાણીને ફરમાવેલા, વસ્તુસ્વરૂપને પ્રકાશનારા સનાતન ન્યાયની વાત છે. બાકી

બધા—વસ્તુસ્વરૂપને વિપરીતપણે કહેનારા—અન્યાય છે. અહા! ન્યાય ને લૉજિકથી આ વાત બેસે તો પોતાનું સહજ શુદ્ધ અસ્તિત્વ સમજમાં આવે અને પરથી પોતાનું જુદાપણું જણાય.

## વચનામૃત—૧૬૧

**સંસારથી ભયભીત જીવોને કોઈ પણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે. ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે ! તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે. ૧૬૧.**

'સંસારથી ભયભીત જીવોને કોઈ પણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે.'

શું કહ્યું? અનાદિ કાળમાં જીવે અનંત અનંત ભવભ્રમણ કર્યાં છે. તે ભયંકર ભવભ્રમણનો જેને અંદરથી ભય લાગ્યો છે ને હવે આત્મહિત કરવું છે તેવા જીવોને ગુરુ જે પ્રકારે આત્માર્થનું પોષાણ થાય તેવો ઉપદેશ આપે છે. શ્રી યોગીન્દુદેવ કહે છે :

ઇચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્ત;
તે ભવી જીવ સંબોધવા, દોહા રચ્યા એકચિત્ત.

અરેરે! આ જીવ મરીને ક્યાં જશે? ક્યાં રખડશે? અરે! રખડવાનો ક્યાંય અંત ખરો? એવો જેને અંદરથી ત્રાસ ને ડર છે તે ભવથી—સંસારથી ભયભીત છે. માત્ર બહારનાં કે નરક-પશુનાં દુઃખથી નહિ, પણ ચારે ગતિરૂપ આખા સંસારથી—સ્વર્ગમાં પણ રાગને લીધે દુઃખ છે તેથી દેવના ભવથી પણ—ભયભીત છે.

અહા! આ દેહની મુદત ઘણાંને હવે પાંચ-પચીસ વર્ષની છે, અને આત્મા તો અંદર અનાદિ-અનંત નિત્ય વસ્તુ છે. આ સ્ત્રી-પુત્ર-લક્ષ્મી વગેરે બહારના સંયોગો સ્વપ્નાં જેવા ખોટા છે. માટે, જેમાં ભવ અને ભવનો ભાવ નથી એવી ત્રિકાળી આત્મવસ્તુનું પોષણ મળે એવો ઉપદેશ શ્રીગુરુ સંસારથી ભયભીત જીવોને આપે છે.

કોઈ પણ પ્રકારે જીવનો આત્માર્થ પોષાય એવો ગુરુનો ઉપદેશ હોય, પણ પુણ્ય

કર અને તે કરતાં કરતાં હળવે હળવે કલ્યાણ—ધર્મ થઈ જશે એવો તેમનો ઉપદેશ ન હોય. વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકરદેવ, તેમની દિવ્ય ધ્વનિ અથવા ચાર અનુયોગમય જિનવાણી અને વીતરાગ નિર્ગ્રંથ તેમ જ આત્મજ્ઞાની ગુરુનો ઉપદેશ એવો હોય કે જેનાથી કોઈ પણ પ્રકારે આત્માર્થ—વીતરાગતા પોષાય; કારણ કે સર્વ ઉપદેશનું તાત્પર્ય વીતરાગતા છે.

અરેરે! અત્યારે તો ઉપદેશેય ફરી ગયો છે : વ્રત કરો, તપ કરો, દાન કરો, દયા પાળો, મુનિઓને આહાર આપો; તે ધર્મનું સાધન છે અને તેથી તમારું હળવે હળવે કલ્યાણ—મોક્ષ થઈ જશે.—આવો શુભ રાગ કરવાનો તથા તેને ધર્મ કે ધર્મનું સાધન માનવાનો ઉપદેશ ગુરુનો નથી, મિથ્યાદૃષ્ટિનો છે. ગુરુ તો જેનાથી આત્માર્થનું પોષણ મળે—આત્મા સ્વભાવે ત્રિકાળી જ્ઞાનાનંદ ને વીતરાગસ્વરૂપ છે તેના આશ્રયે વીતરાગતા પ્રગટે—એવો હિતકારી ઉપદેશ આપે.

'ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે.'

ગુરુ શું કહે છે તે સમજવા માટે શિષ્ય પ્રયત્ન કરે.

ગુરુ કહે છે : આ આત્મા પોતે સ્વભાવે જિનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે ને—એની સન્મુખ જા, અંદર તેના તરફ નજર કર, તેનો આશ્રય લે, તો તને નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની વીતરાગી પર્યાય પ્રગટ થશે. તે પછી પણ સ્વનો આશ્રય વિશેષ વિશેષ કર તો સ્થિરતામાં—ચારિત્રમાં વીતરાગતાની વૃદ્ધિ થશે. ત્રિકાળી જ્ઞાયક ભગવાનનો આશ્રય લેવાથી અંદર સર્વ પ્રકારે શુદ્ધિની વૃદ્ધિ થશે. ગુરુનો ઉપદેશ આવો, વસ્તુની સ્વતંત્રતા ને સ્વાધીનતા બતાવનારો હોય છે; તેનું ફળ વીતરાગતા છે. ગુરુનો આ આશય સમજવા શિષ્ય ખંતીલો હોય છે.

'ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે!'

ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય, પણ ગુરુ શું કહે છે તે બરાબર સમજી શકતો ન હોય તો સમજવા માટે આશંકા થાય. જે પૂરણ સમજી ગયો હોય તેને આશંકા ન થાય, અથવા જે કાંઈ જ સમજ્યો ન હોય તેને પણ આશંકા ન થાય.

'તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે.'

જિજ્ઞાસુ શિષ્યને બરાબર ન સમજાય ત્યાં એમ વિચાર આવે કે ગુરુ કહે છે તે

તો સાચું જ છે પણ મને એમનો આશય પકડાતો નથી; તેમનો આશય છે તે તો સત્ય જ છે. ગુરુનો ઉપદેશ વસ્તુસ્વરૂપની સ્વતંત્રતા બતાવે છે અને વીતરાગતાનું પોષણ કરે છે. તેના શ્રવણ-મનનથી—સત્સમાગમથી અંદરના પુરુષાર્થ વડે તત્ત્વ બરાબર સમજી શકાય છે.

પ્રશ્ન :—સત્સમાગમ કહેવો કોને?

ઉત્તર :—જેમના ઉપદેશમાં તત્ત્વનું સાચું નિરૂપણ હોય અને વીતરાગભાવનું પોષણ હોય, રાગ કરો ને રાગથી લાભ થાય એ વાત જેને ન હોય, એવા આત્મજ્ઞાની સ્વાનુભવી સત્પુરુષનો પરિચય તે સત્સમાગમ છે; બહારનો ત્યાગ કર્યો, સાધુ થઈ ગયા પણ જો અંદર દૃષ્ટિ મિથ્યા છે કે—ક્રિયા કરું, શુભ ભાવ કરું ને તેનાથી અંદર ધર્મ થઈ જશે, તો એવાનો સંગ ને સત્સમાગમ નથી.

શિષ્ય વિચારે કે ગુરુ કહે છે તે સત્ય જ છે. કોણ કહે તે? સાચા ગુરુ કહે તે. અહાહા! જે અંદર પોતે પોતાનો ગુરુ થયો છે, પોતે જ પોતાને સમજાવીને અંદર ચૈતન્યનું ભાન થયું છે તે નિશ્ચયે પોતે જ પોતાનો ગુરુ છે. અન્ય એવા જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યાં છે ને બહારમાં ગુરુ છે; તેમની આજ્ઞા વીતરાગતાનું પોષણ કરે છે. ગુરુ એમ કહે કે—જો ભાઈ! વસ્તુનું ભાન થયું છે, અંતર આત્માનો અનુભવ પણ છે, છતાં હજુ જ્યાં સુધી અસ્થિરતા છે—વીતરાગ થયો નથી ત્યાં સુધી વચ્ચે વ્રતાદિના વિકલ્પ આવે, પણ છે તે બંધનું કારણ, દુઃખનું કારણ. વીતરાગદૃષ્ટિવંતને, સ્વાશ્રયવંતને પણ પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી વ્યવહાર આવે—વ્રતાદિનો શુભ રાગ આવે—પણ તે રાગ બંધનું કારણ છે એમ હેય તરીકે તેને જાણે.

અત્યારે તો હજુ તે શુભ રાગને સંયમ ને ચારિત્ર જાણીને તેને ઉપાદેય માનવામાં આવે છે! અરે ભાઈ! એ મિથ્યાત્વનાં ફળ આવશે ત્યારે...! દુનિયા ભલે સ્વીકારે—દુનિયા પાગલ છે—કે 'ઓહો! શું આણે ત્યાગ કર્યો છે! અરેરે! તત્ત્વની વિરાધના ને રાગની આરાધના...અહા! તત્ત્વની વિરાધનાનું ફળ, એકાદ ભવ વચ્ચે સ્વર્ગાદિમાં કદાચિત્ જાય પણ, અંતે તો નિગોદ છે. અરેરે! કોઈ પણ આત્માને એવી દશા થાય એવું ધર્મીને કેમ રુચે? ન જ રુચે. શ્રીમદ્ કહે છે ને—'કરુણા ઊપજે જોઈ.' ધર્મીને કરુણા આવે, તિરસ્કાર ન હોય.

જે મિથ્યાત્વ છે, જે સ્વરૂપસન્મુખદૃષ્ટિથી વિપરીત દૃષ્ટિ છે, તેને પહેલાં છોડવાની વાત છે. પણ તે છૂટે ક્યારે? સ્વનો આશ્રય લઈને અંદરમાં જુએ તથા પરથી ને રાગાદિ વિભાવથી જુદો નિજ શુદ્ધ ત્રિકાળી જ્ઞાયક આત્મા અનુભવ સહિત જાણે ત્યારે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અહીં એ વાત ચાલે છે કે 'હું હજી સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે'—એમ શિષ્ય માને. સમજવાની જિજ્ઞાસાવાળા, ભલે સમજી શકે નહિ પણ, સમજવાનો પ્રયત્ન કરે.

કોઈ કહે : એકદમ આવું આકરું! ભાઈ! આકરું કહો કે ન કહો, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. વીતરાગ પર્યાયથી વીતરાગી આત્મા જણાય, રાગથી કદી જણાય નહિ. બાપુ! આ હળવે હળવે સમજવાની વાત છે.

સહજ ચિદાનંદ.

સં. ૧૯૯૭

આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. અરે! ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંત કાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બહેનોનાં પણ સદ્ભાગ્ય છે.

—*પૂજ્ય ગુરુદેવ*

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રવચન–૫૮

તા. ૬-૮-૭૮

## વચનામૃત—૧૬૨

દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે—નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. 'આ બધા જે કષાયો—વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે—પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે. ૧૬૨.

'દ્રવ્ય સદા નિર્લેપ છે.'

શું કહે છે? દ્રવ્ય એટલે ત્રિકાળી ચૈતન્યભાવ, વસ્તુ—એ તો અંદર નિર્લેપ છે. રાગ અને કર્મનો સંબંધ પણ જેને નથી; કોને? જ્ઞાયકને. જે કોઈ જ્ઞાયકને જાણવાની દૃષ્ટિ કરે તેને નિર્લેપ છે; પણ નિર્લેપ પર દૃષ્ટિ કરે એને ને! અહાહા! ઝીણી વાતો બાપુ! જેને જન્મ-મરણનાં દુઃખોથી મુક્ત થવું હોય તેણે સૌથી પ્રથમ એ નક્કી કરવું કે—હું પરનું તો કાંઈ કરી શકતો નથી; તણખલાના બે કટકા પણ આત્મા કરી શકે નહિ; આંખની પાંપણ પણ આત્મા ફેરવી શકે નહિ. પરદ્રવ્ય પણ 'છે'. પર્યાય વિનાનું તે દ્રવ્ય હોય નહિ. તેની પર્યાયને જીવ કરે તે તો કોઈ દી સંભવે નહિ. હવે રહ્યાં અંદર પુણ્ય ને પાપ, તેને જીવ માત્ર અજ્ઞાનભાવે કરે; કેમ કે અનંત ગુણોના પાસાથી શોભતો જ્ઞાયકહીરો—અંદર જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યવસ્તુ—તો ત્રિકાળ નિર્લેપ જ છે. સંયોગ ઉપરથી લક્ષ છોડી, એક સમયની પર્યાયનું, જેનું અસ્તિત્વ-હયાતી પોતામાં છે તેનું પણ લક્ષ છોડી, ભગવાન આત્મા અંદર નિર્લેપ દ્રવ્ય છે એવી જેને દૃષ્ટિ થાય તેને સમ્યગ્દર્શન થાય છે. અહા! આવો માર્ગ છે ભાઈ!

ભગવાન દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ શુદ્ધતાથી ભરેલો છે. તે દ્રવ્યસ્વભાવ સમ્યગ્-દર્શનનો—શ્રદ્ધાપર્યાયનો વિષય છે. જ્ઞાનની પર્યાયમાં પણ તે નિર્લેપ દ્રવ્યસ્વભાવ જ્ઞેય થાય છે, જ્ઞાનની પર્યાયમાં તે જણાય છે, છતાં તે, જ્ઞાનની પર્યાયમાં આવી જતો નથી. અહા! વાત ઝીણી બહુ, ભગવાન!

અરે! હજી તો લોકો તકરાર કરે છે કે—વ્રતમાં પણ ધર્મનું મિશ્રિતપણું છે. ભાઈ! વ્રત છે તે તો શુભ રાગ—આસ્રવ છે. નિર્લેપ દ્રવ્યસ્વભાવનો—મહાપ્રભુનો જેણે આશ્રય કર્યો છે તેને પર્યાયમાં જે નિર્મળતા થઈ અને બાકી રહ્યો જે વિકલ્પ તે બંને મિશ્ર છે; પણ તે મિશ્રણમાં જે વ્રતાદિનો શુભ વિકલ્પ છે તે તો આસ્રવ છે, ધર્મ નથી. પૂર્ણ નિર્લેપ દ્રવ્યસ્વભાવનો જઘન્ય આશ્રય તો સમકિત થતાંવેંત જ લીધો છે; સ્થિરતારૂપ વિશેષ લીધો તો સ્વરૂપ-રમણતારૂપ ચારિત્ર પ્રગટ્યું; પૂર્ણ આશ્રય લીધો તો કેવળજ્ઞાન પ્રગટ્યું.

'પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે.'

એ શું કહ્યું? 'દ્રવ્ય તો સદા નિર્લેપ છે' તેમાં કોઈ, બીજું દ્રવ્ય સમજી ન લે એટલે પ્રથમ 'દ્રવ્ય' એમ સાધારણ વાત કરીને, હવે તે 'દ્રવ્ય' ને 'જાણનાર, જ્ઞાયક' રૂપે વર્ણવે છે.

જાણવું અને દેખવું જેનો ત્રિકાળી સહજ સ્વભાવ છે એવો આત્મા પોતે તો સ્વયં જાણનાર, જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક, તરતો ભિન્ન પદાર્થ છે. સમયસારની ૩૧મી ગાથાની ટીકામાં ધ્રુવ આત્માને રાગ ને પર્યાયથી ભિન્ન, અધિક, જુદો, તરતો ને તરતો કહ્યો છે. તેને રાગ સાથે ક્યાંય મેળ નથી. તે તો શુભાશુભના ડાઘ રહિત, અનંત ગુણોના પાસાથી ભરેલો ચૈતન્યહીરલો છે. અહા! આ તો જેને કલ્યાણની ભાવના હોય તેની વાત છે. બાપુ! જીવ એમ ને એમ ૮૪ લાખ યોનીના અવતારોમાં રખડે છે. કરોડપતિઓ માને કે અમે સુખી છીએ; તેઓ સુખી નથી પણ આત્માના ભાન વિના મહાદુઃખી છે. તેઓ ધંધાની મમતાના પરિણામમાં મરીને નરકમાં કે ઢોરમાં ઊપજવાના; કેમ કે શુભ કે અશુભ ભાવનું ફળ ચાર ગતિ છે. શુદ્ધ ભાવનું ફળ મોક્ષ છે. શુભાશુભ રાગથી ભિન્ન, તરતો ને તરતો, અંદર જાણનાર જ્ઞાયકભાવ છે તેનો ઉપયોગ કરવો તે શુદ્ધોપયોગ છે.

પ્રશ્ન :—કોઈ એમ કહે છે કે અત્યારે આ કાળે શુદ્ધ-ઉપયોગ હોય જ નહિ.

ઉત્તર :—અરે પ્રભુ! આ તું શું કહે છે? જો શુદ્ધ-ઉપયોગ નથી તો આ કાળે અત્યારે દ્રવ્યની દૃષ્ટિ અને દ્રવ્યનું જ્ઞાન જ નથી—એમ ઠરે, સ્વયં નામ પોતે જાણનાર,

શુદ્ધ જ્ઞાયકભાવપણે જુદો જ—તરતો ને તરતો પદાર્થ છે; તેમાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક ઉપયોગ લાગવો તે શુદ્ધ-ઉપયોગ છે.

'જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે—નિર્લેપ છે.'

સ્ફટિક એક જાતનું રતન થાય છે. જામનગરમાં સમયસારની ૧૦૦મી ગાથા પર વ્યાખ્યાન ચાલતું હતું ત્યારે (વિ. સ. ૧૯૯૧માં) એક સ્ફટિક જોયું હતું. સ્ફટિકમણિમાં પ્રતિબિંબો દેખાય તે વખતે પણ સ્ફટિક તો સ્વચ્છ નિર્મળતાનો ગંજ છે. લાલ ફૂલના સંયોગથી તે લાલસ્વરૂપ થયું જ નથી. પર્યાયમાં થયું છે ત્યારે પણ તેનું દ્રવ્ય તો સ્વભાવે નિર્મળ છે, લાલરૂપ થયું નથી. પ્રતિબિંબ એટલે સામે જે ચીજ હોય એવો અહીં સ્ફટિકમાં આકાર થાય તે. પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક તો સ્વભાવે તે વખતે પણ નિર્મળ જ છે. તેમ જીવની દશામાં વિભાવો જણાવા છતાં, રાગાદિ દેખાવા છતાં, એ તો સ્વભાવે જ્ઞાયકભાવનો પિંડ પ્રભુ છે, રાગથી તદ્દન જુદો છે. વસ્તુ તો તદ્દન નિર્મળ ને નિર્લેપ છે. અહાહા! 'અસ્તિ'પણે જે મોજૂદ કાયમી ધ્રુવસ્વભાવ, ભગવાન વસ્તુસ્વભાવ, તેની પર્યાયમાં વિભાવો દેખાવા છતાં, તે તો નિર્લેપ જ છે. અહી ધ્રુવસ્વભાવ જ્ઞાયકભાવપણે લેવો છે, કારણ કે ધ્રુવસ્વભાવ તો પરમાણુ વગેરેમાં પણ છે. જ્ઞાયકભાવને વર્તમાન પર્યાયમાં શુભાશુભ ભાવો હોવા છતાં વસ્તુ તો નિર્મળ ને નિર્લેપ જ છે.

'જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે.'

એ શું કહ્યું? જ્ઞાયકભાવ છે તે ત્રિકાળ શુદ્ધ, શાશ્વત, ધ્રુવ દ્રવ્ય—વસ્તુ છે. તેમાં વિભાવો દેખાવા છતાં વસ્તુ તો સ્વભાવે નિર્લેપ છે—તે એક વાત; અને બીજી વાત એ કે—'આત્મા શુદ્ધ જ્ઞાયકભાવ છે' એવું જ્યારે શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યું—આવ્યું અર્થાત્ પોતે તેને શ્રદ્ધા-જ્ઞાનમાં લીધું—ત્યારે તે જ્ઞાયકભાવનું પરિણમન પણ જ્ઞાયકપણે હોય છે. અહા! ઝીણી વાતો બહુ, બાપુ! અત્યારે આ વચનામૃતમાં આખા બાર અંગનો સાર આવી ગયો છે; એકલું માખણ છે.

આત્મા જ્ઞાયક છે, તેની સાથે આ દેહ છે તે તો છૂટો જ પડ્યો છે. આત્માની સાથે તેનો સંબંધ શો છે? તે તો માટી છે. ભગવાન આત્મા તો ચૈતન્યરતન અંદર જુદું છે. અરે! દેહ તો શું, પણ પુણ્યપાપના ભાવપણે પણ તે થયો નથી. અહાહા! આત્મા જ્ઞાયકસ્વરૂપ છે બાપુ! કરવાનું તો આ છે ભાઈ! દુનિયા ગમે તે માને, ગમે તે કહે, બાકી સુખી થવાનો પંથ તો આ છે.

અશુભ ભાવ તો સંસાર છે જ, પણ મુનિને પંચ મહાવ્રત વગેરેના શુભ પરિણામ આવે તે પણ સંસાર જ છે. તે પરિણમન એમનું નહિ, ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિને લીધે વર્તતી જ્ઞાયકપણાની સહજ અતીન્દ્રિય નિર્મળ તેમજ નિર્લેપ દશા તે જ ખરેખર એમનું પરિણમન છે. અહા! જગતને આ વાત આકરી પડે, પણ શું થાય? બહારના બધા ભભકાએ જગતને મારી નાખ્યું! કરોડોનાં મકાનો હોય, લાખો રૂપિયાની આવક હોય, પણ તેથી શું? એ તો બધા ધૂળના ઢગલા છે. પ્રભુ! તું તો પોતે અંદર અનંત ગુણસમૃદ્ધિનો ઢગલો છો. ખરી વસ્તુ તો એ જ છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞભગવાને દિવ્યધ્વનિમાં એમ ફરમાવ્યું છે કે, પ્રભુ! તું તો સદા નિર્લેપ ને ભગવાન છો. સમયસારની ૭૨મી ગાથાની ટીકામાં આચાર્યદેવે આત્માને ત્રણ વાર 'ભગવાન આત્મા' કહ્યો છે. અનંત સહજ જ્ઞાન, અનંત સહજ દર્શન અને અનંત સહજ આનંદ આદિ અનંત 'ભગ' નામ લક્ષ્મી અને 'વાન' નામ સહિત જેનું ત્રિકાળી સ્વરૂપ છે તે આ નિજ 'ભગવાન આત્મા' છે. અહીં તો કહે છે કે, જ્ઞાયકભાવરૂપ નિજ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન કર્યું તેનું પરિણમન પણ—જ્ઞાયક જેમ નિર્લેપ છે તેમ તેની પર્યાય પણ—નિર્લેપ છે.

અહા! ભાષા સાદી, પણ વસ્તુ મોંઘી બહુ બાપા! અરે! હું કોણ છું, કેવો છું—એનો કોઈ દી અભ્યાસ જ ન મળે; આ રાગની ક્રિયા કરે ને દયા-વ્રત પાળે...પણ એ તો સંસાર છે. ભાઈ! તું તો નિર્લેપ દ્રવ્યસ્વભાવ છો. અહા! વર્તમાન અવસ્થા અંદર નિર્લેપ શુદ્ધ જ્ઞાયકની શોધમાં જશે તો જ્ઞાયક આત્મા હાથ આવશે; અને તે પરિણતિ—જેવું એનું ત્રિકાળી સ્વરૂપ છે એવી જ એની દશા—સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રસ્વરૂપ પ્રગટ થશે.

વાણિયાને ધંધાનો પાર નહિ. અહા! એને હાથ આ જૈનધર્મ આવ્યો; પરંતુ તેને સમજવાની એને ક્યાં નવરાશ છે? એક ઈતિહાસના વિદ્વાને શોધ કરીને પ્રશ્નાર્થમાં લખ્યું છે : 'શું જાપાનમાં જૈનધર્મ?' તે લેખમાં તેણે લખ્યું છે કે—આત્માની અનુભૂતિ કરવી તે જૈનધર્મ છે. અહા! પરદેશનો ઈતિહાસજ્ઞ પણ શોધતાં શોધતાં લખે છે કે—જૈનધર્મ તે શી ચીજ છે? આત્મા જેવો છે તેવો તેનો અનુભવ કરવો તે જૈનધર્મ છે. અહીં તો વ્રત, તપ, ભક્તિ ને પૂજાના શુભભાવને લોકો જૈનધર્મ માની બેઠા છે. ભાઈ! તારા જ્ઞાનમાં હજી નિર્ધાર તો કર કે, વસ્તુ છે તે સદા નિર્લેપ છે, જ્ઞાયક છે; અને એનો આશ્રય કરીને જે દર્શન, જ્ઞાન ને રમણતા થાય તે પણ નિર્લેપ ને નિર્મળ જ હોય. તેને મોક્ષમાર્ગ ને જૈનપણું પ્રગટ્યું—એમ કહેવાય. જિનપણું એ તો વસ્તુનું સ્વરૂપ છે. પ્રભુ!

તું જિનસ્વરૂપ છો—એ તને ખબર નથી. શ્રી સમયસારનાટકમાં કહ્યું છે : 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન.' અરે! નગ્ન દિગંબર સાધુ થાય, પણ અભિપ્રાયમાં વ્રત-તપાદિના શુભભાવથી ધર્મ થાય એમ માને છે. રાગથી ધર્મ માને તે અભિપ્રાય જ ભૂલભરેલો છે. ધર્મ તો વીતરાગ ભાવ છે. રાગથી વીતરાગ થવાય? અહા! આ દેહદેવળમાં દરેક આત્મા પોતે જિનસ્વરૂપે બિરાજમાન છે. જો અંદર શક્તિરૂપે પોતે જિનસ્વરૂપ—વીતરાગસ્વરૂપ ન હોય તો પર્યાયમાં વ્યક્તિરૂપે તે વીતરાગ જિનદશા ક્યાંથી આવશે? શું તે દશા ક્યાંય બહારથી આવે છે? અહા! ભારે આકરું કામ! જિનસ્વરૂપ કહો, નિર્લેપસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો—બધું એક જ છે. જૈનધર્મ કોઈ પક્ષ નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે.

"'આ બધા જે કષાયો—વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે—પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે."

શું કહે છે? જ્ઞાયક પ્રભુ પોતે જાણનાર-સ્વભાવથી પૂરણ ભરેલો છે. તેને પર્યાયમાં જે રાગાદિ થાય છે તે તો જ્ઞાયકજીવનાં પરજ્ઞેય છે, સ્વજ્ઞેય તો જ્ઞાયક છે. ભાઈ! વસ્તુ તો એવી છે. શું કહીએ? અરે! પ્રભુના વિરહ પડ્યા ને આ વાત રહી ગઈ.

અરેરે! અનેકાંત કોને કહેવાય—એ પણ લોકોને ખબર નથી. અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી. જ્ઞાયક-પ્રભુનો આશ્રય કરીને નિર્મળ પરિણતિ પ્રગટ કરવી તે અનેકાંતગર્ભિત સમ્યક્ એકાંત જ છે. નિશ્ચય જ્ઞાયકસ્વભાવના આશ્રયરૂપ સમ્યક્ એકાંત થયો ત્યાં, સાથે ભૂમિકાને યોગ્ય રાગાદિને જાણનારો થયો તે અનેકાંત છે.

દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં જ્ઞાયકદ્રવ્યનું જે દ્રવવું થાય, પરિણમવું થાય—પર્યાયમાં તેનું પરિણમન થાય—તે પણ નિર્લેપ, નિર્દોષ ને નિર્મળ જ હોય છે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે. પ્રભુ! તારી પ્રભુતાનો પાર નથી. નાથ! શું કહીએ? અનુભવપ્રકાશમાં કહ્યું છે : પ્રભુ! તારી શુદ્ધતાની તો શી વાત? તારી શુદ્ધતા તો બડી, પણ તારી અશુદ્ધતાયે બડી! કેવળીની સમીપે ગયો તોપણ તેં તારી ઊંધાઈ છોડી નહિ! ત્રણ લોકના નાથ તીર્થંકર પ્રભુ પાસે ગયો, સમવસરણમાં પ્રભુની વાણી અનંત વાર સાંભળી, જ્યાં તીર્થંકરનો કદી વિરહ હોય નહિ એવા મહાવિદેહક્ષેત્રમાં અનંત વાર તારો જન્મ થયો, સમવસરણમાં ભગવાનની મણિરત્નના દીપકોથી આરતી ઉતારી તથા હીરાના થાળમાં કલ્પવૃક્ષનાં ફળોથી પૂજા કરી, પણ પ્રભુ! એ તો શુભરાગ છે, સંસાર છે, એ જ્ઞાયકભાવ નથી. અહા! આકરું કામ બહુ, બાપુ! અત્યારે તો ઉપદેશકોએ લોકોને ક્રિયાકાંડમાં ચડાવી દીધા છે.

વાણિયાને તત્ત્વ સમજવાની કે વિચારવાની નવરાશ ન મળે; ને બીજા કોઈ વ્રત ધારણ કરે, બ્રહ્મચર્ય પાળે તથા પરિષહ સહન કરે ત્યાં બહારની ક્રિયા જોઈને ખુશી ખુશી થઈ જાય અને માને કે—આપણે ન કરી શકીએ એવું તે કરે છે, માટે આપણાથી તે ઊંચા છે. અરેરે, પ્રભુ! આ તું શું કહે છે? પરિષહજય વગેરે કોને કહેવાય? જ્યાં દેહાદિથી ને રાગાદિથી ભિન્ન નિજ જ્ઞાયક ભગવાનનું સાચું ભાન—સમ્યગ્દર્શન થયું હોય, પરિણતિમાં અતીન્દ્રિય આનંદની અનુભવધારા પ્રગટી હોય, ત્યાં જે પરિષહ–બહારની પ્રતિકૂળતા–આવે તેનો સહજ પણ જાણનાર રહે તેનું નામ પરિષહનું સહન કરવું કહેવાય છે. આ સમ્યગ્દર્શન વિનાની ક્રિયા તે કોઈ પરિષહજય નથી.

અહા! 'આ બધા કષાયો—વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો શુદ્ધ જ્ઞાયક છું' એમ નિજ દ્રવ્યસ્વભાવની ઓળખાણ કરે—તદ્રૂપ પરિણમન કરે તો પર્યાયમાં પ્રગટ નિર્લેપતા, શુદ્ધતા થાય છે. સમયસારની ૧૨મી ગાથામાં કહ્યું છે કે—ત્રિકાળી શુદ્ધ પરમભાવને જે દેખે છે, તેનો જેણે આશ્રય લીધો છે તેને શુદ્ધનય જાણવો. તે સમ્યગ્દૃષ્ટિ જીવને પર્યાયમાં કાંઈ અશુદ્ધતા કે અપૂર્ણતા છે કે નહિ? છે, તો તેને શું કહેવું? સાધક જીવને પરમભાવના આશ્રયરૂપ નિશ્ચયની સાથે સાથે જેટલી શુદ્ધિ વધતી જાય છે, અશુદ્ધિ ઘટતી જાય છે અને જેટલી કચાશ રહી છે એ બધો વ્યવહારનયનો વિષય છે અને તે તે ભૂમિકામાં તે તે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવાયોગ્ય છે એવી વિવક્ષાથી વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન કહ્યો છે, તેનો આશ્રય ગ્રહણ કરવાયોગ્ય છે એવી વિવક્ષાથી નહિ. અહાહા! ગજબ છે દિગંબર જૈન સંતોની વાતો! અમૃતના સાગર ઉછાળ્યા છે. આવી વાત બીજા કોઈ સંપ્રદાયમાં છે જ નહિ. અહા! શું કહીએ? કોને કહીએ આ?

અહા! અતીન્દ્રિય અમૃતસ્વરૂપ જ્ઞાયકનું જ્યાં ભાન થયું, ત્યાં કષાયભાવ જે આવે તે પરજ્ઞેય તરીકે આવે, સ્વજ્ઞેય તરીકે તો જ્ઞાયકભાવ આવે; કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપર-પ્રકાશક હોવાથી તે સ્વને પણ જાણે અને પરને તથા પર્યાયમાં રાગાદિ અશુદ્ધતા આવે તેને પણ જાણે. જાણનારસ્વભાવ છે તે જાણ્યા વિના કરે શું? વસ્તુ છે તે જ્ઞાયકભાવ તરીકે મોજૂદ ચીજ છે, નિર્લેપ છે. તેનું જેને જ્ઞાન થયું તેને પણ, હજુ પૂર્ણ વીતરાગ થયો નથી તેથી, વ્રતાદિ રાગનો વિકલ્પ આવે, તે તેને જાણે, પણ તેનાથી લાભ થાય એમ માને નહિ. કષાય આવે તેને જાણવો એ તારી પ્રભુતા છે, કષાયને કરવો ને 'કષાય મારા છે' એમ માનવું—એ તારી પ્રભુતા નથી, પામરતા છે. અરેરે! જીવે પોતાના આત્માનું હિત ઈચ્છ્યું નહિ, પરની જંજાળમાં ગૂંચાઈને મરી ગયો. કષાયો તો વિભાવરૂપ પરજ્ઞેયો છે, સ્વભાવરૂપ સ્વજ્ઞેય તરીકે તો જ્ઞાયકભાવ છે.

અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી રાગાદિ વિભાવપર્યાય આત્માની છે. પ્રવચનસારમાં કહ્યું છે કે શુદ્ધ દ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનયથી પુણ્ય-પાપના ભાવ આત્માના છે. પણ એ તો જ્ઞેયની—પર્યાયની સિદ્ધિ સિદ્ધ કરી. પરંતુ જ્યારે ત્રિકાળી જ્ઞાયક પર દૃષ્ટિ પડે છે, ત્યારે તો તે રાગ, પુણ્ય-પાપના તથા દયા-દાનના ભાવ પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાય છે—એવો જ જ્ઞાનનો સહજ સ્વભાવ છે. સ્વનું જ્ઞાન થયું, ત્યાં એ જ્ઞાનની પર્યાયમાં સ્વપર-પ્રકાશક સામર્થ્ય હોવાથી સ્વને જાણતાં રાગ વચ્ચે આવ્યો તેને પરજ્ઞેય તરીકે જાણે. જાણનાર પ્રભુ બીજું શું કરે? તે તો ઉદયને તેમ જ બંધને તથા નિર્જરા તેમ જ મોક્ષને જાણે—તેનો જ્ઞાતા રહે. એ વાત સમયસારની ૩૨૦મી ગાથામાં કહી છે.

સ્ત્રી, પુત્ર, પરિવાર વગેરે તો ક્યાંય રહી ગયાં, પણ રાગના પરિણામ આવે તેને પણ પરજ્ઞેય તરીકે જાણે. પરને જાણે તે પણ એક અપેક્ષાથી છે, બાકી તો જાણવાની પર્યાય સ્વયં એવી જ પ્રગટે કે જે પ્રકારનો રાગ છે તેને જાણતું જ્ઞાન પોતાથી પ્રગટે. જ્ઞાયકભાવ છે તેમાંથી જ્ઞાનની પર્યાય આવે અને તે પર્યાય સ્વને ને પરને જાણવાના સ્વભાવવાળી પ્રગટ થાય. અહા! પ્રભુનો મારગ એટલે કે આત્માનો મારગ કોઈ અલૌકિક છે.

ભાઈ! બહારમાં ધર્મ માનીને જેઓ જિંદગી ગુમાવે છે તે બધા ભવિષ્યમાં નરક ને નિગોદના ભવોમાં જશે. તું એમ ન માન કે દુનિયા મને બહુ માને છે માટે થઈ ગયો ધર્મી. શું તારે દુનિયા પાસેથી ધર્મીપણાનું પ્રમાણપત્ર લેવું છે? દુનિયા તો, ભલે ને કરોડોપતિ શેઠિયા હોય તોપણ તે બધા, મોહની ઘેલછાને લઈને પાગલ છે, અને પાગલના પ્રમાણપત્રની કિંમત શી? અજ્ઞાનીને આ વાત ન બેસે. 'મતિમદિરાકે પાનસૌં મતવાલા સમુઝૈ ન.' જિનસ્વભાવ અંતરમાં છે, તેનો આશ્રય લેવાથી નિર્મળ પર્યાય પ્રગટે છે. એ જ કરવાનું છે, પણ તેમાં અજ્ઞાનીને સૂઝ ન પડે, નહિ કરવાના એવા આ ક્રિયાકાંડમાં તેને સૂઝ પડે છે. પરમાર્થવચનિકામાં કહ્યું છે : આગમનો વ્યવહાર સહેલો છે, એટલે લોકો એમાં મંડી પડ્યા; પણ અધ્યાત્મનો વ્યવહાર શો છે તેને તે જાણતા નથી. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને આશ્રયે થયેલી નિર્મળ નિર્વિકલ્પ વીતરાગ દશા તે અધ્યાત્મનો વ્યવહાર છે, બાકી આ મહાવ્રત આદિ રાગની ક્રિયા તે બધો મનુષ્યવ્યવહાર છે, આત્મવ્યવહાર નહિ. પ્રવચનસારની ૯૪ મી ગાથાની ટીકામાં આ વાત કહી છે.

અહા! દિગંબર સંતોએ ગજબનાં કામ કર્યાં છે, પણ લોકો એને ઓળખવા નવરા નથી. અમે દિગંબર છીએ એટલે નગ્ન મુનિ તથા નગ્ન પ્રતિમાને માનવી જોઈએ એટલું સમજે; પણ એમાં શું થાય? અંદર આત્મા વિકલ્પના ઓઢણાં વિનાનો નગ્ન છે તેને માન ત્યારે તું દિગંબર કહેવાય.

દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિ ભાવ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નહિ. હજુ સ્વભાવને સમજવાનાં ઠેકાણાં ન મળે તેને ધર્મ ક્યાં છે? આત્મા—વસ્તુ સ્વભાવથી નિર્લેપ છે તેનું જ્ઞાન કરે, તેને જોવાનું ને જાણવાનું કાર્ય કરે, તો પર્યાયમાં પ્રગટ નિર્લેપતા થાય. તે નિર્લેપતા કોઈ શુભરાગરૂપ વ્યવહાર કરતાં કરતાં થાય—એમ નથી. ભગવાન જ્ઞાયક આત્માનો આશ્રય લઈને જે વીતરાગ પરિણતિ થઈ તે નિર્લેપતારૂપ નિશ્ચય મોક્ષમાર્ગ છે; તે નિર્લેપ શુદ્ધ પરિણતિ નિર્લેપ દ્રવ્યસ્વભાવના અવલંબને થાય છે, શુભ વ્યવહારના અવલંબને નહિ. અહાહા! આવી વાત છે, શું કહીએ? પ્રભુના વિરહ પડ્યા, ભરતમાં અત્યારે ભગવાનની ઉત્પત્તિ નહિ, કેવળીઓ નહિ. અહાહા! અહીં તો પ્રભુનું આ વચન છે. બેને તો વાત કરતાં કોઈને કીધું હશે, એમાં આ લખાઈ ગયું.

અહીં કહે છે કે—'પર્યાયમાં આ બધા જે શુભાશુભ વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, દ્રવ્યસ્વભાવ તો કેવળ જ્ઞાયક છે' એમ સાચી ઓળખાણ કરે—પરિણમન કરે તો પર્યાયમાં પ્રગટ નિર્લેપતા, શુદ્ધતા ને વીતરાગતા થાય છે.

સહજ ચિદાનંદ.

તા. ૨૬-૧૧-૬૫

વિ. સં. ૧૯૯૩, ચૈત્ર વદ આઠમના દિવસે બેનને (બહેનશ્રી ચંપાબેનને) આત્માના શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ અનુભવ સાથે ઉપયોગમાં નિર્મળતા થતાં જાતિસ્મરણ થયું. સમ્યગ્દર્શન ૮૯ મા થયું હતું. ધ્યાન કરતાં કરતાં એટલાં એકાગ્ર થઈ જાય છે કે પોતે ભરતમાં છે કે વિદેહમાં એ પણ ભુલાઈ જાય છે. ...અમે સાથે જ મોક્ષ જવાના છીએ. આ વાત બધી પ્રત્યક્ષ થયેલ છે. બેનનું (બહેનશ્રીનું) જ્ઞાન તો અગાધ ને ગંભીર છે. —*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન–૫૯

તા. ૯-૮-૭૮

## વચનામૃત—૧૬૩

**આત્મા તો ચૈતન્યસ્વરૂપ, અનંત અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે. જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ, બીજા અનંત આશ્ચર્યકારી ગુણો છે જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહિ. નિર્મળ પર્યાયે પરિણમતાં, જેમ કમળ સર્વ પાંખડીએ ખીલી ઊઠે તેમ આત્મા ગુણરૂપ અનંત પાંખડીએ ખીલી ઊઠે છે. ૧૬૩.**

'આત્મા તો ચૈતન્યસ્વરૂપ, અનંત અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે.'

સહજ ચિદાનંદ.

આત્મા તો ચૈતન્યસ્વરૂપ ભગવાન છે. જ્ઞાયક એટલે કે જાણવું-દેખવું; તે તેનું કાયમી સ્વરૂપ છે. શરીર, વાણી ને મન તો નહિ, પણ મહાવ્રતાદિના પરિણામ પણ તેનું સ્વરૂપ નથી. અરે! આ સ્વરૂપ કેમ બેસે? પોતે કરી શકે નહિ, ને જેણે વ્રતાદિના શુભભાવ કર્યા હોય, બાયડી-છોકરાં છોડ્યાં હોય, તેને 'ધન્ય છે' એમ માને; પણ ભાઈ! બહારની પ્રતિજ્ઞા લીધી, પણ અંદર 'હું ત્રિકાળ પરિપૂર્ણ જ્ઞાયકભાવ છું' એની પ્રતિજ્ઞા લીધી? અંતરમાં જ્ઞાયકભાવના આશ્રય વિના બહાર શુભરાગની બધી ક્રિયા સંસારમાં રખડવાનો હેતુ છે. દુનિયા આખી અજ્ઞાન ને દુઃખની ઘાણીમાં પિલાઈ રહી છે. બાપુ! તેને ખબર નથી કે, ઘાણીમાં તલ પિલાય તેમ, અતીન્દ્રિય આનંદનો નાથ આ જ્ઞાયકભગવાન રાગ ને દ્વેષની ઘાણીમાં પિલાઈ રહ્યો છે. ભલે લોકો માને કે અમે ધનવાન છીએ, સુખી છીએ; તેઓ મોહ-રાગ-દ્વેષના સનેપાતને લઈને પાગલ છે. સનેપાતનો રોગી ખૂબ દાંત કાઢે, પણ તેનું હસવું તે સુખનું હસવું નથી; તેમ સુખસ્વભાવી આત્મસ્વરૂપના ભાન વિના અજ્ઞાની જીવ રૂપિયા વગેરે બાહ્ય સામગ્રીમાં સુખ માને તે મિથ્યાત્વ, અજ્ઞાન

ને અવ્રતનો સનેપાત છે. રોગીને વાત-પિત્ત-કફનો ત્રિદોષ છે, અજ્ઞાનીને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો ત્રિદોષ છે.

લોકોને લાગે કે આમાં કાંઈ 'વ્યવહાર કરવો, એનાથી લાભ થાય' એવી વાતો તો કરતા નથી. ભાઈ! વ્યવહાર આવે તે તો શુભરાગ છે, કષાય છે. તેનાથી લાભ થાય? કષાય તો આકુળતા ને બંધનું કારણ છે, તેનાથી શુદ્ધતાનો લાભ કદી ન થાય. લોકો કહે છે : સમ્યગ્દર્શન દેખાય નહિ, ચારિત્ર તો બહાર દેખાય. ભાઈ! બહારમાં ચારિત્ર હતું કે દી? ચારિત્ર તો અંતર આનંદના નાથ એવા ભગવાન આત્માના સ્વરૂપમાં ચરવું, રમવું, જામી જવું, જમવું—અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું તે છે. બાપુ! ચારિત્રની વ્યાખ્યા કોઈ જુદી છે.

અહા! દુનિયાની રીત અમે જોઈ છે, જાણી છે. અહીં શરીરને ૮૯ વર્ષ થયાં. દુકાન ઉપર પણ શાસ્ત્રનો અભ્યાસ હતો. પાલેજમાં પાંચ વર્ષ ધંધો કર્યો હતો. દુકાનમાં પણ ઘણું જોયેલું, ઘણું વાંચેલું. સં. ૧૯૭૮ ની સાલમાં આ સમયસાર જ્યાં હાથમાં આવ્યું ત્યાં થયું...અહોહો! આ તો મોક્ષનો માર્ગ! આ તો અશરીરી થવાનું—શરીર રહિત સિદ્ધપદ પામવાનું—શાસ્ત્ર છે! એને ૫૬ વર્ષ થયાં.

અહીં કહે છે કે, ભગવાન આત્મા અનંત ને અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે. પોતે અનંત ઉપમારહિત ગુણોથી ચમકતો હીરો છે. અરેરે! અંદરમાં નિજ દ્રવ્યની ખબર ન મળે, ને પરદ્રવ્યની પંચાત બધી માંડી; પણ પ્રભુ! તું કોણ છો—એની તો માંડ. નિજ ચૈતન્યસ્વરૂપમાં અનંત ને અનુપમ ગુણો ભરેલા પડ્યા છે. અહા! અનંત ગુણથી સુશોભિત ભગવાન જ્ઞાયક-આત્મા ચમત્કારિક પદાર્થ છે. દુનિયાના ચમત્કાર તે ખરેખર કોઈ ચમત્કાર નથી.

અહીં આ સુખડની પટ્ટીમાં ચમત્કાર છે, તેનાથી પૈસાવાળા થાય છે—એમ કેટલાક લોકો કહે છે. તે વાત સાવ ખોટી છે. આ પટ્ટીમાં ધૂળેય ચમત્કાર નથી. હાથમાં પરસેવો થાય અને પરસેવાવાળા હાથે શાસ્ત્રને અડાય નહિ, તે ખાતર શાસ્ત્ર વાંચતી વખતે હાથમાં પટ્ટી રાખીએ છીએ. પટ્ટીમાં ચમત્કાર નથી, પણ લોકોએ એવી વાત ઉડાડી છે. અમરેલીમાં એક ન્યાયાધીશે કોઈ વકીલને પૂછ્યું : ક્યા મહારાજનું પ્રવચન સાંભળવા જાઓ છો? જેમના હાથમાં લાકડાની પટ્ટી ફરે ને પૈસા થાય એ મહારાજનું? પૈસા થાય એવો ચમત્કાર ધૂળે ય નથી. અહીં તો ચૈતન્યચમત્કારની વાતો છે. જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા કોઈ અદ્દ્ભુત ચમત્કારિક પદાર્થ છે.

સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો જે આશ્રય છે તે, ચૈતન્યસ્વરૂપ અનંત અનુપમ

ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે. તેની સમ્યક્ શ્રદ્ધા અને અનુભવ વિના બધું થોથાં છે, ચાર ગતિમાં રખડવાનું કારણ છે.

'જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ, બીજા અનંત આશ્ચર્યકારી ગુણો છે જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહિ.'

ભગવાન જ્ઞાયક આત્મામાં તેનું ત્રિકાળી અસાધારણ સ્વરૂપ જ્ઞાન તો છે જ; વિશેષમાં જ્ઞાનની સાથે શાન્તિ, આનંદ, સ્વચ્છતા, વીતરાગતા, પ્રભુતા, ચિતિ, દૃશિ, સુખ, વીર્ય એવા અનંત અનંત આશ્ચર્યકારી ગુણો છે. ચૈતન્ય પરમાત્મદરબારમાં અસંખ્ય પ્રદેશ તે તેનો દેશ છે, અનંતા ગુણો તે તેનો ચમત્કારી વૈભવ છે, એક-એક ગુણને અનંતી પર્યાયો છે, એક-એક ગુણને અનંત સ્વરૂપ છે,—એવી આશ્ચર્યકારી અનંત અનંત સમૃદ્ધિથી ભરપૂર ભગવાન નિજ પરમાત્માનો દરબાર છે, જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહિ. અહાહા! આવી અદ્‌ભુત તારી નિધિ છે. તે ચમત્કારી નિધિના નાથને અજ્ઞાની જીવે કોઈ દિવસ જોયો નથી, સાંભળ્યો પણ નથી. અનાદિ કાળથી રખડવાનાં સાધન કરી કરીને મરી ગયો છે. બહારમાં વેપારધંધાના પાપમાં ગૂંચવાઈ ગયો છે. ધર્મના નામે પણ પૂજા-ભક્તિ તથા વ્રતાદિના શુભરાગમાં અટવાઈ ગયો છે. જેમાં અનંત અનંત આશ્ચર્યકારી શક્તિઓ છે એવા નિજ જ્ઞાયકતત્ત્વને લક્ષમાં લીધું નહિ, તેનો આશ્રય કે અવલંબન લીધું નહિ, પરનું ને વિભાવનું અવલંબન છોડ્યું નહિ.

અંદર ચૈતન્ય જ્ઞાયકદેવનો અભિપ્રાયમાં આશ્રય જેને થયો છે એવા જ્ઞાનીને અથવા તો સ્વભાવનો આશ્રય જેને પ્રાપ્ત કરવો છે એવા સાચા આત્માર્થીને સ્વભાવ સમજવામાં નિમિત્ત એવાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાનો શુભ રાગ આવે; પૂજા-ભક્તિ તથા વ્રતાદિ વ્યવહારનયનો વિષય છે તો ખરો, નથી જ એમ નથી, પણ તે ભાવ રાગ છે, સંસાર છે, તેનો આશ્રય કરવા લાયક નથી; તે ઉપાદેય નથી, હિતકર નથી, હેય છે. અરેરે! ક્યારે આ તત્ત્વ સાંભળવાનું મળે? મનુષ્યભવ તો ચાલ્યો જાય છે, આયુષ્ય ક્યારે પૂરુ થઈ જશે તેની કોને ખબર છે?

સર્વજ્ઞદેવે તારું પરમેશ્વર-સ્વરૂપ બતાવ્યું છે. તારા સ્વરૂપમાં જ્ઞાન, આનંદ આદિ જે અનંત ગુણો છે તે આશ્ચર્યકારી છે. તું બીજાને આશ્ચર્ય, વિસ્મય અને કુતૂહલથી જુએ છે, પણ અંતર પરમાત્મા બિરાજે છે તેના જે આશ્ચર્યકારી અનંત ગુણો, એક એક ગુણની અનંત પર્યાય, એક એક પર્યાયની અનંતી તાકાત વગેરે વિસ્મયકારી નિજ વૈભવને કુતૂહલથી જોતો નથી. અરે ભાઈ! તું પ્રભુ છો. તારી શક્તિઓ તો બધી નિજ પ્રભુતાથી ભરેલી છે, તેની તને ખબર નથી. અનંત અનંત શક્તિથી ભરપૂર એવા તારા અભેદ

દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ કર; બાકી બધું થોથાં છે. કેટલી ડિગ્રીઓ મેળવી? કેટલા રૂપિયા ભેગા કર્યા? તે કોઈ ચીજ નથી. જે ચીજ તારામાં નથી તેનો તને વિશ્વાસ છે; તને રાગનો વિશ્વાસ, શરીરનો વિશ્વાસ, દવાનો વિશ્વાસ છે; પણ તને તારો વિશ્વાસ નથી.

અનંત ગુણનો સાગર એવો તે સહજ જ્ઞાયકભાવ તારી નજરમાં આવે તો તેમાંથી તારી પર્યાયમાં અનંત ગુણની નિર્મળ ધારા પ્રગટશે, તને સમ્યગ્દર્શનમાં અનંતા ગુણની આનંદધારાનું વેદન થશે. નિર્મળ પર્યાયે પરિણમતાં તારા અનંતા ચમત્કારી, વિસ્મયકારી અને આશ્ચર્યકારી ગુણો છે તે તને જણાશે. આત્મામાં અનંતા ગુણો છે. તેમાં 'પરનું કરવું' એવો કોઈ ગુણ નથી. આ કરવું, આમ કરવું, તે તો રાગની ક્રિયા છે. પ્રભુ! તેં તારી પ્રભુતાને કદી જાણી—ઓળખી નથી. પામરતાને પ્રભુતા માનીને તેં તેનો આદર કર્યો છે. અંદર આનંદના નાથને ભૂલીને તને બહારના પદાર્થોમાં—પુણ્યનાં ફળમાં—આશ્ચર્ય લાગે છે. પુણ્યનાં ફળમાં આશ્ચર્યમગ્ન જીવો પણ દુઃખી છે. પ્રભુ! તારા અનુપમ ગુણોનું આશ્ચર્ય શું કહીએ! તારા બધા ગુણો વિસ્મયકારી છે. તેં તારાં ગુણનિધાનને ખોલ્યાં નથી. રાગની એકતાનાં તાળાં મારીને તેં અનુપમ નિધાનને બંધ કરી દીધાં છે. રાગના રસમાં પ્રભુ! તું અંદર જઈ શકતો નથી. તને તારા ગુણો ને પર્યાયોની વિસ્મયતાની ખબર નથી.

'નિર્મળ પર્યાયે પરિણમતાં, જેમ કમળ સર્વ પાંખડીએ ખીલી ઊઠે તેમ આત્મા ગુણરૂપ અનંત પાંખડીએ ખીલી ઊઠે છે.'

આનંદસાગર ભગવાન આત્માને જોતાં, તેને આદરતાં, તેની સન્મુખની જે પર્યાય થાય તે નિર્મળ છે. એટલે કે વ્યવહાર કરતાં કરતાં પર્યાય નિર્મળ થતી નથી. વ્યવહાર હો ભલે. શું વ્યવહારનયનો વિષય નથી? તેનો વિષય છે ખરો, પણ તે આશ્ચર્યકારી કે આદરણીય નથી. વ્યવહારનયનો વિષય જ ન હોય તો એકેન્દ્રિય, બેઈન્દ્રિય આદિ જીવો સાબિત થઈ શકશે નહિ. પરમાર્થ જીવ તો જ્ઞાનસ્વરૂપ છે, તેને પર્યાયમાં રાગદ્વેષમોહ વગેરે વ્યવહારભાવો ન જ હોય તો તેને સંસાર જ સિદ્ધ ન થાય. તેને સંસાર તો દેખાય છે. માટે વ્યવહારનયનો વિષય છે, પરંતુ તે આદરવાલાયક નથી. આદરવાલાયક તો અંદર જ્ઞાનાદિ ગુણોસ્વરૂપ અભેદ આત્મા છે.

જીવોને તત્ત્વની વાત સૂક્ષ્મ લાગે છે, કેમ કે તેનો અનાદિથી અણ-અભ્યાસ છે. પ્રભુ! તારા ગુણો નિર્મળ પર્યાયે પરિણમતાં, નિર્મળાનંદ પ્રભુની સન્મુખ જોતાં, તેનો આશ્રય લેતાં, અંદર જે નિર્મળતા ભરી છે તે પર્યાયમાં પ્રગટ પરિણમે છે. જેમ સરોવરમાં કમળ બધી પાંખડીથી ખીલી નીકળે તેમ આત્માના ગુણો અનંત પાંખડીએ ખીલી નીકળે છે. તે ખીલવટ વ્યવહારથી કે રાગથી થતી નથી, તેના કારણે તો તેની ખીલવટ અટકી

જાય છે. અંતર અનંતગુણસાગર ભગવાન આત્માની સન્મુખ જોતાં, તે-રૂપ પરિણમતાં અનંતા ગુણો ખીલી નીકળે છે.

વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે. ભગવાન આત્માનું ચૈતન્યનિધાન પવિત્ર નિર્મળ ગુણરત્નોથી પૂર્ણ ભરેલું છે; તેની સામું જોતાં, તેનો આશ્રય લેતાં અનંતા ગુણો પર્યાયમાં ખીલી નીકળે છે. આ ક્રિયા કરવાની છે. લોકો કહે છે : વ્યવહારને ઉડાડે છે. ભાઈ! વ્યવહાર નથી એમ કોણ કહે છે? વ્યવહાર તરીકે તે છે, ભૂમિકાનુસાર તે આવે છે, પણ વસ્તુના સ્વરૂપમાં તે નથી. તે આદર કે આશ્રય કરવા લાયક નથી. વસ્તુસ્વરૂપ આવું છે. સમયસારની આઠમી ગાથાની ટીકામાં આવે છે : ગુરુએ શિષ્યને 'આત્મા' શબ્દ કહ્યો. શિષ્ય કાંઈ પણ ન સમજતાં ગુરુ સામે ટગટગ જુએ છે. ત્યારે ગુરુ તેને ગુણભેદ પાડીને સમજાવે છે કે 'જે શ્રદ્ધાને, જ્ઞાનને, ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા'. તેટલો વ્યવહાર કહ્યો. અભેદ પરમાર્થને સમજાવવા માટે વ્યવહાર કથન કરવા યોગ્ય છે, પરંતુ તે અનુસરણ કરવા યોગ્ય નથી. જ્યાં ગુણભેદરૂપ સદ્‌ભૂત વ્યવહાર પણ અનુસરણ કરવા લાયક નથી, તો વ્રત-તપ વગેરેના શુભરાગરૂપ અસદ્‌ભૂત વ્યવહારની તો વાત જ શી કરવી? આવી વાત છે. લોકોને આનો અભ્યાસ નથી.

પ્રભુ! જે ભાવ તારા સ્વરૂપમાં નથી તેને તું તારા કરવાની હોંશ કરે છે, તો તારે આવી હોંશું કરીને ક્યાં જવું છે? તેનું ફળ શું છે તેની તને ખબર છે? દેહ તો છૂટશે જ, આત્માનો નાશ તો કદી થતો નથી, તો આ દેહ છોડીને ક્યાં જશે? જેણે રાગને પુણ્યની ક્રિયા સેવી છે, તેનાથી લાભ માનવારૂપ મિથ્યાત્વનું સેવન કર્યું છે, તે ભવિષ્યમાં પણ મિથ્યાત્વમાં રહેશે. મિથ્યાત્વના ગર્ભમાં નરકના ને નિગોદના અનંતા ભવો કરવાની તાકાત છે. ત્યાં જ અનંત કાળ રહેશે. ભિન્ન આત્માનું સમ્યગ્દર્શન થતાં અનાદિ ભવસંતતિનો છેદ થઈ જાય છે, કેમ કે અનંત જ્ઞાન ને અનંત આનંદ જેના ફળમાં પ્રગટ થાય છે એવું કારણ તેણે પ્રાપ્ત કર્યું છે. અંદર અભેદ જ્ઞાયક આત્માનો પૂર્ણ આશ્રય કરતાં આત્મા ગુણરૂપ અનંત પાંખડીથી ખીલી નીકળે છે.

❁

## વચનામૃત—૧૬૪

**ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે. શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે. શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે, શુભાશુભ પરિણમન નથી. તેનાથી અવશ્ય**

**સંસારરોગ જાય. વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધચૈતન્યભાવનારૂપ ઉપાદાન-ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે; તેથી વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત-ઔષધ કહેવામાં આવ્યાં છે. ૧૬૪ .**

'ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે.'

વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ ચૈતન્યરસકંદ પ્રભુ તે તો પવિત્ર છે, પૂર્ણ નીરોગતાથી ભરપૂર છે. તેની એક સમયવર્તી પર્યાયમાં 'દયા, દાન, વ્રત, તપ ને ભક્તિ વગેરે ભાવો મારા છે' એવો જે વિપરીત અભિપ્રાય છે તે મિથ્યાત્વનો રાગ છે. તે રોગ વસ્તુસ્વભાવમાં નથી પણ તેની ક્ષણવર્તી પર્યાયમાં છે; 'રોગ છે અને નથી' તે સ્યાદ્વાદ ને અનેકાંતનું સ્વરૂપ છે. પુણ્યપાપના ભાવ ક્ષણિક ઊભા થાય છે તે નીરોગી આત્મદ્રવ્યમાં રોગની પર્યાય છે. 'તે ભાવ મારા છે' એવો ક્ષયરોગ તેને પર્યાયમાં લાગુ પડ્યો છે. તે આત્માના ગુણની શુદ્ધિને—શાન્તિને ક્ષય કરે છે. જડકર્મ આત્માની શાન્તિનો નાશ કરતું નથી, તે તો પરદ્રવ્ય છે.

'હું માણસ છું, રાગવાળો છું, પુણ્યવાળો છું' એ માન્યતા પર્યાયમાં મિથ્યાત્વનો રોગ છે, સનેપાત છે. જેમ સનેપાતનો રોગી દાંત કાઢે છે, તેમ અજ્ઞાની જીવને મિથ્યાત્વ-રાગ-દ્વેષના ત્રિદોષનો રોગ લાગુ પડ્યો છે. આત્મતત્ત્વ સંપૂર્ણપણે રાગાદિરૂપ થઈ ગયું છે તે માન્યતા મિથ્યાત્વ છે. પર્યાયમાં વિભાવનો રોગ છે. જો રોગ ન હોય તો પર્યાયમાં તેને આનંદનો પૂર્ણ અનુભવ હોવો જોઈએ. આ વાત દુનિયાથી જુદી લાગે, પણ સત્ય તો આ છે. વર્તમાનમાં બીજા સાથે મેળ ખાવો મુશ્કેલ છે.

'શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઊત્તમ ઔષધ છે.'

વસ્તુ છે તે અપૂર્ણ, અશુદ્ધ અને દુઃખરૂપ હોઈ શકે જ નહિ; પર્યાયમાં રોગ છે. શુદ્ધ ચૈતન્યની ભાવના કર, તેમાં એકાગ્ર થા, તો પર્યાયરોગ ચાલ્યો જશે. રાગમાં જે એકાગ્રતા છે, તે એકાગ્રતા શુદ્ધ ચૈતન્યમાં કર તો રોગ રહેશે નહિ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી વસ્તુની જે ભાવના તે વર્તમાન પર્યાય છે. તે એકાગ્રતાસ્વરૂપ ભાવનાથી મિથ્યાત્વનો રોગ—પર્યાયનો રોગ મટે છે. શુદ્ધ ચૈતન્યની ભાવના મિથ્યાત્વનો રોગ મટાડવાનું પરમ ઉત્તમ ઔષધ છે.

જેને સર્પ કરડે તેને કડવો લીમડો મીઠો લાગે છે, તેમ જેને મિથ્યાત્વનું ઝેર ચડ્યું

છે તેને શરીરની સુંદરતા, બહારનો વૈભવ અને મોટપ વગેરે મીઠાં લાગે છે. જેનો રાજીપો બહારમાં છે તે મિથ્યાત્વનાં ઝેર પીએ છે. અંદર ભગવાન આત્મા આકર્ષક—ચુંબક તત્ત્વ છે, તેના તરફ પરિણતિ જાય તો આનંદનો નાથ આત્મા જાગીને પ્રાપ્ત થાય છે. શુદ્ધ આત્માનું સમ્યગ્દર્શન થતાં ધર્મની પ્રથમ શરૂઆત થાય છે. સર્વજ્ઞ પરમેશ્વરે વસ્તુ કહી છે, તેમાં દૃષ્ટિ મૂકતાં અતીન્દ્રિય આનંદ પ્રગટે છે. અંદર ભગવાન આત્મા પૂર્ણ નીરોગીસ્વરૂપ છે તેની ભાવના કર. બહારની અનુકૂળતા જોઈને તને ખુશીપો થાય છે. અરેરે પ્રભુ! આ શું છે? તું ક્યાં ખેંચાઈ ગયો? તને શેમાં ખુશીપો આવે છે?

"આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે." જિનેન્દ્રભગવાનની ભક્તિ ને ગુરુની સેવા તે આતમભાવના નથી. આત્મા જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણનો સાગર છે, તેની ભાવના, ચૈતન્ય તરફની એકાગ્રતા થાય તે આતમભાવના છે અને તે જ પર્યાયમાં રોગ ટાળવાનો ઉપાય છે. શુદ્ધ ચૈતન્યની ભાવના જ પર્યાયનો રોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે. અરેરે! શુદ્ધ ચૈતન્યની આવી વાતો જ ક્યાં છે? ભાઈ! તારો નાથ અંદર નીરોગ, આનંદનો સાગર છે, તે વિકલ્પથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. અહા! આવું તત્ત્વ છે. આ વાત કાને પડવી જ મુશ્કેલ થઈ પડી છે.

ભગવાન આત્મામાં એક અકાર્યકારણત્વ નામની શક્તિ છે. તે શક્તિના કારણે આત્મદ્રવ્ય સર્વાંગ કોઈનું કાર્ય કે કારણ નથી; તેથી રાગ હોય તો જ્ઞાનની પર્યાય પ્રગટ થાય કે જ્ઞાનપર્યાય રાગને ઉત્પન્ન કરે—એમ નથી. વ્યવહારરત્નત્રય કારણ થાય ને અંદર શુદ્ધ ચૈતન્યની ભાવના—નિશ્ચયરત્નત્રય પ્રગટે એવો વસ્તુનો સ્વભાવ નથી. આત્મામાં અકાર્યકારણત્વશક્તિ હોવાથી તેની પર્યાયમાં શુદ્ધતાનું પરિણમન, વ્યવહાર ને રાગની અપેક્ષા વિના જ, પોતાના કારણે પ્રગટે છે; રાગના કારણે પ્રગટે એવો વસ્તુનો સ્વભાવ નથી.

જગતના બાહ્ય પદાર્થોની આશ્ચર્યતા, અતિશયતા ને વિસ્મયતા પ્રભુ! તારે છોડવી પડશે, કારણ કે તારો આત્મા જ અંદર આશ્ચર્યકારી અને વિસ્મયકારી અદ્‌ભુત પદાર્થ છે. તેથી જ આ ઉપદેશ છે કે શુદ્ધ આત્માની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું અનુપમ ઉત્તમ ઔષધ છે.

**'શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે, શુભાશુભ પરિણમન નથી. તેનાથી અવશ્ય સંસારરોગ જાય.'**

ભગવાન આત્મા પવિત્રતાનો પિંડ છે. અપવિત્રતા—રાગાદિ અશુદ્ધતા—પર્યાયમાં છે. વસ્તુમાં નથી. 'હું શુદ્ધ ચૈતન્ય છું' એવી ભાવના, એકાગ્રતા—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન

ને સ્વરૂપરમણતારૂપ એકાગ્રતા—તે શુદ્ધ પરિણમન છે, તેનાથી અવશ્ય ભવભ્રમણનો રોગ નાશ પામે છે. અહા! આ તો અપૂર્વ વાત છે. પૂર્વે કદી સાંભળી નથી.

'શ્રુત પરિચિત અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;
પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના.'

રાગની વાત તેં સાંભળી છે, તેનો પરિચય તથા તેનો અનુભવ કર્યો છે, પણ રાગથી ભિન્ન એકત્વસ્વરૂપ નિજ જ્ઞાયક ભગવાન છે તેની વાત તેં કદી સાંભળી નથી, તેનો પરિચય કર્યો નથી તથા તેનો અનુભવ કર્યો નથી. રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્યની ભાવના, તેની એકાગ્રતા તે શુદ્ધ પરિણમન છે, પવિત્ર પરિણમન છે, અનાકુળ આનંદાદિસ્વરૂપ પરિણમન છે; તેમાં શુભાશુભ ભાવ નથી. અરેરે! તેં તારી જ્ઞાયક ચીજનો અનાદર કર્યો છે. જેમાં તું નથી તેમાં તું વિસ્મયતા કરીને રોકાઈ ગયો છે. શુભાશુભ ભાવ તે રોગ છે, રખડવાના રસ્તા છે. શુભભાવ વ્યવહાર છે, પરંતુ તે પણ સંસારરોગ છે. શુદ્ધ જ્ઞાયકની ભાવના તે નિર્મળ પરિણમન છે, એનાથી અવશ્ય સંસારરોગ નાશ પામે છે.

'વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધચૈતન્યભાવનારૂપ ઉપાદાન-ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે; તેથી વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત-ઔષધ કહેવામાં આવ્યાં છે.'

તું વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતનું હાર્દ સમજીને વીતરાગતા પ્રગટ કર. વીતરાગ દેવની આજ્ઞા એ છે કે, તું તારા ત્રિકાળી વીતરાગસ્વરૂપનો આશ્રય કર અને પર્યાયમાં વીતરાગતા પ્રગટ કર. શ્રી પંચાસ્તિકાયસંગ્રહની ૧૭૨મી ગાથાની ટીકામાં કહ્યું છે કે, ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

પ્રશ્ન :—વીતરાગતા કેમ થાય?

ઉત્તર :—ત્રિકાળી નિજ જ્ઞાયકદ્રવ્યના આશ્રયે થાય છે. ચારે અનુયોગોમાં એક સ્વદ્રવ્યનો આશ્રય લેવાની જ વાત કહી છે. વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોમાં વીતરાગતા પ્રગટ કરવાનું જ કહ્યું છે. અહા! ગુરુની પણ તે જ આજ્ઞા છે. આવો વીતરાગનો માર્ગ છે.

જગતમાં ક્ષણે ક્ષણે અનંતા જીવો નિગોદને વિષે જન્મમરણ કરે છે. નિગોદમાંથી બહાર આવેલી આ લીલોતરી વગેરે પ્રત્યેક જીવરાશિ છે તે તો માત્ર નિગોદના એક શરીરમાં રહેલા અનંતા જીવોનો અનંતમો ભાગ જ છે. ગજબની વાતો છે! અસંખ્ય જોજનમાં આખાં જંગલનાં જંગલ લીલોતરીથી છવાઈ ગયેલાં છે; તેમાં જે સાધારણ

વનસ્પતિ છે તે બધા નિગોદના જીવો છે. તેમાં પણ બધા આત્મા શક્તિએ ભગવાન છે.

આત્મા અનંત અનંત ગુણોનો સાગર છે તેનો આશ્રય લેતાં, અનુભવ કરતાં, પર્યાયમાં આનંદ આદિ અનંતા ગુણોના અંકુરા ફૂટી નીકળે છે, તેના અસંખ્યપ્રદેશો નિર્મળતાથી ખીલી ઊઠે છે.

અરેરે! જીવ અનંત અનંત કાળથી ભટકે છે. આયુષ્ય પૂરું થતાં જીવ તો આ દેહ છોડીને ચાલ્યો જાય છે. ક્યાં ગયો તેની કોને ખબર છે? અજાણ્યા દ્રવ્યમાં, અજાણ્યા ક્ષેત્રમાં, અજાણ્યા કાળમાં અને અજાણ્યા ભાવમાં તારે જવાનું છે તેની તને ખબર નથી બાપુ! મિથ્યાત્વનો ભાવ છે ત્યાં સુધી એક પછી એક જગ્યાએ જન્મ ધારણ કરવાના છે. અબજોપતિ મરીને બકરીની કૂખે જાય, ભૂંડ થાય. દુનિયાને તેની ક્યાં ખબર પડે છે બાપુ! તારી ચીજને ઓળખીને તેનું જો પરિણમન ન કર્યું તો સંસારનો રોગ દૂર નહિ થાય.

વીતરાગની અને ગુરુની આજ્ઞા એ છે કે વીતરાગતા પ્રગટ કર. તે આજ્ઞાના હાર્દને સમજીને અંતર્મુખ પરિણમન કર. અનંતા તીર્થંકરોની અને અનંતા જ્ઞાનીઓની એક જ આજ્ઞા છે કે જેમાં વીતરાગતા પૂર્ણ ભરી છે એવા નિજ શુદ્ધાત્મદ્રવ્યનો તું આશ્રય લે. નિજ શુદ્ધચૈતન્યની ભાવના તે ઉપાદાન-ઔષધ છે. તેનું સેવન કરવામાં આવે તો વીતરાગતા પ્રગટે છે.

જીવ અનાદિથી જન્મમરણ કરે છે. એક પડદો પડે ને બીજે પડદે ક્યાંક જન્મ થઈ જાય છે. શુદ્ધચૈતન્યની ભાવનારૂપ દવાનું સેવન કરવામાં આવે, અંદરથી વીતરાગતા પ્રગટ કરવામાં આવે, તો ભવરોગ ટળે છે. તેથી વીતરાગનાં વચનામૃતોમાં વીતરાગતાનો જ ઉપદેશ છે.

વચનામૃત વીતરાગનાં, પરમ શાન્તરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

*(—શ્રીમદ્ રાજચંદ્ર)*

પરમ શાન્ત અકષાયભાવ એ વીતરાગનાં વચનામૃતોનો સાર છે. કાયર પ્રાણી તેનાથી દૂર ભાગે છે. વીતરાગનાં વચનામૃતો ભવરોગ ટાળવાનાં નિમિત્ત-ઔષધ કહેવામાં આવ્યાં છે. તેમાં એમ કહ્યું છે કે વીતરાગતા સિવાયના મહાવ્રત વગેરે બીજા જે વ્યવહાર-ઉપાયો છે તેના આશ્રયનું ફળ સંસાર છે. પંચાચારનો શુભરાગ વગેરે બધું હોય છે, તેને નિમિત્ત તરીકે બતાવ્યું છે; પણ તે તો બંધનાં કારણ છે. વીતરાગનાં વચનામૃતનું ફળ એ છે કે જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્માનો આશ્રય લઈને વીતરાગતા પ્રગટ કરવી. તે

વીતરાગી વચનામૃતને ભવરોગનાં નિમિત્તરૂપ ઔષધ કહેવામાં આવ્યાં છે. વચનોને નિમિત્તરૂપે કહ્યાં છે; તેમાં કહેલી જે શુદ્ધચૈતન્યની ભાવના તે પરમ ઔષધ છે.

સમ્યગ્દર્શનની પર્યાય વીતરાગસ્વરૂપ ત્રિકાળી ભગવાન જ્ઞાયક-આત્માના આશ્રયે થયેલી હોવાથી તે વીતરાગ છે. 'સરાગ સમકિત' કંઈ રાગવાળું હોતું નથી. સમકિત બે પ્રકારના નથી. વ્યવહાર તો રાગ છે, તેના આશ્રયે વીતરાગી પર્યાય પ્રગટ થતી નથી. ત્રિકાળી સ્વરૂપના આશ્રયે થયેલું હોવાથી, સમકિત તે નિર્મળ શુદ્ધ વીતરાગી પર્યાય છે. અહાહા! આવી વાત છે. શુદ્ધચૈતન્યની ભાવના ને એકાગ્રતા તે ભવરોગનું ઉત્તમ ઔષધ છે.

## વચનામૃત—૧૬૫

**જેને ચૈતન્યદેવનો મહિમા નથી તેને અંદર વસવાટ કરવો દુર્લભ છે. ૧૬૫.**

જેને અંદર પર્યાયમાં જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણોના નાથ એવા નિજ ત્રિકાળી જ્ઞાયકભગવાનનો મહિમા નથી તે અંદર સ્વરૂપમાં જઈ શકશે નહિ; રાગનો—દયા, દાન, વ્રત, તપ, ભક્તિ ઈત્યાદિનો—જેને મહિમા છે તે અંદર વસવાટ કરી શકશે નહિ, ત્યાં રહી શકશે નહિ. રાગના રસિયાઓ, વ્યવહારના પ્રેમીઓ તો અંદર વીતરાગ સ્વભાવમાં જઈ શકશે નહિ, ત્યાં રહી શકશે નહિ. તેમના માટે સ્વરૂપમાં વાસ કરવો દુર્લભ છે.

તા. ૧૯-૯-૮૦

અહાહાહા! બેનની લાયકાત! ...એ (બેનની આ વાણી) તો કોતરવાની છે પથ્થરમાં. અઢી લાખ રૂપિયા તે દી (શ્રાવણ વદ બીજે) થઈ ગયા. (વચનામૃતનું) મકાન બનાવવામાં આવશે. —*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન-૬૦

તા. ૧૦-૮-૭૮

## વચનામૃત—૧૬૬

**હે શુદ્ધાત્મા! તું મુક્તસ્વરૂપ છો. તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છુટાય છે માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો. તારા પર એકધારી દૃષ્ટિ રાખવાથી, તારા શરણે આવવાથી, જન્મમરણ ટળે છે. ૧૬૬.**

'હે શુદ્ધાત્મા! તું મુક્તસ્વરૂપ છો.'

આ ભગવાન આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો પિંડ પવિત્ર પરમાત્મ સ્વરૂપ જ છે. તેને એક સમયની પર્યાયમાં મિથ્યાત્વ ને શુભાશુભ ભાવ ભલે હો, પણ તેના ત્રિકાળી ધ્રુવ સ્વરૂપમાં એ ભાવો પ્રવેશ્યા નથી. અહા! કેમ બેસે આ વાત! અનંત અનંત ગુણરત્નોની ખાણ એવા હે શુદ્ધાત્મા! તું મુક્તસ્વરૂપ છો. અરે! આ વાત બેસવી...! જો તારે આત્મકલ્યાણ કરવું હોય, ચોરાશીના અવતારમાં આ જે પરિભ્રમણ કરી રહ્યો છે તેનાથી બચવું હોય તો મુક્તસ્વરૂપ તારા આત્માને ઓળખ. અનાદિથી સંસારના પરિણામ, આખો દિવસ ધંધો વગેરે પાપના પરિણામ તો કરી જ રહ્યો છે; પણ તે અધર્મના પરિણામો છે પર્યાયમાં—એક સમયની અવસ્થામાં હો! એ દુઃખના પરિણામ છે. તે પરિણામ ભગવાન આત્માના શુદ્ધસ્વરૂપમાં નથી; પાપના તો નથી, પણ દયા, દાન પૂજા, ભક્તિ વગેરે પુણ્યના ભાવો પણ આત્માના સ્વરૂપમાં નથી. તે શુભભાવ પણ દુઃખરૂપ છે, બંધનું કારણ છે.

પ્રશ્ન :—તો એ શુભાશુભ કોની પર્યાય છે?

ઉત્તર :—એ પર્યાય છે પર્યાયીની, આત્મદ્રવ્યની; પણ તે વિભાવભાવ દ્રવ્યના મૂળ સ્વભાવમાં નથી. વિભાવ પર્યાયમાં છે, દ્રવ્યસ્વભાવમાં નહિ. વાત બહુ ઝીણી બાપુ!

ભગવાન આત્માની અનુભૂતિ તે જૈનશાસન છે, તેનું નામ જૈનધર્મ છે. અરે! જૈનના સંપ્રદાયમાં જન્મ લઈને 'અનુભૂતિ' શબ્દેય સાંભળ્યો ન હોય! રોજ સામાયિક-પ્રતિક્રમણ કરનાર એક જણને પૂછ્યું : ભાઈ! અનુભવ એટલે શું? તેણે કહ્યું : "અનુભવ-બનુભવ અમે સાંભળ્યું નથી. 'અનુભવ શું છે'—એ અમારા ગુરુએ કદી કહ્યું નથી. આપણા જૈનમાં અનુભવની વાત આવતી નથી." એક સાધુને પૂછ્યું : વિભાવ શું છે? તેણે કહ્યું : વિભાવ-બિભાવ આપણામાં—જૈનમાં નથી. અરેરે! તત્ત્વની કાંઈ ખબરું ન મળે! બહારનું સાધુપણું પાળ્યું, પણ વસ્તુસ્વરૂપની ખબર ન મળે, કલ્યાણ ક્યાંથી થાય?

વસ્તુસ્વરૂપને સમજ્યા વિના ચોરાશીના અવતારમાં રખડતો રખડતો મૂઢ જીવ દુઃખી થઈ રહ્યો છે. દુઃખી થઈ રહ્યો છે, પણ પર્યાયમાં હો! સ્વભાવે પ્રભુ તું મુક્તસ્વરૂપ છો, નિર્વાણસ્વરૂપ છો, મોક્ષસ્વરૂપ છો. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે 'આત્મખ્યાતિ' ટીકામાં (૧૯૮મા કળશમાં) કહ્યું છે : 'शुद्धस्वभावनियतः स हि मुक्त एव'—શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે. અરે પ્રભુ! મારગડા જુદા. ભાઈ! જન્મમરણને મટાડવાના રસ્તા કોઈ અલૌકિક છે. અરેરે! કરોડોપતિ ને અબજોપતિ—એ બધા ભિખારા, રાંકા ને વરાકા છે. એમને બિચારાને આ વાત સાંભળવા પણ મળે નહિ. આખી જિંદગી બાયડી ને પૈસા પાછળ ગાળી. સંતો તેમને વિષયના ભિખારી—'वराका' બિચારા કહે છે. અહા! મુનિઓને ક્યાં પડી છે કે જગતને ઠીક લાગશે કે નહિ? દુનિયા એના ઘરે રહી. એમને તો સત્યની પડી છે.

આત્મા અંદર પોતાના અનંત ગુણરૂપ લક્ષ્મીથી યુક્ત મુક્તસ્વરૂપ છે. ભાઈ! તને તારા ઘરની ખબર નથી; બહારની બધી—આ બાયડી, આ છોકરાં, આ ધૂળ ને ધાણી—માંડી છે, જેની સાથે તારે કાંઈ સંબંધ ન મળે. પર આત્મા, તેનું શરીર વગેરે એ તો જગતની ચીજ છે, પરદ્રવ્ય છે; તારે ને એને સંબંધ શો છે? અંદર જે તારા છે તેની તો તને ખબર ન મળે, અને બહારના જે તારા નથી તેને 'મારા' માનીને અરેરે! મૂઢ જીવ અનાદિથી રખડી રહ્યો છે.

અહીં કહે છે કે—હે શુદ્ધાત્મા! તારું ભગવત્સ્વરૂપ અંદર મુક્ત છે; અબદ્ધસ્વરૂપ કહો કે મુક્તસ્વરૂપ કહો. સમયસારની ૧૪ ને ૧૫મી ગાથામાં 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं' કહ્યું છે. અબદ્ધ કહો કે મુક્ત કહો. 'અબદ્ધ' એ નાસ્તિથી છે અને 'મુક્ત' એ અસ્તિથી છે. આ 'અસ્તિ' અને 'નાસ્તિ' કોના ઘરે છે? વાડામાં તો આ 'દયા કરો ને વ્રત કરો, નિયમ કરો ને ઉપવાસ કરો'—એમ 'કરવા' ના કુટારા કરીને મરી ગયો. તું કોણ છો, તેની તને ખબર વિના એ બધા ક્રિયાકાંડો સંસારમાં રખડવાના રસ્તા છે. ઘરમાં

શી ચીજ છે તેનું ભાન ન મળે ને બહારમાં ચોવટ માંડે, જાણે મોટો ડાહ્યાનો દીકરો! લોકમાં કહેવત છે ને—ઘરના છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો! અંદર નિર્વાણસ્વરૂપ ભગવાન આત્મા શી ચીજ છે તેની ખબર ન મળે ને બહારની વાતોમાં ડાહ્યો! જુઓ તેનાં પાગલપણાં!

આત્મા અબદ્ધસ્વરૂપ છે એટલે કે રાગના સંબંધ વિનાની ચીજ છે—મુક્તસ્વરૂપ છે. તેને જે જાણે ને માને તેણે જૈનશાસન જોયું. દયા, દાન વગેરેના જે વિકલ્પ છે એ પણ રાગ ને બંધન છે. પ્રભુ એનાથી અંદર ભિન્ન છે, મુક્તસ્વરૂપ છે. જૈનપણું શું છે? શુદ્ધાત્માની અનુભૂતિ તે જૈનપણું છે. આવી વાત ક્યાંય સાંભળવા મળે નહિ!

હે શુદ્ધાત્મા! તું મુક્તસ્વરૂપ છો. પર્યાયમાં અલ્પતા છે, હિંસાત્યાગ વગેરે શુભભાવ અને કામક્રોધાદિ અશુભ ભાવ—એ બધું તારા સ્વરૂપમાં નથી. જો તે તારા સ્વરૂપમાં હોય તો તે કદી જુદા પડે નહિ. બહુ આકરું કામ! વર્તમાનમાં તો ધર્મના નામે ધતિંગ ચલાવ્યાં છે : 'સામાયિક કરો, પડિકમણાં કરો ને પોસા કરો.' પણ ભાઈ! વસ્તુની ખબર વિના શેની સામાયિક? અહીં કહે છે : પ્રભુ! તું મુક્તસ્વરૂપ છો તે એક વાર સાંભળ.

અહાહા! જુઓ, આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીઓનાં વચનો છે. જે શુદ્ધસ્વરૂપ પ્રભુ આત્મા છે તે તો પવિત્રતાનો પિંડ ને ભગવત્સ્વરૂપ છે, જેમાં શરીર, વાણી, મન ને કર્મ નથી, જેમાં પુણ્યપાપના ભાવ નથી અને જેમાં એક સમયની પર્યાયની પણ નાસ્તિ છે, આવું જે અસ્તિતત્ત્વ, સત્તાસ્વરૂપ, હોવાપણારૂપે રહેલું તત્ત્વ તે શુદ્ધ ને મુક્તસ્વરૂપ છે. તેને તું ઓળખ. પારકી બધી તેં માંડી છે, એ છોડીને તું તને ઓળખ.

વાણિયા, જાણે મોટા ડાહ્યાના દીકરા, ચક્રવૃદ્ધિ વ્યાજ ગણવામાં પાવરધા, પણ માથે દેણું કેટલું ચઢી ગયું છે એની તેને ખબર છે? 'હું રાગવાળો, પુણ્યવાળો, અલ્પજ્ઞ'—એમ જે એણે માન્યું છે તે મોટું દેણું ઊભું કર્યું છે ભાઈ! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ કોઈ જુદી જાતનો છે. અરેરે! દુનિયા ક્યાં ઊભી છે ને ક્યાં રહી ગયો પ્રભુનો મારગ!

હે શુદ્ધાત્મપ્રભુ! તું મુક્તસ્વરૂપ છો. તેને તું ઓળખ.

પ્રશ્ન :—તેને ઓળખવું કેવી રીતે?

ઉત્તર :—જે વર્તમાન પર્યાય છે તે પરલક્ષવાળી છે. હવેની પર્યાયને અંતર્મુખ લઈ જા અને ત્યાં મુક્તસ્વરૂપ દ્રવ્યસ્વભાવને ઓળખ. નવી થનારી પર્યાય દ્રવ્યસન્મુખ થાય ત્યારે તને મુક્તસ્વરૂપ ભગવાન આત્માની ઓળખાણ થશે.

ચક્રવર્તીના દરબારમાં જવું હોય તો કેટલી નમ્રતા ને સભ્યતા જોઈએ. આ તો ત્રણ લોકનો નાથ, પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા છે, એની સમીપમાં, એની પાસે જવું હોય તે બધા પર તરફના—પરાશ્રયના—વિકલ્પો તથા દેવ, ગુરુ ને ધર્મની શ્રદ્ધાનો ભાવ પણ છોડી દે; કારણ કે તે રાગ છે. તારો દેવ ને તારો ગુરુ તો અંતરમાં મુક્તસ્વરૂપ છે. તું પોતે જ દેવ, તું પોતે જ ગુરુ ને તું પોતે જ ધર્મસ્વરૂપ છો, તેને તું ઓળખ.

**'તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છુટાય છે માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો.'**

શુદ્ધાત્મા મુક્તસ્વરૂપ છે, તેને ઓળખવાથી,—દ્રવ્યપરાવર્તન કે જેમાં અનંતા પુદ્‌ગલદ્રવ્યોનો ક્રમશઃ સંયોગ થાય છે તેનાથી છૂટીશ; લોકના દરેક પ્રદેશમાં રખડવારૂપ ક્ષેત્રપરાવર્તનથી છૂટીશ; ઉત્સર્પિણી ને અવસર્પિણીના દરેક સમયમાં ક્રમશઃ ઊપજવાસ્વરૂપ કાળપરાવર્તનથી છૂટીશ, ૮૪ લાખ યોનીમાં ક્રમશઃ ઊપજવારૂપ ભવ પરાવર્તનથી છૂટીશ અને પુણ્ય-પાપના વિકારરૂપ ભાવપરાવર્તનથી છૂટીશ. અહા! તત્ત્વની આવી વાતની ખબર નથી એટલે અજ્ઞાની એમ કહે કે—સોનગઢ એટલે નિશ્ચયની વાતો. પ્રભુ! ગમે તેમ કહો.

જામેં જિતની બુદ્ધિ હૈ તિતની દેય બતાય;
વાકો બૂરો ન માનિયે, ઔર કહાઁસે લાય.

આ ભગવાન આત્મા એક સમયમાં મુક્તસ્વરૂપ એટલે કે પૂરણ શુદ્ધ નિર્વાણસ્વરૂપ છે. અંદર સ્વભાવે નિર્વાણસ્વરૂપ છે તો પર્યાયમાં નિર્વાણ થાય છે. મોક્ષનું બીજું નામ નિર્વાણ છે. તે પરિભાષાની ભલે ખબર ન હોય, પણ પૂર્ણ શાન્તિ, શાન્તિ, શાન્તિ ને આનંદ, આનંદ, આનંદ પ્રગટ થાય તેનું નામ મુક્તિ. મુક્તિ કહો કે સિદ્ધ કહો—એ પર્યાય છે, અવસ્થા છે, દ્રવ્ય નહિ. આત્મવસ્તુની **'णमो सिद्धाणं'** એવી જે કેવળજ્ઞાનાદિસ્વરૂપ અશરીરી પર્યાય તે સિદ્ધપદ ને મુક્તિપર્યાય છે.

પ્રશ્ન :—તે આવી ક્યાંથી?

ઉત્તર :—અંદર જે ત્રિકાળી મુક્તસ્વરૂપ તેનો તે પ્રવાહ છે.

પ્રશ્ન :—તેને પ્રવાહ કેમ કહ્યો?

ઉત્તર :—મુક્તસ્વરૂપ જે વસ્તુ છે તે 'द्रवति इति द्रव्यम्' પ્રતિસમય પૂર્ણ શુદ્ધતાસ્વરૂપે દ્રવે છે, પ્રવહે છે—એમ કહેવું છે. પાણીમાંથી જેમ તરંગ ઊઠે તેમ મુક્તસ્વરૂપ ભગવાન આત્માની અંદર દૃષ્ટિ ને પૂર્ણ આશ્રય કરતાં મુક્તિની પર્યાય પ્રવહે છે, વહે છે, દ્રવે છે. અહા! આવો આ ઉપદેશ!

અહીં તો પ્રભુ કહે છે : સાંભળ ભાઈ! તું તને ઓળખ; કે જેને ઓળખવાથી, વસ્તુસ્વભાવનું માહાત્મ્ય આવવાથી, પૂર્ણ પવિત્ર સ્વરૂપની વિસ્મયતા અંદરમાં લાગવાથી તને તેનો અનુભવ થશે, તેનું જ્ઞાન થશે, એમાં તને ભરોસો આવશે; જેથી તું પાંચ પ્રકારનાં પરાવર્તનથી છૂટી જઈશ.

પરાવર્તન એટલે પરિભ્રમણ. આ શરીર આદિના પરમાણુઓ અનંત વાર જીવના સંબંધમાં આવ્યા છે, આ દેહ કાંઈ પહેલી વાર આવ્યો નથી. આ, શરીરાદિના જે પરમાણુ છે તે વીંછીના ડંખપણે હતા અને તે વીંછીના ડંખના પરમાણુ અત્યારે આ શરીરપણે થયા છે. અહા! એવા સંયોગોથી અને સંયોગી એવા પુણ્ય-પાપના ભાવથી જીવને પાંચ પ્રકારનાં પરાવર્તન થાય છે, જે પરિભ્રમણનું કારણ છે. અહા! ભગવાન આત્મા અંદર અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય પ્રભુતાસ્વરૂપે—પૂર્ણ પરમાત્મસ્વરૂપે—બિરાજે છે. તેને તું માહાત્મ્યથી અંદર ઓળખ. એ મોટાને શરણે જા, તો પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છૂટી જઈશ.

આવી વાત સાંભળવા મળતી નથી એટલે લોકોને આ નવો ધરમ લાગે. બાપુ! આ ધર્મ નવો નથી; અનાદિનો સનાતન સત્ મારગ આ છે. ત્રિલોકીનાથ જિનેશ્વર પરમાત્મા ઈન્દ્રો ને ગણધરો સમક્ષ અત્યારે મહાવિદેહક્ષેત્રમાં જે ફરમાવે છે તે આ વાણી છે.

હે શુદ્ધાત્મપ્રભુ! તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરિભ્રમણથી છુટાય છે. માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો. શું કહે છે? અંદર જ્ઞાયકપ્રભુ મુક્તસ્વરૂપ છે એવું તેને જ્ઞાન ને પ્રતીતિ થાય તો તે પાંચ પ્રકારનાં પરાવર્તનથી છૂટે; માટે તે પોતે તે મુક્તિની દશાને દેનાર છે. પર્યાયમાં સંસારનો વ્યય ને પરમાનંદસ્વરૂપ મોક્ષનો જે ઉત્પાદ થાય તેનો દેનારો ત્રિકાળી મુક્તસ્વરૂપ ધ્રૌવ્ય તું જ છો. કર્મ ખસે તો થાય એ વાત છે નહિ, પણ પોતે પોતાના મુક્તસ્વરૂપનું અવલંબન લે તો પર્યાયમાં પૂર્ણ મુક્તદશા પ્રગટ થાય. અહા! આવો માર્ગ છે.

પ્રશ્ન :—આવો જૈનધર્મ ક્યાંથી કાઢ્યો?

ઉત્તર :—આત્મામાંથી. બાપુ! મારગ અંદરનો કોઈ અલૌકિક છે. તને અંતરથી ઓળખાણ ને ભાન થયું કે 'હુ શુદ્ધ ચૈતન્ય છું, શરીરાદિ પરથી ને રાગાદિ વિભાવથી હું અત્યંત મુક્ત છું' તો તને પાંચ પરાવર્તન છૂટી જશે, સંસારપર્યાયનો વ્યય ને મુક્તદશાનો ઉત્પાદ થશે. માટે સિદ્ધપદની પર્યાયને દેનાર શુદ્ધાત્મપ્રભુ! તું જ છો. અહાહા! આવી વાત છે. સમજાય એટલું સમજવું પ્રભુ!

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ જિનેશ્વર પરમાત્માની આ વાણી છે. બેન ત્યાંથી—મહાવિદેહથી આવ્યાં છે. બેન પોતાના અનુભવથી આ વાત કહે છે. વસ્તુનો સ્વભાવ આવો જ છે—એ, ભગવાનની વાણી સાંભળીને બેન અહીં આવ્યાં છે.

મુક્તિ કોઈ દેવ, શાસ્ત્ર ને ગુરુની કૃપાથી મળી જાય, કોઈના આશીર્વાદથી મળી જાય એમ નથી.

પ્રશ્ન :—પોતાના આશીર્વાદથી તો મળે ને?

ઉત્તર :—પોતાના આશીર્વાદ એટલે શું? હું સ્વભાવે મુક્તસ્વરૂપ જ છું, પર્યાયમાં સંપૂર્ણ મુક્તદશા મારામાં મારાથી પ્રગટ થશે, એમ લૉજિકથી—ન્યાયથી એણે જાણવું પડશે ને? સંપૂર્ણ મુક્તિ એટલે શું? સંપૂર્ણ મુક્તિ એટલે સિદ્ધપદ. ત્રિકાળી મુક્તસ્વરૂપ શુદ્ધાત્મપ્રભુની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર થાય તે—મોક્ષનો માર્ગ થાય તે—અપૂર્ણ મુક્તિ છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવે પ્રવચનસારમાં છેલ્લે રત્ન જેવી ઉત્તમ પાંચ ગાથા કહી છે. તેમાં તો એક ગાથામાં, જે જીવ આ ત્રિકાળ મુક્તસ્વરૂપ પૂર્ણાનંદ ભગવાન આત્માનાં શ્રદ્ધાન, જ્ઞાન ને ચારિત્રમાં રમે છે તે જીવ સાધકદશામાં હોવા છતાં 'મોક્ષતત્ત્વ' છે, એટલે કે મોક્ષનો માર્ગ છે તે મોક્ષતત્ત્વ છે—એમ કહી દીધું છે. અહીં એમ ચાલે છે કે પૂર્ણ મોક્ષ એટલે પૂર્ણ પર્યાય; તેને દેનાર નાથ! તું છો; કારણ કે અંદર પૂર્ણ ભર્યો છે એમાંથી પૂર્ણતા ઊછળે છે. સમજાણું કાંઈ!

અરેરે! ક્યાં આ વાતો સાંભળવા મળે? દેશ મૂકીને પરદેશ રળવા જાય. અહીં પરદેશ મૂકીને સ્વદેશમાં આવવાનું એને કહીએ અને આ સાંભળવાનું કહીએ તો કહે—આપણને એ કાંઈ સમજાય નહિ! રાગદ્વેષ વગેરે ભાવો તે પરદેશ છે એ વાત બેનના ૪૦૧મા બોલમાં આવશે. આ વિભાવભાવ અમારો દેશ નથી. દયા, દાન, ભક્તિ, પૂજા વગેરે પરિણામમાં આવવું અરે! એ તો અમે પરદેશમાં આવી ચડ્યા. આ અમારો દેશ અમારો માર્ગ નથી. વેપારધંધા ને ભોગના ભાવ તો એકલું પાપ છે, પોતાના આત્માને હણી નાખનાર મોટું કસાઈખાનું છે; દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ વગેરેના શુભભાવ આવે તે પણ અમારો સ્વભાવદેશ નથી. અમને અહીં વિભાવદેશમાં ગોઠતું નથી. અમારું અહીં કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, વીર્ય વગેરે અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપ-સ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અહાહા! અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નીરાંતે વસવું છે, જ્યાં બધાં અમારાં છે. અંદર જ્ઞાન, આનંદ, શાન્તિ, વીતરાગતા—એ બધાં અમારાં છે ત્યાં અમારે જાવું છે.

પ્રશ્ન :—ગુરુ વગર આ કેમ જણાય?

ઉત્તર :—આત્મા પોતે પોતાનો ગુરુ થાય ત્યારે જણાય, ને ત્યારે બીજા સમજાવનારને વ્યવહારે ગુરુ કહેવાય.

પ્રશ્ન :—પણ ગુરુની આજ્ઞા?

ઉત્તર :—ગુરુની આજ્ઞા તો વીતરાગતા પ્રગટ કરવાની છે. તીર્થંકરોની, ગુરુની ને ચાર અનુયોગસ્વરૂપ શાસ્ત્રોની એક જ આજ્ઞા છે કે—તું વીતરાગતા પ્રગટ કર.

પ્રશ્ન :—તે વીતરાગતા કેમ પ્રગટ થાય?

ઉત્તર :—નિજ જ્ઞાયક આત્મા સ્વભાવે વીતરાગસ્વરૂપ ભગવાન છે, તેના આશ્રયે વીતરાગતા પ્રગટ થાય છે. પરના આશ્રયે, ત્રણ લોકના નાથ વીતરાગ ભગવાન હો તેની ભક્તિના આશ્રયે પણ, શુભરાગ થશે. અહા! જીરવવું કઠણ! ભાઈ! તારા સ્વદેશમાં તો અતીન્દ્રિય આનંદ પડ્યો છે. અનંત અતીન્દ્રિય જ્ઞાન, અનંત અતીન્દ્રિય પ્રભુતા, અનંત અતીન્દ્રિય સ્વચ્છતા વગેરેનું પ્રત્યક્ષ વેદન થાય એવું આશ્ચર્યકારી અનંતપણું અંદર પડ્યું છે. તું ત્યાં અંદરમાં જા. અહાહા! તું જ તને સંપૂર્ણ મુક્તિનો દેનાર છો.

'તારા પર એકધારી દૃષ્ટિ રાખવાથી, તારા શરણે આવવાથી, જન્મમરણ ટળે છે.'

જેમ 'ધ્રુવ'ના તારાની દૃષ્ટિથી વહાણ ને આગબોટ ચાલે, તેમ આ નિજ ભગવાન આત્મા નિત્ય ધ્રુવ પ્રભુ છે તેના પર એકધારી દૃષ્ટિ રાખવાથી, તેના શરણે જવાથી, જન્મમરણ ટળે છે. બેનની ભાષા તો સાદી છે પણ પ્રભુ! તેને સમજવા માટે વખત તો મેળવવો પડશે ને? વકીલની કે દાક્તરની વિદ્યા ભણવા જાય ત્યાં એ પાપનાં ભણતર માટે ૫-૧૦ વરસ કાઢે, તો પછી આત્માને સમજવા માટે થોડો વખત તો લેવો પડશે ને ભાઈ!

દૃષ્ટિનું ધ્યેય, શ્રદ્ધાનો વિષય, રુચિનું આલંબન અને પ્રતીતિનો આશ્રય તો એકમાત્ર ધ્રુવ જ્ઞાયક જ છે. ભલે જ્ઞાનનો ઉપયોગ જરા બહારના વિષયોમાં જાય, પણ, તે વખતે પણ, જ્ઞાનીની મૂળ નજર તો નિજ ધ્રુવ જ્ઞાયક દ્રવ્ય પર જ છે. ધર્મીની દૃષ્ટિ ત્યાંથી જરા પણ ખસતી નથી. તેથી અહીં બેને કહ્યું છે કે—હે શુદ્ધાત્મા! તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો. તારા પર એકધારી દૃષ્ટિ રાખવાથી, તારા શરણે આવવાથી, જન્મમરણ ટળે છે.

## વચનામૃત—૧૬૭

**વાણીથી અને વિભાવોથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ તેની અગાધતા, અપૂર્વતા, અચિન્ત્યતા ગુરુ બતાવે છે. શુભાશુભ ભાવોથી દૂર ચૈતન્યતત્ત્વ પોતામાં વસે છે એવું ભેદજ્ઞાન ગુરુવચનોથી કરી જે શુદ્ધદૃષ્ટિવાળો થાય તેને યથાર્થ દૃષ્ટિ થાય, લીનતાનો અંશ વધે, મુનિદશામાં વધારે લીનતા થાય અને કેવળજ્ઞાન પ્રગટી પરિપૂર્ણ મુક્તિપર્યાય પ્રાપ્ત થાય. ૧૬૭.**

'વાણીથી અને વિભાવથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ તેની અગાધતા, અપૂર્વતા, અચિન્ત્યતા ગુરુ બતાવે છે.'

ભગવાન આત્મા અંદર વાણી ને દયા, દાન વગેરેના શુભ રાગ તેમ જ વિષય-કષાયના અશુભ રાગથી—પુણ્ય-પાપના ભાવથી—ભિન્ન કોઈ જુદી જ ચીજ છે. તે મહિમાવંત તત્ત્વ કોઈ અપેક્ષાએ ગુરુની વાણીથી સમજી શકાય છે. ગુરુની આત્મતત્ત્વસ્પર્શી વાણી સાંભળીને જીવ પોતા તરફ લક્ષ વાળે તો તત્ત્વ સમજવામાં ગુરુવાણી નિમિત્ત કહેવાય છે.

ગુરુવાણી જેના તળમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાન્તિ વગેરે અનંત અનંત ગુણરત્નો પડ્યાં છે એવા નિજ ચૈતન્યતત્ત્વની—જ્ઞાયક પ્રભુની—અગાધતા, અપૂર્વતા અને અચિન્ત્યતા બતાવે છે, જેનો અંદરમાં અદ્‌ભુત મહિમા પ્રગટવાથી, જેના પર દૃષ્ટિ સ્થિર કરવાથી મિથ્યાત્વ ને રાગાદિ વિભાવોનો નાશ થાય છે.

અહા! ચૈતન્યપ્રભુની શી અગાધતા! જેનો છેડો નહિ એવું અપાર ઊંડાણ!

પ્રશ્ન :—છેડો નહિ?

ઉત્તર :—શેના છેડા? પ્રભુ ચૈતન્યમાં અનંત અનંત ગુણો છે જેના છેડા ન મળે. એમ ને એમ અદ્ધરથી માને પણ લક્ષમાં લઈ જરી વિચાર કરે તો અગાધ ઊંડાણની ખબર પડે, ને તેની અનંતતાનો જરી ખ્યાલ આવે. સમજાણું કાંઈ? આત્મામાં જે અનાદિ-અનંત ધ્રુવ ગુણો છે તેથી સંખ્યાનો પાર ન મળે; અનંત...અનંત...અનંત; અનંતને અનંત વડે અનંત વાર ગુણી નાખો તેનાથી પણ અનંતાનંતગુણી, જેનો પાર ન આવે એવી, આત્મામાં અનંતાનંત શક્તિઓ ભરી પડી છે. અજ્ઞાનીને તો બે-પાંચ કરોડ કે અબજ

રૂપિયા—ધૂળ ભેગી થાય ત્યાં તેને ‘અહાહા!’ થઈ જાય; પણ એના આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ વગેરે ગુણરત્નો સંખ્યાએ અનંત અનંત છે તેની એને ખબર નથી. ખબર ક્યાંથી હોય? આ વાત કદી સાંભળી જ નથી ને. વીતરાગ સર્વજ્ઞદેવે કહેલું અનંત મહિમાવંત તત્ત્વ પ્રભુ! તેં કદી સાંભળ્યું નથી. ભગવાને કહેલું તે ચૈતન્યતત્ત્વ અગાધ, અપૂર્વ ને અચિન્ત્ય છે.

મન દ્વારા જેનું ચિંતવન ન થઈ શકે એવી એ અંદર અચિન્ત્ય અને અદ્‌ભુત ચીજ છે. આવી મહિમાવંત ચીજને ગુરુ બતાવે છે. ગુરુ ઉપદેશમાં વીતરાગતા બતાવે છે. વીતરાગતા દ્રવ્યના આશ્રયે પ્રગટે છે; તેથી ગુરુ વીતરાગતાના કારણભૂત એવા અગાધ, અપૂર્વ ને અચિન્ત્ય ચૈતન્યદ્રવ્યને બતાવે છે, જેને સમજવાથી જીવની દૃષ્ટિ સમ્યક્ થાય છે.

**‘શુભાશુભ ભાવોથી દૂર ચૈતન્યતત્ત્વ પોતામાં વસે છે એવું ભેદજ્ઞાન ગુરુવચનોથી કરી જે શુદ્ધદૃષ્ટિવાળો થાય તેને યથાર્થ દૃષ્ટિ થાય, લીનતાના અંશ વધે, મુનિદશામાં વધારે લીનતા થાય અને કેવળજ્ઞાન પ્રગટી પરિપૂર્ણ મુક્તિપર્યાય પ્રાપ્ત થાય.’**

પુણ્ય-પાપના ભાવોથી દૂર પોતાનું શુદ્ધચૈતન્યતત્ત્વ અંદર વસે છે—એવું ભેદજ્ઞાન ગુરુના ઉપદેશ દ્વારા કરી જિજ્ઞાસુ જીવ શુદ્ધદૃષ્ટિવાળો થાય છે. ગુરુવાણીના યોગમાં તેને યથાર્થ દૃષ્ટિ પોતાથી થાય છે. યથાર્થ દૃષ્ટિ થયા પછી સ્થિરતાના નિર્મળ અંશો વધે, મુનિદશામાં તો ઘણી જ નિર્મળતા વધે. અહા! મુનિપણું તો કોઈ અલૌકિક દશા છે બાપુ! અત્યારે તો હિન્દુસ્તાનમાં એવું અંદરનું સાચું મુનિપણું ક્યાંય દેખાતું નથી. ભાવલિંગી મુનિને સ્વરૂપરમણતામાં જ્યારે પૂર્ણ લીનતા થાય ત્યારે તેને કેવળજ્ઞાનદશા પ્રગટે અને પરિપૂર્ણ મુક્તદશા પ્રાપ્ત થાય.

# પ્રવચન–૬૧

તા. ૧૧-૮-૭૮

## વચનામૃત—૧૬૮

**સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે; પરંતુ બંને વહેલામોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ. ૧૬૮.**

'સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો.'

શું કહે છે? ચૈતન્યસ્વરૂપ જે નિજ પરમાનંદ પ્રભુ તેની, નિમિત્તના આશ્રયથી ને પુણ્યપાપના વિકલ્પથી છૂટીને, દૃષ્ટિ થતાં—આનંદસ્વરૂપ ત્રિકાળી જ્ઞાયક ભગવાનનો અનુભવ થતાં—જે કાંઈ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, તેની સાથે અતીન્દ્રિય આત્મસ્વરૂપની જે પ્રતીતિ થાય, તેનું નામ સમ્યગ્દર્શન છે. આ તો હજી ધર્મનું પહેલું પગથિયું છે. છ ઢાળામાં કહ્યું છે :

**मोक्षमहलकी परथम सीढी, या बिन ज्ञान-चरित्रा।**
**सम्यक्ता न लहै सो दर्शन धारो भव्य पवित्रा॥**

અનંત અનંત ગુણોના સાગર એવા ભગવાન આત્માને પર્યાયમાં આ જે પુણ્યપાપના ભાવો છે તે તો વિકારી ભાવો છે. દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ—એ બધા ભાવ શુભ વિકાર છે. તેને છોડીને ત્રિકાળી નિર્વિકારી પ્રભુની સત્તાનો જે નિર્વિકલ્પપણે સ્વીકાર તેને સમ્યગ્દર્શન કહે છે; કેમ કે—અંદર વસ્તુ સ્વયં નિર્વિકલ્પ છે.

જિનસ્વરૂપ આત્મા અસંખ્યાત પ્રદેશી ભલે હો, પણ દૃષ્ટિમાં એવો ભેદ નથી કે આ અસંખ્ય પ્રદેશી છે. તેમાં અનંત ગુણો વિસ્તારથી પથરાયેલા છે છતાં ત્યાં ગુણભેદની

દૃષ્ટિ નથી, કેમ કે વસ્તુ પોતે નિર્વિકલ્પ ચૈતન્યઘન છે. શુભાશુભ રાગ વિકાર છે, દુઃખ છે. એમાંથી રુચિને ફેરવીને અંદર પૂર્ણાનંદસ્વરૂપ વસ્તુને જોવાનું ને માનવાનું પ્રગટ કરે, બહારમાં જોવાનું ને માનવાનું છોડી દે, તો તેને જેવું પૂર્ણ સ્વરૂપ છે તેવું જ્ઞાન અને તેમાં પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન થાય. અહા! બહુ ઝીણી વાત! આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે.

સમ્યગ્દર્શન એટલે સત્ય દર્શન. જે પૂર્ણ સત્યસ્વરૂપ છે, પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદથી ભરપૂર પૂર્ણ સત્તાવાળી જે ચીજ છે, એવા નિજ જ્ઞાયક આત્માની સન્મુખ થતાં, નિમિત્ત ને દેવ-શાસ્ત્ર-ગુરુ તરફનું લક્ષ છોડતાં, તેમના પ્રત્યે જે શુભ રાગ થાય તેનું પણ લક્ષ છોડતાં, અરે! તે રાગનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાનપર્યાયનું પણ લક્ષ છોડતાં, અંદર ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય મહાપ્રભુ બિરાજે છે કે જેના દરબારમાં અનંત ગુણરતનો ભર્યાં છે તેને, બહારનું બધું જોવું છોડી દઈને, અંતર્મુખ થઈને જોવા જાય ત્યારે સત્ય જેવડું ને જેટલું છે તેવડું ને તેટલું પ્રતીતિમાં આવે. તે પ્રતીતિને સત્ય દર્શન—સમ્યક્દર્શન કહે છે. અહા! આવી વાત છે બાપુ! સમ્યગ્દર્શન વિના જે કાંઈ શાસ્ત્રજ્ઞાન, પ્રભુભક્તિ કે વ્રતાદિ કરે તે બધો સંસાર છે.

શું કહે છે? પૂરણ શક્તિના ભંડાર એવા સત્સ્વરૂપ ભગવાન આત્માના આશ્રયે જતાં નિર્વિકલ્પ સત્ય દર્શન થાય ત્યારે તેના અનંત ગુણોનો અંશ—આંશિક શુદ્ધ પરિણમન—પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે. તેને શ્રીમદ્ ‘સર્વગુણાંશ તે સમ્યક્ત્વ’ કહે છે. તે વાતને પં. ટોડરમલજી ‘રહસ્યપૂર્ણ ચિઠ્ઠી’માં આમ કહે છે : ‘ચોથા ગુણસ્થાને આત્માના જ્ઞાનાદિક ગુણો એકદેશ પ્રગટ થયા છે.’

અત્યારે સંપ્રદાયમાં તો, આત્મા શું છે, કેવો છે, તેની ખબર પણ ન હોય અને બહાર દેવ-શાસ્ત્ર-ગુરુ સાચાં છે એમ માને તેને સંક્ષેપરુચિવાળો સમકિતી માને છે. સંપ્રદાયની દૃષ્ટિ રાખીને બહાર ક્રિયાકાંડથી ધર્મ માનવો તે સંક્ષેપરુચિવાળું સમકિત નથી. સંક્ષેપરુચિનો અર્થ એમ છે કે વિશેષ જાણપણું નથી, પણ અંદર અનંત જ્ઞાન ને આનંદનો નાથ જે નિજ જ્ઞાયકભાવ તેની રુચિ ને અનુભવ છે. તે જીવને વિશેષ જ્ઞાન નથી, પણ એમ નથી કે વિપરીત જ્ઞાને ને વિપરીત શ્રદ્ધા હોય તોપણ તેને સંક્ષેપરુચિ કહી દેવો. સંપ્રદાયની દૃષ્ટિ તે સમકિત ને વ્રત, તપ વગેરે પાળવાં તે ચારિત્ર—એ બેય ખોટાં છે. અંદર આત્મા પૂર્ણાનંદનો નાથ છે તેની જેને દૃષ્ટિ થઈ છે તેને ભલે શાસ્ત્રોનું બહુ વિસ્તારથી જ્ઞાન ન હોય, પણ તેને ‘વસ્તુ અંદર પૂર્ણ છે’ એવો અનુભવ—વેદન થતું હોવાથી, અનંત ગુણોનું અંશે યથાસંભવ વ્યક્તપણું થયું હોવાથી, તે સમકિતી છે.

અહીં તો કહે છે : સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. અનંત જ્ઞાન, અનંત આનંદ અને અનંત સત્તા વગેરે નિજ ગુણોનો પુંજ જે પ્રભુ આત્મા તેની સન્મુખ થઈને જ્યાં જ્ઞાન ને પ્રતીતિ થયાં ત્યાં તે ચૈતન્યવૈભવથી ભરપૂર મહેલનો સ્વામી બની ગયો. 'આમાં આમ છે ને આમાં આમ છે' એમ બાહ્ય પદાર્થોમાં કુતૂહલતા અને સુખબુદ્ધિ થવી તે મિથ્યાદૃષ્ટિ છે. દાન દીધાં, વ્રત બહુ પાળ્યાં ને અપવાસ કરીને શરીર જીર્ણ કરી નાખ્યું—એમ બહારનો જેને મહિમા છે તેને અંતરની દૃષ્ટિનો અભાવ છે.

જેને દેહથી ને રાગથી ભિન્ન નિજ આત્માનું ભાન છે એવો સમ્યગ્દૃષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં હોય, ચક્રવર્તી હોય, રાજાનો કુંવર હોય, તેને, વિરોધી રાજા લડાઈ કરવા આવે ત્યારે, લડાઈનો ભાવ આવે, પણ એ ભાવને પોતાનો ન જાણે, પોતાના જ્ઞાનમાં રહીને તે ભાવનો જ્ઞાતા રહે; માટે તે જ્ઞાની ધર્માત્મા છે. અને અજ્ઞાની ગૃહસ્થાશ્રમ છોડે, વસ્ત્રનો ટુકડો પણ ન રાખે, પરજીવની દયાનો ભાવ કરે, પણ અંદરમાં રાગની મંદતાનો મહિમા આવે છે કે 'આપણે ઘણું કર્યું, ઘણું પાળ્યું'; તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. તેને ભગવાન આત્માનું, જેની માન્યતા અને અવલોકન કરતાં અંતરમાં અનંત આનંદનું ફળ આવે, અનંત જ્ઞાનના અંકુરા ફૂટે એવા જ્ઞાયક તત્ત્વનું ભાન નથી—અનુભવ નથી. પ્રભુનો માર્ગ આવો છે બાપુ! ભલે દુનિયાને એમ લાગે કે આ વાત 'એકાન્ત' છે. ભાઈ! આ વાત જ 'સમ્યક્ એકાન્ત' છે. દયા, દાન વગેરેના રાગથી કલ્યાણ ન થાય પણ જ્ઞાયકસ્વભાવના આશ્રયે જ કલ્યાણ થાય—એ જ સાચો અનેકાન્ત છે; કેમ કે—અનેકાન્ત પણ સમ્યક્ એકાન્ત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.

સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો સ્વામી થઈ ગયો. અનાદિ અજ્ઞાનથી જે રાગાદિનો સ્વામી થતો હતો તે મિથ્યાત્વભાવ હતો. સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાના 'પરિશિષ્ટ'માં ૪૭ શક્તિ વિષે છેલ્લી 'સ્વસ્વામિત્વમયી સંબંધશક્તિ' આવે છે. આ શક્તિને લીધે દ્રવ્ય, ગુણ ને પર્યાય—એ મારાં સ્વ ને હું તેનો સ્વામી—એવો સંબંધ છે; પરંતુ 'સ્ત્રીનો, પૈસાનો, વેપારધંધા કે ઉદ્યોગો નો હું સ્વામી'—એ દૃષ્ટિ મિથ્યાત્વ છે.

**'તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે; પરંતુ બન્ને વહેલામોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ.'**

તીવ્ર પુરુષાર્થીને અંતરમાં રમણતા ઉગ્ર હોય છે, તેને અસ્થિરતારૂપ કચરો કાઢતાં થોડો સમય લાગે. સમ્યગ્દર્શન થતાં વેંત જ જ્ઞાની અસ્થિરતાનો સ્વામી મટી ગયો, પણ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તેને કાઢવા માટે તીવ્ર પુરુષાર્થી જીવને થોડો વખત લાગે અને મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે. શ્રી ઋષભદેવ તીર્થંકર ભગવાનને પણ—તેમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું ને ૮૩ લાખ પૂર્વ સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ગૃહસ્થાશ્રમમાં રહ્યા—ચારિત્ર નહોતું. ચૈતન્યમહેલના સ્વામી થઈ ગયા હતા, પણ અંદર જે ચારિત્રનો પુરુષાર્થ—સ્વરૂપરમણતા જોઈએ તે ૮૩ લાખ પૂર્વે સુધી ન આવી. એક પૂર્વમાં સિત્તેર લાખ ને છપ્પન હજાર કરોડ વર્ષ જાય. શ્રી ઋષભદેવ ભગવાનને ૮૩ લાખ પૂર્વ સુધી પુરુષાર્થની મંદતા હતી; અન તેમના પુત્ર ભરત ચક્રવર્તી તો બાહ્યાંભ્યંતર નિર્ગ્રંથપણું પ્રગટ કરીને અંતરમાં વળ્યા અને તીવ્ર પુરુષાર્થ કરીને અંતર્મુહૂતમાં કેવળજ્ઞાન પામ્યા. ભરત ચક્રવર્તી ૬ લાખ પૂર્વ ચક્રવર્તી પદમાં રહ્યા, પણ જ્યાં અરીસાભવનની અંદર અરીસામાં નજર જાય છે, ત્યાં અંદર સ્વભાવનો અરીસો જોવાઈ ગયો, અરીસાભવનના ઉદ્યાનમાં દ્રવ્યભાવ સંયમ અંગીકાર કરીને નિજ જ્ઞાયકસ્વભાવનું ઉગ્રપણે અવલોકન કર્યું. એ ઉગ્ર અવલોકન કરતાં ક્ષણમાં કેવળજ્ઞાન પ્રગટ થયું. અહાહા! એ તીવ્ર પુરુષાર્થી!

મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે; પરંતુ બધા વહેલામોડા વિભાવનો બધો કચરો કાઢી અવશ્ય પૂર્ણજ્ઞાન પ્રાપ્ત કરશે જ. બીજ ઊગી તેની પૂનમ થશે જ. જેને સમ્યગ્દર્શન થયું, આત્માના અતીન્દ્રિય આનંદનો અંશે સ્વાદ આવ્યો તેને વહેલા કે મોડા કેવળજ્ઞાન લીધે જ છૂટકો. સમજાણું કાંઈ? તેઓ કેવળજ્ઞાન જરૂર પ્રાપ્ત કરશે જ.

સહજ ચિદાનંદ.

## વચનામૃત—૧૬૯

**વિભાવોમાં અને પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાન્તિ નથી. ચૈતન્યગૃહ જ ખરું વિશ્રાન્તિગૃહ છે. મુનિવર તેમાં વારંવાર નિર્વિકલ્પપણે પ્રવેશી વિશેષ વિશ્રામ પામે છે. બહાર આવ્યા—ન આવ્યા ને અંદર જાય છે. ૧૬૯.**

'વિભાવોમાં અને પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાન્તિ નથી.'

બેનમાં (-વચનામૃતમાં) ઘણા બોલો સૂક્ષ્મ છે. સહેજે અંદર ભાવમાં આવેલા, બ્રહ્મચારી દીકરીઓને કહેલા અને તેનો સંગ્રહ થઈ ગયો. તે સમજવામાં જરા વાર લાગે, પણ છે સમજવા જેવા. વિભાવોમાં—પુણ્ય ને પાપના ભાવમાં, રાગના વિકલ્પમાં—અને પાંચ પરાવર્તનોમાં—જગતના દ્રવ્યના સંબંધમાં, ક્ષેત્રના સંબંધમાં, કાળના સંબંધમાં, ભવના

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સંબંધમાં અને શુભાશુભ ભાવના સંબંધમાં—ક્યાંય વિશ્રાન્તિ નથી. અરે! દયા, દાન, વ્રતાદિના પરિણામોમાં પણ ક્યાંય વિશ્રાન્તિ નથી. અહા! પ્રભુનો માર્ગ આવો છે. પ્રભુ! તારું સ્વરૂપ જ આવું છે. 'જૈન' કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે, શ્રીમદ્ કહે છે :

જિન સોહી હૈ આત્મા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિન બચન, તત્ત્વજ્ઞાનીકોં મર્મ.

આ કોઈ વાડાની વાત નથી, જીવ પોતે જ જિનસ્વરૂપી ભગવાન છે. આવે છે ને—

ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન;
મતિ-મદિરાકે પાનસૌં, મત્તવાલા સમુઝૈ ન.

જિનસ્વરૂપ નિજ જ્ઞાયક આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન કરીને ઠરે તો એ, પર્યાયમાં જિન થાય. એ વસ્તુનું સ્વરૂપ છે, એ કાંઈ વાડાની વાત નથી કે આમ કરવાથી આમ થાય અને એમ કરવાથી એમ થાય. શુભભાવ પણ વિભાવોમાં આવી જાય છે. ભક્તિ, પૂજા, સ્વાધ્યાય વગેરે શુભભાવ તથા વેપારધંધો વગેરે અશુભભાવ—એ બધા વિભાવોમાં અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાન્તિ—વિસામો નથી.

'ચૈતન્યગૃહ જ ખરું વિશ્રાન્તિગૃહ છે.'

સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત ગુણોનો અભેદ એક પિંડ એવો જે નિજ ચૈતન્યપ્રભુ એ જ ખરેખર વિશ્રાન્તિ લેવાનું ખરું ગૃહ છે. જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ઘર જ વિશ્રાન્તિનું સ્થાન છે.

પર પદ નિજ પદ માનિ મગન હ્વૈ, પરપરિણતિ લિપટાયે;
શુદ્ધ-બુદ્ધ-સુખકંદ-મનોહર, ચેતન ભાવ ન ભાયે;
—હમ તો કબહુ ન નિજ ઘર આયે.

રાગાદિ પરપરિણતિ પરઘર ને દુઃખનું સ્થાન છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ એમ એક-એક ગુણ પૂર્ણ એવા અનંત ગુણોનું પૂર્ણરૂપ—નિજ ચૈતન્યઘર એ જ વિશ્રાન્તિનું સ્થાન છે. વિશ્રાન્તિગૃહ ભગવાન આનંદકંદમાં પડ્યું છે. એ તો અતીન્દ્રિય આનંદનું દળ છે. પ્રભુ! ઇન્દ્રિયોના વિષયોમાં જે કાંઈ આનંદ લાગે છે, ઠીક લાગે છે—એ કલ્પના તો ભ્રમ ને દુઃખ છે. અહાહા! પોતે આનંદનું ઘર છે ને! દુઃખના થાક ઉતારવા

વિશ્રાન્તિગૃહ તો નિજ આત્મા જ છે ને! અહા! આવો ઉપદેશ!

'મુનિવર તેમાં વારંવાર નિર્વિકલ્પપણે પ્રવેશી વિશેષ વિશ્રામ પામે છે.'

સમકિતીને નિર્વિકલ્પ ઉપયોગ અંદર એકદમ વારંવાર આવે એવું નથી; ઘણો વખત લાગે. મુનિ કે જે સાચા વીતરાગી સંત છે તે, નિજ આનંદધામમાં વારંવાર નિર્વિકલ્પપણે, અભેદપરિણતિપણે પ્રવેશીને વધુ ને વધુ વિશ્રાન્તિ પામે છે. અહા! મુનિપણું કોને કહીએ પ્રભુ! શ્રી કુંદકુંદાચાર્યદેવ ને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વગેરે વીતરાગી સંતો વારંવાર નિર્વિકલ્પપણે અંદર સ્વરૂપમાં પ્રવેશી વિશેષ વિશ્રામ પામતા હતા. આનંદના ધામમાં વિશેષ વિશેષ ઠરે એને મુનિ કહીએ. જેણે નિજ વિશ્રાન્તિગૃહ જોયું છે, અનુભવ્યું છે, તે હવે વારંવાર તેમાં નિર્વિકલ્પપણે જવા માગે છે. છટ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવે, પણ પાધરો અંદરમાં—જ્યાં અતીન્દ્રિય આનંદનો ડુંગર પડ્યો છે ત્યાં—બેસવા, સ્થિર થવા માગે છે. સમજાણું કાંઈ? આવો વીતરાગ માર્ગ જૈન પરમેશ્વર સિવાય બીજે ક્યાંય નથી. જૈન તે કોઈ પક્ષ નથી, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. જગતને આ વસ્તુસ્થિતિ હાથ આવવી મુશ્કેલ છે.

અનંત ગુણોનું ધામ એવો જે નિજ ધ્રુવ પરમાત્મા તેમાં વિશેષ સ્થિરતા કરવા માટે મુનિરાજ વારંવાર તલસી રહ્યા છે: 'અરે! મારા સ્વરૂપઘરની બહાર આ મહાવ્રતના, અઠ્યાવીસ મૂળ ગુણના, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાના ને દેવ-ગુરુ પ્રતિ વિનયના વિકલ્પમાં હું ક્યાં આવ્યો? મારું ધર્મનું સ્થાન, વિશ્રામનું સ્થાન, આનંદનું ધામ તો અંદરમાં છે. મારો દેશ—આનંદનો દેશ—અંતરમાં છે. પુરુષાર્થની નબળાઈને લીધે એમાંથી બહાર નીકળવાનો આ વિકલ્પ ઊઠે છે તે તો દુઃખ છે.' અહા! માર્ગ બહુ ઝીણો; જગત સાથે મેળ ખાય એવો નથી.

મુનિ વારંવાર નિર્વિકલ્પપણે પ્રવેશે છે; પણ શેમાં? નિજ આનંદસ્વરૂપમાં. નિર્વિકલ્પપણે નિજ સ્વરૂપમાં જઈને વિશેષ વિશ્રામ, વિશેષ આનંદ પામે તેને મુનિ કહીએ. મુનિ તો પંચપરમેષ્ઠી માંહ્યલા પરમેશ્વર છે. અંદર પરમેશ્વર-સ્વભાવમાં જે દૃષ્ટિ કરી ઠરે છે તે પર્યાયે અંદર પરમેશ્વર છે. વસ્તુએ પરમેશ્વર છે એ તો છે જ, પણ મુનિરાજ તો પર્યાયે ય પરમેશ્વર છે. રાગને છોડું—એવો વિકલ્પ પણ તેમને ગોઠતો નથી છતાં પુરુષાર્થની કમજોરીને લઈને આવી જાય છે, પણ ત્યાંથી ખસીને નિજ વિશ્રામઠામમાં જાય છે; ત્યાં 'રાગ છોડું' એવો વિકલ્પ પણ નથી. સમ્યગ્દર્શન સહિતનું મુનિપણું છે; તેથી તે વારંવાર સ્વરૂપમાં વિશેષ પ્રવેશી જાય છે.

'બહાર આવ્યા—ન આવ્યા ને અંદર જાય છે.'

અહા! મુનિ એટલે ચારિત્ર; ચારિત્ર એટલે મોક્ષનું કારણ. જેને અંદરમાં એવી ધન્ય ચારિત્રદશા પ્રગટ થઈ છે તે નિર્વિકલ્પપણે રમવા, જામવા, જમવા, જામી જવા વારંવાર અંતરમાં જાય છે. પુરુષાર્થની કમીને લઈને બહાર આવી જવાય છે, પણ બહાર આવ્યા—ન આવ્યા ને પાછા અંદર ચાલ્યા જાય છે, અહા! ભાઈ! માર્ગ આવો છે. જૈનના વાડામાં જન્મ્યા છે એમને આ વાતની ખબરે ય ન મળે!

## વચનામૃત—૧૭૦

**એક ચૈતન્યને જ ગ્રહણ કર. બધાય વિભાવોથી પરિમુક્ત, અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર, તેમાં જ લીન થા, એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે. ૧૭૦.**

'એક ચૈતન્યને જ ગ્રહણ કર.'

નિજ ચૈતન્યવસ્તુ જે સહજ શુદ્ધ જ્ઞાયકભાવ તેને જ દૃષ્ટિમાં પકડ, તેને જ આશ્રયપણે ગ્રહણ કર અને તેને જ મહિમા જાણ. બહાર જોવામાં જે કાંઈ તને વિસ્મયતા લાગે છે તે બધું અજ્ઞાન છે. એકમાત્ર ધ્રુવસ્વરૂપ નિજ ચૈતન્યને જ અભેદપણે ગ્રહણ કર; રાગ, પર્યાય કે ગુણભેદને નહિ. ધ્રુવધામને ધીમાં ધ્યાન વડે ધીરજથી ધ્યેયપણે ધાર; ધ્રુવ સ્વરૂપને ધ્યેયપણે ધ્યાનનો વિષય બનાવ. આત્મા જેમ અતીન્દ્રિય આનંદનો સાગર છે તેમ તે અતીન્દ્રિય જ્ઞાન, દર્શન, સ્વચ્છતા વગેરે અનંત અનંત ગુણોનો મહાસાગર છે, તેને એકને અભેદપણે ગ્રહણ કર.

'બધાય વિભાવોથી પરિમુક્ત, અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર, તેમાં જ લીન થા, એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે.'

'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં'—એ પ્રભુસ્મરણનો ભાવ સુદ્ધાં વિકલ્પ છે, વિભાવ છે, બંધનું કારણ છે; તેનાથી ધર્મ થતો નથી, અંદરથી સાચી આત્મશાન્તિ પ્રાપ્ત થતી નથી.

પ્રશ્ન :—તો તો એકાન્ત નહિ થઈ જાય?

ઉત્તર :—બહારના વ્યવહાર ને ક્રિયાથી કાંઈ ન થાય તે 'એકાંત' નથી; એનાથી કાંઈ ન થાય એનો અર્થ એમ છે કે એનાથી બંધ થાય, ધર્મ ન થાય. આ રીતે તે

અનેકાન્ત છે. બધાય વિભાવોથી પરિમુક્ત એટલે વેપારધંધાના અશુભ તથા દયા, દાન, વ્રત, તપ વગેરેના શુભ વિભાવોથી સમસ્ત પ્રકારે રહિત એવા નિજ શુદ્ધ જ્ઞાયકભાવને અંગીકાર કર, કેમ કે અંતરની દૃષ્ટિ કરવામાં વિભાવના એક અંશનો પણ સહારો નથી.

અરેરે! જિંદગી ચાલી જાય છે, મોતનાં નગારાં માથે વાગે છે. કયે સમયે દેહ છૂટશે તેની ખબર નથી. 'જો, હું બે કલાક પછી આવીશ, દેહ છૂટશે, ધ્યાન રાખજે' એમ ચેતવણી આપીને મોત આવતું નથી. કાળ અચાનક આવીને તને કોળિયો કરી લેશે બાપુ! માટે તું શીઘ્ર કલ્યાણ કરી લે ને. દુનિયા ગમે તે માનો, એની સાથે કોઈ સંબંધ નથી. દુનિયા પ્રમાણપત્ર આપે કે 'આ તો ભારે ધર્મી ને જ્ઞાની', તેથી કરીને તને કલ્યાણ થઈ જાય—એવું નથી.

શુભાશુભ બધાય વિભાવપરિણામોથી રહિત એવા નિજ પરમાત્મતત્ત્વને ગ્રહણ કર. અરિહંતદેવ પરમાત્મા છે; પણ એ તારો પરમાત્મા નથી, તેના તરફ તારું લક્ષ જશે તો તને રાગ જ થશે.

પ્રશ્ન :—અરિહંતની ભક્તિ વગેરે ભાવો આગળ વધવાનું સાધન છે ને?

ઉત્તર :—રાગ મોક્ષમાર્ગમાં આગળ વધવાનું સાધન કેમ હોય? રાગ તો સંસાર વધવાનું સાધન છે. અરે! મુનિરાજને—જે ભાવલિંગી વીતરાગી સંત છે, સ્વરૂપમાં વિશ્રામ પામ્યા છે, એમને—પણ પંચ મહાવ્રત વગેરેનો જે વિકલ્પ આવે છે તે જગપંથ છે, બંધનું કારણ છે. સમયસાર-નાટકમાં કહ્યું છે :

ता कारन जगपंथ इत, उत सिव मारग जोर।
परमादी जगकौं धुकै, अपरमादि सिव ओर ॥

પ્રમાદ સંસારનું કારણ છે અને સ્વાનુભવ મોક્ષનું કારણ છે. અહા! અંદર જેને નિજ વિશ્રામઘર મળી ગયું છે, ઉગ્રપણે અંતરમાં રહેવાનું સ્થાન મળી ગયું છે ને જે ત્યાં અંદર વારંવાર જાય છે એવા મુનિવરને પણ છટ્ઠે ગુણસ્થાને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વગેરેના જે શુભ વિકલ્પ આવે છે તે પણ જગપંથ છે, પ્રમાદ છે; તેમને જેટલી સ્વરૂપરમણતા છે તે શિવમારગ છે.

અહીં ગૃહસ્થને તો આખો દી બાયડી, છોકરાં, વેપારધંધો ને પાપના ઢગલા; અહા! એનું પરિણામ શું આવે બાપુ? અહીં તો, જેને ત્રણ કષાયનો અભાવ થયો છે અને વારંવાર અંદરમાં પ્રવેશ કરવાનો ઉદ્યમ વર્તે છે તેને પંચ મહાવ્રતનો, સ્વાધ્યાયનો, તત્ત્વ કહેવાનો ને સાંભળવાનો જે વિકલ્પ આવે તે પણ જગપંથ છે, સંસાર છે, રાગ છે

ને ઔદયિકભાવ છે. અહા ! જુઓ, આ વીતરાગ માર્ગ! જિનવર પરમાત્માના ઉપદેશમાં આમ આવ્યું છે.

પંચ મહાવ્રતનો જે વિકલ્પ આવે તે પ્રમાદ છે, વિકાર છે, મલિનતા છે. નિજ પરમાત્મતત્ત્વ અંદર અત્યંત નિર્મળ છે. પ્રભુ! તેને 'જ' ગ્રહણ કર.

પ્રશ્ન :—'જ' કહેવામાં એકાન્ત નથી થતું?

ઉત્તર :—ના. નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર અને વિભાવ ને પર પરમાત્મા તરફનું લક્ષ છોડ—એ જ સાચો અનેકાન્ત છે.

પરમાત્માની પ્રતિમાને પૂજવાનો ભાવ આવે, પણ એ ધર્મ નથી. ભૂમિકામાં હજુ સાધકપણું છે એટલે એવા ભાવ આવે ને? સિદ્ધપણું નથી એટલું બાધકપણું આવે જ. આવે, પણ તે હેય તરીકે આવે; જાણવા માટે આવે; જ્ઞાની તો તેનો માત્ર જ્ઞાતા જ છે. અહા! આવી વાતો છે.

નાટક સમયસારમાં આવે છે ને—'જિનપ્રતિમા જિનસારખી'...

जाके मुख दरससौं भगतके नैननिकौं,
थिरताकी बानी बढै चंचलता बिनसी।
मुद्रा देखी केवलीकी मुद्रा याद आवै जहां,
जाके आगै इन्द्रकी विभूति दीसै तिनसी ॥
जाकौ जस जपत प्रकास जगै हिरदेमैं,
सोइ सुद्धमति होइ हुती जु मलिनसी।
कहत बनारसी सुमहिमा प्रगट जाकी,
सोहै जिनकी छबि सुविद्यमान जिनसी ॥

જિનેન્દ્રની મૂર્તિ સાક્ષાત્ જિનેન્દ્ર તુલ્ય શોભે છે. જે અપેક્ષાએ કહ્યું હોય તે અપેક્ષા જાણવી જોઈએ. પ્રતિમા છે, તેની પૂજા, ભક્તિ બધું છે. સ્વરૂપમાં જ્યારે ઠરી શકે નહિ ત્યારે, અશુભથી બચવા, એવો શુભ ભાવ આવ્યા વિના રહે નહિ. 'એવો ભાવ ન જ આવે'—એમ માને તેને વસ્તુસ્વરૂપની ખબર નથી. અને આવે, માટે 'તેનાથી ધર્મ છે'—એમ માને તોપણ તે બરાબર નથી; એ શુભ રાગ બંધનું કારણ છે. અહા! આવી વાતો છે.

જ્યાં સુધી અબંધ પરિણામ પૂરા પ્રગટ થયા નથી ત્યાં સુધી અધૂરી દશામાં એવા બંધના પરિણામ હોય છે. હોય છે માટે તે આદરણીય છે—એમ પણ નથી. અહા! આટલી બધી અપેક્ષા!

નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર, તેમાં જ લીન થા. એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે. જેને નિજ પરમાત્મસ્વભાવનો આશ્રય કરવો છે તેણે રજકણને તેમ જ રાગના અંશને પણ છોડી દેવો પડશે. તેમાં મારાપણાનો અભિપ્રાય છોડી દીધો માટે સમ્યક્દર્શન થયું, છતાં એવો શુભ ભાવ આવે. આવે તે જાણવાલાયક છે, જાણેલો પ્રયોજનવાન છે.

સહજ ચિદાનંદ.

શ્રાવણ વદ ૨

ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિપ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને!

—*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન–૬૨

તા. ૧૨-૮-૭૮

## વચનામૃત—૧૭૧

એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને ચૈતન્યની સમીપતા ન થાય. પણ ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય, ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે. ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે; તેની ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો. ૧૭૧.

‘એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી.’

શું કહે છે? એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. આ તો દૃષ્ટાંત છે. એમ—

‘ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે.’

અંદર ભગવાન આત્મા કે જે અનંત અનંત અતીન્દ્રિય શાન્તિ અને આનંદનો સાગર છે, તેનો મહિમા અને રાગાદિ વિકલ્પરૂપ સંસારનો મહિમા—એ બન્ને એક સાથે રહી શકે નહિ. જેને શુભાશુભ રાગનો ને તેના કર્તાપણાનો મહિમા છે તેને આનંદનો નાથ અને વિશ્વનો ઉદાસીન સાક્ષી એવા નિજ ચૈતન્ય પ્રભુનો મહિમા નથી. જેમાં પરનું કરવું-ભોગવવું કાંઈ છે નહિ, માત્ર અંદર સ્વરૂપમાં સ્થિત રહેવાનું છે એવા ચારિત્રવંત શાંત શાંત અકષાયસ્વભાવની નિજ ચૈતન્યનો મહિમા ને રાગાદિ સંસારનો મહિમા એકસાથે રહી શકે નહિ.

જે પૂર્ણ પરમબ્રહ્મ પરમાત્મા છે ને નિર્મળ સ્વભાવનો પિંડ છે એવા નિજ ચૈતન્યનો મહિમા જેણે અંદર પર્યાયમાં અનુભવ સહિત પ્રગટ કર્યો છે તેને સમ્યગ્દર્શન છે. રાગ, વ્રતાદિ પુણ્ય પરિણામ, તેનાથી બંધાતાં પુણ્ય કર્મ અને તેના ફળપણે મળતી અનુકૂળ સામગ્રીની જેને અંતરમાં રુચિ છે, તેનો મહિમા છે, તેને નિર્વિકલ્પ આનંદકંદ એવા નિજ ચૈતન્ય આત્માનો અંદરથી મહિમા આવતો નથી. જેને વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ કે જે નિજ ચૈતન્યથી પર છે તેનો તથા વ્યવહારરત્નત્રયનો પણ અંતરમાં મહિમા લાગે છે, તેને નિમિત્તના તથા રાગના અભાવસ્વરૂપ આનંદ આદિ ગુણોથી પરિપૂર્ણ એવા પોતાના દ્રવ્યસ્વભાવનો મહિમા ઊગતો નથી. તેને પર્યાયમાં આનંદભાવ આવતો નથી. સમજમાં આવે છે કાંઈ? વિષય સૂક્ષ્મ છે. જેને શુભ રાગ ને શરીરથી માંડીને સમસ્ત પરનો મહિમા, પરમાં કાંઈ પણ આશ્ચર્ય અધિકતા, વિશેષતા, વિસ્મયતા લાગે છે તેને આનંદકંદ નિજ જ્ઞાયકભાવનો મહિમા, આશ્ચર્ય, અધિકતા, વિશેષતા, વિસ્મયતા અને સૌંદર્ય ભાસતું નથી. અહા! એકલા સિદ્ધાન્ત ભર્યા છે.

એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી એટલે, જેને પુણ્યપાપના ભાવનો, પુણ્યનાં ફળરૂપ બહારની અનુકૂળતાનો અને એક સમયની પર્યાયમાં જ્ઞાનના પરલક્ષી ઉઘાડનો મહિમા છે તેને નિજ ચૈતન્યનો મહિમા—સમ્યગ્દર્શન છે નહિ, અને જેને વિકલ્પ ને એક સમયની પર્યાયથી પાર એવા અનાકુળ પૂર્ણ આનંદકંદ ભગવાન આત્માનો અંદરથી મહિમા જાગ્યો છે—સમ્યગ્દર્શન થયું છે તેને રાગ, પર્યાય કે ગુણભેદનો મહિમા હોતો નથી.

આત્મામાં એક 'ભાવભાવ' નામની શક્તિ છે. જે જીવને 'ભાવ' એટલે પોતાનું જે આનંદમય શુદ્ધ જ્ઞાયકતત્ત્વ તેની દૃષ્ટિ થઈ છે તેને દ્રવ્યમાં ને ગુણમાં વિદ્યમાન આનંદનો 'ભાવ' પર્યાયમાં આવે છે. નિજ શાશ્વત પદાર્થનો જેને મહિમા આવ્યો છે તેને અશાશ્વત રાગનો, દયાદાનાદિ વિકલ્પોનો તથા પરવસ્તુનો મહિમા અંદર દૃષ્ટિમાંથી છૂટી ગયો છે. અતીન્દ્રિય આનંદનો નાથ એવા નિજ શાશ્વત ભાવનો જેને મહિમા આવ્યો તેને દ્રવ્ય ને ગુણમાં તો આનંદભાવ છે જ, પણ પર્યાયમાં પણ આનંદભાવ આવે છે. જેને ઈન્દ્રાણી, સુંદર સ્ત્રી વગેરે પરવસ્તુની સુંદરતા લક્ષમાં આવે તેને આત્માની સુંદરતા લક્ષમાં ન આવે.

આત્મા પોતે પરમાત્મા પરમ-બ્રહ્મ જિનસ્વરૂપ છે. જેને પોતાના જિનસ્વરૂપનો મહિમા નથી તે અનાદિનો આબરૂ, કીર્તિ, ફર્નિચર વગરે બહારમાં—પરના મહિમામાં પડ્યો છે. પોતે અંદર પરમાત્મા શી ચીજ છે, તેની તેને ખબર અને કિંમત નથી.

દેહદેવળમાં જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણશોભાયુક્ત ચૈતન્યદેવ બિરાજે છે. અંદર સમ્યગ્દર્શનમાં તેનો જેને મહિમા આવ્યો તેને બહારના ભપકા—સમવસરણ દેખે તોપણ

દૃષ્ટિમાં તેનો મહિમા ન આવે. સમવસરણ એટલે શ્રી જિનેન્દ્રભગવાનની ધર્મસભા, જ્યાં સો ઈન્દ્રો, રાજાઓ વગેરે મનુષ્યો, સિંહ, વાઘ વગેરે પશુઓ ભગવાનની વાણી સાંભળવા આવે છે, સ્ફટિક વગેરે વિવિધ રત્નોથી બનેલા ગઢ હોય છે, વચ્ચે ત્રણ પીઠિકા, તેના પર ગંધકૂટી, રત્નોનું સિંહાસન ને લાખ પાંખડીનું કમળ હોય છે, ત્યાં અદ્ધર ભગવાન બિરાજે છે; પણ એ તો બહારની શોભા છે. અંદર ભગવાન આત્માનો જેને મહિમા આવ્યો તેને બહારની કોઈ ચીજનો મહિમા આવે નહિ. જેને પોતાના ચૈતન્યનો મહિમા આવ્યો તેને નિજ આત્મામાં સુખબુદ્ધિ થઈ, અને રાગ, પુણ્યપરિણામ ને બહારની સર્વ ચીજોમાંથી સુખબુદ્ધિ છૂટી ગઈ.

પ્રશ્ન :—સમવસરણમાં બિરાજે છે તે ભગવાન તો છે ને?

ઉત્તર :—એ ભગવાન તો તારાથી પર છે. તે ભગવાન એમ કહે છે કે—અમારાં દર્શન કરે તો શુભભાવ—બંધન થશે. આ તો વીતરાગ માર્ગ છે ભાઈ! જેને અંદર રાગનો મહિમા છે તેને વીતરાગસ્વરૂપી નિર્વિકલ્પ આનંદકંદના નાથનો મહિમા નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી. આવી વાત છે. પ્રભુ! શું થાય?

બેનની વાણી તો અનુભવના આનંદમાંથી નીકળી છે ને! વાણી નીકળી છે તો વાણીના કારણે. નિમિત્ત છે તો વાણી આત્મામાંથી નીકળી એમ કહેવાય છે. અનાકુળ આનંદનો નાથ એવા જ્ઞાયકપ્રભુમાં દૃષ્ટિ લગાડી અનુભવમાં આનંદનું વેદન આવ્યું ને જે વાણી નીકળી તે નિમિત્ત ને વ્યવહારથી તેની કહેવામાં આવે છે. તે છે તો જડ.

'કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને ચૈતન્યની સમીપતા ન થાય.'

ક્ષણિક વૈરાગ્યથી ચૈતન્યની સમીપતા થતી નથી. અંદર પુણ્યપાપના ભાવથી વિરક્તિ તે વૈરાગ્ય છે. શ્રી સમયસારના પુણ્યપાપ-અધિકારમાં કહ્યું છે :

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,
—એ જિન તણો ઉપદેશ, તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.

'રાગી જીવ અવશ્ય કર્મ બાંધે અને વિરાગી જીવ જ કર્મથી છૂટે' એવું જે આગમનું વચન છે તે, સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે બંધનાં કારણ તરીકે સિદ્ધ કરે છે અને તેથી બન્ને કર્મને નિષેધે છે.

આ સંસાર અસાર છે, અનિત્ય છે, અશરણ છે,—એમ કેટલાક જીવો ક્ષણિક

સ્મશાનવૈરાગ્યથી પોતાને અધિક માને છે, પણ તે ક્ષણિક વૈરાગ્યથી ચૈતન્યની સમીપતા થતી નથી. બાયડી-છોકરાં છોડ્યાં, બ્રહ્મચર્ય લઈ લીધું—એમ કૃત્રિમ વૈરાગ્ય કરવાવાળા જીવને નિજ ભગવાનનું સમીપપણું થતું નથી. જેને અંદરથી રાગનો પ્રેમ છૂટી ગયો છે તે ચૈતન્યની સમીપ થઈ જાય છે. આનંદસ્વરૂપ ભગવાન આત્માની જેને દૃષ્ટિ થઈ નથી, રાગથી વિરક્તતા થઈ નથી તેને આત્માની સમીપતા થતી નથી. રાજપાટ છોડી, હજારો રાણી છોડી, દ્રવ્યલિંગી મુનિ અનંત વાર થયો, ૨૮ મૂળગુણ ચોખ્ખા પાળ્યા, તેના માટે ચોકા કરે—આહાર બનાવે તો, પ્રાણ જાય તોપણ ન લે—એવી ક્રિયા પણ મૂળ વૈરાગ્ય નહિ. તે ક્ષણિક વૈરાગ્ય—સ્મશાનવૈરાગ્ય શાશ્વત ચૈતન્યની સમીપતા નહિ લાવે.

'પણ ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય, ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે.'

વીતરાગસ્વરૂપ નિજ શાશ્વત ચૈતન્યપદાર્થના મહિમાથી સમ્યગ્દૃષ્ટિ થઈ જેને સમસ્ત વિભાવનો રસ અંદરથી તૂટી જાય તે, ભગવાન જ્ઞાયક આત્માની સમીપ આવે છે. અહા! આમાં આ ભાવો ભર્યા છે, આ કોઈ સાધારણ ચોપડી નથી.

જેને નિજ જ્ઞાયક પ્રભુનો અંદરથી પ્રેમ જાગ્યો તેને વિકારી ભાવોનો પ્રેમ રહી શકે જ નહિ. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે શુભ ભાવોનો પણ મહિમા છૂટી જાય. તે ભાવ ધર્મ નથી, શુભભાવરૂપ અધર્મ છે, તેનાથી જે પ્રકૃતિ બંધાય તે ઝેરનું ઝાડ છે. સમયસારમાં કહ્યું છે.

विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।
संचेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानम् ॥२३०॥

સમસ્ત કર્મફળની સંન્યાસભાવના કરનાર કહે છે કે—કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ; હું મારા ચૈતન્યસ્વરૂપ આત્માને નિશ્ચળપણે સંચેતું છું—અનુભવું છું.

જે પુરુષ કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને, તેનો સ્વામી થઈને, ભોગવતો નથી અને ખરેખર નિજ આત્મસ્વરૂપથી જ તૃપ્ત છે તે પુરુષ, પૂર્વે સંસાર-અવસ્થામાં કદી થઈ નહોતી એવી કોઈ જુદા પ્રકારની કર્મરહિત સ્વાધીન સુખમય દશાને પામે છે. ૧૪૮ કર્મપ્રકૃતિ ઝેરનાં ઝાડ છે, તેમાં તીર્થંકર નામકર્મપ્રકૃતિ પણ આવી ગઈ.

પ્રશ્ન :—તીર્થંકર નામકર્મની પ્રકૃતિ પણ ઝેરનું ઝાડ છે?

ઉત્તર :—હા. બધાંય કર્મ ઝેરનાં ઝાડ છે. ભગવાન આત્મા નિજ ચૈતન્ય જ્ઞાયકદેવ તે અમૃતનું કલ્પવૃક્ષ છે. અંદરમાં એની જેટલી એકાગ્રતા કરે તેટલું એની પર્યાયમાં આનંદામૃત ઝરે. સ્વતત્ત્વની એવી અદ્‌ભુતતા અંદરથી ભાસે તેને શુભાશુભ સમસ્ત વિભાવોનો મહિમા છૂટી જાય છે. ભાઈ! શબ્દો થોડા પણ ભાવ ઘણા અપૂર્વ.

અંતરમાં ચૈતન્યની કોઈ અદ્‌ભુત અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા સઘળોય છૂટી જાય છે. સમ્યગ્દૃષ્ટિને, ભલે ચક્રવર્તીપદમાં હો, અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો સ્વાદ આવ્યો છે; તેને 'આ ભગવાન પરમાત્મા તો અંદર ચૈતન્યના હીરાથી ભરેલો છે, અનંત અનંત ચૈતન્યહીરાનો મોટો રત્નાકર છે' એમ અંદર મહિમા આવ્યો છે, તેથી તેને બહાર સંસારનો મહિમા છૂટી ગયો છે . જે ચૈતન્યથી દૂર ને દૂર વર્તે છે તેને સંસારનો મહિમા છે , રાગનો મહિમા છે. પોતાના જ્ઞાયકસ્વભાવના મહિમા દ્વારા વિભાવનો મહિમા અંદરથી નિર્મૂળ થાય છે, આત્મા નિજ ચૈતન્યની સમીપ જાય છે.

'ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે; તેની ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો.'

અહા! ચૈતન્ય એ કોઈ અપૂર્વ વસ્તુ છે.

પ્રશ્ન :—અપૂર્વ વસ્તુ!.......એ શું છે?

ઉત્તર :—ભાઈ! ચૈતન્યતત્ત્વ જ્ઞાન આનંદ આદિ અનંત ગુણરત્નોનો અદ્‌ભુત ખજાનો છે. એની તો શી વાત થાય! વાણી કેટલું કામ કરે બાપુ! વાણી તો જડ છે, તેને ખબર નથી કે આ મહિમાવંત પદાર્થ કોણ છે. શું ભગવાનની વાણીને ખબર છે કે આ આત્મા કેવો છે? વાણીથી પાર એવા નિજ ચૈતન્યપ્રભુની, અંદરથી અપૂર્વ મહિમા લાવીને, ઓળખાણ કરવી જોઈએ. જન્મમરણ રહિત થવા માટે કરવાનું તો આ છે. અંદર ઓળખાણ કરી ચૈતન્યનો મહિમા લાવે તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય અને જન્મમરણનો અંત આવે—એમ ભગવાન કહે છે તે જ આ વાણી છે. સમજાણું કાંઈ?

જ્ઞાયક આત્મા કોઈ અપૂર્વ ચીજ છે; તેને કોઈ દૃષ્ટાંત કે ઉપમા લાગુ પડે નહિ, માટે તે અતુલ ને નિરુપમ છે. ભગવાન આત્મા અંદર નિર્લેપ ને નિરાવરણ, અલ્પજ્ઞાતા ને અશુદ્ધતા રહિત, સર્વજ્ઞતા ને શુદ્ધતાથી ભરેલો મહાપ્રભુ છે. તેને કોની ઉપમા દેવાય ? બહુ તો કહેવાય કે સિદ્ધ જેવો . એ જ્ઞાયક પ્રભુની ઓળખાણ કરી તેનો મહિમા લાવવો જોઈએ. આવી વાત છે પ્રભુ! શું થાય? વાદવિવાદે માણસને મારી નાખ્યા. અંદર ઓળખાણ કરી મહિમા લાવે કે—આ જ્ઞાયક ચીજ કોઈ અલૌકિક અદ્‌ભુત અપૂર્વ વસ્તુ છે તો વિભાવ ને સંસારનો મહિમા છૂટી જાય અને નિજ જ્ઞાયક ચૈતન્યની સમીપતા થાય. ભાઈ! આ તો અપૂર્વ વાતો છે.

## વચનામૃત—૧૭૨

**જેમ કોઈ રાજમહેલને પામી પાછો બહાર આવે તો ખેદ થાય, તેમ સુખધામ આત્માને પામી બહાર આવી જવાય તો ખેદ થાય છે. શાન્તિ અને આનંદનું સ્થાન આત્મા જ છે, તેમાં દુઃખ અને મલિનતા નથી —એવી દૃષ્ટિ તો જ્ઞાનીને નિરંતર રહે છે. ૧૭૨.**

'જેમ કોઈ રાજમહેલને પામી પાછો બહાર આવે તો ખેદ થાય, તેમ સુખધામ આત્માને પામી બહાર આવી જવાય તો ખેદ થાય છે.'

જેમ કોઈને બધા પ્રકારની સુખસુવિધાથી ભરેલો અબજો રૂપિયાની કિંમતનો રાજમહેલ મળે અને તેને તેમાંથી બહાર નીકળવામાં ખેદ થાય છે, દુઃખ થાય છે, તેમ અતીન્દ્રિય સુખધામ એવા નિજ જ્ઞાયક પ્રભુને પામીને વિકલ્પમાં આવતાં સાધકજીવને ખેદ થાય છે, દુઃખ થાય છે. શ્રીમદ્ કહે છે :—

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.

સ્વયંજ્યોતિ સુખધામ, અતીન્દ્રિય આનંદનો વજ્રસ્તંભ, અતીન્દ્રિય ચૈતન્યઘનને પામીને બહાર શુભરાગમાં આવી જવાય તે ખેદ છે, દુઃખ છે. આવી વસ્તુસ્થિતિ છે!

પ્રશ્ન :—પૂજા-ભક્તિ ને વ્રત-તપ વગેરે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે ને?

ઉત્તર :—ભાઈ! ભગવાન તો એમ કહે છે કે જેણે નિશ્ચય એટલે આનંદસ્વરૂપ આત્માનો મહેલ જોયો તેને જે વ્યવહારના વિકલ્પમાં બહાર આવી જવાય છે તેનાથી તેને ખેદ થાય છે, દુઃખ થાય છે. વિકલ્પમાં આવતાં ધર્મીને એવું લાગે છે કે આ આનંદના ધામમાંથી બહાર નીકળીને અમે પરદેશમાં—વિભાવમાં ક્યાં આવી ચડ્યા? ધર્મીએ ચૈતન્યનો—આનંદધામ જ્ઞાયકપ્રભુનો—મહેલ જોયો, અનુભવ્યો છે, તેમાંથી બહાર નીકળી પૂજા, દાન, દયા વગેરેનો વિકલ્પ આવે તોય તેને એવું લાગે કે અરેરે! અમારો દેશ છોડી અમે પરદેશમાં ક્યાં આવી ચડ્યા? 'હમ પરદેશી પંછી સાધુ, આ રે દેશકે નાહિ.' પરદેશી એટલે રાગના દેશથી પર—ભિન્ન અમારો દેશ છે, ત્યાંના અમે વતની છીએ; રાગ અમારું વતન નથી. રાગથી ભિન્ન જ્ઞાયકનો અનુભવ એ અમારું વતન છે. અમારે શીઘ્ર ત્યાં જઈને વસવું છે.

પ્રશ્ન :—વ્રત-તપ વગેરે વ્યવહાર આવે તો છે ને?

ઉત્તર :—આમ કહીને વ્યવહારથી નિશ્ચય થાય એમ તારે માનવું છે ને ભાઈ? વ્યવહારની ક્રિયા અનંત વાર કરી. નવમી ગ્રૈવેયકે જાય એવી ક્રિયા પણ અનંત વાર કરી. પણ ભાઈ! રાગની ક્રિયાથી આત્મા પ્રાપ્ત થાય? વ્રત, તપ, ભક્તિ વગેરે રાગની ક્રિયા લાખ કરે, હજારો વર્ષ સુધી વાણી સાંભળે, તોપણ ન થાય, પણ અંદર શુદ્ધ ચૈતન્યનો સ્પર્શ કરે—અનુભવ કરે તો આત્મા પ્રાપ્ત થાય. અહા! આકરી વાત બહુ!

દેવાધિદેવ ભગવાન આત્માને પોતાના અનુભવ માટે પરની—રાંકાની કાંઈ જરૂર નથી. પરપદાર્થ મારા માટે રાંકો છે—અકિંચિત્કર છે. જેમ આત્મા પોતાની અપેક્ષાએ 'દ્રવ્ય' કહેવામાં આવે છે તેમ તે, અન્ય પદાર્થ—ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ—ની અપેક્ષાએ 'અદ્રવ્ય' છે. એ રીતે આત્મા પોતે જ કથંચિત્ 'દ્રવ્ય' ને કથંચિત્ 'અદ્રવ્ય' છે. પોતે પરની અપેક્ષાએ 'અદ્રવ્ય' એટલે 'અ-પરદ્રવ્ય' છે તો તેને દેવ-ગુરુ વગેરે પરદ્રવ્ય શી મદદ કરી શકે? સમયસાર-કલશની ટીકામાં તો (કલશ ૨૫૨) એવું કહ્યું છે કે—'સ્વદ્રવ્ય' એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ, 'પરદ્રવ્ય' એટલે સવિકલ્પ ભેદ-કલ્પના; 'સ્વક્ષેત્ર' એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ, 'પરક્ષેત્ર' એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે; 'સ્વકાળ' એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા, 'પરકાળ' એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા તે જ અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પનાથી 'પરકાળ' કહેવાય છે; 'સ્વભાવ' એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ, 'પરભાવ' એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના, તેને 'પરભાવ' કહેવાય છે. અહા! અવસ્થાન્તર-ભેદરૂપ પોતાની એક સમયની પર્યાયને 'પરકાળ' કહી દીધો, તો પરદ્રવ્યની પર્યાય ક્યાંય દૂર રહી ગઈ. બાપુ! આ મારગડા જુદા છે. આ તો ધીરાનાં કામ છે. જેને પૂર્વના આગ્રહ હોય તેને આ વાત બેસવી કઠણ પડે. તેને ચૈતન્યનો વિચાર ને સ્વાદ ક્યાંથી પ્રાપ્ત થાય?

વસ્તુ વિચારત ધ્યાવતૈં, મન પાવૈ વિશ્રામ;
રસ સ્વાદત સુખ ઊપજૈ, અનુભવ યાકૌ નામ.

જેને અંદરમાં ચૈતન્યનો મહિમા આવ્યો તેને જગતનો મહિમા છૂટી ગયો. બહારનો વૈભવ તો ધૂળ છે, એ ચૈતન્યનો વૈભવ છે જ નહિ. ભગવાન કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે કે—'મારા આત્માના નિજવૈભવથી હું આ એકત્વવિભક્ત આત્માને દેખાડીશ. દેખાડું તો તું સ્વાનુભવ પ્રત્યક્ષથી તેને પ્રમાણ કરજે.' અહા પ્રભુ! આ પંચમ આરાનો પ્રાણી આપના કહેતાં વેંત જ પ્રમાણભૂત કરી લે? એટલી બધી જોરદાર આપની વાત? ભાઈ! આત્માને

કાળ ક્યાં લાગુ પડે છે? પંચમ આરો ને ચોથો આરો આત્મામાં છે? નરકના ક્ષેત્રમાં જેમ સુખની ગંધ નથી, તેમ ભગવાન ચૈતન્યદેવના ક્ષેત્રમાં આરો કે શુભાશુભ વિભાવની ગંધ નથી, એ તો એકલું સુખનું ધામ છે. શ્રીમદે કહ્યું છે :

સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્ર રહે તદ્ ધ્યાન મહીં;
પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.

પ્રશ્ન :—પ્રથમ વ્યવહારના વિકલ્પમાં આવે, પછી આનંદમાં જઈ શકે ને?

ઉત્તર :—ભાઈ! જેને વ્યવહારનો રસ છે તેણે પરમાર્થતત્ત્વની અચિંત્યતા, અપૂર્વતા ને અગાધતા ગુરુગમે સાંભળી નથી. જેને અંદરથી અનંત શક્તિઓનો સાગર એવા અપૂર્વ, અગાધ ને અચિંત્ય નિજ પરમાત્મતત્ત્વનો મહિમા આવ્યો છે, તેને તેમાંથી બહાર નીકળતાં—વ્રતાદિ વ્યવહારના શુભ વિકલ્પમાં આવતાં—દુઃખ થાય છે. દુઃખના ભાવથી આનંદમાં જઈ શકાય? અજ્ઞાનીને વ્યવહાર આવતાં ઠીક પડે છે. જ્ઞાનીને વ્યવહારના વિકલ્પ આવે, આવ્યા વિના રહે નહિ, પરંતુ તેને તે બહારના ભાવો દુઃખરૂપ લાગે.

‘શાન્તિ અને આનંદનું સ્થાન આત્મા જ છે, તેમાં દુઃખ અને મલિનતા નથી—એવી દૃષ્ટિ તો જ્ઞાનીને નિરંતર રહે છે.’

અહા! અપૂર્વ આનંદ ને અપૂર્વ શાન્તિવાળા અમાપ જ્ઞાયકસ્વભાવને જેણે જાણ્યો અને અનુભવ્યો તેને તેમાંથી બહાર આવતાં દુઃખ લાગે. સમકિતી જ્ઞાની પણ વિષયવાસનાના વિકલ્પમાં આવે, પણ જાણે મોટો ઉપસર્ગ પડ્યો હોય, દુઃખ પડયું હોય એવું લાગે. તે વિકલ્પ વખતે પણ તેની દૃષ્ટિ સ્વભાવ ઉપર જ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની રમતનો ખેલાડી છે. જેણે તે ખેલની રમતો અનુભવી છે તેને તેમાંથી બહાર નીકળવું દુઃખ લાગે છે.

શાંતિ અને આનંદનું ધામ આત્મા જ છે. શાંતિ તે ચારિત્રની અપેક્ષાએ છે, અને આનંદ તે સુખગુણ—અનાકુળ આહ્‌લાદ—ની અપેક્ષાએ છે. જેને રાગના રસનો પ્રેમ છે તેણે પોતાના અનંત અનંત ગુણના નિધાનને તાળાં માર્યાં છે. જ્ઞાયકના અભ્યાસરૂપ કૂંચી વડે રાગની એકતાનાં તાળાં ખોલતાં અંદર જ્ઞાન, શાંતિ, આનંદ વગેરે નિજવૈભવનો અનુભવ થાય. આત્મામાં શાંતિ અને આનંદ અમાપ છે. તેમાં દુઃખ અને મલિનતા નથી, તે તો માત્ર એક સમયની પર્યાયમાં છે, વસ્તુના મૂળ સ્વભાવમાં નથી.

પ્રશ્ન :—આ શું? દુઃખ પર્યાયમાં છે ને વસ્તુમાં નથી?

ઉત્તર :—ભાઈ, દુઃખ અને મલિનતા છે તો આત્માનો જ વર્તમાન પર્યાય-અંશ.

દુઃખ અને મલિનતા વસ્તુમાં જ છે, પણ પર્યાય-અપેક્ષાએ; ત્રિકાળી ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ જોતાં તે વિભાવ વસ્તુમાં નથી. અહા! આવો માર્ગ છે ભાઈ! શું થાય? અરે! સર્વજ્ઞ પરમાત્માના આ ભરતમાં વિરહ પડ્યા પરંતુ તેમણે કહેલી આ વાત રહી ગઈ, જે, લોકોને—બહારના રસિયાઓને, વ્યવહારના ને નિમિત્તના પ્રેમીઓને—સમજવી કઠણ પડે છે.

શાંતિ અને આનંદનું સ્થાન આત્મા છે. તેમાં દુઃખ ને મલિનતા નથી—એવી દૃષ્ટિ તો જ્ઞાનીને નિરંતર રહે છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ધ્રુવ સ્વભાવ પર કાયમ રહે છે. અહા! સમ્યગ્દર્શન શી ચીજ છે તેની લોકોને ખબર નથી; માને છે કે—દેવ-શાસ્ત્ર-ગુરુની તથા નવ તત્ત્વની શ્રદ્ધા કરો, થઈ ગયું સમ્યગ્દર્શન અને પછી વ્રત-તપ કરો. પણ અંદરની દૃષ્ટિ તથા અનુભવ વિના એ બધું થોથે થોથાં છે. જ્ઞાનીની દૃષ્ટિ તો સુખધામ આત્મામાં છે; તેને શાંતિ અને આનંદનું પરમધામ મળી ગયું છે. સમજમાં આવ્યું?

સહજ ચિદાનંદ.

તા. ૨૬-૮-૭૨

બેનનો આત્મા તો મંગળમય છે, ધર્મરતન છે. હિન્દુસ્તાનમાં બેન જેવાં અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રત્ન છે. બાઈઓનાં તો મહાભાગ્ય છે કે આવું રત્ન મળ્યું છે.

—*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન-૬૩

તા. ૧૩-૮-૭૮

## વચનામૃત—૧૭૩

**આંખમાં કણું ન સમાય, તેમ વિભાવનો અંશ હોય ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા ન થાય. અલ્પ સંજ્વલનકષાય પણ છે ત્યાં સુધી વીતરાગતા અને કેવળજ્ઞાન ન થાય. ૧૭૩.**

'આંખમાં કણું ન સમાય, તેમ વિભાવનો અંશ હોય ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા ન થાય.'

શું કહે છે? જેમ આંખમાં એક નાની રાઈ જેવડો કણ પડયો હોય તો ખટક ખટક થાય, તેમ આત્મામાં પૂજા, ભક્તિ કે વ્રતાદિરૂપ વિભાવના અંશની પણ રુચિ હોય ત્યાં સુધી તેને અન્તરસન્મુખ સમ્યગ્દર્શન ન થાય. ચિદાનંદસ્વરૂપ નિજ જ્ઞાયક પ્રભુનો અંદર આદર, આશ્રય અને અનુભવ નથી અને વિભાવના એક અંશનો પણ અંદર પ્રેમ ને આશ્રય છે તેને સમ્યગ્દર્શન નહિ થઈ શકે.

પ્રશ્ન :—આ શું? લોકો તો એમ કહે છે કે નિશ્ચયની સાથે વ્યવહાર જોઈએ, અને સાથે વ્યવહારની ક્રિયા હોય તો જ નિશ્ચય બરાબર છે!

ઉત્તર :—જેને તે વાત બરાબર લાગે છે તેને વ્યવહારની હોંશ અને વિભાવનો ઉત્સાહ છે. સમયસારની ૧૪૩મી ગાથાની ટીકામાં કહ્યું છે : જેમ કેવળી ભગવાન, વિશ્વના જ્ઞાતા હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અંગભૂત વ્યવહારનિશ્ચયનયોના સ્વરૂપને જ કેવળ જાણે છે, પણ સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી; તેમ શ્રુતજ્ઞાની સાધક આત્મા, શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, વ્યવહારનિશ્ચયનયોના સ્વરૂપને જ કેવળ જાણે છે, પણ અનુભવ વખતે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ

નયપક્ષને ગ્રહતો નથી. કેવળી ભગવાન બે નયના સાક્ષી છે. તેમને નય નથી એનો અર્થ તે સાક્ષી છે.

સમયસારની ૧૨મી ગાથાનો અર્થ લોકો ખોટો કરે છે. ત્યાં તો એમ કહેવું છે કે—પરમભાવના દેખનારાઓને તો શુદ્ધ આત્માનો ઉપદેશ કરનાર શુદ્ધનય જાણવાયોગ્ય છે; અને જે જીવો અપરમભાવે સ્થિત છે તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે. આનો ભાવ નહિ સમજવાથી તેઓ કહે છે કે—કેવળીને નય નથી. સાતમે વગેરે ગુણસ્થાને શુદ્ધનય છે; ત્યાં તે જાણેલો પ્રયોજનવાન છે. જ્યાં સુધી શુદ્ધનય નથી ત્યાં સુધી એકલો વ્યવહારનય છે એટલે કે ચોથે, પાંચમે ને છઠ્ઠે ગુણસ્થાને તો એકલો વ્યવહાર છે. આવો વિપરીત અર્થ કરે છે. ઘણી વિચિત્રતા! એનો એવો અર્થ છે નહિ.

અંદર રાગના કણની પણ રુચિ છૂટી જાય, ભલે તે શુભરાગ હો કે વ્યવહાર-રત્નત્રયનો વિકલ્પ હો. તેનું અવલંબન અને રુચિ છૂટી અંદર અનુભવમાં જાય છે ત્યાં—ચોથે ગુણસ્થાને પણ—નયપક્ષનો રાગ રહેતો નથી. ઉપયોગ બહાર આવતાં તેને નયપક્ષના વિકલ્પો આવે છે ખરા, પણ તે વિકલ્પોને પકડવાનો ઉત્સાહ નિવૃત્ત થઈ ગયો હોવાથી, ભૂમિકા અનુસાર ઊઠતો વિકલ્પરૂપ વ્યવહાર તેને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. જ્ઞાની સમ્યગ્દૃષ્ટિને દયા, દાન, પૂજા, ભક્તિ વગેરે શુભ ભાવ આવે, પણ અંતરદૃષ્ટિમાં તેના પ્રત્યેનો ઉત્સાહ નિવૃત્ત થઈ ગયો છે; અનુભવકાળે તો વિકલ્પ છે જ નહિ. તેને શુદ્ધનયનો—દૃષ્ટિના વિષયભૂત નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનો—આશ્રય તો નિરંતર હોય છે, પણ ભૂમિકા પ્રમાણે જે શુભરાગ આવે તે, તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. અહા! બહુ ઝીણી વાત.

વીતરાગ જિન પરમેશ્વરનો પંથ કોઈ અલૌકિક ચીજ છે! આંખમાં કણું ન સમાય, તેમ આનંદકંદ ચૈતન્યસ્વરૂપના અનુભવમાં—સમ્યગ્દર્શન થવામાં—રાગનો કણ પણ મદદગાર ન થાય. રાગનો કણ પણ ત્યાં ખટકે છે. અહીં તો વિશેષ વાત કરવી છે. આંખમાં કણું ન સમાય તેમ પર્યાયમાં વિભાવનો અંશ હોય ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા થતી નથી. વ્યવહારરત્નત્રયરૂપ વિભાવનો અંશ હોય ત્યાં સુધી કેવળજ્ઞાન ને પૂર્ણાનંદની દશા પ્રાપ્ત થતી નથી.

જ્ઞાનીને વ્યવહાર—વ્રત, તપ વગેરેના શુભ પરિણામ આવે છે, તે ભાવે પોતે પરિણમે છે માટે 'કર્તા' પણ કહેવામાં આવે છે; પરંતુ તે ભાવ 'કરવાલાયક છે' એવી બુદ્ધિ તેને હોતી નથી. વ્યવહાર—શુભ રાગ 'મારું કર્તવ્ય છે' એવી બુદ્ધિ જ્ઞાનીને છૂટી ગઈ છે. 'હું શુદ્ધ છું, પરિપૂર્ણ છું, અબદ્ધ છું' એવો વિકલ્પ પણ છૂટી જાય ત્યારે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય છે.

ચિદાનંદ ભગવાન આત્માની જે નિર્વિકલ્પ અનુભૂતિ—સ્વભાવને અનુસરીને આનંદની દશા—થાય છે તેમાં વિકલ્પનો અંશ પણ મદદગાર નથી. વિકલ્પના એક પણ અંશની રુચિ રહે ત્યાં સુધી સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ થતી નથી. જ્ઞાનીને રાગ છે ખરો, પણ તેની રુચિ કે ઉત્સાહ નથી, અંશ પણ રાગ રહે ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા પ્રાપ્ત થતી નથી. અહાહા! આઠ આઠ વર્ષનાં બાળકો પણ સમ્યગ્દર્શન પામી, સંયમ લઈને કેવળજ્ઞાન પામે. પ્રભુ! આત્મામાં એટલી તાકાત છે કે એને ઉંમરની જરૂર નથી. ભગવાન અંદર શાશ્વત ચીજ છે ને! તેને દૃષ્ટિમાં લઈ અનુભવ થાય છે, સ્વરૂપમાં વિશેષ સ્થિર થતાં કેવળજ્ઞાન થાય છે. રાગમાં અંશ પણ રુચિ રહે ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન થયા પછી પણ જ્યાં સુધી રાગનો—આસક્તિનો અંશ પણ રહે ત્યાં સુધી પૂર્ણતા અર્થાત્ કેવળજ્ઞાન થતું નથી. અહા! વીતરાગ પ્રભુનો આવો માર્ગ છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થવાના એક સમય પહેલાં દુઃખનો અનુભવ છે કે સુખનો?

ઉત્તર :—હજી વિકલ્પ છે ને? વિકલ્પ તોડી અંદર જાય તો આનંદનો અનુભવ થાય છે. અરે! ‘હું શુદ્ધ છું, અબદ્ધ છું, મુક્તસ્વરૂપ છું, ચિદાનંદમય શાશ્વત અસ્તિતત્ત્વ છું’ એવો વિકલ્પ પણ દુઃખરૂપ છે.

શ્રી સમયસારમાં આવે છે ને કે—વ્યવહારને તો અમે પ્રથમથી જ ગૌણ કરતા આવ્યા છીએ; હવે અહીં, જીવવસ્તુ અબદ્ધ, ચૈતન્યઘન, અખંડાનંદ, અમેય, શાશ્વત છે—એમ શુદ્ધનયનો પણ જે પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ શુદ્ધસ્વરૂપના સ્વાદને—સમ્યગ્દર્શનને નહિ પામે. ‘અહા! આ આત્મા શુદ્ધ છે!’ એવો વિકલ્પ આવે તે પણ દુઃખ છે. રાગ ને વિકલ્પથી જુદો પડીને સહજ જ્ઞાયક સ્વભાવનો મહિમા આવે ત્યારે સમ્યગ્દર્શન ને સુખ છે. અહા! ઝીણી વાત, પણ ચીજ અદ્‌ભુત છે! સમ્યગ્દૃષ્ટિને સ્વાનુભવ થયા પછી પણ વિકલ્પ તો આવે છે પણ તેને ‘તે મારી ચીજ છે’ એવો ઉત્સાહ નિવૃત્ત થઈ ગયો છે, તે માત્ર તેનો જ્ઞાતા—જાણવાવાળો થઈ ગયો છે. અહા! આ તો વીરનો પંથ છે, એમાં કાયરનાં કામ નથી.

લોકોને વ્યવહારની વાતો કહો તો ઠીક પડે, તેમાં ખુશી થાય; પણ ભાઈ! ગુણગુણીનો ભેદ સુદ્ધાં રાગ ને વ્યવહાર છે. રાગથી આત્માને ધર્મનો લાભ થાય? પરમાત્મપ્રકાશમાં સવિકલ્પ ને નિર્વિકલ્પ—એમ નિશ્ચયનયના બે ભેદ લીધા છે. ‘હું એક, શુદ્ધ પૂર્ણાનંદમય છું’—એવો વિકલ્પ તે સવિકલ્પ નિશ્ચયનય છે, સાસ્રવ છે; અને અંદર ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો આશ્રય થયો તે નિર્વિકલ્પ નિશ્ચયનય છે, નિરાસ્રવ અને સંવરભાવ છે. અહા! વસ્તુસ્વરૂપ આવું છે, વાદવિવાદે પાર ન પડે.

આત્મામાં રાગનો અંશ પણ નથી એવો અનુભવ થયા પછી પણ અવસ્થામાં રાગનો અંશ રહે ત્યાં સુધી વીતરાગતા—પૂર્ણતા પ્રાપ્ત થતી નથી. રાગનો સંપૂર્ણ અભાવ કરે તો પૂર્ણતાની પ્રાપ્તિ થાય.

**'અલ્પ સંજ્વલનકષાય પણ છે ત્યાં સુધી વીતરાગતા અને કેવળજ્ઞાન ન થાય.'**

ચોથી કષાયચોકડીનો અંશ પણ નુકસાનકર્તા છે, પંચમહાવ્રત વગેરેનો બુદ્ધિપૂર્વક વિકલ્પ પણ નુકસાનકર્તા છે. તે કષાયાંશ જીવને શુદ્ધિમાં આગળ વધવા દેતો નથી. અંદર ધ્યાનમાં જામ્યા પછી પણ જ્યાં સુધી અબુદ્ધિપૂર્વક રાગ આવે ત્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત થતી નથી. અહા! વીતરાગનો માર્ગ આવો છે. બાકી કોઈ ગરબડ કરે તો તે તેના ઘરની. જ્ઞાનીને પણ રાગ આવે, પણ હેયબુદ્ધિએ.

સહજ જ્ઞાન ને સહજ આનંદ વગેરે વીતરાગ સ્વભાવથી ભરપૂર જ્ઞાયક ચીજને વિકલ્પનો સહારો—મદદ માને તો સમ્યગ્દર્શન થતું નથી. ત્યાર પછી પણ વિકલ્પનો સહારો હોય તો કેવળજ્ઞાન થતું નથી. વસ્તુ આવી છે. જ્ઞાનમાં પ્રથમ આવો નિર્ણય કરવો પડશે. જો નિર્ધારમાં ફેર હશે તો અંદર જઈ શકશે નહિ. રાગના કણનો ઊંડે ઊંડે પ્રેમ ને રસ રહેશે તો ચૈતન્યના ઘરમાં ઘૂસી નહિ શકે. ત્યાં સુધી વીતરાગતા અને કેવળજ્ઞાન થશે નહિ.

વચનામૃત પુસ્તકની પ્રશંસા બહુ આવી છે. હિન્દી 'આત્મધર્મ'માં કેટલાકે લખ્યું છે : 'પુસ્તક બહુ સરસ.....બહુ સરસ; ભાઈ! આગ્રહ છોડી દઈ, જરા શાંતિથી 'સત્ય શી ચીજ છે' તે જ્ઞાન કરે તો પત્તો લાગી જાય કે—આ વાત જ સત્ય છે.'

પ્રશ્ન :—વ્યવહાર આવે તો છે ને?

ઉત્તર :—ભાઈ! વ્યવહાર આવે છે, પણ વ્યવહારકથનના શબ્દાર્થ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ માનવું તે અસત્ય છે. સમયસારની ૭મી ગાથાની ટીકામાં આચાર્યદેવે નિકટવર્તી શિષ્યને 'આત્મા' કહ્યો, પણ તે તેનો અર્થ ન સમજ્યો; ત્યારે આચાર્યદેવ, નિશ્ચયસાપેક્ષ વ્યવહારમાં આવી, તેનો અર્થ બતાવે છે કે 'દર્શન, જ્ઞાન, ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા'; તેના ઉપરથી શિષ્ય પરમાર્થ અભેદ જ્ઞાયક આત્માને સમજી લે તો તેને તે વ્યવહારકથન સમજવામાં નિમિત્ત થયું કહેવાય. અહા! દિગંબર સંતોની વાણી! એની સાથે અન્ય કોઈનો મેળ ખાય એમ નથી.

અહા! સહજ જ્ઞાયક નિજ તત્ત્વને સમજવાનો, નિર્ણય ને અનુભવ કરવાનો મોખ

મનુષ્યપણામાં મળ્યો. જેમ ચિંતામણિની પ્રાપ્તિ દુર્લભ છે તેમ નિગોદમાંથી નીકળી ત્રસપર્યાયની પ્રાપ્તિ પણ અત્યંત દુર્લભ છે. એક શરીરમાં અનંત જીવ, તેમના જ્ઞાનનો ઉઘાડ અક્ષરના અનંતમા ભાગે, તેમનાં દુઃખો તે સ્વયં વેદે અને માત્ર કેવળી જાણે, એક શ્વાસપ્રમાણ કાળમાં અઢાર વાર જન્મમરણ કરે—આમ જીવો અનંત અનંત કાળ સુધી નિગોદના ભવમાં જન્મમરણનાં દુઃખ ભોગવે છે. ત્યાંથી કોઈ જીવ બહાર નીકળી ચિંતામણિતુલ્ય દુર્લભ ત્રસપર્યાય પામે છે. ભાઈ! તને મનુષ્યપણું મળ્યું તેની તને કિંમત નથી! મનુષ્યપણું વિષય ને ભોગ માટે નથી, વ્યાપારધંધા ને પાપ માટે નથી.

પ્રશ્ન :—મનુષ્ય કોને કહેવાય?

ઉત્તર :—**मनुते, जानाति, ज्ञायते अनेन इति वा मनुष्यः।** સ્વ-પરના વિવેકપૂર્વક જે જાણે તે મનુષ્ય છે, બાકી બધા પશુ છે. **मनुष्यरूपेण मृगाश्चरन्ति।** અંદર પૂર્ણાનંદ ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાયક છે તેના ભાન વિના નર પશુ તુલ્ય છે. જેનો અંત—છેડો નથી એવા અનંત ગુણથી ભરપૂર આ ચીજ શી છે! અહા પ્રભુ! આવી ચીજ પ્રાપ્ત કરવાની છે. જેને રાગના કણનો પણ પ્રેમ છૂટી જાય છે તેને તો આ અપૂર્વ ચીજનો અનુભવ થશે જ; પણ એને પણ જ્યાં સુધી અબુદ્ધિપૂર્વકના રાગનો પણ કણ રહે ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટ થશે નહિ. વ્યવહાર આવે, રાગ આવે, પરંતુ તે ઠીક છે, મદદગાર છે, એમ જેની માન્યતા છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, તેને નિજ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થઈ નથી.

સહજ ચિદાનંદ

## વચનામૃત—૧૭૪

**‘હું છું ચૈતન્ય.’ જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભાં ઊભાં બહારની ચીજો, ધમાલ જોતાં અશાન્તિ રહે છે; પરંતુ જેને ઘર મળી ગયું છે તેને ઘરમાં રહ્યાં રહ્યાં બહારની ચીજો, ધમાલ જોતાં શાન્તિ રહે છે; તેમ જેને ચૈતન્યઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે, તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાન્તિ રહે છે. ૧૭૪.**

“‘હું છું ચૈતન્ય.’ જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભાં ઊભાં બહારની ચીજો, ધમાલ જોતાં અશાન્તિ રહે છે;”

આ તો માખણ છે—એકલું તત્ત્વનું. ‘હું ચૈતન્ય જ્ઞાયક છું’ : એવું જ્યાં પોતાનું

નિજ ઘર મળ્યું, પોતાનું ત્રિકાળી ધ્રુવ નિર્મળ વતન મળ્યું તેને અંદરથી સદા શાન્તિ રહે છે. પરંતુ જેને પોતાનું જ્ઞાયકઘર, પોતાનું આનંદસ્થાન મળ્યું નથી એવા જીવને અંદર નિરંતર અશાન્તિ ને દુઃખ રહ્યા કરે છે. જેમ કોઈ માણસને રહેવાનું ઘર ન મળ્યું હોય તો તેને બહાર રસ્તામાં ટાઢ-તડકે બહારની ચીજો, ધમાલ વગેરે જોતાં અશાંતિ લાગે છે; પરંતુ જેને રહેવા માટે સારું મજબૂત ઘર મળી ગયું છે તેને ઘરમાં રહ્યાં રહ્યાં બારી, રવેશ કે દરવાજામાંથી બહારની ચીજો, ધમાલ વગેરે જોતાં શાન્તિ રહે છે; તેમ જેને નિજ ઘર, જે ચૈતન્ય જ્ઞાયકવસ્તુ, આનંદામૃતથી ભરપૂર ચૈતન્યનિધાન તે, મળી ગયું, તેને ચૈતન્યઘરમાં રહ્યાં રહ્યાં બહારની શુભાશુભ ભાવરૂપ ધમાલ જોતાં શાન્તિ લાગે છે.

હોળીના દિવસે બહાર નીકળે તો રંગ છાંટે, પણ ઘરની બહાર જ ન નીકળે તો કોણ રંગ છાંટે? ઘરમાં રહે, બારણાં બંધ કરીને બેસે, પછી હરકત નહિ; તેમ જે નિજ જ્ઞાયકઘરમાં રહે તેને બહારની ચીજો, ધમાલ વગેરે જોતાં અંદર શાન્તિ રહે છે. અરેરે! જીવે પોતાનું ઘર—આનંદનું ધામ કદી જોયું નથી. કહ્યું છે ને—

હમ તો કબહુ ન નિજ ઘર આયે; હમ તો૦<br>
પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે. ...હમ તો૦<br>
પરપદ નિજપદ માનિ મગન હ્વૈ, પર પરનતિ લપટાયે;<br>
શુદ્ધ બુદ્ધ સુખકંદ મનોહર, ચેતનભાવ ન ભાયે...હમ તો૦

જેને નિજઘર મળી ગયું છે, અંદર ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ પ્રગટ થઈ છે, તેને તો ઉપયોગ બહાર પરજ્ઞેયમાં જાય ત્યારે પણ અંતરમાં સદા શાન્તિ વર્તે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ છેલ્લે કહ્યું છે :

સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્ર રહે તદ્ધ્યાન મહીં;<br>
પ્રશાન્તિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.

પ્રશાન્તસ્વભાવમાંથી અનંત અમૃતમય પ્રશાન્તિ પ્રગટ થઈ; તે પ્રશાન્તસ્વભાવ ભગવાનને, પ્રશાન્તરૂપ પરિણતિને, હું પ્રણમું છું. તે પદ વર અર્થાત્ ઉત્કૃષ્ટ છે. તેનો જગતમાં જય થયો;—ડંકા માર્યા અંદરથી ત્રણ લોકના નાથના......એ ચૈતન્યસ્વરૂપ ભગવાન કેવળીની પર્યાયથી પણ અનંતગણું સામર્થ્ય મારું છે એમ લોકો જાણતા નથી, ઘરમાં શું ભર્યું છે તેની ખબર નથી. તે અહીં કહે છે—અનંત સમૃદ્ધિથી ભરેલા નિજ દ્રવ્યસ્વભાવમાં જેની દૃષ્ટિ પડી છે તેને નિજ ચૈતન્યઘરમાં રહ્યાં રહ્યાં બહારની બધી ઊથલપાથલ જણાય તોપણ શાન્તિ રહે છે. પોતે જાણવા-દેખવાવાળો રહ્યો, ત્યાં ઉપલક અવસ્થામાં વિકલ્પની ધમાલ હો તોપણ તે તો તેનો માત્ર જ્ઞાતાદ્રષ્ટા રહે છે; વિકલ્પનો જરા ખેદ છે, પણ પોતે

કેવળ જાણનાર-દેખનાર રહે છે તેથી તેને નિરંતર શાન્તિ રહે છે.

વાણિયા વેપારધંધામાંથી નવરા ન થાય. ભાઈ! કહેવત છે ને—દાણે દાણે ખાનારનું નામ. બહારમાં લક્ષ્મી વગેરે જે અને જેટલું આવવાનું હશે તે અને તેટલું જ આવશે. પણ શ્રદ્ધા ક્યાં છે? જેણે ચૈતન્યઘર જોયું નથી તે બહાર રાગમાં ઊભા ઊભા વિકારી થાય છે.

**'પરંતુ જેને ઘર મળી ગયું છે તેને ઘરમાં રહ્યાં રહ્યાં બહારની ચીજો, ધમાલ જોતાં શાન્તિ રહે છે; તેમ જેને ચૈતન્યઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે, તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે.'**

જેને સુખામૃતના પિંડસ્વરૂપ નિજ શાશ્વત ચૈતન્યવસ્તુ મળી ગઈ તેને બહારના ગમે તેવા પ્રસંગોમાં પણ અંદરમાં શાન્તિ રહે છે. પ્રભુ! વીજળી પડે અને પર્વતના જે બે ટુકડા થઈ જાય તે રેણથી ભેગા ન થાય; એમ ભગવાન આત્મા અને રાગ—બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારીને જે બે ટુકડા થયા તે કદી એક ન થાય. અહા! આવો માર્ગ છે.

આ તો હજુ સમ્યગ્દર્શનસ્વરૂપ પ્રથમ ભૂમિકાનો માર્ગ કોઈ અલૌકિક છે. ચારિત્ર તો એથી ય પણ કોઈ અલૌકિક છે બાપુ! ચારિત્ર નામ ચરવું. ઢોર ચરે છે ને? ઘાસ હોય તો ચરે ને? પથ્થરમાં શું ચરે? પ્રભુ જ્ઞાયકઆત્મા દૃષ્ટિ અને અનુભવમાં આવે નહિ તો રમવું ક્યાં? ચરવું ક્યાં? જેને અંદરની દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે તેને ઉપયોગ વિકલ્પમાં—શુભ રાગમાં આવે તોપણ અંતરમાં શાન્તિ રહે છે. ભગવાન આત્મા ઉપશમરસનો સાગર છે. 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારાં નયનમાં....' ઉપશમકંદ પ્રભુનો અંદર અનુભવ થયો ત્યાં શાંતિ શાંતિ શાંતિ વર્તે છે. ધર્મીને શરીરની ક્રિયા વગેરે બહારની ધમાલ દેખાય, પણ અંદર તો તે જ્ઞાતાદ્રષ્ટા રહે છે. ધર્મ આવી ઝીણી ચીજ છે ભાઈ! એક સેકંડ પણ સમ્યગ્દર્શન થયું તો ભવનો અંત આવી ગયો. એવી આ ચીજ છે. સમજમાં આવ્યું કાંઈ?

# પ્રવચન–૬૪

તા. ૧૪-૮-૭૮

## વચનામૃત—૧૭૫

**સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે, વિકસે છે. જેમ નંદનવનમાં અનેક વૃક્ષોનાં વિવિધ પ્રકારનાં પત્ર-પુષ્પ -ફળાદિ ખીલી ઊઠે, તેમ સાધક આત્માને ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે. ૧૭૫.**

'સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે, વિકસે છે.'

શું કહે છે? ચોથાથી બારમા ગુણસ્થાનક સુધી સાધક કહેવાય છે. ચોથા ગુણસ્થાને વર્તતા જીવને પણ—પોતાના ત્રિકાળી સહજ જ્ઞાયકસ્વભાવનો, એની દૃષ્ટિ થઈને, અનુભવ થયો હોવાથી—સાધક કહેવામાં આવે છે. નિમિત્તનું, શુભાશુભભાવસ્વરૂપ સંકલ્પ-વિકલ્પોનું, એક સમયની પર્યાયનું તથા ગુણભેદનું લક્ષ છોડી, અંદર અભેદ એકલા જ્ઞાયકસ્વરૂપનો મહિમા પ્રગટ કરી તેનો શ્રદ્ધા સહિત અનુભવ કરવો તે સમ્યક્ત્વ છે.

'અપ્પા સો પરમપ્પા'—એ પરમાત્મસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા 'ઘટ ઘટ અંતર જિન બસે'—અંદર જિનસ્વરૂપે બિરાજમાન છે. તેને સ્વભાવ કહો, શક્તિ કહો, સામર્થ્ય કહો કે વ્યક્ત—પ્રગટ કહો; પર્યાયની અપેક્ષાએ સ્વભાવ વ્યક્ત કરવાનો છે, પણ વસ્તુસ્વભાવની અપેક્ષાએ પ્રભુ ચૈતન્યજ્યોત સદા પ્રગટ છે. આત્મા અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય પ્રભુતા અને અતીન્દ્રિય કર્તા-કર્મ-કરણાદિ શક્તિઓનો પિંડ છે; તેની, વર્તમાન પર્યાયમાં પ્રતીતિ ને જ્ઞાન તે સાધકદશા છે. સાધક કોને કહે છે? સમ્યગ્દર્શન થતાં સાધકભાવ ચાલુ થઈ જાય છે. પૂર્ણાનંદ જ્ઞાયકનું ભાન થવાથી, નિર્વિકલ્પ દૃષ્ટિ થવાથી, તેની પ્રતીતિ પર્યાયમાં આવે છે. પ્રતીતિસ્વરૂપ તે વર્તમાન પર્યાયમાં ત્રિકાળી ચીજ આવતી

નથી. જ્ઞાનની એક સમયની જે પર્યાય છે તેમાં પૂર્ણાનંદના નાથનું જ્ઞાન થાય છે, પણ તે પર્યાયમાં તે પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ આવતો નથી.

અહા! જ્યારે અંતર સમ્યગ્દર્શન થયું ત્યારે સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો યથાસંભવ નિર્મળ થાય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે : 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'. તે વાત પં. ટોડરમલજીએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આમ કહી છે : 'ચોથા ગુણસ્થાનમાં આત્માના જ્ઞાનાદિ ગુણ એકદેશ પ્રગટ થયા છે, તેરમા ગુણસ્થાનમાં આત્માના જ્ઞાનાદિક ગુણ સર્વથા પ્રગટ થાય છે.' અંદર આત્માની દૃષ્ટિ ને અનુભવ થતાં અનંતા ગુણોનો યથાસંભવ નિર્મળ અંશ વ્યક્ત પરિણમનમાં આવી જાય છે. અહાહા! સમજાણું કાંઈ? પહેલાં આત્મા શી ચીજ છે તેનું સાચું જ્ઞાન તો કરો. તે કોઈ ક્રિયાકાંડ કે શુભભાવથી મળી જાય એવી ચીજ નથી. વસ્તુ તરીકે આત્મા જિનસ્વરૂપ છે, અકષાય વીતરાગસ્વભાવસ્વરૂપ છે. તેને દૃષ્ટિમાં લેવાથી અનંત ગુણોની પર્યાય યથાસંભવ નિર્મળ થાય છે; કારણ કે દ્રવ્યદૃષ્ટિ થતાં દ્રવ્યમાં રહેલી જેટલી શક્તિઓ છે તે બધાનો યથાસંભવ નિર્મળ અંશ પ્રગટ વેદનમાં આવે છે.

અહા! આ પુસ્તક! 'આત્મધર્મ'ના બધા ગ્રાહકોને ભેટ આપવામાં આવ્યું છે. આ બેનનાં વચનામૃત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાંથી આ વાણી આવી છે. વાત બહુ સૂક્ષ્મ છે ભાઈ! સાધક જીવને પોતાના જે અનંત ગુણ છે તેની પર્યાય નિર્મળ થાય છે, વિકસે છે. જેમ સૂર્યના નિમિત્તથી સૂર્યવિકાસી કમળનો વિકાસ થાય છે, તેમ ભગવાન જ્ઞાયકઆત્માને દૃષ્ટિ અંદરમાં વળી ત્યાં બધા ગુણ અંશે ખીલી જાય છે. અહાહા! ઝીણી વાત છે પ્રભુ! અનંત કાળમાં ક્યારે પણ આવી અંદરની સાધના કરી નથી. છ ઢાળામાં આવે છે ને—

મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો;
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.

આનો અર્થ શો થયો? અનંત વાર મુનિવ્રત ધારણ કર્યાં, અઠ્યાવીશ મૂળગુણ ને પંચ મહાવ્રત પાળ્યાં, પણ સુખનો એક અંશ પણ પ્રાપ્ત થયો નહિ. અરે! વ્રતાદિના પરિણામ તો શુભ રાગ છે, દુઃખ છે. શુભાશુભ રાગ રહિત જ્ઞાનાનંદસ્વભાવી નિજ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ અને અનુભવ—સમ્યગ્દર્શન થતાં સાચું અતીન્દ્રિય સુખ પ્રગટે છે. અંતરમાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં માત્ર સુખ જ નહિ પણ આત્મવસ્તુની જેટલી ત્રિકાળી શક્તિઓ છે—શક્તિ કહો, ગુણ કહો, સ્વભાવ કહો, સત્‌નું સત્ત્વ કહો—તે બધીયની યથાસંભવ વ્યક્ત નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. બધા ગુણો પોતાની

નિર્મળ પર્યાયમાં અંશે ખીલે છે. તે માટે દૃષ્ટાંત આપે છે :

'જેમ નંદનવનમાં અનેક વૃક્ષોનાં વિવિધ પ્રકારનાં પત્ર-પુષ્પ-ફળાદિ ખીલી ઊઠે, તેમ સાધક આત્માને ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે.'

મેરુપર્વતમાં નંદનવન છે; ત્યાં ઘણાં પ્રકારનાં નાનાંમોટાં વૃક્ષો હોય છે, તે ઘણી જાતનાં પાન, ફૂલ ને ફળથી ખીલી ઊઠે છે; તેમ સ્વભાવદૃષ્ટિવંત સાધક જીવને ચૈતન્યરૂપી નંદનવનમાં ઝાડ નામ અનંત ગુણ છે અને ગુણ દીઠ એની પર્યાયમાં આનંદ, શાન્તિ, સ્વચ્છતા, ઈશ્વરતા આદિ અનંત ફળ ફળે છે. ચૈતન્યરૂપી નંદનવનમાં અનંત ગુણોની વિવિધ પ્રકારની નિર્મળ પર્યાયો, અંદર સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થતાં, ખીલી ઊઠે છે. અહાહા! આનું નામ ધર્મ ને આનું નામ સાધકદશા.

પ્રશ્ન :—આ કળા આપ અમને શિખવાડો ને!

ઉત્તર :—એ વાત તો ચાલે છે; કળા તો પોતાને કરવાની છે કે બતાવવાવાળાએ? પ્રભુ! તારી પ્રભુતા તારામાં પૂર્ણ ભરી પડી છે; તારી પ્રભુતામાં પામરતાનો અંશ પણ નથી. આવે છે ને—

પ્રભુ મેરે! તું સબ બાતે પૂરા...પ્રભુ મેરે૦
પરકી આશ કહા કરે પ્રીતમ! એ કિણ બાતે અધૂરા?...પ્રભુ મેરે૦

—તો, એ પ્રભુતા નિમિત્તના આશ્રયથી પ્રગટ થાય એવી પામરતા વસ્તુસ્વભાવમાં છે જ નહિ; કારણ કે દરેક વસ્તુમાં એક અકાર્યકારણતત્ત્વ નામની શક્તિ છે. તેથી જો દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે શુભરાગરૂપ કારણ હોય તો અંદર નિર્મળ વીતરાગ પર્યાયરૂપ કાર્ય થાય—એમ વસ્તુસ્વરૂપમાં છે નહિ. અકાર્યકારણશક્તિ આત્મામાં હોવાથી તેનાં બધાં કાર્ય પરથી નિરપેક્ષ છે. જ્ઞાનની પર્યાય જે ખીલે છે તે પરના લક્ષે, સાંભળી સાંભળીને ખીલે છે—એમ નથી. પરંતુ અંદર પૂર્ણ જ્ઞાનાનંદસ્વભાવી નિજ જ્ઞાયક આત્માની જે દૃષ્ટિ થઈ ને તેનો જે આશ્રય લીધો તેનાથી નિર્મળ પર્યાય ખીલી ઊઠે છે. આશ્રયનો અર્થ : જે પર્યાય નિમિત્ત, રાગ ને વર્તમાન પર્યાય તરફ ઝૂકતી હતી તે નિજ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ તરફ ઝૂકી, તેથી કાંઈ પર્યાય થોડી ધ્રુવમાં ઘૂસી જાય છે? 'भूदत्थं अस्सिदो खलु सम्मादिट्ठि हवदि जीवो'—પર્યાયમાં ત્રિકાળી ભૂતાર્થ જ્ઞાયકસ્વભાવનું જે લક્ષ કર્યું તે, તેનો આશ્રય લીધો એમ કહેવામાં આવે છે.

અહાહા! જ્ઞાનાદિ અનંત ગુણોનો અભેદ આધાર એવું જે નિજ જ્ઞાયકદ્રવ્ય તેના

આશ્રયે પ્રગટેલી શુદ્ધ પર્યાય પણ અકાર્યકારણભાવે પરિણમી છે કારણ કે તે શુદ્ધિ વ્યવહારનું કાર્ય પણ નથી તે કારણ પણ નથી. વ્યવહાર કારણ ને નિશ્ચય કાર્ય એટલે કે રાગ કારણ ને વીતરાગતા કાર્ય— એ વસ્તુના સ્વરૂપમાં જ નથી. સ્વદ્રવ્યની દૃષ્ટિ થતાં સમ્યગ્જ્ઞાનની જે પર્યાય થઈ તેમાં, બહારનું જાણપણું, કર્મનો ક્ષયોપશમ, ગુરુ પાસેથી સાંભળવું વગેરે કારણ છે—એમ છે જ નહિ. સમ્યગ્જ્ઞાનની એ પર્યાય સ્વદ્રવ્યસ્વભાવના આશ્રયે પરના અકાર્યકારણપણે પરિણમી છે. સમજાણું કાંઈ?

પ્રશ્ન :—આપે સમજાવ્યું એટલે અમને સમજાયું ને?

ઉત્તર :—એ તો નિમિત્તનું કથન છે પ્રભુ! અહાહા! દરેક પ્રાણીનો આત્મા સ્વયંભૂ ચૈતન્યરત્નાકર છે. મધ્ય લોકમાં છેલ્લો સ્વયંભૂરમણસમુદ્ર છે. તે અસંખ્ય યોજન પહોળો છે. જંબુદ્વીપથી માંડીને સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના અસંખ્ય દ્વીપસમુદ્રોની પહોળાઈના સરવાળા કરતાં છેલ્લા સ્વયંભૂરમણસમુદ્રની પહોળાઈ ત્રણ લાખ યોજન વધુ છે. તે મહાસમુદ્રના તળિયે રેતીને બદલે એકલાં રત્નો પડ્યાં છે. એ પ્રમાણે આ ચૈતન્ય-મહાસમુદ્રના તળમાં જ્ઞાન, આનંદ, સ્વચ્છતા વગેરે અનંત ગુણરત્નો ભર્યાં પડ્યાં છે. તે ચૈતન્યરત્નાકરનો આશ્રય કરનાર દૃષ્ટિ નિર્વિકલ્પ હોય છે. વિકલ્પનું ગજું નથી કે ચૈતન્યતળને પહોંચી શકે. અહીં તો ચૈતન્ય-નંદનવનની વાત ચાલે છે. તેમાં અનંતા ગુણરૂપી ઝાડ જ્ઞાનાનંદની નિર્મળ પર્યાયરૂપ પત્ર, પુષ્પ અને ફળથી ખીલી જાય છે. પર્યાયમાં બધા ગુણો, સ્વભાવની દૃષ્ટિ તથા સ્થિરતા થતાં, યથાસંભવ ખીલી નીકળે છે. આ તો હજુ સાધકની વાત છે. અરેરે! વસ્તુસ્વરૂપના ભાન વિના લોકો કંઈ ને કંઈ માની બેઠા છે. અહીં તો કહે છે : અંદર સ્વભાવની દૃષ્ટિ થતાં બધા ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે.

## વચનામૃત—૧૭૬

**મુક્તદશા પરમાનંદનું મંદિર છે. તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે. આ મોક્ષરૂપ પરમાનંદમંદિરનો દરવાજો સામ્યભાવ છે. જ્ઞાયકભાવે પરિણમીને વિશેષ સ્થિરતા થવાથી સામ્યભાવ પ્રગટે છે. ૧૭૬.**

જેઠ સુદ એકમથી બપોરના આ (વચનામૃત ઉપર પ્રવચન) શરૂ કર્યું છે. તેમાં ૧૭૫ બોલ થયા. આમ તો ૪૩૨ બોલ છે.

'મુક્તદશા પરમાનંદનું મંદિર છે. તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે.'

સિદ્ધદશા એ પરમાનંદનું મંદિર છે. અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્મામાં દૃષ્ટિ પ્રસારીને તેમાં પૂર્ણ સ્થિરતા દ્વારા પ્રાપ્ત કરેલ પરમાત્મદશામાં નિવાસ કરવાવાળા મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશોમાં અનંત આનંદ પરિણમે છે. સર્વજ્ઞના મત સિવાય બીજા કોઈ મતમાં 'અસંખ્ય પ્રદેશ'ની વાત છે નહિ. બીજા ભલે 'આત્મા...આત્મા'—એમ વાતો કરે પણ સર્વજ્ઞદેવ સિવાય, જીવના અસંખ્ય પ્રદેશ અને તેમાં બેહદ અનંત ગુણ વગેરે હદ વિનાની અનંતતાની વાત તેમનામાં છે નહિ. અસંખ્ય પ્રદેશ અને ગુણની અનંતતાનું સ્વરૂપ તો એકમાત્ર સર્વજ્ઞ ભગવાને સ્વયં જાણીને કહ્યું છે અને તે સ્વરૂપ સર્વજ્ઞશક્તિસંપન્ન ભગવાન આત્મામાં છે.

પ્રશ્ન :—ભગવાને કહ્યું છે માટે એમ છે?

ઉત્તર :—ભગવાને કહ્યું છે માટે એમ છે—એમ નથી, : પણ 'છે' માટે એમ કહ્યું છે. 'સાકર' શબ્દમાં સાકર નામની વસ્તુ નથી, પણ 'સાકર' શબ્દ સાકર નામની વસ્તુને બતાવે છે. 'સાકર' શબ્દમાં 'સાકર' પદાર્થનો ને 'સાકર' પદાર્થમાં 'સાકર' શબ્દનો અભાવ છે. એ પ્રમાણે વાણી પદાર્થને બતાવે છે. ત્યાં વાણીમાં ચૈતન્યપદાર્થનો અને ચૈતન્યપદાર્થમાં વાણીનો અભાવ છે. અહાહા! ત્રણ લોકના નાથ શ્રી સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજે છે, ત્યાં એકભવતારી ઇન્દ્રો વાણી સાંભળવા જાય છે. પ્રભુ! તે વાણી કેવી હશે? દયા પાળો, વ્રત આચરો વગેરે વાતો તો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ પણ કરે છે. ખરેખર પૂછો તો પર જીવની દયા તો આત્મા ત્રણ કાળમાં પાળી શકતો નથી. પરની દયાનો ભાવ આવે છે તે પોતાની હિંસા છે. શ્રી પુરુષાર્થસિદ્ધ્યુપાયમાં આવે છે : 'रागादीनामुत्पत्तिः एव हिंसा...' દયાનો ભાવ રાગ છે અને તે પોતાના આત્માની હિંસા છે. અહા! વીતરાગના મારગડા કોઈ જુદા છે.

વળી, એક વાત એમ છે કે દરેક દ્રવ્ય પોતપોતાના ગુણપર્યાયને ચુંબે છે પણ પર દ્રવ્ય કે પરના ગુણપર્યાયને ચુંબતું નથી. આત્મા પોતાના ગુણપર્યાય સિવાય કર્મ કે નોકર્મને ક્યારેય અડ્યો નથી. અને જ્ઞાનાવરણીય વગેરે કર્મ અને શરીર વગેરે નોકર્મરૂપ જડ પુદ્ગલપર્યાય આત્માને કદી અડતી નથી. અહા! આવો વીતરાગ જિનેન્દ્રભગવાને બતાવેલો આત્માનો માર્ગ છે. આ માર્ગ સાંભળવા ઈંદ્રો ભગવાનની સભામાં આવે છે. એ કથા —દિવ્ય ધ્વનિ કેવી હશે ભાઈ! ભગવાન કહે છે કે મુક્ત-આત્માને અસંખ્ય પ્રદેશે અનંત અતીન્દ્રિય આનંદ પરિણમેલો હોય છે.

'આ મોક્ષ પરમાનંદમંદિરનો દરવાજો સામ્યભાવ છે.'

પ્રવચનસારની સાતમી ગાથામાં કહ્યું છે : ચારિત્ર, ધર્મ ને સામ્યભાવ એકાર્થ છે. પરમાનંદનું ધામ જે મોક્ષ તેનો દરવાજો ક્યો? પરમાનંદધામનો દરવાજો ચારિત્ર, વીતરાગ ધર્મ, સામ્યભાવ છે. પ્રવચનસારમાં કહ્યું છે : વીતરાગ ચારિત્ર તે ઉપાદેય છે; વચમાં પાંચ મહાવ્રત વગેરે વ્યવહારચારિત્રના રાગનો કણ આવે છે, પણ તે ચારિત્ર નથી, ઉપાદેય નથી, હેય છે. મોક્ષરૂપી મંદિરની અંદર જવાનો દરવાજો ક્યો? તો કહે છે : વીતરાગભાવ, સામ્યભાવ, ભગવાન કુંદકુંદાચાર્યદેવે 'પ્રવચનસાર' શાસ્ત્ર શરૂ કરતાં જ કહ્યું ને—હું સામ્યભાવને અંગીકાર કરું છું. શા માટે? નિર્વાણની સંપ્રાપ્તિ માટે.

પોતાના જ્ઞાયકસ્વરૂપના સમ્યક્ ભાનપૂર્વક જે વીતરાગતા ઉત્પન્ન થાય છે તે સામ્ય છે. અહા! સામ્ય અર્થાત્ ચારિત્ર શું છે? ચારિત્ર તો અંદર આનંદામૃતનું ભોજન કરનાર છે. તે ચારિત્રને બેને અહીં સામ્યભાવ કહ્યો છે. સ્વરૂપાનંદમાં ચરવું, રમવું, જમવું તે સામ્યભાવ છે. તે મોક્ષસ્વરૂપ પરમાનંદમંદિરનો ભવ્ય દરવાજો છે.

અહા! વચનામૃતની આ વાતો! હવે હિન્દી 'વચનામૃત' દસ હજાર છપાઈને આવી ગયાં છે.

મોક્ષ એટલે શું? પરમાનંદની પૂર્ણ પ્રાપ્તિ તે મોક્ષ. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવની પૂર્ણ વ્યક્તતાનો લાભ તે મોક્ષ. તે પરમાનંદનું મંદિર છે. તેમાં પ્રવેશવાનો દરવાજો ક્યો? સામ્યભાવ. રાગનો એક સૂક્ષ્મ કણ પણ તેમાં પ્રવેશ કરી શકે એમ નથી. આત્મા સ્વભાવે જિનસ્વરૂપી, સામ્યભાવસ્વરૂપી છે. 'ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન'—આત્મા અંદર ત્રિકાળ જિનસ્વરૂપી અર્થાત્ સામ્યભાવસ્વરૂપ છે. તે ત્રિકાળી સામ્યસ્વરૂપ વીતરાગસ્વભાવનો આશ્રય લઈ ને શક્તિમાંથી જે વીતરાગભાવરૂપ વ્યક્તતા થઈ તે પરમાનંદરૂપી મોક્ષનો દરવાજો છે.

પ્રશ્ન :—એમાં નિમિત્ત તો કાંઈ ખરું ને?

ઉત્તર :—ભાઈ! નિમિત્ત છે, પણ તેનો અર્થ એમ નથી કે નિમિત્ત પરમાં કાંઈ કાર્ય કરે છે. નિમિત્ત તેને કહેવાય કે જે, નૈમિત્તિક કાર્યમાં અનુકૂળ હોવા છતાં તેમાં કાંઈ કરે નહિ. આ ચર્ચા સં. ૨૦૧૩ માં મધુવનમાં ખૂબ ચાલી હતી. ત્યાં કહ્યું હતું કે જીવમાં જે વિકૃત દશા થાય છે તેમાં જીવનાં પોતાનાં જ કારકો છે, પરનાં કે કર્મના કારકો નથી—વિકારમાં કર્મ નિમિત્ત છે, પણ નિશ્ચયથી તે વિકારકર્મનાં (નિમિત્તનાં) કારકોની અપેક્ષા રહિત—નિરપેક્ષ છે. પંચાસ્તિકાયમાં ૬૨ મી ગાથાની ટીકામાં કહ્યું છે : નિશ્ચયનયે

અભિન્નકારકો હોવાથી ખરેખર જીવ સ્વયમેવ પોતાનાં ષટ્કારકરૂપે વર્તતો હોવાથી અન્ય કારકની અપેક્ષા રાખતો નથી અને કર્મ પણ સ્વયમેવ પોતાનાં ષટ્કારકરૂપે વર્તતું હોવાથી અન્ય કારકની અપેક્ષા રાખતું નથી. જ્યાં શુભાશુભ વિકાર-અવસ્થામાં પણ કર્મ કે બાહ્ય પદાર્થની અપેક્ષા નથી, તો, મોક્ષમાર્ગની નિર્મળ અવસ્થા પરની અપેક્ષા રાખે છે—એ વાત જ ક્યાં રહી? ખરેખર તો , મોક્ષ કે મોક્ષમાર્ગની પર્યાયપણે જીવ પોતે પોતાનાં ષટ્કારકોથી પરિણમે છે. તે નિર્મળ પર્યાયનો કર્તા જીવ પોતે, નિર્મળ પર્યાયરૂપ કર્મ પણ જીવ પોતે, નિર્મળ પર્યાયનું કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ પણ પોતે જ છે, જડ કર્મ અને બહારનાં નિમિત્ત વગેરે બીજું કોઈ નહિ.

'સામ્યભાવથી મોક્ષ થાય છે' એ પણ અપેક્ષિત કથન છે. અધૂરી પર્યાય પૂર્ણ પર્યાયનું કારણ કહેવું તે પણ વ્યવહારકથન છે. ખરેખર તો જીવદ્રવ્ય પોતે પોતાનાં ષટ્કારરૂપે પરિણમીને પૂર્ણ મોક્ષ પર્યાયને પ્રાપ્ત કરે છે. શુભ રાગથી—વ્યવહારથી ને પર નિમિત્તથી થાય છે—ફક્ત એ નિષેધ કરવા માટે અહીં સમ્યગ્દર્શન સહિત સામ્યભાવને મોક્ષનો દરવાજો કહ્યો છે. નિશ્ચયથી તો ભગવાન જ્ઞાયકઆત્મા પોતે મોક્ષપર્યાયરૂપે—પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ વગેરે પૂર્ણ દશારૂપે—પોતાનાં ષટ્કારકથી પરિણમે છે. અહાહા! ભાઈ! વસ્તુનું આવું સ્વરૂપ છે—એવી જ્યારે અંદરમાં પ્રતીતિ આવે છે ત્યારે નિર્વિકલ્પ આત્મદર્શન—સમ્યગ્દર્શન થાય છે.

લોકોને વસ્તુનું સ્વરૂપ સમજાતું નથી એટલે તેઓ પોકાર કરે છે કે—આ એકાન્ત છે, એકાન્ત છે. પણ ભાઈ! નિશ્ચયનયનો વિષય સમ્યક્ એકાંત છે ને? પ્રમાણ તો નિશ્ચય અને વ્યવહાર—એ બન્ને વિષયને સાથે જાણે છે. તેમાં શ્રુતપ્રમાણના અવયવભૂત એવો નિશ્ચયનય તે સમ્યક્ એકાન્ત છે. શ્રીમદે પણ કહ્યું છે : 'અનેકાન્ત પણ સમ્યક્ એકાન્ત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.' પોતાથી પોતાની પરિણતિ થાય છે તે સમ્યક્ એકાન્ત છે.

અહીં બેન કહે છે : મોક્ષરૂપ પરમાનંદમંદિરનો દરવાજો સામ્યભાવ છે. ચારિત્રથી મુક્તિ થાય છે—એ સિદ્ધ કરવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન મુક્તિનું પરંપરા કારણ છે. અને વીતરાગ ચારિત્ર—સામ્યભાવ તે મુક્તિનું સાક્ષાત્ કારણ છે. પુણ્યભાવરૂપ બાહ્ય વ્યવહાર ચારિત્ર મોક્ષનું કારણ નથી એ બતાવવા સામ્યભાવને તેનો દરવાજો કહ્યો છે.

અહાહા! મોક્ષરૂપ પરમાનંદમંદિરનો દરવાજો સામ્યભાવ છે. પ્રવચનસારની ૭મી ગાથામાં કહ્યું છે :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે;
ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે.

શુદ્ધ આત્માની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વથી વિરુદ્ધ ભાવ (અર્થાત્ મિથ્યાત્વ) તે મોહ, અને નિર્વિકાર નિશ્ચળ ચૈતન્યપરિણતિરૂપ ચારિત્રથી વિરુદ્ધ ભાવ (અર્થાત્ અસ્થિરતા) તે ક્ષોભ. મોહ અને ક્ષોભ રહિત પરિણામ, સામ્ય, ધર્મ અને ચારિત્ર એ બધાં એકાર્થ વાચક છે. એ વીતરાગ સામ્યભાવ મોક્ષમંદિરનો ભવ્ય દરવાજો છે. અહા! બહુ ઝીણી વાત બાપા! આ તો થોડું ઘણું જ્યાં વાંચે ત્યાં માની બેસે કે 'આપણે સમજી ગયા'! અરે! ભાઈ! વીતરાગ પ્રભુનો આ માર્ગ તો કોઈ અલૌકિક છે.

પ્રશ્ન :—પણ એની ક્રિયા શી?

ઉત્તર :—આ, એની ક્રિયાની જ વાત ચાલે છે. નિર્મળ વીતરાગી પર્યાય એ જ એની ક્રિયા છે. તે સામ્યભાવરૂપ વીતરાગી ક્રિયાનાં કર્તા, કર્મ કરણ વગેરે બધું નિજ આત્મા જ છે. શુભ રાગથી કે નિમિત્તથી વીતરાગી સામ્યભાવરૂપ ક્રિયા થતી નથી, કેમ કે નિજ કારકો અનુસાર થવાપણારૂપ જીવની ક્રિયાશક્તિ તેના પોતાનામાં જ છે.

પ્રશ્ન :—એના માટે ધ્યાન શેનું કરવું?

ઉત્તર :—એ વાત બેન હવે ૧૭૮ મા બોલમાં કહેશે કે—પહેલાં ધ્યાન સાચું હોતું નથી. પહેલાં જ્ઞાન સાચું થાય છે કે આ શરીર, વાણી વગેરે બધાંથી હું જુદો છું; અંદરમાં શુભાશુભ વિભાવ થાય તે હું નથી; ઊંચામાં ઊંચા શુભભાવ થાય તે હું નથી; બધાથી જુદો હું જ્ઞાયક છું. સાચા જ્ઞાન વિના ધ્યાન સાચું થતું જ નથી. વસ્તુનું સ્વરૂપ શું છે—એમ પહેલાં સાચું જ્ઞાન થવું જોઈએ. સમ્યગ્જ્ઞાન તો પછી , પણ પ્રથમ ધારણાજ્ઞાન સાચું થવું જોઈએ . જો ધારણાજ્ઞાનમાં જ વિપરીતતા હોય તો તેને સ્વરૂપમાં એકાગ્રતારૂપ સાચું ધ્યાન કદી થઈ શકતું જ નથી.

ચૈતન્ય જ્ઞાયક પ્રભુ સ્વભાવે જિનસ્વરૂપ છે તો પર્યાયમાં જિનસ્વરૂપ સામ્ય અવસ્થા પ્રગટ થાય છે. તે વીતરાગી સામ્યપર્યાય મોક્ષનું દ્વાર છે. વ્યવહારરત્નત્રય—મહાવ્રત વગેરેનો શુભ રાગ—મોક્ષનું દ્વાર નથી; એ તો બંધમાં પેસવાનું દ્વાર છે. સમજાણું કાંઈ? માર્ગ સૂક્ષ્મ છે ભાઈ! અહાહા! આ તો કોઈ અલૌકિક વાતો છે. સામ્ય કોને કહે છે—તે હવે કહે છે :

'જ્ઞાયકભાવે પરિણમીને વિશેષ સ્થિરતા થવાથી સામ્યભાવ પ્રગટે છે.'

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

[ વચનામૃત-૧૭૬ ] 

ભગવાન આત્મા જ્ઞાયક—જાણનાર, જાણનાર, કેવળ જાણગ તત્ત્વ છે. પારિણામિક ભાવ ન કહેતાં, તેને જ્ઞાયકભાવ કહ્યો, કેમ કે પારિણામિક ભાવ તો પરમાણુ વગેરે બીજાં દ્રવ્યોમાં પણ હોય છે. આત્મા તો જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળી પારિણામિકભાવ છે. તે ત્રિકાળી જ્ઞાયકભાવરૂપે પરિણમીને એટલે કે 'હું કેવળ જ્ઞાયક છું' એવાં શ્રદ્ધાજ્ઞાનરૂપે પરિણમીને ધ્રુવ જ્ઞાયક સ્વભાવના આશ્રયે વિશેષ સ્થિરતા થવાથી જે અકષાય સામ્યભાવ પ્રગટે છે તે મોક્ષનો દરવાજો છે.

ૐ
સહજ ચિદાનંદ.

તા. ૧૭-૩-૭૩

આ બેનની તો લાઈન જ જુદી છે. એમનો વૈરાગ્ય, જાતિસ્મરણજ્ઞાન, એમની દશા—બધું જુદું જ છે. એમને ક્યાં કોઈની પડી જ છે! કોઈ વંદન કરે કે ન કરે, એ ક્યાં કોઈને જુએ જ છે!

*—પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન–૬૫

તા. ૧૫-૮-૭૮

## વચનામૃત—૧૭૭

**ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ ખીલેલા નંદનવનમાં સાધક આત્મા આનંદમય વિહાર કરે છે. બહાર આવતાં ક્યાંય રસ લાગતો નથી. ૧૭૭.**

'ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ ખીલેલા નંદનવનમાં સાધક આત્મા આનંદમય વિહાર કરે છે.'

શું કહે છે? આ આત્મા અતીન્દ્રિય પૂર્ણ જ્ઞાન, શાન્તિ ને આનંદસ્વરૂપ છે, તેનો અનુભવ કરી લે. દયા, દાન, વ્રત, તપ અને ભક્તિ વગેરેના વિકલ્પ આવે, પણ તે કોઈ ધર્મ નથી, તે મોક્ષનું પરંપરા-કારણ પણ નથી. 'હું નિર્વિકલ્પ સહજ જ્ઞાનાનંદસ્વરૂપ છું' એવું પ્રચુર સ્વસંવેદન—એવો ઉગ્ર સ્વાનુભવ તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે, અને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક મંદ શુદ્ધિ તે મોક્ષનું પરંપરા કારણ છે. મંદ શુદ્ધિની સાથે જે શુભરાગરૂપ કચાશ છે તેને આરોપથી પરંપરા-કારણ કહેવાય છે. અંતર સ્થિરતારૂપ જે શુદ્ધિ વધશે તે વ્રતાદિના વિકલ્પનો અભાવ કરીને થશે, માટે સમ્યગ્દષ્ટિના વ્રતાદિસ્વરૂપ શુભ રાગને મોક્ષનું પરંપરા-કારણ કહ્યું છે, મિથ્યાદષ્ટિના વ્રતાદિસ્વરૂપ રાગને નહિ.

અરે, પ્રભુ! તેં સચ્ચિદાનંદસ્વરૂપ નિજ જ્ઞાયકતત્ત્વની દૃષ્ટિ કદી કરી નથી, તેનો આશ્રય લીધો નથી અને 'પુણ્યભાવથી મારું કલ્યાણ થશે' એમ તેનો આશ્રય કરીને મિથ્યાત્વભાવનું સેવન કર્યું. મિથ્યાત્વભાવના કારણે ૮૪ લાખ યોનિમાં અનંત વાર અવતાર લીધા. અહા! નરકનાં એ ભયંકર દુઃખ! ભગવાન એમ ફરમાવે છે કે—નરકગતિનાં એક ક્ષણનાં દુઃખ કરોડ જીભે ને કરોડ ભવે કહી શકાય નહિ; એ તો, તે જીવ પોતે તેને ભોગવે અને કેવળી તેને જાણે. નરકનાં એક ક્ષણનાં દુઃખ રત્નકરંડશ્રાવકાચાર (પં. સદાસુખદાસજી) ને છ ઢાળામાં વર્ણવ્યાં છે. ભાઈ! તું ઉત્કૃષ્ટ ૩૩ સાગર ને જઘન્ય

દસ હજાર વર્ષની તથા એક-એક સમય વધતાં વચ્ચેની અસંખ્ય પ્રકારની સ્થિતિએ નરકમાં અનંત વાર જન્મ્યો. એ દુઃખનું ભયાનક વેદન! અરે! તેનો વિચાર તેં ક્યારેય કર્યો નહિ. હવે તો તું, તે ભીષણ દુઃખનો અંત કરવા, એક વાર સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પ્રગટ કર.

સાધક જીવને દૃષ્ટિ જ્ઞાયકસ્વભાવ સન્મુખ થઈ હોવાથી, તેની રુચિ નિમિત્ત, રાગ ને પર્યાય ઉપરથી છૂટી ગઈ છે; તેને આનંદનિધાન જ્ઞાયકભાવ અનુભવમાં આવ્યો છે. આ સ્વાનુભૂતિસ્વરૂપ ખીલેલા નંદનવનમાં જ્ઞાની સાધક આત્મા આનંદમય કેલી કરે છે, વિહાર કરે છે. સમયસારની ૪૧૨મી ગાથામાં સાધક જીવને સંબોધન કરતાં કહ્યું છે કે—

તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને,<br>
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે.

હે ભવ્ય! તું મોક્ષમાર્ગમાં જ નિરંતર વિહાર કર; અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર. પ્રભુ! તારી ચીજ અંદર આનંદનું ધામ છે; તારી પ્રભુતાનો પાર નથી. તેની સન્મુખ થઈ સ્વાનુભૂતિ કરવી તે, ધર્મની પ્રથમ શરૂઆત છે. તે વિના દાન, ભક્તિ, પૂજા વગેરે શુભભાવ દુઃખરૂપ છે. જ્ઞાન આનંદ આદિ અનંત પવિત્ર સ્વભાવોથી ભરપૂર એવા નિજ જ્ઞાયકની સન્મુખ દૃષ્ટિ થતાં તેનો અનુભવ થાય છે. તે સ્વાનુભવ થતાં જીવ સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની કહેવાય છે; બાકી બધાં થોથાં છે.

પ્રશ્ન :—સ્વસન્મુખતા કેવી રીતે કરવી?

ઉત્તર :—આ બહારનું લક્ષ કરે છે કે નહિ? આર્તધ્યાન ને રૌદ્રધ્યાન અનાદિથી કરતો આવ્યો છે કે નહિ? પરનું, રાગનું ને પુણ્યનું ધ્યાન કરતો આવ્યો છે કે નહિ? તે ધ્યાન મિથ્યાત્વ ને રાગરૂપ છે, દુઃખરૂપ છે. એવી રીતે બહારનું લક્ષ છોડીને અંતર જ્ઞાયકસ્વભાવમાં ધ્યાન લગાવવું. એ વાત થોડી હવેના બોલમાં આવશે. અહા! એ વાત કોઈ જુદી છે પ્રભુ! લોકોએ તો અત્યારે માર્ગને વીંખી નાખ્યો છે ભાઈ!

જ્ઞાનની પર્યાયમાં અંદર ત્રિકાળી જ્ઞાયકનું લક્ષ કરીને, શ્રદ્ધાની નિર્મળ પર્યાયમાં તેનો આશ્રય કરીને, અતીન્દ્રિય આનંદના સ્વાદ સાથે જ અનુભૂતિ પ્રગટ થઈ તે જ્ઞાનચેતના છે. પોતાના સ્વરૂપનો સાધક સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વાનુભૂતિરૂપ ખીલેલા નિજ નંદનવનમાં આનંદમય વિહાર કરે છે. ભલે તે ગૃહસ્થાશ્રમમાં હોય, પણ ધર્મી સમકિતી તેને કહીએ કે જે પોતાના અતીન્દ્રિય આનંદમાં વિચરે. સ્વરૂપમાં વિચરતા ધર્મીને અનંત ગુણવૃક્ષોનું આનંદકારી નંદનવન

ખીલી જાય છે. અહા! ઝીણી વાત છે પ્રભુ! પણ સમજવી તો પડશે ને?

અહા! આવું દુર્લભ મનુષ્યપણું મળ્યું, જૈનકુળમાં જન્મ થયો, વીતરાગની વાણી સાંભળવા મળી; પ્રભુ! હવે તો તારે તારા આત્મા માટે કાંઈ કરવું તો પડશે ને? બાકી તો જન્મમરણના ફેરામાં, અનંત વાર એક શ્વાસમાં નિગોદના અઢાર ભવ કર્યા. વિચાર કરે તો ખબર પડે. છ ઢાળામાં કહ્યું છે : 'એક શ્વાસમેં અઠદસ બાર, જન્મ્યો મર્યો, ભર્યો દુઃખભાર;' પ્રભુ! એ બધું તું ભૂલી ગયો. ભૂલી ગયો માટે તે નથી—એમ કેમ કહેવાય? અરે! આ મનુષ્યભવમાં જન્મ્યા પછી પ્રથમના છ મહિનામાં તારી માએ તને ધવરાવ્યો, નવરાવ્યો—એ બધું તને યાદ છે? યાદ નથી માટે તે નહોતું—એમ કેમ કહેવાય? બાળપણમાં તેં કેવી રીતે ખાધું-પીધું' કેવી રીતે રોયો—એ બધું યાદ છે? યાદ નથી માટે તે નહોતું એમ કોણ કહે? એ પ્રમાણે પૂર્વભવનું યાદ નથી માટે પૂર્વમાં આવું દુઃખ સહન કર્યું તે ન હતું—એમ કેમ કહેવાય? સમજાય છે કાંઈ? આ બધું લૉજિકથી સમજવું પડશે ભાઈ!

પ્રભુ કહે છે કે અંદર તારી પ્રભુતા કેટલી પડી છે તેને એક વાર સાંભળ તો ખરો. તારા દ્રવ્યમાં અનંત અનંત શક્તિઓ છે અને એક એક શક્તિમાં અનંત અનંત પ્રભુતા છે. એવી અનંત પ્રભુતાના પિંડસ્વરૂપ જે અંદર તારી ચીજ છે તેને આચાર્યદેવ 'ભગવાન' તરીકે સંબોધના કરે છે. સમયસારની ૭૨મી ગાથાની ટીકામાં ત્રણ વાર આ જ્ઞાયક આત્માને 'ભગવાન' કહીને વર્ણવ્યો છે. (૧) પાણીમાં લીલ છે તે મેલ છે; તે લીલની પેઠે દયા, દાન, વ્રત-તપ, ભક્તિ ને યાત્રા વગેરે શુભભાવના તથા વેપારધંધા વગેરે અશુભભાવના હેતુરૂપ આસ્રવો મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે, અપવિત્ર છે; અને 'ભગવાન' આત્મા તો સદાય અતિ નિર્મળ ચૈતન્યમાત્ર સ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે, પવિત્ર જ છે ને ઉજ્જ્વળ જ છે. (૨) આસ્રાવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે, કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે, માટે તેઓ જ્ઞાયકથી અન્ય સ્વભાવવાળા છે; અને 'ભગવાન' આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ જ્ઞાતા છે—પોતાને ને પરને જાણે છે—માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે, ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી. (૩) આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણો છે; અને 'ભગવાન' આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ જ કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે, દુઃખનું કારણ નથી. આવા વિજ્ઞાનઘનસ્વરૂપ ભગવાન આત્માને ભૂલીને દયા, દાન આદિ શુભ ભાવથી આત્માનું કલ્યાણ થશે એમ માનવું તે મિથ્યાત્વનું સેવન છે, શ્રદ્ધામાં મહા પાખંડનું સેવન છે.

પ્રશ્ન :—પુણ્યથી તો અરિહંતપદ મળે છે ને?

ઉત્તર :—'**पुण्णफला अरहंता**' જે કહ્યું છે તેનો અર્થ બીજો છે. પુણ્ય જેમને ફળે છે એવા તીર્થંકરોને પુણ્યનો વિપાક તો અકિંચિત્કર જ છે, સ્વભાવનો જરાય ઘાત કરતો નથી—એમ કહેવાનું છે ત્યાં લોકો તેનો એવો અર્થ કરે છે કે 'પુણ્યથી અરિહંત પદની પ્રાપ્તિ થઈ છે'; તે અર્થ તદ્દન મિથ્યા છે. એવું શ્રદ્ધાન તો મિથ્યાત્વ ને અજ્ઞાન છે. તીર્થંકર અરિહંત ભગવાનને જે દિવ્ય ધ્વનિ, વિહાર વગેરે ક્રિયાઓ છે તે પૂર્વબદ્ધ કર્મના ઉદયથી ઉત્પન્ન થઈ છે તેથી ઔદયિકી છે. તે ઔદયિકી ક્રિયાઓ અરિહંત ભગવાનને ચૈતન્યવિકારરૂપ ભાવકર્મને જરાય ઉત્પન્ન કરતી નથી, કારણ કે તેમને વિકારના નિમિત્તભૂત મોહનીય કર્મનો અત્યંત ક્ષય થઈ ગયો છે. તેથી અરિહંતની ઔદયિકી ક્રિયાને ક્ષાયિકી ગણવામાં આવી છે. જેમ નીચલી ભૂમિકામાં સાધક જ્ઞાની પોતાના સ્વરૂપમાં ધ્યાનમગ્ન છે, તે વખતે ઉદયમાં આવેલા કર્મનિષેકો ખરી જાય છે, તેમ કેવળી ભગવાને પણ વાણી, વિહાર વગેરેમાં નિમિત્તભૂત કર્મોદયો ખરી જાય છે; તેમની ઔદયિકી ક્રિયા, સ્વભાવનો ઘાત કરવામાં અકિંચિત્કર હોવાથી ક્ષાયિકી ગણવામાં આવી છે. ત્યાં 'પુણ્યના ફળમાં અરિહંતપદ મળે છે' એમ કહેવું જ નથી, અરિહંતપદ તો વીતરાગ ને સર્વજ્ઞતા થવાથી થાય છે, પુણ્યથી નહિ. આત્મા પોતે જ પોતાના શુદ્ધોપયોગથી કેવળજ્ઞાનને પામીને 'સ્વયંભૂ' કહેવાય છે. આત્મા પોતે જ કર્તા, કર્મ, કરણ આદિ ષટ્કારકરૂપે પરિણમીને પોતાથી જ કેવળજ્ઞાનપર્યાય ઉત્પન્ન કરે છે, સંહનનની મજબૂતાઈથી કે પૂર્વની અધૂરી પર્યાયથી નહિ. અહા આવું સ્વરૂપ છે ભાઈ! ભગવાનનો માર્ગ ન્યાયનો છે, ન્યાયથી વસ્તુની સિદ્ધિ કરે છે. અન્યાય કે કુન્યાયથી સિદ્ધ કરવા જઈશ તો તને મિથ્યાત્વનો દોષ લાગશે.

દયા, દાન આદિ ભાવોમાં જે રાગ મંદ કર્યો છે તે પુણ્ય છે, દુઃખ છે. તે ભાવમાં સમ્યગ્દૃષ્ટિને, તેનું સ્વામિત્વ નહીં હોવાથી, પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે, અને મિથ્યાદૃષ્ટિને, રાગનું સ્વામિત્વ હોવાથી, પાપાનુબંધી પુણ્ય બંધાય છે. જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે શુભ રાગ પણ દુઃખ છે, સુખસ્વરૂપ તથા સુખનું કારણ તો ભગવાન જ્ઞાયક આત્મા છે, અંદર ભગવાન આત્માની જે આનંદદશા છે તે રાગનું કાર્ય પણ નથી ને કારણ પણ નથી. 'આત્મખ્યાતિ' ટીકાના પરિશિષ્ટમાં એક 'અકાર્યકારણત્વશક્તિ' કહી છે. તે શક્તિનો ધ્વનિ ૭૨મી ગાથાની ટીકામાં રહેલો છે. રાગની દિશા, ભલે તીર્થંકરનામકર્મનો શુભ રાગ હો, પર તરફ છે અને વીતરાગભાવની દિશા સ્વ તરફ છે. મોક્ષપાહુડની ૧૬મી ગાથામાં કહ્યું છે કે—'**परदव्वाओ दुग्गई**' પરાશ્રય ભાવથી, ભલે તે શુભભાવ હો, દુર્ગતિ થાય છે. પરમાર્થદૃષ્ટિએ તો દેવાદિ ચારેય દુર્ગતિ

છે, માત્ર જ્ઞાયકભાવરૂપ પરિણમન તે એક જ સુગતિ છે, અહા! ગજબ વાત છે ને! શ્રી કુંદકુંદાચાર્ય અને ભગવાન પણ એમ કહે છે કે—અમે તમારી અપેક્ષાએ પરદ્રવ્ય છીએ. અમારા તરફ પણ તમારું લક્ષ જશે, અભિપ્રાયનું વજન થશે, તો તમારા ચૈતન્યની દુર્ગતિ—વિભાવ પરિણમન થશે. અરેરે! લોકોને મૂળ તત્ત્વની તો ખબર જ નથી. 'सदव्वाओ सुगई'—પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ભગવાન આત્માનું યથાર્થ લક્ષ કરીને જે અનુભૂતિ થઈ તે ચૈતન્યની સુગતિ છે, તેનું ફળ સુગતિ એટલે કે સિદ્ધદશા છે. સિદ્ધદશા સુગતિ છે ને ચાર ગતિ છે તે દુર્ગતિ છે. અહા! સમજાય છે કાંઈ?

સમયસારની ૧૨મી ગાથાનો મર્મ નહિ સમજવાથી, કેટલાક એમ કહે છે કે—ચોથા, પાંચમા ને છટ્ઠા ગુણસ્થાનમાં શુભ યોગ જ હોય છે, શુદ્ધોપયોગ હોતો નથી. તેઓ કહે છે કે પરમભાવદર્શીને—કેવળીને શુદ્ધોપયોગ હોય છે, અને જે અપરમભાવમાં સ્થિત છે તેને માત્ર વ્યવહાર કહેવા યોગ્ય છે. વળી, શ્રી જયસેનાચાર્યનો આધાર ટાંકીને તેઓ કહે છે કે પહેલાથી ત્રીજા ગુણસ્થાન સુધી ઘટતો અશુભોપયોગ, ચોથાથી છટ્ઠા સુધી વધતો શુભોપયોગ અને સાતમાથી બારમા સુધી વધતો શુદ્ધોપયોગ હોય છે. તેરમા ગુણસ્થાને સર્વજ્ઞદશા તે શુદ્ધોપયોગનું ફળ છે. પણ ભાઈ! ઉપયોગની આ વાત તો બહુલતાની અપેક્ષાએ કહી છે. બાકી તો દ્રવ્યસંગ્રહની ૪૭મી ગાથામાં કહ્યું છે કે—'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि...' બન્ને પ્રકારનો મોક્ષમાર્ગ અંદર આત્માશ્રિત ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. તેનો અર્થ શો? આનંદધામ જ્ઞાયક આત્માની અંદર જે અનુભૂતિ—સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની એકતારૂપ શુદ્ધિ—થઈ તે નિશ્ચય મોક્ષમાર્ગ છે અને તેની સાથે ભૂમિકાને અનુરૂપ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર સંબંધી જે રાગ રહ્યો તેને, મંદ શુદ્ધિનો સહચારી હોવાથી, ઉપચારથી વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. પરમાર્થે રાગનો કોઈ પ્રકાર કે અંશ મોક્ષમાર્ગ નથી, બંધમાર્ગ છે. અરેરે! જેને માર્ગનું સાચું જ્ઞાન પણ નથી તેને વ્યવહાર પણ સાચો હોતો નથી, તો પછી સમ્યગ્દર્શન અને સ્વાત્માનુભૂતિ તો તેને ક્યાંથી જ હોય?

સમ્યગ્દષ્ટિ આનંદમાં વિહાર કરે છે.

'બહાર આવતાં ક્યાંય રસ લાગતો નથી.'

આત્માનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જેને થયું તે નિજ આનંદધામમાં વિચરે છે. તેને શુભાશુભ વિકલ્પ ઊઠે છે, ઉપયોગ બહાર જાય છે, પણ તેને વિકલ્પમાં કે બાહ્ય વિષયમાં ક્યાંય રસ નથી, બહાર આવવું તેને બોજો લાગે છે. અહા! આવું 'વચનામૃત' પુસ્તક બહાર આવ્યું! ચાળીશ-પચાસ હજાર પુસ્તકો બહાર આવી ગયાં છે. આ, બેનનું પુસ્તક વાચ્યું છે કે નહિ? આ તો ફરી ફરીને વાંચવા જેવું છે.

અહીં બેન કહે છે કે—જેને સમ્યગ્દર્શન થયું, અતીન્દ્રિય આનંદનો અંશે અનુભવ થયો, ધર્મની પ્રથમ દશા પ્રગટી તેને બહાર આવવામાં દુઃખ લાગે છે, બહાર ક્યાંય રસ પડતો નથી. સમ્યગ્દૃષ્ટિ ઈન્દ્ર પણ પગે ઘૂઘરા બાંધી ભગવાનની ભક્તિ કરે. નંદીશ્વરદ્વીપમાં બાવન શાશ્વત જિનમંદિર છે. અષ્ટાન્હિકામાં ઈન્દ્રો, દેવો, દેવીઓ ત્યાં જાય છે, ભક્તિ કરે છે, ભગવાન સામે નાચે છે. જ્ઞાનીને પણ ભગવાન સામે નાચવા વગેરેનો બહારમાં ઉત્સાહ દેખાય, પણ અંદરમાં રાગનો ઉત્સાહ નથી. નાચવાની ક્રિયા તો જડ શરીરની છે, અને જે રાગનો વિકલ્પ ઊઠે છે તે વિકાર છે, દુઃખ છે.

જ્ઞાનીને ક્ષાયોપશમિક દશા છે, અલ્પ દશા છે, તેથી વિકલ્પ આવે છે, પણ વિકલ્પમાં ઉત્સાહ નથી. અહાહા! આ માર્ગ કોઈ અલૌકિક છે. જૈનદર્શન સિવાય બીજે ક્યાંય આ ચીજ નથી; અને જૈનમાં પણ દિગંબર જૈનદર્શન તે જ સાચું જૈનદર્શન છે. બાકી તો બીજું શું થાય? પક્ષના આગ્રહમાં આવીને લોકો સત્યને અસત્ય કરી દે. અન્યથા કરશે તો તેની દૃષ્ટિમાં અન્યથા રહેશે, વસ્તુસ્વરૂપમાં અન્યથા નહિ થાય; વસ્તુ તો વસ્તુ જ રહેશે.

અહીં તો કહે છે કે જ્ઞાનીને ઉપયોગ જરી બહાર જાય છે, પણ ત્યાં તેને રસ આવતો નથી. ભરતચક્રવર્તી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતા. ગૃહસ્થદશામાં, અસ્થિરતાના કારણે, ભોગોપયોગના પરિણામ આવતા હતા, પણ રાગનો રસ નહિ હોવાથી બીજી જ ક્ષણે અશુભોપયોગ પલટાવી સ્વરૂપસન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભવમાં આવી જતા હતા; કેમ કે તેમને અંદર લગની સ્વભાવની હતી, રાગનો પ્રેમ-રસ નહોતો. જ્ઞાનીને લગની સ્વભાવની છે તેથી બહાર આવતાં તેને બીજે ક્યાંય રસ લાગતો નથી. સમજવામાં આવ્યું? જ્ઞાનીને રાગમાં રસ હોતો નથી.

## વચનામૃત—૧૭૮

**પહેલાં ધ્યાન સાચું હોતું નથી. પહેલાં જ્ઞાન સાચું થાય છે કે—આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ બધાંથી જુદો હું છું; અંદરમાં વિભાવ થાય તે હું નથી; ઊંચામાં ઊંચા શુભભાવ તે હું નથી; બધાથી જુદો હું જ્ઞાયક છું. ૧૭૮.**

‘પહેલાં ધ્યાન સાચું હોતું નથી.’

શું કહે છે? આત્માનું સાચું જ્ઞાન થયા પહેલાં જે ધ્યાન કરવામાં આવે છે તે ધ્યાન સાચું હોતું નથી, તે તો 'હું ધ્યાન કરું છું' એવી માત્ર કલ્પના છે. પહેલાં જ્ઞાનમાં સત્યતા આવવી જોઈએ. રાગથી કલ્યાણ થશે, રાગ મારું કર્તવ્ય છે—એવા અસત્ય જ્ઞાનમાં સાચું ધ્યાન હોતું નથી. અહા! વાત તો જરા સૂક્ષ્મ છે. ભાઈ! માર્ગ આવો છે. ત્રિલોકીનાથ સીમંધર પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યાંથી આ (વચનામૃત) વાણી આવી છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે વિદેહક્ષેત્ર જઈને આવ્યા પછી સમયસાર વગેરે શાસ્ત્રો બનાવ્યા. અંગત વાત તમને ન બેસે, પણ બેન (બહેનશ્રી ચંપાબેન) મહાવિદેહથી આવ્યાં છે. અંગત વાત ન બેસે તો એક બાજુ રાખો. તત્ત્વ શું છે તે સાંભળો અને સમજો. અહાહા! જેમ શ્રી કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહમાં જઈને વાણી લાવ્યા, તેમ આ બેન પણ વિદેહની વાણી લાવ્યાં છે. આ બેન પણ ત્યાં પુરુષપણે હતાં. ત્યાં જરા ભૂલ થઈ ગઈ તેથી અહીંયાં સ્ત્રીપર્યાયમાં અવતાર થઈ ગયો છે. અહા! એમની આ વાણી તો જુઓ!

જીવ સમજ્યા વગર પહેલાં ધ્યાન કરવા જાય તો તેને સાચું ધ્યાન હોતું નથી. પહેલાં જ્ઞાન સાચું હોય છે પછી ધ્યાન સાચું થાય છે. રાગ વિભાવ છે, તેનાથી આત્માને સુખનો કાંઈ લાભ થતો નથી, સ્વભાવથી લાભ થાય છે—આમ પ્રથમ વિકલ્પવાળા જ્ઞાનમાં પણ સત્યતા આવવી જોઈએ.

**'પહેલાં જ્ઞાન સાચું થાય છે કે—આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ બધાંથી જુદો હું છું;'**

સમ્યગ્જ્ઞાન તો પછી, પણ જ્ઞાનના ઉઘાડમાં આ વાત સત્યપણે પહેલાં આવવી જોઈએ. સમયસારની ૧૩મી ગાથાની ટીકામાં કહ્યું છે કે—પ્રથમ પ્રમાણ, નય, નિક્ષેપથી વસ્તુનું સાચું જ્ઞાન થવું જોઈએ; હજી જ્ઞાનમાં જ વિપરીતતા હોય તો અંદરમાં કેવી રીતે જઈ શકે? પહેલાં નવ તત્ત્વનો પ્રમાણ, નય, નિક્ષેપથી સાચો ખ્યાલ આવે, પછી ભૂતાર્થનયના અવલંબન વડે તેમાંથી એકત્વ તારવીને તેમાં એકાગ્ર થતાં—અંદર એકત્વ-સ્વભાવમાં જતાં—ધ્યાન થાય છે.

કોઈ કહે કે—જિનપ્રતિમાની પૂજા મિથ્યાદૃષ્ટિને હોય છે, સમ્યગ્દર્શન થયા પછી હોતી નથી. ભાઈ! ન્યાયથી વિચારીએ તો, આત્માનુભૂતિ થયા પછી જ ભાવશ્રુતજ્ઞાન હોય છે. સાચો સ્થાપના-નિક્ષેપ પણ ભાવશ્રુતજ્ઞાનીને જ હોય છે. તેથી જિનપ્રતિમાની પૂજા પણ સાચા જ્ઞાનીને જ હોય છે. સાચા નય અને નિક્ષેપ જ્ઞાનીને જ હોય છે; અજ્ઞાનીને નય કે નિક્ષેપ એકેય સાચા હોતા નથી.

સ્વર્ગમાં પણ શાશ્વત જિનમંદિર ને જિનપ્રતિમા છે. જેમ કેવળજ્ઞાની પરમાત્મા ત્રણે

કાળ હોય છે, તેમ તેમની પ્રતિમા પણ લોકમાં ત્રણે કાળ હોય જ.

અહીં કહે છે કે—જેને પ્રથમ હજી વ્યવહાર-જ્ઞાનમાં પણ સત્યતા આવી નથી તેને અંદર પરમાર્થતત્ત્વનું સાચું ધ્યાન ક્યાંથી હોઈ શકે? વાત જરી અજાણી લાગે, પણ બાપુ! માર્ગ તો આ જ છે.

પહેલાં ધ્યાન સાચું હોતું નથી; પહેલાં જ્ઞાન સાચું હોય છે. શું કહ્યું? શરીર, વાણી તથા શરીરનાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વગેરે જે દેખાય છે તે હું નથી. એ બધાંથી જુદો હું છું. સાચું ધ્યાન થતાં પહેલાં આવું સાચું જ્ઞાન થવું જોઈએ.

**'અંદરમાં વિભાવ થાય તે હું નથી;'**

અંતરમાં દયા, દાન, વ્રત-તપ, ભક્તિ, તીર્થયાત્રાના તથા ગુરુસેવાના ભાવ થાય તે શુભરાગ છે, તે મારું શુદ્ધ સ્વરૂપ નથી, વિભાવભાવ છે. અંદર સાચું ધ્યાન—સમ્યગ્દર્શન થવા પહેલાં, વિકલ્પદશામાં પણ, આવું સાચું જ્ઞાન થવું જોઈએ. સાચા જ્ઞાન વિના અંદર ધ્યાનમાં સ્વરૂપસન્મુખ થઈ શકશે નહિ. અંદરમાં વિભાવ થાય તે હું નથી—એવા સત્ય સ્વરૂપથી વિરુદ્ધ જ્ઞાન હોય તો તેને સાચું ધ્યાન થઈ શકે નહિ.

**'ઊંચામાં ઊંચા શુભભાવ તે હું નથી; બધાથી જુદો હું જ્ઞાયક છું.'**

જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ હું નથી. તે શુભભાવ અપરાધ છે, દોષ છે, ગુનો છે. તે ભાવ સમ્યગ્દ્રષ્ટિને જ આવે, મિથ્યાદ્રષ્ટિને નહિ. સમ્યગ્દ્રષ્ટિને ઊંચામાં ઊંચો શુભભાવ આવે તે પણ બંધનું કારણ છે. ઊંચામાં ઊંચા શુભભાવ પણ હું નથી, હું તો બધાથી જુદો જ્ઞાયક છું.—એવું પહેલાં જ્ઞાનમાં સાચાપણું આવવું જોઈએ, એ વિના સમ્યગ્દર્શન કે સાચું ધ્યાન કદાપિ હોય નહિ.

❀ ❀ ❀

| |
|---|
| બેન (ચંપાબેન) તો જૈનનાં મીરાંબાઈ છે. ભાન સહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી. *—પૂજ્ય ગુરુદેવ* |

# પ્રવચન-૬૬

તા. ૧૬-૮-૭૮

## વચનામૃત—૧૭૯

**ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે. પણ તે તારાથી ન થાય તો શ્રદ્ધા તો બરાબર કરજે જ. તારામાં અગાધ શક્તિ ભરી છે; તેનું યથાર્થ શ્રદ્ધાન તો અવશ્ય કરવાયોગ્ય છે. ૧૭૯.**

વચનામૃતનો ૧૭૯મો બોલ છે, જરા સૂક્ષ્મ છે.

'ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે.'

સૂક્ષ્મ વાત છે ભગવાન! નિજ શુદ્ધ જ્ઞાયક આત્માને ધ્યેય બનાવી તેનું ધ્યાન કરવું તે સમ્યગ્દષ્ટિનું કર્તવ્ય છે. આ મૂળ ચીજ સૂક્ષ્મ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તે તો પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી, આત્માનું પરમાર્થ કર્તવ્ય નથી.

પ્રશ્ન :—ધર્મની દશા ક્યારે પ્રગટ થાય?

ઉત્તર :—ધ્રુવને ધ્યેયપણે ધારી ધીરજથી ધ્યાનની ધૂણી ધખાવે ત્યારે ધર્મ થાય. આવે છે ને—'ધુન રે ધુનિયા અપની ધુન, જાકી ધુનમેં પાપ ન પુન.' એક સમયની પર્યાયથી પણ જુદું પોતાનું જે પૂર્ણાનંદમય સ્વરૂપ તેના ઉપર લક્ષ કરીને, તેને ધ્યેય બનાવીને ધ્યાન કરવું તે સાધકનું કર્તવ્ય છે. આ વિના ધર્મ ત્રણ કાળમાં કદી થતો નથી. દ્રવ્યસંગ્રહની ૪૭મી ગાથામાં શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તીદેવે કહ્યું છે :

'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणि णियमा।'

બન્ને પ્રકારનો મોક્ષમાર્ગ મુનિ નિયમથી ધ્યાનમાં પ્રાપ્ત કરે છે. માટે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવને ધ્યાનમાં લઈ, ધ્રુવને ધ્યેય બનાવી, ધ્રુવને વર્તમાન પર્યાયનો વિષય બનાવી ધ્યાનની ધૂણી ધખાવવી તે ધર્મીનું કર્તવ્ય છે. વ્રતાદિના શુભ પરિણામ પણ આત્માનું કર્તવ્ય

નથી. સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન નિજ આત્માનું ધ્યાન લગાવવાથી પહેલાં સમ્યગ્દર્શન થાય છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ સ્વભાવે પૂર્ણ શુદ્ધ હોવા છતાં પર્યાયમાં તેને જે શુભાશુભ ભાવો થાય છે તે ધર્મ નથી, શુદ્ધ આત્મસ્વભાવના ઘાતક હોવાથી અધર્મ છે. શુભ તો ખરેખર અશુભની અપેક્ષાએ કહ્યું છે, બાકી બંને અશુદ્ધ જ છે, પરમાર્થે અશુભ છે. જન્મમરણનો અંત લાવવાની ચીજ અહા! એ વીતરાગ ધર્મ કોઈ અદ્ભુત છે! બાકી તો અનંત વાર ભક્તિ કરી, લાખો-કરોડો રૂપિયા દાનમાં વાપર્યા, ભગવાનનાં મોટાં મોટાં મંદિર બંધાવ્યાં, પણ ભાઈ! એમાં તેં કષાય મંદ કર્યો હોય તો શુભભાવ છે અને જે બહારની ક્રિયા થાય છે તે તો જડ પુદ્ગલની છે, તારાથી તે થતી નથી. માટે જો આત્મકલ્યાણ કરવું હોય, ૮૪ના અવતાર બંધ કરવા હોય, આત્માની સાધના કરવી હોય, તો અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવને ઓળખી, તેનું શ્રદ્ધાન કરી, તેમાં લીનતારૂપ ધ્યાન કરવું તે પ્રથમ કર્તવ્ય છે.

પ્રશ્ન :—આમાં તો બહારનું બધું ઊડી જાય છે!

ઉત્તર :—ભાઈ! આત્મા શું બહારનું કામ કરી શકે છે? આ બધું—તીર્થફંડ કરવું, મંદિરો બનાવવા, પ્રતિષ્ઠાઓ કરવી વગેરે—જડની ક્રિયા છે, તેમાં આત્મા શું કરે? તે પરની ક્રિયા ટાણે કદાચિત્ શુભભાવ હોય તો તે પણ રાગ છે, દુઃખ છે. પ્રભુનો માર્ગ તો તેનાથી ભિન્ન છે.

પ્રશ્ન :—શુભભાવના ફળમાં અનુકૂળ પદાર્થ તો મળે ને?

ઉત્તર :—તે અનુકૂળ ક્યાં હતા? તે તો માત્ર જ્ઞેય છે, તેમાં અનુકૂળપણું ક્યાંથી લાવ્યો? અનુકૂળ કહેવું કોને? પર પદાર્થ જ્ઞાનના જ્ઞેય છે, તેમાં આ ઈષ્ટ કે અનિષ્ટ એવું છે નહિ. અહા! આ તો મુદ્દાની રકમ છે. નિજ જ્ઞાયક સત્ત્વને ઓળખી તેમાં સ્થિરતા કરવી તે જ કરવા જેવું છે, પણ તે અનાદિથી ક્યારેય કર્યું નથી. મંદિર જવું, ભગવાનની પૂજા-ભક્તિ કરવી વગેરે બહારની ક્રિયામાં અજ્ઞાની ધર્મ માને છે, પણ ધૂળમાંય તે ધર્મ નથી. ધર્મ કોને કહેવો તે ત્રિલોકનાથ જિનેશ્વરની દિવ્ય ધ્વનિમાં જે આવ્યું છે, સંતો તે કહે છે અને તે જ બેનની વાણીમાં આવ્યું છે. અહાહા! આ (વચનામૃત) પુસ્તક તો જોયું છે ને? આ તો ('આત્મધર્મ'ના ગ્રાહકોને) બધાને ભેટ આપ્યું છે.

અહા પ્રભુ! એક વાર સાંભળ તો ખરો તારી પ્રભુતાની વાતો. આચાર્યદેવ તને 'ભગવાન' તરીકે સંબોધન કરીને ઉપદેશ આપે છે. સમયસારની પહેલી ગાથાની ટીકામાં કહ્યું છે : મારી પર્યાયમાં તો મેં અનંત સિદ્ધોને સ્થાપ્યા છે, ને હે શ્રોતાઓ! તમારી પર્યાયમાં, અલ્પજ્ઞતા હોવા છતાં, 'દ્રવ્ય-અપેક્ષાએ સિદ્ધ સમાન શુદ્ધ છું'—એમ અનંત

સિદ્ધોને સ્થાપો; રાગને નહિ, રાગ તો સ્વભાવથી ભિન્ન છે. વાત જરા ઝીણી છે, પ્રભુ! ચાલતા પંથથી સર્વજ્ઞ ભગવાનનો માર્ગ કોઈ જુદી જાતનો છે. અહા! જૈનધર્મ એટલે શું? જૈનધર્મ પૂર્ણતઃ આત્માનુભૂતિ પર આધારિત છે. જેમાં ગુરુનો ઉપદેશ વગેરે બાહ્ય નિમિત્તો પરમાર્થે અકિંચિત્કર છે. નિમિત્તના લક્ષથી જે જ્ઞાન થયું તેનાથી પણ આત્માનું ભાન થતું નથી. પરલક્ષી જ્ઞાન પણ વાસ્તવિક જ્ઞાન નથી, તેનાથી ધર્મ થતો નથી.

આત્માનુભૂતિ એ જ જૈનધર્મ છે. અહા! આ મૂળ મુદ્દાની વાત અહીં જૈનકુળમાં જન્મેલાને પણ ખબર નથી. 'નિર્વાણ' શું છે તેની પણ ખબર નથી. આત્મામાં નિર્વાણ છે. આત્મવસ્તુ મુક્તસ્વરૂપ—નિર્વાણસ્વરૂપ જ છે. સમયસારમાં (૧૯૮મા કળશમાં) આવે છે ને—'स हि मुक्त एव।' ભગવાન આત્મા બંધ તેમ જ શુભાશુભ રાગથી રહિત મુક્તસ્વરૂપ જ છે. અહાહા! તારી પ્રભુતા! તે પ્રભુતા એટલી અપાર છે કે તેની અંદર દૃષ્ટિ કરવા માટે વિકલ્પ કે કોઈ અન્ય કારણની જરૂર નથી—એવી તેનામાં એક અકાર્યકારણત્વ નામની ત્રૈકાળિક શક્તિ છે. આ શક્તિને લીધે જ્ઞાયકની દૃષ્ટિ કરવામાં, ધ્યાન કરવામાં શુભ રાગ કે વ્યવહારની મદદ હોય તો સમ્યગ્દર્શન અને આત્માનું ધ્યાન થઈ શકે—એમ વસ્તુસ્વરૂપમાં જ નથી. સમજાણું કાંઈ?

લોકોને આવા વસ્તુસ્વરૂપની ખબર નથી; આત્માની સમજણ વિના બિચારા એમ ને એમ જિંદગી વેડફી નાખે છે.

પ્રશ્ન :—'બિચારા'! મોટા રાજા ને શેઠિયા હોય તે પણ બિચારા! તેમને 'બિચારા' કોણ કહે?

ઉત્તર :—શાસ્ત્ર તેમને 'वराकाः'—બિચારા કહે છે. અંદર પોતાની ચીજ જે અનંત આનંદ, અનંત જ્ઞાન વગેરે સમૃદ્ધિથી ભરી છે તેનું ભાન ને કિંમત નથી, તે પછી ભલે અબજોપતિ શેઠિયો હો, ઈંદ્ર હો કે નગ્ન દિગંબર સાધુ હો તે બધા 'वराकाः'—બિચારા છે, નિજ આત્મબાદશાહને ભૂલી ગયા છે. સમયસારમાં (કળશ-૨૦૨) કહ્યું છે :

ये तु स्वभावनियमं कलयन्ति नेम-<br>
मज्ञानमग्नमहसो बत ते वराकाः।<br>
कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-<br>
कर्ता स्वयं भवति चेतन एव नान्यः।।

આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે : અરેરે! જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી તેઓ બિચારા, જેમનું પુરુષાર્થરૂપ તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા,

શુભાશુભ પરિણામરૂપ કર્મને કરે છે; તેથી ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે, અન્ય કોઈ નહિ.

અહા! નિર્ગ્રંથ મુનિને ક્યાં કોઈની પડી છે કે લોકોને ઠીક લાગશે કે નહિ. એ તો નગ્ન મુનિરાજ છે, નાગા બાદશાહથી આઘા (-અધિક). બાદશાહ હો કે અબજોપતિ હો—એ બહારની લક્ષ્મી ધૂળ છે. પ્રભુ! તારી લક્ષ્મી તો અંદર તારા આત્મામાં ભરી પડી છે. તારામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, શીલ, સ્વચ્છત્વ, કર્તૃત્વ, ચિતિ, દશિ, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, પ્રકાશત્વ, અસંખ્યપ્રદેશત્વ, ત્યાગોપાદાનશૂન્યત્વ, પરિણમ્યપરિણામકત્વ, અગુરુલઘુત્વ—એવી એવી અનંત શક્તિઓ છે. આવી બેહદ અમાપ અનંત શક્તિઓનો પિંડ તું છો. તેને ધ્યાનમાં લેતાં, અભેદ નિજ તત્ત્વમાં એકાગ્રતા કરતાં, ધ્યાનની પર્યાય નિર્વિકલ્પ થઈ જાય છે. અહા! તે અભેદ જ્ઞાયકતત્ત્વના આશ્રય વિના સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન ધર્મનું પહેલું સોપાન છે.

અહીં બેને કહ્યું છે કે—નિજ આત્મસ્વરૂપનું ધ્યાન તે ધર્મી જીવનું કર્તવ્ય છે.

**‘પણ તે તારાથી ન થાય તો શ્રદ્ધા તો બરાબર કરજે જ.’**

જો અંદર ધ્યાનમાં ન જઈ શકે તો શ્રદ્ધા તો એવી અવશ્ય રાખજે કે અંતરમાં જવું, અંદર સ્વરૂપમાં એકાગ્ર થઈ ઊંડું ઊતરવું તે ધ્યાન છે અને તે જ કર્તવ્ય છે. અંદર પૂર્ણાનંદનો નાથ જે નિજ જ્ઞાયક પરમાત્મા તેના ધ્યાનમાં જવું તે જ મોક્ષનો માર્ગ છે; બાકી બધું થોથાં છે.—એવી શ્રદ્ધા તો જરૂર કરજે; એ વિના રસ્તો તારા હાથમાં નહિ આવે.

**‘તારામાં અગાધ શક્તિ ભરી છે; તેનું યથાર્થ શ્રદ્ધાન તો અવશ્ય કરવાયોગ્ય છે.’**

પ્રભુ! તારામાં અનંત અનંત અગાધ શક્તિઓ ભરી પડી છે. સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ આનંદ, સહજ વીર્ય આદિ અનંત ગુણો—જેના સ્વભાવની અનંતતાનો કોઈ પાર નથી એવી અનંત અનંત શક્તિઓ—તારામાં સદા વિદ્યમાન છે. તારામાં તારો બધો વૈભવ ભરપૂર પડ્યો છે, તેમાં કાંઈ પણ બહારથી લાવવાનું નથી. સમસ્ત વિશ્વને એક સમયમાં જાણનાર એવા અનંત સામર્થ્યવાળી કેવળજ્ઞાનની એક સમયની પર્યાય અને એવા બીજા અનંત ગુણોની એક સમયમાં પરિપૂર્ણ પર્યાય—એ બધું પ્રગટવાની અગાધ શક્તિ તારામાં છે. પ્રભુ! તું બીજે ક્યાં શોધવા જાય છે? અરેરે! કસ્તૂરી છે પોતાની નાભિમાં ને હરણ ગોતવા દોડે છે જંગલમાં! આ જીવ પણ, શક્તિ છે અંદરમાં ને ગોતવા જાય

છે બહારમાં. એ પણ હરણ જેવો જ છે—'**मनुष्यरूपेण मृगाश्चरन्ति**'. પોતાની અગાધ શક્તિની પ્રતીતિ અને જ્ઞાન નથી તે, રાગ ને પરને પોતાનું માનીને, મૃગની જેમ, ચાર ગતિમાં રખડે છે.

આત્માના અનુભવ વિના મુનિપણું લીધું, અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા, પણ એ કંઈ ચીજ છે? ચીજ તો, જેમાં અનંત અનંત જ્ઞાન, આનંદ આદિ અગાધ શક્તિઓ ભરી પડી છે એવી નિજ જ્ઞાયકવસ્તુ છે. છ ઢાળામાં કહ્યું છે :

મુનિવ્રત ધાર અનન્ત બાર ગ્રીવક ઉપજાયૌ;
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.

પાંચ મહાવ્રત, પાંચ સમિતિ વગેરે અઠ્ઠાવીસ મૂળગુણના વિકલ્પ પણ રાગ છે ને દુઃખ છે. જેને આનંદ આદિ અગાધ શક્તિઓનો પિંડ પ્રભુ આત્માનો દૃષ્ટિમાં સ્વીકાર હોય અને તેનો મહિમા લાવીને અંદરમાં વિશ્વાસ આવ્યો હોય, પર્યાય, રાગ ને નિમિત્તથી રુચિ છૂટી ગઈ હોય તે આ અંતર્મુખ સ્વભાવના વિશ્વાસથી સ્વ તરફ લક્ષ કરે, જ્ઞાયક નિજ તત્ત્વનું ધ્યાન કરે; તો તેને અંતરમાં સમ્યગ્દર્શન—અનંત આનંદ ખીલશે. પણ અરેરે! એની કોને પડી છે! આ બહારમાં, ખાવા-પીવામાં, બાયડી-છોકરાંની પળોજણમાં પાપ કરીને જિંદગી વેડફી નાખે. ત્યાં ધર્મ તો નથી પણ પુણ્ય પણ નથી. અહીં તો કહે છે કે—પુણ્યપાપના ભાવથી રહિત તારામાં જ્ઞાન, આનંદ વગેરે અનંત અગાધ શક્તિ ભરી પડી છે, તેનું યથાર્થ શ્રદ્ધાન તો અવશ્ય કરવાયોગ્ય છે.

અહા, બેનની વાણી! આવા તો ૪૩૨ બોલ છે, તેમાં આ ૧૭૯મો બોલ છે. બેન ક્યારેક બોલ્યાં હશે ને બ્રહ્મચારી દીકરિયુંએ લખી લીધું હશે. તેમાંથી તારવીને તેમના ભાઈ હિંમતભાઈએ આ બનાવ્યું ને બહાર આવ્યું. જ્યાં આ પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) હાથમાં આવ્યું, વાંચ્યું ને રામજીભાઈને કહ્યું : 'ભાઈ! આનાં (વચનામૃતનાં) લાખ પુસ્તકો છપાવો.' સંસ્થા તરફથી વીસ લાખ પુસ્તકો છપાયાં છે, તેમાં મેં કોઈ દી કહ્યું નથી કે—પુસ્તકો છપાવો કે મકાનો બનાવો. હું તો માત્ર તત્ત્વની જ વાત કરું છું. એ તો રામજીભાઈ કરે છે, લોકો તેમના ભાવથી કરે છે.

આજે એક શાસ્ત્રીનો પત્ર આવ્યો છે. તે લખે છે : મહારાજ! આપનાથી અધ્યાત્મધર્મનો પ્રચાર બહુ થયો, પણ તે જૈનો સુધી સીમિત રહ્યો. બ્રાહ્મણ, હિન્દુઓ, ખ્રિસ્તી વગેરે બધામાં તેનો પ્રચાર થાય તે માટે આપના ઉપદેશની બોલતી ફિલ્મ બનાવો.

અરે ભાઈ! મેં તો ક્યારેય પરમાં કાંઈ કર્યું જ નથી. હું પ્રચાર કરવા આવ્યો જ નથી. હું તો મારા આત્માનું કરું છું. આવે છે તેથી આ વાત આવે છે. હું તો નથી કાંઈ બનાવતો કે નથી કાંઈ રચતો.

'ફિલ્મ બનાવો, હજારો ગાયનો બનાવો તો તમારું નામ રહે.'

'ભાઈ! અમારે નામ છે જ ક્યાં? અમે તો આત્મા છીએ. અને તે તો એક સમયની પર્યાયની સમીપમાં પર્યાયથી ભિન્ન શુભાશુભ રાગથી ભિન્ન, શરીર-વાણી-લક્ષ્મી તથા નામથી પણ ભિન્ન અંદર પાતાળમાં પડેલી જ્ઞાયક વસ્તુ છે.' આત્મવસ્તુ પોતાનું ધ્રુવ પરિપૂર્ણ સામર્થ્ય રાખીને સદા રહી છે, તે કાંઈ આખી એક સમયની પર્યાયમાં આવી ગઈ નથી. અરેરે! તત્ત્વની આવી વાત જીવને ક્યાંય સાંભળવાય ન મળે! જીવન ચાલ્યું જાય છે, મોતનાં નગારાં માથે વાગે છે. એક સમય એવો આવશે કે તારું આ રૂપાળું શરીર ધૂળ—રાખ થઈ જશે.

જિમ તેતર ઉપર બાજ, મચ્છ પર બગલો રે;
તારી કંચનવરણી કાય, ઢળી થશે ઢગલો રે.

મોત પહેલાં ચેતવણી આપીને નહિ આવે કે—'હું આવું છું, તૈયારી કર'. શું મોત એવું કહીને આવે છે? દેહ જડ છે, સંયોગી છે, તે તો તેની મુદત પૂરી થતાં છૂટો પડી જ જશે.

અહીં કહે છે : દેહથી ને રાગ આદિથી ભિન્ન, જ્ઞાન આનંદ આદિ અગાધ શક્તિથી ભરપૂર એવા નિજ શુદ્ધ જ્ઞાયક આત્માની યથાર્થ શ્રદ્ધા તો જરૂર કરવાયોગ્ય છે.

❁

## વચનામૃત—૧૮૦

**અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે. જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે, ભેદવાદો બધા છૂટી જાય છે. ઓળખવા માટે 'ચેતન કેવો છે', 'આ જ્ઞાન છે', 'આ દર્શન છે', 'આ**

**વિભાવ છે', 'આ કર્મ છે', 'આ નય છે' એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહિ, અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. ૧૮૦.**

'અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે.'

શું કહે છે? જ્ઞાનની વર્તમાન પરિણતિનો વ્યાપાર અંદર ધ્રુવ તળમાં જાય ત્યારે બધા નયપક્ષ—હું શુદ્ધ છું, અબદ્ધસ્પૃષ્ટ છું, પરિપૂર્ણ છું કે હું પર્યાયવાળો છું, એ બધા વિકલ્પો, રાગમિશ્રિત વિચારો—છૂટી જાય છે. 'પર્યાયમાં હું રાગવાળો છું' એ વ્યવહારનો નયપક્ષ તો છૂટી જાય જ છે, પણ 'હું રાગ રહિત શુદ્ધ છું' એ નિશ્ચયનો નયપક્ષ—વિકલ્પ પણ છૂટી જાય છે.

અરેરે! આ ભરતક્ષેત્રમાં સર્વજ્ઞ પ્રભુની અત્યારે ગેરહાજરી છે, મહાવિદેહમાં શ્રી સીમંધર પ્રભુ બિરાજે છે; તેમણે જે કહ્યો તે આ માલ છે. જગતને બેસે કે ન બેસે, પણ વસ્તુસ્વરૂપ તો આ છે. આ ભરતક્ષેત્રમાં સર્વજ્ઞપર્યાયની ઉત્પત્તિના વિરહ પડ્યા, મનઃપર્યય ને અવધિજ્ઞાન આદિની ઉત્પત્તિનો વિરહ પડી ગયો. તેમાં આવો વીતરાગ મોક્ષમાર્ગ નિર્મળ મતિ-શ્રુતજ્ઞાનની પર્યાયથી જાણવામાં આવે છે, માત્ર એકલા શાસ્ત્રજ્ઞાનથી જ જણાય છે એમ પણ નહિ. 'હું શુદ્ધ ચૈતન્ય છું, રાગાદિના વિભાવો રહિત અભેદ છું, અખંડ છું', એવી જે અંદર વૃત્તિ ઊઠે છે તે પણ, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા અંતર ધ્યાનમાં જાય ત્યારે તે નયવિકલ્પ પણ, છૂટી જાય છે.

આ વાત ઝીણી લાગે, અઘરી પડે, પણ પ્રભુ! બીજું શું કહીએ? માર્ગ તો ત્રણે કાળે આ જ છે, તમને ન રુચે તો માફ કરજો, અમારી પાસે આત્મા અને આત્માના અનુભવ સિવાય બીજી વાત છે નહિ. શ્રી પદ્મનન્દિ-આચાર્ય બ્રહ્મચર્યનો અધિકાર વર્ણવતાં કહે છે : હે યુવાનો-યુવતીઓ! તમને—વિષયવાસનાના રંગમાં ફસાયેલાને—મારો આ, વિષયરાગના વિરમણસ્વરૂપ અને નિજાનંદનાથમાં રમણસ્વરૂપ બ્રહ્મચર્યનો ઉપદેશ ન રુચે તો માફ કરજો. હું તો મુનિ છું, તમે અમારી પાસે બીજી શી આશા રાખશો?

વીતરાગ પ્રભુનો માર્ગ તો આ છે. સમ્યગ્દર્શન થતાં આત્મા જ્યારે અનુભવમાં આવે છે ત્યારે કોઈ પણ નયપક્ષના વિકલ્પ હોતા નથી, માત્ર અતીન્દ્રિય જ્ઞાનાનંદનો અભેદ રસાસ્વાદ હોય છે. આવું સમ્યગ્દર્શન ધ્યાનમાં પ્રાપ્ત થાય છે, વિકલ્પથી કે બહારમાં 'આ માનવું ને તે માનવું' એવી રાગની ક્રિયાથી પ્રાપ્ત થતું નથી. દ્રવ્યસંગ્રહમાં

કહ્યું છે : 'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि...' મોક્ષનો હેતુ—સમ્યગ્દર્શન વગેરે—અંદર ધ્યાનમાં જ પ્રાપ્ત થાય છે.

**'જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે, ભેદવાદો બધા છૂટી જાય છે.'**

આત્મા જેવો છે તેવો અંદર અનુભવમાં આવે ત્યારે 'હું ધ્રુવ છું, જ્ઞાયક છું, શુદ્ધ છું' વગેરે વિકલ્પો અટકી જાય છે. જેમ ગુફામાં જવું હોય તો ગુફાના પ્રવેશદ્વાર સુધી મોટર, ઘોડાગોડી કે રથ વગેરે વાહન આવે, પછી તો તેણે વાહન છોડી એકલા અંદર જવું પડે; તેવી રીતે, જીવ ત્રિકાળી સહજ જ્ઞાયક ગુફામાં—નિજ આત્મસ્વરૂપમાં અંદર જાય છે ત્યારે તેને 'હું શુદ્ધ છું, બુદ્ધ છું' એવા વિકલ્પનાં વાહન છૂટી જાય છે. શું કહ્યું? વિકલ્પ ઊઠે છે તે વાહન છે; વિકલ્પરૂપ વાહન અંદર ચૈતન્યગુફામાં જવા માટે કામમાં આવતું નથી. વિકલ્પથી છૂટી જીવ પોતે એકલો અંદર જ્ઞાયકગુફામાં જાય છે. આઠ વર્ષની બાલિકા હોય કે સાતમી નરકનો નારકી હોય, પણ જ્યારે તે સમકિત પામે છે—અંદર આત્મગુફામાં જાય છે ત્યારે તેને પણ—નારકીને એટલાં ભીષણ દુઃખો વચ્ચે પણ—'હું દેહથી, પીડાથી ને વિકલ્પથી ભિન્ન શુદ્ધ જ્ઞાયક આનંદમૂર્તિ છું' એવા વિકલ્પરૂપ વાહન છૂટી જાય છે, પોતે ભેદના વિકલ્પોથી ન્યારો થઈને એકલો અંદર સ્વાનુભૂતિની શીતળતાયુક્ત ચૈતન્યગુફામાં જાય છે.

જેમ પચાસ-પચાસ મણની બરફની પાટ શીતળ-શીતળ હોય છે, તેમ આ આત્મા અંદર અવિકારી અતીન્દ્રિયચૈતન્યમય શીતળ સ્વભાવની પાટ પડી છે. બરફની શીતળતા જડ છે, આ સ્વાનુભવની શીતળતા ચેતન છે. અહા! આ દેહ ને કર્મના રજકણોથી ભિન્ન, પુણ્ય ને પાપના ભાવોથી ભિન્ન અને 'હું શુદ્ધ છું, અભેદ છું ને અખંડ છું' એવા વિકલ્પથી પણ ભિન્ન સહજ જ્ઞાયકતત્ત્વ હું છું. તે જ્ઞાયકતત્ત્વમાં પ્રવેશવા માટે પ્રથમ તે પ્રકારના વિકલ્પ આવે, પણ તે વિકલ્પ છોડી અંદર સ્વરૂપમાં જાય ત્યારે આત્માનો અનુભવ થાય છે. આ તો હજી ચોથા ગુણસ્થાનની—ધર્મની શરૂઆતની—વાત છે. પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનની બાપુ! એ તો કોઈ અલૌકિક વાત છે! અહીં કહે છે કે—ચૈતન્યની ગુફામાં જીવ સ્વયં એકલો અંદર જાય છે; ત્યાં બધા ભેદભાવ છૂટી જાય છે. શું કહે છે? શુભાશુભ વિકલ્પો તો છૂટી જાય છે, પણ 'હું ગુણી છું ને તેમાં જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણો છે' એવો ભેદ પણ છૂટી જાય છે.

સમયસારની ૧૧મી ગાથાના ભાવાર્થમાં કહ્યું છે : (૧) પ્રાણીઓને ભેદરૂપ

વ્યવહારનો પક્ષ—રાગ, પર્યાય ને ભેદના આશ્રયથી લાભ થશે એવો આગ્રહ—તો અનાદિ કાળથી જ છે; (૨) શુભ રાગથી લાભ થશે, વ્યવહાર આચરણથી અંદરમાં લાભ થશે, એવો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે; (૩) વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે, પણ એ વ્યવહારના આશ્રયનું ફળ સંસાર જ છે. તેથી ઉપકારી જ્ઞાની ગુરુએ શુદ્ધનયના આશ્રયનું ફળ મોક્ષ જાણી તેનો ઉપદેશ પ્રધાનતાથી આપ્યો છે.

'ઓળખવા માટે 'ચેતન કેવો છે', 'આ જ્ઞાન છે', 'આ દર્શન છે', 'આ વિભાવ છે', 'આ કર્મ છે', 'આ નય છે' એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.'

વસ્તુસ્વરૂપ ઓળખવા માટે પહેલાં વિકલ્પો આવે—પ્રમાણ, નય ને નિક્ષેપના તથા 'આ ચેતન છે, જાણવું-દેખવું તેનો સ્વભાવ છે; શુભાશુભ રાગ ભાવ સ્વભાવથી વિરુદ્ધ વિભાવ છે; કર્મ છે, કર્મ છે તે જડ છે, હું તેનાથી ભિન્ન શુદ્ધ જ્ઞાયક છું' એવા વિકલ્પો આવે—પણ જ્યાં અંદર ચૈતન્યગુફામાં પ્રવેશ કરે ત્યાં તે બધા ભેદ વિકલ્પો છૂટી જાય છે.

અહા! લોકો આ વાત સમજે નહિ તેથી તેમને સોનગઢનું 'એકાન્ત' લાગે. તેમને એમ લાગે છે કે—વ્રત, તપ, ભક્તિ ને વ્યવહારથી કલ્યાણ થાય એમ તો કહેતા નથી અને અંદર એકલા નિજ આત્માના આશ્રયથી કલ્યાણ થાય એમ કહે છે; માટે તે એકાન્ત નિશ્ચય છે. તેમને સમ્યક્ નિશ્ચયની વાત ન સમજાય તેથી તેઓ 'એકાન્ત' કહે તો ભલે કહો, પ્રભુ! પણ કલ્યાણનો માર્ગ તો આ એક જ છે. અંદર ચૈતન્ય-આનંદકંદની દૃષ્ટિ કરીને એમાં જ્યારે નિમગ્ન થાય છે ત્યારે વ્યવહારના બધા ભેદભંગ છૂટી જાય છે, એકલો આનંદમય આત્માનુભવ રહી જાય છે, ને ત્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. આવો પ્રભુનો માર્ગ છે. પ્રભુનો આ પોકાર છે. અહા! બેન કહે છે તે ભગવાન કહે છે અને ભગવાન કહે છે તે બેન કહે છે.

સમયસારની ૧૪૨મી ગાથાની ટીકામાં આવેલા ૭૦મા કળશના ભાવાર્થમાં કહ્યું છે : આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. 'હું બદ્ધ છું' વગેરે વ્યવહારનયનો તો નિષેધ કરતા જ આવ્યા છીએ, પણ 'હું અબદ્ધ છું, શુદ્ધ છું, અખંડ છું' એવા જે નિશ્ચયનયના વિકલ્પ ઊઠે છે તેનો પણ અમે નિષેધ કરીએ છીએ; કેમ કે સ્વરૂપમાં પેસવા માટે તે વિકલ્પો કાર્યકારી થતા નથી. આવા વિકલ્પો સુધી આવ્યો પણ 'તેથી શું?' તેમાં તારા આત્માને શો લાભ થયો? જ્યારે અંદર સ્વરૂપમાં પ્રવેશ કરે છે, આનંદના

નાથનો અનુભવ કરે છે, ત્યારે તે બધા વિકલ્પો છૂટી જાય છે.

'એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહિ, અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.'

વ્યવહારના ભેદો, નયવિકલ્પના પક્ષોને—એક એક નયપક્ષને, એક એક વિકલ્પને—વારાફરતી છોડવા જાય તો એ છૂટતા નથી, પણ અંદર જ્ઞાનાનંદ સ્વભાવમાં જ્યાં એકાગ્રતા થાય છે ત્યાં બધા નયવિકલ્પો એકસાથે છૂટી જાય છે. અહા! આવો ઉપદેશ? પ્રભુ! મારગ તો આ છે; તેનો, જેમ છે તેમ, પ્રથમ નિર્ણય તો કરવો જોઈએ ને! સમજાણું કાંઈ? અંદર જ્ઞાયકસ્વરૂપમાં જવાથી બધા વિકલ્પ છૂટી જાય છે, એક-એક ગણી ગણીને વિકલ્પ છોડવા પડતા નથી. અંદર જ્ઞાયકપ્રભુમાં ઝૂકવાથી, મગ્ન થવાથી, બધા વિકલ્પો છૂટી જાય છે, ને આત્માનુભવ પ્રાપ્ત થાય છે. તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. બાકી બધાં વાતોનાં થોથાં છે.

સહજ ચિદાનંદ.

શ્રાવણ વદ ૨, સં. ૨૦૨૦

અરે! આ જીવ (બહેનશ્રી ચંપાબેન) તો કોઈ અલૌકિક છે! વધારે બોલતાં નથી એટલે કંઈ છે નહિ એમ નથી. આ તો ગંભીર દ્રવ્ય છે!—*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન–૬૭

તા. ૧૭-૮-૭૮

## વચનામૃત—૧૮૧

**નિર્વિકલ્પ દશામાં ‘આ ધ્યાન છે, આ ધ્યેય છે’ એવા વિકલ્પો તૂટી ગયા હોય છે. જોકે જ્ઞાનીને સવિકલ્પ દશામાં પણ દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે, તોપણ પંચ પરમેષ્ઠી, ધ્યાતા-ધ્યાન-ધ્યેય ઈત્યાદિ સંબંધી વિકલ્પો પણ હોય છે; પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે, શુભાશુભ વિકલ્પો રહેતા નથી. ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે.—એવો માર્ગ છે. ૧૮૧.**

“નિર્વિકલ્પ દશામાં ‘આ ધ્યાન છે, આ ધ્યેય છે’ એવા વિકલ્પો તૂટી ગયા હોય છે.”

વિષય જરા સૂક્ષ્મ છે. અનાદિ કાળમાં અનંત અવતાર ધારણ કર્યા, અનંત વાર મુનિપણું ધારણ કર્યું, પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ વગેરેનું નિર્દોષ પાલન કર્યું, પણ જ્ઞાનાનંદમૂર્તિ નિજ આત્મા શી ચીજ છે અને તેના આશ્રયે પ્રગટ થતું જે સમ્યગ્દર્શન તે શી ચીજ છે—તેનું સાચું ભાન કદી પ્રગટ કર્યું નથી. જ્ઞાયક આત્માની દૃષ્ટિ અને અનુભવ એક સેકંડ પણ કદી કર્યો નથી. પ્રભુ! તેના વિના જન્મમરણનાં દુઃખ મટશે નહિ.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન પ્રગટે ત્યારે શું થાય?

ઉત્તર :—સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત છે, પ્રથમ સોપાન છે. તે પ્રગટ થતાં, અંદર પૂર્ણાનંદ જ્ઞાયક આત્માની દૃષ્ટિ થતાં, નિર્વિકલ્પ સ્વાનુભવદશામાં ‘અંતરમાં આ એકાગ્ર થવું તે ધ્યાન છે અને આ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક તે ધ્યેય છે’ એવા વિકલ્પ

પણ છૂટી જાય છે, અભેદ જ્ઞાયકનો અતીન્દ્રિય આનંદરસ અનુભવમાં આવે છે. ઝીણી વાત છે ભાઈ! ક્યારેય સાંભળી નથી, પરિચય કર્યો નથી, ત્યાં અનુભવવાની તો વાત જ ક્યાં રહી? અંતરમાં જ્યારે નિર્વિકલ્પ ધ્યાન થાય ત્યારે સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ પ્રગટે છે.

શુભાશુભ ભાવ બંધનું કારણ છે. આત્મજ્ઞાન થયા પછી પણ, મુનિને જે વ્રતાદિના શુભભાવ આવે છે તે પ્રમાદભાવ સંસારનું કારણ છે. અરેરે! જીવ કદી આત્મસ્વરૂપને સમજ્યો નહિ અને ધર્મના નામે પુણ્ય કરી ૮૪ લાખ યોનિમાં જન્મમરણ કરી દુઃખી થયો. સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં અનંત વાર મનુષ્યપણું પામ્યો, અનંત વાર મોટો અબજોપતિ શેઠિયો થયો, પણ 'હું કોણ છું? મારું ખરું સ્વરૂપ શું છે? ક્યાંથી આવ્યો છું અને ક્યાં જઈશ?' તે વાત સાંભળવાનો વખત લીધો નહિ. કદીક પાપભાવ છોડી પુણ્યભાવ કરે, પણ તે પણ સંસારમાં પરિભ્રમણનું કારણ છે. શુભરાગથી પણ રહિત અંદર જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું લક્ષ બાંધીને અંદર શ્રદ્ધાન-જ્ઞાન થતાં નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિના કાળમાં ધ્યાન ને ધ્યેયનો વિકલ્પ પણ છૂટી જાય છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ રહી જાય છે; તેને ધર્મ કહે છે, અને તે ભવપરિભ્રમણના અંતનું કારણ છે.

'જોકે જ્ઞાનીને સવિકલ્પ દશામાં પણ દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે, તોપણ પંચ પરમેષ્ઠી, ધ્યાતા-ધ્યાન-ધ્યેય ઇત્યાદિ સંબંધી વિકલ્પો પણ હોય છે; પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે, શુભાશુભ વિકલ્પો રહેતા નથી.'

'હું જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ પૂર્ણ પરમાત્મપદાર્થ છું' એવી અંતરમાં દૃષ્ટિ તથા અનુભૂતિ હોવા છતાં પણ જ્ઞાની ધર્માત્માને સવિકલ્પ દશામાં અશુભ તેમ જ શુભ રાગ આવે છે. જ્યાં સુધી સંપૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી ધર્મીને પણ અરિહંત આદિ પંચ પરમેષ્ઠી, વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પર પ્રત્યે લક્ષ જાય છે, તેમની ભક્તિ, પૂજા તેમ જ સ્મરણ વગેરેના શુભભાવ આવે છે, ધ્યાતા-ધ્યાન-ધ્યેય ઇત્યાદિના વિકલ્પો પણ ઊઠે છે, પરંતુ અંતર્મુખ થઈ નિર્વિકલ્પ આત્માનુભૂતિ થતાં એ બધા વિકલ્પો છૂટી જાય છે.

સવિકલ્પ દશા વખતે પણ જ્ઞાનીને દૃષ્ટિ તો નિરંતર નિજ ધ્રુવ જ્ઞાયક પરમાત્મતત્ત્વ પર જ હોય છે. શુભાશુભ ભાવો આવે પણ અંદરમાં તેનું જરા પણ સ્વામિત્વ નથી, ઊંચામાં ઊંચા શુભભાવ પ્રત્યે પણ અંતરમાં હોંશ નથી.

પ્રશ્ન :—જૈનધર્મ આવો હોય?

ઉત્તર :—જૈનધર્મ એટલે વસ્તુનો ધર્મ, આત્માનો ધર્મ. જૈનધર્મ એ કોઈ પક્ષ, સંપ્રદાય કે વાડો નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પર નિમિત્તનું તેમ જ રાગનું લક્ષ છોડી, વર્તમાન એક સમયની પર્યાયનું લક્ષ છોડી, 'હું જ ધ્યાતા, ધ્યાન ને ધ્યેય છું' એવા વિકલ્પ પણ છોડી, અંદર પોતાના પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માનું ધ્યાન થાય ત્યારે સમસ્ત વિકલ્પજાળ છૂટીને સમ્યગ્દર્શન થાય છે, સ્વાત્માનુભૂતિ થાય છે. નિર્વિકલ્પ દશામાં લાંબો કાળ રહી શકે નહિ તેથી વિકલ્પ આવે છે, પરંતુ તે સમયે પણ દૃષ્ટિ તો નિરંતર સ્વ-પરમાત્મતત્ત્વ પર જ છે, સંયોગ, રાગ કે પર્યાય પર નહિ.

અરેરે! આ વાત જીવે કદી સાંભળી નથી, સાંભળવાનો મોકો મળ્યો તો તેણે આત્માને સમજવાની દરકાર કરી નથી. અનંત વાર મનુષ્ય થયો, અનંત વાર મહાવિદેહક્ષેત્રમાં જન્મ્યો, ભગવાનનાં સમવસરણમાં પણ અનંત વાર ગયો, પણ દેહ અને રાગથી ભિન્ન નિજ પરમાત્મતત્ત્વને લક્ષમાં લીધું નહિ. નિજ કલ્યાણની વાત ધ્યાનમાં લીધી નહિ. કેવળી આગળ રહી ગયો કોરો.

૧૭-૧૮ વર્ષની નાની ઉંમરમાં, હું દુકાન પર બેસતો ત્યારે, સજ્ઝાયમાળા વાંચતો. તેમાં એક સજ્ઝાય (સ્તવન)માં એમ આવે છે : કેવળી આગળ રહી ગયો કોરો. ત્યારે મનમાં થતું કે આ શું કહે છે? કેવળજ્ઞાની પાસે ગયો, વાણી સાંભળી, પણ તેનું હૃદય ભિંજાયું નહિ. ત્રણ લોકના નાથ પરમાત્મા પાસે પણ લુખ્ખો ને લુખ્ખો રહ્યો. અનંત વાર સાંભળ્યું પણ તેનું હૃદય કોરું ને કોરું રહ્યું, અંદર જરાય અડવા ન દીધું.

સજ્ઝાયમાળામાં બીજી એક વાત એમ આવે છે કે—'દ્રવ્યસંયમસે ગ્રૈવેક પાયો, ફેર પીછો પટક્યો.' આત્મદર્શન—સમ્યગ્દર્શન વિના બહારમાં મુનિપણું લીધું, હજારો રાણી છોડી, પણ તે પંચ મહાવ્રતના પરિણામ પણ બંધનું કારણ છે. બાહ્ય ક્રિયાકાંડ તથા મંદકષાયના પરિણામથી શુક્લ લેશ્યાના બળે—શુક્લ ધ્યાન નહિ—મરીને નવમી ગ્રૈવેયકે જાય, અહીં મુનિપણામાં, કોઈ વિરોધી ચામડાં ઊતરડીને ખાર છાંટે છતાં ક્રોધ ન કરે એવી, બહારની સમતા રાખે, પણ અંદરમાં અખંડાનંદસ્વરૂપ પોતાના પરમાત્મતત્ત્વનું ભાન તથા વેદન નહિ હોવાથી ફેર પાછો પટક્યો. ત્યાંથી પાછો ફરીને ક્રમે કરી નરક-નિગોદમાં જશે. આ ત્રિલોકીનાથ જિનેન્દ્ર ભગવાનનું વચન છે.

ધર્મીની દૃષ્ટિ નિરંતર નિજ પરમાત્મતત્ત્વ પર જ હોય છે. પંચ પરમેષ્ઠીનો કે

ધ્યાતા-ધ્યાન-ધ્યેય વગેરે સંબંધીનો વિકલ્પ આવે ત્યારે પણ દૃષ્ટિ નિજ દ્રવ્યસ્વભાવમાંથી જરા પણ ખસતી નથી. દૃષ્ટિ અંતર્મુખ હોવાથી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય છે ત્યારે તે વિકલ્પ તૂટી જાય છે. શુભાશુભ વિકલ્પ બંધનાં કારણ છે. સ્વાનુભવના કાળમાં તે વિકલ્પ રહેતા નથી. સમયસારની ૧૪૨મી ગાથામાં પણ એમ જ આવે છે કે અંતર્દૃષ્ટિ કરવાથી જે સ્વાનુભૂતિ થઈ તે કાળમાં 'હું અબદ્ધ છું, શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું' એવા વિકલ્પો છૂટી જાય છે.

પ્રભુ! આ વાત સમજવા જેવી છે. અંદર જ્ઞાયક પરમાત્માની દૃષ્ટિ કરવાથી ભવભ્રમણને છેદનાર એવું સમ્યગ્દર્શન થાય છે. બાકી બીજું બધું અનંત વાર કરીને જન્મમરણમાં થોથા નીકળી ગયા; આત્માને ક્યાંય શાંતિ ન મળી. અંદર જ્યાં શાંતિ છે ત્યાં નજર ન કરી. પુણ્ય-પાપના ભાવ વિકલ્પ ને દુઃખરૂપ છે, ત્યાંથી દૃષ્ટિ છૂટી નહિ. અહીં બેન કહે છે : જ્ઞાનીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે, શુભાશુભ વિકલ્પો રહેતા નથી, એકલો અતીન્દ્રિય પરમાનંદ રહે છે.

'ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે.—એવો માર્ગ છે.'

ત્રણ કષાયના અભાવસ્વરૂપ સંયમદશામાં અંદર ઉગ્ર નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ થાય ત્યારે મોક્ષ થાય છે. સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પ્રગટ થવા છતાં, નીચે અસ્થિરતાના કારણે શુભાશુભ વિકલ્પો હોય છે પણ દૃષ્ટિમાં તેનો આશ્રય નથી. ઉગ્ર નિર્વિકલ્પ દશા થાય ત્યારે અસ્થિરતાનો અંશ રહેતો નથી. ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે.—આ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવે કહેલો માર્ગ છે; બાકી બીજા બધા અમાર્ગ છે.

## વચનામૃત—૧૮૨

**'વિકલ્પો છોડું', 'વિકલ્પો છોડું' એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી. હું આ જ્ઞાયક છું, અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું—એમ અંદરથી ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે. ૧૮૨.**

"'વિકલ્પો છોડું', 'વિકલ્પો છોડું' એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી."

ભગવાન જ્ઞાયક આત્મા નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વસ્વરૂપ છે. તે જ્ઞાયકતત્ત્વમાં જવા માટે 'આ વિકલ્પ છોડું', 'આ વિકલ્પ છોડું' એમ વિકલ્પો કર્યા કરવાથી વિકલ્પો છૂટતા નથી. 'વિકલ્પ છોડું' એવો વિકલ્પ પણ રાગ છે, દોષ છે; ધર્મ તો કોઈ નિર્દોષ અપૂર્વ ચીજ છે. પૂર્વે અનંત વાર જૈનકુળમાં જન્મ્યો, અનંત વાર દ્રવ્યશ્રાવક થયો, પૂજા-ભક્તિ માટે અનંત વાર જિનમંદિર બંધાવ્યાં, પણ તે બધો શુભરાગ છે. નિજ શુદ્ધાત્માના ભાન વિના—સમ્યગ્દર્શન વિના—પૂર્વે અનંત કાળમાં એક સેકંડ પણ ધર્મ થયો નથી.

પ્રશ્ન :—દિગંબર જૈન કુળમાં જન્મ્યા હોય તે તો સમ્યગ્દર્શન લઈને આવ્યા હોય ને?

ઉત્તર :—અરે ભાઈ! દિગંબર જૈનકુળમાં તો જીવ અનંત વાર જન્મ્યો છે. અનંત વાર દિગંબર સાધુ થયો, પણ તેમાં આત્માને શું આવ્યું? 'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયૌ'—સ્વર્ગમાં ગયો, પણ 'આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ'. પંચ મહાવ્રતના પરિણામ પણ રાગ છે. આસ્રવ છે, દુઃખ છે.

અહીં કહે છે : અંદર નિર્વિકલ્પ જ્ઞાયક ચીજ પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે; એમાં વિકલ્પ છોડું, રાગ છોડું—એમ કર્યા કરવાથી વિકલ્પ તૂટતા નથી. માર્ગ આવો છે પ્રભુ!

'હું આ જ્ઞાયક છું, અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું—એમ અંદરથી ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે'.

હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું તો પ્રભુ જ્ઞાયક છું, અનંત વિભૂતિથી ભરપૂર હું જ્ઞાયક ભગવાન આત્મા છું—એમ અંતરમાં સાચું આત્મભાન કરે તો તે અંતર્મુખતાના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે અને અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ સ્વાત્માનુભૂતિ પ્રાપ્ત થાય. ધર્મી જીવને સ્વાનુભૂતિ પ્રાપ્ત થયા પછી પણ રાગ તો આવે છે, પણ તે તેનો કેવળ જ્ઞાતા છે—સ્વામી નથી, તેને પોતાનું કર્તવ્ય માનતો નથી. વાત જરા સૂક્ષ્મ છે. અનંત વાર જીવ જૈનનો શ્રાવક ને દ્રવ્યલિંગી સાધુ થયો, પણ રાગ રહિત, પૂર્ણાનંદથી ભરપૂર પોતાનું જે ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે તેના પર કદી દૃષ્ટિ કરી નથી, તેનો અંતર્મુખ થઈને અનુભવ કર્યો નથી.

જ્ઞાન-આનંદ આદિ અનંત વૈભવથી ભરપૂર હું જ્ઞાયકતત્ત્વ છું—એમ અંદરથી ભેદજ્ઞાન કરે, વ્યવહારના જે વિકલ્પો આવે તેનાથી પોતાને જુદો જાણે, ઘઉં અને કાંકરા જુદા પાડે એમ ભગવાન આત્માને રાગથી જુદો પાડે, તો તેના બળથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે, વિકલ્પો છૂટે છે ને નિર્વિકલ્પતા થાય છે. શુભાશુભ રાગની વૃત્તિઓ

ઊઠે તે હું નથી, હું તો અનંત જ્ઞાનાનંદસ્વરૂપ જ્ઞાયક પરમાત્મા છું—એવું ભેદજ્ઞાન કરે તો વિકલ્પ છૂટે અને અતીન્દ્રિય આત્માનંદ પ્રાપ્ત થાય. સમયસાર-નાટકમાં કહ્યું છે :

भेदज्ञान साबू भयौ, समरस निरमल नीर।
धोबी अन्तर आतमा, धोवै निज गुन चीर॥

સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મસ્વરૂપ ધોબી, ભેદજ્ઞાનરૂપ સાબુ અને સમતારસરૂપ નિર્મળ જળ વડે આત્મગુણરૂપ વસ્ત્રને ધોવે છે. આ હજી ચોથા ગુણસ્થાનની વાત છે હો! સમતારસરૂપ નિર્મળ પાણી વડે ભેદજ્ઞાની અંતરાત્મા પોતાના ગુણરૂપ વસ્ત્રને ધોવે છે, તેમાં રાગ છે તેને ભિન્ન પાડે છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ સમયસારની ટીકામાં કહે છે :

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन॥

અત્યાર સુધીમાં જે કોઈ મુક્તિ પામ્યા છે તે ભેદજ્ઞાનથી—પોતાને રાગથી ભિન્ન કરીને—પામ્યા છે; અને જે કોઈ બંધનમાં પડ્યા છે તે ભેદજ્ઞાનના અભાવથી—રાગની ભિન્નતાના અભાવથી—પડ્યા છે.

પ્રશ્ન :—આત્મા તો સિદ્ધસ્વરૂપ છે ને?

ઉત્તર :—આત્મા સ્વભાવે સિદ્ધ સ્વરૂપ છે એવો દૃષ્ટિમાં સ્વીકાર ક્યાં છે? 'હું સદા સિદ્ધ સમાન શુદ્ધ છું' એવો સ્વીકાર એણે દૃષ્ટિમાં કર્યો છે? સમયસારનાટકમાં કહ્યું છે :

चेतन रूप अनूप अमूरति, सिद्धसमान सदा पद मेरौ।
मोह महातम आतम अंग, कियौ परसंग महा तम घेरौ॥
ज्ञानकला उपजी अब मोहि, कहौं गुन नाटक आगम केरौ।
जासु प्रसाद सधै सिवमारग, वेगि मिटै भवबास बसेरौ॥

મારું ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ સદાય ચૈતન્યરૂપ, નિરૂપમ અને અમૂર્તિક સિદ્ધ સમાન છે; પરંતુ મિથ્યાત્વરૂપ ગાઢ અંધકારને લીધે આત્મા રાગની ક્રિયાને પોતાની માની મોહમાં ઘૂસી ગયો છે, અજ્ઞાનથી મોહ અને રાગને આત્મા સાથે જોડી દીધા છે. હવે રાગથી ભિન્ન મારી જ્ઞાયક ચીજનું મને જ્ઞાન થયું છે, જે વડે હું સમયસાર-નાટક કહીશ, કે જેના ફળરૂપે રાગના વિકલ્પને તોડી સિદ્ધિપદ સધાય છે, મુક્તિ પ્રાપ્ત થાય છે, અને ભવવાસ અથવા તો ઘટવાસ—શરીરમાં વસવાનું—શીઘ્ર મટી જાય છે. આ ઘટ—હાડકાં-ચામડાનું

શરીર તો જીવને અનંત વાર મળ્યું છે. શરીર—ભવવાસ તો જીવને કલંક છે, શરમજનક છે. યોગીન્દુદેવ કહે છે :

નર્કવાસ સમ જર્જરિત જાણે મલિન શરીર;
કરી શુદ્ધાતમ-ભાવના, શીઘ્ર લહો ભવતીર.
ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર.

ભવકલંક—શરમજનક જન્મો ટાળવા માટે, દેહથી અને રાગથી ભિન્ન પોતાના જ્ઞાનાનંદમય સ્વરૂપનો ભેદજ્ઞાન વડે અનુભવ કરી, અસ્થિરતાના રાગથી પણ જુદા પડી, અંદર સ્વરૂપમાં જામી જવું તે જ એક સાચો ઉપાય છે, કેમ કે સ્વરૂપમાં ઉગ્ર નિર્વિકલ્પ જમવટથી જ મુક્તિદશા થાય છે.

અંદરમાં સ્વ-પરનું, સ્વભાવ-વિભાવનું ભેદજ્ઞાન કરે તો તેના બળથી વિકલ્પો છૂટે છે, નિર્વિકલ્પતા થાય છે અને જ્ઞાનાનંદ આદિ અનંતી વિભૂતિઓથી ભરપૂર નિજ જ્ઞાયક પ્રભુનું સંવેદન પ્રગટે છે. ભરત ચક્રવર્તી, જેને હજારો રાજા ચામર ઢાળે, હજારો રાણીઓ હોય છતાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ, આત્મજ્ઞાની અને અતીન્દ્રિય આનંદાંશના અનુભવી હતા. જરા રાગ આવે પણ તે મારું સ્વરૂપ નથી,—એમ અંતરમાં જ્ઞાનધારા નિરંતર પરિણમતી હોવાથી, ચક્રવર્તીપદમાં રહેવા છતાં, બાહુબલીજી સાથે યુદ્ધ કરવા છતાં, અંદર તેનું સ્વામિત્વ નહિ હોવાથી, તે તો તેના કેવળ જ્ઞાતા જ છે. આ દશા કેવળ ધારણાજ્ઞાનથી પ્રગટ થતી નથી, અંતર ભેદજ્ઞાન થવાથી પ્રગટે છે.

શ્રી ઋષભદેવ ભગવાન અષ્ટાપદ પર્વત પર મોક્ષદશાને પામ્યા. ભગવાનના વિયોગથી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ, ત્રણ જ્ઞાનના ધણી અને તદ્‌ભવમોક્ષગામી એવા ભરત ચક્રવર્તીને રુદન આવ્યું. હજી રાગદશા છે ને? ‘અરેરે! ભરતક્ષેત્રમાં જિનેન્દ્રસૂર્ય ઊગ્યો હતો તે આજે અસ્ત થઈ ગયો; પ્રભુનો વિરહ પડ્યો’—એમ અંદરમાં ખેદ થાય છે; ત્યારે ઈંદ્ર તેમને કહે છે : ‘ભરત! તમે કેમ રડો છો? તમે તો ચરમશરીરી છો, અમારે તો હજી એક ભવ કરવાનો છે.’ ભરત જવાબમાં કહે છે : ‘હે મિત્ર! સાંભળ. હું આ જ ભવમાં મોક્ષ પામવાનો છું—એ મને ખબર છે, પણ મને ભૂમિકા પ્રમાણે અંદર રાગ વર્તે છે, તેથી ભગવાનના વિરહનો વિષાદ મનમાં થઈ આવે છે અને તેથી રૂદન પણ આવી જાય છે. વિષાદના પરિણામ તથા રુદનની ક્રિયા થવા છતાં તેનો હું કર્તા કે સ્વામી નથી.’ દૃષ્ટિ-અપેક્ષાએ તો તે કેવળ જ્ઞાતા જ છે.

મુનિઓને પણ પંચ મહાવ્રત વગેરેનો વિકલ્પ આવે, જ્ઞાની શ્રાવકને પણ વિષયનો

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



રાગ આવે, પણ રાગ વિભાવ છે, દુઃખ છે, કાળા સર્પ જેવો છે, તેનાથી ભિન્ન હું જ્ઞાયક છું—એવું ભેદજ્ઞાન નિરંતર પરિણમતું હોવાથી, તે ભેદજ્ઞાનના બળથી વિકલ્પો છૂટી જાય છે અને નિર્વિકલ્પતા—સ્વાત્માનુભૂતિની વૃદ્ધિ—થાય છે.

## વચનામૃત—૧૮૩

**ચૈતન્યદેવ રમણીય છે, તેને ઓળખ. બહાર રમણીયતા નથી. શાશ્વત આત્મા રમણીય છે, તેને ગ્રહણ કર. ક્રિયાકાંડનો આડંબર, વિવિધ વિકલ્પરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે; આત્મા આડંબર વિનાનો, નિર્વિકલ્પ છે, ત્યાં દૃષ્ટિ દે; ચૈતન્યરમણતા વિનાના વિકલ્પકોલાહલમાં તને થાક લાગશે, વિસામો નહિ મળે; તારું વિશ્રામગૃહ છે આત્મા, તેમાં જા તો તને થાક નહિ લાગે, શાન્તિ મળશે. ૧૮૩.**

‘ચૈતન્યદેવ રમણીય છે, તેને ઓળખ.’

શું કહે છે? ભગવાન જ્ઞાયક આત્મા આનંદમય રમ્ય પદાર્થ છે. ‘નિજ પદ રમે સો રામ કહિયે.’ આત્મા, ક્રીડા કરવા માટે, આનંદનો રમણીય બાગ છે. તેમાં આકુળતાના ઉપજાવનારા પુણ્યપાપના ભાવો નથી. જ્ઞાન, આનંદ, પ્રભુત્વ આદિ અનંત વૈભવથી ભરપૂર જ્ઞાયકબાગને ઓળખી તેનો અનુભવ કરવો, તેમાં આનંદમય ક્રીડા કરવી તે ધર્મ છે.

પ્રશ્ન :—અમે તો દયા-દાન-ભક્તિમાં ધર્મ છે એમ સાંભળ્યું છે, તમે આ નવો ધર્મ ક્યાંથી કાઢ્યો?

ઉત્તર :—ભાઈ! વીતરાગ પ્રભુનો આ ધર્મ નવો નથી, અનાદિ કાળથી છે. સાંભળવા મળ્યો નથી તેથી નવો લાગે છે.

પ્રશ્ન :—આવો માર્ગ કોણે કહ્યો છે?

ઉત્તર :—અરે પ્રભુ! અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓ અને અનંતા દિગંબર જૈન સંતો થયા છે. તે બધાએ આ પ્રમાણે જ માર્ગ કહ્યો છે. પ્રવચનસારની

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

૮૨ મી ગાથામાં કહ્યું છે :

અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને.

નિજ શુદ્ધ જ્ઞાયક આત્માની પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને સ્વાનુભૂતિમાં વિશેષ લીન થવું તે જ એક મોક્ષમાર્ગ છે. ત્રણે કાળે બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. સમસ્ત અર્હંતભગવંતો એ જ માર્ગે મોક્ષ પામ્યા છે અને અન્ય મુમુક્ષુઓને પણ એ જ માર્ગ ઉપદેશ્યો છે. તે ભગવંતોને નમસ્કાર હો.

વીતરાગનો આ માર્ગ આ કાળે લુપ્ત થઈ ગયો છે. પં. દીપચંદજીએ 'ભાવદીપિકા' ગ્રંથમાં લખ્યું છે : અરેરે! આગમાનુસાર સાચી શ્રદ્ધાવાળા કોઈ અત્યારે દેખાતા નથી. સમ્યગ્દર્શન શી ચીજ છે તે, લોકોને ખબર નથી. સમકિતની વાત કહું છું તો કોઈ સાંભળતું નથી, વિરોધ કરે છે; માટે તે વાત ગ્રંથમાં લખી જાઉં છું. લોકોને અંદરના તત્ત્વની ક્યાં પડી છે? દુનિયાને રાગનો રસ છે. રાગના રસવાળા મિથ્યાદૃષ્ટિ છે, તે અંદર સ્વરૂપમાં ન જઈ શકે. રાગ આત્માનો સ્વભાવ નથી. જેને રાગનો પ્રેમ છે તેને આત્માનો અનાદર છે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે : જેને આત્મા ઉપાદેય છે તેને રાગ હેય છે, અને જેને રાગ ઉપાદેય છે તેને આત્મા હેય છે. ધર્મી જીવને અનંત આનંદનો નાથ નિજ જ્ઞાયક આત્મા રમણીય, ઉપાદેય અને આદરણીય છે; અજ્ઞાનીને શુભરાગ ઉપાદેય ને આદરણીય છે; તેને ભગવાન આત્મા હેય છે.

આ તો કેવળીના કાયદા છે. હું ચૈતન્યદેવ રમણીય છું. રમણીય છું એટલે જેમાં રમવાથી આનંદ આવે એવી રમ્ય ચીજ છું. શુભાશુભ રાગમાં રમવાથી દુઃખ થાય છે. ચક્રવર્તીને ૯૬,૦૦૦ રાણીઓ હોય, તેના પ્રત્યે રાગ આવે તે દુઃખ છે; છૂટી ન શકે માટે આવે, પણ તે છે દુઃખ. ચૈતન્યદેવ તેનાથી ભિન્ન આનંદસ્વરૂપ છે.

૧૭ વર્ષની ઉંમરે પાલેજમાં રામલીલા જોવા ગયો હતો. તેમાં વૈરાગ્યની એવી ધૂન ચડી ગઈ કે તે ધૂનમાં છ કડીનું ગાયન બની ગયું હતું. તેની પહેલી લીટી હતી : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' મોક્ષરમણીનો વરનાર તું જ દેવાધિદેવ છો, આ હાડ-માંસ ને ચામડાની સ્ત્રી સાથે રમનાર તું નહિ. વૈરાગ્યપ્રેમને લઈને ત્યાર બાદ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ લીધી.

પ્રભુ! તું ચૈતન્ય દેવાધિદેવ છો. જ્ઞાન આદિ એક-એક શક્તિમાં રમવાથી આનંદ આવે એવી અનંત અનંત શક્તિઓની રમણીયતા તારા આત્મામાં ભરી પડી છે; તેને

ઓળખ. બીજું બધું—શાસ્ત્રનું જાણપણું વગેરે—છોડી નિર્મળાનંદ નાથને ઓળખ, તેનું જ્ઞાન કર ને તે તરફ ઝૂકી જા. બહાર શાસ્ત્રની ઓળખાણથી અંદર જ્ઞાયકદેવની ઓળખાણ થતી નથી.

'બહાર રમણીયતા નથી.'

શરીર, વાણી અને પૈસામાં તો રમણીયતા નથી, પણ પુણ્ય-પાપના ભાવમાં પણ રમણીયતા નથી. અનંત શક્તિનો સાગર એવા ચૈતન્યદેવની રમણીયતા પાસે બહારની રમણીયતા કાંઈ વિસાતમાં નથી.

'શાશ્વત આત્મા રમણીય છે, તેને ગ્રહણ કર.'

પ્રભુ! તું શાશ્વત છો ને. જેની સર્વથા નવી ઉત્પત્તિ કે સર્વથા નાશ નથી એવા નિજ શાશ્વત જ્ઞાયકભાવને ઓળખ ને તેને ગ્રહણ કર. રાગ આવે, પણ તેને ગ્રહણ ન કર. અહાહા! શાશ્વત જ્ઞાયક-આત્મા રમવાયોગ્ય રમણીય પદાર્થ છે!

'ક્રિયાકાંડનો આડંબર, વિવિધ વિકલ્પરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે; આત્મા આડંબર વિનાનો, નિર્વિકલ્પ છે, ત્યાં દૃષ્ટિ દે; ચૈતન્યરમણતા વિનાના વિકલ્પકોલાહલમાં તને થાક લાગશે, વિસામો નહિ મળે; તારું વિશ્રામગૃહ છે આત્મા, તેમાં જા તો તને થાક નહિ લાગે, શાન્તિ મળશે.'

વ્રત-તપ વગેરે જુદા જુદા પ્રકારના રાગરૂપ કોલાહલ છે. કલ્યાણ કરવું હોય તો તેના પરથી દૃષ્ટિ હટાવી લે. ભગવાન આત્મા વિકલ્પના આડંબરથી રહિત આનંદમૂર્તિ શુદ્ધ જ્ઞાયક છે, ત્યાં દૃષ્ટિ લગાડ. ચૈતન્યની અતીન્દ્રિય રમણતા વિનાના શુભાશુભ રાગના કોલાહલમાં તને થાક લાગશે, ત્યાં વિશ્રામ નહિ મળે. સહજ જ્ઞાયકદેવ એ જ તારું વિશ્રામગૃહ છે. તેમાં જા તો તને થાક નહિ લાગે, શાશ્વત શાન્તિ પ્રાપ્ત થશે. શુભાશુભ વિભાવમાં તો થાક લાગશે.

❁ ❁ ❁

# પ્રવચન-૬૮

તા. ૧૮-૮-૭૮

## વચનામૃત—૧૮૪

**ચૈતન્ય તરફ વળવાનો પ્રયત્ન થતાં તેમાં જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ, ચારિત્રની વૃદ્ધિ—સર્વવૃદ્ધિ થાય છે, અંતરમાં આવશ્યક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધું પ્રગટે છે. બહારના ક્રિયાકાંડ તો પરમાર્થે કોલાહલ છે. શુભ ભાવ ભૂમિકા પ્રમાણે આવે છે પણ તે શાન્તિનો માર્ગ નથી. સ્થિર થઈ અંદર બેસી જવું તે જ કરવાનું છે. ૧૮૪.**

'ચૈતન્ય તરફ વળવાનો પ્રયત્ન થતાં તેમાં જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ, ચારિત્રની વૃદ્ધિ—સર્વવૃદ્ધિ થાય છે, અંતરમાં આવશ્યક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધું પ્રગટે છે.'

સૂક્ષ્મ વાત છે. એકલું તત્ત્વનું માખણ છે. સમસ્ત શુભાશુભ વિભાવભાવથી રહિત એવા, જેમાં ચૈતન્યસ્વભાવ, આનંદસ્વભાવ, શાન્તસ્વભાવ, સ્વચ્છત્વસ્વભાવ, પ્રભુત્વસ્વભાવ આદિ અનંત અનંત ગુણના ઓરડા ભર્યા છે એવા, ભગવાન જ્ઞાયકસ્વભાવ તરફ ઝૂકવાનો પુરુષાર્થ કરતાં, ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતા કરવાથી, અંદર સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

શું કહ્યું? બહિર્લક્ષી શાસ્ત્રજ્ઞાનથી સમ્યગ્જ્ઞાન કે તેની વૃદ્ધિ થતી નથી. અગિયાર અંગનું જ્ઞાન અનંત વાર કર્યું, પણ એ કાંઈ જ્ઞાન નથી. શાસ્ત્ર તો પરવસ્તુ છે, એનું જ્ઞાન કરવું એ તો પોતાની પર્યાયમાં પરલક્ષી જ્ઞાનનો અંશ છે; તેને વાસ્તવિક જ્ઞાન જ કહેતા નથી. પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્માની જ્યારે અંદર દૃષ્ટિ અને અનુભવ કરે ત્યારે જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ, સ્થિરતાની વૃદ્ધિ—યથાસંભવ સર્વવૃદ્ધિ, અનંત ગુણોનાં પરિણમનમાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. અંદર આખો ચૈતન્ય સાગર ઊછળે છે. અહા! એ

કેમ બેસે? જેમ મહાસાગર મધ્યબિન્દુથી ઊછળતાં તેમાં ભરતી આવે છે, તેમ ચૈતન્યસ્વભાવનો આશ્રય લેવાથી, જ્ઞાયકસ્વભાવ તરફ ઝૂકવાનો પ્રયત્ન કરવાથી, આરાધનાની પર્યાયમાં જ્ઞાનની ભરતી, દર્શનની ભરતી, ચારિત્રની ભરતી, સર્વ ગુણોના પરિણમનમાં યથાસંભવ ભરતી આવે છે. તે ભરતી બહારથી નહિ, પણ ભીતરથી આવે છે. આવી વાત છે, સમજાય છે કાંઈ?

પહેલાં તો પર અને વિભાવથી ભિન્ન જ્ઞાયકવસ્તુનું ભાન થાય ત્યારે શુદ્ધિની ઉત્પત્તિ થાય; પછી અંદર સ્વરૂપમાં વિશેષ એકાગ્રતા થતાં આત્માની નિર્મળ પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ થાય.

શાસ્ત્ર-શ્રવણ-વાંચન કે દેવ અને ગુરુથી જ્ઞાન થતું નથી, જ્ઞાન તો અંદર જ્ઞાયકતત્ત્વનો આશ્રય કરવાથી થાય છે. સમકિતી કહે છે કે મારી આ વાત સાંભળી દુનિયા મને પાગલ કહે તો કહો. મીરાંબાઈ કહે છે :

‘ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ, મારા સાધુડાને સંગ હું તો ઘેલી થઈ.’

મીરાંબાઈ સાધુડાના સંગે ઘેલી થઈ હતી, સમકિતી પોતાના આત્માના સંગે ઘેલો થયો છે. તેને જ્ઞાયક આત્માનું ઘેલું લાગ્યું છે.

રુચિ અનુયાયી વીર્ય. જેની જરૂરિયાત લાગે તે તરફ વીર્ય ઝૂક્યા વિના રહે નહિ. સંસારના રાગની રુચિ છે તેથી વીર્ય અનાદિ કાળથી રાગ તરફ ઝૂકે છે. ‘અહાહા! હું તો પૂર્ણાનંદનો નાથ, સહજાત્મસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ ચીજ છું’—એમ જેને સ્વની લગની લાગે, રાગની લગની તૂટે, તેનું વીર્ય પુરુષાર્થ ને પ્રયત્ન લગની અનુસાર સ્વરૂપમાં વળ્યા વિના રહે નહિ. જેને શુભાશુભ રાગની રુચિ ને રસ છૂટી ગયો છે અને પૂર્ણાનંદમૂર્તિ વીતરાગજિનસ્વરૂપ નિજ જ્ઞાયક આત્માની રુચિ ને રસ લાગ્યો છે, તેને પોતાના વીર્યનું વલણ સ્વભાવ તરફ થઈ જ જાય છે. કલ્યાણ માટે આ વિધિ છે.

વિરોધીઓ આ વાતનો વિરોધ કરે છે, પણ સાથે એમ પણ કોઈ કહે છે કે ‘કાનજીસ્વામીની વાત તો સાચી છે, પણ અમે જે પક્ષ લીધો છે તે કેમ છોડાય?’ અહાહા બાપુ! આ તો વીતરાગ પરમાત્માના ઘરની વાતો છે. મહાવીર પરમાત્મા કહેતા હતા અને સીમંધર પરમાત્મા હાલ કહી રહ્યા છે તે આ વાત છે ભાઈ! આ કોઈ પક્ષ કે વાડાની વાત નથી. અરે ભાઈ! પક્ષ, વાડા કે દુનિયાનાં માન-મોટાઈ કાંઈ કામ નહિ આવે. એક દિગંબર સાધુ કહેતા હતા કે ‘કાનજીસ્વામી કહે છે તે શ્રી કુંદકુંદાચાર્યની વાત છે; કાનજીસ્વામીએ આ કાળે આચાર્ય જેવું કામ કર્યું છે.’ પ્રભુ! શું કહીએ? આ તો

અમારી અંદરની વાત છે, બહારની નહિ. અમે તો ગયા ભવે વિદેહમાં હતા. કુંદકુંદાચાર્યદેવ શ્રી સીમંધર પરમાત્માના સમવસરણમાં પધાર્યા ત્યારે અમારી ત્યાં હાજરી હતી. ભગવાનની વાણીમાં આવેલું કે—આ રાજકુમાર (-કાનજીસ્વામી) ભરતક્ષેત્રમાં જન્મ લઈને કુંદકુંદાચાર્યદેવનો માર્ગ પ્રવર્તાવશે. ત્યાંથી અમે અહીં આવ્યા છીએ અને બેન (બહેનશ્રી ચંપાબેન) પણ વિદેહમાંથી આવ્યાં છે.

પં. ટોડરમલજીનો મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથ છે ને? તેનો પણ કેટલાક વિરોધ કરે છે. વિરોધ કરનારા ભલે વિરોધ કરે, પણ તે ગ્રંથ ઘણો ઊંચો છે. અહાહા! વીતરાગ માર્ગ અલૌકિક છે, અહીં બેન કહે છે : અતીન્દ્રિય આનંદ ને શાન્તિ આદિથી છલોછલ ભરેલા નિજ જ્ઞાયક ભગવાન તરફ ઝૂકવાથી જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ ને ચારિત્ર વગેરેની વૃદ્ધિ થાય છે. પંચમહાવ્રતનો વિકલ્પ તે રાગ છે, પરમાર્થે અચારિત્ર છે; તેનાથી ચારિત્રની વૃદ્ધિ થતી નથી. અનંત ગુણોના પિંડસ્વરૂપ નિજ ચૈતન્યપ્રભુમાં એકાગ્રતા કરવાથી, જેટલા ગુણો પર્યાયમાં વિભાવરૂપ પરિણમ્યા છે તે બધામાં, શુદ્ધિ ને શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આવો મારગ છે ભાઈ!

પ્રશ્ન :—પ્રભુ! તેનું કાંઈ સાધન તો બતાવો?

ઉત્તર :—દેહાદિ પરથી ને શુભાશુભ રાગથી આત્માની ભિન્નતા જાણવી, ભેદજ્ઞાન કરવું; પ્રજ્ઞા તેનું સાધન છે. રાગ ને જ્ઞાનની સૂક્ષ્મ સાંધમાં પ્રજ્ઞાછીણી પટકવાથી તેઓ બંને જુદાં પડી જાય છે. સમયસારની ટીકામાં (૧૮૧મા કળશમાં) પ્રજ્ઞાછીણીની વાત આવી છે. છ ઢાળામાં કહ્યું છે :

જિન પરમ પૈની સુબુધિ છૈની, ડારિ અંતર ભેદિયા;
વરણાદિ અરુ રાગાદિતૈં, નિજ ભાવકો ન્યારા કિયા.

સમયસારની સ્તુતિમાં પણ આપણા પં. હિંમતભાઈએ લીધું છે :

'તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા.'

અહીં તો આપણે ઘણાં વર્ષોથી આ વાત ચાલે છે. સોનગઢમાં આ ૪૪મું ચોમાસું ચાલે છે. અહીં એ વાત ચાલે છે કે ભગવાન આત્મા શાન્તિ અને વીતરાગતાથી ભરપૂર છલોછલ ભર્યો છે. એ તરફ એકાગ્ર થવાથી ચારિત્રની વૃદ્ધિ થાય છે, અરે! સર્વ ગુણોની યથાસંભવ વૃદ્ધિ થાય છે. અહા! બહુ સરસ વાત છે.

સ્વભાવ સન્મુખ પર્યાય થતાં અંદર આવશ્યક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વ્રત, તપ

બધું પ્રગટે છે. પૂર્ણાનંદસ્વરૂપ જ્ઞાયકસ્વભાવમાં વળવાથી જે અકષાય શુદ્ધિ પ્રગટે છે તેનું જ નામ સામાયિક, પ્રતિક્રમણ, ચોવીસંથો, વંદના ને પ્રત્યાખ્યાન વગેરે આવશ્યક છે. અંતરમાં રાગથી હઠીને સ્વભાવમાં એકાગ્રતા કરતાં પ્રતિક્રમણ વગેરેની ક્રિયા—વીતરાગ દશા ઉત્પન્ન થાય છે. સમયસારની ૩૪મી ગાથામાં કહ્યું છે : 'જ્ઞાન પ્રત્યાખ્યાન છે' એટલે કે પૂર્ણાનંદ ચૈતન્યસ્વરૂપમાં ઝૂકવાથી ચૈતન્યની જે નિર્મળ દશા થાય છે તેને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. બહારનાં પ્રતિક્રમણ, ભગવાનની સ્તુતિ વગેરે તો શુભ રાગ છે, બંધનું કારણ છે. તે પરમાર્થે પ્રતિક્રમણ કે સ્તુતિ વગેરે નથી.

શ્રીમદ્ રાજચંદ્ર પોતા વિષે કહે છે :

'અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.'

શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં હતા. ઝવેરાતનો ધંધો કરતા હતા. તેમને આત્મજ્ઞાન થયું હતું. તે એક ભવમાં મોક્ષ જશે. સ્વભાવનો અનુભવ છે, પણ રાગનો ભાગ હજુ છે તે છૂટતો નથી; તેથી કહે છે કે—અપરિહાર્ય કર્મનો ભોગ ભોગવવો બાકી છે, તેથી એક દેહ ધારીને સ્વરૂપ-સ્વદેશમાં જશું. અમારું વતન શુદ્ધ ચિદાનંદઘન નિજ સ્વરૂપ છે, તેમાં ઠરીને સદાને માટે રહેશું. (આગળ બેનના ૪૦૧મા બોલમાં 'વતન'ની વાત આવી છે.) અમારું મૂળ વતન તો આનંદ આદિ અનંત ગુણના પિંડસ્વરૂપ અસંખ્યાતપ્રદેશી આત્મદ્રવ્ય છે. તે જ અમારો સ્વદેશ છે. અવસ્થામાં અમને થોડો રાગનો ભાગ છે, અને એમ લાગે છે કે તે થોડો કાળ રહેશે, તેથી અમારા આત્મામાં અંદરથી એવો ભાવ આવે છે કે એક ભવ કરીને અમે કેવળજ્ઞાન પામી મોક્ષમાં જશું. 'તેથી દેહ એક જ ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' વળી, આવે છે ને—'હમ પરદેશી પંછી સાધુ જી, આ રે દેશકે નાહીં રે...' પુણ્ય ને પાપના—રાગના દેશના અમે નહિ. દયા, દાન , વગેરેનો જે વિકલ્પ આવે છે તે વિભાવ છે—પરદેશ છે; તે દેશના અમે નથી. ૪૦૧મા બોલમાં બેને પણ કહ્યું છે : જ્ઞાનીનું પરિણમન વિભાવથી વિમુખ થઈને સ્વરૂપની તરફ ઢળી રહ્યું છે. જ્ઞાની પોતાના સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. સ્વરૂપની સ્થિરતામાં ક્યારે પૂર્ણ થઈ જઉં એમ અંદરથી તલસે છે. બહારનાં ધૂળનાં ગામ-નગર તો અમારો દેશ નહિ, પણ અંદરમાં જે દયા, દાન, વ્રત, તપ વગેરે પુણ્યના—વ્યવહારરત્નત્રયના ભાવ ઊઠે છે તે પણ અમારો દેશ નથી. એ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? અમને અહીં જરાયે ગમતું નથી. સમકિતીને શુભ રાગ પણ જરાયે સારો લાગતો નથી. જ્ઞાની કહે છે : વિભાવસ્વરૂપ પરદેશમાં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ

અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.

અહીં કહે છે : શુદ્ધ ચૈતન્ય તરફ ઝૂકવાનો પુરુષાર્થ કરતાં અંતરમાં પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધુંય પોતાથી પ્રગટે છે. અંદર વિકલ્પ ઊઠે તે વ્રત નહિ, પણ શુદ્ધ સ્વરૂપમાં એકાગ્રતા થતાં આનંદની સાથે વિંટાઈ જવું, લપેટાઈ જવું, તે વ્રત છે; અને શુદ્ધ ચૈતન્યમાં ઉગ્ર પુરુષાર્થથી લીન થવું, સ્વરૂપનું પ્રતપન—દેદીપ્યમાન થવું તે તપ છે.

'બહારના ક્રિયાકાંડ તો પરમાર્થે કોલાહલ છે.'

બહારનાં તપ—અનશન, ઊણોદરી વગેરે ક્રિયાકાંડ, જો કષાય મંદ કર્યો હોય તો, શુભ રાગ છે; એ તો પરમાર્થે કોલાહલ—ક્લેશ છે.

'શુભ ભાવ ભૂમિકા પ્રમાણે આવે છે પણ તે શાન્તિનો માર્ગ નથી.'

મુનિને વ્રતાદિના તથા ચોથા ગુણસ્થાનવર્તી સમકિતીને ભક્તિ-પૂજા આદિના શુભ ભાવ ભૂમિકા પ્રમાણે અશુભ રાગથી બચવા માટે આવે છે પરંતુ તે વીતરાગી શાન્તિનો માર્ગ નથી.

'સ્થિર થઈ અંદર બેસી જવું તે જ કરવાનું છે.'

પહેલાં ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકપ્રભુની અંદર દૃષ્ટિ તથા અનુભવ કરીને પછી સ્વરૂપમાં અંદર ઠરી જવું, અંતર આનંદધામમાં જામી જવું—વિશ્રામ લેવો. અહાહા! શું કહ્યું? પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વદેશમાં પૂર્ણ વિશ્રામ લેવો તે જ કર્તવ્ય છે, સ્વરૂપમાં ઠરી જવું તે જ કરવાનું છે.

## વચનામૃત—૧૮૫

**મુનિરાજ કહે છે કે :—ચૈતન્યપદાર્થ પૂર્ણતાથી ભરેલો છે. તેની અંદરમાં જવું અને આત્મસંપદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો વિષય છે. ચૈતન્યમાં સ્થિર થઈ અપૂર્વતાની પ્રાપ્તિ ન કરવી, અવર્ણનીય સમાધિ**

**પ્રાપ્ત ન કરી, તો અમારો જે વિષય છે તે અમે પ્રગટ ન કર્યો. બહારમાં ઉપયોગ આવે છે ત્યારે દ્રવ્યગુણપર્યાયના વિચારોમાં રોકાવું થાય છે, પણ ખરેખર તે અમારો વિષય નથી. આત્મામાં નવીનતાઓનો ભંડાર છે. ભેદજ્ઞાનના અભ્યાસ વડે જો તે નવીનતા—અપૂર્વતા પ્રગટ ન કરી, તો મુનિપણામાં જે કરવાનું હતું તે અમે ન કર્યું. ૧૮૫.**

નિયમસારના પરમ-સમાધિ અધિકારમાં ૧૨૨મી ગાથાની ટીકામાં મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવે (૨૦૦મા શ્લોકમાં) જે વાત કહી છે તે અહીં લીધી છે. ત્યાં મુનિરાજે કહ્યું છે કે—

‘‘કોઈ એવી (અવર્ણનીય, પરમ) સમાધિ વડે ઉત્તમ આત્માઓના હૃદયમાં સ્ફુરતી, સમતાની અનુયાયિની સહજ આત્મસંપદાને જ્યાં સુધી અમે અનુભવતા નથી, ત્યાં સુધી અમારા જેવાઓનો જે વિષય છે તેને અમે અનુભવતા નથી.’’

**‘મુનિરાજ કહે છે : ચૈતન્યપદાર્થ પૂર્ણતાથી ભરેલો છે. તેની અંદરમાં જવું અને આત્મસંપદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો વિષય છે.’**

ભગવાન ચૈતન્યદેવ જ્ઞાનાનંદની પૂર્ણતાથી ભરેલો અદ્‌ભુત જ્ઞાયક પદાર્થ છે. તેમાં રાગ તો નથી પણ અપૂર્ણતા પણ નથી. તે જ્ઞાયક આત્માની અંદર જવું અને અતીન્દ્રિય આનંદમય આત્મસંપદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો—મુનિઓનો વિષય છે. વ્યવહારરત્નત્રયનો શુભ રાગ એ પણ અમારો વિષય નથી, કેમ કે તે શુભભાવ આસ્રવ છે, બંધનું કારણ છે. ચૈતન્યપ્રભુ અંદર મહા સંપદાથી ભરેલો છે. રૂપિયા, હીરા-માણેક તો આત્માની સંપદા નથી, પણ પુણ્ય પણ સંપદા નથી; એ તો વિપદા-આપદા છે. મુનિરાજ કહે છે : પંચ મહાવ્રત પાળવાં તે અમારો વિષય નથી, અંદર આનંદસ્વરૂપમાં ઠરી જવું તે અમારો વિષય—અમારું કર્તવ્ય છે.

**‘ચૈતન્યમાં સ્થિર થઈ અપૂર્વતાની પ્રાપ્તિ ન કરી, અવર્ણનીય સમાધિ પ્રાપ્ત ન કરી, તો અમારો જે વિષય છે તે અમે પ્રગટ ન કર્યો.’**

અહાહા! પૂર્ણાનંદ પ્રભુમાં લીન થઈ પૂર્વે કદી કરી નથી એવી અપૂર્વ શાન્તિ અને જેનું કથન ન થઈ શકે એવી કોઈ અદ્‌ભુત સમાધિ જો અમે પ્રાપ્ત ન કરી તો અમારે જે કરવાનું હતું તે અમે કર્યું નહિ. સંકલ્પ-વિકલ્પસ્વરૂપ આધિ, શરીરના રોગસ્વરૂપ વ્યાધિ અને બહારમાં સ્રી-પુત્ર ને વેપારધંધાની પળોજણરૂપ ઉપાધિથી રહિત વીતરાગ શાન્ત દશા

તે સમાધિ છે; બાવા ચડાવે તે સમાધિ નથી. આવો માર્ગ છે.

જેને ત્રણ કષાયોનો અભાવ થઈ ગયો છે અને અંતરમાં નિજ પૂર્ણાનંદ પ્રભુનો વિશેષ અનુભવ થઈ ગયો છે છતાં જો પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત ન કરી તો તે મુનિરાજ કહે છે કે અમે અમારો વિષય—અપૂર્વ સમાધિ પ્રગટ ન કરી.

'બહારમાં ઉપયોગ આવે છે ત્યારે દ્રવ્યગુણપર્યાયના વિચારોમાં રોકાવું થાય છે, પણ ખરેખર તે અમારો વિષય નથી.'

મુનિને બહારમાં જે વિકલ્પ આવે છે, દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વિચાર રોકાય છે, તે પણ આવશ્યક નથી. નિયમસારની ૧૪૫મી ગાથામાં કહ્યું છે :

જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,
તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે!

જે તપોધન નિજ જ્ઞાયકતત્ત્વમાં ચિત્ત કયારેય જોડતો નથી અને દ્રવ્ય, ગુણ ને પર્યાયોમાં મનને રોકી રાખે છે તેને પણ, તે પર વિકલ્પોને વશ થતો હોવાને કારણે જ, અન્યવશ કહેવામાં આવે છે. પંચ મહાવ્રત પાળવાનો તથા વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તો નહિ, પણ દ્રવ્યગુણપર્યાયના વિચાર સુધ્ધાં, મુનિ કહે છે, અમારો વિષય નથી. સમજાય છે કાંઈ? અહા! કઠણ વાત કહેવી અને 'સમજાય છે?'—એમ પૂછવું! વાત તો એવી છે ભાઈ!

અરેરે! આ દેહ છૂટી જશે ભાઈ! ઉતારા કયાં કરીશ? અંદર તારી જ્ઞાયકચીજની દૃષ્ટિ ન કરી તે રાગના પ્રેમમાં રોકાઈ ગયો તો ચોરાશીના અવતારમાં રખડીશ; કેમ કે આત્મા તો અનંત કાળ રહેવાવાળો છે. આ દેહ તો છૂટશે ને? પછી ક્યાં રહીશ? જેને રાગનો રસ છે તે તો મિથ્યાત્વમાં—પરિભ્રમણમાં રહેશે અને જેને આત્માનો રસ છે તે સાદિ-અનંત કાળ આત્મામાં—સુખમાં રહેશે.

બહારના બૈરી, છોકરાં, પૈસા ને ધંધાના વિકલ્પ કરવા એ તો પાપ છે, પણ અંતરમાં, દ્રવ્ય નામ ત્રિકાળી વસ્તુ, ગુણ નામ ત્રિકાળી સ્વભાવ અને પર્યાય નામ વર્તમાન દશા—એવા વિચાર આવે તે પણ શુભભાવ છે. ત્રિકાળી એકરૂપ જ્ઞાયક પ્રભુની અંદર દૃષ્ટિ કરીને સ્થિર થવું તે ધર્મ છે. પણ એમાં સ્થિર ન થઈ શકે અને દ્રવ્યગુણપર્યાયના વિચારોમાં રોકાવું થાય તે રાગ છે; વાસ્તવમાં તે અમારો વિષય નથી, અમારા સહજ જ્ઞાયકસ્વરૂપમાં રહેવું—રમવું તે અમારો વિષય છે, કર્તવ્ય છે.

'આત્મામાં નવીનતાઓનો ભંડાર છે.'

નવીન નવીન આનંદ, શાન્તિ, સમાધિ વગેરે અનંત નવીનતાઓનો આત્મામાં ખજાનો છે. પુણ્યપાપના ભાવ એ કાંઈ નવીન નથી. એ તો અનાદિ કાળથી કરતો આવ્યો છે; તે તો ક્લેશરૂપ ભાવ છે. મુનિરાજ કહે છે : અમારો વિષય તો પૂર્ણાનંદ જ્ઞાયકમાં લીન રહેવું તે છે. તેમાં રહી શક્યા નહિ તેથી બહાર—દ્રવ્યગુણપર્યાયના વિચારોમાં પરદેશમાં આવી ગયા, જ્યાં અમારું કોઈ નથી. અમારો અનંત ગુણનો પરિવાર અંદરમાં છે. અમારે અમારા સ્વરૂપસ્વદેશમાં ત્વરાથી જવું છે.

લોકોને બહારની વસ્તુઓમાં નવીનતા લાગે છે. પચ્ચીસ લાખ રૂપિયાની ઊપજ હોય, પાંચ-દસ કરોડ રૂપિયાની મૂડી હોય, તોય તેને સુખ ન મળે. અહીં તો કહે છે કે આત્મા પોતે જ અનંત નવીનતાઓનો—અજાયબીઓનો ભંડાર છે; અનંત જ્ઞાન, અનંત શાન્તિ, અનંત આનંદ આદિ, જે કદી પ્રગટી ન હોય એવી અપૂર્વ સમૃદ્ધિઓનો અદ્‌ભુત ખજાનો છે. એની તરફ દૃષ્ટિ કરીને તેમાં લીન થવાથી પર્યાયમાં જે અપૂર્વ શાન્તિ પ્રગટ થાય છે તે ધર્મ છે.

'ભેદજ્ઞાનના અભ્યાસ વડે જો તે નવીનતા—અપૂર્વતા પ્રગટ ન કરી તો મુનિપણામાં જે કરવાનું હતું તે અમે ન કર્યું.'

પરથી ને રાગથી ભિન્ન એવા નિજ જ્ઞાયકપ્રભુનું ભેદજ્ઞાન કરીને જો તે નવીનતા—અપૂર્વતા ન પ્રગટાવી, અનંત આનંદમાંથી તેનો નમૂનો બહારમાં ન આવ્યો—અનુભવમાં ન આવ્યો, શાન્તિના સાગરનો આશ્રય લઈને પર્યાયમાં અપૂર્વ શાન્તિ—વીતરાગતા ન આવી, ભેદજ્ઞાનના ઊંડા અભ્યાસ દ્વારા અંદર અતીન્દ્રિય અદ્‌ભુતતા ન પ્રગટી, તો મુનિપણામાં અમારે જે કરવાનું હતું તે અમે ન કર્યું. મુનિપણામાં તો આ જ કરવાનું હતું. નિયમસારના કળશમાંથી બેને આ વાત કહી છે.

અહા! મુનિપણું કોને કહેવાય? મુનિપણું એટલે તો પરમેષ્ઠિપદ. મુનિ તો અતીન્દ્રિય આનંદમાં રમતાં રમતાં, ઝૂલતાં ઝૂલતાં કેવળજ્ઞાનપદ પ્રાપ્ત કરે છે. નિયમસારના ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ મુનિ હતા, આચાર્ય નહોતા. શ્રી કુંદકુંદ ભગવાન તથા શ્રી અમૃતચંદ્ર આચાર્યપદે હતા. શ્રી પદ્મપ્રભ મુનિરાજ ટીકા કરતાં કહે છે કે—અમારો વિષય જે નવીનતા—સ્થિરતા, શાન્તિ, આનંદ વગેરેમાં અપૂર્વતા—તે અમે જો ભેદજ્ઞાનના તીક્ષ્ણ અભ્યાસ વડે પ્રગટ ન કરી, તો મુનિપણામાં અમારે જે કરવાનું હતું તે અમે ન કર્યું. અંદર વસ્તુસ્વરૂપમાં દૃષ્ટિ લગાવીને આનંદમાં સ્થિર થઈ જવું તે મુનિપણામાં કર્તવ્ય

છે. મુનિપણાનું જે કાર્ય છે તે અમે ન કર્યું. અહાહા! અંદર વસ્તુમાં જામી જવાનું હતું—એ કાર્ય અમે ન કર્યું તો અમે કાંઈ ન કર્યું.




તા. ૨૨-૧-૭૮

અમે (સીમંધર) ભગવાન પાસેથી સીધા જ આવ્યા છીએ. આ 'વચનામૃત'માં ભગવાનની ધ્વનિના મંત્રો ભરાઈ ગયા છે. બેનની (ચંપાબેનની) શી વાત કરવી! તે તો ધ્યાનમાં ધ્યાનમાં બસ ધ્યાનમાં રહે છે, આનંદ આનંદ આનંદમાં છે. તેમનો દેહ સ્ત્રીનો છે તેથી ખ્યાલ ન આવે. —*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન–૬૯

તા. ૧૯-૮-૭૮

## વચનામૃત—૧૮૬

**ગૃહસ્થાશ્રમમાં વૈરાગ્ય હોય પણ મુનિરાજનો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે. મુનિરાજ તો વૈરાગ્યમહેલના શિખર ઉપરના શિખામણિ છે. ૧૮૬.**

'ગૃહસ્થાશ્રમમાં વૈરાગ્ય હોય પણ મુનિરાજનો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે.'

શું કહે છે? જ્ઞાની ધર્માત્મા ગૃહસ્થાશ્રમમાં હોય, ગૃહસ્થ-દશામાં ચક્રવર્તીનું રાજ્ય હોય, પણ અંતરમાં તેને પૂર્ણાનંદ પ્રભુ એવા નિજ આત્માનો સ્પર્શ કરીને અતીન્દ્રિય આનંદ વર્તે છે તેથી તે સાધક ધર્માત્મા કહેવાય છે. વ્રત-તપ ને પૂજા-ભક્તિ કરે માટે તે ધર્મી ને સાધક છે એમ નથી; કારણ કે વ્રતાદિના ભાવ તો શુભરાગ છે, આસ્રવ છે. શુભાશુભ ભાવથી ભિન્ન પૂર્ણાનંદમૂર્તિ ધ્રુવ જ્ઞાયકસ્વભાવની પ્રથમ જ્યારે દૃષ્ટિ ને અનુભૂતિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે ત્યારે તેને સમસ્ત પ્રકારના રાગથી વિરક્તિસ્વરૂપ વૈરાગ્ય સાથે જ હોય છે. સાધક જીવને જ્ઞાન ને વૈરાગ્યશક્તિ બન્ને સાથે જ પ્રગટ થાય છે. જ્ઞાન નામ પૂર્ણાનંદસ્વરૂપનું ભાન ને વૈરાગ્ય નામ શુભાશુભ ભાવથી વિરક્તિ. બહારમાં સ્ત્રી, કુટુંબ વગેરે બધું છોડવું તે વૈરાગ્ય નથી. બહારની વસ્તુ આત્મામાં છે જ ક્યાં? તે તો સદા છૂટી જ પડી છે.

આત્મામાં અનંત શક્તિઓ છે, તેમાં એક ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ નામની શક્તિ છે. આ શક્તિના કારણે આત્મા પરવસ્તુના ત્યાગ-ગ્રહણથી રહિત છે. પરવસ્તુનો—સ્ત્રી-પુત્ર વગેરેનો—-ત્યાગ કરું ને પરવસ્તુનું ગ્રહણ કરું—એ બુદ્ધિ જ મિથ્યા છે. રજકણથી માંડીને કોઈ ચીજને ગ્રહણ કરું કે છોડું તે આત્મવસ્તુના સ્વરૂપમાં જ નથી—એવી દૃષ્ટિ જ્યારે

અંદરમાં થાય છે ત્યારે ધર્મની પહેલી સીડી, પ્રથમ સોપાન—સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. તે દશા પ્રાપ્ત થતાં તેને રાગના પ્રેમનો અભાવ થઈ અંદરમાં વૈરાગ્યદશા પ્રગટે છે.

આત્મા અખંડાનંદમૂર્તિ શુદ્ધ પરમાત્મસ્વરૂપે અંદર બિરાજમાન છે. જો તે શક્તિપણે પરમાત્મસ્વરૂપ ન હોય તો વ્યક્ત પર્યાયમાં પરમાત્મપદ આવશે ક્યાંથી? લીંડીપીપર કદે નાની, રંગે કાળી અને સીધી ખાવાથી અલ્પ તીખાશવાળી લાગે છે, છતાં તેનામાં ૬૪ પહોરી પૂરી તીખાશ પ્રગટે એવી શક્તિ સદાય છે. ૬૪ પહોર ઘૂંટવાથી જે પૂરી તીખાશ બહાર આવે છે તે ક્યાંથી આવે છે? અંદર શક્તિ પડી છે તેમાંથી આવે છે. એમ ભગવાન આત્મા પણ પર્યાયમાં પુણ્યપાપવાળો અને અલ્પજ્ઞ દેખાય છે, છતાં તેનામાં અંદર શક્તિપણે જ્ઞાનાનંદસ્વભાવ ભરપૂર પડેલો છે, તેના પર દૃષ્ટિ કરીને સ્થિરતા કરવાથી—અંદર આનંદરસ ઘૂંટવાથી—પૂર્ણ પરમાત્મપદ પ્રગટે છે.

અરેરે! અનાદિ કાળથી રઝળતો આ પ્રાણી ૮૪ લાખ યોનિમાં અનંત વાર જન્મ્યો-મર્યો, પરિભ્રમણમાં અનંત અનંત કાળ ગયો, છતાં અંદર પોતાનો જ્ઞાયક પ્રભુ શી ચીજ છે તેની તેને ખબર નથી. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીતરાગતા વગેરે અનંત વિભૂતિથી ભરેલા ભગવાન આત્માને એકાગ્રતાપૂર્વક ઘૂંટવાથી અંદરમાં જે શક્તિપણે છે તે, વ્યક્ત પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીતરાગતા ને આનંદ આદિરૂપે બહાર આવે છે.

અહીં કહે છે : ગૃહસ્થ-અવસ્થામાં પણ સમ્યગ્દર્શન સહિત વૈરાગ્યદશા—રાગથી વિરક્તદશા—બની શકે છે. પરંતુ મુનિરાજનો વૈરાગ્ય તો કોઈ અદ્‌ભુત હોય છે. અહાહા! મુનિ કોને કહીએ? જે શીઘ્ર શીઘ્ર નિજ શુદ્ધાત્મામાં અંદર ડૂબકી મારીને અતીન્દ્રિય આનંદને વેદતા હોય છે તે મુનિ છે. તેમની દશા અદ્‌ભુત છે, જગતથી ન્યારી છે. મુનિને અંતરમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. જેમ પૂનમના પૂર્ણ ચંદ્રના યોગે સમુદ્રમાં ભરતી આવે છે, તેમ મુનિરાજને પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી આત્મસમુદ્રમાં ભરતી આવે છે;—વૈરાગ્યની ભરતી આવે છે, આનંદની ભરતી આવે છે, સર્વ ગુણપર્યાયની યથાસંભવ ભરતી આવે છે. અહા! મુનિરાજનો વૈરાગ્ય—રાગના રસ રહિત ઉગ્ર વિરક્ત ભાવ—કોઈ જુદો જ છે. ધન્ય તે મુનિદશા!

પંચપરમેષ્ઠીમાં જેમનું સ્થાન છે તે મુનિરાજનો અંતર વૈરાગ્ય કોઈ અદ્‌ભુત છે. તે સ્વરૂપાનંદમાં એટલા લીન થયા છે કે ભૂમિકાને ઉચિત મહાવ્રત આદિનો જે શુભ રાગ આવે તે પણ દુઃખ લાગે છે. ઝીણી વાત છે ભાઈ! પ્રભુ! તું કોણ છો તેની તને ખબર નથી. કસ્તૂરી મૃગની નાભિમાં છે પણ તેની તેને ખબર નથી, તેમ મૃગલા જેવા અજ્ઞાની જીવને પૂર્ણાનંદશક્તિ અંદર પડી છે તેની તેને ખબર નથી. આનંદ જાણે બહારથી—સ્ત્રી,

કુટુંબ, પૈસા, અધિકાર વગેરેમાંથી—આવે છે એમ તે માને છે. પરમાં સુખબુદ્ધિ હોવાથી અજ્ઞાનીને પોતાના પૂર્ણાનંદ પ્રભુનો અનાદર વર્તે છે, પોતાના જ્ઞાયક ભગવાનની તેને કિંમત નથી. મુનિરાજને તો વૈરાગ્યપરિણતિમાં અતીન્દ્રિય આનંદનું પૂર આવે છે. તે અતીન્દ્રિય આનંદના સ્વાદમાં તેમને પુણ્યપાપના રાગથી ખૂબ જ વૈરાગ્ય—વિરક્તિ વર્તે છે.

પ્રશ્ન :—વૈરાગ્ય કોને કહેવાય?

ઉત્તર :—બૈરાંછોકરાં છોડી દીધાં માટે વૈરાગ્ય છે એમ નથી. વૈરાગ્ય તો તેને કહેવાય કે—અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ પોતાના પરમાત્માનું વેદન થતાં રાગ ને પુણ્યપાપનો રસ અંદરથી છૂટી જાય. સમયસારમાં (પુણ્યપાપના અધિકારમાં) કહ્યું છે : રક્ત અર્થાત્ રાગી જીવ અવશ્ય કર્મ બાંધે અને વિરક્ત અર્થાત્ વિરાગી જીવ જ કર્મથી છૂટે. અહા! મુનિરાજનો વૈરાગ્ય તો કોઈ જુદો જ હોય છે.

'મુનિરાજ તો વૈરાગ્યમહેલના શિખર ઉપરના શિખામણિ છે.'

આ શબ્દો શ્રી નિયમસાર શાસ્ત્રની ટીકાના છે. વૈરાગ્યનો મહેલ, એનું શિખર અને એના શિખામણિ. અહાહા! અંતરમાં વૈરાગ્ય અને આનંદની કેવી અદ્ભુત દશા! ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ તો ત્યાં સુધી કહે છે કે—મુનિરાજને—સ્વવશ યોગીને ભૂમિકાનુસાર જરી રાગનો મંદ અંશ છે છતાં સર્વજ્ઞવીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી; અરેરે! આપણે જડ છીએ કો તેમનામાં ભેદ ગણીએ છીએ. સાચા ભાવલિંગી સંતની આ વાત છે. બહારનું દ્રવ્યલિંગ તો અનંત વાર ધારણ કર્યું, નગ્ન થયો, પંચ મહાવ્રતનું પાલન કર્યું, હજારો રાણીઓ છોડી—એ કાંઈ વૈરાગ્ય નથી, એ કોઈ ત્યાગ નથી.

અંદર પૂર્ણાનંદસ્વભાવમાં જાય છે ત્યાં સ્વરૂપની આસક્તિ (લીનતા) થાય છે ને રાગની આસક્તિ છૂટી જાય છે—એવાં જ્ઞાન ને વૈરાગ્ય અંતરમાં જ્ઞાનીને વર્તે છે. એમાં મુનિરાજ તો વૈરાગ્યમહેલના શિખર ઉપરના શિખામણિ છે. અહા! મુનિરાજ તો આવા હોય છે એમ સમજવું બાપુ! 'ધન્ય મુનિદશા' એ નાનું પુસ્તક આવ્યું ને? તેમાં બધાં બેનનાં વચન છે. પ્રચુર સ્વસંવેદન મુનિનું ભાવલિંગ છે. સમયસારની પાંચમી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે—મારા નિજ વૈભવથી તે એકત્વવિભક્ત આત્માને દર્શાવીશ. કેવો છે તે નિજ વૈભવ? નિરંતર ઝરતો—આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે. અંદર જે જ્ઞાનની ધારા, સમકિતની ધારા અને વીતરાગતાની ધારા ઉત્પન્ન થઈ તે અમારો નિજ વૈભવ છે.

અરે! આ બંગલા, લક્ષ્મી, મોટર, સ્ત્રી, કુટુંબ વગેરે બહારના વૈભવ તો ધૂળ છે, જડ છે. તેનાથી જુદો જ્ઞાયક ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ છે.—એમ અંતરમાં ભેદજ્ઞાન થતાં રાગથી વિરક્તિ થઈ સ્વરૂપાનંદની ભરતી આવે છે. તે ભરતી બહારથી નહિ, પણ અંતરમાંથી આવે છે. જ્ઞાયકચંદ્રને અંદર સ્થિરતાપૂર્વક અવલોકવાથી આનંદસાગર ઊછળે છે, ચેતના ઊછળે છે, ચારિત્ર ઊછળે છે, વીર્ય ઊછળે છે—બધું ઉછળે છે. અહા! ધન્ય તે અદ્‌ભુત મુનિદશા! અહીં તો કહે છે : મુનિરાજ તો વૈરાગ્યમહેલના શિખર ઉપરના શિખામણિ છે.

## વચનામૃત—૧૮૭

**મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે. તેઓ વારંવાર આત્મામાં જાય છે. સવિકલ્પ દશામાં પણ મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી. મર્યાદા છોડી વિશેષ બહાર જાય તો પોતાની મુનિદશા જ ન રહે. ૧૮૭.**

'મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે.'

મુનિરાજ તો અંદર આનંદસ્વરૂપ આત્માના અભ્યાસમાં તત્પર છે. શાસ્ત્રના અભ્યાસનો શુભભાવ તો વિકલ્પ છે, રાગ છે. સમકિતી ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ તે પોતાની જ્ઞાતાધારામાં તત્પર છે; ભૂમિકાને અનુરૂપ શુભાશુભ રાગ આવે છે પણ તે તેનો કેવળ જ્ઞાતા છે, સ્વામી નથી. અહીં તો મુનિરાજની વાત ચાલે છે. પરમાનંદમય પ્રચુર સ્વસંવેદનને નિરંતર વેદનારા મુનિરાજને રાગ આવે છે, પણ બહુ જ અલ્પ આવે છે. તેને સંજ્વલન કષાય કહે છે. તે અતિ મંદ કષાય પણ આત્માની શાન્તિ બાળે છે; તે વિકલ્પ વખતે પણ મુનિરાજ અંદર પોતાની જ્ઞાનધારાના અભ્યાસમાં જ પરાયણ છે.

પાતાળકૂવામાં અંદરથી પાણીની ધારા વહે; તેમ મુનિની દૃષ્ટિ અંતર ધ્રુવ પાતાળમાં પડી છે; મુનિએ ધ્રુવ સ્વભાવનો આશ્રય ખૂબ જ લીધો છે. ધ્રુવ જ્ઞાયકનો આશ્રય સમકિતીને છે, પણ થોડો છે. જે અંદર આનંદસ્વરૂપ ભગવાન આત્માની સમીપ ગયા છે ને જેને અંતરમાં શાંતિ તથા આનંદની ધારાનો પ્રવાહ ખૂબ જ વહે છે એવા મુનિરાજ આત્માના અભ્યાસમાં તલ્લીન છે. શાસ્ત્રના અભ્યાસમાં પરાયણ, લીન છે એમ નહિ; કેમ

કે શાસ્ત્ર પરવસ્તુ છે; તે તરફ લક્ષ જતાં વિકલ્પ ઊઠે છે. ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનામૃતથી ભરેલો કળશ છે. તેના લક્ષના અભ્યાસમાં જે અતીન્દ્રિય આનંદામૃતની ધારા વહે છે તેમાં મુનિરાજ સતત તત્પર છે.

'તેઓ વારંવાર આત્મામાં જાય છે.'

મુનિરાજને આનંદનો સ્વાદ આવ્યો છે ને? તેથી તે વારંવાર સ્વાદ લેવા અંદર જાય છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને અંતરમાં એવું જ્ઞાન તથા અનુભવ તો હોય છે કે 'હું પૂર્ણાનંદસ્વરૂપ પરમાત્મતત્ત્વ છું, હું રાગ નહિ, અલ્પજ્ઞ નહિ ને નિમિત્ત પણ નહિ', પરંતુ તેને ભૂમિકાને અનુરૂપ ત્રણ કષાયના રાગની તીવ્રતા છે તેથી ઉપયોગ અંદરમાં વારંવાર જતો નથી; ઉપયોગ અંદરમાં જાય તો અંતમુહૂર્તમાં જાય છે, ન જાય તો કોઈને વધુ સમય—અઠવાડિયું, પખવાડિયું, મહિનો, બે મહિના—પણ લાગે; જ્યારે મુનિરાજ તો વારંવાર અંદરમાં જાય છે.

'સવિકલ્પ દશામાં પણ મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી.'

મુનિને પંચ મહાવ્રતનો વિકલ્પ આવે, દેવ-શાસ્ત્ર-ગુરુના વિનયનો, ભક્તિનો વિકલ્પ આવે, કેમ કે તે હજી રાગની ભૂમિકામાં છે; એમ છતાં પણ મુનિદશાની મર્યાદા તોડીને વિશેષ બહાર જતા નથી. પંચ મહાવ્રત વગેરેનો મુનિદશાને ઉચિત વિકલ્પ આવે છે, પણ તેનાથી આઘે જતા નથી. 'હું બીજાનું કલ્યાણ કરી દઉં ને પાઠશાળા ચલાવી દઉં'—એવા વિકલ્પમાં જતા નથી.

'મર્યાદા છોડીને વિશેષ બહાર જાય તો પોતાની મુનિદશા જ ન રહે.'

બહારની સંભાળ કરવા જાય તો પોતાની મુનિદશા જ રહે નહિ, પોતાની વીતરાગી દશા જ રહે નહિ.

## વચનામૃત—૧૮૮

**ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે. અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે**

**અને બની શકે છે તે કરતો નથી. મુનિરાજને પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે અને આહાર-વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો પણ ઘણા જ મંદ હોય છે. ઉપદેશનો પ્રસંગ આવે તો ઉપદેશ આપે, પણ વિકલ્પની જાળ ચાલતી નથી. ૧૮૮.**

'ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે.'

શું કહે છે? શરીરની ક્રિયા કરી શકું, ભાષા બોલી શકું, પૈસા લઈ-દઈ શકું— એ બધી ક્રિયા આત્માની નથી, જડ પુદ્‌ગલની છે. તે ક્રિયા આત્માથી બની શકતી નથી છતાં 'હું તેને કરું છું' એવી માન્યતા કરવી તે મૂર્ખતા છે. મુનિને ભાષાસમિતિનો વિકલ્પ આવે તે રાગ છે પણ તેના તે કર્તા નથી. જ્ઞાની રાગના કર્તા નથી, જ્ઞાતા છે. રાગ એ તો ઝેર છે, કાળો નાગ છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદામૃતનો સાગર છે. તેનો જેને અનુભવ થયો તેને કમજોરીથી ભલે જરા રાગ આવે, પણ સ્વાનુભવના સ્વાદ આગળ તે ઝેર જેવો, કાળા નાગ જેવો લાગે, દુઃખમય લાગે. સમયસારના મોક્ષ-અધિકારમાં પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહરણ વગેરે શુભભાવોને વિષકુંભ કહ્યા છે ને? તે બધા વિકલ્પો ઝેરના ઘડા છે અને ભગવાન જ્ઞાયક આત્મા તો વીતરાગી અમૃતસ્વરૂપ છે.

અમૃતસાગર એવા જ્ઞાયક પ્રભુનો જેને અનુભવ થયો—પર્યાયબુદ્ધિ ને વિકારદૃષ્ટિ છોડીને અંદરમાં ધર્મદૃષ્ટિ થઈ છે—એવા જ્ઞાની સમકિતીને વિષયવાસનાના ભાવ આવે પણ તે કાળા નાગ જેવા વિષમય લાગે. શ્રી શાન્તિનાથ, કુંથુનાથ ને અરનાથ—ત્રણેય તીર્થંકર, ચક્રવર્તી ને કામદેવ હતા. ત્રણ પદવી હતી, મતિ, શ્રુત ને અવધિ—એ ત્રણ જ્ઞાન સાથે લઈને માતાના ગર્ભમાં આવ્યા હતા, સમ્યગ્દર્શન ને આત્માનો અનુભવ વર્તતો હતો. પછી તેમણે ૯૬ હજાર સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં. લગ્ન કરું તો તેનાથી સુખ મળશે એવી બુદ્ધિ અંતરમાં નહોતી. આત્માના જ્ઞાન તેમ જ આનંદાંશનો સ્વાદ હોવા છતાં કમજોરીથી જરા અવિરતિનો રાગ આવે છે, પણ તે ઝેર જેવો લાગે છે, દુઃખમય લાગે છે.

જીવ પરનાં કામ કરી શકતો નથી, છતાં 'હું પરનો મોક્ષ કરી દઉં' એમ પરનાં કાર્ય કરવાની જે બુદ્ધિ છે તે મિથ્યાત્વ છે. સમયસારના બંધ-અધિકારમાં વિસ્તારથી આવે છે કે—પરને હું બંધાવું છું, મુકાવું છું, તે માન્યતા તો અજ્ઞાનભાવ છે; પરજીવો તો પોતાના રાગભાવથી બંધાય છે ને પોતાના વીતરાગભાવથી મોક્ષ પામે છે, તેમાં આ જીવે શું કર્યું? પરમાં હું કાંઈ કરી શકું છું—એ બુદ્ધિ જ મૂર્ખતાભરી છે, મિથ્યાત્વ છે. પરનાં

જીવન-મરણ તેના આયુષ્ય પ્રમાણે થાય છે. તેમાં તું શું મારી-બચાવી શકે? છતાં હું પરને મારી-બચાવી શકું છું તે માન્યતા અજ્ઞાન છે, ભ્રમણા છે. અહીં કહે છે કે—જે ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે.

**'અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે અને બની શકે છે તે કરતો નથી.'**

'રોગીની સેવા કરું, ગરીબની સેવા કરું, અરે! દેશની સેવા કરું'—એમ ભાઈ! પરનું કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતા છે. વિ. સં. ૧૯૯૫ માં એક દેશનેતા વ્યાખ્યાનમાં આવ્યા હતા. તે વખતે પણ આ વાત આવી હતી કે—હું પરને જીવાડી શકું છું, સુખી કરી શકું છું, દેશની સેવા કરી શકું છું—એવી માન્યતા ધરાવનાર જીવ અજ્ઞાની, મૂઢ ને મિથ્યાદૃષ્ટિ છે. સમયસારના બંધ-અધિકારમાં આવે છે :

જે માનતો—હું મારું ને પર જીવ મારે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭

વ્યાખ્યાનમાં તો સિદ્ધાન્તનો ન્યાય બતાવવા વાત આવી હતી. અહીં તો એ વાત ચાલે છે કે પરનું કરવાની બુદ્ધિ તે અજ્ઞાન છે, મિથ્યાત્વ છે.

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે : એક તણખલાના બે ટુકડા કરવાની પણ અમારામાં શક્તિ નથી. શ્રીમદ્ આત્મજ્ઞાની હતા, ગૃહસ્થાશ્રમમાં હતા, ઝવેરાતનો ધંધો કરતા હતા. વિ. સં. ૧૯૨૪ માં તેમનો જન્મ થયો હતો, ૩૩ વર્ષની નાની ઉંમરે વિ. સં. ૧૯૫૭ માં તેમનો સ્વર્ગવાસ થયો હતો. ૨૩ મા વર્ષે તેમને આત્મજ્ઞાન—આત્માનો અનુભવ થયો હતો. ધંધાનો વિકલ્પ હતો પણ અંદરમાં તેના કર્તા નહોતા, રાગથી ભિન્ન જ્ઞાતા હતા. નાની ઉંમરમાં વર્તતી શ્રીમદ્‌ની તીક્ષ્ણ બુદ્ધિથી ગાંધીજી ખૂબ જ પ્રભાવિત થયા હતા. ખરેખર તે વખતે એવા તીક્ષ્ણ ક્ષયોપશમવાળા શ્રીમદ્ એક જ હતા.

હું પરને સુખી કરું, દુઃખી કરું—એ બધી પરની ક્રિયા કરવાનો ભાવ તે અનાદિ મહામિથ્યાત્વ છે, મહા જુઠ્ઠો ભાવ છે, પાખંડભાવ છે. શું મંદિર બનાવી શકાય છે? મંદિર પણ પરદ્રવ્ય છે. જીવથી પરનું કાંઈ બની શકતું નથી, છતાં તેનો કર્તા થવાની બુદ્ધિ કરવી તે અનાદિ અજ્ઞાનભાવ છે. લોકમાં કહેવાય છે ને—'હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા , શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડા નીચે કૂતરો હોય, તે અજ્ઞાનથી એમ માને કે ગાડું મારાથી ચાલે છે; એ પ્રમાણે આ બહારનાં કામ મારાથી થાય છે એમ માનનાર મૂઢ, અજ્ઞાની છે.

અજ્ઞાની જીવ અનાદિથી જે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે અને જે પોતાથી થઈ શકે છે—જ્ઞાનસ્વરૂપ આત્મામાં એકાગ્રતા, જ્ઞાન ને આનંદનો અનુભવ—તે કરતો નથી.

**'મુનિરાજને પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે અને આહાર-વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો પણ ઘણા જ મંદ હોય છે.'**

અવિરત સમ્યગ્દૃષ્ટિ ને દેશવિરત શ્રાવકને પણ પરના કર્તાપણાની બુદ્ધિ તો છૂટી જ ગઈ છે, પરંતુ મુનિરાજને તો પરના કર્તૃત્વની બુદ્ધિ છૂટવા ઉપરાંત રાગ પણ ઘણો ટળી ગયો છે, આહાર-વિહાર વગેરેના અસ્થિરતારૂપ વિકલ્પો ખૂબ જ મંદ થઈ ગયા છે. મુનિરાજ અંતરમાં વીતરાગ ચૈતન્યબિંબ થઈ ગયા છે, અક્રિય જિનબિંબ જેવા થઈ ગયા છે, અતીન્દ્રિય આનંદમાં રમે છે, ઝૂલે છે. નિજ પદ રમે સો રામ કહિએ રાગ મેં રમે સો હરામ કહિએ.

ભરત અને બાહુબલી બન્ને ભાઈઓ આત્મજ્ઞાની હતા. રાજ્યના રાગને કારણે બન્નેએ લડાઈ કરી. અંદરમાં તેમને ભાન છે કે લડાઈની ક્રિયા આત્મા કરી શકતો નથી અને જે રાગની વૃત્તિ ઊઠે છે તેમાં તેમને કર્તૃત્વબુદ્ધિ નથી, તોપણ જે વિકલ્પો આવે છે તેના તે જ્ઞાતા જ છે, સ્વામી નથી. મુનિરાજને તો સ્વરૂપસ્થિરતા ખૂબ જ વધી ગઈ છે, તેથી તેમને કર્તૃત્વબુદ્ધિ તો નથી જ, પણ વ્યવહારચારિત્રના પાલનરૂપ અસ્થિરતાનો રાગ પણ બહુ જ મંદ થઈ ગયો છે.

સહજ ચિદાનંદ.

**'ઉપદેશનો પ્રસંગ આવે તો ઉપદેશ આપે, પણ વિકલ્પની જાળ ચાલતી નથી.'**

મુનિરાજને વિકલ્પ આવે, પણ તેની લાર ચાલતી નથી. ઉપદેશ દેતાં દેતાં પણ તેઓ અંદર સ્વરૂપમાં લીન થઈ જાય છે, છટ્ઠા-સાતમા ગુણસ્થાને હજારો વાર આવે–જાય છે, પ્રમત્ત દશામાંથી છૂટીને તરત જ અપ્રમત્ત દશામાં—આનંદના ઉગ્ર અનુભવમાં આવી જાય છે. લોકોને બહારથી ઉપદેશ આપતા દેખાય, પણ અંદરમાં તેઓ વારંવાર નિર્વિકલ્પ સ્વાનુભવદશામાં આવી જાય છે. સૂક્ષ્મ વાત છે. લોકોને હજી મુનિદશા શું છે, કેવળજ્ઞાનદશા શું છે, તેની ખબર નથી.

ઉપદેશ દેવાનો પ્રસંગ આવે તો કોઈ ધર્મલોભી જીવને દેખીને ઉપદેશ આપે. મોક્ષમાર્ગપ્રકાશકમાં પં. ટોડરમલજીએ કહ્યું છે : મુનિરાજ મુખ્યપણે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણમાં જ મગ્ન રહે છે, અને કદાચિત્ ધર્મના લોભી અન્ય જીવોને દેખીને,

રાગાંશના ઉદયથી કરુણાબુદ્ધિ આવી જાય તો, તેમને ધર્મનો ઉપદેશ આપે છે. તે, શુભરાગ કે જે પોતાની કમજોરીથી આવે છે, તેને પણ છોડીને તરત જ અંદર આનંદમાં વિશેષ લીન થઈ જાય છે. ઉપદેશથી મને લાભ થશે કે મારા ઉપદેશથી બીજાને લાભ થશે— એવી માન્યતા જરા પણ નથી. અહા! લોકો માને છે તે વાતમાં બહુ ફેર છે; લોકો સાથે વાતે વાતે ફેર છે. ત્રિલોકનાથ જિનેશ્વર ભગવાનનો માર્ગ કોઈ અલૌકિક છે; અહીં કહે છે કે—મુનિરાજને વિકલ્પ ઊઠે છે, પણ વિકલ્પની જાળ—પરંપરા ચાલતી નથી; વિકલ્પ તોડીને તેઓ તરત જ નિર્વિકલ્પ આનંદમાં જામી જાય છે.

સહજ ચિદાનંદ.

> બેનનું પુસ્તક તો એવું બહાર પડયું છે કે મારા હિસાબે તો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી—બાળક જેવી ભાષા સંસ્કૃત ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે.
>
> —*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન-૭૦

તા. ૨૦-૮-૭૮

## વચનામૃત—૧૮૯

**તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય. અનાદિ-અનંત અદ્‌ભુત આત્માને—પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક ભાવને—અવલંબ. પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા આવશે. ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે. ૧૮૯.**

‘તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે.’

આ બોલમાં તાત્ત્વિક વાત આવી છે. સમકિતી ધર્મીજીવ પોતાની દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે છે, દૃષ્ટિ ધ્રુવ સ્વભાવમાં ટકાવે છે, ધ્રુવ આત્મા પર જોર દે છે. સમ્યગ્દૃષ્ટિ તેને કહેવાય કે જેણે ધ્રુવ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિનો દોર લગાવી દીધો છે; પછી ભલે વિકલ્પ આવતો હોય પણ દૃષ્ટિ તો ધ્રુવ સ્વભાવ ઉપર જ છે. તે જરાય ત્યાંથી ખસતી નથી, હલતી નથી. પ્રભુ! તારે કલ્યાણ કરવું હોય તો સંયોગ ઉપરથી લક્ષ છોડી દે, દયા-દાનના વિકલ્પ ઉપરથી દૃષ્ટિ છોડી દે, એક સમયની પર્યાય ઉપરથી પણ લક્ષ છોડી દે અને ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય ભગવાન પર દૃષ્ટિનો દોર લગાવી દે. કેવી રીતે લગાવાય? તારી વર્તમાન ઊપજતી પર્યાયને ત્યાં ધ્રુવ જ્ઞાયકમાં જોડી દે. કેવી રીતે જોડાય? અંતર્મુખ થઈને જોડી દે. અંતર્મુખ કેમ થવાય? એ તો અંતર્મુખ થવાવાળો પોતે કરે કે બીજો કોઈ કરી દે? પોતાની જે વર્તમાન પર્યાય પર તરફના લક્ષવાળી છે તે છોડી દે ને ત્રિકાળી જ્ઞાયકભાવ પર દૃષ્ટિને જોડી દે. હવે, ‘જોડી દે’ એમ કહ્યું તો કેવી રીતે જોડાય? શું કહીએ ભાઈ? અનુભવ કેવી રીતે થાય એ વાત અત્યારે ચાલતી નથી, પણ

સમયસાર-કલશટીકામાં એમ કહે છે કે 'હું શુદ્ધ જ્ઞાયક છું' એમ જ્ઞાનનું જે પરિણમન થાય છે તે અનુભવ છે. ભગવાન આત્મા કે જે પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ ચીજ છે તેમાં અંતર્મુખ દૃષ્ટિ થવી, તેનો અનુભવ થવો તેને સ્વભાવ તરફ દોર લગાવી દીધો એમ કહેવાય છે. ભાષામાં વિશેષ શું આવે?

**'પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય.'**

ત્રિકાળી જ્ઞાયક પ્રભુને ભૂલીને પર્યાયમાં જે બુદ્ધિ છે તે મિથ્યાજ્ઞાન છે, કેમ કે એક સમય જેટલા અંશમાં આખો આત્મા આવી જતો નથી. એક સમયના અંશને આખો આત્મા માનવો તે મિથ્યાત્વ છે. એ વર્તમાન પર્યાયનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિને લગાવી દે. પછી ભલે વિકલ્પ આવે, પણ દૃષ્ટિ ધ્રુવ જ્ઞાયક પર છે તે છૂટતી નથી, ખસતી નથી, હઠતી નથી. તેનું નામ સમ્યગ્દર્શન ને ધર્મનું પ્રથમ પગથિયું કહેવામાં આવે છે.

આત્મામાં પુણ્ય ને પાપના વિકલ્પો થાય છતાં સાધક જીવને તેની દૃષ્ટિનો દોર ધ્રુવ ચૈતન્ય ઉપરથી છૂટતો નથી. જેમ પતંગ ઉડાડે છે તેમાં દોર તો પોતાના હાથમાં હોય છે, તેમ દેવગુરુની પૂજાભક્તિના શુભભાવ આવે તેમાં દૃષ્ટિનો દોર ધ્રુવ જ્ઞાયકમાં બાંધી દીધો છે તે કદી છૂટતો નથી, સ્વભાવમાંથી દૃષ્ટિ કદી હઠતી નથી. અહા! શ્રદ્ધાનો વિષય જે પૂર્ણ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા ત્યાં દૃષ્ટિને લઈ જવાની છે. આકરું કામ ભાઈ! બેનની ભાષા સહેલી છે, પણ વસ્તુ અલૌકિક છે.

અનાદિ કાળમાં જીવે ચૈતન્યની દૃષ્ટિ ક્યારેય કરી નથી, અને જે કર્યું છે તે તો પુણ્યપાપરૂપ પરિણમન છે, દુઃખનું વેદન છે. તે વેદન વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં એનું ફળ પણ દુઃખ છે. પ્રભુ! તારી વર્તમાન પર્યાયમાં ભલે દુઃખ હો, તારી અવસ્થા ભલે પલટતી હો, પર્યાયમાં હલચલ હો, પણ તારી ત્રિકાળી ધ્રુવ વસ્તુમાં હલચલ થતી નથી, તે પલટતી નથી, પલટતી ક્ષણિક દશામાં હલચલ વિનાની ધ્રુવ ચીજ આવી જતી નથી. આવી વાત છે, મોંઘી લાગે પણ વસ્તુસ્વરૂપ તો આ જ છે. બાકી બધા રસ–સંસારના રસ–અનાદિથી કર્યા-ભોગવ્યા છે; પણ તે કોઈ પરમાર્થ ચીજ નથી.

પોતાની દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ઉપયોગ ભલે બહાર જાય, પછી ભલે શુભભાવ આવે, પણ દૃષ્ટિનો જે દોર જ્ઞાયકસ્વભાવ પર બંધાયો તે હઠતો નથી, ભલે અશુભ ભાવ પણ આવી જાય છતાં દૃષ્ટિનો દોર જે ધ્રુવ દ્રવ્યસ્વભાવ પર લગાવ્યો છે તે ત્યાંથી ખસતો નથી. સમજાય છે કાંઈ?

પ્રભુ! તું અંદર કોઈ ધ્રુવ ચીજ છો કે નહિ? કે વર્તમાન પલટતી પર્યાયમાં આખું તત્ત્વ આવી જાય છે? તું રાગ ને પર્યાયથી જુદી ત્રિકાળી ધ્રુવ ચીજ છો, તો વર્તમાન પર્યાયને ત્રિકાળી ધ્રુવ ચીજમાં લગાવી દે. આવી વાત છે ભાઈ! ભાષા સાદી છે, પરંતુ આ ચીજની પ્રાપ્તિ થવા માટે અનંત પુરુષાર્થ જોઈએ. ભાઈ! તારે આત્માનું કલ્યાણ કરવું હોય તો ધ્રુવ જ્ઞાયકસ્વભાવ પર દૃષ્ટિ લગાવી દે. આ વાતને સમયસારની ૧૧ મી ગાથામાં 'ભૂતાર્થ' શબ્દથી કહી છે ને? અહીં બેનની આ વાણી તો સાદી ગુજરાતી ભાષામાં છે.

કહેવત છે કે—વાણી અને પાણી પચાવવાં અઘરાં છે. ભગવાન આત્માના મહિમાની આ વાત સાંભળીને એક શ્રોતા બોલ્યા : મહારાજ! આ વાત પચવી કઠણ છે. ભાઈ! ભોજનમાં રોજ રોટલી-રોટલા ખાઓ છો, પણ ક્યારેક ઊંચો મેસૂબ પીરસવામાં આવે તો ત્યાં ના પાડો છો કે નહિ પચે? ભલે થોડો લો, પણ પચવાની ના પાડતા નથી. એમ પ્રભુ! તારી પ્રભુતાનાં અહીં ગાણાં ગવાય છે; તે મને ન સમજાય, આ વાત મને ન પચે—એમ ના ન પાડ. ચોરાશી લાખ યોનિનાં પરિભ્રમણથી છૂટવું હોય તો તારી વર્તમાન દૃષ્ટિને અંતર તળમાં લઈ જા.

'અનાદિ-અનંત અદ્‌ભુત આત્માને—પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક ભાવને—અવલંબ.'

અનાદિ-અનંત ચમત્કારી પાતાળમાં—જ્ઞાયક આત્મામાં, કે જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ અનંત વૈભવથી ભરપૂર પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક ભાવ છે તેમાં, દૃષ્ટિ લઈ જા તો તને સમ્યગ્દર્શન પ્રાપ્ત થશે, કે જે ધરમનું પ્રથમ સોપાન છે. બાકી બીજા બધા તો રખડવાના રસ્તા છે. અહીં કહે છે કે—પૂર્ણાનંદ જ્ઞાયકભાવની દૃષ્ટિ કરીને તેનું અવલંબન લે, જેથી તને પરમાનંદની પ્રાપ્તિ થશે.

'પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા આવશે.'

નિજ શુદ્ધાત્મદ્રવ્ય તે તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિઓથી પરિપૂર્ણ છે. તે ત્રિકાળી પરિપૂર્ણ પ્રભુનો જે આશ્રય કરશે, તેનું અવલંબન લેશે, તેનો આધાર લેશે, તેને પર્યાયમાં પૂર્ણતા આવશે. શું કહે છે? અંદર જે પૂર્ણ સ્વભાવ છે તેના આશ્રયથી પર્યાયમાં પૂર્ણતા ઉત્પન્ન થશે. કેવળજ્ઞાન અને અનંત આનંદસ્વરૂપ જે પૂર્ણ પર્યાય છે તે, પરિપૂર્ણ સ્વભાવના આશ્રયે પ્રગટે છે. અહીં તો એમ કહેવું છે કે પરિપૂર્ણ ધ્રુવ વસ્તુના આશ્રયે પરિપૂર્ણ પર્યાય પ્રગટ થાય છે, મોક્ષ કે મોક્ષમાર્ગની પર્યાયના આશ્રયથી પણ મોક્ષરૂપ પૂર્ણ પર્યાય પ્રગટતી નથી.

જેમ સોળ કળાએ પરિપૂર્ણ ચંદ્ર પૂનમની રાત્રિએ પોતાની સોળેય કળાએ પૂરેપૂરો ખીલે છે, તેમ ભગવાન આત્મા કે જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શક્તિ, અનંત સ્વચ્છત્વ આદિ અનંત ગુણરૂપ કળાથી પરિપૂર્ણ જ્ઞાયક પ્રભુ છે તેના પર દૃષ્ટિ દેવાથી, તે પરિપૂર્ણ તત્ત્વનો આશ્રય કરવાથી, પર્યાયમાં પરિપૂર્ણતા પ્રગટ થશે. અહા! આ કેમ બેસે? અંદર એક સમયની પર્યાયની પાસે આખું પૂર્ણાનંદનાથ પાતળ પડ્યું છે; તેના તરફ કોઈ દી નજરું કરી નથી, તેને ક્યારેય લક્ષમાં લીધું નથી! આમાં તો એમ કહેવું છે કે મોક્ષમાર્ગની પર્યાય છે તો મોક્ષ પ્રગટશે—એમ પણ નથી; કેમ કે મોક્ષમાર્ગની અપૂર્ણ પર્યાય પોતાના દ્રવ્યસ્વભાવના અપૂર્ણ આશ્રયથી ઉત્પન્ન થઈ છે અને કેવળજ્ઞાન આદિ પૂર્ણ પર્યાય પોતાના દ્રવ્યસ્વભાવના ઉગ્ર—પૂર્ણ આશ્રયથી ઉત્પન્ન થાય છે. અહા! આવી વાતો કઠણ પડે, પણ ભાઈ! જન્મમરણ ટાળવાનો આ એક જ રસ્તો છે.

અરેરે! જેના ઉપર જીવને અત્યંત પ્રેમ છે એવું આ શરીર ખરેખર કેવળ વેદનાની મૂર્તિ છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ભાવપાહુડમાં કહે છે : એક તસુમાં ૯૬ રોગ તો આખા શરીરમાં કેટલા? વિચાર તો કર પ્રભુ!—આ શરીર તો જડ છે, વેદનાની મૂર્તિ છે. ભગવાન જ્ઞાયક આત્મા આનંદની મૂર્તિ છે, ચૈતન્યચમત્કારથી ભરપૂર મહાપ્રભુ છે કે જેની પૂર્ણ પર્યાય પ્રગટ થતાં ત્રણ કાળ ને ત્રણ લોકને યુગપદ દેખે. એવી અનંતી પૂર્ણ પર્યાયની તાકાતનો પુંજ એવો જ્ઞાનગુણ, એવી અનંતી શ્રદ્ધાપર્યાયની તાકાતનો પિંડ એવો શ્રદ્ધાગુણ, એવી અનંતી સ્થિરતાપર્યાયની તાકાતનું દળ એવો ચારિત્રગુણ, પૂર્ણ આનંદની પર્યાયનું ધ્રુવ તળ એવો આનંદગુણ—આવા અનંત અનંત ગુણો પરિપૂર્ણ તાકાત સહિત અંદર ભગવાન આત્મામાં પડયા છે. અહા! આ પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવના અવલંબનથી કેવળજ્ઞાન આદિ પરિપૂર્ણ પર્યાય પ્રગટ થશે, મોક્ષમાર્ગ કે જે અપૂર્ણ પર્યાય છે તેના આશ્રયે પણ પરિપૂર્ણ પર્યાય પ્રગટ નહિ થાય. પૂર્ણ જ્ઞાનાનંદની શીતળ પાટ—ધ્રુવ દ્રવ્યસ્વભાવ—અંદર સદા વિદ્યમાન છે, તેનો આશ્રય કરીશ તો સમ્યગ્દર્શન થશે, તેનો ઉગ્ર આશ્રય કરીશ તો ચારિત્ર થશે અને તેના પૂર્ણ આશ્રયથી કેવળજ્ઞાન આદિની પૂર્ણ દશા પ્રગટ થશે. છૂટવાનો માર્ગ આવો છે ભાઈ!

છૂટવાનો માર્ગ સ્વદ્રવ્યનો આશ્રય કરવો તે એક જ છે, અને બંધાવાનાં કારણ તો અનેક છે. શુભ અને અશુભ ભાવ—બન્ને બંધનનાં કારણ છે. શુભના પણ અસંખ્ય પ્રકાર છે અને અશુભના પણ અસંખ્ય પ્રકાર છે એમ ભગવાન કહે છે. તે બંનેથી પાર ભગવાન નિજ પરમાત્મા છે. વિકારની સીમા છે, મર્યાદા છે, અસીમ નથી. બેનના બોલમાં આવે છે : બહારનાં બધાં કાર્યમાં સીમા—મર્યાદા હોય. અમર્યાદિત તો અંતર જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા—મર્યાદા નથી. અંદરમાં—સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિ

કાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે. વિકૃત અવસ્થાની સીમા છે માટે તે ટળી જશે. તેથી અંદર શક્તિથી ભરપૂર પૂર્ણ ચીજ શી છે તેનું લક્ષ કરવું. જેમ પાતાળમાં પાણી પૂરું ભરેલું છે, તેમ જ્ઞાયક આત્મામાં ધ્રુવ શક્તિ પૂર્ણ ભરી પડી છે. તેનો આશ્રય કરવાથી પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થશે—એવું વસ્તુનું સ્વરૂપ છે. અહાહા! શક્તિ-અપેક્ષાએ પૂર્ણતા છે તો પર્યાયમાં પૂર્ણતા આવશે.

'ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે.'

દેવ, ગુરુ અને તેમની વાણી નિમિત્ત ભલે હો, પણ તેમના આશ્રયથી સમ્યગ્દર્શન, મુનિપણું કે કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. ખરેખર તો સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે—આ જડ ઇન્દ્રિયો, એક એક વિષયને ક્રમે જાણવાવાળી ભાવેન્દ્રિયો અને ઇન્દ્રિયોના વિષયભૂત દેવ-શાસ્ત્ર-ગુરુ કે સ્ત્રી-પુત્ર-પરિવાર વગેરે પર પદાર્થ, તે બધાનું લક્ષ છોડી અતીન્દ્રિય ભગવાન જ્ઞાયક આત્માનો અંતરમાં સ્વીકાર કર, તેનો આશ્રય કર, તો સમ્યગ્દર્શન થશે.

લોકોને બહાર લક્ષ્મી, બંગલા વગેરેમાં વિસ્મય લાગે છે. ભાઈ! એ તો બધું ધૂળ છે, તેમાં કાંઈ વિસ્મય થવા જેવું છે જ નહિ. વિસ્મયકારી, આશ્ચર્યકારી તો અંદર વિદ્યમાન તારો પ્રભુ છે, પણ તેની અદ્‌ભુતતાની તને ખબર નથી. તીર્થંકરની વાણી ને ગુરુની વાણી એ ચમત્કારપૂર્ણ જ્ઞાયકપ્રભુનું સ્વરૂપ સમજાવે છે, પરંતુ સમજીને જ્ઞાયકસ્વભાવનો આશ્રય તો પોતાને જ કરવાનો છે. આશ્રય કોઈ ગુરુ થોડા જ કરી દે છે? ગોર લગન કરી દે, પણ તેનું ઘર થોડું ચલાવી દે?—એમ ગુરુ વાણી દ્વારા સત્‌ની વાત કહે છે, પણ સત્‌નો આશ્રય ગુરુ થોડા કરી દે છે? અહા! આ વાત બેન કહે છે.

રાગમાં, શુભભાવમાં કાંઈ લાભ નથી. દેવ-ગુરુ વગેરે પરદ્રવ્ય તરફ લક્ષ જતાં રાગ થાય છે; અરે! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ તીર્થંકર કહે છે કે તું અમારા તરફ લક્ષ કરીશ તો તને રાગ થશે. સ્વદ્રવ્યના આશ્રય વિના ત્રણ લોક ને ત્રણ કાળમાં ક્યાંય કલ્યાણ થતું નથી. મહાવિદેહક્ષેત્રમાં જીવે અનંત વાર જન્મ લીધો, ભગવાનની વાણી પણ સાંભળી, પણ તે તો નિમિત્ત છે. સ્વનો આશ્રય શું નિમિત્ત કરાવી દે છે? ગુરુ ઉપદેશ આપે, પણ અંદર ઉપાદાન પ્રગટ કરે કોણ? પર ને રાગથી ભિન્ન સ્વને સમજી આશ્રય તો પોતાને જ કરવાનો છે. અંતરમાં ઝુકાવ કાંઈ ગુરુ કરાવી દે છે? સર્વજ્ઞ કરાવી દે છે? અંદર

જ્ઞાયકમાં ઝૂકવું તે તો આત્મા પોતાના પુરુષાર્થથી કરી શકે છે. તે કાર્ય કોઈ બીજો-ગુરુ-કરાવી દે કે ગુરુની કૃપાથી થાય—તે વસ્તુસ્વરૂપમાં જ નથી. અહા! ભાષા ગુજરાતી, પણ સાદી છે. અહીં કહે છે કે—ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે, પણ સમજીને સ્વતત્ત્વનો આશ્રય તો પોતાને જ કરવાનો છે.

## વચનામૃત—૧૯૦

**મેં અનાદિ કાળથી બધું બહાર-બહારનું ગ્રહણ કર્યું—બહારનું જ્ઞાન કર્યું, બહારનું ધ્યાન કર્યું, બહારનું મુનિપણું લીધું, અને માની લીધું કે મેં ઘણું કર્યું. શુભભાવ કર્યા પણ દૃષ્ટિ પર્યાય ઉપર હતી. અગાધ શક્તિવાળો જે ચૈતન્ય-ચક્રવર્તી તેને ન ઓળખ્યો, ન ગ્રહણ કર્યો. સામાન્યસ્વરૂપને ગ્રહણ કર્યું નહિ, વિશેષને ગ્રહ્યું. ૧૯૦.**

'મેં અનાદિથી બધું બહાર-બહારનું ગ્રહણ કર્યું—બહારનું જ્ઞાન કર્યું, બહારનું ધ્યાન કર્યું, બહારનું મુનિપણું લીધું, અને માની લીધું કે મેં ઘણું કર્યું.'

અનાદિ કાળથી મેં શુભભાવ, અશુભભાવ ને પરવસ્તુના ગ્રહણ-ત્યાગની—બધી બહાર-બહારની—વાતો કરી; બહારનું જ્ઞાન—દાક્તરની વિદ્યા, વકીલાતની વિદ્યા એમ બહારનું જાણપણું—કર્યું પણ તે તો, આત્મભાન વિના, બધું કુજ્ઞાન છે. ભગવાન આત્મા અંદર જ્ઞાન ને આનંદની લક્ષ્મીથી ભરપૂર પડયો છે, તેના ભાન વિના બહારનું—શાસ્ત્રના ભણતરનું—જ્ઞાન કર્યું, બહારનું—ભગવાનનું, રાગનું—ધ્યાન કર્યું, બહારનું—નગ્નપણું, મહાવ્રતનું ધારણ વગેરે—મુનિપણું અનંત વાર લીધું, અને 'મેં ઘણું કર્યું'—એમ માની લીધું, પણ તેમાં પોતાને શું આવ્યું? તેથી શો લાભ થયો? કેમ કે સમ્યગ્દર્શન વિના એ બધું થોથાં છે. 'વહ સાધનબાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' આત્મજ્ઞાન વિના બહારનું બધું વ્યર્થ છે, તેનાથી જરા પણ આત્મશાંતિ, સુખ કે ધર્મ થતો નથી.

આઠ વર્ષના બાળકને પણ સમ્યગ્દર્શન ને આત્મજ્ઞાન થાય છે. ચક્રવર્તીના રાજકુમારો જાણે પુણ્યનાં પૂતળાં—તેમને અંદર આત્મજ્ઞાન હોય છે, અને અંતરમાંથી દીક્ષા લેવાની ભાવના જાગે છે ત્યારે તેઓ માતા પાસે રજા લેવા જાય છે. તેઓ કહે છે : હે માતા! મને સંયમ ધારણ કરવાની રજા આપ. મને અંદર આનંદનો સ્વાદ તો આવ્યો

છે પણ મારે તે અતીન્દ્રિય આનંદની ઉગ્ર સાધના કરવા માટે દીક્ષા લેવી છે—મારે વનવાસમાં જવું છે. તેઓ માતાને કહે છે :

> अज्जेव धम्मं पडिवज्जयामो, जहिं पवण्णा ण पुणब्भवामो।
> अणागयं णेव य अत्थि किंची, सद्धा खमं णे विणइत्तु रागं ॥

હે માતા! અમે આજે જ ભગવતી દીક્ષા અંગીકાર કરશું. મા રોવે છે, રજા આપી શકતી નથી. પુત્ર કહે છે : માતા! એક વાર રોવું હોય તો રોઈ લે, પણ હવે અમે અમારા આનંદસ્વરૂપને સાધવા જઈએ છીએ. અમે કોલકરાર કરીએ છીએ કે હવે અમે બીજી માતા નહીં કરીએ. અમારે હવે ભવ નથી. આ જ ભવમાં મુક્તિ-રમણીને વરશું.

ગૃહસ્થાવસ્થામાં એક વાર ભાવનગરમાં ધ્રુવનું નાટક જોયું હતું. ધ્રુવ રાજકુમાર હતો. નાની ઉંમરમાં તેની મા મરી ગઈ, પિતાએ બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યું. ધ્રુવને વૈરાગ્ય થયો અને જંગલમાં ચાલ્યો ગયો. તે વનમાં ધ્યાનમગ્ન બેઠો હતો ત્યાં બે અપ્સરાઓ વિષય માટે લલચાવવા આવી અને બોલી : અરે રાજકુમાર! અમારાં સુંદર સુકોમળ શરીર દેખ. જવાબમાં ધ્રુવ કહે : માતા! તમારું શરીર ઘણું સુંદર છે તે વાત ખરી છે, પણ જો મારે એકાદ ભવ કરવાનો હોય તો તમારી કૂખે અવતાર લઉં, બીજી કોઈ વાત નહિ. એ વખતે તો વૈરાગ્યપ્રરક નાટક આવતાં; અત્યારે તો બધું ફરી ગયું છે. લોકોની બુદ્ધિ બગડવામાં નિમિત્ત થાય એવા કામોત્તેજક દેખાવો! અત્યારે તો નીતિનાંય ઠેકાણાં રહ્યાં નથી.

અહીં કહે છે કે જીવે બહારનું ઘણું કર્યું—બહારનું જાણપણું કર્યું, બહારનું ધ્યાન કર્યું, બહારનું ચારિત્ર પાળ્યું, અને માની લીધું કે મેં ઘણી ધર્મસાધના કરી. પરંતુ એ બધું અજ્ઞાન છે. પોતાના સ્વરૂપના ભાન વિના ધર્મસાધના કેવી?

'શુભભાવ કર્યા પણ દૃષ્ટિ પર્યાય ઉપર હતી.'

દયા, દાન, વ્રત, તપ વગેરેના શુભભાવ કર્યા પણ દૃષ્ટિ તો વર્તમાન રાગ, પુણ્ય ને પર્યાય ઉપર હતી. શુભ રાગના રસરૂપ દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. જ્યાં શ્રદ્ધા જ વિપરીત છે ત્યાં ધર્મ કે સાધના સાચી હોય જ નહિ.

'અગાધ શક્તિવાળો જે ચૈતન્યચક્રવર્તી તેને ન ઓળખ્યો, ન ગ્રહણ કર્યો.'

બહારની બધી ભાંજગડ, શુભ રાગ તેમ જ ધર્મના નામે કહેવાતી બધી ક્રિયા કરી,

પરંતુ તેનાથી ભિન્ન અંદર જ્ઞાનાદિ અનંત શક્તિવાળો ચૈતન્યચક્રવર્તી બિરાજે છે તેની સાચી ઓળખાણ કરી નહિ, મહિમા લાવીને તેનું ગ્રહણ કર્યું નહિ.

'સામાન્યસ્વરૂપને ગ્રહણ કર્યું નહિ, વિશેષને ગ્રહ્યું.'

જે ત્રિકાળ એકસ્વરૂપ છે એવા નિજ ધ્રુવ જ્ઞાયકભાવને ગ્રહણ કર્યો નહિ, પોતાના દ્રવ્યસામાન્યનો આશ્રય કર્યો નહિ, અને વિશેષનું—રાગ ને પર્યાયનું—ગ્રહણ કર્યું તે તારી મિથ્યા દૃષ્ટિ છે. સામાન્યસ્વરૂપ એટલે શુદ્ધાત્મદ્રવ્ય કે જે ત્રિકાળી ધ્રુવ છે, તેનું ગ્રહણ કર, આશ્રય કર, તો તારામાં સમ્યગ્દર્શનાદિ ધર્મ થશે. તે વિના સમ્યગ્દર્શન કે ધર્મ થશે નહિ.

તા. ૧૯-૮-૮૦

બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે. —*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન-૭૧

તા. ૨૧-૮-૭૮

## વચનામૃત—૧૯૧

**દૃષ્ટિનો દોર હાથમાં રાખ. સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર, પછી ભલે બધું જ્ઞાન થાય. એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય, સાધક દશા વધતી જાય. દેશવ્રત અને મહાવ્રત સામાન્ય સ્વરૂપના આલંબને આવે છે; મુખ્યતા નિરંતર સામાન્ય સ્વરૂપની—દ્રવ્યની હોય છે. ૧૯૧.**

'દૃષ્ટિનો દોર હાથમાં રાખ.'

સૂક્ષ્મ વાત છે. જેને પોતાનું કલ્યાણ કરવું છે તેણે, જે ત્રિકાળ જ્ઞાયક સામાન્યસ્વભાવ છે તેના ઉપર દૃષ્ટિ લગાવવી જોઈએ. જે દૃષ્ટિ નિમિત્ત, રાગ ને પર્યાય ઉપર છે તે તો મિથ્યાત્વ છે. વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ કે જે સંયોગી ચીજ છે, પરવસ્તુ છે તેનું, તેમની શ્રદ્ધા આદિનો જે રાગ છે તેનું અને જે વિશેષ નામ વર્તમાન પર્યાય છે તેનું પણ લક્ષ છોડવું. દૃષ્ટિને ધ્રુવ જ્ઞાયક પર લગાવી દે ત્યારે તને સમ્યગ્દર્શન થશે, ધર્મની શરૂઆત થશે. બાકી લાખ વાર ક્રિયાકાંડ કરે, વ્રત-તપ ને પૂજા-ભક્તિનો વ્યવહાર -આચાર પાળે, પણ તે તો રાગના પરિણામ છે; અંદર સ્વભાવની દૃષ્ટિ થયા વિના, તેનાથી આત્માનું કાંઈ કલ્યાણ થતું નથી. અરે! વિશેષ કે જે પોતાની જ્ઞાનાદિ પર્યાય છે તેની ઉપર લક્ષ કરવાથી પણ સમ્યગ્દર્શન થતું નથી. અહાહા! દૃષ્ટિનો દોર હાથમાં રાખ.

'સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર, પછી ભલે બધું જ્ઞાન થાય.'

ત્રિકાળ એકરૂપ ધ્રુવ જ્ઞાયકભાવ કે જેમાં પર્યાયરૂપ વિશેષો પણ નથી, તે સામાન્ય અભેદ દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ લગાવી દે; શ્રદ્ધામાં ને જ્ઞાનમાં તેને ગ્રહણ કર. આકરી વાત છે. ધર્મ કેવી રાતે થાય તે કોઈ દિવસ યથાર્થપણે સાંભળ્યું પણ નથી. શુદ્ધ ચિદાનંદઘનસ્વરૂપ ત્રિકાળી દ્રવ્યસ્વભાવને જ્ઞાનમાં કીમતીભાવે ગ્રહણ કરવાથી, શ્રદ્ધામાં તેનો

આશ્રય લેવાથી, પહેલાં સમ્યગ્દર્શન—ધર્મની શરૂઆત—થાય છે.

સામાન્ય એટલે એકરૂપ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ચીજ કે જે સદા શુદ્ધ છે, તેમાં દૃષ્ટિ લગાવી દે; નિમિત્ત, રાગ ને એક સમયની પર્યાયના ભંગભેદને ગ્રહણ ન કર; રુચિનું વજન તેના ઉપર ન આપ. અનાદિ કાળમાં એ કર્યું નથી, માટે એ અપૂર્વ વાત છે. આ તો હજી ધર્મના પ્રથમ સોપાનની—સમ્યગ્દર્શનની વાત છે; પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ એ તો કોઈ અલૌકિક વસ્તુ છે. લાખો ને કરોડો રૂપિયા—પૈસા મારા છે એમ માનીને —ખરચે, પણ એ ભાવ તો મિથ્યાત્વ છે. પૈસા મૂર્તિક અજીવતત્ત્વ છે, ભગવાન આત્મા જ્ઞાયક અમૂર્તિક જીવતત્ત્વ છે. અજીવસંયોગ, રાગ ને પર્યાયથી રહિત એવા નિજ સામાન્યસ્વરૂપ ઉપર લક્ષ આપ, તો તારી વિશેષ પર્યાયમાં સમ્યગ્દર્શન થશે.

અનંતા જીવ-અજીવ પદાર્થો, તેના ગુણો ને પર્યાયો—એ બધું જગત છે. તેને જ્ઞાન ભલે જાણે, છતાં જ્ઞાનીને અંદર ધ્રુવ સ્વભાવમાં દૃષ્ટિ જામી છે તે ખસતી નથી. શુદ્ધ જ્ઞાયક પરમભાવની દૃષ્ટિ થવાથી જે સમ્યગ્જ્ઞાન થયું તે, ભલે બધું જાણે—અનેક પ્રકારના પદાર્થોને જાણે, ધ્યાન કરે, રાગ આવે તેને જાણે, શરીરની જે ક્રિયાઓ થાય તેને જાણે— પણ તે તેને મલિનતા કે બંધનું કારણ થતું નથી, તેનાથી સ્વરૂપમાં જામેલી તેની દૃષ્ટિ ચલિત થતી નથી.

સમયસારની ૧૧મી ગાથામાં કહ્યું છે : 'ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.' જ્ઞાયકવસ્તુ જે સામાન્ય, એકરૂપ, ભૂતાર્થ છે તેમાં દૃષ્ટિનો દોર લગાવી દે. તેની સાથે જે જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે. તે જ્ઞાન રાગ તથા વ્યવહારરત્નત્રયના વિકલ્પો આવે તેને જાણે. દયા, દાન વગેરે વ્યાવહારિક ભાવોને 'હું કરું છું' એમ નહિ. 'હું કરું છું' એમ માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમયસારની ૧૨મી ગાથામાં 'અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે' એમ આવે છે. ટીકામાં 'વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે' એમ કહ્યું છે. આના અર્થમાં કેટલાક વિવાદ કરે છે. કોઈ તો એમ કહે છે કે— ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને તો વ્યવહારનય જ હોય છે અને શુદ્ધનય તો ઉપર સાતમે, આઠમે વગેરે ગુણસ્થાને હોય છે. પરંતુ આચાર્યદેવ કહે છે કે—પ્રથમ ચોથા ગુણસ્થાનથી શુદ્ધનય પ્રગટ થાય છે. અહાહા! જેને આત્માનું કલ્યાણ કરવું છે, જન્મમરણ રહિત થવું છે, તેણે પ્રથમથી જ ત્રિકાળી જ્ઞાયકસામાન્યનો આશ્રય કરવો.

'એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય, સાધક દશા વધતી જાય.'

'ચૈતન્યસ્વરૂપ સામાન્ય એકરૂપ અભેદ જ્ઞાયક ચીજનો દૃષ્ટિમાં આશ્રય કરતાં કરતાં અંદરમાં વિશેષ લીનતા થાય છે, સાધનાની દશા વધતી જાય છે. વ્યવહાર કરતાં કરતાં,

નિમિત્ત, શુભરાગ ને પર્યાયભેદનો આશ્રય કરતાં કરતાં, શુદ્ધ સાધકદશા થશે—એમ ત્રણ કાળમાં બનતું નથી. વ્યવહાર, રાગ ને નિમિત્ત પોતાના સામાન્ય ધ્રુવ સ્વરૂપમાં નથી, તે પોતાની ચીજ નથી. શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય ઉપર દૃષ્ટિ દેવાથી પ્રભુ! તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થશે. તેનો સ્વીકાર કરીને અંદરમાં રમતાં રમતાં આનંદ સ્વરૂપમાં વિશેષ વિશેષ લીનતા થશે. તેનું નામ ચારિત્ર, સ્વરૂપસ્થિરતા અને આત્મરમણતા છે. શુદ્ધ જ્ઞાયક પ્રભુને દૃષ્ટિમાં લઈને તેમાં વિશેષ લીનતા થતાં અંદર શુદ્ધ સાધકદશા વધી જશે.

નિર્મળ શુદ્ધ પર્યાય નિમિત્ત કે પર્યાયના આશ્રયથી ઉત્પન્ન થતી નથી, ત્રિકાળી જ્ઞાયકસામાન્યના આશ્રયે ઉત્પન્ન થાય છે. તે ત્રિકાળી આત્માને પરમપારિણામિકભાવ કહો, સામાન્ય સ્વભાવ કહો, જ્ઞાયકભાવ કહો, સાદૃશ્યભાવ કહો, ધ્રુવભાવ કહો, નિત્યભાવ કહો, એકરૂપભાવ કહો—તે બધું એકાર્થ છે. ભગવાન જ્ઞાયક પદાર્થ અંદર વજ્ર જેવો ધ્રુવ સ્તંભ છે, તેનો આશ્રય લેવાથી, દૃષ્ટિમાં તેનો સ્વીકાર કરવાથી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનરૂપ ધર્મની શરૂઆત થાય છે. એ સિવાય બાકી વ્રત, તપ, પૂજા, ભક્તિ વગેરે બધું બંધનું કારણ છે. તે તો શુભ રાગ છે, તેનાથી સમ્યગ્દર્શન કેમ થાય? અરે! શુભ રાગથી તો સમ્યગ્દર્શન થતું નથી, પણ તે રાગને જાણનારી જે જ્ઞાનની પર્યાય છે, તેના આશ્રયે પણ સમ્યગ્દર્શન થતું નથી. અહા! આવી મોંઘી વાત છે!

આત્મા ત્રિકાળ જ્ઞાયક, નિર્વાણસ્વરૂપ, મોક્ષસ્વરૂપ અને અબદ્ધસ્પૃષ્ટાદિ ભાવસ્વરૂપ છે. તેના આશ્રયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, શુકલધ્યાન અને કેવળજ્ઞાન વગેરે થાય છે. સાધક દશામાં દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિના શુભ વિકલ્પ આવે છે, પણ જ્ઞાની તેનો કેવળ જ્ઞાતા છે, કર્તા નથી. સર્વજ્ઞસ્વરૂપ ભગવાન આત્મા ત્રણ કાળ ને ત્રણ લોકના સર્વ પદાર્થોનો જાણનાર છે, કરનાર નથી. સર્વ પદાર્થો, તેમના દ્રવ્ય-ગુણ-પર્યાય ને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, અને તેમના ભૂત, વર્તમાન ને ભવિષ્ય સંબંધી સર્વ પર્યાયો—એ બધાંને સ્પર્શ્યા વિના, પોતાના ક્ષેત્રમાં રહીને જ્ઞાન જાણે છે. એવી સ્વપર-પ્રકાશક શક્તિ આત્મામાં છે. સમજાણું કાંઈ?

સમયસારની ૩૮મી ગાથાની ટીકામાં આવે છે કે—પરમેશ્વરસ્વરૂપ એવો જે મારો આત્મા તેને હું ભૂલી ગયો હતો. અહા! સમયસારમાં તો બધું આવે છે. સમયસારમાં ભાવોના ઢગલેઢગલા ભર્યા છે. સમયસાર તો ગ્રંથાધિરાજ છે, તત્ત્વજ્ઞાનનો દરિયો છે, સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાનની વાણી છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પહેલાં અહીંથી મહાવિદેહક્ષેત્રમાં ભગવાન શ્રી સીમંધરસ્વામી પાસે ગયા હતા. ત્યાં આઠ દિવસ રહ્યા હતા. વર્તમાનમાં શ્રી સીમંધર ભગવાન સમવસરણમાં બિરાજે છે, ૫૦૦ ધનુષ્યપ્રમાણ દેહ છે, એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં ૭૦૫૬૦૦૦ કરોડ વર્ષ જાય. અહીં વીશમા

શ્રી મુનિસુવ્રત તીર્થંકરના વારામાં સીમંધર ભગવાનનું દીક્ષાકલ્યાણક થયું હતું, અને અહીંની આગામી ચોવીશીના તેરમા તીર્થંકર થશે ત્યારે તે મોક્ષ પધારશે. જેમ અહીં મહાવીર ભગવાન હતા તેમ પૂર્વવિદેહમાં તે અરિહંત પદે બિરાજે છે. શ્રી જયસેનાચાર્યદેવ પંચાસ્તિકાયસંગ્રહની ટીકાનો પ્રારંભ કરતાં લખે છે કે : શ્રીમત્કુંદકુંદાચાર્યદેવ સર્વજ્ઞ-વીતરાગ શ્રી સીમંધરસ્વામીનાં દર્શન કરવા પૂર્વવિદેહમાં ગયા હતા અને ત્યાંથી આવીને શિવકુમાર રાજાના પ્રતિબોધન માટે આ શાસ્ત્ર બનાવ્યું છે.

મેં તો હજારો શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. સંવત ૧૯૬૫થી શાસ્ત્રનો અભ્યાસ છે. અહીંથી (સોનગઢથી) ૧૧ માઈલ દૂર ઉમરાળા ગામ છે. તે આ શરીરની જન્મભૂમિ છે. ૧૩ વર્ષ ત્યાં રહ્યો, ૯ વર્ષ પાલેજ (ભરૂચ અને વડોદરા વચ્ચે) રહ્યો. ત્યાં ૧૭ થી ૨૨ વર્ષની ઉંમર—પાંચ વર્ષ—સુધી દુકાન ચલાવી. દુકાનમાં પણ હું શાસ્ત્રસ્વાધ્યાય કરતો. ૨૩ વર્ષની ઉંમરે (સ્થાનકવાસી સંપ્રદાયમાં) દીક્ષા લીધી. સંવત ૧૯૭૦માં મોટા ભાઈએ બે હજાર રૂપિયા ખરચીને ઉમરાળામાં હાથીના હોદ્દે વરઘોડો કાઢીને દીક્ષા અપાવી. સંવત ૧૯૭૮માં સમયસાર શાસ્ત્ર હાથમાં આવ્યું. વાંચીને એમ લાગ્યું કે—અહા! આ શાસ્ત્ર તો કોઈ અશરીરી થવાની ચીજ છે! સિદ્ધિ થવાનું આ શાસ્ત્ર છે. સંપ્રદાયમાં ૩૨ કે ૪૫ સૂત્ર છે, પણ તેમાં ક્યાંય આ વાત નથી. સમજાણું કાંઈ?

પછી સંવંત ૧૯૮૭માં મોટા ભાઈને મેં કહ્યું : ભાઈ! આ માર્ગ નથી, આ સાધુપણું સાચું નથી, હું તો આને છોડી દઈશ. ભાઈએ કહ્યું : મહારાજ! તમારી પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ ખૂબ છે, તેથી ધીમે ધીમે છોડજો. અહીં સોનગઢમાં ગામના છેડે 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામનું અલાયદું મકાન છે, ત્યાં નિવાસ કર્યો. મોટા ભાઈની હાજરીમાં સંવત ૧૯૯૧માં મહાવીર-જયંતીના દિવસે મુહપત્તિ છોડીને પરિવર્તન કર્યું હતું. અમદાવાદના એક પત્રકારે 'કાનજીસ્વામી હવે સ્થાનકવાસી સાધુ નથી' એમ સમાચાર છાપ્યા. સ્થાનકવાસી સમાજમાં ઘણો ખળભળાટ થઈ ગયો. શું કહીએ, વીતરાગ દિગંબર જૈનધર્મ તે જ સત્ય ધર્મ છે, બીજો કોઈ ધર્મ સત્ય નથી. અરેરે, દિગંબર સંપ્રદાયવાળાને પણ સત્ય વસ્તુસ્થિતિની ક્યાં ખબર છે? તેઓ પણ 'વ્રત કરો, તપ કરો, પડિમા લઈ લો, ત્યાગી થઈ જાઓ'—એમ બહાર ક્રિયાકાંડ ને શુભભાવમાં ધર્મ માને છે.

અનંત વાર દ્રવ્યમુનિપણું ધારણ કર્યું, પણ ત્રિકાળી જ્ઞાયકનો આશ્રય કર્યો નહિ; તેથી આત્મદર્શન પ્રાપ્ત ન થયું. એક સમયની પર્યાય પાછળ પૂર્ણાનંદનો નાથ પડ્યો છે, તેનું લક્ષ કર્યું નહિ; તેથી અંદર સાધકદશા પ્રગટી નહિ. સમયસારની ૪૯મી ગાથામાં આત્માને 'અવ્યક્ત' કહ્યો છે. તેની ટીકામાં ટીકાકારે કહ્યું છે કે—છ દ્રવ્યસ્વરૂપ લોક કે

જે જ્ઞેય છે તેનાથી આ ટંકોત્કીર્ણ જ્ઞાયક આત્મા ભિન્ન હોવાથી તે અવ્યક્ત છે. અરિહંત, સિદ્ધ વગેરે જ્ઞાનસ્વરૂપ આત્માના પરજ્ઞેય છે, તેને આત્મા સ્પર્શતો નથી, તેનાથી અન્ય છે, માટે અવ્યક્ત છે.

વળી, દ્રવ્યસામાન્ય વર્તમાન વર્તતી પર્યાયને સ્પર્શતું નથી, પર્યાયરૂપ થઈ જતું નથી; અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન વગેરે પર્યાય દ્રવ્યસામાન્યને સ્પર્શતી નથી, દ્રવ્યરૂપ થઈ જતી નથી; માટે આત્મદ્રવ્ય અવ્યક્ત છે. ત્રિકાળી જ્ઞાયકના આલંબન વડે સમ્યગ્દર્શન થયું, અંદરમાં મોક્ષનો માર્ગ પ્રગટ થયો, વીતરાગી પર્યાય પ્રગટ થઈ—એ બધી પર્યાયો ધ્રુવ સામાન્યને સ્પર્શતી નથી, ધ્રુવરૂપ થઈ જતી નથી,—માટે ધ્રુવ જ્ઞાયક આત્મા 'અવ્યક્ત' છે. તેના આશ્રયે સમ્યગ્દર્શન અને સ્વરૂપરમણતા થાય છે, સાધક દશા વધતી જાય છે.

'દેશવ્રત અને મહાવ્રત સામાન્ય સ્વરૂપના આલંબને આવે છે; મુખ્યતા નિરંતર સામાન્ય સ્વરૂપની—દ્રવ્યની હોય છે.'

દૃષ્ટિ ધ્રુવ જ્ઞાયક ઉપર છે, છતાં ભૂમિકા પ્રમાણે પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને દેશવ્રત-મહાવ્રતના વિકલ્પ આવે છે. સામાન્યનું અવલંબન લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાસ્વરૂપ જે મોક્ષમાર્ગ થયો—સાધક દશા થઈ—તેમાં પૂર્ણ ઠરી જવાતું નથી તેથી દેશવ્રત અને મહાવ્રતના વિકલ્પ આવે, પરંતુ તે વખતે પણ અંદર મુખ્યતા નિરંતર દ્રવ્યસામાન્યની હોય છે. અહા! આ તો ત્રણ લોકના નાથ સીમંધર ભગવાનની વાણી છે. બેન ત્યાંથી આવ્યાં છે. ત્યાં સીમંધર ભગવાનની વાણીમાં આ વાત આવે છે. આ તો અંગત વાત છે–બેસવી કઠણ પડે એવી.

જ્ઞાયકની દૃષ્ટિ થતાં સ્થિરતા વધવાથી—સામાન્ય સ્વરૂપના આલંબને શ્રાવકને દેશવ્રતના વિકલ્પ આવે છે. જેને સામાન્ય સ્વરૂપની દૃષ્ટિ નથી તેના વ્રતાદિના વિકલ્પો બાળવ્રત ને બાળતપ છે, મિથ્યાત્વ સહિત છે. આ તો સર્વજ્ઞ ભગવાનથી સિદ્ધ થયેલું તત્ત્વ છે. વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. દ્રવ્યસામાન્યના આલંબનથી પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે. અનંત દ્રવ્ય છે, અનંત આત્માઓ છે—એ બધું ન્યાયથી સિદ્ધ છે. અન્ય મતમાં આવું તત્ત્વ નથી.

ચૈતન્ય વિજ્ઞાનઘન એવા નિજ આત્મદ્રવ્યમાં જેણે દૃષ્ટિનો દોર લગાવી દીધો તેને તેમાં લીન થતાં થતાં જ્ઞાયકની શુદ્ધ દશા વધે છે. સાધકને ચોથેથી પાંચમા ગુણસ્થાને આવે ત્યારે બાર વ્રતના વિકલ્પ આવે છે. આગળ વધતાં મુનિપણાની દશા આવે છે. ત્યાં

સાધકપણું તો જ્ઞાયકસ્વભાવના આશ્રયે વધે છે. મુનિપણું થતાં પહેલાં અપ્રમત્ત સાતમું ગુણસ્થાન આવે, પછી વિકલ્પ ઊઠે—પ્રમત્ત દશા થાય—એટલે સાતમામાંથી છઠ્ઠે આવે છે. આ તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા સાચા ભાવલિંગી મુનિની વાત છે. તે મુનિરાજને સાધક દશામાં નિરંતર સામાન્ય સ્વરૂપની મુખ્યતા રહે છે. ત્રિકાળી જ્ઞાયક ભગવાન તેમની દૃષ્ટિમાંથી જરા પણ ખસતો નથી.

આ પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) ઘણું સરસ છે. પચાસ હજાર પુસ્તક છપાઈ ગયાં. નાનાં તાડપત્રોમાં વચનામૃત આવ્યાં છે. નાના ગુટકા જેવાં પુસ્તકો પણ બહાર આવ્યાં છે. અહા! લોકો જાણે તો ખરા કે બેને આમાં શું કહ્યું છે!

શ્રી કુંદકુંદાચાર્યદેવ મોક્ષપાહુડની ૧૬ મી ગાથામાં કહે છે :

પરદ્રવ્યથી દુર્ગતિ, ખરે સુગતિ સ્વદ્રવ્યથી થાય છે;<br>—એ જાણી, નિજદ્રવ્યે રમો, પરદ્રવ્યથી વિરમો તમે.

પોતાના ધ્રુવ ચૈતન્યસ્વરૂપના આશ્રયથી જે પર્યાય થાય તે સુગતિ છે. પરદ્રવ્યના આશ્રયથી ચૈતન્યની પરિણતિમાં જે રાગ થાય છે તે ચૈતન્યસ્વભાવથી વિરુદ્ધ હોવાથી દુર્ગતિ છે. વ્યવહારરત્નત્રયના શુભ રાગથી પણ સિદ્ધગતિ થતી નથી; સ્વર્ગ મળે, તો તે પણ દુર્ગતિ છે, વિભાવગતિ છે. ચારેય ગતિ વિભાવ હોવાથી દુર્ગતિ છે. માત્ર ધ્રુવ જ્ઞાયક સ્વભાવના અવલંબને જે નિર્મળતા—વીતરાગતા—પ્રગટે તે સુગતિ છે.

પ્રશ્ન :—તિર્યંચનાં શરીર આડાં કેમ થયાં?

ઉત્તર :—ભગવાન કહે છે કે આત્મસ્વભાવની વિરાધના—આડોડાઈ બહુ કરી, તેના ફળરૂપે શરીર પણ તેમને આડાં મળ્યાં. અરેરે! આ દુર્લભ મનુષ્યભવમાં ધર્મ શી ચીજ છે તે સમજવાની દરકાર ન મળે, સત્સમાગમનો ભાવ નહિ, બે-ચાર કલાકના સ્વાધ્યાયનું પુણ્ય પણ નહિ, ચોવીશે કલાક એકલા પાપના પરિણામ કરે, તેને બીજી કઈ ગતિ થાય? દુર્ગતિ જ થાય. અહીં કહે છે કે—જ્ઞાનીને સદાય દ્રવ્યસ્વભાવની મુખ્યતા હોય છે.

❀

## વચનામૃત—૧૯૨

**આત્મા તો નિવૃત્તસ્વરૂપ—શાન્તસ્વરૂપ છે. મુનિરાજને તેમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે. ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેમને બોજારૂપ લાગે છે, જાણે કે પર્વત ઉપાડવાનો હોય. શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે. આત્માના પ્રચુર સ્વસંવેદનમાંથી બહાર આવવું ગમતું નથી. ૧૯૨.**

'આત્મા તો નિવૃત્તસ્વરૂપ—શાન્તસ્વરૂપ છે.'

ભગવાન આત્મા તો દેહ, વાણી વગેરે પરદ્રવ્યથી પૃથક્ અને શુભાશુભ રાગથી નિવૃત્તસ્વરૂપ છે. સચ્ચિદાનંદ પ્રભુ વિભાવથી તો નિવૃત્તસ્વરૂપ છે પણ નવ તત્ત્વથી પણ ભિન્ન છે. નવ તત્ત્વમાં આત્માનું દસ પ્રાણ, જીવસ્થાન, ગુણસ્થાન, માર્ગણાસ્થાન વગેરેથી યુક્તપણું તે જીવતત્ત્વ છે, કર્મ, શરીર, લક્ષ્મી વગેરે અજીવતત્ત્વ છે, દયા, દાન વગેરે પરિણામ પુણ્યતત્ત્વ છે, મિથ્યાત્વ, હિંસા, જૂઠું, ચોરી વગેરે પાપતત્ત્વ છે, પુણ્ય ને પાપ બન્ને મળીને આસ્રવતત્ત્વ છે, રાગમાં રોકાઈ જવું તે બંધતત્ત્વ છે, આસ્રવનો નિરોધ—આત્માના આશ્રયે પ્રગટતી શુદ્ધિ—સંવરતત્ત્વ છે, બંધનો એકદેશ અભાવ—જ્ઞાયકના આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ—નિર્જરાતત્ત્વ છે અને પરિપૂર્ણ શુદ્ધ દશા પ્રગટ થવી તે મોક્ષતત્ત્વ છે. જ્ઞાયક તત્ત્વ તો નવે તત્ત્વથી ભિન્ન છે, કેમ કે આ નવ તત્ત્વો પર્યાયસ્વરૂપ છે અને જ્ઞાયકસામાન્ય તો અપરિણામી ધ્રુવ સ્વરૂપ છે. આત્મા તો નિવૃત્તસ્વરૂપ—શાન્તસ્વરૂપ છે. શાન્ત કહો કે અકષાય કહો—બંને એકાર્થ છે. જેમાં વ્રત, તપ, પૂજા, ભક્તિ વગેરેના વિકલ્પોનું જરા પણ સ્થાન નથી એવો ધ્રુવ જ્ઞાયક પ્રભુ અકષાય શાન્તસ્વરૂપ છે, વિભાવથી નિવૃત્તસ્વરૂપ છે.

'મુનિરાજને તેમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે.'

મુનિરાજને તે શાન્તસ્વરૂપમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે. તે તો અંદર આનંદના નાથમાં ઘૂસી ગયા છે. વ્રતાદિના વિકલ્પ આવે છે પણ તેમને, અરે! અમે અહીં વિભાવરૂપ પરદેશમાં ક્યાં આવી ચડ્યા, અમારો જ્ઞાનાનંદની અનુભૂતિસ્વરૂપ સ્વદેશ તો અંદરમાં છે—એમ લાગે છે.

'ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેમને બોજારૂપ લાગે છે, જાણે કે પર્વત ઉપાડવાનો હોય.'

જેનાથી તીર્થંકર નામકર્મ બંધાય તે ઊંચામાં ઊંચો શુભભાવ પણ બોજારૂપ લાગે

છે; કેમ કે તે ભાવ પણ રાગ છે ને? નિવૃત્તસ્વરૂપ ભગવાન આત્માને પર્યાયમાં જે રાગ આવે છે તે બોજારૂપ લાગે છે, ભાવરૂપ લાગે છે. 'રાગથી ભિન્ન છું'—એવું ભાન થયું તે સમકિતી, અને ભાન થયા પછી અંદર વિશેષ સ્થિરતા થતાં વ્રતાદિનો શુભરાગ પણ બોજો લાગે તે મુનિદશા. મુનિરાજને બહારમાં—વિકલ્પમાં આવવું પડે તે બોજો લાગે છે, જાણે કે મોટો ડુંગર ઉપાડવાનો હોય એમ ભાર લાગે છે. સમયસારના મોક્ષ-અધિકારમાં પ્રતિક્રમણ વગેરે શુભભાવને વિષકુંભ કહ્યા છે. અહીં તેને બોજારૂપ કહ્યા છે. મુનિરાજને વ્યવહારરત્નત્રયના વિકલ્પ ઊઠે તે પણ ભારરૂપ લાગે છે, જાણે કે મોટો પહાડ ઉપાડવાનો હોય. ભગવાન જ્ઞાયક આત્મા તો વિકલ્પના બોજા રહિત નિર્ભાર, નિવૃત્ત, શાન્ત અને પરમ અમૃતસ્વરૂપ છે.

**'શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે. આત્માના પ્રચુર સ્વસંવેદનમાંથી બહાર આવવું ગમતું નથી.'**

મુનિરાજને ત્રિકાળી જ્ઞાયકની જ જબરી ધૂન લાગી છે. તેમને અંતર આનંદના વેદનમાંથી બહાર આવવું ગમતું નથી. વિકલ્પમાં જરાય ગોઠતું નથી. પરંતુ નબળાઈને લીધે આવવું પડે છે, પણ તેને દુઃખરૂપ જાણે છે અને તે બોજારૂપ લાગે છે. વિભાવને જે દુઃખરૂપ જાણે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું કહેવાય.

સહજ ચિદાનંદ.

❀

બેન તો મહાવિદેહથી આવ્યાં છે. એમના અનુભવની આ (વચનામૃત) વાણી છે. હીરાથી વધાવ્યાં તો ય તેમને કાંઈ નહિ. બેન તો (થોડા ભવમાં) કેવળજ્ઞાની થશે.

*—પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન-૭૨

તા. ૨૨-૮-૭૮

## વચનામૃત—૧૯૩

સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે—એવી સહજ દશા હોય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને તેમ જ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે તેમ જ બહાર આવે છે; મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે. ભેદજ્ઞાનની પરિણતી—જ્ઞાતાધારા—બંનેને ચાલુ જ હોય છે. તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી. અવિરત સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે. પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી. સહજ પણ છે, પુરુષાર્થ પણ છે. ૧૯૩.

'સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે—એવી સહજ દશા હોય છે.'

તાત્ત્વિક વાત છે ભાઈ! બેનની વાણીમાં તો તત્ત્વ—માખણ ભર્યું છે. પોતાના પૂર્ણ પરમાનંદકંદ શુદ્ધ જ્ઞાયકદેવની જેને પ્રથમ સાનુભવ પ્રતીતિ થઈ છે તે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના ચિદાનંદઘન જ્ઞાયક તત્ત્વને જ્ઞાયકભાવના આલંબન વડે જ પોતાની જ્ઞાતાધારામાં દૃઢપણે ધારી રાખે છે; તે દયા, દાન, વ્રત, તપ આદિ શુભરાગ વડે ધારી રખાતું નથી. જે નિત્ય ધ્રુવ તત્ત્વ છે, જેમાં આવરણ, અશુદ્ધિ ને ઊણપ નથી એવો નિજ જ્ઞાયકભાવ

જેણે દૃષ્ટિ અને અનુભવમાં લીધો તે જ્ઞાની ધર્મી જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, જ્ઞાયકભાવને પોતામાં ટકાવી રાખે છે અને જ્ઞાયકભાવને પોતામાં સ્થિર રાખે છે;—એવી જ્ઞાનધારા સહજ વર્તતી હોય છે.

જ્ઞાયકભાવ છે તો ત્રિકાળ સહજ વિદ્યમાન; પરંતુ જ્યારે પર્યાયમાં તેનો અનુભવ થયો, દૃષ્ટિમાં તેનો આશ્રય લઈને સાક્ષાત્કાર થયો, ત્યારે જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારણ કરી રાખ્યો, ટકાવી રાખ્યો કહેવાય છે; નિમિત્તમાં, સંયોગમાં, રાગમાં કે વ્યવહારમાં ધારી રાખ્યો છે એમ નહિ. 'તું હી દેવનો દેવ'. તારા અંતરઅવલંબનમાં કોઈ દેવ-ગુરુ, જિનપ્રતિમા આદિ નિમિત્ત કે વ્યવહારરત્નત્રયના વિકલ્પની અપેક્ષા નથી. નિયમસારની બીજી ગાથાની ટીકામાં કહ્યું છે : શુદ્ધરત્નત્રય અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, તેનું સમ્યક્ જ્ઞાન અને તેનું સમ્યક્ આચરણ પરની તેમ જ ભેદોની લેશ પણ અપેક્ષા રહિત હોવાથી તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે; તે શુદ્ધરત્નત્રયનું ફલ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ અર્થાત્ મોક્ષ છે.

પ્રશ્ન :—વ્યવહારને સહકારી તો કહેવામાં આવે છે ને!

ઉત્તર :—વ્યવહાર છે ખરો; પરંતુ તેને સાધન કહેવું ઉપચાર છે. પોતાના જ્ઞાયક સ્વરૂપનો આશ્રય લઈને જે સ્વાનુભૂતિ—શુદ્ધિ થઈ તે નિશ્ચય છે. ત્યાં ભૂમિકા પ્રમાણે રાગ આવે છે તેને, શુદ્ધિનો સહચર દેખીને, ઉપચારથી—વ્યવહારથી સાધન કહેવામાં આવે છે. ખરેખર તે વ્રતાદિનો શુભ રાગ શુદ્ધિનું સાધન નથી. રાગ વીતરાગતાનું સાધન કઈ રીતે થાય? ન જ થાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાના જ્ઞાયકસ્વરૂપના અવલંબનથી થાય છે, તે તો સત્યાર્થ છે; અને ભૂમિકા અનુસાર જે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાભક્તિનો રાગ, વ્રતાદિના પરિણામ, શાસ્ત્રોનું જ્ઞાન વ્યવહારરત્નત્રયના ભાવ આવે છે તેને, સાથે અંદર જ્ઞાયકના આશ્રયરૂપ નિશ્ચય પરિણમન વર્તતું હોય તો, આરોપથી સહકારી સાધન કહેવામાં આવે છે. ખરેખર તો તે રત્નત્રય છે નહિ, તે તો રાગ છે; પરંતુ અંતર સ્વદ્રવ્યાશ્રિત વર્તતી શુદ્ધિનો સહચર—સાથે વર્તનારો—દેખીને ઉપચારથી—વ્યવહારથી સાધન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'સમ્યગ્દૃષ્ટિ જીવને તેમ જ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે.'

દેહ, વાણી આદિ પરથી અને શુભાશુભ રાગથી ભિન્ન નિજ શુદ્ધ જ્ઞાયકનો જે અનુભવ થયો તે ભેદજ્ઞાનની ધારા—અનુભવની નિર્મળ પરિણતિ સમ્યગ્દૃષ્ટિ તથા મુનિને પોતપોતાની ભૂમિકા પ્રમાણે સતત ચાલુ જ હોય છે. પ્રસંગે પ્રસંગે 'રાગથી ભિન્ન છું' એમ યાદ કરવું પડતું નથી, પરંતુ શુભાશુભ પરિણામ વખતે પણ અંદર ભેદજ્ઞાનની નિર્મળ ધારા નિરંતર ચાલ્યા જ કરે છે.

પ્રશ્ન :—'ભેદજ્ઞાન કરવું' એમ કહેવામાં આવે છે ને?

ઉત્તર :—કથનમાં તો પહેલાં એમ જ આવે કે 'પરથી અને રાગથી ભેદજ્ઞાન કરો.' ખરેખર તો પર ને રાગથી ભિન્ન નિજ ધ્રુવ જ્ઞાયકની દૃષ્ટિ અને અનુભૂતિરૂપ પરિણમન થવું તે જ ભેદજ્ઞાનની અતૂટ નિર્મળ ધારા છે. 'કરવું' એવો ભાવ પરદ્રવ્ય અથવા તો રાગના આશ્રયે ઉત્પન્ન થાય છે. રાગથી તો ભેદજ્ઞાન કરવાનું છે. તો જેનાથી ભેદજ્ઞાન કરવાનું છે તે રાગની અપેક્ષા રાખીને, રાગનો આશ્રય કરીને ભેદજ્ઞાન થાય? ન જ થાય. રાગથી ભિન્ન જ્ઞાયકસ્વભાવનો સહજ આશ્રય કરવાથી ભેદજ્ઞાનની નિર્મળ ધારા ચાલુ થાય. અહાહા! આકરી વાત બહુ. જ્ઞાનીને ઘડીએ ઘડીએ ભેદજ્ઞાન કરવું પડતું નથી, અંદર જ્ઞાયકના આશ્રયે પરિણમેલા સહજ પુરુષાર્થથી, પર ને રાગથી ભિન્ન એવા જ્ઞાયકના અનુભવસ્વરૂપ ભેદજ્ઞાનની પરિણતિ નિરંતર ચાલુ જ હોય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ!

**'સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે તેમ જ બહાર આવે છે; મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે.'**

જેને રાગથી ભિન્ન પોતાના પૂર્ણાનંદ જ્ઞાયક પ્રભુનો અનુભવ થયો છે એવા સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને પોતાની ભૂમિકા પ્રમાણે ઉપયોગ અંતરમાં, જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયના ભેદરૂપ વિકલ્પો છૂટીને, કોઈ કોઈ વાર જાય છે, મુનિને તો બહુ ઝડપથી વારંવાર અંદરમાં ઊતરી જાય છે.

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને ચોથા ને પાંચમા ગુણસ્થાને આત્માના આનંદનો અનુભવ છે. તેમનો ઉપયોગ તેમની દશા-અનુસાર અંતરમાં જાય છે અને તરત બહારમાં આવી જાય છે; નિર્વિકલ્પ અનુભવમાં વિશેષ અંતર પડે છે, કેમ કે મુનિ જેવી ઉગ્ર દશા નથી. અવિરત સમ્યગ્દૃષ્ટિને એક અનંતાનુબંધી કષાયની ચોકડીનો અભાવ થયો છે અને પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકને કષાયની બે ચોકડીનો અભાવ થયો છે. તેમનો ઉપયોગ ભૂમિકા પ્રમાણે અંતરમાં જાય છે; જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયનો તથા ધ્યાતા-ધ્યાન-ધ્યેયનો ભેદ પણ છૂટી જાય છે અને ધ્રુવ જ્ઞાયકના અનુભવસ્વરૂપ અભેદ ઉપયોગ થઈ જાય છે. પણ તેમાં વિશેષ ટકી શકતા નથી તેથી ઉપયોગ બહાર આવી જાય છે—વિકલ્પ ઉત્પન્ન થાય છે. મુનિરાજને તો, કષાયની ત્રણ ચોકડીનો અભાવ થયો હોવાથી અંદર આત્મશુદ્ધિ ઘણી જ વધી ગઈ છે તેથી, ઉપયોગ અતિ શીઘ્રતાથી વારંવાર અંતરમાં ઊતરી જાય છે.

સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન સહિત સ્વરૂપરમણતા વિશેષ પ્રગટી છે એવા સાચા

ભાવલિંગી સંતને બહારમાં થોડા વિકલ્પો તો આવે છે, પણ પાછા તુરત અંતરમાં ચાલ્યા જાય છે. છઠ્ઠે ગુણસ્થાને વ્રતાદિના વિકલ્પ આવે, પણ ક્ષણવારમાં ફટ દઈને સાતમામાં—અંદર નિર્વિકલ્પ અપ્રમત્ત સ્વાત્માનુભવમાં—ચાલ્યા જાય છે. ગૃહસ્થને ઉપયોગ અંતરમાં મુનિ જેટલો એકાગ્ર થતો નથી. તેને ભૂમિકા-અનુસાર શુદ્ધ પરિણતિ અંદર ચાલ્યા કરે છે, પણ ઉપયોગ અંદર જવામાં વાર લાગે છે. મુનિરાજ તો, બહાર આવ્યા ન આવ્યા ને તરત જ અંતરમાં ચાલ્યા જાય છે.

પ્રશ્ન :—આ તો મુનિની વાત છે તેમાં અમારે શું?

ઉત્તર :—ભાઈ! મુનિદશા કેવી હોય તેનું જ્ઞાન તો કરવું પડશે ને? પંચ પરમેષ્ઠીમાં અરિહંત ને સિદ્ધ દેવ છે અને આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ—એ ત્રણ ગુરુ છે. ગુરુનું યથાર્થ સ્વરૂપ કેવું છે તે જાણ્યા વગર અંદર સાધનાનું સ્વરૂપ કઈ રીતે સમજાશે? માટે સાધકદશા—મુનિપણું અને શ્રાવકપણું—શી ચીજ છે તે સમજવું પડશે. ભાવલિંગી સાચા સંતને અંદર ઘણી નિર્મળતા વધી ગઈ છે. તેમને તો ઉપદેશ દેતાં દેતાં પણ ઉપયોગ અંદર સ્વરૂપમાં ચાલ્યો જાય છે.

મુનિરાજને, જેમ જ્ઞાયકસ્વભાવમાં શક્તિરૂપ પરમેશ્વરતા છે તેમ, વ્યક્તિરૂપ પરમેશ્વરપદ (અંશે) પ્રગટ થયું છે, કેમ કે તે પરમેષ્ઠી છે ને? તેમને ભૂમિકા પ્રમાણે મહાવ્રત વગેરેના વિકલ્પ આવે છે, પરંતુ ઉપયોગ તત્કાળ અંદર આનંદના નાથમાં શીઘ્રતાથી ચાલ્યો જાય છે.

સહજ ચિદાનંદ.

'ભેદજ્ઞાનની પરિણતિ—જ્ઞાતાધારા—બંનેને ચાલુ જ હોય છે.'

સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ હો કે મુનિ હો—બંનેને જ્ઞાતૃત્વધારા, જાનન-દેખનધારા તો કાયમ ચાલુ જ હોય છે. ગૃહસ્થાશ્રમમાં ભલે રાગાદિ થઈ આવે છે, તોપણ અંદર જ્ઞાતૃધારા તો સદાય ચાલ્યા જ કરે છે.

'તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી.'

જ્યારથી તેમને રાગ ને વિકલ્પથી ભિન્ન જ્ઞાયકસ્વભાવના ભેદજ્ઞાનપૂર્વક નિર્વિકલ્પ આનંદનો અનુભવ થયો ત્યારથી અંતરમાં પુરુષાર્થની ધારા સતત ચાલ્યા જ કરે છે. તેનો કોઈ સમય પુરુષાર્થ રહિત હોતો નથી.

પ્રશ્ન :—જ્યારે કાળલબ્ધિ પાકે ત્યારે કાર્ય થાય ને?

ઉત્તર :—ભાઈ! કાળલબ્ધિ કહેવી કોને? પોતાના સ્વભાવની સન્મુખતાનો પોતે જે સમયે પુરુષાર્થ કર્યો તે જ કાળલબ્ધિ છે. અંદર સ્વસન્મુખતાનો પુરુષાર્થ જેને ભાસ્યો છે તે જ કાળલબ્ધિનું યથાર્થ જ્ઞાન છે. અંતરમાં પુરુષાર્થ ભાસ્યા વિના અદ્ધરથી કાળલબ્ધિની વાતો કર્યા કરે તેને કાળલબ્ધિ યથાર્થ સમજાઈ નથી. પંડિત ટોડરમલજી કહે છે :

પ્રશ્ન :—મોક્ષનો ઉપાય કાળલબ્ધિ આવતાં ભવિતવ્યાનુસાર બને છે, કે મોહાદિકનો ઉપશમાદિ થતાં બને છે, કે પોતાના પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરતાં બને છે તે કહો. જો પહેલાં બે કારણો મળતાં બને છે તો તમે અમને ઉપદેશ શા માટે આપો છો? તથા જો પુરુષાર્થથી બને છે તો ઉપદેશ તો સર્વ સાંભળે છે, છતાં તેમાં કોઈ પુરુષાર્થ કરી શકે છે તથા કોઈ નથી કરી શકતા તેનું શું કારણ?

ઉત્તર :—××× પૂર્વોક્ત ત્રણ કારણો કહ્યાં તેમાં કાળલબ્ધિ વા ભવિતવ્ય તો કોઈ વસ્તુ જ નથી. જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ તથા જે કાર્ય થયું તે જ ભવિતવ્ય; વળી કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્‌ગલની શક્તિ છે, તેનો કર્તાહર્તા આત્મા નથી; તથા પુરુષાર્થ પૂર્વક ઉદ્યમ કરવામાં આવે છે તે આત્માનું કાર્ય છે. માટે આત્માને પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ આપીએ છીએ. ××× માટે જે જીવ શ્રી જિનેશ્વરના ઉપદેશ અનુસાર પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો ××× અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે—એમ નિશ્ચય કરવો. ××× જે ઉપદેશ સાંભળીને પુરુષાર્થ કરે છે તે તો મોક્ષનો ઉપાય કરી શકે છે, પણ જે પુરુષાર્થ નથી કરતો તે મોક્ષનો ઉપાય કરી શકતો નથી. ઉપદેશ તો શિક્ષામાત્ર છે પણ ફળ તો જેવો પુરુષાર્થ કરે તેવું આવે.''

અમારે તો આ પ્રશ્ન ૧૯૭૨ની સાલમાં ખૂબ ચર્ચાયો હતો. સંપ્રદાયના ગુરુભાઈ વારંવાર બોલ્યા કરતા કે—કેવળજ્ઞાનીએ જોયો હશે ત્યારે આપણો મોક્ષ થશે, તેમાં આપણો પુરુષાર્થ શું કામ આવે? તે વખતે મેં કહ્યું હતું : ભાઈ! તમે આ શું બોલો છો? જેની એક સમયની પર્યાયમાં ત્રણ લોક ને ત્રણ કાળ તથા વિશ્વના સમસ્ત પદાર્થો પોતપોતાની ત્રણે કાળની પર્યાયો સહિત યુગપદ્ પ્રત્યક્ષ જણાય એવી પૂર્ણ શક્તિવાળો કેવળજ્ઞાનસ્વભાવ તમને અંદરમાં બેઠો છે? કેવળજ્ઞાનમાં બધું જણાય તેથી શું કેવળીને આધીન તમારો પુરુષાર્થ છે? કેવળીના જ્ઞાનથી શું તમારો પુરુષાર્થ બંધાઈ જાય છે? તે વખતે દાખલો આપીને મેં કહ્યું હતું કે—શ્રી કૃષ્ણની સાથે તેમના નાના ભાઈ ગજસુકુમાર શ્રી નેમિનાથ પ્રભુની વાણી સાંભળવા ગયા. વાણી સાંભળતા વેંત જ અંદરમાંથી પુરુષાર્થ ફાટ્યો અને તે બોલ્યા : પ્રભુ! આત્મામાં રમણ કરવા માટે હું દીક્ષા અંગીકાર કરવા માગું છું અને દ્વારકાના મહાકાળ સ્મશાનમાં જઈને ભિખ્ખુની બારમી પડિમા ધારણ કરીને

આત્મધ્યાનમાં મગ્ન થવા ચાહું છું. ભગવાનની વાણીમાં આવ્યું : જેમ સુખ ઊપજે તેમ કરો—**पडिबंधं मा कुणह**—પુરુષાર્થમાં પ્રતિબંધ કરશો નહિ. અહા! ગજસુકુમારનો કેવો ફાટ ફાટ કરતો પુરુષાર્થ? ભગવાને જોયું હશે ત્યારે થશે અથવા કાળલબ્ધિ પાકશે ત્યારે થશે એવી શું પુરુષાર્થ હીનતાભરી ત્યાં વાત હતી? તેનો તો એવો પુરુષાર્થ હતો કે અત્યારે જ દીક્ષા લઉં ને આજે જ કેવળજ્ઞાન પ્રગટ કરું. ગજસુકુમાર મહાકાળ સ્મશાનમાં ધ્યાનમાં બેઠા હતા ત્યારે, તેની વાગ્દત્તા પત્નીના પિતા સોમિલ સોનીએ ક્રોધાવિષ્ટ બની મસાણમાંથી અગ્નિ લઈ ને તેના મસ્તક ઉપર મૂકી ઉપસર્ગ કર્યો. ગજસુકુમારે સમતાભાવે પુરુષાર્થપૂર્વક ધ્યાનમાં મગ્ન રહીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. અહા! સવારમાં રાજકુમાર તે સાંજના કેવળજ્ઞાની ભગવાન! આવો અંદરનો પુરુષાર્થ કરવાથી સ્વભાવસન્મુખ થવાય છે. જ્ઞાનીને સ્વભાવસન્મુખના પુરુષાર્થની ધારા અંદર નિરંતર ચાલતી જ હોય છે. તેને કોઈ કાળ, કોઈ પરિણમન પુરુષાર્થ વિના હોતું નથી. અહા! આ વાત જગતથી સાવ જુદી જ છે.

પુરુષાર્થહીનતાની વાત પહેલેથી જ હું સાંખી શકતો નહિ. જ્યારે આ ચર્ચા ચાલી ત્યારે અંદરથી એમ થઈ આવ્યું કે—આવી પુરુષાર્થને ઉડાડનારી વિપરીત શ્રદ્ધા અને આવો સંગ મારે નહિ જોઈએ; તેથી એક દિવસ તો ગુરુ તથા ગુરુભાઈનો સંગ છોડી ચાલ્યો ગયો હતો. પછી શ્રાવકો વિનંતી કરવા આવ્યા કે 'મહારાજ! ગુરુ પાસે પાછા પધારો', અને મને પણ લાગ્યું કે ઉંમર હજુ નાની છે, સાધુપણામાં એકલા રહેવું ઠીક નહિ. પાછો ગયો, પણ અંદરમાં સંપ્રદાયના સાધુઓની શ્રદ્ધા ઊઠી ગઈ.

અહીં કહે છે કે જ્ઞાનીને ભેદજ્ઞાન થયું ત્યારથી કોઈ કાળ અંતર્મૂખ પુરુષાર્થ વિનાનો હોતો નથી. પોતાનું વીર્ય સ્વરૂપ તરફ ઝૂક્યું તે ઝૂક્યું. સ્વરૂપની રચના કરવી તે જ વીર્યનું કાર્ય છે. દયા-દાન આદિ રાગપર્યાયની રચના કરવી તે સ્વરૂપવીર્યનું કાર્ય નથી. પર્યાયમાં જે રાગની રચના થાય તે તો નપુંસકતા છે, સ્વભાવવીર્યનો ઘાત છે. વ્યવહારરત્નત્રયનો જે રાગ થાય છે તે વીર્યગુણનું સ્વાભાવિક કાર્ય નથી, અહાહા! તે તો વીર્યહીન નપુંસકતાનું કાર્ય છે.

'અવિરત સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે.'

અહીં કહે છે કે—સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની તથા મુનિરાજને સ્વભાવસન્મુખતાના પુરુષાર્થરૂપ કાર્ય નિરંતર ચાલુ જ હોય છે.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક અને મુનિરાજને પોતપોતાના પ્રમાણમાં અન્તર્મુખ પુરુષાર્થની ધારા અતૂટપણે ચાલ્યા જ કરે છે. પં. દીપચંદજી જ્ઞાનદર્પણમાં કહે છે કે—કાળલબ્ધિ પાકશે

ત્યારે અંદર નિશ્ચયદશા પ્રગટ થશે—એમ તું કહે છે, પરંતુ ભગવાને તો અંતરમાં પુરુષાર્થ કરવાનું કહ્યું છે. તે ઉપદેશ નિરર્થક જશે. શ્રીમદ્ કહે છે :

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.

'પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી.'

ભેદજ્ઞાનની ધારાવાહી પરિણતિ પુરુષાર્થ વિના ટકી શકતી નથી. શ્રી નિયમસારના પરમ-ભક્તિ અધિકારમાં કહ્યું છે કે—આત્મજ્ઞાની શ્રાવકો બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. તેમ જ ભવભયભીરુ, પરમ નિષ્કર્મ પરિણતિવાળા પરમ તપોધનો પણ શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.

શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચરિત્રની ભક્તિ કરે,
નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે.

તે પરમ શ્રાવકો અને પરમ તપોધનોને જિનવરોએ કહેલી નિર્વાણભક્તિ વર્તે છે. શ્રાવક તથા મુનિ તેને કહીએ કે જેને અંદરમાં ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ, ભજન ને અંતર્મુખ એકાગ્રતા હોય. દેવ-ગુરુ વગેરેની બહારની ભક્તિ શુભ રાગ છે. અંતરની ભક્તિ નિર્વિકલ્પ દશા છે; તેને ત્રિલોકનાથ પરમાત્મા પોતાની દિવ્યધ્વનિમાં 'નિર્વૃતિભક્તિ' કહે છે.

પ્રશ્ન :—ગૃહસ્થાશ્રમમાં ચારિત્ર હોય?

ઉત્તર :—જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને પોતાની ભૂમિકા પ્રમાણે—કષાયની બે ચોકડીનો અભાવ થયો છે એટલું—ચારિત્ર છે. ચોથા ગુણસ્થાને અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ સ્વરૂપાચરણરૂપ ચારિત્ર હોય છે. પાંચમા ગુણસ્થાને શ્રાવકને તેના કરતાં વિશેષ સ્વરૂપરમણતારૂપ ચારિત્ર છે. મુનિની તો વાત જ શી કરવી! તેમની સ્વરૂપરમણતા તો ઘણી ઉગ્ર છે. શું કહે છે? ચોથાવાળાને ચોથા પ્રમાણે ને મુનિને મુનિ પ્રમાણે અંદરમાં સ્વરૂપસન્મુખતાનો પુરુષાર્થ નિરંતર વર્તતો જ હોય છે. સ્વભાવ-આશ્રિત પુરુષાર્થ વિના સાધક પરિણતિ સહજપણે ટકી શકતી નથી. જે વીર્ય જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરીને અંતર્મુખ થયું તેની ધારા અંદરમાં ચાલ્યા જ કરે છે.

'સહજ પણ છે, પુરુષાર્થ પણ છે.'

જ્ઞાતાપરિણતિ અંતર્મુખ પ્રયત્ન વિના ટકતી નથી માટે તેમાં પુરુષાર્થ પણ છે, અને જ્ઞાનધારા એ વિકલ્પવાળો ને રાગવાળો પ્રયાસ નથી પણ જ્ઞાયકસ્વભાવના અવલંબને થતું

નિર્વિકલ્પ નિરુપાધિ પરિણમન છે માટે સહજ પણ છે; તેમાં વિકલ્પનો હઠ નથી તેથી તે સહજ નિર્મળ પરિણતિ છે. અવિરત સમ્યગ્દષ્ટિને અને મુનિને—બધાય સાધક જીવને—પોતાની ભૂમિકા પ્રમાણે શુદ્ધ પરિણતિ પુરુષાર્થપૂર્વક પણ છે અને સહજ પણ છે. અહા! જુઓ આ વચનામૃત!

## વચનામૃત—૧૯૪

### પૂજ્ય ગુરુદેવે મોક્ષનો શાશ્વત માર્ગ અંદરમાં દેખાડ્યો છે, તે માર્ગે જા. ૧૯૪.

બેને વિનયથી અહીંનું (પૂજ્ય ગુરુદેવનું) નામ દઈને વાત કહી છે કે ગુરુદેવે મોક્ષનો શાશ્વત માર્ગ અંતરમાં બતાવ્યો છે, વિકલ્પમાં કે નિમિત્તથી નહિ. અંદર પૂર્ણાનંદ જ્ઞાયક પ્રભુની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા તે મોક્ષમાર્ગ છે, અને દેવ-શાસ્ત્ર-ગુરુનું શ્રદ્ધાન, આગમનું જ્ઞાન ને મહાવ્રતાદિનું આચરણ—એ વ્યવહાર મોક્ષમાર્ગ પરાશ્રિત શુભ રાગના પરિણામ હોવાથી બંધનું કારણ છે.

પ્રશ્ન :—પણ એ બતાવ્યું તો ગુરુએ ને?

ઉત્તર :—પોતે અંદર સમજ્યો ત્યારે બતાવ્યું કહેવાય ને? પોતે અંતરમાં દૃષ્ટિ કરીને સમજે તો ગુરુને નિમિત્ત કહેવાય. સમવસરણમાં ભગવાને પૂર્વે અનંત વાર સમજાવ્યું પરંતુ પોતે અંતર્મુખ પુરુષાર્થ કરે નહિ ત્યાં સુધી બતાવ્યું ક્યાંથી કહેવાય? પોતે અંતરમાં ઊંડો ઊતરી સમજવાનો પુરુષાર્થ કરે ત્યારે ભગવાન કે ગુરુના ઉપદેશને નિમિત્ત કહેવાય. ભગવાનનો અને ગુરુનો ઉપદેશ શો છે?—કે વીતરાગતા પ્રગટ કર. વીતરાગતા કઈ રીતે પ્રગટ થાય?—કે વીતરાગસ્વભાવી ધ્રુવ જ્ઞાયક સ્વદ્રવ્યનો આશ્રય કરવાથી પર્યાયમાં વીતરાગતા પ્રગટે છે. પોતે વીતરાગ ભાવે પરિણમ્યો ત્યારે દેવ-ગુરુને નિમિત્તપણાનો આરોપ આવે છે.

આત્માવલોકન ગ્રંથની બીજી ગાથામાં ગુરુ કોને કહેવા, તે વાત કહી છે.

वियरायं वियरायं, जियस्स णिय ससरूओ वियरायं।
मुहु मुहु गणदि वियरायं सो गुरुपयं भासदि सया॥

જીવનું નિજ સ્વરૂપ વીતરાગ છે—એવું જે વારંવાર કહે છે તે જ ગુરુપદવીએ શોભે છે. જેમને અંતરમાં સંસારથી ઉદાસીન પરિણામ વર્તે છે એવા જે જૈન નિર્ગ્રંથ સાધુ

છે તે પોતાને તો વીતરાગરૂપ અનુભવે છે જ, પણ તે જ્યારે અન્યને ઉપદેશ આપે છે ત્યારે, અન્ય બધી વાત છોડીને, જીવના એક નિજ વીતરાગસ્વરૂપને જ વારંવાર કહે છે. તેથી તેમને જ ગુરુપદવી શોભે છે.

ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન;
મતિ-મદિરાકે પાનસૌં, મતવાલા સમુજૈ ન.

મતિસ્વછંદતાનો જેણે દારૂ પીધો છે તે પાગલ જીવ 'આત્મા અંતરમાં જિનસ્વરૂપ છે' તે વાત સમજી શકતા નથી. દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરુણાનુયોગ ને પ્રથમાનુયોગ —એ ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. માટે ગુરુ વારંવાર વીતરાગતાનો જ ઉપદેશ દે છે. વ્રત, તપ, પૂજા, ભક્તિ વગેરે શુભ રાગથી કલ્યાણ થાય એવો ઉપદેશ ગુરુ આપતા નથી; રાગથી લાભ થાય એવી પ્રરૂપણા કરનાર મિથ્યાદૃષ્ટિ છે.

જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ રે;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય-અભાવ રે.

વીર ભગવાને કષાયના અભાવને—વીતરાગતાને ધર્મ કહ્યો છે. જીવનો સ્વભાવ તો સ્ફટિકમણિની જેમ શુદ્ધ છે. શુદ્ધ સ્વભાવના આશ્રયે નિર્મળ દૃષ્ટિ અને વીતરાગતા પ્રગટે; શુભ રાગથી વીતરાગતા ત્રણ કાળમાં પ્રગટે નહિ. અહાહા! સમજમાં આવે છે કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ! લોકોને હજી તો માર્ગ તથા તેની વિધિની પણ ખબર નથી. કઈ વિધિએ અંદરમાં સમ્યગ્દર્શન થાય તેની વાત પણ યથાર્થ સાંભળી નથી. ભગવાને તો સમ્યગ્દર્શન અને વીતરાગતાનો માર્ગ અંતર આત્મામાં બતાવ્યો છે.

## વચનામૃત—૧૯૫

**બધાએ એક જ કરવાનું છે :—દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો, આત્માની જ પ્રમુખતા રાખવી. જિજ્ઞાસુની ભૂમિકામાં પણ આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો. ૧૯૫.**

'બધાએ એક જ કરવાનું છે :—દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો, આત્માની જ પ્રમુખતા રાખવી.'

ગમે તે પ્રસંગમાં પ્રત્યેક પળે જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન નિજ આત્માને જ અગ્ર

રાખવો. પ્રતિક્ષણ પૂર્ણાનંદના નાથને—જ્ઞાયક પ્રભુને મુખ્ય રાખ. અનાદિ અજ્ઞાનથી જીવને પર્યાયની, શુભાશુભ રાગની ને વ્યવહારની પ્રમુખતા રહી છે, હવે તે છોડી, આનંદકંદ શુદ્ધ જ્ઞાયકને ઓળખી તેને જ દૃષ્ટિમાં ઊર્ધ્વ રાખ. દૃષ્ટિમાં ધ્રુવ જ્ઞાયકની પ્રમુખતા છૂટી જાય તો સમ્યગ્દર્શન રહે નહિ.

'જિજ્ઞાસુની ભૂમિકામાં પણ આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો.'

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં જિજ્ઞાસુની ભૂમિકામાં પણ ત્રિકાળી ધ્રુવ આત્માને જ અધિક રાખવાનો પુરુષાર્થ કરવો. અધિક એટલે પરથી ભિન્ન. સમયસારની ૩૧મી ગાથામાં આવે છે : '**णाणसहावेण अधिगं मुणदि आदं**'—...જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયોથી—વિષયોમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પણ આવી ગયા—ભિન્ન પોતાના પૂર્ણજ્ઞાનસ્વભાવી આત્માની નિર્મળ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે અને સાથેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.

જ્ઞાનાનંદમૂર્તિ ભગવાન આત્માને ઈંદ્રિયો, રાગ અને પર્યાયથી ભિન્ન—જુદો જાણવો, માનવો તે જિતેન્દ્રિયજિનપણું છે. આત્માની ઊર્ધ્વતા વિના ભલે પંચ મહાવ્રતની ક્રિયા કરતો હોય, નગ્ન હોય, પરંતુ તેને અભિપ્રાયમાં રાગની ને પર્યાયની મુખ્યતા વર્તતી હોવાથી તે મિથ્યાદૃષ્ટિ છે. જ્યાં આત્માની મુખ્યતા છે ત્યાં રાગનો પ્રેમ છૂટી જ જાય. માટે જિજ્ઞાસુની દશામાં પણ આત્માને જ મુખ્ય રાખવાનો અભ્યાસ કરવો. ધ્રુવ જ્ઞાયક આત્માને જ સદા ઊર્ધ્વ, મુખ્ય, અગ્ર રાખવો.

# પ્રવચન-૭૩

તા. ૨૩-૮-૭૮

## વચનામૃત—૧૯૬

**સ્વરૂપ તો સહજ જ છે, સુગમ જ છે; અનભ્યાસે દુર્ગમ લાગે છે. કોઈ બીજાના સંગે ચડી ગયો હોય તો તે તેને સંગ છોડવો દુષ્કર લાગે છે; ખરેખર દુષ્કર નથી, ટેવને લીધે દુષ્કર કલ્પાય છે. પરસંગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી? તેમ પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી? તે તો સુગમ જ હોય ને? ૧૯૬.**

'સ્વરૂપ તો સહજ જ છે, સુગમ જ છે; અનભ્યાસે દુર્ગમ લાગે છે.'

શું કહે છે? સહજાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન પ્રભુ અંદર સહજ જ છે, તે કૃત્રિમ નથી. અંદર જે મોજૂદ શુદ્ધ જ્ઞાયક ચીજ છે તે સહજ ને સુગમ જ છે. સહજ અસ્તિત્વમય પોતાની જ્ઞાયકચીજની પ્રાપ્તિ સુગમ છે, પરંતુ અનાદિ કાળથી પરવસ્તુના પ્રેમને લીધે પોતાના અસંગ ચૈતન્યનો સંગ કર્યો નથી તેથી તેના અનભ્યાસના કારણે દુર્ગમ લાગે છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયસારની પાંચમી ગાથામાં કહે છે :

દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ.

સ્વભાવથી એકત્વ અને રાગાદિ વિભાવથી વિભક્ત એવા આ જ્ઞાયક ભગવાનને હું શુદ્ધાત્મસ્પર્શી નિજ વૈભવ વડે દેખાડું છું; જો હું દેખાડું તો તમે તમારા પોતાના સ્વાનુભવપ્રત્યક્ષ વડે પરીક્ષા કરીને તેનો સ્વીકાર કરજો. અહા! પાંચમા આરાના સંત પાંચમા આરાના શ્રોતાઓને કહે છે : પ્રભુ! જ્ઞાનાનંદના રસકસથી ભરપૂર તારી જ્ઞાયકચીજ અંદર મોજૂદ પડી છે ને! જાગતો જીવ અંદર ઊભો છે તે ક્યાં જાય? એ

તો તને સહજ જ છે, સુગમ જ છે. તે સહજ તેમ જ સુગમ સ્વરૂપને મારા અંતરના વૈભવથી દર્શાવું છું, તેને તું તારા અનુભવપ્રત્યક્ષથી પ્રમાણ કરજે.

એક સજ્ઝાયમાં આવે છે—'સહજાનંદી આતમા, તું સૂતો કાંઈ નિશ્ચિંત રે!...' પ્રભુ! તું આનંદનો નાથ સહજાત્મસ્વરૂપ પરમાત્મા છો ને! તું આ અજ્ઞાનઅંધારામાં કેમ સૂતો છો? તારી ચીજ અંદર રાગ રહિત નિર્વિકલ્પ આનંદસ્વરૂપ છે તેને ભૂલી કેમ નિશ્ચિન્ત સૂઈ રહ્યો છો? જેમાં વિકલ્પનો પણ સહારો નથી એવો અતીન્દ્રિય સુખકંદ પ્રભુ આત્મા અંદર સહજ જ અને સુગમ જ છે. પરંતુ તેનો અભ્યાસ નહિ હોવાથી તે દુર્ગમ લાગે છે. અરે! એક પરમાણુને પણ પોતાનો કરવા માગે તો તે પોતાનો થઈ શકે નહિ; પરંતુ જે પોતાની ચીજ છે તે તો પોતાને સહજ ને સુગમ જ હોય ને? એમ છતાં અનભ્યાસે દુર્ગમ લાગે છે. સહજસ્વરૂપનો અભ્યાસ નથી, તે તરફ રુચિનું વલણ નથી, પરદ્રવ્યનો ને રાગાદિ વિકલ્પોનો મહિમા છે. તેમાં તને વિસ્મયતા લાગી, પણ તારી ચીજની વિસ્મયતા તેં છોડી દીધી; તેથી સહજાત્મસ્વરૂપ અતિ દુર્ગમ લાગે છે. સમજાણું કાંઈ?

'કોઈ બીજાના સંગે ચડી ગયો હોય તો તેને તે સંગ છોડવો દુષ્કર લાગે છે; ખરેખર દુષ્કર નથી, ટેવને લીધે દુષ્કર કલ્પાય છે.'

દૃષ્ટાન્ત આપે છે : કોઈ માણસ બીજાની ખરાબ સોબતે ચડી ગયો હોય તો તેને તે સોબત છોડવી કઠણ પડે છે, દુષ્કર લાગે છે. તે ખરાબ સોબત છોડવી વાસ્તવમાં દુષ્કર નથી, પણ આદત પડી ગઈ હોવાથી છોડવી કઠણ લાગે છે. પરના સંગની એવી ટેવ પડી ગઈ છે કે તે છોડવી દુષ્કર લાગે છે.

'પરસંગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી? તેમ પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી?'

'પરસંગ છોડી'—એ તો બહાર નિમિત્તની વાત છે. પરસંગ છોડી પોતે સ્વાધીનપણે છૂટા રહેવું એમાં દુષ્કરતા શી? આ તો દૃષ્ટાન્ત થયું. એ પ્રમાણે પોતાના વીતરાગ ધ્રુવ જ્ઞાયક ભગવાનને પામવો તેમાં દુષ્કરતા શી? શ્રીમદે પણ કહ્યું છે : 'સત્ સત્ જ છે, સરળ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ તે બતાવનાર સત્ જોઈએ.' જ્યાં જુઓ ત્યાં અંદર સર્વત્ર નિત્ય જ્ઞાનાનંદ પ્રભુ પડ્યો છે; પણ તે બતાવનાર ગુરુ જોઈએ. તારી ચીજ તારામાં અંદર પૂર્ણાનંદથી ભરપૂર ભરી પડી છે—એમ ગુરુ બતાવે છે ને? તે ભરપૂર જ્ઞાયકને અશુદ્ધતાનો તેમ જ અલ્પતાનો સંગ નથી. એવી અસંગ આત્મવસ્તુને પરસંગ છોડી પોતામાં સ્વાધીનપણે એકલા રહેવું તેમાં દુષ્કરતા શી? પોતાનો

સહજ સ્વભાવ જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, તેને પામવો—પ્રાપ્તની પ્રાપ્તિ કરવી—તેમાં અઘરું શું? સ્વભાવ તો સહજ છે, સુગમ છે ને સુલભ છે.

બાર ભાવના વિષે બોધિદુર્લભભાવનાના વર્ણનમાં કહ્યું છે કે—બહારની ચીજો અનંત વાર મળી છે, પણ આત્મબોધિ કદી પણ પ્રાપ્ત કરી નથી, માટે તે દુર્લભ છે. પરપદાર્થના સંયોગ ઉદયના યોગે અનંત વાર મળ્યા છે, તેમાં કોઈ નવીનતા નથી. ભાવનામાં પરસંગ સુલભ અને આત્મા દુર્લભ કહ્યો છે. અહીં તો કહે છે કે—પોતાનો અસંગ આત્મા, જે નિર્વિકલ્પ આનંદામૃતનો સાગર છે તે, પામવો સુગમ છે, સુલભ છે. પરસંગ તરફથી રુચિ છોડે તો પામવો સુગમ છે. 'નથી' ને પામવું દુષ્કર હોય, પણ જે સ્વભાવ 'છે' તેને પામવામાં દુષ્કરતા શી?

'તે તો સુગમ જ હોય ને?'

પ્રભુ! તારી ચીજ અસંગ છે. સંગનું લક્ષ છોડી અંદર અસંગ તત્ત્વને પામવું તે તો સુગમ જ, સહજ જ છે. ભાઈ! તારી જ્ઞાયકચીજ સહજ અને સુલભ છે. સમજાણું કાંઈ? આ ૧૯૬ મો બોલ જરા સૂક્ષ્મ છે. રુચિમાં પરનો સંગ કર્યો તેથી તારી અસંગ ચીજ—જે અંદર પૂર્ણાનંદપણે અસ્તિરૂપ છે, સત્ છે, ધ્રુવરૂપ છે, શુદ્ધ જ્ઞાન ને આનંદથી ભરપૂર છે તે—તને અનાદિથી મળી નહિ.

પ્રશ્ન :—વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય ને?

ઉત્તર :—ભાઈ! એમ છે જ નહિ. વ્યવહાર તો પરાશ્રિત ભાવ છે અને નિશ્ચય તો સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધ ભાવ છે. પરાશ્રિત ભાવથી—વ્યવહારરત્નત્રયના શુભભાવથી—સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધનિશ્ચયદશા પ્રાપ્ત થાય? ન થાય. ઘણા લોકો એમ માને છે કે—વ્યવહાર હોય તો નિશ્ચય થાય, પણ ભાઈ! વ્યવહાર ક્યારે કહેવાય? જ્યારે અંદર રાગથી ભિન્ન પડીને સ્વાનુભવ થયો—સ્વદ્રવ્યાશ્રિત નિર્મળ નિશ્ચય પરિણમન થયું—તે ભૂમિકામાં જે ઉચિત રાગ આવે તેને વ્યવહારે સાધન કહેવાય છે; પણ સ્વાશ્રિત શુદ્ધ દશાસ્વરૂપ નિશ્ચય થયા પહેલાં વ્યવહાર આવ્યો ક્યાંથી? પરથી ને પરાશ્રિત ભાવસ્વરૂપ વ્યવહારથી અંદર ધર્મરૂપ કાર્ય કદી થતું નથી—એવું લક્ષ સદાય રાખીને વાંચવું ભાઈ! વાત બહુ સૂક્ષ્મ છે પ્રભુ!

વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય—એમ શાસ્ત્રમાં પણ કથન આવે, પરંતુ તેનો અર્થ શો? જેને રાગ અને ભેદવ્યવહારની રુચિ છોડીને અંદર અભેદ જ્ઞાયકના આશ્રયે

શુદ્ધિ ઉત્પન્ન થઈ છે તેને, ખરેખર તો આગલી મંદ શુદ્ધિ જ પછીની વિશેષ શુદ્ધિનું સાધન છે, પણ આગલી મંદ શુદ્ધિ સાથે વર્તતા ભૂમિકાને અનુરૂપ શુભરાગને વ્યવહારથી—ઉપચારથી પછીની વિશેષ શુદ્ધિનું—નિશ્ચયનું કારણ કહેવામાં આવે છે. ત્યાં રાગરૂપ વ્યવહાર ખરેખર વિશેષ શુદ્ધિરૂપ નિશ્ચયનું કારણ થતું નથી.

સ્વરૂપનો પ્રેમ છોડી જેને રાગ પ્રતિ પ્રેમ છે તેને આત્મા પ્રત્યે ક્રોધ છે, અપ્રેમ—દ્વેષ છે. 'દ્વેષ અરોચક ભાવ'. જેને આનંદસ્વરૂપ નિજ જ્ઞાયક ભગવાન અંદર રુચે નહિ અને જે રાગના પ્રેમમાં રોકાય તેને આત્મા પ્રતિ દ્વેષ છે. શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રમાં આવે છે : જેને રાગનો પ્રેમ છે તેને આત્મા હેય છે. જેને દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે વ્યવહારના શુભભાવનો પ્રેમ છે તેને અંદર નિશ્ચય શુદ્ધ આત્મા હેય થઈ ગયો, આત્મા પ્રત્યે દ્વેષ થઈ ગયો.

અહા! પરસંગનો રાગ છોડવો તેમાં અઘરું શું? સંગનો રાગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી? અરેરે! ભગવાન જ્ઞાયક આત્મા પરસંગના પ્રેમમાં—વ્યભિચારમાં ચડી ગયો છે. તેનાથી છૂટવું દુષ્કર નથી, પણ આદતને લીધે રાગથી છૂટવું અઘરું લાગે છે. 'રુચિ અનુયાયી વીર્ય'. જો રાગની રુચિ છે તો વીર્ય કર્તાપણે થઈ રાગનું કાર્ય કરે છે; અને જો અંદર આનંદના નાથની રુચિ છે તો પુરુષાર્થ તે તરફ ઝૂકે છે. અહા! ધર્મની આવી વાતો! લોકો તો એમ માને કે—પૈસા ખરચવાથી ધર્મ થઈ જાય. ભાઈ! પૈસા ખરચવામાં ધૂળે ય ધર્મ નથી. પૈસા તો પુદ્‌ગલ છે, તેના ક્યાં હતા? સમયસારના નિર્જરા-અધિકારમાં કહ્યું છે : પૈસા, કર્મ વગેરે અજીવ છે; અજીવને મારા માનું તો હું અજીવ થઈ જાઉં.

ભગવાન નિજ જ્ઞાયક પ્રભુ જે સ્વતઃસિદ્ધ છે તે તો સુગમ જ હોય ને? તેને પ્રાપ્ત કરવામાં ફક્ત દૃષ્ટિનો પલટો થવો જોઈએ. જેને રાગની રુચિ છે તેને આખા સંસારની રુચિ છે. રાગનો કર્તા થયો તેણે 'આખી દુનિયાનો કર્તા છું'—એમ માન્યું. અહા! તે માન્યતા પરસંગનો આશ્રય કરવાથી થઈ છે. પરસંગનો આશ્રય છોડી પોતે પોતાના અસંગ સ્વરૂપે સ્વતંત્રપણે છૂટો રહી શકે છે. આત્મા અસંગ ચીજ છે તેનો સંગ કરવો; રાગાદિ તો પોતાની મૂળ ચીજમાં છે જ નહિ, માટે તેનો આશ્રય છોડવો. પોતાના અસંગ સ્વભાવને પામવો તેમાં દુષ્કરતા શી? તે તો સુગમ જ હોય ને?

## વચનામૃત—૧૯૭

**પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બન્નેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.**

અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ. જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે. જુદો જ છે પણ તને ભાસતો નથી. વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદા જ;—જેમ પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદાં જ છે તેમ.

પ્રશ્ન :—સોનું તો ચળકે છે એટલે પથ્થર ને તે—બંને જુદાં જણાય છે, પણ આ કઈ રીતે જુદા જણાય?

ઉત્તર :—આ જ્ઞાન પણ ચળકે જ છે ને? વિભાવભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે—જણાય છે. જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય?

જેમ સાચાં મોતી ને ખોટાં મોતી ભેગાં હોય તો મોતીનો પારખુ એમાંથી સાચાં મોતીને જુદાં પાડી લે છે, તેમ આત્માને 'પ્રજ્ઞાથી ગ્રહવો', જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે હું—એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદા પાડી શકાય છે. આ જુદા પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.

સ્વભાવના મહિમાથી પર પદાર્થ પ્રત્યે રસબુદ્ધિ—સુખબુદ્ધિ તૂટી જાય છે. સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે. ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય. એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે. ૧૯૭.

'પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી.'

જ્ઞાનલક્ષણ આત્મા સ્વભાવે રાગથી ભિન્ન જ છે. ખાણમાં જેમ પથ્થરો વચ્ચે સાંધ—લીટી જેવી પાતળી રગ હોય છે, તે રગમાં દારૂ ભરીને ફોડવામાં આવે છે અને

સેંકડો મણના મોટા મોટા પથ્થરો જુદા પડી જાય છે; તેમ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અને વિભાવસ્વરૂપ રાગ વચ્ચે સંધિ છે, નિઃસંધિ ક્યારેય થઈ નથી. આત્માનું ચૈતન્યદળ અને શુભાશુભ રાગ—-ભલે ને તીર્થંકરનામકર્મ બંધાય એવો શુભ રાગ હોય—તે બન્ને વચ્ચે સાંધ છે; ત્રિકાળી વીતરાગ સ્વભાવ અને રાગ કદી પણ એક થયા જ નથી. અનાદિ રાગમાં સ્વપણાના અધ્યાસને કારણે અજ્ઞાનીને એક લાગે છે, પણ આત્મા અને રાગ ક્યારેય એક થયા જ નથી; માને તોપણ એક થયા નથી. પોતપોતાના નિયત લક્ષણથી બંને જુદા જ છે.

પ્રશ્ન :—પથ્થરની રગમાં દારૂ ફોડવાથી તે જુદા પડે, પણ અંદરમાં આત્મા અને રાગને જુદા પાડવાનું સાધન શું?

ઉત્તર :—શુભાશુભ રાગ અને જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા—તે બન્નેની સૂક્ષ્મ અંતઃસંધિમાં પ્રજ્ઞાછીણી પટકવી તે તેમને જુદા પાડવાનું એકમાત્ર સાધન છે. અનાદિથી અભિપ્રાયમાં રાગ સાથે એકતા હતી, તેને છોડીને સ્વભાવ સાથે એકતા કરવી; તે, પ્રજ્ઞાછીણી બેયની સાંધમાં પટકી એમ કહેવામાં આવે છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ અને દુઃખસ્વરૂપ રાગ—એ બે વચ્ચે એકતા—નિઃસંધિ કદી પણ થઈ નથી; કેમ કે બંનેનું સ્વરૂપ પરસ્પર વિપરીત છે; રાગ છે તે દુઃખ છે. છ ઢાળામાં કહ્યું છે :

યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈયે;
ચિર ભજે વિષય-કષાય અબ તો, ત્યાગ નિજપદ બેઈયે.

વેપારધંધાના રાગનું તો શું કહેવું, પણ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ અને વ્રતાદિનો શુભ રાગ હો ભલે, પરંતુ આત્માની અકષાય શાન્તિને બાળનારો હોવાથી તે પણ છે તો આગ. દ્રવ્યસ્વભાવ તો શાન્તિથી ત્રિકાળ ભરપૂર છે, શુભાશુભ રાગસ્વરૂપ અગ્નિ પર્યાયને શાન્તિને બાળે છે. માટે જ્ઞાનલક્ષણ આત્મા અને શુભાશુભ વિકારલક્ષણ રાગ—તે બંનેને પોતપોતાનાં નિશ્ચિત ચિન્હો દ્વારા બરાબર ઓળખીને તેમની સૂક્ષ્મ સાંધમાં પ્રજ્ઞાછીણી નાખ, જેથી તત્ક્ષણ બંને જુદા પડી જાય છે. છ ઢાળામાં આવે છે :

જિન પરમ પૈની સુબુધિ છૈની, ડારિ અંતર ભેદિયા,
વરણાદિ અરુ રાગાદિતૈં, નિજ ભાવકો ન્યારા કિયા;
નિજમાંહી નિજકે હેતુ નિજકર, આપકો આપૈ ગહ્યો,
ગુણ-ગુણી જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય, મંઝાર કછુ ભેદ ન રહ્યો.

જેમ કરવતથી લાકડાના બે ટુકડા થાય છે તેમ ભેદજ્ઞાનરૂપી કરવતથી—

પ્રજ્ઞાછીણીરૂપી સાધનથી—રાગ જેનું લક્ષણ છે એવા બંધને અને જ્ઞાનાનંદ જેનું લક્ષણ છે એવા પોતાના આત્માને ઓળખીને જુદા પાડી દે. વાત જરા સૂક્ષ્મ છે. કરવાનું તો પછી, પ્રથમ ધારણામાં એવું લક્ષ રાખ કે માર્ગ તો આ જ છે—રાગથી ભિન્ન પડવા માટે પ્રજ્ઞાછીણી તે એક જ સાધન છે—બીજો કોઈ માર્ગ નથી. જેને વિકલ્પવાળા ધારણાજ્ઞાનમાં પણ આવું સાચું જાણપણું નથી, તેને રાગથી ભિન્ન થવાની યોગ્યતા નથી. જીવને એક તો સંસારની હોહા; એમાં વળી ધર્મનું સાંભળવા જાય ત્યાં 'આ કરો ને તે કરો, વ્રત લો ને ઉપવાસ કરો'—એવી રાગ ને દેહની ક્રિયાના કર્તાપણાની વિપરીત વાતો સાંભળવા મળે; ત્યાં સાચી સમજણ ક્યાંથી થાય?

પ્રશ્ન :—વિષય-કષાયનો ત્યાગ તો કરવો પડે છે ને?

ઉત્તર :—પરનું ગ્રહણ કે ત્યાગ આત્મામાં છે જ નહિ. દાડમ વગેરેના રસને ગ્રહણ જ ક્યારે કર્યો હતો કે તેનો ત્યાગ કરે? રાગરૂપ રસને એકત્વબુદ્ધિપૂર્વક ગ્રહણ કર્યો હતો, તેને છોડી દે અને અંતર આનંદના રસમાં એક વાર આવી જા. મોસંબીનો રસ કે સ્ત્રીનો વિષય આત્મા ભોગવી શકતો નથી, તે તો જડ છે. તેના સંયોગકાળે આત્મા પોતાના આનંદસ્વભાવનું લક્ષ છોડી 'આ વિષય મને ઠીક છે, સુખકર છે એમ જે રાગની ઉત્પત્તિ કરે છે તેનો તે ભોક્તા છે. પરપદાર્થનો ભોક્તા તો અજ્ઞાની પણ નથી. અરેરે! આખી દુનિયા રાગના રસમાં ઘૂસી ગઈ છે.

જ્ઞાનલક્ષણ આત્મા અને આકુળતાલક્ષણ રાગ—બેયનાં સ્વરૂપ ભિન્ન જાણીને ભેદજ્ઞાનરૂપ પ્રજ્ઞા વડે આત્માને રાગથી છૂટો પાડી દે. રાગથી ભિન્ન પડવા માટે પ્રજ્ઞા એક જ સાધન છે. તેના વડે જ્ઞાતૃધારા પ્રગટે અને રાગધારા છૂટી જાય છે. જેમ પાણીનો ધોધ અતૂટ ધારાએ પડે છે, તેમ આત્માનો જે ધ્રુવ જ્ઞાનપ્રવાહ અતૂટ ચાલે છે તેમાં પ્રજ્ઞા વડે રાગથી ભિન્ન થઈને અંદર ઘૂસી જા. અહા! આવી વાત છે. ભાષામાં કેટલી આવે? એ તો અનુભવગમ્ય છે.

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષકો, અનુભવ મોક્ષસ્વરૂપ.

આત્માનુભૂતિનો મોક્ષમાર્ગ કહ્યો છે, રાગાનુભૂતિને—વ્યવહારરત્નત્રયના વિકલ્પને—નહિ. પ્રજ્ઞાછીણી વડે રાગથી ભિન્ન કરીને પોતાને પકડ્યો ત્યારે જે અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અતીન્દ્રિય આનંદઝરતી નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે સ્વાનુભવ અને મોક્ષનો માર્ગ છે. મંદ રાગ પુણ્ય છે, ઝેર છે. રાગથી પણ જ્ઞાયક આત્માને ભિન્ન કરી દે. રાગ ઝેર છે, દુઃખ છે, આકુળતા છે, અગ્નિ છે; ભગવાન આત્મા સ્વભાવે શીતળ અને

શાન્તરસયુક્ત છે. ‘ઉપશમ રસ વરસે રે, પ્રભુ! તારાં નયનમાં.’ પ્રભુ! આપનાં નયનમાં—મુદ્રામાં એકલો ઉપશાન્ત રસ વરસે છે; જ્યાં અંદરમાં વિકલ્પમાત્રનું ઉત્થાન નથી, બહારમાં, જગતના બધા શાંતરસના પરમાણુઓ પરમૌદારિક શરીરરૂપે પરિણમી ગયા છે. પ્રભુ! આપની વાણી-પણ, પરમ શાંત રસ ઝરે છે તેથી, અદ્ભુત છે.

ॐ
સહજ ચિદાનંદ.

# પ્રવચન-૭૪

તા. ૨૪-૮-૭૮

## વચનામૃત—૧૯૭

બેનનાં વચનામૃતનો ૧૯૭મો બોલ ચાલે છે. ગઈ કાલે થોડો ચાલ્યો છે; હવે આગળ...

'ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરીને બન્નેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો.'

સ્વને ને પરને, જ્ઞાનને ને રાગને જાણવાના સ્વભાવવાળો જે આ ઉપયોગ છે તેને અંદર ધીરજથી સૂક્ષ્મ કરીને, આત્મા અને રાગ—એ બંનેની સૂક્ષ્મ સાંધમાં સાવધાન થઈને પ્રજ્ઞાછીણીનો પ્રહાર કરવો. પથ્થરની રગમાં સુરંગ ફોડવાથી હજારો મણના પથ્થરો છૂટા પડી જાય છે; તેમ જ્ઞાયક પ્રભુ અને રાગ વચ્ચે સૂક્ષ્મ સંધિ છે; તેઓ બંને એક નથી, એક હોય તો કદી કોઈ રીતે જુદા પડે નહિ; પણ જુદા પડી જાય છે માટે તેઓ એક નથી. જ્ઞાન અને રાગની ઝીણી સાંધમાં ભેદજ્ઞાનરૂપી સુરંગ ફોડવાથી જ્ઞાન તત્કાળ રાગથી છૂટું પડી જાય છે અને આત્માનો નિર્વિકલ્પ આનંદમય અનુભવ પ્રગટે છે.

'સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.'

જ્યાં જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા અને દુઃખસ્વરૂપ રાગની ભિન્નતાની ઓળખાણ થઈ ત્યાં જ્ઞાનની દશાને સાવચેતીપૂર્વક સ્વરૂપ તરફ ઝુકાવીને રાગથી જે ભિન્નપણું થયું તેને પ્રજ્ઞાછીણીનો સાવધાન થઈને પ્રહાર કર્યો કહેવાય છે. પૂર્ણાનંદનો દળ આત્મા અને રાગાદિમય વિકૃત ભાવ—બંને વચ્ચે સંધિ છે, ભેદક રેખા છે, એકતા નથી; એકતા માની છે તે ભ્રમ છે. એકતાનો એ ભ્રમ તોડવામાં, જેમ લોઢાની છીણીથી બે ટુકડા થાય છે તેમ, ભેદજ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાછીણી એકમાત્ર સાધન છે. તે, આત્માને રાગથી ભિન્ન કરીને અંતરમાં લઈ જાય છે.

પ્રશ્ન :—રાગ ક્યાં ચાલ્યો જાય છે?

ઉત્તર :—રાગ ધ્રુવ જ્ઞાયક સ્વભાવમાં નથી એવું યથાર્થ ભાન થતાં અભિપ્રાયમાં સ્વાનુભવપૂર્વક તેનું સ્વામિત્વ ટળી જાય છે. પછી જરા અસ્થિરતાનો રાગ છે પણ, જ્ઞાની તેનો માલિક નહિ હોવાથી, ભિન્નપણે રહે છે. સ્વરૂપમાં સ્થિરતા વધારવાથી અસ્થિરતાનો નાશ થાય છે. પહેલાં એકતા તૂટે છે અને પછી અસ્થિરતા છૂટે છે. અરે! આ કોઈ પંડિતાઈની ચીજ નથી; અગિયાર અંગ તો અનંત વાર ભણી ગયો; આ તો અંદરના વિવેકની વાત છે. આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય તેની વાત છે; ચારિત્રની વાત તો એનાથી આગળ છે; એની વાત તો કોઈ અલૌકિક છે. આ અધ્યાત્મ વિષયને બરાબર સમજે નહિ એટલે લોકોને સોનગઢનું એકાંત લાગે, પણ ભાઈ! આ વાત સોનગઢની નથી, ભગવાનના ઘરની છે, કલ્યાણ કરવું હોય તો તે સમજ્યે છૂટકો છે. સમજાયું કાંઈ?

હવે બેન ઉદાહરણ આપે છે :

'અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ.'

અબરખનાં પડ બહુ પાતળાં હોય છે. તેને છૂટાં પાડવામાં ઉતાવળો થઈને જોર કરવા જાય તો તે તૂટી જાય. ધીરજથી સાવચેતીપૂર્વક તેને છૂટાં પાડે છે. એમ ભગવાન આત્માને...અરે! સાવધાની શું? જુદા પાડવું શું? એની કાંઈ ખબર ન મળે. જગત બહારના ક્રિયાકાંડમાં ઘૂસી ગયું છે. અંદર પ્રભુ કોણ છે—એ વાત રહી ગઈ. જે કરવાનું હતું તે રહી ગયું.

દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ વગેરે ભાવ શુભ રાગ છે, તેની દિશા પર તરફ છે. પરની દિશાથી વિકારી દશા ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન અને સ્વરૂપરમણતા તે નિર્મળ દશા છે, તેની દિશા સ્વ તરફ છે. સ્વ-દેશમાં દૃષ્ટિ જાય તો વીતરાગ દશા ઉત્પન્ન થાય, કેમ કે વીતરાગતા એ પોતાનો સ્વદેશ છે. અરેરે! જે કરવાનું છે તે, જીવે કર્યું નહિ. જિંદગી ચાલી જાય છે. શરીર કમજોર થાય, આત્મા કમજોર થતો નથી. બાલ, યુવાન ને વૃદ્ધપણું તે તો જડ પુદ્‌ગલની અવસ્થા છે. ખરેખર તો, રાગમાં એકતાબુદ્ધિ રાખવી તે બાલ-અવસ્થા છે, રાગથી ભિન્ન થઈને અંદર જ્ઞાયક આત્માની દૃષ્ટિ થઈ તે યુવાન-અવસ્થા છે અને અસ્થિરતાના રાગને બિલકુલ છોડીને વીતરાગ દશા થાય તે, આત્માની પીઢ-અવસ્થા, વૃદ્ધ દશા છે. અહાહા! વાત તો આવી છે. લોકોને નવી લાગે, પણ નવી નથી, પરમાત્માના ઘરની છે. ન સાંભળી હોય એટલે નવી લાગે.

જેમ અબરખમાં પડ સાવધાનીથી જુદાં પાડવામાં આવે છે, તેમ તારા જ્ઞાનના ઉપયોગને ઝીણો કરી સ્વભાવ અને વિભાવ વચ્ચે ભેદજ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞા વડે ભેદ પાડ. તે ભેદ પાડવાની વિધિ અંદર ધ્યાનમાં થાય છે. દ્રવ્યસંગ્રહની ૪૭ મી ગાથામાં કહ્યું છે :

**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**
**तम्हा पयत्तचित्ता जूयं झाणं समब्भसह ॥**

રાગથી ભિન્ન થઈ અંતરમાં જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થયો, આનંદ અને જ્ઞાનનું વેદન થયું તેને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે કેમ કે તે સ્વાશ્રિત નિર્મળ દશા છે. અને બાકી જે રાગ રહ્યો તેને, શુદ્ધિનો સહચર દેખીને, આરોપથી વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. બન્ને પ્રકારના મોક્ષમાર્ગ અંદર સ્વાશ્રિત ધ્યાન-દશામાં પ્રાપ્ત થાય છે.

‘જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે.’

જે ક્ષણે શુભાશુભ વિભાવ વર્તે છે તે જ ક્ષણે ઉપયોગને બારીક કરી જ્ઞાતૃત્વસ્વભાવને જુદો જાણી લે. રાગનો વિકલ્પ ભલે હો, પણ તેનું સ્વરૂપ આકુળતા છે અને જ્ઞાયકનું સ્વરૂપ આનંદ છે એમ બંનેને જુદા ઓળખી અંદરની જ્ઞાતાધારા વડે સ્વભાવને વિભાવથી જુદો પાડી દે.

‘જુદો જ છે પણ તને ભાસતો નથી.’

રાગાદિ વિભાવ અને જ્ઞાયક સ્વભાવ—બન્ને જુદા જ છે પણ જીવને પર્યાયબુદ્ધિ હોવાથી જુદા દેખાતા નથી; તે પોતાને વિભાવપર્યાય જેટલો જ માને છે. ખરેખર તો આત્મા રાગ અને તેની રુચિથી ભિન્ન જ છે પણ તેને અંદરમાં જુદાપણું ભાસતું નથી.

‘વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદા જ;—જેમ પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદાં જ છે તેમ.’

શુભાશુભ રાગના વિકલ્પ કે જે ક્ષણિક છે અને ભગવાન જ્ઞાયકસ્વભાવ કે જે ત્રિકાળ શાશ્વત છે—તે બંને જુદેજુદા જ છે. સોનાના રજકણ સહિત પથ્થરને સુવર્ણ-પાષાણ કહે છે. ખાણમાં સોનું અને પથ્થર એકસાથે હોય છે, પરંતુ તે બન્ને જુદેજુદાં જ છે. સોનું અને પથ્થર જેમ એકમેક દેખાય છતાં જુદાં જ છે, તેમ રાગાદિ વિભાવ અને જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા એક જેવા દેખાય પણ બન્ને પોતપોતાના સ્વરૂપે જુદેજુદા જ છે.

સમયસારના કર્તાકર્મ–અધિકારની ૭૨ મી ગાથાની ટીકામાં ટીકાકાર આચાર્યદેવે આત્માને 'ભગવાન' ત્રણ વાર કહ્યો છે : પુણ્યપાપના વિકારી ભાવો મલિનપણે અનુભવમાં આવતા હોવાથી અશુચિ—અપવિત્ર છે; અને ભગવાન જ્ઞાયક આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે. આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજાઓ વડે જણાવાયોગ્ય છે માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે; અને ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી પોતે જ ચેતક—જ્ઞાયક છે માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે. શુભાશુભ આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે; અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા–સ્વભાવને લીધે દુઃખનું અકારણ જ છે.

પુણ્યપાપના ભાવ અશુચિ છે; અરે! જેનાથી તીર્થંકર નામકર્મ બંધાય તે શુભભાવ પણ શુચિ છે. શરીર તો હાડ–માંસનું મોઢવું છે, તેની અશુચિની અહીં વાત નથી, પણ અંદર જે પુણ્યના પરિણામ થાય તે પણ અશુચિતા છે. ભગવાન આત્મા તો નિર્મળાનંદ જ્ઞાયક અત્યંત શુચિસ્વરૂપ છે. વિભાવની અશુચિથી શુચિપિંડ ભગવાન જ્ઞાયક ભિન્ન છે.

પ્રશ્ન :—કેટલો ભિન્ન છે?

ઉત્તર :—ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ અને વર્તમાન પર્યાયમાં થતો રાગાદિ વિભાવ તે બંને તદ્દન ભિન્ન છે, સોળે સોળ આના ભિન્ન છે. રાગનો અંશમાત્ર પણ કદી ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવ થતો નથી, તે તો પર્યાયમાં ઉપર તરતો ક્ષણિક ભાવ છે.

પ્રશ્ન :—રાગ તો જીવની પર્યાયમાં થાય છે; દ્રવ્યથી પર્યાય ભિન્ન હોય?

ઉત્તર :—રાગ જીવની જ પર્યાયમાં થાય છે અને તેથી પ્રમાણ–અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાય એક વસ્તુ હોવા છતાં, દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ શુદ્ધ અને ધ્રુવ જ્ઞાયકરૂપ છે અને રાગાદિ પર્યાય તો જીવવસ્તુનો ક્ષણિક વિભાવભાવ છે, માટે ધ્રુવ દ્રવ્ય અને ક્ષણિક વિભાવ પર્યાય વચ્ચે તદ્–અભાવસ્વરૂપ અન્યત્વ છે, બંને ભિન્ન છે. રાગાદિ વિભાવ તો ભિન્ન છે જ, પણ સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાય પણ ત્રિકાળી ધ્રુવથી અતદ્ભાવસ્વરૂપે ભિન્ન છે, કેમ કે એક સમયની નિર્મળ પર્યાયમાં આખું ધ્રુવ તત્ત્વ આવી જતું નથી, વર્તમાન પર્યાય જેવડું થઈ જતું નથી. ધ્રુવમાં જેટલું ભાવસામર્થ્ય છે તેટલું શ્રદ્ધાનમાં આવે, પણ મૂળ ધ્રુવ ચીજ ક્ષણિક પર્યાયરૂપ થાય નહિ. વસ્તુનો ધ્રુવ અંશ અને પલટતો અંશ સંજ્ઞા–લક્ષણ –પ્રયોજન અપેક્ષાએ ભિન્ન છે. અહાહા! આવી વાત કોઈ દી સાંભળી ન હોય.

સમયસારની ૪૯ મી ગાથાની ટીકામાં 'અવ્યક્ત'ના પાંચમા બોલમાં કહ્યું છે :

વ્યક્તપણું અને અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે (આત્મા) અવ્યક્ત છે. વ્યક્ત નામ પર્યાય, અવ્યક્ત નામ દ્રવ્ય, —બંને ભેળાં મિશ્રિતરૂપે જાણવામાં આવે છે તોપણ અવ્યક્ત ધ્રુવ ટંકોત્કીર્ણ જીવ વ્યક્તપણાને—પર્યાયને સ્પર્શતો નથી, ત્રિકાળી ધ્રુવ અંશ વર્તમાન ક્ષણિક પર્યાયાંશરૂપ થઈ જતો નથી. માટે ધ્રુવ દ્રવ્ય અને પલટતી પર્યાય બંને ભિન્ન છે. જ્યાં પર્યાયમાત્ર ધ્રુવ તત્ત્વથી ભિન્ન છે ત્યાં રાગાદિ વિભાવની વાત તો ક્યાંય રહી ગઈ, તે તો જુદો છે જ. માટે અહીં કહે છે કે વ્યવહાર શ્રદ્ધાના કે મંદ કષાયના પરિણામથી નિશ્ચય ધ્રુવ તત્ત્વની પ્રાપ્તિ થશે એ દૃષ્ટિ જ વિપરીત છે. બાપુ! શું થાય? ભાઈ! તને એ માન્યતામાં નુકશાન છે. તું હોંશ કરીને જગતને બતાવે છે કે—અમે નિશ્ચય અને વ્યવહાર બંનેને માનીએ છીએ, બંનેથી લાભ થાય તે અનેકાંત છે. ભાઈ! તે સાચો અનેકાંત નથી, અનેકાંતાભાસ છે, એકાંત છે. સ્વભાવના આશ્રયે સદા લાભ થાય અને પર્યાયના, રાગના કે નિમિત્તના આશ્રયે કદી લાભ ન થાય—તે જ સાચો અનેકાંત છે.

ભાઈ! તારી ઊંધી પકડ છોડ અને વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજ. અનુભવપ્રકાશ નામના ગ્રંથમાં કહ્યું છે : તારી શુદ્ધતાની તો શી વાત, પણ તારી અશુદ્ધતા પણ જબરી. ભગવાનનાં સમવસરણમાં અનંત વાર ગયો પણ તેં તારી અશુદ્ધતા છોડી નહિ, દેવ-ગુરુ સંભળાવે તો મને લાભ થશે—એમ દૃષ્ટિ પર ને શુભ રાગ ઉપર રહી, અંદર પોતાના જ્ઞાયક પ્રભુ તરફ નજર પણ કરી નહિ. અરેરે! આ દેહની સ્થિતિ પૂરી થશે, પ્રભુ! ઉતારા ક્યાં કરીશ-ક્યાં જઈશ? રાગને અને પુણ્યને પોતાનાં માનીશ તો મિથ્યાત્વમાં રહીશ અને તેના ફળમાં ચાર ગતિમાં ભટકવું પડશે. ભાઈ! તને અમૂલ્ય મનુષ્યભવ મળ્યો છે તેમાં તું આત્માની સાચી ઓળખાણ કરી લે. આત્માની સાચી સમજણ તથા અનુભૂતિથી તારા પરિભ્રમણનો ક્રમશઃ અંત આવી જશે.

ભાઈ! તું શુભભાવથી રાજી રાજી થઈ જાય છે, પણ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' શાસ્ત્રમાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે શુભ રાગને 'અપરાધ' કહ્યો છે :

रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव भवति नान्यस्य।
आस्रवति यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः॥२२०॥

રત્નત્રયના ધારક મુનિરાજને દેવાયુ વગેરે પુણ્ય પ્રકૃતિઓનો જે બંધ થાય છે ત્યાં રત્નત્રય—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ શુદ્ધ પરિણતિ—તો નિર્વાણનો જ હેતુ છે, બંધનો નહિ; પરંતુ રત્નત્રયપરિણત મુનિદશામાં પુણ્યનો જે આસ્રવ થાય છે તેનો હેતુ શુભોપયોગસ્વરૂપ અપરાધ છે.

જેમ પથ્થર અને સોનું બંને એકમેક દેખાવા છતાં સ્વરૂપે જુદાં જ છે, તેમ જ્ઞાયકતત્ત્વ અને પુણ્યપાપ તત્ત્વ ભિન્ન છે. આત્મતત્ત્વ પુણ્યપાપ તત્ત્વથી ભિન્ન છે, નહિ તો તત્ત્વ જ રહે નહિ. ભગવાન જ્ઞાયક આત્મા ભિન્ન છે અને પુણ્યપાપ તત્ત્વ ભિન્ન છે.

'પ્રશ્ન :—સોનું તો ચળકે છે એટલે પથ્થર ને તે—બન્ને જુદાં જણાય છે, પણ આ કઈ રીતે જુદા જણાય?'

સોનામાં ચમક—કાન્તિ છે, તેના વડે સોનાનું અને પથ્થરનું ભિન્નપણું જાણી શકાય છે. પરંતુ જ્ઞાયક અને રાગાદિ વિભાવ—બંને જુદેજુદા જ છે એ કઈ રીતે જાણી શકાય?

'ઉત્તર :—આ જ્ઞાન પણ ચળકે જ છે ને?'

પોતાને જાણે, રાગને જાણે—એમ જાણવારૂપે જે ચમકે છે તે જ્ઞાન અર્થાત્ આત્મા જ છે ને? સોનું જેમ પથ્થરથી ભિન્ન ચમકતી ચીજ છે, તેમ ચૈતન્યમાત્ર ચમકતી ચીજ તે આત્મા છે. પથ્થરમાં ચમકતો ભાગ તે સોનું છે તેમ આત્મામાં ચમકતું શું છે? ભાઈ! સાંભળ તો ખરો. ચેતન પોતે જ ચમકતી ચીજ છે કે જે પોતામાં રહીને પોતાને તેમ જ રાગાદિને ભિન્ન જાણે. અહાહા! સમજાયું કાંઈ?

'વિભાવભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે—જણાય છે.'

પથ્થર ન ચળકે, સોનું ચળકે; એમ બધે જ્ઞાન જ ચળકે છે, પ્રકાશપણે અનુભવમાં આવે છે. ચૈતન્યનો ચળકતો પ્રકાશ પોતાને તેમ જ પરને જાણે છે. આંખ દ્વારા માત્ર આંખ જેટલા ક્ષેત્રને જાણે—એમ નથી, તેના દ્વારા તો પચીસ-પચીસ ગાઉનું જાણે છે. જ્ઞાનચમક પોતાના ક્ષેત્રમાં રહીને જાણે છે, સ્વને સ્વપણે અને પરને પરપણે—જેમ વસ્તુસ્વરૂપ છે તેમ—જાણે છે, વિકલ્પ-રાગભાવ કંઈ ચળકતો નથી. સર્વત્ર જ્ઞાન જ ચળકે છે, જણાય છે, અનુભવમાં તેમ જ ખ્યાલમાં આવે છે.

કોઈ એમ કહે—મને આત્મા દેખાતો નથી, માટે આત્મા છે જ નહિ. ભાઈ! 'આત્મા દેખાતો નથી'—એમ કઈ સત્તામાં નિર્ણય કર્યો? રાગની સત્તામાં કે જ્ઞાનની સત્તામાં? જેને નથી દેખાતો તે જ જોનાર જ્ઞાનસત્તા છે. શ્રીમદ્ કહે છે :

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.

આંખ અને રૂપના જાણનારપણે જે અનુભવમાં આવી રહ્યો છે, જાણનારપણે ચળકી રહ્યો છે તે જ જીવ છે.

અરેરે! માણસને બાયડી, છોકરાં ને કુટુંબના રક્ષણની અને ખાવા, પીવા ને કમાવાની હોંશ! ચોવીશે કલાક પાપ, પાપ ને પાપ!

પ્રશ્ન :—બાયડી-છોકરાનું પાલનપોષણ કરવું તે તો મનુષ્યની ફરજ છે ને?

ઉત્તર :—ફરજ? શેની ફરજ? પાપની? પરની રક્ષા શું આત્મા કરી શકે છે? શાસ્ત્ર તો એમ કહે છે કે—પરની દયા પાળવાનો ભાવ પણ, તે ભાવ રાગ હોવાથી, આત્માની હિંસા છે. બધોય રાગ, પછી ભલે તે શુભ હો કે અશુભ હો, સ્વરૂપની હિંસા છે. શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં કહ્યું છે :

अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति।
तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः ॥४४॥

પોતાના શુદ્ધોપયોગરૂપ પ્રાણોનો ઘાત રાગાદિ ભાવોથી થાય છે. માટે રાગાદિ ભાવોની ઉત્પત્તિ ન થવી તે જ અહિંસા છે. 'આદિ' શબ્દથી દ્વેષ, મોહ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક, જુગુપ્સા, પ્રમાદ વગેરે અશુભ તેમ જ દયા, દાન વગેરે શુભ—સમસ્ત વિભાવભાવ જાણવા. સમસ્ત વિભાવભાવ હિંસાના પર્યાય છે. તે વિભાવ-ભાવો ન થાય એ જ અહિંસા છે. તે રાગાદિ ભાવોની ઉત્પત્તિ તે જ હિંસા છે—એવું જૈન સિદ્ધાન્તનું રહસ્ય છે. સારાંશ એ છે કે—ફરજના રાગમાં વીતરાગસ્વરૂપ ભગવાન આત્માની પોતાની વીતરાગતા સલવાઈ જાય છે. આવો મારગ છે બાપુ! દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવું નથી.

'જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય?'

અહાહા! સર્વત્ર જ્ઞાનનો જ ચળકાટ છે, ચમત્કાર છે. જ્ઞાન રાગને જાણે, શરીરને જાણે, લોકાલોકને જાણે, છયે દ્રવ્યને જાણે; જ્ઞાનના ચળકાટ વિના સોનાની ચમક શેમાં જણાય? પથ્થરમાં સોનું છે—એમ જ્ઞાન વિના કોણ જાણશે? સોનાની ચમક તો જ્ઞાન જાણે છે. પં. બનારસીદાસજી કહે છે :

સ્વપર પ્રકાશક સકતિ હમારી,
તાતૈં વચન ભેદ ભ્રમ ભારી;
જ્ઞેય દશા દુવિધા પરગાસી,
નિજરૂપા પરરૂપા ભાસી.

સ્વને ને પરને જાણવાની શક્તિ આત્માની છે. માટે હું પરનો તો કેવળ જાણનાર-

દેખનાર છું, કર્તા-ભોક્તા નથી. પરવસ્તુ છે તો પરને હું પ્રકાશું છું—એમ પણ નથી. સ્વને અને પરને પ્રકાશવાની શક્તિ મારી પોતાની પોતાથી જ છે. સમજાયું કાંઈ?

વસ્તુનું સાચું સ્વરૂપ સમજે નહિ એટલે 'એકાન્ત' એમ કહે. ભલે કહે. પણ ભાઈ! જેવું વસ્તુસ્વરૂપ અહીં કહેવાય છે તે જ સાચો અનેકાંત છે. પત્રોમાં વિરોધ આવે છે. પણ શું થાય?

જામેં જિતની બુદ્ધિ હૈ, ઉતની દેય બતાય;
વાકો બુરો ન માનિયે, ઔર કહાઁસે લાય.

વિરોધ કરનાર પણ શક્તિ-અપેક્ષાએ ભગવાન છે. કોઈ પ્રત્યે કોઈ ગમે તેટલું કહે તે તો તેના ભાવ છે. તેનો આત્મા પણ ભગવાન છે, સાધર્મી છે. ભગવાન આત્મા તો ત્રિકાળી શુદ્ધ છે, પણ પર્યાયમાં ભૂલ છે. ગમે તે પ્રકારે કહો—કોઈ પ્રત્યે વિરોધ નથી, દ્વેષ નથી. અહાહા! જ્ઞાનનો ચળકાટ ચારે બાજુ ફેલાઈ રહ્યો છે, જેમાં સ્વ-પર બધું જેમ છે તેમ યથાર્થ જણાય છે.

'જેમ સાચાં મોતી ખોટાં મોતી ભેગાં હોય તો મોતીનો પારખુ એમાંથી સાચાં મોતીને જુદાં પાડી લે છે, તેમ આત્માને 'પ્રજ્ઞાથી ગ્રહવો', જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે હું—એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદા પાડી શકાય છે.'

મોતીનો પારખુ સાચાં ને ખોટાં મોતીને જુદાં પાડી લે છે, તેમાંથી સાચાં મોતીને અલગ કરી દે છે. એ પ્રમાણે આત્માને જ્ઞાનથી ગ્રહણ કરવો. જ્ઞાનસ્વરૂપ આત્મા સાચું મોતી છે અને શુભાશુભ વિભાવભાવ ખોટાં મોતી છે. વાત જરા સૂક્ષ્મ છે ભાઈ! જે જાણવાવાળો છે તે હું છું, જેની સત્તામાં જાણવાનું કાર્ય થાય છે તે જાણનારી સત્તા તે જ હું છું. જેમાં જાણવાનો ભાવ નહિ તે જડ. રાગમાં જાણપણું નહિ હોવાથી તે પરભાવ છે, આત્મા નથી. જે જાણનાર છે તે હું છું, જે દેખનાર છે તે હું છું.—એ પ્રકારે ઉપયોગને બારીક કરીને આત્માને અને રાગને જુદા કરી શકાય છે, પૃથક્ કરી શકાય છે.

'આ જુદા પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.'

ભેદજ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાથી જ આત્મા અને રાગ જુદા પાડી શકાય છે, કોઈ દયા, દાન કે વ્રત, તપની—રાગની ક્રિયાથી આત્મા વિભાવથી પૃથક્ થતો નથી. જેનાથી પૃથક્

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**



થવું છે તે રાગ વડે, રાગનો સાથ લઈને પૃથક્ થવાય? અરે! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ રાગ છે, તેનો અંદર સાથ લઈને રાગથી પૃથક્ થવાય? વ્યવહાર અને રાગથી પૃથક્ એવા નિજ જ્ઞાયકસ્વભાવનો દૃષ્ટિ અને જ્ઞાનમાં આશ્રય કરવો તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. રાગથી પૃથક્ અંદર આત્મદર્શન થયા પછી, ભલે ભૂમિકા પ્રમાણે વ્રત, તપ કે ત્યાગાદિના શુભભાવ હો, પણ તે શુભ રાગ વિભાવ ટાળવાનું સાધન ન થાય; વિભાવ ટાળવાનું અને જ્ઞાયકસ્વભાવની સાધનાનું સાધન તો એકમાત્ર પ્રજ્ઞા જ છે.

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

# પ્રવચન–૭૫

તા. ૨૫-૮-૭૮

## વચનામૃત—૧૯૭

વચનામૃતનો ૧૯૭મો બોલ ચાલે છે, તેના છેલ્લા ફકરામાં કહે છે કે—

'સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ—સુખબુદ્ધિ તૂટી જાય છે.'

શું કહે છે તેમાં? દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત અને તપ વગેરેમાં જે બાહ્ય ક્રિયા છે તે જડ છે, શરીરની અવસ્થા છે, અને તે સંબંધી ભાવો છે તે રાગ છે, વિભાવ છે; અંદર જ્ઞાયકસ્વભાવનો મહિમા આવતાં પરની ક્રિયા અને રાગ પ્રત્યે રસબુદ્ધિ—સુખબુદ્ધિ ઊડી જાય છે.

પ્રશ્ન :—તેનાથી પુણ્ય થાય કે નહિ?

ઉત્તર :—રાગ મંદ કર્યો હોય તો પુણ્ય થાય, પણ પુણ્યનો પ્રેમ તે તો મિથ્યાત્વ છે. ભગવાન આત્માનો સ્વભાવ તો પુણ્યપાપના વિભાવ રહિત શુદ્ધ જ્ઞાનાનંદઘન છે. લોકોને આ વાત આકરી લાગે છે અને તેથી તેઓ કહે છે કે પહેલાં વ્યવહાર કરો, પછી વ્યવહારથી નિશ્ચય થશે. ભાઈ! સર્વપ્રથમ નિજ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ—નિશ્ચય થયા વગર સમ્યગ્દર્શન જ થાય નહિ, અને સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત લાવ્યો ક્યાંથી? દયા, દાન વગેરે બહારની ક્રિયાનો જ્યાં સુધી કર્તા થાય, રાગાદિની મંદતામાં—શુભ ભાવમાં 'આ મારી ચીજ છે, હું તેનો કર્તા છું, તેમાં મને લાભ છે' એમ રસબુદ્ધિ છે ત્યાં સુધી તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અનંતસંસારી છે. અહા! આકરું ઘણું.

પ્રશ્ન :—દાનમાં એક તો પૈસા જાય અને પાછું મિથ્યાત્વનું પાપ લાગે?

ઉત્તર :—હા. પૈસા કે દી એના હતા? તે તો જડ છે. જડ જડના કારણે આવે, રહે અને જાય. તે પૈસા મારા છે અને મેં ખર્ચ્યા એવી જે માન્યતા તે મિથ્યાત્વનું મહાપાપ છે. અંદર આનંદકંદ જ્ઞાયકસ્વભાવનો મહિમા જાગે તો પરપદાર્થ પ્રત્યે, રાગાદિ વિભાવ

પ્રત્યે, રસ તૂટી જાય; અને તેનો રસ તૂટી જાય તો મિથ્યાત્વમય મહાપાપ છૂટે અને આનંદઘન આત્માનું સમગ્દર્શન થાય; ત્યારે ધર્મની શરૂઆત થાય. સમજાયું કાંઈ?

પ્રશ્ન :—સ્વભાવનો મહિમા એટલે શું?

ઉત્તર :—અંદર રાગ ને વિકલ્પથી જુદો વિજ્ઞાનઘન ને આનંદકંદ ચૈતન્યપ્રભુ જે ભગવાન આત્મા છે તે એકલો અનંત અનંત ગુણોથી ભરપૂર છે, અનંત ચૈતન્યચમત્કારોથી ભરચક ભરેલો છે, જેની કોઈ સંખ્યા કે સીમા નથી એવા અનંત અદ્‌ભુત ગુણોથી પરિપૂર્ણ ભરેલો છે. આ અખૂટ ખજાનાનો મહિમા તે જ સ્વભાવનો મહિમા છે. તે તરફ રુચિ ઢળવાથી દયા, દાન વગેરે રાગનો રસ છૂટી જાય છે. એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ, તેમ સ્વભાવનો મહિમા અને રાગનો પ્રેમ બંને એકસાથે રહી શકે નહિ. અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વભાવનો—'સ્વયં જ્યોતિ સુખધામ' નો અંદરથી મહિમા, બહુમાન આવ્યા વિના રાગનો રસ છૂટતો નથી. જ્યાં સુધી રાગનો રસ છે ત્યાં સુધી જીવ મિથ્યાદૃષ્ટિ છે. ભલેને હજારો મંદિરો બનાવે, કરોડો રૂપિયા દાનમાં ખર્ચે, પણ તે તો જડની ક્રિયા છે. અંદર રાગ મંદ કરે તો પુણ્યભાવ છે. જો માનાદિ માટે કરે તો, પૈસા દેવા છતાં, પાપભાવ છે, તેનાથી અંશમાત્ર ધર્મ થતો નથી. સમજણ પડી? સમજવામાં મુશ્કેલ પડે એવી આ ચીજ છે, જેને શુભરાગનો પ્રેમ છે તેને ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયકનો અપ્રેમ નામ દ્વેષ છે. ભાઈ! વાત તો સાવ સીધી અને સાદી છે, પણ પુણ્યના આગ્રહને લઈ કઠણ પડે. શું થાય? અહાહા! અનંત વાર મુનિવ્રત પાલન કર્યાં, પણ એ બધો શુભ રાગ હતો. અત્યારે તો નવમી ગ્રૈવેયકે જાય એવો શુભ ભાવ છે પણ નહિ. 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો', પણ રાગના રસથી પરમાં અટક્યો તેથી 'આતમજ્ઞાન વિના સુખલેશ ન પાયો.' શુભ રાગનો પ્રેમ છૂટી અંદર પ્રભુના અદ્‌ભુત આનંદનો રસ તથા મહિમા કદી આવ્યો નથી.

અહો! આનંદરસનો અદ્‌ભુત મહિમા! આનંદઘનજી કહે છે :—

અનુભવ રસમેં રોગ ન સોગા, લોકવાદ સબ મેટા,
કેવળ અચળ અનાદિ અબાધિત, શિવ શંકરકા ભેટા;
અબધૂ અનુભવ કલિકા જાગી, મતિ મેરી આતમ સમરન લાગી...અબધૂ૦

અંદર પૂર્ણાનંદ ચૈતન્ય પ્રભુનો રસ આવે તો તેના મહિમા આગળ રાગનો રસ, પ્રેમ ને અનુભવ છૂટી જાય છે, રાગમાં રસબુદ્ધિ-સુખબુદ્ધિ હતી તે તૂટી જાય છે અહા! ભાષા તો ઘણી સરસ છે અને ભાવ પણ અલૌકિક છે.

રાગથી ભિન્ન પડીને, અંદર આનંદના નાથનો આશ્રય કરીને, પોતાની પરિણતિમાં અતીન્દ્રિય આનંદનો રસ આવે, વેદન આવે તેનું નામ સમ્યગ્દર્શન છે, શુદ્ધાત્માની નિર્વિકલ્પ પ્રતીતિ તેનું લક્ષણ છે. જેના પ્રગટવાથી આનંદ આદિ અનંત ગુણો અંશે વેદનમાં આવે તે સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે ભાઈ!

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણો અંશે વેદનમાં આવે?

ઉત્તર :—હા! શ્રીમદે કહ્યું છે : 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.' નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું યથાસંભવ આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને તેનું વેદન થાય છે.

પ્રશ્ન :—જૈનકુળમાં જન્મ થયો છે માટે અમને તો સમ્યગ્દર્શન હોય જ ને?

ઉત્તર :—કુળમાં ધૂળેય જૈનધર્મ નથી. જૈન કોને કહેવાય? 'ઘટ ઘટ અંતર જિન બસૈં, ઘટ ઘટ અંતર જૈન.' આનંદકંદ વીતરાગમૂર્તિ જિનસ્વરૂપ પ્રભુ તે તો અંતરમાં બિરાજે છે, તેને ઓળખી, અનુભવ કરી, રાગ સાથેની એકત્વબુદ્ધિને જીતવી તેને જૈન કહે છે. બાકી કુળ ને વાડાનાં જૈન તે જૈન નથી, જૈનાભાસ છે. પ્રભુ! ભગવાનનો આ સંદેશ છે.

પ્રશ્ન :—ભગવાનનો આ સંદેશ છે એમ અમારે કઈ રીતે માનવું?

ઉત્તર :—ન્યાયથી તુલના કરે તો માનવામાં આવે. વિચારીને તુલના કરે કે રાગનો રસ તો આકુળતારૂપ છે અને આત્માનો અનુભવરસ નિરાકુળ આનંદરૂપ છે. બંને જાત જ સાવ જુદી છે; માટે રાગ અને આત્મા બંને એક કેમ હોઈ શકે? ન જ હોઈ શકે. તે બંને વચ્ચે તદ્દન ભિન્નતા છે એમ ભગવાનનો ઉપદેશ છે. વ્યવહારથી નિશ્ચય પ્રગટે એવું માનનારને રાગનો—શુભનો રસ છે. પ્રભુ! તારી ધ્રુવ જ્ઞાયકપ્રભુતા અંદર એટલી ભરચક ભરી પડી છે કે તેની પાસે એક સમયની પર્યાય પણ, વિનાશશીલ હોવાથી, પામર છે; તો રાગની તો વાત જ ક્યાં રહી?

અરેરે! અંદર ચૈતન્ય-હીરલો ભગવાન જ્ઞાયકઆત્મા બિરાજમાન છે પણ જીવે અનાદિથી તેને ઓળખ્યો નથી.

પરખ્યાં માણેક મોતીયાં, પરખ્યાં હેમ કપૂર;<br>
પરખ્યો એક ન આતમા, ત્યાં રહ્યો દિગ્મૂઢ.

આ જ્ઞાયકરતન શી ચીજ છે, તેને ઓળખ્યા વિના બધું જાણપણું ધૂળધાણી છે.

'સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે.'

રાગની એકતા છોડીને જે જૈન થયો, ધર્મી થયો, તેને જ્ઞાયકસ્વભાવમાં જ રસ આવે છે, બીજું બધું—ચક્રવર્તીનું રાજ્ય, ૯૬ હજાર સ્ત્રીઓ કે વ્યવહારના શુભભાવો —નીરસ લાગે છે, જ્ઞાનરસ રહિત ફીકું લાગે છે; તે, બધાંને જ્ઞાનનાં પરજ્ઞેય તરીકે જાણે છે.

'ભરતેશવૈભવ' પુસ્તકમાં એમ આવે છે કે—ભરત ચક્રવર્તી આત્મજ્ઞાની છે, તે ભોગમાં હોય અને ભોગમાંથી છૂટી તરત જ બીજી ક્ષણે આત્માના નિર્વિકલ્પ અનુભવ રસમાં આવી જતા હતા. જ્ઞાનીને ભોગની વાસના આવે છે, પણ અંદર તે કાળા નાગ જેવી લાગે છે, દુઃખમય લાગે છે; અંતરમાં રાગની મીઠાશ છૂટી ગઈ છે. રાગ આવવાથી વિષયમાં થોડું જોડાણ છે પણ તે અંદર રાગના રસ વગરનું છે. અહાહા! આવી વાત. જન્મમરણ રહિત થવાની કળા કોઈ અલૌકિક છે! અંદર અતીન્દ્રિય આનંદનો જેને રસ આવે તે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને રાગમાં રસ આવતો નથી.

અહા! ભગવાને એક શ્વાસ જેટલા વખતમાં નિગોદના અઢાર ભવ કહ્યા છે. પ્રભુ! એ દુઃખ કેવાં હશે? યાદ ક્યાં છે? યાદ નથી માટે નહોતાં એમ પ્રભુ! કોણ કહે? જન્મથી છ-બાર મહિના સુધી શું હતું, માતાએ કેવી રીતે ધવરાવ્યો, નવરાવ્યો—એ બધું અત્યારે યાદ છે? યાદ નથી માટે નહોતું? નહોતું—એવું કોણ કહે? ભવભ્રમણમાં નરક-નિગોદના અનંત ભવ કર્યા. અરે! એ દુઃખનું વર્ણન શે થાય? સાંભળતાં જગતનાં પ્રાણીને આંખમાં આંસુ આવી જાય એવાં ભયંકર એ દુઃખ છે. ભૂલી ગયો માટે શું એ દુઃખ નહોતાં? એમ તું તારા જ્ઞાયકભગવાનને ભૂલી ગયો, તો શું તે નથી? 'નથી' એવું કોણ કહે? આનંદકંદ ચૈતન્ય ધ્રુવ વસ્તુને અનાદિથી ભૂલી ગયો છે, પણ તેથી કરીને તે જ્ઞાયક પરમાત્મા શું ચાલ્યો ગયો છે? ક્યાંય ચાલ્યો ગયો નથી.

અરેરે! લોકોને બહારમાં કેટલો રસ છે? મોટી મોટી સભાઓ ભરાતી હોય, ધર્મનો ઉપદેશ ચલાવતા હોય. પણ ભાઈ! ઉપદેશમાં નીકળતી વાણી તો ભાષાવર્ગણાની પર્યાય છે. આત્મા ઉપદેશ આપી શકતો નથી, ભાષાની પર્યાયને કરી શકતો નથી. ઉપદેશનો વિકલ્પ એ પણ રાગ છે, ઉન્માદ છે, આત્માનું સ્વરૂપ નથી. સમાધિશતકમાં કહ્યું છે :

બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;<br>
એ સૌ મુજ ઉન્મત્તતા, હું તો છું અવિકલ્પ. ૧૯.

હું બીજાઓ દ્વારા શીખવવા યોગ્ય છું તથા હું બીજાઓને શીખવું છું; તે મારી ચેષ્ટા ઉન્મત્ત—પાગલ જેવી છે; કારણ કે ખરેખર તો હું નિર્વિકલ્પ છું—વચનવિકલ્પોથી

અગ્રાહ્ય છું. અહા! સમ્યગ્દર્શન અને તેનો વિષય ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક આત્મા અલૌકિક છે. એ સમજવું જગતને કઠણ લાગે છે બાપુ! પંડિત દીપચંદજી 'ભાવદીપિકા' પુસ્તકમાં લખી ગયા છે કે—અત્યારે જીવોમાં આગમ પ્રમાણે શ્રદ્ધા પણ દેખાતી નથી, અને કહું છું તો 'આ વાત નિશ્ચયાભાસની છે' એમ કહીને વિરોધ કરે છે; માટે અધ્યાત્મની આ વાત આ ગ્રંથમાં લખી જાઉં છું.

અત્યારે આત્માની આ વાત સાંભળનારા લોકો નીકળ્યા છે, કાળ એટલો સારો છે. આ વાત દુનિયાથી સાવ જુદી, છતાં લોકો સાંભળે છે કે શું છે આ? કુરાવડ જેવા ગામડામાં પંચકલ્યાણક વખતે દસ-બાર હજાર અને ભોપાળના પંચકલ્યાણક વખતે ચાળીશ હજાર માણસો અધ્યાત્મની—સમયસારની આવી ઝીણી વાત હોંશથી સાંભળતા હતા. આપણે અહીં ૪૪ વર્ષથી આ વાત એકધારી ચાલે છે. અહા! સાંભળ તો ખરો પ્રભુ! જેને આનંદકંદ ચૈતન્ય પ્રભુની દૃષ્ટિ થઈ, તેનો અંદરથી મહિમા આવ્યો, તેને રાગનો રસ—મહિમા છૂટી જાય છે. અરે! શુભભાવનો જેને મહિમા છે તેને જ્ઞાનાનંદઘન આત્માનો મહિમા નથી અને જેને અંદરથી આનંદકંદ આત્માનો મહિમા આવ્યો, તેને રાગનો રસ—મહિમા રહેતો નથી.

આજે જાતિસ્મરણની એક વાત છાપામાં આવી છે. છ વર્ષ પહેલાં એક રજપૂતનો છોકરો કૂવામાં પડી ગયો. ૧૧ માસ પછી તે જ માતાની કૂખે જન્મ લીધો. આવું તો બની શકે છે, તેમાં કાંઈ વિશેષતા નથી; પણ આપણે અહીં બેન (બહેનશ્રી ચંપાબેન) ને તો જાતિસ્મરણજ્ઞાનમાં અસંખ્ય અબજો વર્ષની વાત, કાલની વાતની જેમ, સ્પષ્ટ જણાય છે. એ વાત લોકોને બેસે નહિ, કહીએ તો આશ્ચર્ય લાગે. પ્રભુ! ભલે આશ્ચર્ય લાગે, પણ એક વાર ધ્યાન દઈને સાંભળ તો ખરો.

જાતિસ્મરણની વાતથી લોકોને આશ્ચર્ય થાય, પણ તે કોઈ નવી ચીજ નથી. જાતિના—પૂર્વ જન્મના—સ્મરણ કરતાં આત્મજાતિનું જ્ઞાન થવું તે યથાર્થ જાતિસ્મરણ છે. પેલું તો ભવનું જ્ઞાન છે અને આ તો આનંદકંદ જ્ઞાયકજાતિનું જ્ઞાન છે. અનંત ગુણનો પિંડ અને આનંદકંદનો જે નાથ છે તેનું અંદરથી સ્મરણ આવવું, તેનો અનુભવ થવો, તે જ પ્રથમ કક્ષાનો ધર્મ છે. એ વિના બધું એકડા વિનાનાં મીંડાં જેવું છે. લાખો વાર ભક્તિ કરે, કરોડો રૂપિયા દાનાદિમાં ખર્ચે, બહારની હોહા કરે, પણ તે બધોય રાગ છે અને ધર્મ માટે નિરર્થક છે. સમજાયું કાંઈ?

'ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.'

અંતરની બધી સંધિનું જ્ઞાન થાય છે. ક્યારે? જ્યારે રાગથી ભિન્ન એવા શુદ્ધ

ચૈતન્યસ્વભાવનું સમ્યક્ દર્શન થાય ત્યારે અંદર રાગ અને જ્ઞાનની સૂક્ષ્મ સંધિનું જ્ઞાન થાય છે. અંદર સ્વભાવની દૃષ્ટિ કરવાથી રાગથી ભિન્નપણાની સાંધનું બરાબર જ્ઞાન થાય છે, સંધિ ખ્યાલમાં આવે છે. ભગવાન જ્ઞાયક અને રાગ કદાપિ એક થયા નથી—એમ સૂક્ષ્મ સંધિના જ્ઞાનથી અંદર સમ્યગ્દર્શન થાય છે. અહા! આવી વાત છે.

આ મધ્ય લોકમાં છેલ્લા સ્વયંભૂરમણ-સમુદ્ર વિષે અસંખ્ય તિર્યંચ સમ્યગ્દૃષ્ટિ છે. તેમાં કેટલાંકને જાતિસ્મરણજ્ઞાન પણ છે, કેટલાંકને અવધિજ્ઞાન પણ છે. પૂર્વે સત્ સાંભળ્યું હોય, અને તે વાત અંતરમાં યાદ કરી આત્માનો અનુભવ થાય—એવાં અસંખ્ય તિર્યંચો ત્યાં પડ્યાં છે. અહા! ભગવાન આત્માની બલિહારી છે. શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે કે—જ્ઞાનાદિકની હીનાધિકતા હોવા છતાં પણ તિર્યંચાદિક અને કેવળીસિદ્ધ-ભગવાનને સમ્યક્ત્વગુણ તો સમાન જ છે. ભલે ચારિત્રની સ્થિરતાનો ફેર હોય પણ ચિદાનંદ જ્ઞાયક પ્રભુની પ્રતીતિમાં કાંઈ ફેર નથી. અહા! એ સમ્યગ્દર્શન શી ચીજ છે તેની લોકોને ખબર નથી.

અંતરમાં રાગનો રસ છૂટી જાય, ચેતનનો રસ આવે, ત્યારે તે બંને એક નથી—જુદા જ છે એમ અંદરની સૂક્ષ્મ સંધિ જણાય. રાગ અને જ્ઞાન બંને એક હોય તો કદી ભિન્ન પડે નહિ અને ભિન્ન પડે તે કદી એક હોય નહિ. સમ્યગ્દર્શન થતાં આવું ભિન્નપણાનું જ્ઞાન થાય છે. આ, વીરોનો માર્ગ છે બાપુ! કાયરનું આમાં કામ નહિ. રાગમાં ને પુણ્યમાં ધર્મ માને તે કાયર અને નામર્દ છે. સમયસારના પુણ્ય-પાપ અધિકારમાં કહ્યું છે કે—'દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે (અસમર્થતાને લીધે)...' શુભ રાગનો હું કર્તા છું, સ્વામી છું—એવી માન્યતા નામર્દપણું છે. હીજડાને જેમ પુત્ર ન થાય તેમ શુભભાવથી પણ ધર્મની પ્રજા ન થાય. સ્વરૂપની રચના કરે તે વીર્ય કહેવાય, રાગની રચના કરે તે તો નપુંસકપણું છે. જ્ઞાનીને પણ અસ્થિરતાનો અલ્પ રાગ આવે છે; પણ તે, રાગનો સ્વામી નથી, કર્તા નથી, રાગનો કેવળ જ્ઞાતા જ છે.

શું કહ્યું? વીર્ય નામ ભગવાન આત્માનું બળ તેને કહેવાય કે જે સમ્યગ્દર્શન-જ્ઞાન -ચારિત્રની શુદ્ધતા રચે; રાગની રચના કરવી તે તેનું કાર્ય નથી, તે પંડિતવીર્ય નથી. ભગવાન આત્મા જ્ઞાન, આનંદ, વીર્ય આદિ અનંત ગુણોનો મહાસાગર છે, ચૈતન્યનાં રત્નોથી ભરેલો મોટો રત્નાકર છે; તેની જેને અંદરમાં દૃષ્ટિ થઈ, તેનો જેને અંતરમાં મહિમા લાગ્યો, તેને રાગનો રસ—મહિમા છૂટી જાય છે. રાગ અને આત્મા વચ્ચે સાંધ છે તેનો ખ્યાલ સમકિતીને હોય છે; અજ્ઞાનીને એ સાંધ ખ્યાલમાં આવતી નથી.

અંદર શુભાશુભ રાગનો પ્રેમ તૂટે, ચૈતન્યનો પ્રેમ જાગે, ત્યારે જ અંતરની સૂક્ષ્મ

સંધિ જણાય છે. રાગ અને જ્ઞાન બંને જુદાં જ છે—એવું સંધિનું જ્ઞાન જ્ઞાનીને જ હોય છે. અજ્ઞાનીને તો 'રાગનો હું કર્તા છું, શુભ રાગ મારી ચીજ છે, તે કરતાં કરતાં મને આત્મજ્ઞાન થશે' એવી માન્યતા હોવાથી તેને રાગ ને સ્વભાવ વચ્ચે સંધિ છે તેવું ભાન નથી, અહા! આવી વાત છે ભગવાનની.

અમને તો નાનપણથી આનો અભ્યાસ છે. દુકાન છોડીને આ જ ધંધો કર્યો છે. વિ. સં. ૧૯૬૮ના વૈશાખ માસમાં દુકાન છોડી દીધી હતી. દુકાન પર પણ આ જ અભ્યાસ હતો. સૌ પહેલાં 'અધ્યાત્મકલ્પદ્રુમ' નામનું પુસ્તક વાંચવામાં આવ્યું હતું. તેમાં વૈરાગ્યની વાત છે, તત્ત્વની વાત નથી. સંવત ૧૯૭૮માં 'સમયસાર' જ્યારે હાથમાં આવ્યું અને વાંચ્યું ત્યારે અંદરથી એમ થયું કે—અહો! આ તો કોઈ અશરીરી થવાની ચીજ છે! સિદ્ધ કઈ રીતે થવાય તેની આમાં વાત છે. બહાર જંગલમાં જઈને સમયસાર વાંચ્યું હતું. શ્વેતાંબરનાં ૩૨-૪૫ સૂત્ર વાંચવામાં ઘણાં વર્ષો કાઢ્યાં, ભગવતી સૂત્ર તો ટીકા સહિત ૧૭ વાર વાંચ્યું, પણ તેમાં કાંઈ હાથ લાગ્યું નહિ. શ્વેતાંબરનાં શાસ્ત્રમાં અધ્યાત્મતત્ત્વની સત્ય વાત છે જ નહિ. તે સંપ્રદાય દિગંબર ધર્મમાંથી બે હજાર વર્ષ પહેલાં નવો નીકળ્યો છે. તેમણે પાછળથી શાસ્ત્રો રચીને સર્વજ્ઞના નામે ચડાવી દીધાં છે; તેથી લોકો બિચારા મૂંઝાઈ ગયા. આ સમયસાર વગેરે તો સર્વજ્ઞવીતરાગ-અનુસારિણી વાણી છે. તેમાં એમ કહ્યું છે કે—જ્યારે જ્ઞાન ને રાગની ભિન્નતાનું જ્ઞાન થશે ત્યારે તને રાગનો રસ છૂટી જશે અને આત્માના અતીન્દ્રિય આનંદરસનો અનુભવ થશે.

'એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.'

શરીરમાં અને સ્ત્રી, પુત્રાદિ પર વિષયમાં, તીવ્ર પ્રેમ હોય અને ઉપયોગ અંદર ભેદજ્ઞાનનું કામ કરે—એમ કદી બને નહિ. દયા, દાન વગેરે શુભ રાગ કે જે વિકલ્પ છે, તેની જ્યાં સુધી અંદરમાં તીવ્ર રુચિ છે ત્યાં સુધી અરાગી ચૈતન્યભગવાન હાથમાં આવે નહિ.

'રુચિ અનુયાયી વીર્ય.' રાગની રુચિ હોય તેનું વીર્ય રાગનું કામ કરે છે અને સ્વભાવની રુચિ હોય તેનું વીર્ય સ્વભાવનું—નિર્મળાનંદના અનુભવરસનું—કામ કરે છે. આવી વાત છે ભાઈ!

પ્રશ્ન :—સમાજને આવી વાત સમજવી કઠણ ન પડે?

ઉત્તર :—ભાઈ! સમાજમાં પણ અંદર આત્મા છે કે નહિ? પ્રભુ! દેહની સામે

ન જો. સ્ત્રી-પુરુષ વગેરે તો ચામડાનાં ઢાંકણ છે. દેહદેવળમાં અંદર ચૈતન્યપ્રભુ ભગવાન આત્મા બિરાજે છે તે તો જ્ઞાનાનંદનો કંદ છે, તેને પર્યાયમાં પૂજા-ભક્તિનો રાગ ભલે આવે પણ જ્ઞાનીને અંતરમાં તેનો રસ ન હોય. ત્યાં એમ ન હોય કે રાગમાં અને પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંદર ભેદજ્ઞાનરૂપ પ્રજ્ઞાછીણીનું કામ કરે.

પ્રશ્ન :—રાગનો રસ એટલે શું?

ઉત્તર :—રાગ સાથે એકત્વપણાની માન્યતા, રાગમાં પ્રેમપૂર્વક તત્પરતા, તેને રાગનો રસ કહે છે. એક વિષયમાં જ્ઞાનનું તદાકાર થવું, એક જ્ઞેયમાં જ્ઞાન—પુરુષનો ભાવ—-લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઈચ્છા ન રહે, તે રસ છે. પ્રજ્ઞાછીણી વડે બે કાર્ય થાય છે : (૧) રાગનો રસ છૂટે છે, અને (૨) આનંદકંદ જ્ઞાયકસ્વભાવમાં જ રસ લાગે છે. રાગ અને જ્ઞાનમાં એકતા નથી પણ બંને વચ્ચે સાંધ છે. પ્રજ્ઞાછીણી તે સાંધમાં પટકવાથી આત્મા અને રાગ છૂટા પડી જાય છે. જેને રાગનો તીવ્ર રસ છે તેને રાગથી ભિન્ન થવાપણારૂપ કાર્ય કરનારી પ્રજ્ઞાછીણી હોય—એમ કદી બને નહિ. એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ; રાગનો તીવ્ર રસ પણ રહે અને રાગથી ભિન્ન થવાપણાનું કાર્ય કરનારી પ્રજ્ઞાછીણી પણ રહે—એમ થઈ શકે નહિ. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, આત્માના અતીન્દ્રિય અનુભવની પ્રાપ્તિ કરવી હોય તેણે શુભરાગનો પણ રસ છોડવો પડશે.

પ્રભુ! તારી અતીન્દ્રિય પ્રભુતાનો પાર નથી બાપુ! પણ તારી પ્રભુતાની તને ખબર નથી. 'अप्पा सो परमप्पा।' અરે! તારો પ્રભુ પરમેશ્વરસ્વરૂપ છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંદર શક્તિ-અપેક્ષાએ પરમાત્મા છે તો પર્યાયમાં વ્યક્ત પરમાત્મા થશે. એ જ્ઞાયક ધ્રુવ પરમાત્મા તરફ જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં તો રાગનો રસ છૂટી જાય છે. અંદર રાગનો રસ-પ્રેમ રહે અને રાગથી ભિન્ન પડવારૂપ પ્રજ્ઞાછીણી અંદરમાં કામ કરે—એવું કદી બનતું નથી.

❁

# પ્રવચન-૭૬

તા. ૨૬-૮-૭૮

## વચનામૃત—૧૯૮

જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં કર્તાપણું છૂટે છે. વિભાવ પોતાનો સ્વભાવ નથી તેથી આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી, દ્રવ્ય તો શુદ્ધ રહે છે; માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે 'પર એવા જડ પદાર્થને હું કરું છું, રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું' વગેરે ભ્રમણા થઈ રહી છે. યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય તો કર્તાપણું છૂટે છે. ૧૯૮.

'જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં કર્તાપણું છૂટે છે.'

વ્રત, નિયમ અને તપના—શુભ રાગના—અભ્યાસથી આત્મા જાણવામાં આવતો નથી. હું તો માત્ર દ્રષ્ટા-જ્ઞાતા છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી, જ્ઞાયક તરફનો ઝુકાવ કરવાથી, અંતરમાં જ્ઞાતાપણું પ્રગટ થતાં આત્મા જાણવામાં આવે છે અને પર ને રાગનું કર્તાપણું છૂટે છે. સમ્યગ્દર્શન કરવાની આ વિધિ છે. હું કેવળ જાણનાર-દેખનાર છું—એવો અન્તર્મુખ અભ્યાસ વારંવાર કરવાથી પર્યાયમાં જ્ઞાતાપણું પ્રગટ થાય છે, અને ત્યારે પરનું કર્તાપણું છૂટે છે; રાગનો વિકલ્પ છે તેનું પણ કર્તાપણું ત્યારે છૂટે છે. અજ્ઞાની પોતાના જ્ઞાતાસ્વભાવનો અજાણ છે. તે શરીર આદિ પરની ક્રિયા તો કરી શકતો નથી; પરંતુ તે જ્ઞાતાપણાના અભ્યાસથી રહિત છે તેથી વ્રત, તપ, પૂજા, ભક્તિ આદિ બહારની ક્રિયાઓનો તથા પુણ્ય-પાપના વિકારી ભાવ કે જે પોતાનો સ્વભાવ નથી તેનો, તે કર્તા થાય છે. એકલા શાસ્ત્રજ્ઞાનના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતું નથી, અને વ્રત, નિયમ, ભક્તિ ને પૂજાના ઢગલા કરે તોય તેને આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણું પ્રગટ થતું નથી. અહા! આવી વાત છે પ્રભુ!

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



'વિભાવ પોતાનો સ્વભાવ નથી તેથી આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી, દ્રવ્ય તો શુદ્ધ રહે છે;'

ભલે દયા, દાન, પૂજા, ભક્તિના વિકલ્પ હોય, પણ છે એ વિભાવ. વ્યવહાર-રત્નત્રયના વિકલ્પો પણ વિભાવ છે, આત્માનો સ્વભાવ નથી. જેમ જ્ઞાતાદ્રષ્ટાપણું જીવનો કાયમી સ્વભાવ છે, તેમ વિભાવ તેનો કાયમી સ્વભાવ નથી. ક્ષણિક વિભાવ છે તેથી ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્ય કાંઈ સ્વયં ઊછળીને—જોશમાં આવીને રાગદ્વેષ આદિ વિભાવમાં એકમેક થઈ જતું નથી, ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ ક્યારેય પણ ક્ષણિક વિભાવ સાથે એકમેક થઈ જતો નથી, દ્રવ્ય તો શુદ્ધ રહે છે. ભગવાન જ્ઞાયકપ્રભુ દ્રવ્યે તો શુદ્ધ જ છે; શુદ્ધ ઊછળીને શું વિભાવમાં ક્યારેય એકત્વ પામે? અજ્ઞાની જીવ વિભાવથી ત્રિકાળ રહિત એવા પોતાના જ્ઞાયકસ્વભાવનું ભાન નહિ હોવાને લીધે, 'વિભાવ મારો છે' એવા અભ્યાસ વડે તેમાં એકત્વબુદ્ધિ કરે છે, તેનો કર્તા થાય છે. ભાઈ! નજર અહીંથી ત્યાં કરે છે, તેમાં આંખની ક્રિયાનો કર્તા આત્મા નથી; અજ્ઞાનભાવે પણ તેના પરિણમનનો કરનારો નથી. કર્મનો ઉદય અને દેહની ક્રિયા વગેરે જડ પુદ્ગલનું પરિણમન છે, અજ્ઞાનભાવે પણ જીવ તેની પર્યાયને કરી શકે નહિ. ફક્ત અજ્ઞાનભાવે, કર્તાપણાના વિભાવનો અભ્યાસ હોવાથી, 'હું દેહની ક્રિયાનો ને રાગાદિ વિભાવનો કર્તા છું' એમ અજ્ઞાની જીવ માને છે. માને છે તેથી મૂળ ધ્રુવ દ્રવ્યસ્વભાવ કાંઈ પોતે ઊછળીને વિભાવ સાથે ક્યારેય એકમેક થઈ જતો નથી.

જેને શુભાશુભ વિકારી ભાવોનો રસ છે તે વિભાવનો કર્તા થાય છે; જેને જ્ઞાતાસ્વભાવનો રસ છે તે શુભાશુભ વિભાવનો કર્તા નહિ થતો થકો પોતાની જ્ઞાતૃત્વમય દશામાં રહીને 'હું પરથી પૃથક્ અને વિભાવથી રહિત છું' એમ યથાર્થ જાણે છે. અહા! આવો માર્ગ છે પ્રભુ!

એક પત્ર આવ્યો છે કે—આપનાં પ્રવચનોની બોલતી ફિલ્મ ઉતરાવો, જેથી ધર્મનો ખૂબ પ્રચાર થાય. ભાઈ! શું કહેવું? બોલવાની ક્રિયા આત્માની નથી; જેને તેની હોંશ છે તે ભાષાની ક્રિયાનો કર્તા થાય છે. તે ભલે પોતાને ભાષાની ક્રિયાનો કર્તા માને, પણ તે તેમાં કાંઈ કરી શકતો નથી; કેમ કે જ્ઞાતૃદ્રવ્યસ્વભાવ ક્યારેય વિભાવરૂપે થતો નથી. પોતાના દ્રવ્યસ્વભાવને છોડીને વિભાવના અભ્યાસમાં 'વિભાવનો કરનાર અને રચનાર હું છું' એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આ વાતો આકરી છે ભાઈ! સમજાણું કાંઈ?—શું? વસ્તુ જેમ છે તેમ છે. માત્ર થાય છે શું? દ્રવ્યસ્વભાવ તો શુદ્ધ રહે છે. દ્રવ્યસ્વભાવ કાંઈ ઊછળીને—જોશમાં આવીને—રાગની ક્રિયામાં કે રાગાદિ વિભાવમાં તન્મય થઈ જતો નથી. ત્યારે થાય છે શું?

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

''માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે'' 'પર એવા જડ પદાર્થને હું કરું છું, રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું' વગેરે ભ્રમણા થઈ રહી છે.

અનાદિ કાળની ઊંધી માન્યતાને લીધે પર પદાર્થનો—શરીરની ક્રિયાનો, ભાષાનો, વેપારધંધાનો, ઉપદેશનો—કર્તા હું છું, દયા-દાન વગેરે શુભ રાગ મારું સ્વરૂપ છે, હું કામક્રોધાદિ વિકારનો કર્તા છું—એમ (પોતાના જ્ઞાતાદ્રષ્ટા-સ્વભાવનું ભાન નહિ હોવાથી) અજ્ઞાની જીવને ભ્રમણા થઈ રહી છે. શ્રી સમયસાર-નાટકમાં કહ્યું છે :—

કરૈ કરમ સોઈ કરતારા, જો જાનૈ સો જાનનહારા;
જો કરતા નહિ જાનૈ સોઈ, જાનૈ સો કરતા નહિ હોઈ.

વ્રત, નિયમ આદિ શુભ રાગની પર્યાયનો કર્તા હું છું—એમ રાગનો કર્તા થનાર જીવ મિથ્યાદ્રષ્ટિ છે. હું જ્ઞાનાનંદસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ ચીજ છું—એમ પોતાના જ્ઞાયક -સ્વરૂપના અનુભવમાં જે રાગનો માત્ર જાણનાર રહે છે, રાગનો કર્તા થતો નથી, તે જીવ જ્ઞાની સમ્યગ્દ્રષ્ટિ છે. ભગવાન જ્ઞાયક આત્મા પોતાનો જ્ઞાતૃસ્વભાવ છોડીને વિભાવમાં કદી આવ્યો નથી, આવતો નથી અને આવશે પણ નહિ. પરંતુ એવા આત્મસ્વરૂપનું ભાન નહિ હોવાથી પોતાની પર્યાયમાં વિકારી ભાવોનો અજ્ઞાની જીવ કર્તા થાય છે.

પ્રશ્ન :—આત્મા વિભાવને ન કરે; પણ જીવ તો કરે ને?

ઉત્તર :—જીવ કહો કે આત્મા કહો—બન્ને એક જ છે. વેદાન્તવાળા કહે છે કે—આત્મા તો શુદ્ધ બ્રહ્મ છે, અને જીવ છે તે વિભાવ—સંસાર કરે છે; પરંતુ વસ્તુનું સ્વરૂપ તે પ્રમાણે નથી. આત્મા અને જીવ બંને એક જ ચીજ છે. આત્મા નામ જીવ સ્વયં સ્વભાવે જિનસ્વરૂપ જ છે.

ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન;
મતિ-મદિરાકે પાનસૌં, મતવાલા સમુઝૈ ન.

ભગવાન જિનેન્દ્રદેવે કહેલા જિનસ્વરૂપ આત્માને, પોતાની સ્વછંદ-મતિનો દારૂ જેણે પીધેલો છે એવો અજ્ઞાની પ્રાણી, સમજી શકશે નહિ. મારા જ્ઞાનાનંદમય સ્વભાવમાં વિભાવનો અભાવ છે; મારામાં જેનો અભાવ છે તેનો હું કર્તા નથી. રાગનો જે કર્તા થાય છે તેને જ્ઞાનમાત્ર આત્મા શી ચીજ છે તેનું જ્ઞાન થઈ શકતું નથી. હું જ્ઞાનસ્વરૂપી પ્રભુ પરમાં ને રાગમાં શું કરું? હું એક જ્ઞાતા છું અને જગત પર તરીકે મારું જ્ઞેય છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા સ્વજ્ઞેય છે અને રાગથી માંડીને બધુંય પરજ્ઞેય છે. તેનો હું

જ્ઞાતા છું. પરપદાર્થ પર તરીકે જ્ઞેય છે; તેઓ જ્ઞેય છે તેથી કાંઈ જ્ઞાનમાં આવી જતા નથી. વાત જરા આકરી છે ભાઈ!

માત્ર અનાદિની અજ્ઞાનજનિત માન્યતાના કારણે જડ પદાર્થ, શરીર અને વાણી વગેરેનો હું કર્તા છું, દુકાનના થડે બેસીને ધંધો વગેરે બધું કરું છું, પૈસા લેવા-દેવા, ગ્રાહકને બોલાવવા—એ બધી જડની ક્રિયા હું કરું છું—એવી ભ્રમણા અજ્ઞાનીને થઈ રહી છે.

પ્રશ્ન :—પણ એ બધું કરવું તો પડે ને?

ઉત્તર :—જડની ક્રિયા આત્મા કરી શકતો નથી, પણ 'કરી શકું છું' એમ ભ્રમથી માને છે. જડની ક્રિયા તો પરદ્રવ્યની પર્યાય છે. જડની પર્યાયરૂપે જડ પરિણમે, તેમાં તું શું કરી શકે? તું તારા ભાવ કરી શકે, પરદ્રવ્યની અવસ્થા કરવી તે આત્માની સત્તાની વાત નથી.

પ્રશ્ન :—અમારા વિના જડની ક્રિયા થઈ શકતી નથી.

ઉત્તર :—તમારા વિના એટલે કે તમારાથી અલગ પોતાની સત્તામાં રહીને જ જડ પોતાની ક્રિયા કરે છે. તમે બહુ તો રાગની ક્રિયા કરી શકો, પણ શરીર આદિ પરદ્રવ્યની ક્રિયા તમારાથી—આત્માથી થઈ શકતી નથી. અહા! વીતરાગ માર્ગ શી ચીજ છે! વીતરાગની વાણીમાં વીતરાગતા પ્રગટ કરવાનો ઉપદેશ આવે; રાગ કરો, રાગના કર્તા થાઓ—એ વાણી વીતરાગની નથી. સમ્યગ્દર્શન થતાં 'આ હું જ્ઞાતા છું' એવો અનુભવ થયો; પછી ચાહે તો આર્તધ્યાન થાય, રૌદ્રધ્યાન થાય, તેનો તે કર્તા થતો નથી, જાણવા–દેખવાવાળો રહે છે. કર્તૃનયથી, પોતે રાગરૂપે પરિણમે છે તેથી, કર્તા કહેવામાં આવે છે; પરંતુ રાગ કરવા લાયક છે–એવી બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી.

આત્મા સ્વપરપ્રકાશક છે. સ્વને ને પરને જેમ છે તેમ જાણવું તે તેનો સ્વભાવ છે. 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન ભેદ ભ્રમ ભારી.' સ્વપરને જાણવું આત્માનો સ્વભાવ છે, રજકણ કે રાગનું કરવું તેનો સ્વભાવ નથી. રોટલી ખાવામાં જે ચાવવાની ક્રિયા છે તે જડની છે, આત્માની નહિ. લોકો નથી કહેતા કે—ચાવી ચાવીને ખાવું, મોઢામાં દાંત છે, પેટમાં નહિ? ભાઈ! ચાવવાની ક્રિયા શું આત્મા કરે? આત્મા તો રોટલીને અડતોય નથી, તેનાથી તદ્દન ભિન્ન છે. તે તો રોટલી અને રાગનો કેવળ જાણનાર જ છે, કરનાર નહિ. અહીં તો કહે છે કે—રાગાદિ ભાવો મારું સ્વરૂપ છે, ખરેખર હું વિભાવનો કર્તા છું, અણુવ્રતના અને મહાવ્રતના વિકલ્પોનો હું કરનારો છું—એવી ભ્રમણા જીવને અનાદિ કાળની ઊંધી માન્યતાને લીધે થઈ રહી છે.

શ્રીમદ્ એક ઠેકાણે એવી મતલબનું લખે છે કે—ભગવાન સ્વભાવે તો પરિપૂર્ણ છે, પણ તેમાં અપલખણનો પણ પાર નથી. કોઈને એમ થાય કે ભગવાનમાં પણ અપલખણ? ભાઈ! સાંભળ તો ખરો. આ, ભગવાન આત્માની વાત છે. ભગવાન આત્મા સ્વભાવે તો પરિપૂર્ણ છે, પણ પર્યાયમાં 'રાગ ને પુણ્ય મારાં છે' એવી જે ઊંધી માન્યતા તે તેનું અપલખણ છે.

બધાય આત્મા જ્ઞાનલક્ષણલક્ષિત ભગવાન છે; તેને પર્યાયમાં જે રાગ થાય છે તેનાથી પોતાને પૃથક્ કરીને તે પોતાને જાણે છે. જાણવાની જે પર્યાય થઈ તે પોતાથી થઈ છે, નિમિત્તથી નહિ. આત્મામાં 'અકાર્યકારણત્વ' નામની એક શક્તિ અનાદિ-અનંત છે. તેને કારણે આત્મા કોઈનું કાર્ય પણ નથી અને કોઈનું કારણ પણ નથી. રાગથી જ્ઞાન થાય કે જ્ઞાનથી રાગ થાય—એવું વસ્તુસ્વરૂપમાં જ નથી. અહા! આ વાત કોઈ દી દરકાર કરીને સાંભળી નથી.

'યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય તો કર્તાપણું છૂટે છે.'

જ્ઞાયક આત્મવસ્તુ રાગથી ભિન્ન જ પડી છે—એમ જ્ઞાતાનું યથાર્થ ભાન થતાં જ્ઞાતાધારા અંદરમાં પ્રગટ થાય છે અને પરનું રાગનું કર્તાપણું છૂટે છે. આત્મા અને રાગની વચ્ચે પ્રજ્ઞાછીણી વડે જ્યારે ભેદ પાડ્યો ત્યારે સમ્યગ્દૃષ્ટિને એમ જાણવામાં આવ્યું કે રાગ અને હું ભિન્ન છીએ તો ભિન્ન પડ્યા; અને ભિન્ન પડતાં જ્ઞાતાધારા વડે કર્તાપણું છૂટી જાય છે.

સહજ ચિદાનંદ.

અહા! મારગ આખો જુદો છે. ભાઈ! જન્મમરણ રહિત થવાની અને સમ્યગ્દર્શન પામવાની રીત કોઈ અલૌકિક છે! યથાર્થ જ્ઞાતૃધારા પ્રગટ થાય તો કર્તાપણું છૂટે છે. ભાઈ! મારી ઋદ્ધિમાં જ્ઞાન, આનંદ ને શાન્તિ ભરપૂર ભરી છે, તે મારી સંપદા ને લક્ષ્મી છે–એમ રાગથી ભિન્ન થઈ જ્યારે નિજ જ્ઞાનાનંદમય અતીન્દ્રિય સંપદાનું ભાન થયું ત્યારથી યથાર્થ જ્ઞાતૃધારા શરૂ થઈ, યથાર્થ જ્ઞાતૃધારા પ્રગટ થતાં આત્મામાં પરનું ને રાગનું કર્તાપણું છૂટી ગયું; કેવળ જ્ઞાતાપણું રહ્યું.

❀

## વચનામૃત—૧૯૯

**જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ.**

અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર.

અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને? અટકવાના તો અનેક અનેક પ્રકાર; સફળ થવાનો એક જ પ્રકાર—ચૈતન્યદરબારમાં જવું તે. પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.

દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે, 'આ રાગની મંદતા, આ અઠ્યાવીસ મૂળગુણ,—બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ,' ઈત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે; પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી? આ અંતરમાં શાન્તિ કેમ દેખાતી નથી? પાપભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે. સાચા આત્માર્થીને અને સમ્યગ્દૃષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.

ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં, (દૃષ્ટિ-અપેક્ષાએ) બધું કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં-પાંદડાં જરૂર સુકાઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડ્યું નથી; એણે કાંઈ કર્યું જ નથી. 'સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગી મુનિએ ઘણું કરી લીધું'—એમ બાહ્યદૃષ્ટિ લોકોને ભલે લાગે; પણ એમ નથી. પરિષહ સહન કરે પણ અંદરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે, તેણે કાંઈ કર્યું જ નથી. ૧૯૯.

'જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ.'

જીવને અટકવાના, રોકાવાના ઘણા પ્રકાર છે. પરનાં કામ કરું, પરવસ્તુ મારી ચીજ

છે, પરથી અને રાગથી મને લાભ થાય છે—એવા જે ભાવો છે તે મિથ્યાત્વમાં અટકવાના પ્રકારો છે. સ્થૂલ અને સૂક્ષ્મપણે મિથ્યાત્વના અનંત પ્રકારો છે. શ્રી સમયસારના બંધ–અધિકારમાં કહ્યું છે કે 'પરને મારી-જિવાડી શકું છું', 'સુખી-દુઃખી કરી શકું છું', 'બંધ-મોક્ષ કરાવી શકું છું' એવી જે માન્યતા છે તે મિથ્યાત્વના અસંખ્ય પ્રકારોમાંનો એક પ્રકાર છે.

લક્ષ્મી મળવી તે પુણ્યનું ફળ છે, તેમાં આત્માને શું? પૈસાની સમૃદ્ધિથી પોતાને મોટો માનનાર ભિખારી છે, રાંકો છે. એક વાર એક રાજા વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા ત્યારે કહ્યું હતું : રાજન્! ઝાઝું માગે તે મોટો માગણ, થોડું માગે તે નાનો માગણ. વેપારી લાખની તૃષ્ણા કરે તે નાનો માગણ અને રાજા કરોડો ને અબજોની તૃષ્ણા કરે માટે તે મોટો માગણ; સરવાળે બધા માગણ, ભિખારી ને રાંકા જ છે. પોતાની ચૈતન્યલક્ષ્મીની જેને ખબર નથી અને જડની લક્ષ્મીની—પૈસા દો, આબરૂ દો, બાયડી દો એમ—ભીખ માગે છે તેને શાસ્ત્રમાં 'वराकाः' કહ્યા છે. ભાઈ! આ બહારની લક્ષ્મી તો ધૂળ છે, અંદર ભગવાન આત્મામાં જ્ઞાનાનંદમય ચૈતન્યલક્ષ્મી પડી છે તેની તને કિંમત નથી. તારી ચૈતન્યમય સંપદાની શી વાત! અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત-આનંદ, અનંતવીર્ય—એવી અનંત અનંત ગુણલક્ષ્મી તારા ચૈતન્યખજાનામાં ભરી પડી છે. ભગવાન જ્ઞાયક આત્મા છે તો શરીરપ્રમાણ આટલા ક્ષેત્રમાં, પણ તેના ગુણોની સંખ્યામાં એટલી અનંતતા છે કે અનંતનો અનંત વડે અનંત અનંત વાર ગુણાકાર કરો તોપણ કદી તે ગુણોની અનંતતાને પહોંચાતું નથી. અહા પ્રભુ! આત્મા શી ચીજ છે! આત્મામાં જ્ઞાન આનંદ આદિની અનંતી અનંતી લક્ષ્મી પડી છે તેની તને ખબર નથી. તે જ અહીં કહે છે.

જીવને પોતામાં આવવાનો માર્ગ એક જ છે, અટકવાના રસ્તા અનેક છે. કોઈ પ્રકારના રાગનો કર્તા થઈ રાજી થાય, કોઈ પ્રકારના પુણ્યનો કર્તા થઈ રાજી થાય, લોકોને ઠીક પડે એવી વાણીની ક્રિયાનો કર્તા થઈ તેનાથી રાજી થાય—એ બધુંય કર્તૃત્વ મિથ્યાત્વભાવ છે, એ બધા ભાવો જીવને અટકવાનાં સ્થાન છે. દ્રવ્યસ્વભાવ તો બધાય જીવોમાં ભરપૂર ભર્યો પડ્યો છે, પણ પર્યાયમાં ભૂલ છે. પહેલાં કહ્યું હતું ને! કે-દ્રવ્યસ્વભાવ કાંઈ સ્વયં ઊછળીને વિભાવમાં આવતો નથી. અહા ! આ તો ધર્મકથા છે. જેનાથી વીતરાગતા ઉત્પન્ન થાય તે ધર્મકથા છે; જેનાથી રાગ ઉત્પન્ન થાય, જે રાગથી લાભ બતાવે તે ધર્મકથા નથી, તે તો પાપકથા, વિકથા છે, જીવને અટકવાનાં સ્થાન છે.

તારી ચીજ અનંત અનંત શક્તિઓનો ભંડાર છે તેનો તને મહિમા અને કિંમત નથી, અને તારી ચીજમાં જે નથી તેની તને કિંમત ને મહિમા છે; એ તારી ભ્રમણા છે. દ્રવ્યલિંગી સાધુ થયા તોપણ શું? તેને પણ શુભ રાગ વગેરે બહારમાં કિંમત લાગી. જીવ

અનેક પ્રકારે સૂક્ષ્મપણે બાહ્ય ભાવોમાં અટકી જાય છે, શુભ રાગની મીઠાશમાં રોકાઈ જાય છે; પરંતુ પોતે અંદર અનંત અનંત ગુણોનો નાથ ભગવાન પડ્યો છે તેના પ્રત્યે નજર કરતો નથી, પ્રેમ કરતો નથી.

પ્રશ્ન :—અંદર આત્મામાં નજર કરવાથી કેટલા સમયમાં મિથ્યાત્વ ટળી જાય?

ઉત્તર :—'रभसा' તત્ક્ષણ, એક સમયમાં મિથ્યાત્વ દૂર થઈ જાય છે. જ્યાં દૃષ્ટિ અન્તર્મુખ થઈ, જ્ઞાને દ્રવ્યસ્વભાવનો આશ્રય કર્યો, ત્યાં તરત જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થઈ જાય છે. ભૂલ એક સમયની પર્યાયમાં છે તો ભૂલ ભાંગીને ભગવાન પણ એક સમયમાં થઈ જાય છે. જ્ઞાતાસ્વભાવ જ્ઞાતાના અભ્યાસથી જ્ઞાતા થઈ જાય છે; પણ દયા, દાન, વ્રત, નિયમ, પૂજા, ભક્તિ વગેરે વ્યવહાર ક્રિયા કરી માટે જ્ઞાતાપણાનું ભાન થઈ જશે એમ નથી. અહા! આવી વસ્તુ છે. દુનિયાને કઠણ પડે તેથી વિરોધ કરે. તેની દૃષ્ટિમાં ન બેસે એટલે વિરોધ કરે.

પરમાણુની સત્તા એક-પ્રદેશપ્રમાણ, આત્માનો સત્તાગુણ અસંખ્ય-પ્રદેશ-પ્રમાણ અને આકાશની સત્તા અનંત-પ્રદેશ-પ્રમાણ—સર્વવ્યાપી, છતાં બધામાં સત્તાગુણની શક્તિ સમાન છે. શું છે આ? વસ્તુમાં ક્ષેત્રની મહત્તા નથી પણ શક્તિની ગહનતાની મહત્તા છે. આવી વાત છે ભાઈ! પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે તેને રાગથી ભિન્ન પાડીને, તે બંને વચ્ચે સાંધ છે ત્યાં પ્રજ્ઞાછીણી મારીને તેને રાગથી જુદો-છૂટો પાડી દે.

જીવને સાધનાના માર્ગે જતાં અટકી પડવાના ઘણા પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને ઉપયોગને ચૈતન્યદરબારમાં જ લગાવી દે. બહારના સંયોગો, નિમિત્તો, રાગ, વિશેષ ને ભેદ—બધેથી વિમુખ થઈને રુચિને અભેદ જ્ઞાયક સ્વભાવસન્મુખ કરી દે. પરથી ને વિભાવથી મુખ બદલાવી દે, પલટાવી દે. આ વાત ઝીણી લાગે એટલે કહે : એકલા નિશ્ચયની વાત કરે છે, વ્યવહારથી લાભ થાય એવી વાત કાંઈ કરતા નથી. બાપુ! વ્યવહાર તો પરાશ્રિત ભાવ છે, રાગ છે. રાગને સીમા છે, હદ છે. અંદર અવિકૃત ધ્રુવ સ્વભાવને હદ નથી; તે અપરિમિત છે. પરિમિત ચીજ છૂટી જાય છે, અપરિમિત સ્વભાવ કદી છૂટતો નથી. અજ્ઞાની માને ભલે, પણ વસ્તુસ્વભાવ અંદરથી કદી છૂટી શકે નહિ, તેનો અભાવ થઈ શકે નહિ. અહા! વસ્તુસ્થિતિ જ એવી છે. ભગવાન કહે છે માટે વસ્તુ એવી છે એમ નથી, પણ વસ્તુ જેવી છે તેવી ભગવાને જાણી છે અને કહી છે.

ભગવાનનું જ્ઞાન અનંતને અનંતપણે જાણી લે છે. અનંતને જાણી લીધું માટે અનંતનો અંત આવી ગયો—એમ નથી. અરેરે! પરમ સત્ય સાંભળવાય ન મળ્યું હોય તે વિચારે ક્યાંથી? ક્યાં જાય ને કોને કહે? તે જ અહીં કહે છે : ઉપયોગને

ચૈતન્યદરબારમાં જ લગાવી દે, ભગવાન જ્ઞાયક આત્માની તને અવશ્ય પ્રાપ્તિ થશે જ. અહા! પ્રભુની પ્રભુતા! અંદર પ્રભુની પ્રભુતા રુચે તો તે ગુપ્ત રહી શકે નહિ, પ્રસિદ્ધિમાં—અનુભવમાં આવી જ જાય, અંદર પ્રભુતા બેસે અને પર્યાયમાં પ્રભુતા ન પ્રગટે તે કદી બને જ નહિ.

**‘અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર.’**

અનંત જીવોએ ભૂતકાળમાં અનંત–આનંદનિધાન ચૈતન્યદરબારમાં ઘૂસી જવાનો પુરુષાર્થ કર્યો છે. પુરુષાર્થ કરવામાં તું એકલો જ નથી. વર્તમાનમાં પણ અસંખ્ય સાધક જીવો તે પુરુષાર્થ કરી રહ્યા છે. અનંત જીવો પુરુષાર્થ દ્વારા રાગની જેલમાંથી નીકળીને મુક્તિપદ પામ્યા છે; માટે તું પણ રાગથી મુક્ત થવા અંદરમાં જ્ઞાયકને સાધવાનો પુરુષાર્થ કર. અનંત જીવોએ જે રીતે પુરુષાર્થ કર્યો છે તે પ્રમાણે તું પણ કર.

સહજ ચિદાનંદ.

બેનશ્રીને દીકરી કહું, બેન કહું, ધર્મ માતા કહું કે સાધર્મી કહું, જે કંઈ કહું—બધું છે.
—*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન-૭૭

તા. ૨૭-૮-૭૮

## વચનામૃત—૧૯૯

૧૯૯મો બોલ ચાલે છે; બીજો પૅરો છે.

'અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને?'

અનાદિ કાળથી આ આત્મા પરમાં તેમ જ રાગાદિ ભાવોમાં ક્યાંક ને ક્યાંક અટકતો જ આવ્યો છે. ક્યાંક ને ક્યાંક એટલે રાગ અને વ્યવહારના પ્રેમમાં. પૈસા, સ્ત્રી અને શરીર—એ પરચીજ તો દૂર રહી ગઈ, પણ તેના પ્રેમમાં, આગળ જતાં શુભ રાગના—દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ વગેરે શુભ ભાવના—પ્રેમમાં, એથી આગળ જતાં સૂક્ષ્મ શુભ રાગના પ્રેમમાં—એમ અટકવાના રસ્તા અનેક પ્રકારના છે.

'અટકવાના તો અનેક અનેક પ્રકાર, સફળ થવાનો એક જ પ્રકાર—ચૈતન્યદરબારમાં જવું તે.'

અહા! અહીંયા તો આ એક જ વાત છે કે પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યદરબારમાં જવું તે જ એકમાત્ર સફળ થવાનો ઉપાય છે; બાકી બધા અટકવાના રસ્તા છે. ભગવાન જ્ઞાયક બાદશાહ છે અને જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંત ગુણો તેની પ્રજા છે. આનંદધામ ચૈતન્યપ્રભુ એટલે અનંત ગુણોનો દરબાર આત્મા જે પોતાનો સ્વદેશ છે, તેમાં પ્રવેશ કરવો તે એક જ સંસારનાં બંધનથી છૂટવાનો અને મોક્ષની પ્રાપ્તિનો રસ્તો છે. છ ઢાળામાં કહ્યું છે :

'લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ;
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.'

લાખ શું? કરોડ વાતનો સાર એ છે કે નિજ જ્ઞાયક ભગવાનનો આશ્રય તે એક જ કલ્યાણનો ઉપાય છે; માટે જગતમાં રખડવાના બધા પ્રકારોને છોડી આનંદનિધાન એવા

નિજ જ્ઞાયકપ્રભુની શ્રદ્ધા, જ્ઞાન ને ધ્યાન કરો, તેનો જ અનુભવ કરો, સુખધામ એવા ચૈતન્યદરબારમાં પ્રવેશ કરો.

**'પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.'**

કોઈ લક્ષ્મીના પ્રેમમાં, કોઈ કીર્તિના પ્રેમમાં, કોઈ સ્ત્રીના પ્રેમમાં, કોઈ શરીરના પ્રેમમાં, કોઈ 'કર્મના કારણે મને વિકાર થાય છે' એમ માનીને કર્મના પ્રેમમાં, કોઈ શુભાશુભ રાગના પ્રેમમાં, કોઈ વ્યવહારના પ્રેમમાં અને કોઈ ગુણ-ગુણીના જે ભેદવિકલ્પ ઊઠે છે તેના પ્રેમમાં—એમ જીવ અનેક પ્રકારે અટકે છે. અટકવાના અનેક પ્રકાર છે, છૂટવાનો રસ્તો એક જ છે—અંદર ચૈતન્યપ્રભુના દરબારમાં જવું—જ્ઞાયકરાજાના શરણે જવું—તે. અંતરમાં સુખનિધાન જ્ઞાયકરાજા બિરાજે છે તેના ભાન વિના જીવ બીજે જ્યાં ત્યાં અટકી જાય છે. પોતે ક્યાં અટકે છે તેનો અંદર ઊંડો ઊતરીને ખ્યાલ કરે તો બરાબર જાણી શકે છે અને તે અટકાવથી મુક્ત થઈ પોતાના જ્ઞાયકપ્રભુને પ્રાપ્ત કરી શકે છે.

હવે દૃષ્ટાંત આપે છે—

**"દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે, 'આ રાગની મંદતા, આ અઠ્યાવીસ મૂળગુણ,—બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ', ઈત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે;"**

'મેં ઘણા શુભ ભાવ કર્યા—સ્ત્રી છોડી, કુટુંબ છોડ્યું, દુકાન છોડી, ધંધો છોડ્યો' એમ દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ શુભ રાગની મીઠાશમાં રોકાઈ જાય છે. રાગની મંદતાના પ્રેમમાં ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે. અહા! તે રાગની મંદતા કેવી?—કે ચામડી ઉતારીને કોઈ ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે—એવો શુભભાવ કર્યો; ત્યાં, 'મેં ઘણું કર્યું' એમ સંતોષાઈને રોકાઈ ગયો. અહા! શાસ્ત્રનું જ્ઞાન ઘણું કર્યું, વ્યાખ્યાન વાંચવાની કળા આવડી, પણ નિજ જ્ઞાયકતત્ત્વના ભાન વિના, તેમાં જ અટકી ગયો. શ્રીમદે કહ્યું છે :

સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે?

એક સમયની પર્યાય પાછળ (એટલે કે સાથે જ) આખો ભગવાન આત્મા બિરાજમાન છે. તેના ભાન વિના જીવ અનાદિ કાળથી ભવાટવીમાં રખડે છે. નરક-

નિગોદના અનંત ભવ કર્યા. અનંત કાળે મનુષ્યનો ભવ મળે તોપણ મનુષ્યના અનંત ભવ કર્યા. તેનાથી અસંખ્યાત ગુણા અનંતા નરકના ભવ કર્યા. તેનાથી અસંખ્યાત ગુણા અનંતા દેવના ભવ કર્યા. સ્વર્ગમાં ઘણી વાર ગયો. શી રીતે? શુભ ભાવ કરીને. શુભ ભાવની મીઠાશને કારણે ત્યાં અટક્યો, આત્માના ભાન વિના ક્યાંક ને ક્યાંક અટકી પડ્યો. ૨૮ મૂળગુણ આદિ શુભ ભાવની મીઠાશમાં ફસાઈ ગયો તે પરિભ્રમણનું કારણ છે.

મંદકષાયમાં મોક્ષમાર્ગ માનીને જીવ તેમાં સંતોષાઈ જાય છે, પરંતુ હું જ્ઞાયકતત્ત્વ તો વિકલ્પની ક્રિયાથી ભિન્ન પૂર્ણાનંદનો નાથ છું—એવું ભાન કરતો નથી. સચ્ચિદાનંદપ્રભુ રાગથી ભિન્ન છે. જેમ દૂધ અને પાણી ભિન્ન છે તેમ ભગવાન આત્માથી રાગ તદ્દન ભિન્ન છે. રાગથી ભિન્ન એવા ભગવાન જ્ઞાયક આત્મા તરફ લક્ષ, રુચિનું વલણ, કદી કર્યું નથી; બાકી તો શાસ્ત્રનું જાણપણું તથા ૨૮ મૂળગુણના પાલનની ક્રિયા પણ અનંત વાર કરી અને તેમાં સંતોષ માની અટકી ગયો.

'પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી? આ અંતરમાં શાન્તિ કેમ દેખાતી નથી?'

રાગથી ભિન્ન નિજ જ્ઞાયક પ્રભુનો અનુભવ પ્રગટ્યો નથી તેથી અંતરમાં મહાવ્રત આદિના વિકલ્પો સાથે એકત્વબુદ્ધિ તો પડી જ છે, તેને કેમ જોતો નથી? રાગની મંદતા જોઈને 'મેં ઘણો ત્યાગ કર્યો,' કુટુંબ-કબીલાં, ધંધાપાણીનો પણ ત્યાગ કર્યો, પણ ભાઈ! તેથી તેં શું કર્યું? પ્રભુ! તેં કાંઈ કર્યું નથી. પરવસ્તુ મેં છોડી—એમ શુભ રાગ સાથે એકતાબુદ્ધિ તે મહામિથ્યાત્વ છે તેને કાં જોતો નથી? અને આ અંદરમાં શાન્તિ કેમ દેખાતી નથી?

શું કહે છે? ૨૮ મૂળગુણનું પાલન કરે છે, કષાય મંદ થયો છે; પણ શાન્તિનો અનુભવ કેમ થતો નથી?—અરેરે! આવો વિચાર પણ કદી કર્યો નથી. શાન્ત અકષાયસ્વભાવી ભગવાન આત્માની પર્યાયમાં અકષાય શાન્તિનો અનુભવ આવવો જોઈએ તે અતીન્દ્રિય આનંદમય શાંતિ તો જોવામાં આવતી નથી, અને કષાયની મંદતામાં દ્રવ્યલિંગી મુનિપણે ભવ પૂરો થઈ ગયો, ભવપરિભ્રમણ તો એમ ને એમ રહી ગયું. સમજાય છે કાંઈ?

બે વાત કહી : (૧) રાગ સાથેની એકતાબુદ્ધિનો ખ્યાલ આવતો નથી; (૨) અંદરમાં શાન્તિ દેખાતી નથી. શાન્તસ્વરૂપ ભગવાન આત્માની વ્યક્ત પર્યાયમાં શાન્તિનો અનુભવ થવો જોઈએ તે તો થયો નહિ. શા કારણે? રાગની મીઠાશમાં અટકી જવાના કારણે. અનાદિ કાળથી જે કરવાનું હતું—રુચિને અંદર જ્ઞાયકસ્વભાવમાં જોડી

દેવાનું કાર્ય—તે કર્યું નહિ અને જે નહોતું કરવાનું—રાગ સાથેની એકતાબુદ્ધિ—તે કર્યું. વ્રતાદિના શુભ રાગમાં મોક્ષમાર્ગ માની અટકી જાય છે, પણ ત્યાં અંદરમાં વિકલ્પ સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી? અને જો મોક્ષમાર્ગ થયો છે તો અંતરમાં શાન્તિ કેમ દેખાતી નથી?

''પાપભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે.''

અશુભ ભાવોનો ત્યાગ કર્યો, હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ ને પરિગ્રહના ભાવ ન કર્યા તેમાં 'મેં ઘણું કરી લીધું' એમ માની બેઠો. 'મેં સર્વસ્વ કરી લીધું' એમ માનીને અજ્ઞાની દ્રવ્યલિંગી સાધુ સંતુષ્ટ થઈ ગયો.

''સાચા આત્માર્થીને અને સમ્યગ્દૃષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.''

'કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ.' કેવળ આત્મહિત જ જેનું પ્રયોજન છે એવા આત્માર્થીને અને અંદર શુદ્ધ ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિને 'હજુ તો ચારિત્ર, શુકલધ્યાન, કેવળજ્ઞાન વગેરે ઘણું બાકી છે' એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અતૂટપણે રહી શકે.

'હું કેવળજ્ઞાન અને પૂર્ણાનંદનો પિંડ છું, પરિપૂર્ણ શુદ્ધ તત્ત્વ છું'—એમ જેને અંતરમાં દૃષ્ટિ, પ્રતીતિ ને અનુભૂતિ થઈ, વેદનમાં અતીન્દ્રિય આનંદનો અંશ આવ્યો છે, અકષાય શાન્તિનો અંશ વેદનમાં આવ્યો છે એવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને (તથા સાચા આત્માર્થીને) તો એમ લાગે છે કે 'અરેરે! મારે તો હજુ ઘણું કરવાનું બાકી છે.' અહા! દ્રવ્યલિંગી અજ્ઞાની સાધુ એમ માને છે કે 'મેં ઘણું કરી લીધું', ત્યારે સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે 'મારે હજુ ઘણું બાકી છે'.

શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષાની ૩૧૩ મી ગાથામાં કહ્યું છે :

जो ण कुव्वदि गव्वं पुत्तकलत्ताइसव्वअत्थेसु ।
उवसमभावे भावदि अप्पाणं मुणदि तिणमेत्तं ।।

સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધાત્માનો અનુભવ થયો છે, અંદર આનંદનો અંશે સ્વાદ આવ્યો છે, તે અંતરમાં એમ માને છે કે—હું તો પામર છું, તરણાને તોલે છું; અહા! ક્યાં યથાખ્યાત ચારિત્ર? ક્યાં કેવળજ્ઞાન? દ્રવ્ય અપેક્ષાએ હું પૂર્ણાનંદ પ્રભુ છું પણ

પર્યાયમાં હજુ પામર છું, મારે તો હજુ સાધના ઘણી બાકી છે—સ્વરૂપમાં રમણતા વધારીને ચારિત્ર કરવાનું, ઉગ્ર એકાગ્રતા કરીને શુકલધ્યાન કરવાનું, તેમાં ઉગ્રતા લાવીને કેવળજ્ઞાન કરવાનું વગેરે ઘણું બાકી છે.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિ તો કૃતકૃત્ય થઈ ગયો છે ને?

ઉત્તર :—દૃષ્ટિની અપેક્ષાએ કૃતકૃત્ય થયો છે; પરંતુ સ્થિરતા-અપેક્ષાએ હજુ ઘણું બાકી છે, પર્યાયમાં હજુ પૂર્ણ કૃતકૃત્ય થયો નથી. અંદર તેને નિરંતર ઝંખના રહે છે કે હજી મારે અંતરમાં સ્વરૂપ-રમણતા કરવાની ઘણી બાકી છે. મિથ્યાદષ્ટિ ૨૮ મૂળગુણ પાળીને 'ઘણું કર્યું' એમ માની લે છે, જ્યારે સમ્યગ્દષ્ટિને અંદર આત્માનો અનુભવ થયો છે, તેણે ભવનો અંત—સંસાર પરિમિત—કરી લીધો છે, તોપણ 'મારે કરવાનું ઘણું બાકી છે' એમ પોતાને તરણાતુલ્ય લઘુ માને છે. અહા! જ્ઞાની ને અજ્ઞાનીમાં ઘણો ફેર છે.

પ્રશ્ન :—'મને મોક્ષની પણ ઇચ્છા નથી' એમ સમ્યગ્દષ્ટિ કહે છે ને?

ઉત્તર :—હા. 'મારે મોક્ષ પણ જોઈતો નથી' એમ સમ્યગ્દષ્ટિ કહે છે. શ્રીમદ્ પણ 'અપૂર્વ અવસર'માં કહે છે : 'ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.' જ્ઞાનીને દૃષ્ટિનું જોર ત્રિકાળી મુક્તસ્વભાવ પર સદાય વર્તતું હોવાથી, 'ભવનો નાશ કરું કે મોક્ષને લાવું' એવી ઇચ્છા હોતી નથી, આમ દૃષ્ટિ-અપેક્ષાએ તે પોતાને મુક્તસ્વરૂપ જ અનુભવે છે; છતાં પણ પર્યાય-અપેક્ષાએ તેને 'હું ક્યારે પરમાનંદમય પૂર્ણ દશાને પામું' એવી ભાવના રહ્યા કરે છે.

પ્રશ્ન :—ઇચ્છા અને ભાવના વચ્ચે શું અંતર છે?

ઉત્તર :—ઇચ્છા વિકલ્પ છે, રાગ છે, અને ભાવના અંદરમાં એકાગ્રતા છે. શ્રીમદ્ ભાવના ભાવે છે :—

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?....અપૂર્વ૦

અહા! જ્ઞાની ભાવના ભાવે છે કે વીતરાગના પંથમાં—સંયમના માર્ગમાં—અમે ક્યારે વિચરશું? પૂર્ણાનંદના પંથમાં અમે ક્યારે વિશેષ રમણતાએ રમશું? એવો અપૂર્વ અવસર અમને ક્યારે આવશે?

વીતરાગ નિર્ગ્રંથ માર્ગમાં વસ્ત્ર સહિત મુનિપણું કહ્યું નથી. અરે! નગ્ન થઈ જાય

પણ ૨૮ મૂળગુણ ચોખ્ખા ન પાળે તો તેને પણ મુનિપણું કહ્યું નથી. દ્રવ્યલિંગી નગ્નમુનિ, અંદર આત્મજ્ઞાન—સ્વાનુભૂતિ—ન હોય છતાં, ૨૮ મૂળગુણ ચોખ્ખા પાળે, પ્રાણ જાય છતાં મુનિને માટે બનાવેલાં આહાર-પાણી લે નહિ. સં. ૧૯૭૦માં (૬૫ વર્ષ પહેલાં) મેં સંપ્રદાયના ગુરુને પૂછ્યું હતું : મહારાજ! સાધુ માટે બનાવેલું મકાન સાધુ વાપરે કે નહિ? જો વાપરે તો મન, વચન, કાયાથી કરવું, કરાવવું, અનુમોદવું—એ નવ કોટિમાંથી કઈ કોટિ તૂટે? અનુમોદન કોટિ તૂટે છે.

પ્રશ્ન :—આપને ૬૫ વર્ષ પહેલાંની વાત યાદ છે?

ઉત્તર :—એ તો શું? ૮૭ વર્ષ પહેલાંની વાત યાદ આવે છે. તે વખતે બે વર્ષની ઉંમર હતી, મોટા ભાઈનાં લગ્ન હતાં, ઘરની મેડી પર મારી બહેન મને લઈને બેઠી હતી.—એટલું અંદર યાદ આવ્યું હતું. બેનને (બહેનશ્રી ચંપાબેનને) તો વિશેષ સ્મરણ આવ્યું છે, પૂર્વભવોની ઘણી વાત સ્પષ્ટ યાદ આવી છે.

અહીં એ વાત ચાલે છે કે—અજ્ઞાની મહાવ્રત આદિ પાળીને 'મેં સર્વસ્વ કરી લીધું' એમ માને છે, અને જ્ઞાની, આત્માનું ભાન થયું છે, સ્વરૂપના આનંદનો સ્વાદ આવ્યો છે, છતાં પણ, 'મારે હજી સ્વરૂપસ્થિરતા કરવાની ઘણી બાકી છે' એમ માને છે .

પ્રશ્ન :—'ઘણું બાકી છે' એમ માનતાં આકુળતા ન થાય?

ઉત્તર :—નહિ, નહિ. તેમાં આકુળતા નથી, ભાવના છે. જ્ઞાનીને નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવાની ભાવના આવે છે.

શ્રીમદ્રાજચંદ્રજીએ 'સ્વાત્મદશાપ્રકાશ' માં કહ્યું છે કે—

'અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશુ સ્વરૂપ સ્વદેશ રે.'

શ્રીમદ્ ને ઝવેરાતનો વેપાર હતો, પણ અંદરમાં દૃષ્ટિ રાગથી ભિન્ન થઈ ગઈ હતી. તેમણે કહ્યું છે કે—મારી પર્યાયમાં હજુ રાગનો ભાગ છે, અંદર આનંદના વેદન સાથે તેનું વેદન પણ વર્તે છે; અને તેથી એકાદ ભવ પણ કરવો પડશે; પણ તે રાગનો નાશ કરીને, પૂર્ણાનંદસ્વરૂપ જે અમારો સ્વદેશ—પૂર્ણ પરમાનંદસ્વરૂપ મોક્ષદશા—ત્યાં અમે પહોંચી જશું. સમ્યગ્દૃષ્ટિ સાધક જીવ આવી ભાવના ભાવે છે.

સમ્યગ્દર્શન થયું માટે સાધના પૂરી થઈ ગઈ—એમ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સમગ્રતા થતાં મોક્ષમાર્ગ પૂરો થાય છે, સમ્યગ્દર્શન થયું માટે મોક્ષમાર્ગ પૂરો થઈ

ગયો—એમ નથી. પૂર્ણતાની ભાવના કરવાવાળો સમ્યગ્દૃષ્ટિ 'મારે હજી સ્વરૂપસ્થિરતા કરવાની ઘણી બાકી છે' એમ માને છે, અને અજ્ઞાની હજારો રાણી છોડી, મહાવ્રત પાળ્યાં એમાં સંતોષાઈ જાય છે, પણ તે તો રાગની મંદતા છે, તે કાંઈ આત્માની ચીજ નથી. ધર્મ નથી. જ્ઞાયક બ્રહ્મચર્યમાં ચરવું તે બ્રહ્મચર્ય છે, તે તો અંદરથી પ્રગટ કર્યું નહિ, અને શરીરથી બ્રહ્મચર્ય પાળે તો તેને આત્માનો કાંઈ લાભ થતો નથી.

'ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં, (દૃષ્ટિ-અપેક્ષાએ) બધું કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં-પાંદડાં જરૂર સુકાઈ જશે.'

ઘરસંસારમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીએ રાગથી ભિન્ન એવા અતીન્દ્રિય આનંદના નાથનો—નિજ જ્ઞાયક પરમાત્માનો—અનુભવ કરી લીધો છે એટલે કે મૂળ પકડી લીધું છે. દૃષ્ટિમાં ત્રિકાળી આખા જ્ઞાયક પરમાત્માનો આશ્રય લીધો હોવાથી, દૃષ્ટિઅપેક્ષાએ તેણે બધું કરી લીધું, હવે જે અસ્થિરતારૂપ વિભાવ છે તે, મૂળ પકડ્યું છે તેથી, જરૂર ટળી જશે. બીજ ઊગી છે તો ૧૩ દિવસે પૂનમ અવશ્ય થશે જ. મૂળ કાપી નાખતાં જેમ આમલીનાં લાખો પાંદડાં સુકાઈને ખલાસ થઈ જાય છે, તેમ સમ્યગ્દર્શનરૂપી કુહાડા વડે મિથ્યાત્વરૂપી મૂળનો છેદ કરવાથી અસ્થિરતારૂપી ડાળાંપાંદડાં અલ્પ કાળમાં જરૂર સુકાઈ જશે. પોતાની કમજોરીથી અસ્થિરતાનો દોષ રહ્યો છે, ચારિત્રમોહનીય કર્મના કારણે નહિ. સમ્યગ્દર્શન—આત્માનુભૂતિ—વડે સંસારવૃક્ષના મિથ્યાત્વરૂપી મૂળનો નાશ કર્યો હોવાથી, અસ્થિરતારૂપી ચારિત્રનો દોષ અલ્પ કાળમાં—એક બે ભવમાં—ટળીને પૂર્ણ કેવળજ્ઞાનદશા પ્રગટ થશે.

'દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડ્યું નથી; એણે કાંઈ કર્યું જ નથી.'

મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિએ પંચ મહાવ્રત પાળ્યાં, ઘોર પરિષહ સહન કર્યા, પણ પોતાના મૂળ જ્ઞાયક સ્વભાવને પકડ્યો નહિ, રાગને જ પકડ્યો, તેથી તેણે આત્મહિત કાંઈ કર્યું જ નથી. શ્રી રત્નકરંડ-શ્રાવકાચારમાં આવા દ્રવ્યલિંગી સાધુ કરતાં ઘરસંસારી સમ્યગ્દૃષ્ટિને ઉત્તમ કહ્યો છે :

गृहस्थो मोक्षमार्गस्थो निर्मोहो नैव मोहवान् ।
अनगारो गृही श्रेयान् निर्मोहो मोहिनो मुनेः ॥३३॥

મિથ્યાદર્શન રહિત ગૃહસ્થ મોક્ષમાર્ગી છે; પણ મિથ્યાદર્શન સહિત દ્રવ્યલિંગી મુનિ મોક્ષમાર્ગી નથી, સંસારમાર્ગી છે. મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિ કરતાં નિર્મોહી (સમ્યગ્દૃષ્ટિ) ગૃહસ્થ શ્રેષ્ઠ છે. શ્રી પ્રવચનસારમાં, જે સાધુએ અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ

મોક્ષમાર્ગ પ્રગટ કર્યો છે તેને 'મોક્ષતત્ત્વ' અને રાગના કણને પણ પોતાનો માનનાર દ્રવ્યલિંગી સાધુ 'સંસારતત્ત્વ' કહ્યું છે. અંદર ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે જેને મોક્ષમાર્ગ થયો તેને 'મોક્ષતત્ત્વ' કહી દીધું; અને જેણે બહારથી નગ્નપણું લઈ લીધું, મહાવ્રત પાળ્યાં પણ અંદરમાં શુભ રાગની મીઠાશ રહી ગઈ, તેને 'સંસારતત્ત્વ' કહ્યું છે, કેમ કે તેણે મૂળ જ—જ્ઞાયકદ્રવ્ય જ—પકડ્યું નથી; બહારનાં આચરણ પાળ્યાં પણ એણે ખરેખર આત્માનું હિત જરાય કર્યું નથી.

"'સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગી મુનિએ ઘણું કરી લીધું'—એમ બાહ્યદૃષ્ટિ લોકોને ભલે લાગે; પણ એમ નથી."

બાહ્યદૃષ્ટિવાળા લોકોને ભલે એમ લાગે કે—સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને હજુ ઘણું કરવાનું બાકી છે અને દ્રવ્યલિંગી સાધુ શરીરથી જાવજીવ બ્રહ્મચર્ય પાળે, હજારો રાણીનો ત્યાગ કરે, તેથી તેણે ઘણું કરી લીધું; પણ એમ નથી.

'પરિષહ સહન કરે પણ અંદરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે, તેણે કાંઈ કર્યું જ નથી.'

દ્રવ્યલિંગી મુનિને રાગની મંદતા છે, પણ તેનું કર્તાપણું અંદરથી છૂટ્યું નથી. રાગનો અંશ ભલે મંદ હોય પણ તેની સાથે એકતાબુદ્ધિ હોવાથી આકુળતાનું વેદન રહ્યા કરે છે, આનંદનું અંશે પણ વેદન પ્રગટ્યું નથી.

ભરત ચક્રવર્તી ગૃહસ્થાશ્રમમાં હતા, છ ખંડનું રાજ્ય હતું, પણ અંદરમાં પોતાના જ્ઞાયક સ્વભાવનું ભાન અને અનુભવ હતો; સ્વરૂપસ્થિરતા હજી ઘણી બાકી હતી છતાં પણ તે મોક્ષમાર્ગી હતા. શ્રી ઋષભદેવ ભગવાનનો મોક્ષ થતાં, 'અરેરે! ભરતક્ષેત્રમાંથી કેવળજ્ઞાની તીર્થંકરસૂર્ય અસ્ત થઈ ગયો'—એમ ભક્તિભાવથી હૃદય ભરાઈ આવતાં ભરત ચક્રવર્તીને ભગવાનના વિરહનું રુદન આવે છે, પણ એ રાગના ને રુદનની ક્રિયાને તે પરજ્ઞેય તરીકે જાણે છે; અંદરથી રાગના ને રુદનની ક્રિયાના તે કર્તા નથી. દ્રવ્યલિંગી મુનિ રોવે નહિ છતાં રાગ સાથે એકતાબુદ્ધિ હોવાથી અંદરમાં કર્તૃત્વભાવના તૂટી નથી, ખેદ વેદાય છે; પરિષહ વગેરે સહન કરવા છતાં તેણે કાંઈ આત્મહિત કર્યું જ નથી. સમજાણું કાંઈ? દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની બલિહારી છે પ્રભુ! પણ સમ્યગ્દર્શન એટલે શું—તેની લોકોને કિંમત નથી.

દૃષ્ટિના વિષયભૂત પૂર્ણાનંદ પ્રભુનું જેને ભાન થયું તેને કરવાનું ઘણું બાકી છે, અને જેને અંદર તેનું ભાન નથી એવા દ્રવ્યલિંગીએ ઘણું કરી લીધું—એમ બહારથી જોનારાને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



લાગે છે; પણ ભાઈ! રાગની સાથે એકતા તોડી નહિ હોવાથી દ્રવ્યલિંગી એ કાંઈ કર્યું જ નથી, તેને તો કરવાનું બધુંય બાકી છે.

ગૃહસ્થાશ્રમમાં રહેલા અવિરતિ સમ્યગ્દૃષ્ટિને, અંતર્મુખ થઈને, ભગવાન જ્ઞાયક આત્માનો સ્વીકાર—વિશ્વાસ, જ્ઞાન ને અનુભવ—થયો છે, પર્યાયમાં શુદ્ધિ અને શાન્તિનો સ્વાદ આવ્યો છે; અજ્ઞાની દ્રવ્યલિંગીને અંતર્મુખ દૃષ્ટિ નહિ હોવાથી, જરાય અતીન્દ્રિય શાંતિનો સ્વાદ આવતો નથી. ભાઈ! દ્રવ્યલિંગી સાધુને અંદરથી કર્તૃત્વબુદ્ધિ છૂટી નથી, અંતરમાં શાન્તિ મળી નથી, તે તો તું જોતો નથી અને 'તેણે ઘણું કરી લીધું, ઘણું કરી લીધું' એમ તેં કઈ રીતે માની લીધું? તેણે આત્માનું કાંઈ કર્યું જ નથી, જેનાથી ભવભ્રમણ ચાલુ રહે એવા જ ભાવ કર્યા છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રવચન–૭૮

તા. ૨૮-૮-૭૮

## વચનામૃત—૨૦૦

શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા. મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જાણી લીધું. 'સર્વગુણાંશ તે સમકિત'—અનંત ગુણોનો અંશ પ્રગટ્યો; આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.

જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે —એમ જણાઈ ગયું. પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ; આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન—બધું પ્રગટ થશે.

નમૂનામાં પૂરા માલનો ખ્યાલ આવે. ચંદ્રની બીજની કળામાં આખો ચંદ્રમાં ખ્યાલમાં આવે. ગોળની એક કણીમાં આખા રવાનો ખ્યાલ આવે. ત્યાં (દૃષ્ટાંતમાં) તો જુદાં જુદાં દ્રવ્ય ને આ તો એક જ દ્રવ્ય. માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા. એ જ માર્ગે કેવળ. જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ૨૦૦.

'શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટઆદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.'

આ વિષય શ્રી સમયસારની ૧૪-૧૫મી ગાથામાં આવ્યો છે. ત્યાં, 'શુદ્ધનય કહો, આત્માનુભૂતિ કહો કે આત્મા કહો—એક જ છે, જુદાં નથી' એમ કહ્યું છે. આત્માને જે

અબદ્ધસ્પૃષ્ટ—બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, અનન્ય—મનુષ્ય-નારક આદિ અન્યપણા રહિત, નિયત—વધઘટ રહિત પરિપૂર્ણ, અવિશેષ—જ્ઞાન આદિ ગુણભેદ રહિત અને અસંયુક્ત—વિભાવના સંયોગ રહિત દેખે છે, અનુભવે છે તેને શુદ્ધનય કહેવાય છે. શુદ્ધનયના વિષયભૂત આવા જ્ઞાયક આત્માની અનુભૂતિ તે જિનશાસનની અનુભૂતિ છે. ૧૪મી ગાથામાં, અબદ્ધસ્પૃષ્ટ આદિ ભાવસ્વરૂપ આત્માનુભૂતિ કહીને, સમ્યગ્દર્શનની પ્રધાનતાથી કહ્યું છે અને ૧૫મી ગાથામાં, અબદ્ધસ્પષ્ટ આદિ ભાવસ્વરૂપ આત્માનુભૂતિને જ્ઞાનાનુભૂતિ—સકલ જિનશાસનની અનુભૂતિ—કહીને જ્ઞાનપ્રધાનતાથી કહ્યું છે. વાત જરા સૂક્ષ્મ છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય અનાકુળ આનંદનો કંદ છે. ક્યારે? સદાય. સંયોગ, નિમિત્ત, રાગ ને વર્તમાન પર્યાયનું લક્ષ છોડીને તે તરફ ઝુકાવ કરે તો તે દૃષ્ટિગોચર થાય, અનુભવગમ્ય થાય. નિશ્ચયથી આત્મા અત્યારે જ સ્વભાવે મુક્તસ્વરૂપ, નિર્વાણસ્વરૂપ જ છે. અબદ્ધસ્પૃષ્ટ અર્થાત્ મુક્તસ્વરૂપ આત્માનો અંતરમાં અનુભવ થવો તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. જૈનશાસન એટલે કે બાર અંગમય જિનવાણીમાં જે કહેવું હતું તે બધું અનુભવમાં આવી જાય છે.

'ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા.'

જિનશાસનની અનુભૂતિ એટલે શુદ્ધ જ્ઞાયકની અનુભૂતિ. અનુભૂતિ થતાં ચૌદ બ્રહ્માંડના ભાવ તેના જાણવામાં આવી ગયા. ચૌદ બ્રહ્માંડના ભાવોથી ભરેલી એવી જિનવાણીની અનુભૂતિ તે ભાવશ્રુતજ્ઞાનની પર્યાય છે. ભગવાન આત્મા અનુભૂતિની પર્યાયમાં આવી જતો નથી, એક સમયની પર્યાયરૂપ થઈ જતો નથી, પણ વસ્તુનું જેવું સ્વરૂપ છે એવું જ્ઞાનના જાણવામાં આવી જાય છે. એમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને ચૌદ બ્રહ્માંડના ભાવોનું જાણપણું અનુભૂતિમાં આવી ગયું.

'મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જાણી લીધું.'

આત્માનુભૂતિ કહો કે જ્ઞાનાનુભૂતિ કહો—બંને એક જ છે. તેમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી જતા હોવાથી સાધક જીવને મોક્ષમાર્ગનો પણ ખ્યાલ આવી ગયો, કેવળજ્ઞાન પણ ખ્યાલમાં આવી ગયું અને મોક્ષ પણ ખ્યાલમાં આવી ગયો; તેણે બધું જાણી લીધું.

''સર્વગુણાંશ તે સમકિત'—અનંત ગુણોનો અંશ પ્રગટ્યો; આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.''

'સર્વગુણાંશ તે સમકિત'—આ શ્રીમદ્નું કથન છે. પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ

ચિઠ્ઠીમાં એમ આવે છે કે—'એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો એકદેશ પ્રગટ થયા છે તેની તથા તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો સર્વદેશરૂપ પ્રગટ થયા છે તેની એક જ જાતિ છે.' નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું યથાસંભવ આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે. આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે, તેથી એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં આવે છે. ભલે બધા ગુણોનાં નામ ન આવડે, અને બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ, તોપણ તેમનું સંવેદન તો થાય છે જ. અહાહા! સમ્યગ્દર્શન —આત્માનુભૂતિ થતાં, આત્મામાં અનંત અનંત ગુણો છે તે દરેકનો એક અંશ વ્યક્તરૂપે —પર્યાયમાં પ્રગટરૂપે—વેદનમાં આવે છે અને સમસ્ત લોકાલોકનું સ્વરૂપ, દરેક વસ્તુનાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જણાઈ જાય છે.

'જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે–એમ જણાઈ ગયું.'

પૂર્ણાનંદ જ્ઞાયક પ્રભુનું અવલંબન લેવાથી, તેનો આશ્રય કરવાથી, તેના સન્મુખ થવાથી અંતરમાં સમ્યગ્દર્શન થયું; હવે તે જ માર્ગે મુનિપણું ને કેવળજ્ઞાન પ્રગટ થશે. મુનિપણું કોઈ વ્રતાદિની ક્રિયાથી કે શુભરાગથી નહિ થાય. આજે પત્રમાં એક વાત આવી છે કે—દ્રવ્યલિંગી સાધુને દર્શનમોહનીય કર્મની સાત પ્રકૃતિનો ક્ષય હોય છે.

પ્રશ્ન :—દ્રવ્યલિંગીને સાત પ્રકૃતિનો ક્ષય હોય?

ઉત્તર :—હા. દ્રવ્યલિંગી સાધુના ત્રણ પ્રકાર છે. (૧) મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી—અંદર પરિણામમાં મિથ્યાત્વ હોય અને બહારમાં મંદકષાયના બળે મુનિપણાનું આચરણ નિર્દોષ હોય, શુકલલેશ્યા હોય અને તેનાથી, મરીને નવમી ગ્રૈવેયક સુધી જાય; (૨) અવિરત સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યલિંગી—પહેલાં અજ્ઞાનદશામાં મંદકષાયના જોરે મુનિપણું લઈ લીધું હોય અને પછી સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું હોય પણ અંદરથી ત્રણ કષાય-ચોકડીના અભાવસ્વરૂપ સંયમને યોગ્ય પુરુષાર્થ ઊપડતો ન હોય તેને પણ દ્રવ્યલિંગી કહેવાય છે; એવા સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યલિંગીને કેવળી કે શ્રુતકેવળીના પાદમૂળમાં દર્શનમોહનીયની સાત પ્રકૃતિનો ક્ષય બની શકે છે; (૩) દેશવિરત સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યલિંગી—ધ્રુવ જ્ઞાયક સ્વભાવના આશ્રયે અંદર બે કષાયચોકડીના અભાવસ્વરૂપ શુદ્ધ પરિણતિ થઈ છે પણ બહારમાં મુનિપણાની ક્રિયા નિર્દોષ પાળવા છતાં અંદરમાં મુનિદશાને યોગ્ય શુદ્ધિનો પુરુષાર્થ ઊપડતો નથી, તેને પણ દ્રવ્યલિંગી કહેવાય છે. તેને પણ સાત પ્રકૃતિનો ક્ષય હોઈ શકે છે.

આનો આધાર લઈને લોકો કહે છે કે—જુઓ, દ્રવ્યલિંગી સાધુ પણ પૂજ્ય છે. પણ ભાઈ! ક્યો દ્રવ્યલિંગી? જેમને અંતરમાં રાગથી ભિન્ન જ્ઞાયક આત્માની અનુભૂતિ થઈ છે, અંદરમાં ચોથા-પાંચમા ગુણસ્થાનની શુદ્ધિ વર્તે છે અને બહારમાં મંદકષાય વધી જવાથી મુનિદશાને યોગ્ય આચરણ કરે છે તેમને પણ દ્રવ્યલિંગી સાધુ કહેવાય છે. પરંતુ જેને અંતરમાં આત્માનું ભાન નથી અને બહારમાં નગ્નદશા ધારણ કરી લીધી છે, ૨૮ મૂળગુણના પાલનમાં પણ ઠેકાણાં નથી, મુનિ માટે બનાવેલાં આહાર-પાણી વાપરે છે, ચોકા કરાવે છે તે તો ચોખ્ખો દ્રવ્યલિંગી પણ નથી; તે પૂજ્ય કેમ હોઈ શકે? પં. ટોડરમલજી 'મોક્ષમાર્ગપ્રકાશક' માં કહે છે : '...દ્રવ્યલિંગી વિષયસેવન છોડી તપશ્ચરણાદિક કરે છે તોપણ તે અસંયમી છે. સિદ્ધાંતમાં અસંયત તેમ જ દેશસંયત સમ્યગ્દષ્ટિ કરતાં પણ તેને હીન કહ્યો છે, કેમ કે એને તો ચોથું-પાંચમું ગુણસ્થાન છે ત્યારે આને તો પહેલું જ ગુણસ્થાન છે.'

પ્રશ્ન :—ભાવલિંગી કરતાં તેને હીન કહો, પણ ઘરસંસારી સમ્યગ્દષ્ટિ કરતાં તેને હીન કેમ કહેવાય?

ઉત્તર :—અવિરત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ તો છે પરંતુ શ્રદ્ધાનમાં તેને કોઈ પણ કષાય કરવાનો અભિપ્રાય નથી, ત્યારે મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી સાધુને શુભરાગ કરવાનો અભિપ્રાય હોય છે, શ્રદ્ધાનમાં શુભ કષાયને ભલો પણ જાણે છે માટે શ્રદ્ધાન અપેક્ષાએ અસંયત સમ્યગ્દષ્ટિથી પણ તેને અધિક કષાય છે; તેથી તે તેનાથી હીન છે.

'પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિ તો દ્રવ્યલિંગીને પોતાનાથી હીનગુણ સહિત માને છે તો તે તેની ભક્તિ કેમ કરે છે?

ઉત્તર :—દ્રવ્યલિંગીને વ્યવહારધર્મનું સાધન ઘણું છે તથા ભક્તિ કરવી એ પણ વ્યવહાર જ છે. જેમ કોઈ ધનવાન ન હોય પરંતુ જો કુળમાં મોટો હોય તો તેને કુળ -અપેક્ષાએ મોટો જાણી તેનો સત્કાર કરવામાં આવે છે, તેમ પોતે સમ્યક્ત્વગુણ સહિત છે, પરંતુ જો કોઈ વ્યવહારધર્મમાં પ્રધાન હોય તો વ્યવહારધર્મની અપેક્ષાએ તેને ગુણાધિક માની તેની ભક્તિ કરે છે—એમ સમજવું'. ભલે અંદરમાં મિથ્યાત્વ હોય, પણ જો બહારમાં ૨૮ મૂળગુણ ચોખ્ખા હોય, પ્રરૂપણા આગમ પ્રમાણે ચોખ્ખી હોય, તો તે વ્યવહારથી પૂજનીક કહેવાય છે. પરંતુ જેનો વ્યવહાર પણ ચોખ્ખો નથી, ૨૮ મૂળગુણનું પાલન પણ બરાબર નથી તે તો સાચો દ્રવ્યલિંગી પણ નથી. તે પૂજનીક કેવો?

અહીં કહે છે કે—શુદ્ધ જ્ઞાયકસ્વભાવના આશ્રયે સમકિત થયું, અને હવે તેના જ ઉગ્ર આશ્રયથી સાચું મુનિપણું પ્રગટ થશે; કોઈ વ્યવહારના ક્રિયાકાંડમાં કે શુભભાવમાં વધી

જાય તો મુનિપણું આવશે—એમ નથી. સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિને ત્રિકાળી જ્ઞાયક-સ્વભાવના આશ્રયે અંદરમાં શુદ્ધિ ચોથા ગુણસ્થાન જેટલી છે અને બહારમાં ક્રિયા સાધુપણાની છે; ત્યાં તે એમ નથી માનતા કે આ મહાવ્રતાદિના શુભભાવથી કે બહારની ક્રિયાથી હું આગળ વધીશ. જે ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે સમકિત થયું તેના જ વધુ આશ્રયથી શુદ્ધિની વૃદ્ધિ અર્થાત્ મુનિદશા પ્રગટે છે.

પોતાના પરિણામની ધારાનો પોતાને અંતરમાં ખ્યાલ આવી જાય, બરાબર ખ્યાલ આવી જાય, અને બીજો જ્ઞાની જીવ પણ તેને જાણી શકે. 'ધવલા' ટીકામાં મતિજ્ઞાનના ભેદની—અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાની—વ્યાખ્યા આવી છે. ત્યાં એમ કહ્યું છે ઈહાજ્ઞાનમાં 'સામો જીવ ભવ્ય છે કે અભવ્ય' એવી જિજ્ઞાસાના નિર્ણયરૂપ અવાયજ્ઞાનમાં 'તે ભવ્ય જ છે, કેમ કે તેને સમ્યક્ રત્નત્રયનો સદ્‌ભાવ છે' એમ એક જીવ બીજા જીવની ભવ્યતાનો નિર્ણય બરાબર કરી શકે છે. ભાઈ! જ્ઞાનનો સ્વભાવ સ્વપર-પ્રકાશક છે, તે શું ન જાણે? બહારમાં દ્રવ્યલિંગ સાચું હોય અને અંદરમાં મિથ્યાત્વની ભૂલ હોય તો જ્ઞાનીના ખ્યાલમાં આવી પણ જાય; છતાં બીજાને કહે નહિ; કારણ કે જો તેની પ્રરૂપણા ચોખ્ખી ચાલતી હોય, ભલે અંદર અનુભવ ન હોય પણ આચરણ આગમ પ્રમાણે નિર્દોષ હોય તો એને પણ વ્યવહારથી પૂજનીક કહેવામાં આવે છે. પરંતુ, દયા, દાન, વ્રત, તપ કરો, તે કરતાં કરતાં કલ્યાણ થઈ જશે—એમ જેની પ્રરૂપણા તથા શ્રદ્ધા જ પ્રગટપણે જૂઠી છે તેને દર્શનમોહનીયનો ક્ષયોપશમ હોઈ શકે નહિ અહા! ભારે વાત બાપુ!

જેનો આત્મા અંતરમાં જાગૃત થયો તેને ભલે કદાચિત્ શાસ્ત્રનું વિશેષ જ્ઞાન ન હોય પણ અંદરમાં જો સ્વાનુભવનું જ્ઞાન થયું છે તો તે સમકિતી છે. સમકિત ચારેય ગતિમાં હોય છે; જંગલમાં વસતા કોઈ વાઘ-સિંહને પણ સમકિત હોય છે, કોઈ ને પાંચમું ગુણસ્થાન પણ હોય છે. હજાર જોજનની (૪ હજાર ગાઉની) લંબાઈવાળા મોટા અસંખ્ય મચ્છ છેલ્લા સ્વયંભૂરમણસમુદ્રમાં સમકિતી છે, અસંખ્ય તો પાંચમા ગુણસ્થાનવાળા છે. બધાયને અંદર જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરવાથી સમકિત થયું છે, પરનો કે શુભરાગનો આશ્રય કરવાથી નહિ.

પૂર્ણાનંદ પ્રભુ! તારો સ્વદેશ અંદર પડ્યો છે. અંદર 'છે' ત્યાં જવાનું છે, તેમાં કઠણ શું? બેનના એક બોલમાં આવે છે કે—કોઈનો સંગ કર્યો હોય તે છોડવો તેને કઠણ પડે છે, પણ ખરેખર સંગ રહિત સ્વતંત્ર રહેવું તે તો સરળ છે; એમ જીવને રાગનો સંગ અનાદિથી છે તે છોડવો કઠણ પડે છે; પણ સંગ તો પર છે, તે છૂટી શકે છે. અહાહા! એણે છૂટવાનો કદી પ્રયત્ન જ કર્યો નથી.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન વિદેહક્ષેત્રમાં બિરાજે છે. અરે! અહીં ભરતક્ષેત્રમાં, જ્યાં સાક્ષાત્ તીર્થંકરનો વિરહ છે, જન્મ થઈ ગયો. અરેરે! પરમાત્મા પાસે જન્મ કેમ ન થયો? સાક્ષાત્ પરમાત્મા શ્રી સીમંધર ભગવાન કેવળજ્ઞાનપણે બિરાજે છે. તેમને ભાવમોક્ષ તો થઈ ગયો છે, આયુષ્ય પૂરું થશે ત્યારે દ્રવ્યમોક્ષ થશે. અહા! ભગવાનના વિરહ પડ્યા, પણ પોતાની ચૈતન્યવસ્તુ અંદર છે તેનો તો કોઈ દી વિરહ છે જ નહિ. પર્યાયની સમીપમાં પડેલો પ્રભુ પરમાત્મા એનાથી તો ક્યારેય દૂર થતો નથી.

અહા! બેનનાં વચનો તો જુઓ!—કે સમકિત જે માર્ગે થયું તે માર્ગે મુનિપણું થશે. પૂર્ણાનંદના નાથનું અવલંબન લેવાથી સમકિત થયું અને તેના ઉગ્ર અવલંબનથી મુનિદશા થશે, વ્રતાદિ કરવાથી મુનિદશા થશે—એમ નથી. અહા! આવો માર્ગ છે બાપુ! બધા આત્મા પરમાત્મા છે ને? ન હોય તો પર્યાયમાં પ્રગટ પરમાત્મપણું આવશે ક્યાંથી? કેવળજ્ઞાનસ્વરૂપ અરિહંતપદ જો સ્વભાવમાં ન હોય તો પર્યાયમાં અરિહંત પદ આવશે ક્યાંથી? સિદ્ધસ્વરૂપ આત્મામાં ન હોય તો પર્યાયમાં સિદ્ધપદ ક્યાંથી આવશે? એ પ્રમાણે ભાવ-આચાર્ય, ભાવ-ઉપાધ્યાય અને ભાવ-સાધુ—એવો સ્વભાવ અંદર આત્મામાં છે. તેથી તે સાધુની વીતરાગી પર્યાય અંતરમાંથી આવે છે, બહારથી નહિ. સમજાય છે કાંઈ?

દ્રવ્યસ્વભાવના આશ્રયે સમકિત, ચારિત્ર વગેરે પર્યાયો પ્રગટે છે, પર્યાયના આશ્રયે પર્યાય પ્રગટતી નથી. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસ્વભાવના આશ્રયે સમકિત થયું, તો સમકિતપર્યાયના આશ્રયે ચારિત્ર કે મુનિપણું પ્રગટતું નથી; અને જે કેવળજ્ઞાન પ્રગટ થશે તે ચારિત્રપર્યાયના આશ્રયે થશે—એમ સમકિતી માનતા નથી. દ્રવ્ય સ્વભાવના ઉગ્ર આશ્રયથી મુનિપણું, અને તેના પૂર્ણ આશ્રયથી કેવળજ્ઞાન પ્રગટ થશે. અહાહા! મોક્ષમાર્ગથી મોક્ષ થશે—એ વાત પણ અહીં છોડી દીધી છે.

અહીં કહે છે કે—જે મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થાય છે અને કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ થાય છે, તે વ્યયમાંથી ઉત્પાદ થતો નથી પણ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકના પૂર્ણ આશ્રયથી કેવળજ્ઞાનનો ઉત્પાદ થાય છે. અહા! જુઓ તો પ્રભુનો મારગ! 'પ્રભુનો મારગ છે શૂરાનો, કાયરનાં નહિ કામ જોને!' વીરપ્રભુના મારગ પર ચાલવું તે વીરોનાં કામ છે, રાગના પ્રેમમાં પડેલા નપુંસક જેવાનાં એ કામ નથી. અહા! આવી વાત છે. લોકોને સાંભળવાની જિજ્ઞાસા કેટલી છે! કેટલા માણસો બહારગામથી આવ્યા છે! પોણા આઠસો પુરુષો તો શિબિરમાં ભણવા આવ્યા છે; બહેનો-દીકરીઓ સાંભળવા આવ્યાં હોય તે વધારામાં; અને બેનની જન્મજયંતી વખતે ત્રણ હજાર માણસો! પરમાગમમંદિરમાં માતા નહોતા. લોકો આ સત્ સાંભળવાના કેટલા પ્રેમી છે! આ વાત કંઈ કલ્પનાની નથી, પણ

ભગવાનના ઘરની છે. જુઓ, શું કહે છે?—જ્ઞાયકનું ભાન ને અનુભૂતિ થઈ ત્યાં જ્ઞાન એવું થઈ ગયું કે જે દ્રવ્યસ્વભાવના આશ્રયે સમકિત થયું, તે જ જ્ઞાયકસ્વભાવના ઉગ્ર અવલંબને ચારિત્ર—મુનિપણું થશે અને તેના જ પૂર્ણ આશ્રયથી શુક્લધ્યાન ને કેવળજ્ઞાન થશે. ત્યાં એમ નથી કે અંતરમાં ચોથું ગુણસ્થાન છે અને બહારમાં મહાવ્રતાદિની ક્રિયા કરતાં કરતાં મુનિદશા આવી જશે.

'પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ; આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન—બધું પ્રગટ થશે.'

આ તો અંદરમાં નિવૃત્તિ લેવાનું કહીએ છીએ. અરે! આવું તત્ત્વ કદી સાંભળવા મળે? એક ખિસકોલી સ્વાધ્યાયમંદિરમાં આખો દી આંટા માર્યા કરે છે; તેને જોઈ ને કેટલા વિચાર આવે છે? અરેરે! આ ક્યો જીવ હશે? ક્યાંથી આવ્યો હશે? આને ક્યારે મનુષ્યપણું મળે? આ તત્ત્વ સાંભળવાનો ને વિચારવાનો યોગ એને ક્યારે મળે? અરેરે! જેને યોગ મળ્યો છે તે પણ દરકાર કરતા નથી!

અહીં કહે છે કે—ત્રિકાળી જ્ઞાયકના આશ્રયે જ્ઞાન થયું, પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ, હવે તે જ માર્ગે સાધકદશા વધશે, મુનિપણું, શુક્લધ્યાન ને કેવળજ્ઞાન—અનુક્રમે બધું પ્રગટ થશે; બાહ્ય ક્રિયાકાંડ, તપસ્યા કે શુભરાગ કરવાથી આત્મસાધના નહિ થાય.

પ્રશ્ન :—મુનિ શુદ્ધોપયોગ માટે ઉપવાસ આદિ કરે છે—એમ મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે ને?

ઉત્તર :—આત્માનુભવી મુનિને ઉપવાસના કાળે ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકના ઉગ્ર આલંબનથી જ શુદ્ધોપયોગ થાય છે. સ્વરૂપમાં વિશેષ વાસ થવો તે જ તેમનો અંતરંગ ઉપવાસ છે; બહારમાં ઉપવાસ આદિની ક્રિયા હોય છતાં તેનાથી શુદ્ધોપયોગ કે શુદ્ધિની વૃદ્ધિ થતી નથી. અહા! આવો પ્રભુનો માર્ગ છે. અરે! આ ચીજ વીતરાગ સિવાય બીજે ક્યાં છે? આ કોઈ અલૌકિક વાતો છે બાપુ!

સ્વભાવ કોઈ અલૌકિક છે, એકલા બહિર્લક્ષી તર્કથી સમજમાં આવે એમ નથી. એકલા તર્કથી બધું સમજણમાં આવી જાય તો કેવળજ્ઞાન માટે શું બાકી રહે? પરોક્ષ પણ યથાર્થ પ્રમાણ છે. લોકો કહે છે કે—આત્મા દેખાતો નથી તો કેવી રીતે માનીએ? ભાઈ! પરોક્ષ પણ પ્રમાણજ્ઞાન છે. ભાવશ્રુતજ્ઞાનરૂપ પરોક્ષ પ્રમાણ વડે ત્રિકાળી આત્માનો આશ્રય કરી આત્માનુભૂતિ પ્રગટ થઈ; હવે તે જ ધ્રુવ આત્માના વિશેષ આશ્રય વડે મુનિપણું, પૂર્ણ ચારિત્રપણું, કેવળજ્ઞાન અને મોક્ષદશા—અનુક્રમે બધું પ્રગટ થશે.

'નમૂનામાં પૂરા માલનો ખ્યાલ આવે.'

જેમ નમૂનાનું રૂ જોતાં આખા ધોકડાનાં રૂનો ખ્યાલ આવી જાય છે; જુવાર, બાજરો, ઘઉં કે ચોખાનો ચપટી જેટલો નમૂનો જોતાં આખી વખારનો ખ્યાલ આવી જાય છે; તેમ જ્ઞાયકસ્વભાવના આશ્રયે સ્વાનુભૂતિ થતાં આત્મામાં જે અતીન્દ્રિય આનંદના અંશનો અનુભવ થયો તે નમૂનાથી 'આત્મા આખો પૂર્ણાનંદમય છે' એમ બરાબર ખ્યાલમાં આવી જાય છે. એ પ્રમાણે આખો આત્મા પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ સુખ, પૂર્ણ વીર્ય વગેરે અનંત ગુણમય છે—એમ ખ્યાલમાં આવી જાય છે.

'ચંદ્રની બીજની કળામાં આખો ચંદ્રમા ખ્યાલમાં આવે. ગોળની કણીમાં આખા રવાનો ખ્યાલ આવે. ત્યાં (દૃષ્ટાંતમાં) તો જુદાં જુદાં દ્રવ્ય ને આ તો એક જ દ્રવ્ય.'

ચંદ્રની બીજ જોતાં આખા ચંદ્રનો ખ્યાલ આવે છે; તેરમે દિવસે એટલે કે પૂનમના દિવસે ચંદ્ર પૂરેપૂરો ખીલી નીકળશે—એમ બરાબર ખ્યાલમાં આવે છે. ગોળની કટકી ચાખતાં આખા રવાની મીઠાશનો ખ્યાલ આવી જાય છે. એ પ્રમાણે અહીં અંદર આત્મામાં ભગવાન ચૈતન્યદેવનું સમ્યગ્દર્શન તથા અનુભવ થતાં, તે અનુભવના નમૂનામાં આખા આત્માનો—પૂર્ણાનંદના નાથનો—ખ્યાલ બરાબર આવી જાય છે. દાખલામાં તો જુદા જુદા પરમાણુ છે, અને સિદ્ધાંતમાં તો આત્મા એક અખંડ વસ્તુ છે.

'માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા. એ જ માર્ગે કેવળ, જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.'

આત્મદ્રવ્ય પોતે અખંડ અને પરિપૂર્ણ છે—એમ અનુભૂતિના નમૂનામાં માલનો બરાબર ખ્યાલ આવી ગયો. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થતાં તેમાં ચૌદ બ્રહ્માંડના ભાવોનો—વિશ્વની વસ્તુવ્યવસ્થાનો—બરાબર ખ્યાલ આવી જાય છે. અહા! આ તો હું દ્રવ્યે પરમાત્મા! એની પર્યાયમાં—સ્વાનુભૂતિમાં—પૂર્ણ પરમાત્મપણાનો નમૂનો આવી ગયો. ચૌદ બ્રહ્માંડનું એક એક દ્રવ્ય પોતપોતાના સ્વભાવે પરિપૂર્ણ છે એમ ખ્યાલમાં આવી ગયું. તેનું નામ સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ ને મોક્ષમાર્ગની શરૂઆત છે. હવે એ જ માર્ગે કેવળજ્ઞાન પ્રગટશે. જે જ્ઞાયક દ્રવ્યસ્વભાવના આશ્રયે અંશ પ્રગટ્યો તેના જ આશ્રયે પૂર્ણતા પ્રગટ થશે. માટે શુદ્ધનયની અનુભૂતિ કહો, શુદ્ધ આત્માની—જ્ઞાયકની અનુભૂતિ કહો કે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ કહો—બધું એક જ છે. ✱

# પ્રવચન–૭૯

તા. ૨૯-૮-૭૮

## વચનામૃત—૨૦૧

અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ 'અપરિણામી' નિજાત્મા.

પ્રમાણ-અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જતા રહે? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે, સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.

પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર—જ્ઞાયક ઉપર—દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે? નિષ્ક્રિય તત્ત્વ ઉપર—તળ ઉપર—દૃષ્ટિ સ્થાપ ને!

પરિણામ તો થયા જ કરશે. પણ, આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા—એમ શા માટે જોર આપે છે? પર્યાયમાં—પલટતા અંશમાં—દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને!

જ્ઞાનાનંદસાગરનાં તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ.

**તરંગો તો ઊછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ?**

**અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે. અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ—અપરિણામી અભેદ એક દળ—તેમાં દૃષ્ટિ દે. પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ. તું જ્ઞાતાદ્રષ્ટા થઈ જઈશ. ૨૦૧.**

'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક;'

આ બોલ જરી સૂક્ષ્મ છે. શું કહે છે? જે ત્રિકાળી જ્ઞાયક પરમ પારિણામિક ભાવ છે તેને અહીં 'અપરિણામી નિજ આત્મા' કહ્યો છે, કેમ કે તે પરિણામ રૂપ—પર્યાયરૂપ થતો નથી. નિજ આત્મા એટલે પોતાના આત્માની અહીં વાત છે, અન્યના આત્માનું અહીં કાંઈ કામ નથી. સમ્યગ્દર્શન માટે જેનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે તે નિજ જ્ઞાયક આત્મા અપરિણામી અર્થાત્ ધ્રુવ સ્વભાવ છે; વર્તમાન પર્યાય તેનો આશ્રય લે છે. મુદ્દાની રકમની વાત છે. ધ્રુવજ્ઞાયક તત્ત્વ પરિણમનથી—પર્યાયથી ભિન્ન છે તે અપેક્ષાએ 'અપરિણામી' શબ્દનો પ્રયોગ કર્યો છે, બાકી છે તો પારિણામિક સ્વભાવ. '**परिणामे भवः पारिणामिकः।**'—એમ પંચાસ્તિકાયસંગ્રહની ટીકામાં કહ્યું છે. એક સમયવર્તી પર્યાય રહિત જે ત્રિકાળી જ્ઞાયક સહજસ્વરૂપ તે અપરિણામી ધ્રુવ નિજ આત્મા છે; તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે ધર્મની પર્યાયો પ્રગટે છે.

''શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ 'અપરિણામી' નિજાત્મા.''

આત્માના ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક સ્વભાવનો આશ્રય લેવાવાળી જે શ્રુતજ્ઞાનની પર્યાય તેને નિશ્ચયનય કહે છે. નિશ્ચયનય પોતે શ્રુતજ્ઞાનની પર્યાય છે, પરંતુ તેનો વિષય ત્રિકાળી અખંડ જ્ઞાયક આત્મા છે. નિશ્ચયનયનો વિષય—પરમાર્થનયનો વિષય જે અપરિણામી ધ્રુવ ભાવ તેને અહીં અખંડ જ્ઞાયક કહ્યો છે. તે અપરિણામી નિજ આત્મા ધ્રુવ જ્ઞાયક છે.

અહીં પ્રથમ નિશ્ચયનયની અપેક્ષાનું કથન લીધું છે. જે નય ત્રિકાળી સ્વદ્રવ્યસામાન્યનો આશ્રય લે તેને નિશ્ચયનય કહ્યો છે. તેને અહીં અપરિણામી જ્ઞાયકભાવ કહેવામાં આવ્યો છે.

'પ્રમાણ-અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે.'

ભગવાન જ્ઞાયક આત્મા સર્વથા અપરિણામી નથી, પ્રમાણદૃષ્ટિથી જોતાં તે દ્રવ્ય-અપેક્ષાએ અપરિણામી પણ છે અને પર્યાય-અપેક્ષાએ પરિણામી પણ છે. ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ આત્મા પલટતો નથી અને વર્તમાન પર્યાયની અપેક્ષાએ આત્મા પલટે છે. પ્રમાણદૃષ્ટિથી જોતાં આત્મા તે બંને-સ્વરૂપ છે.

**'પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી.'**

નિત્યાનંદ જ્ઞાયકસ્વભાવરૂપ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેવાથી, અંતર્મુખ ધ્રુવ તત્ત્વ પર દૃષ્ટિ થંભવાથી, પરિણામ ગૌણ થઈ જાય છે. જ્ઞાયક વસ્તુ પોતાના અપરિણામી ધ્રુવ સ્વભાવનો આશ્રય લે છે પોતાની પર્યાય વડે, પણ પર્યાયનો તે આશ્રય કરતી નથી. ભારે વાત ભાઈ! સમજમાં આવે છે? આ તો હજુ પ્રથમ સમ્યગ્દર્શન પામવાની કળા છે. અપરિણામી ધ્રુવ સ્વભાવ પર દૃષ્ટિ દેવાથી, વર્તમાન પરિણામ પર લક્ષ—વજન રહેતું નથી; તેથી પરિણામ ગૌણ થઈ જાય છે—એમ કહેવામાં આવે છે; એમ કહેતાં પરિણામનો અભાવ થઈ જતો નથી. સમયસારની ૧૧મી ગાથામાં 'વ્યવહારનય અભૂતાર્થ દર્શિત...' કહ્યું છે. ત્યાં વ્યવહારનયને—પર્યાયને—ગૌણ કરીને અભૂતાર્થ, અસત્યાર્થ કહ્યો છે; અભાવ કરીને 'પર્યાય અસત્ય છે' એમ કહ્યું નથી. ભગવાન જ્ઞાયક આત્માને મુખ્ય ગણીને નિશ્ચય કહ્યો છે, અને પર્યાયના ભેદભંગને ગૌણ ગણીને વ્યવહાર કહ્યો છે. પર્યાયભેદ તે વ્યવહાર અને અભેદ દ્રવ્ય તે નિશ્ચય. નિશ્ચયનય વ્યવહારનો પ્રતિષેધક હોવાથી તેનો નિષેધ કરે છે. તે માટે વ્યવહારને ગૌણ ગણીને 'નથી' એમ કહ્યું છે.

'भुदत्थो देसिदो हु सुद्धणओ।' શુદ્ધનય ભૂતાર્થ છે—એમ ત્યાં ૧૧મી ગાથામાં કહ્યું છે. નય શ્રુતજ્ઞાનનો અંશ છે. શ્રુતજ્ઞાનના ભેદરૂપ શુદ્ધનય પણ વસ્તુના એક અંશને વિષય કરે છે. ક્યો અંશ? ત્રિકાળી ધ્રુવ અંશ. નયનો વિષય અંશ છે, પ્રમાણનો વિષય આખો પદાર્થ છે. નિશ્ચયનયનો વિષય ત્રિકાળી એકરૂપ દ્રવ્ય છે, પરંતુ તે અંશ છે; પર્યાય તેમાં આવતી નથી. પ્રમાણમાં દ્રવ્ય તેમ જ પર્યાય બંને એકસાથે ખ્યાલમાં આવે છે. વાત ઝીણી છે, પણ વસ્તુસ્વરૂપ આવું છે. આ વાત સમજાય એવી છે. આ વાત કોને કહેવામાં આવે છે? આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે તેને સમજાવવામાં આવે છે ને! આ વાત શું રાગને કહે છે? શરીરને કહે છે? જે જાણનાર છે તેને કહેવામાં આવે છે.

ભગવાન! તું જાણનાર છો ને! જાણનારનો જે ત્રિકાળી ધ્રુવ અંશ છે તેને મુખ્ય ગણીને ભૂતાર્થ, સત્યાર્થ કહેલ છે. આત્મવસ્તુમાં એક સમયવર્તી પર્યાય છે ખરી, પણ તે વજન આપવા યોગ્ય નહિ હોવાથી તેને ગૌણ ગણીને 'નથી' એમ કહેવામાં આવ્યું છે.

'પર્યાય સર્વથા નથી' એમ જો માને તો દૃષ્ટિ મિથ્યા થઈ જાય છે. સમજાય છે કાંઈ? ચિદાનંદકંદ આત્મવસ્તુના અપરિણામી ધ્રુવ સ્વરૂપ પર દૃષ્ટિ દેવાથી તેના પરિણામ ગૌણ થઈ જાય છે, તેના પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. આશ્રય લેવાવાળી પર્યાય પણ છે તો ખરી, પરંતુ તે આશ્રય લે છે વસ્તુના ત્રિકાળી ધ્રુવ અપરિણામી સ્વરૂપનો. અહા! આવી વાત છે ભાઈ!

'પરિણામ ક્યાં જતા રહે? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે, સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.'

વસ્તુમાં ક્ષણે ક્ષણે નવી અવસ્થાનું ઊપજવું અને પૂર્વની અવસ્થાનું વિનશવું થયા જ કરે છે તે ક્યાં જતું રહે? ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યની એકતાસ્વરૂપ વૃત્તિ તે પરિણામનું લક્ષણ છે. પોતાની મૂળ જાતિને છોડ્યા વિના પર્યાયમાં બદલતા રહેવું તે તો વસ્તુનો પરિણમનસ્વભાવ છે; સ્વભાવ ક્યાં ચાલ્યો જાય? આત્મા પણ, વસ્તુ હોવાથી, પર્યાયસ્વભાવને લીધે, દ્રવ્યસ્વભાવે કાયમ ટકીને અવસ્થાઓ બદલ્યા જ કરે છે. નિજ આત્મવસ્તુ દ્રવ્ય તેમ જ પર્યાયસ્વરૂપ હોવા છતાં દૃષ્ટિ તો માત્ર તેના ત્રિકાળી ધ્રુવ સ્વરૂપનો જ સ્વીકાર કરે છે. પરિણામ હોવા છતાં, કલ્યાણ માટે આશ્રય કરવા યોગ્ય તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ જ છે. દૃષ્ટિના વિષયની પ્રમુખતામાં વર્તમાન શુભાશુભ પરિણામ ગૌણ થઈ જાય છે, પરિણમન ક્યાંય ચાલ્યું જતું નથી. સિદ્ધમાં પણ પરિપૂર્ણ શુદ્ધ પરિણમન તો નિરંતર થયા જ કરે છે. સિદ્ધપણું પોતે પણ આત્માની પૂર્ણ શુદ્ધ પર્યાય છે.

દ્રવ્ય અને ગુણો ત્રિકાળી છે; અને પર્યાય પ્રત્યેક સમયે પલટતી દશા છે. મોક્ષ, મોક્ષમાર્ગ, સંસાર—બધું પર્યાય છે. કેવળજ્ઞાન પણ જ્ઞાનગુણની પૂર્ણ પર્યાય છે, ગુણ નથી. વસ્તુમાં કોઈ ને કોઈ પર્યાય સદાય વર્તતી જ હોય છે; પર્યાય ક્યાંય ચાલી જતી નથી. પર્યાય છે તો ખરી, પરંતુ રુચિમાં પર્યાયનું આલંબન છોડીને એક ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. આ કારણે જ ત્રિકાળી ધ્રુવ સ્વભાવને મુખ્ય કરીને ભૂતાર્થ ને સત્યાર્થ કહ્યો છે અને બધા પ્રકારની પર્યાયને ગૌણ કરીને તેને અભૂતાર્થ ને અસત્યાર્થ કહી છે. અહા! વસ્તુસ્વરૂપ આવું છે.

"પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર—જ્ઞાયક ઉપર—દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે? નિષ્ક્રિય તત્ત્વ ઉપર—તળ ઉપર—દૃષ્ટિ સ્થાપ ને!"

શુભાશુભ વિભાવ તેમ જ અધૂરી પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી અભેદ જ્ઞાયક

સ્વભાવ પર જે દૃષ્ટિ થવી, અપરિણામી અભેદ જ્ઞાયકસ્વભાવનો દૃષ્ટિમાં આશ્રય થવો, તે જ સમ્યગ્દર્શન છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી શ્રદ્ધાની પર્યાય', 'આ મારી ચારિત્રની પર્યાય'—એમ પર્યાય ઉપર એટલું જોર શા માટે આપે છે? 'આ મારી ગુણની પર્યાય છે', 'આ મારી દ્રવ્યની પર્યાય છે'—એમ પર્યાય ઉપર તારી રુચિનું વજન કેમ જાય છે? અહીં તો કહે છે કે જેટલા વ્યવહાર અને વિકલ્પો છે તે બધા છે ખરા, પણ તેના પર લક્ષ કરવાથી, તેના પર રુચિનું જોર આપવાથી સમ્યગ્દર્શન થતું નથી.

સમ્યગ્દર્શનની પર્યાય જે પ્રાપ્ત થઈ, તેના લક્ષે ચારિત્રની પર્યાય ઉત્પન્ન થતી નથી. ચારિત્રની પર્યાય પણ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય છે. અહા! આવો માર્ગ છે. અરે! આઠ-આઠ વર્ષનાં બાળકો પણ આત્મજ્ઞાન પામી કેવળજ્ઞાન પામે છે. ભાઈ! આત્મામાં મહા સામર્થ્ય ભર્યું પડ્યું છે; તેને કાળ કે ક્ષેત્ર કોઈ નડતું—વિઘ્ન કરતું નથી. નથી થતું તેમાં પોતાના પુરુષાર્થની ખામી કારણ છે.

આ તો તત્ત્વની મૂળ વાત છે ભાઈ! અંદર ત્રિલોકનાથ ચૈતન્યદેવ બિરાજે છે ત્યાં જા ને. 'મને જ્ઞાનનો ઉઘાડ ઘણો છે'—એમ વર્તમાન પર્યાય ઉપર તારું જોર કેમ જાય છે? પર્યાયમાં લક્ષ કરીને કેમ અટકે છે? વ્યવહારથી નિશ્ચય થશે, રાગથી મને લાભ થશે—એમ રાગમાં ને પર્યાયમાં શા માટે જોર આપે છે? અત્યારે તો બીજે એ જ પ્રરૂપણા ચાલે છે કે—વ્યવહાર—કષાયની મંદતા—નિશ્ચય સુધી પહોંચાડી દે છે; પરંતુ ભાઈ! એમ છે નહિ. નિમિત્તથી કાર્ય થાય, કર્મથી વિકાર થાય—એવાં ભ્રાન્તિનાં લાકડાં ઘૂસી ગયાં છે; પણ ભાઈ! એ વાત સત્ય નથી. વિકાર પોતાની પર્યાયમાં પોતાની તથાવિધ યોગ્યતાથી થાય છે, દ્રવ્યથી નહિ, ગુણથી નહિ, પૂર્વની પર્યાયથી પણ નહિ.

પ્રશ્ન :—તો શું વિકાર અદ્ધરથી થાય છે?

ઉત્તર :—શુભાશુભ વિકારી ભાવ પોતાની પર્યાયમાં ઉપલકપણે થાય છે, અધ્ધરથી થાય છે, દ્રવ્યસ્વભાવમાંથી થતા નથી. વિકાર પરના કારણે કે દ્રવ્ય ને ગુણના આશ્રયે થતો નથી. બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો પર્યાયમાં ઉપર ઉપર તરતા હોવા છતાં તે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવમાં પ્રતિષ્ઠા, શોભા કે પ્રવેશ પામતા નથી. વસ્તુમાં વિકારી કે અવિકારી પર્યાય વસ્તુની પોતાની યોગ્યતાના કારણે પોતામાં થાય છે, તેમાં અન્ય કોઈ કારણ નથી.

અહીં કહે છે કે—ત્રિકાળી જ્ઞાયક તત્ત્વને ભૂલીને 'મારામાં જ્ઞાનની પર્યાય ખીલી', 'મને જરા વિશેષ આનંદ આવ્યો', એમ પર્યાયમાં લક્ષ શા માટે કરે છે? પર્યાયમાં જોર કેમ આપે છે? પુણ્યપાપની વિભાવક્રિયાથી રહિત નિષ્ક્રિય જ્ઞાયકસ્વભાવ પર દૃષ્ટિ સ્થાપ

ને. અરેરે! આ કાંઈ વાદવિવાદે પાર પડે એવું નથી. નિયમસારમાં કહ્યું છે : **'णाणाजीवा णाणाकम्मं णाणाविहं हवे लद्धी।'**

છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!
તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.

જીવો અનેક પ્રકારના છે, કર્મ અનેક પ્રકારનું છે, લબ્ધિ અનેક પ્રકારની છે; તેથી પરમાર્થના જાણનારાઓએ સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે વાદ કરવાયોગ્ય નથી. જગતમાં જીવો, તેમનાં કર્મ, તેમની લબ્ધિઓ વગેરે અનેક પ્રકારનાં છે; તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે. માટે પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી. સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ જ કર્તવ્ય છે.

પ્રભુ! તું જ્ઞાયકદ્રવ્યસ્વભાવને ચૂકીને પર્યાયોના પ્રકારમાં શા માટે અટકે છે? નિષ્ક્રિય તત્ત્વ ઉપર—જ્ઞાયક તળ ઉપર—દૃષ્ટિ લગાવ ને. જેમાં શુભાશુભ વિભાવની તથા અપૂર્ણ તેમ જ પૂર્ણ પર્યાયની કોઈ પણ ક્રિયા નથી એવા નિષ્ક્રિય ધ્રુવ જ્ઞાયક તત્ત્વમાં દૃષ્ટિ જોડી દે ને. લોકોને આમાં નિશ્ચયાભાસ જેવું લાગે; પણ ભાઈ! વસ્તુની સ્થિતિ આવી છે તેની તમને ખબર નથી. ત્રિકાળી ધ્રુવ નિજ દ્રવ્યસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે; વ્યવહારના આશ્રયે સમ્યગ્દર્શન વગેરે થાય છે એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. સમજાય છે કાંઈ?

અહા! જ્ઞાનાદિ અનંત ગુણોનો સાગર એવો આ અનુભૂતિસ્વરૂપ—ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યની એકતાસ્વરૂપ—ભગવાન જ્ઞાયક આત્મા આબાળવૃદ્ધ સૌને સદાય પોતે જ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ અનાદિ અજ્ઞાનને લીધે શરીરાદિ પર પદાર્થો સાથે એકપણાના વિપરીત–અભિનિવેશથી જે મૂઢ છે, અજ્ઞાની છે, તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન લાગતું નથી. અજ્ઞાનીની દૃષ્ટિ જ બહારમાં—નિમિત્ત ને પર્યાય ઉપર—છે;—'મારો કષાય મંદ થયો,' 'મને જ્ઞાનનો ઉઘાડ ઘણો થયો' પણ ભાઈ! સાંભળ તો ખરો; ઉઘાડ પણ ખંડખંડ જ્ઞાન છે, તું ત્યાં ક્યાં રોકાઈ ગયો? અંદર આનંદનો સાગર ભગવાન જ્ઞાયક છે ત્યાં દૃષ્ટિ સ્થાપ ને. બહારમાં ક્યાં રોકાઈ ગયો?

રાજાએ પ્રસન્ન થઈને કોઈ માણસને કહ્યું : મારા નિધાનમાં કરોડો-અબજો સોનામહોરો છે તેમાંથી, સાંજ પડ્યા પહેલાં જેટલાં પોટલાં બાંધી શકે તેટલાં લઈ જા; તે માણસ લેવા નીકળ્યો, પણ રસ્તામાં વેશ્યાના નાચ વગેરે જોવા રોકાઈ ગયો ને એમ કરતાં રાત પડી ગઈ, પહોંચે તે પહેલાં રાજાનો ભંડાર બંધ થઈ ગયો; એ પ્રમાણે અહીં

અજ્ઞાની જીવ 'મારી જ્ઞાનની પર્યાય ખીલી છે', 'રાગ મંદ થઈ ગયો છે'—એમ પર્યાયમાં લક્ષ કરીને અટકી ગયો છે, દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ કરતો નથી.

પ્રશ્ન :—શું રસ્તામાં જ રોકાઈ ગયો?

ઉત્તર :—વિભાવ કે પર્યાયમાં રોકાવું તે રસ્તો જ નથી. ભાઈ! પર્યાયમાં કેમ રોકાઈ ગયો છે? પર્યાય રહિત નિષ્ક્રિય તત્ત્વ—ધ્રુવ તત્ત્વ—ઉપર દૃષ્ટિ દે ને! પર્યાય તો ઉપર ઉપર તરે છે, અંદર દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતી નથી. ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય હો તોપણ તે ધ્રુવ સ્વભાવમાં પ્રવેશ કરતી નથી. પર્યાય ઉપર નહિ પણ દ્રવ્યસ્વભાવ ઉપર જોર આપવું. પાંચ ભાવમાં એકમાત્ર પરમપારિણામિક ભાવ દ્રવ્યરૂપ છે અને ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ને ઔદયિક—એ ચાર ભાવ પર્યાયરૂપ છે. પર્યાયની મુદત તો એક સમયની છે; તેમાં તું શા માટે રોકાય છે? અંદર પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા પડ્યો છે તેને જો ને. તારી રુચિને તેમાં જોડ ને. ભાઈ! મારગ તો આવો છે.

'પરિણામ તો થયા જ કરશે. પણ, આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા—એમ શા માટે જોર આપે છે?'

અહા! મારી જ્ઞાનની પર્યાયમાં ઉઘાડ થયો, શ્રદ્ધાની પર્યાય ઠીક થઈ, ચારિત્રની પર્યાયમાં કષાયની મંદતા થઈ—એમ રુચિનું જોર પર્યાયમાં શા માટે દે છે? અંદર પરિપૂર્ણ જ્ઞાયક પરમાત્મા બિરાજે છે તેને રુચિમાં લે ને. અંતરમાં જ્ઞાયક પરમાત્માની દૃષ્ટિ થવી તેને જ અંતરાત્મા કહેવાય છે. રાગની મંદતાનું લક્ષ તો છોડી દે, પણ જ્ઞાનની પર્યાયમાં વિશેષ ઉઘાડ થયો તેનું પણ લક્ષ—મહિમા છોડી દે.

'પર્યાયમાં—પલટતા અંશમાં—દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે?'

વસ્તુના પલટતા અંશને પર્યાય અર્થાત્ ઉત્પાદ-વ્યય કહે છે, ટકતા અંશને દ્રવ્ય અર્થાત્ ધ્રૌવ્ય કહે છે. જ્ઞાનની જે પર્યાય ખીલી તે એક સમયના પલટતા અંશમાં ધ્રુવ સ્વભાવનું પરિપૂર્ણ કાયમી સામર્થ્ય થોડું જ આવે છે? એટલે કે ધ્રૌવ્યનું પૂર્ણ નિત્ય બળ એક સમયની પર્યાયમાં આવી જતું નથી. 'હું પરિપૂર્ણ દ્રવ્ય છું' એમ પર્યાયમાં જ્ઞાન ને શ્રદ્ધા થાય, પણ તે ધ્રુવ નિત્ય સામર્થ્ય પર્યાયરૂપ થઈ ન જાય. પર્યાયમાં વિકાસ અલ્પ હો કે વિશેષ હો, ધ્રૌવ્યનું સામર્થ્ય તો સદાય એકરૂપ પરિપૂર્ણ જ છે. નિગોદની પર્યાયમાં ધ્રુવ સામર્થ્ય ક્ષીણતા પામતું નથી અને સર્વજ્ઞપર્યાયમાં તે પુષ્ટિ પામતું નથી, ધ્રુવ સામર્થ્ય તો ઘટવધ થયા વગર સદા નિયત એકરૂપ જ રહે છે.

'તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને!'

એક સમયની પર્યાયમાં દ્રવ્યનું પૂરેપૂરું નિત્ય સામર્થ્ય આવતું નથી. માટે તું પર્યાયનું લક્ષ છોડી પરિપૂર્ણ ધ્રુવ સામર્થ્યયુક્ત નિજાત્મદ્રવ્યસ્વભાવનું અવલંબન લે ને. જેમ કોઈ ઉપરથી ઊતરી ઊંડે ભોંયરામાં જાય અને નિધાન પ્રાપ્ત કરે, તેમ તું પણ ઉપરવર્તી પર્યાયનું લક્ષ છોડીને અંદર ઊંડે નિષ્ક્રિય તળમાં—ધ્રુવ જ્ઞાયક સ્વભાવમાં—જા ને.

અહા! આ, બેનનાં વચનામૃત! ભાષા સહેલી છે પણ ભાવ ઘણા ઊંડા છે. આ 'વચનામૃત' પર વ્યાખ્યાન ચાલે છે તેનું કોઈને આશ્ચર્ય થાય; પણ ભાઈ! બેનનાં આ વચનોમાં ઊંડા સિદ્ધાંતો જ ભરેલા છે; સમયસારમાં જે કહ્યું છે તેનો જ આ સાર છે; બેનના અનુભવમાંથી આવેલી આ વાણી છે. અધ્યાત્મના અનુભવપ્રધાન સિદ્ધાંતોનું આમાં દોહન છે. તેના પર વ્યાખ્યાન થાય તેમાં આશ્ચર્ય થવા જેવું શું છે? મોક્ષમાર્ગપ્રકાશક, અનુભવપ્રકાશ, ચિદ્વિલાસ વગેરે પુસ્તકો ગૃહસ્થોએ બનાવ્યાં છે તે શું આપણે વ્યાખ્યાનમાં નથી વાંચતા?

પર્યાયમાં દ્રવ્યનું ધ્રુવ સામર્થ્ય આવતું નથી, તો પછી તું પર્યાયનું આલંબન શા માટે લે છે? ત્રિકાળી ધ્રુવ દળનું—પરિપૂર્ણ નિત્ય સામર્થ્યધારક જ્ઞાયક દ્રવ્યસ્વભાવનું—અવલંબન લે ને; તેનો જ આશ્રય કર ને.

'જ્ઞાનાનંદસાગરનાં તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ.'

જેમ સમુદ્રમાં તરંગો ઊઠે છે તેમ જ્ઞાનાનંદસાગર ભગવાન આત્મામાં પર્યાયતરંગો ઊઠે છે. તે તરંગોને ન જોતાં અંદર જ્ઞાયક ધ્રુવ દળ ઉપર દૃષ્ટિ કર. અંદર જ્ઞાનની જે પર્યાય થાય તે પણ આશ્રય કરવાની ચીજ નથી, જાણવાની ચીજ છે. શ્રદ્ધાનું જોર તો અપરિણામી ધ્રુવ પૂર્ણાનંદ જ્ઞાયકભાવ ઉપર લગાવ ને; અંદર જે ભગવાન બિરાજે છે તેનો ભેટો કર ને. પર્યાયનો પ્રેમ છોડી દે ને.

'તરંગો તો ઊછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ?'

પર્યાય તો ઊછળતી જ રહેશે, તું તેની ભાવના—વલણ શું કામ કરે છે? વ્યવહારથી લાભ થાય એ વાત તો ક્યાંય રહી ગઈ, પણ વ્યવહારને જાણવાવાળી જે જ્ઞાનની પર્યાય છે તેનું પણ અવલંબન શા માટે લે છે? અહા! આકરો માર્ગ! આ વાત સમજાય નહિ એટલે એકાન્ત-નિશ્ચય લાગે. ધર્મ નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય—એમ અજ્ઞાની અનેકાંત માને છે; પણ તે અનેકાંત ક્યાં થયો? તે તો એકાંત થયો. સપ્તભંગીમાં 'સ્વથી છે અને પરથી નથી' એમ બે ભંગ છે; એ પ્રમાણે 'નિશ્ચયથી ધર્મ થાય છે અને વ્યવહારથી નહિ'—એ સાચો અનેકાંત છે. અનેકાંતના સ્વીકારમાં વ્યવહાર

અને પર્યાયનું જ્ઞાન આવે છે, પણ તેનું અવલંબન શા માટે લે છે? તેના ઉપર જોર શા માટે આપે છે? તેનો આશ્રય શા માટે કરે છે?

'અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે.'

જો તારે સમ્યગ્દર્શન—ધર્મનું પ્રથમ સોપાન—કરવું હોય તો સંયોગ, નિમિત્ત, વિભાવ અને અપૂર્ણ પર્યાય ઉપરથી તો ઠીક, પણ અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ ઉઠાવી લે. હું ગુણી અને જ્ઞાન, આનંદ, વીર્ય, ચારિત્ર આદિ મારા ગુણ—એમ ગુણ-ગુણીનો ભેદ પણ વિકલ્પનું કારણ છે. માટે તેના ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે. ભગવાન આત્મામાં એક 'અનંતધર્મત્વ' નામની શક્તિ છે. અનંત ધર્મો હોવા છતાં આત્મા અનંતધર્માત્મક અખંડ એક અભેદ વસ્તુ છે. માટે અહીં કહ્યું છે કે અનંત ધર્મોના—અનંત ગુણોના—ભેદ ઉપર જો દૃષ્ટિ અટકી જશે તો સમ્યગ્દર્શન નહિ થાય, મિથ્યાત્વ સહિતના વિકલ્પો ઊઠ્યા કરશે.

સમ્યક્ નામ સત્ય. સત્ય એવું પૂર્ણ અભેદ નિજ જ્ઞાયકતત્ત્વ તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું આલંબન લેવાથી, સમ્યગ્દર્શન થશે; બાકી ગુણ-ગુણીના ભેદથી પણ નહિ થાય. જ્ઞાયક આત્મા અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવસ્વરૂપ કહ્યો છે; તેમાં આત્માને 'અવિશેષ'—ગુણના ભેદ રહિત અભેદ પણ કહ્યો છે. ગુણ-ગુણીના ભેદ રહિત અભેદ—અવિશેષ—સામાન્ય ધ્રુવ આત્માનો દૃષ્ટિમાં આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. માટે ગુણ-ગુણીના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે.

'અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ—અપરિણામી અભેદ એક દળ—તેમાં દૃષ્ટિ દે.'

અનંત ગુણવાળો કહેવો તે પણ ભેદ થઈ ગયો. 'ગુણવાળો'—એમ નહિ પણ ગુણમય. અભેદ એક ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક નિજતત્ત્વ—જે અપરિણામી છે, અભેદ છે, અખંડ એક દળ છે—તેને દૃષ્ટિમાં લે, અંતરમાં તેનો આશ્રય કર, તો તને સમ્યગ્દર્શન થશે, ભવભ્રમણનો અંત આવશે.

'પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ.'

'હું જ્ઞાનાનંદ સ્વભાવથી પરિપૂર્ણ, નિત્ય અને અભેદ આત્મા છું'—એવું અંદરથી દૃષ્ટિનું જોર લાવ. અહા! બેનની ભાષા સહેલી છે, પણ બાપુ! ભાવ ઘણા ઊંડા છે. સમ્યગ્દર્શન પામવાની—ભવનો અંત કરવાની—મૂળ વિધિ આ છે; બાકી બધું ઠીક, કષાય મંદ કર્યો હોય તો સ્વર્ગ મળે, પણ ભવનો અંત ન થાય. આ હું અત્યારે સ્વભાવે કરીને

પરિપૂર્ણ નિત્ય અભેદ જ્ઞાયક પરમાત્મા છું—એવું અંદરમાં પુરુષાર્થનું જોર લાવ.

‘તું જ્ઞાતાદ્રષ્ટા થઈ જઈશ.’

સ્વભાવે જેવો તું જ્ઞાતાદ્રષ્ટા છો તેવો જ તું પર્યાયમાં વ્યક્ત જ્ઞાતાદ્રષ્ટા—પરનો ને વિભાવનો અકર્તાભોક્તા—થઈ જઈશ. અહા! એકલું તત્ત્વનું માખણ છે. વિશેષ જ્ઞાન પણ ન હોય તોપણ—અલ્પ જ્ઞાનમાંય પણ—અભેદ ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થઈ જાય છે. ‘હું તો કેવળ જાણવા-દેખવાવાળો છું’ એમ અભેદ સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી સમકિતી, શુભાશુભ રાગ હોવા છતાં અંતરમાં જ્ઞાતાદ્રષ્ટા છે. હું પરની ક્રિયા કે રાગ કરું—એવી કર્તૃત્વબુદ્ધિ જ્ઞાતા-દ્રષ્ટાપણામાં હોતી નથી. અહા! આવી વાત છે ભાઈ! સ્વભાવનું આલંબન લે, તો તું જ્ઞાતાદ્રષ્ટા થઈ જઈશ.

સહજ ચિદાનંદ.

સં. ૨૦૩૦

(શ્રાવણ વદ ૧૪ના દિને પંડિત શ્રી હિંમતભાઈના ઘરે આહાર કરવા પધાર્યા ત્યારે)

પૂજ્ય ગુરુદેવ :—હિંમતભાઈ! જુઓને, લોકોને કેટલા ભાવ છે બેન ઉપર! બીજના ટાણે કેટલું બધું માણસ આવ્યું’ તું!

પૂ. બહેનશ્રી (અતિ નરમાશથી) :—સાહેબ! મારે તો આત્માનું કરવું છે. એ તો બધી ઉપાધિ લાગે છે.

પૂજ્ય ગુરુદેવ :—બેન બા! તમારે શું છે? તમારે તો બધું જોયા કરવું. મારા હિસાબે તો હજી ઓછું થાય છે, તમારા માટે તો લોકો જેટલું કરે તેટલું થોડું છે.

# પ્રવચન-૮૦

તા. ૩૦-૮-૭૮

## વચનામૃત—૨૦૨

**દૃઢ પ્રતીતિ કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, દ્રવ્યમાં ઊંડો ઊતરી જા, દ્રવ્યના પાતાળમાં જા. ત્યાંથી તને શાન્તિ ને આનંદ મળશે. ખૂબ ધીરો થઈ દ્રવ્યનું તળિયું લે. ૨૦૨**

'દૃઢ પ્રતીતિ કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, દ્રવ્યમાં ઊંડો ઊતરી જા, દ્રવ્યના પાતાળમાં જા.'

સહજ જ્ઞાન, સહજ આનંદ આદિ અનંત ગુણમય નિજ આત્માના, રાગાદિથી ભિન્ન ત્રિકાળી અખંડ ધ્રુવ સ્વરૂપનો ગુરુગમે અંતરમાં બરાબર નિર્ણય કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, જ્ઞાયકસ્વભાવમાં ઊંડું અવગાહન કર, દ્રવ્યસ્વભાવના પાતાળમાં પહોંચી જા. ત્યાં તને કોઈ અદ્‌ભુત અતીન્દ્રિય આત્માનુભૂતિ થશે. જ્યાં સુધી આત્મા યથાર્થપણે ખ્યાલમાં ન આવે ત્યાં સુધી ઉપયોગ સ્થૂલ છે; આત્મા ખ્યાલમાં આવે તે ઉપયોગ સૂક્ષ્મ છે. અગિયાર અંગનો પાઠી હોય પણ અંદર આત્માનું યથાર્થ સ્વરૂપ સાનુભવ ખ્યાલમાં ન આવે તો તેનો પણ સ્થૂલ ઉપયોગ છે. સ્થૂલ એવા વ્રતાદિના મંદ કષાયમાં તે અટકી ગયો છે, સૂક્ષ્મ એવા જ્ઞાનસ્વભાવની તેને પ્રતીતિ થઈ નથી.

'સૂક્ષ્મ ઉપયોગવાળો થઈને...' શું કહ્યું? અંતર સ્વરૂપસન્મુખ થવા માટે જ્ઞાનના પરિણામને, જ્ઞાનના ઉપયોગને ઘણો જ ધીરો કર, ઝીણો કર, કેમ કે સૂક્ષ્મ ઉપયોગથી જ આત્મા જણાય છે; બહારના ક્રિયાકાંડવાળો, પૂજાભક્તિના રાગવાળો, વ્રતાદિના પુણ્યવાળો કે બીજા અનેક સ્થૂલ ઉપયોગવાળો થઈને જ્ઞાનાનંદમૂર્તિ નિજ આત્મા જણાતો નથી. જાણવાના અંતર વ્યાપારને એવો ઝીણો કર કે જેથી સ્થૂલ એવા શુભ રાગથી ભિન્ન સૂક્ષ્મ આત્મા બરાબર પકડમાં આવે. આ જ્ઞાયક-આત્મા ઈન્દ્રિયોથી, નિમિત્તથી કે રાગની

મંદતાથી તો પકડમાં આવતો નથી, પણ અંદર જ્ઞાનનો જે સ્થૂલ ઉપયોગ છે તેનાથી પણ પકડમાં આવતો નથી. પ્રથમ તત્ત્વનો દૃઢ નિર્ણય કરી, સ્થૂલ ઉપયોગને છોડી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, અંદર ભગવાન આત્માને પકડે તો સમ્યગ્દર્શન—ધર્મની શરૂઆત—થાય. બાકી લાખ ક્રિયાકાંડ કરે, વ્રત-તપ કરી સુકાઈ જાય—આચાર્યદેવ કહે છે : ક્લેશ કરો તો કરો—તેમાં કંઈ સમ્યગ્દર્શન નથી; ભવનો અંત કરવાનો તે ઉપાય નથી.

આ તો હજુ પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે, ચારિત્રની વાત તો પછી. સમ્યગ્દર્શન થતાં આત્માનું જે શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ પ્રતીતિમાં—અનુભૂતિમાં—આવ્યું, તેમાં જ વિશેષ લીનતા થવી તે ચારિત્ર છે. સમ્યગ્દર્શન થતાં એવી પ્રતીતિ થઈ ગઈ છે કે—ભલે ચારિત્ર થયું નથી, પણ ઉપયોગ સૂક્ષ્મ કરીને જે અખંડ જ્ઞાયક પ્રભુ અનુભવમાં આવ્યો છે તેમાં જ વિશેષ રમણતા થશે ત્યારે જ રાગનો નાશ અને ચારિત્રદશા થશે.

જ્ઞાનપર્યાયને સૂક્ષ્મ કરીને, 'વસ્તુસ્વરૂપ શું છે? કેવું છે?' તે જાણીને તેની પ્રતીતિ કરવી; કેમ કે જાણ્યા વિનાની પ્રતીતિ તો ગધેડાનાં શીંગડાંની પ્રતીતિ સમાન અશક્ય છે. વસ્તુનો ખ્યાલ જ ન હોય તો પ્રતીતિ ક્યાંથી બની શકે? માટે પ્રથમ ઓળખીને દૃઢ પ્રતીતિ કરવી કે—જ્ઞાયકવસ્તુ પૂર્ણ, અભેદ અને એકરૂપ છે. તેને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવી, ધ્યાનની પર્યાયમાં ધ્યેય બનાવી, તેની અચળ પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. અહા! આવી વાત છે ભાઈ! ભવના અંતનો આ એક જ ઉપાય છે. 'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ.' અજ્ઞાનીઓને આમાં એકાંત લાગે છે; પણ ભાઈ! આ જ ખરો અનેકાંત છે. ક્રિયાથી અને શુભ રાગથી પણ ધર્મ થાય તે સમ્યક્ અનેકાંત નથી, મિથ્યા અનેકાંત છે. આત્માથી—વીતરાગ ભાવથી—પણ ધર્મ થાય અને રાગથી પણ ધર્મ થાય—એમ બેનું મિશ્રણ કરવું તે સમ્યક્ અનેકાંત નથી. વધ્યઘાતકરૂપ પરસ્પર વિરોધી ભાવોનું મિશ્રણ કેમ થાય? બેનો મેળ કેમ થાય ? સમયસારની ૭૨મી ગાથામાં કહ્યું છે : પુણ્યપાપના ભાવ અશુચિ છે, જ્ઞાનસ્વભાવથી વિપરીત—જડ છે અને દુઃખનાં કારણ છે; ભગવાન જ્ઞાયક આત્મા પરમ શુચિ, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ અને દુઃખનું અકારણ—સુખસ્વરૂપ છે. આવા સહજ જ્ઞાનસ્વરૂપ આત્માનો પાકો નિર્ણય કરી, જ્ઞાનવિચારને સૂક્ષ્મ કરી અંદર જ્ઞાયકસ્વભાવમાં ઊંડો ઊતરી જા, તો તને અપૂર્વ અતીન્દ્રિય આનંદદશાની પ્રાપ્તિ થશે. અહા! આ માર્ગ બીજે ક્યાંય નથી. જૈનના વાડામાં પડ્યા છે એમને પણ વસ્તુસ્વરૂપની ખબર નથી.

'દ્રવ્યમાં ઊંડો ઊતરી જા, દ્રવ્યના પાતાળમાં જા.' શું કહે છે? દ્રવ્ય વસ્તુ છે, ઊંડું ઊંડું ગંભીર ગંભીર તત્ત્વ છે, જ્ઞાનાદિ અનંત અનંત ગુણોના પિંડરૂપ અભેદ એક પદાર્થ છે; તેમાં દૃષ્ટિ લગાવી અંદર ઘૂસી જા. 'ઘૂસી જા' નો અર્થ એમ નથી કે પર્યાય

દ્રવ્યમાં એકમેક થઈ જાય છે—પર્યાય દ્રવ્ય થઈ જાય છે; પરંતુ પર્યાયની જાતિ, દ્રવ્યનો આશ્રય કરવાથી, દ્રવ્ય જેવી નિર્મળ થઈ જાય છે; તેને પર્યાય દ્રવ્યમાં ઊંડી ઊતરી—અભેદ થઈ—એમ કહેવાય છે.

જેમાં શક્તિઓની સંખ્યાનો કોઈ પાર નથી એવા અપાર, અખંડ, એકરૂપ, અભેદ દ્રવ્યના ઊંડાણમાં ઊતરી જા, તેના પાતાળમાં જા. તળાવમાં પગથિયાંથી અંદર ઉતરાય છે તેમ સૂક્ષ્મ ઉપયોગની સીડી લઈને અંદર જ્ઞાયક દ્રવ્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા, જ્ઞાયકના પાતાળમાં જા. બહારમાં જે લક્ષ છે—રુચિ છે તે છોડીને, જ્ઞાનની પર્યાયમાં સૂક્ષ્મતા પ્રગટ કરીને, જ્ઞાયકસ્વભાવમાં ઊંડો ઊતરી જા, તેના અંદર પાતાળમાં જા, તો તને અતીન્દ્રિય શાન્તિ અને આનંદની પ્રાપ્તિ થશે. અહા! આવો માર્ગ છે. આ વિના બધું થોથાં છે. સહજ જ્ઞાયકતત્ત્વના અનુભવ વગર બાહ્ય ત્યાગ લઈને માનવું કે 'હું ત્યાગી છું'—એ બધી ભ્રમણા છે.

અરેરે! આવો દુર્લભ મનુષ્યભવ ચાલ્યો જાય છે, માથે મોતનાં નગારાં વાગે છે. મોતનો સમય આવતાં ફટ દઈને દેહ છૂટી જશે. તે વખતે મરણની વેદના પણ કેટલી હશે? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ-દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલાં સગાસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે? જો તેં શાશ્વત સ્વયં રક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ—અનુભૂતિ કરી આત્મઆરાધના કરી હશે, આત્મામાંથી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ તે પ્રયત્ન કર.

અહીં કહે છે : દ્રવ્યના પાતાળમાં જા. અંદર દ્રવ્યનો જે મૂળ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ છે તે પાતાળ છે, અને પર્યાય છે તે ક્ષણિક ઉપરની ચીજ છે. વસ્તુમાં પર્યાય ઉપર ઉપર તરે છે, ધ્રુવ સ્વભાવમાં પ્રવેશ કરતી નથી. રાગને જાણવાના કાળે જ્ઞાનની પર્યાય રાગમાં પેસતી નથી અને જ્ઞાનની પર્યાયમાં રાગ પણ પેસતો નથી. અંદર ધ્રુવ જ્ઞાયક સ્વભાવનું પાતાળ, તળ, ભોંયરું, ઊંડી ગુફા પડી છે ત્યાં આ પર્યાયને લઈ જા, પર્યાયમાં તે ધ્રુવ સ્વભાવનો આશ્રય કર, તેનું આલંબન લે.

'ત્યાંથી તને શાન્તિ ને આનંદ મળશે.'

આ વર્તમાન જ્ઞાનની પર્યાયને સૂક્ષ્મ કરીને જ્ઞાયકના ઊંડા પાતાળમાં લઈ જા, તેનું લક્ષ કર, તો ત્યાંથી તને આનંદ ને શાન્તિ પ્રાપ્ત થશે. ચારિત્રગુણની નિર્મળ પર્યાયને

'શાન્તિ' તથા આનંદગુણની નિર્મળ પર્યાયને 'આનંદ' કહ્યો છે. પૂર્ણ દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ દેવાથી પર્યાયમાં અતીન્દ્રિય શાંતિ અને આનંદ આવશે. શાન્તિ અને આનંદ બન્ને ભિન્ન ભિન્ન ગુણોની નિર્મળ પર્યાય છે. તે બન્ને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરવાથી પ્રગટે છે. સુખ અને શાન્તિનો માત્ર આ એક જ ઉપાય છે. આવો માર્ગ છે ભાઈ! લોકોને ક્યારે સાંભળવા મળે?

શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથમાં કહ્યું છે : જે જીવ આજીવિકા અર્થે, મોટાઈ માટે અથવા કોઈ વિષયકષાયસંબંધી પ્રયોજન વિચારી કપટથી જૈની થાય છે તે તો પાપી જ છે; કારણ કે—અતિ તીવ્ર કષાય થતાં જ એવી બુદ્ધિ થાય છે, તેમનું સુલઝવું પણ કઠણ છે. જૈનધર્મ તો સંસારનાશના અર્થે સેવવામાં આવે છે, પણ એ વડે જ જે સંસારપ્રયોજન સાધવા ઈચ્છે છે તે મોટો અન્યાય કરે છે, માટે તે તો મિથ્યાદૃષ્ટિ જ છે.

દુનિયામાં મારું જ્ઞાન પ્રસિદ્ધ થાઓ, દુનિયા મારી પ્રશંસા કરે અને હું જે કહું છું તેનાથી દુનિયા રાજી થાય—એમ અંદર અભિમાનનું જેને પ્રયોજન હોય તેનું ધારણારૂપ જ્ઞાન, ભલે સાચું હોય તોપણ, ખરેખર અજ્ઞાન છે—મિથ્યાજ્ઞાન છે. અંદર શાંતિ અને આનંદનો સાગર પડ્યો છે તેમાં ભાષાનું કાંઈ કામ નથી. ભાષા બહુ મલાવે તો અંદર વસ્તુ હાથ આવી જાય—એમ નથી. અંદર સ્વભાવની દૃષ્ટિ કરે, તેનું લક્ષ કરે, તેનો આશ્રય કરે, તેની સન્મુખ જાય ત્યારે અતીન્દ્રિય શાન્તિ અને આનંદ મળે છે. અહા! નિમિત્ત અને વ્યવહારના રસિયાને આવી વાત પાગલ જેવી લાગે; પણ પ્રભુ! શું કહીએ? મારગ જ આવો છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાન પણ આ જ પ્રમાણે કહે છે અને બેનનાં વચનામૃતમાં પણ અહીં એ જ વાત કહી છે.

'ખૂબ ધીરો થઈ દ્રવ્યનું તળિયું લે.'

ખૂબ જ ધીર અને ગંભીર થઈને દ્રવ્યસ્વભાવનો તાગ લે. ધ્યેય પ્રત્યે ધીને પ્રેરે તે ધીર છે. જે પોતાની ધીને—બુદ્ધિને—અંતર જ્ઞાયકસ્વભાવમાં પ્રેરે તેને ધીર કહે છે. ખૂબ ધીર તથા ગંભીર થઈ ને જ્ઞાયકદ્રવ્યના તળનો સ્પર્શ કર—અનુભવ કર. અહા! તત્ત્વનું એકલું માખણ કહ્યું છે. દ્રવ્યના ધ્રુવ તળને પકડ, તેનો સ્પર્શ કર, તેનું તળિયું લે, તેનો અનુભવ કર. અહા! આવી વાત છે. સમજાણું કાંઈ?

## વચનામૃત—૨૦૩

**આ બધે—બહાર—સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે, તે બધેથી ઉઠાવી, ખૂબ જ ધીરો થઈ, દ્રવ્યને પકડ. વર્ણ નહિ, ગંધ નહિ, રસ નહિ, દ્રવ્યેન્દ્રિય પણ નહિ અને ભાવેન્દ્રિય પણ દ્રવ્યનું સ્વરૂપ નથી. જોકે ભાવેન્દ્રિય છે તો જીવની જ પર્યાય, પણ તે ખંડખંડરૂપ છે, ક્ષાયોપશમિક જ્ઞાન છે અને દ્રવ્ય તો અખંડ ને પૂર્ણ છે, માટે ભાવેન્દ્રિયના લક્ષે પણ તે પકડાતું નથી. આ બધાંથી પેલે પાર દ્રવ્ય છે. તેને સૂક્ષ્મ ઉપયોગ કરીને પકડ. ૨૦૩.**

'આ બધે—બહાર—સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે, તે બધેથી ઉઠાવી, ખૂબ જ ધીરો થઈ, દ્રવ્યને પકડ.'

શરીર, વાણી આદિ પરદ્રવ્યને, નિમિત્તોને, શુભાશુભ રાગને, ઊઘડેલી જ્ઞાનની પર્યાયને અને ગુણ-ગુણીના ભેદને—એમ બધાંને જાણવાનો જે આ ખંડખંડ ઉપયોગ થઈ રહ્યો છે તે સ્થૂળ ઉપયોગ છે. બહારમાં—સંયોગમાં, વિષયોમાં, નિમિત્તમાં, રાગમાં ને અપૂર્ણ પર્યાયમાં—ભટકનારા સ્થૂળ ઉપયોગને તે બધેથી ઉઠાવી લે, અંદર રુચિને બધેથી ઉઠાવી લે, અને ખૂબ જ ધીરો થઈ નિજ જ્ઞાયકદ્રવ્યને પકડ. અહાહા! ભાષા તો સાદી છે પ્રભુ! માલ તો જે છે તે આ છે. અંદર પૂર્ણાનંદ જ્ઞાયક પ્રભુ બિરાજે છે તેમાં ઊંડો ઊતરીને, ખૂબ જ ધીર, વીર અને ગંભીર થઈને દ્રવ્યસ્વભાવને પકડ, દૃષ્ટિમાં તેનો આશ્રય લઈને અનુભવ કર. ધીર એટલે ધ્રુવ ધ્યેય પ્રત્યે ધીને—બુદ્ધિને વાળીને, વીર એટલે ધ્રુવ ધ્યેયના આશ્રયનું વિશેષપણે પરાક્રમ ફોરવીને, અને ગંભીર એટલે બહારની બધી ઉત્સુકતા નિવારીને—ધ્રુવ જ્ઞાયકસ્વભાવના અવલંબન વડે પીઢ-ઠરેલ બનીને—નિજ શુદ્ધાત્માને પકડ, તેનો અતીન્દ્રિય અનુભવ કર.

ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરવાનું કામ જે પર્યાય કરે છે તે પર્યાય ઉપરથી પણ લક્ષ ઉઠાવી લે. ભાષા તો જુઓ! બધેથી લક્ષ ઉઠાવી લે તેમાં વ્યવહાર-રત્નત્રયના વિકલ્પો પણ આવી ગયા, અને જે અંદરમાં જવાનું કામ કરે છે તે એક સમયની પર્યાય પણ આવી ગઈ. તે બધેથી લક્ષ ઉઠાવી ધ્રુવ જ્ઞાયકને પકડ. અધ્રુવથી—પલટતી પર્યાયથી—ધ્રુવને પકડ. અનિત્યથી નિત્યને પકડ, નિત્યથી નિત્ય પકડાતું નથી. તેની જે અનિત્ય પર્યાય છે તેને એવી ધીર અને ગંભીર બનાવ કે જેથી દ્રવ્યસ્વભાવને પકડી લે.

વસ્તુસ્વરૂપ ઉપર દૃષ્ટિને લઈ જા; તે વગર સમ્યગ્દર્શન ક્યારેય નહિ થાય. ભાઈ! મારગ તો આવો છે. આ સિવાય લાખ વ્રત-તપ કરે, ભક્તિ, પૂજા કે યાત્રા કરે, કરોડો ને અબજો રૂપિયા ખરચીને મોટાં મોટાં મંદિરો બંધાવે, તોપણ તેના વડે કાંઈ આત્મા પકડમાં આવતો નથી. જો પૈસાથી ધર્મ થતો હોય તો બિચારા ગરીબોને રોવું પડે. બાહ્ય ક્રિયાકાંડ કે પૈસાને આધીન ધર્મ નથી; અંદર પાતાળમાં—દ્રવ્યસ્વભાવમાં—ભગવાન બિરાજે છે તેને પકડ તો સમ્યગ્દર્શન—ધર્મનું પ્રથમ સોપાન—પ્રાપ્ત થશે.

'વર્ણ નહિ, ગંધ નહિ, રસ નહિ, દ્રવ્યેન્દ્રિય પણ નહિ અને ભાવેન્દ્રિય પણ દ્રવ્યનું સ્વરૂપ નથી.'

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને દ્રવ્યેન્દ્રિય તો પુદ્ગલની પર્યાય છે, આત્મા નથી; અને ભાવેન્દ્રિય ક્ષાયોપશમિક જ્ઞાનની પર્યાય છે, તે કાંઈ દ્રવ્યનું ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ નથી.

'જોકે ભાવેન્દ્રિય છે તો જીવની જ પર્યાય, પણ તે ખંડખંડરૂપ છે, ક્ષાયોપશમિક જ્ઞાન છે અને દ્રવ્ય તો અખંડ ને પૂર્ણ છે, માટે ભાવેન્દ્રિયના લક્ષે પણ તે પકડાતું નથી.'

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ પોતાના ખંડખંડ જ્ઞાનને—ભાવેન્દ્રિયજ્ઞાનને—ચાહતા નથી, તેનો આશ્રય લેતા નથી.

પ્રશ્ન :—તો પછી તે કોનો આશ્રય લે છે?

ઉત્તર :—જે સકલનિરાવરણ - અખંડ - એક - પ્રત્યક્ષપ્રતિભાસમય - શુદ્ધ - અવિનશ્વર-પારિણામિક-પરમભાવ-લક્ષણ નિજપરમાત્મદ્રવ્ય છે તેનો જ જ્ઞાની આશ્રય લે છે. આ વાત સમયસારની ૩૨૦ મી ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં આવે છે. અહા! આવી વાતો મોંઘી પડે એટલે લોકોએ બીજો રસ્તો કાઢ્યો કે—પડિમા લઈ લો, સાધુ થઈ જાઓ; પણ ભાઈ! નિજ આત્માના ભાન વિના સાધુ કેવો? અંદર આત્માના આશ્રય વિના આ બાહ્ય ત્યાગનું તને અભિમાન થઈ જશે કે—અમે ત્યાગી છીએ, અમે મોટા છીએ. બાપુ! જ્યાં અંદરમાં ત્યાગનાં અભિમાન છે ત્યાં તે ત્યાગી કેવો? તે શેનો ત્યાગી છે? એ તો ખરેખર ધર્મનો ત્યાગી છે—ધર્મ તેનાથી દૂર છે. અરે! ભાઈ! આ પંડિતાઈની ચીજ નથી.

પ્રભુ! એક સમયની પર્યાયથી પણ ઉદાસ થઈને તારા ત્રિકાળી આનંદકંદ જ્ઞાયકને પકડ. ભાવેન્દ્રિય—ક્ષાયોપશમિક જ્ઞાન—તો ખંડખંડરૂપ જ્ઞાનપર્યાય છે, અને આત્મા તો પૂર્ણ નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષપ્રતિભાસ-સ્વરૂપ પરમ પદાર્થ છે. તે ભાવેન્દ્રિયના લક્ષથી પણ પકડમાં આવતો નથી. પકડનારી પર્યાય પોતે ક્ષાયોપશમિક ભાવે છે, પણ તેના

લક્ષે પ્રભુ આત્મા પકડવામાં આવતો નથી. વસ્તુ પોતે પોતાની ક્ષાયોપશમિક જ્ઞાનની પર્યાય વડે પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરે તો દ્રવ્ય પકડમાં આવે. અહા! આવો મારગ છે પરમાત્માનો. મહાવિદેહમાં ભગવાન પાસે તો આ ધોખમાર્ગ ચાલે છે. સત્યને કાંઈ સંખ્યાની જરૂર નથી કે—ઘણા માણસો માને તો જ સત્ય કહેવાય. ચીજ જે રીતે સત્ય છે તેને તે રીતે માને તો સત્ય કહેવાય છે. અખંડ ધ્રુવ વસ્તુ ભાવેન્દ્રિયના લક્ષે પણ પકડાતી નથી.

'આ બધાંથી પેલે પાર દ્રવ્ય છે. તેને સૂક્ષ્મ ઉપયોગ કરીને પકડ.'

ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકદ્રવ્ય આ બધાંથી—દેવ-શાસ્ત્ર-ગુરુથી, અન્ય નિમિત્તોથી, શુભાશુભ રાગથી, વ્યવહારરત્નત્રયના પરિણામથી, ભાવેન્દ્રિયરૂપ અધૂરા જ્ઞાનથી, અરે! ધ્રુવ તત્ત્વનું આલંબન લેનાર એક સમયની નિર્મળ પર્યાય વગેરે બધાંથી—પેલે પાર છે. અહા! બોલ બહુ સારો આવી ગયો છે. બેનનાં વચનામૃત પણ અત્યારે બરાબર મેળવાળાં આવી ગયાં છે.

તે બધાંથી પેલી પાર જે નિજાત્મદ્રવ્ય છે તેને ધીરજથી ઉપયોગ સૂક્ષ્મ કરીને બરાબર પકડ. જ્યારે તે પકડમાં આવે છે ત્યારે તે સૂક્ષ્મ ઉપયોગથી જ પકડમાં આવે છે; અને જો પકડમાં નથી આવતો તો સમજવું કે ત્યાં સુધી ઉપયોગ સ્થૂલ છે. સમજાણું કાંઈ? દ્રવ્યસ્વભાવને ઉપયોગ સૂક્ષ્મ કરીને પકડ. દ્રવ્યસ્વભાવ પકડમાં આવતાં તને સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે.

# પ્રવચન–૮૧

તા. ૩૧-૮-૭૮

## વચનામૃત—૨૦૪

આત્મા તો અનંત શક્તિઓનો પિંડ છે. આત્મામાં દૃષ્ટિ સ્થાપવાથી અંદરથી જ ઘણી વિભૂતિ પ્રગટે છે. ઉપયોગને સૂક્ષ્મ કરી અંદર જવાથી ઘણી સ્વભાવભૂત રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે છે. અંદર તો આનંદનો સાગર છે. જ્ઞાનસાગર, સુખસાગર—એ બધું અંદર આત્મામાં જ છે. જેમ સાગરમાં ગમે તેટલા જોરદાર તરંગો ઊછળ્યા કરે તોપણ તેમાં વધઘટ થતી નથી, તેમ અનંત અનંત કાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે તોપણ દ્રવ્ય તો એવું ને એવું જ રહે છે. ૨૦૪.

'આત્મા તો અનંત શક્તિઓનો પિંડ છે. આત્મામાં દૃષ્ટિ સ્થાપવાથી અંદરથી જ ઘણી વિભૂતિ પ્રગટે છે.'

એકદમ અંતરના તત્ત્વની દૃષ્ટિની વાત છે. જેને કલ્યાણ કરવું છે તેણે 'કલ્યાણનો ઉપાય શો છે?' તે તો જાણવું પડશે ને! આત્માનો ધર્મ કરવો છે, તો આત્મા શી ચીજ છે? આત્મા અનંત શક્તિઓનો પિંડ—અનંત ગુણોનો સમૂહ—છે. શરીરાદિ સંયોગથી, શુભાશુભ રાગથી અને એક સમયની પર્યાયથી પણ દૃષ્ટિ હઠાવીને જ્ઞાન-આનંદાદિ અનંત ગુણમય આત્મામાં દૃષ્ટિ સ્થાપવાથી, અભિપ્રાયમાં ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો આશ્રય કરવાથી, અંતરમાંથી નિર્મળ જ્ઞાન, આનંદ, શાન્તિ, પ્રભુતા આદિ અનંત વિભૂતિ પર્યાયમાં પ્રગટ થાય છે. ત્રિકાળી ધ્રુવ શક્તિના આલંબને પર્યાયમાં અનંત ગુણોની નિર્મળ પર્યાય પ્રગટ થવી તેને અહીં 'વિભૂતિ પ્રગટ થઈ' એમ કહેવામાં આવે છે.

'ઉપયોગને સૂક્ષ્મ કરી અંદર જવાથી ઘણી સ્વભાવભૂત રિદ્ધિ-સિદ્ધિઓ પ્રગટે છે.'

જ્ઞાનના, જ્ઞેયને જાણવારૂપ પરિણમનને—વ્યાપારને—ઉપયોગ કહે છે. જે ઉપયોગ બહારમાં—નિમિત્ત, રાગ ને પર્યાયમાં—જાય છે તે ઉપયોગ સ્થૂલ છે અને જે ઉપયોગ અંદર ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકને અવલંબીને પ્રવર્તે છે તેને શુદ્ધોપયોગ, સૂક્ષ્મ ઉપયોગ, નિર્મળ આરાધનાનો ભાવ વગેરે અનેક નામોથી કહેવાય છે. આ મુદ્દાની રકમની વાત છે. ભાઈ! આ જીવ અનાદિથી ચોરાશી લાખ યોનિનાં—જન્મ-મરણનાં—દુઃખમાં પડેલો છે; અંદર ચૈતન્યપ્રભુનાં જ્ઞાન, ને આદર વગર રાગ ને પુણ્યના આદર ને સત્કારમાં દુઃખી થઈ રહ્યો છે.

આત્મામાં અનંત ગુણો છે, તો તેમાં કોઈ દુઃખ કે વિભાવ નામનો ગુણ હશે—એમ નથી. તે તો તેની એક સમયની વિકૃત અવસ્થા છે. તે થાય છે કઈ રીતે? પર્યાયમાં નિમિત્તાધીન દૃષ્ટિને લીધે વિકાર થાય છે. જેટલા અંદર ગુણો છે તે તો શુદ્ધ શક્તિ છે; તેની દૃષ્ટિ—આશ્રય—અવલંબન કરવાથી વિકાર થતો નથી. સ્વભાવની સંપદાને ભૂલીને, દ્રવ્ય ને ગુણ સ્વભાવે નિર્મળ હોવા છતાં અને ગુણો પોતાની મેળે એકલા વિકૃત અવસ્થાએ ન પરિણમે એવી શક્તિ હોવા છતાં, પર્યાયમાં જે રાગ ને પુણ્ય થાય છે તે નિમિત્તાધીન થવાથી થાય છે. આત્મામાં વિકાર કરવાનો કોઈ ગુણ હોય તો વિકાર કોઈ દી ટળે નહિ, સ્વભાવ થઈ જાય.

અનંત અનંત શક્તિઓના સમુદાયને આત્મા કહે છે. સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાના પરિશિષ્ટમાં આત્માની ૪૭ શક્તિઓનું વર્ણન શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કર્યું છે. તેમાં કોઈ શક્તિ વિકારને રચે—એમ લીધું નથી; કેમ કે વિકાર કરવાનો કોઈ ગુણ આત્મામાં નથી. નિમિત્તાધીન થવાની પર્યાયમાં યોગ્યતા છે તેથી અવસ્થા વિકૃત થાય છે; પરંતુ વિકૃતિ કરવાનો કોઈ ગુણ હોય એવી કોઈ વસ્તુ જ નથી.

પ્રશ્ન :—વૈભાવિકશક્તિ છે ને?

ઉત્તર :—વિભાવ રચે એવો એનો અર્થ નથી. વિભાવ એટલે બીજાં ચાર દ્રવ્યોમાં નથી, માત્ર જીવ ને પુદ્‌ગલમાં છે, એવા વિશેષ ભાવને વિભાવ કહે છે. વિકારરૂપે પરિણમે માટે વૈભાવિક શક્તિ છે એવો તેનો અર્થ જ નથી. વૈભાવિકશક્તિ જો નિમિત્તાધીન પરિણમે તો રાગાદિ વિકૃત્ દશા થાય અને જો સ્વભાવાધીન પરિણમે તો અવિકૃત શુદ્ધ દશા થાય છે. સિદ્ધમાં પણ વૈભાવિકશક્તિ તો છે. શક્તિ ક્યાં જાય? જ્ઞાન, દર્શન, સુખ વગેરેની જેમ વૈભાવિકશક્તિ નામનો પણ ગુણ છે. નિમિત્તાધીન પોતે થાય છે માટે વિકાર ઊપજે છે, વૈભાવિકશક્તિ છે માટે વિકાર ઊપજે છે—એમ નથી.

ભાઈ! તત્ત્વની દૃષ્ટિ બહુ સૂક્ષ્મ છે. આ ભગવાન આત્મા ભલે તે વિકૃત

અવસ્થારૂપે પરિણમો તોપણ, વસ્તુ તો સદા અવિકૃત ત્રિકાળી આનંદનો અભેદ પિંડ છે. અંદરમાં આવવાથી સ્વભાવભૂત રિદ્ધિ અને સિદ્ધિઓ પ્રગટ થાય છે. બહારની રિદ્ધિ-સિદ્ધિઓની અહીં વાત નથી. પોતાના આત્મામાં જે આનંદાદિ અનંત સ્વભાવ-સંપદા પડી છે તેની, પર્યાયમાં રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થશે.

ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયકપ્રભુના પવિત્ર સ્વભાવ તરફ પર્યાયને—રુચિને—ઉપયોગને લઈ જા, જેથી તારી પર્યાયમાં જ્ઞાનાનંદસ્વરૂપ રિદ્ધિ-સિદ્ધિ પ્રગટશે. અહા! વસ્તુ આવી છે ભાઈ! પુસ્તક તો એવું બહાર આવી ગયું છે! માખણ છે માખણ! સમજાણું કાંઈ? ઉપયોગને સૂક્ષ્મ કરીને અંદર જવાથી—ત્રિકાળી નિજ શુદ્ધાત્મદ્રવ્યનો આશ્રય કરવાથી—ઘણી સ્વભાવભૂત રિદ્ધિસિદ્ધિઓ પ્રગટ થાય છે.

'અંદર તો આનંદનો સાગર છે, જ્ઞાનસાગર , સુખસાગર—એ બધું અંદર આત્મામાં જ છે.'

ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનો સાગર છે. અનંત અનંત જ્ઞાનનો સાગર, અનંત અનંત સુખનો સાગર—એમ અનંત ગુણોનો મહાસાગર પ્રભુ અંતર આત્મામાં જ છે. તે ધ્રુવ આત્મસ્વભાવનો સીધો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. ભાઈ! આ તો સમ્યગ્દર્શન પામવાની છેલ્લામાં છેલ્લી રીત છે. બાકી બીજી લાખ વાત કરે—કષાય મંદ કરો, પરિષહ સહન કરો, તો પછી સમકિત થશે—તે બધું વ્યર્થ છે, રુંધાયેલો કષાય છે.

પ્રશ્ન :—જે આ બધા ઉપસર્ગ અને પરિષહ સહન કરે છે તે સમકિતી નથી?

ઉત્તર :—ભાઈ! ઉપસર્ગ અને પરિષહનું સહન કરવું કોને કહેવાય? જ્યાં હજી, આત્મા શી ચીજ છે, તેનું સહજ શુદ્ધ સ્વરૂપ શું છે–તેની ખબર પણ નથી, ત્યાં ઉપસર્ગનું સહન કરવું અને પરિષહનો જય ક્યાંથી થાય? આવી પડેલી ગમે તેવી પ્રતિકૂળતાના પ્રસંગમાં જ્ઞાનાનંદ-ધ્રુવસ્વભાવના આશ્રયના જોરથી અંદર જ્ઞાતાદ્રષ્ટાપણે પરિણમન થાય, સહજ વીતરાગતા ઉત્પન્ન થાય, તેને ઉપસર્ગનું સહન અને પરિષહનો જય કહેવામાં આવે છે. વીતરાગનો માર્ગ ઝીણો છે ભાઈ! અહીં કહે છે કે—સહજ જ્ઞાન, સહજ આનંદ વગેરે બધું અંદર નિજ આત્મામાં જ છે.

'જેમ સાગરમાં ગમે તેટલા જોરદાર તરંગો ઊછળ્યા કરે તોપણ તેમાં વધઘટ થતી નથી, તેમ અનંત કાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે તોપણ દ્રવ્ય એવું ને એવું જ રહે છે.'

જેમ, સમુદ્રમાં ભરતી આવે ત્યારે ગમે તેટલાં મોજાં ઊછળે અને ઓટ આવે ત્યારે મોજાં સમાઈ જાય તોપણ તેના સમુદ્રપણામાં જરાય વૃદ્ધિહાનિ થતી નથી; તેમ દ્રવ્યસ્વભાવના પૂર્ણ આશ્રયે કેવળજ્ઞાન પ્રગટ થવાથી તે પૂર્ણ નિર્મળ દશા સાદિ-અનંત વહ્યા કરે—પરિણમ્યા કરે તોપણ દ્રવ્યસ્વભાવમાં કદી વધઘટ થતી નથી, તે તો સદાય એવો ને એવો જ રહે છે.

પં. કૈલાશચંદ્રજીએ લખ્યું છે : સોનગઢવાળા નિમિત્તને નથી માનતા–એમ નથી; નિમિત્ત છે, પણ નિમિત્તથી પરમાં—નૈમિત્તિકમાં—કાંઈ કાર્ય થાય એમ માનતા નથી. શું નિમિત્ત—નૈમિત્તિકને અનુકૂળ પરવસ્તુ—નથી? પણ નિમિત્ત કોની પર્યાય કરે છે? નિમિત્ત (અનુકૂળતારૂપ) પોતાની પર્યાય કરે કે પરની નૈમિત્તિકની—પર્યાય કરે? વાત તો એમ જ છે. અહીં તો આપણે પહેલેથી આ જ વાત ચાલે છે.

કેવળજ્ઞાનદશા સાદિઅનંત પરિણમ્યા કરે છે. એક સમયે પૂરણ જ્ઞાન, બીજે સમયે એવું જ પૂરણ, ત્રીજે, ચોથે, પાંચમે—એમ સાદિઅનંત કાળ પૂરણપણે વહ્યા કરે છે, તોપણ અંદર દ્રવ્યસ્વભાવમાં કદી ન્યૂનાધિકતા થતી નથી. અહા! અમૃતનો નિયત સાગર ભગવાન આત્મા! અનંત કાળ સુધી અનંત ચતુષ્ટયની અમૃતધારા પર્યાયમાં પૂર્ણપણે વહેતાં પણ અનંત સ્વભાવસાગરમાં કાંઈ વધઘટ થતી નથી; અને અનાદિથી વિકૃત દશા છે તે પણ જ્ઞાયક ભગવાન તો અંદર પૂર્ણાનંદનો નાથ જ છે. તે જ્ઞાયકદ્રવ્ય પૂર્ણ દશામાં કાંઈ વધી ગયું છે અને વિકારી દશા વખતે કાંઈ ઓછું થઈ ગયું છે—એમ નથી.

'अप्पा सो परमप्पा'—નિજ જ્ઞાયક આત્મા જ પૂર્ણાનંદનો નાથ પરમાત્મા છે. તેની અવસ્થામાં ભલે અનાદિ કાળથી વિકૃતિ રહી તોપણ તેના દ્રવ્યસ્વભાવમાં કશી ખામી આવી નથી; અને આગામી અનંત કાળ સુધી પૂર્ણ અવિકૃત દશા પ્રગટ થયા કરે તોપણ તેમાં કશો વધારો થતો નથી. એવો, સ્વભાવથી ભરપૂર આત્મા છે તેને દૃષ્ટિમાં લેવો જોઈએ. જીવનું સૌથી પહેલું કર્તવ્ય તો આ જ છે.

અનંત અનંત જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવોથી ભરપૂર એવા નિજ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવવા માટે અહીં દ્રવ્યસ્વભાવનું માહાત્મ્ય બતાવ્યું છે કે—પ્રભુ! તારું ધ્રુવ દ્રવ્ય આવું છે, ભગવાનસ્વરૂપ તું જ છો ભાઈ! ભગવાનમાં ને તારા દ્રવ્યસ્વભાવમાં જરીયે હીનાધિકતા નથી. ભગવાન પર્યાયમાં પૂર્ણ થયા છે, ને તું સ્વભાવમાં પૂર્ણ છો. તે પૂર્ણ સ્વભાવનો આશ્રય કરીને અંતર સ્વ-સન્મુખતાનો પુરુષાર્થ કર તો તું પણ પર્યાયમાં પૂર્ણ ભગવાન થઈ જઈશ.

## વચનામૃત—૨૦૫

**ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારાં ગુરુનાં વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે. ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.**

**હે શુદ્ધાત્મદેવ! તારા શરણે આવવાથી જ આ પંચપરાવર્તનરૂપી રોગ શાન્ત થાય છે. જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે. અહો! મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાન્તિ છે, બહાર નીકળતાં તો અશાન્તિ જ લાગે છે.**

**હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું. જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ, બસ તે જ મારે જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. ૨૦૫.**

'ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારાં ગુરુનાં વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે.'

અહા! બેનનાં વચનામૃતમાં માખણ આવ્યું છે માખણ એકલું. ચૈતન્યના ગુણોની અગાધતા—અપાર ગંભીરતા, અપૂર્વતા—પૂર્વે કદી સાંભળી નથી એવી અંદરમાં અપૂર્વતા અને સંખ્યાએ અનંતતા દેખાડનાર ગુરુની વાણી વડે ભગવાન નિજ શુદ્ધાત્મદેવ જેવો છે તેવો બરાબર જાણી શકાય છે.

વિ. સં. ૧૯૬૫માં અમે દુકાનનો માલ લેવા વડોદરા ગયેલા, ત્યારે સતી અનસૂયાનું નાટક જોયું હતું. અનસૂયા સતી વગર પરણ્યે સ્વર્ગમાં જતી હતી, પણ ત્યાંથી નકાર આવ્યો. કેમ? 'अपुत्रस्य गतिर्नास्ति।'—પુત્ર ન હોય તેને ઊંચી (-સ્વર્ગની) ગતિ મળતી નથી. 'તો શું કરું?' 'નીચે પડ ને ત્યાં જે હોય તેને પરણ.' નીચે એક આંધળો બ્રાહ્મણ હતો, તેની સાથે તેણે લગ્ન કર્યાં. તેનાથી તેને પુત્ર થયો. પુત્રને પારણામાં ઝુલાવતાં તે હાલરડું ગાતી હતી કે—બેટા! 'शुद्धोऽसि, बुद्धोऽसि, उदासीनोऽसि, निर्विकल्पोऽसि,' અહા! નાટકમાં પણ આવી વાતો! અત્યારે તો ધર્મની પ્રરૂપણાનાં સ્થાનોમાં પણ આવું આવતું નથી. પહેલેથી મને વૈરાગ્યનો રસ હતો, નાટકનાં વૈરાગ્યપ્રેરક દૃશ્યોની મારા હૃદયમાં ખૂબ છાપ પડતી.

સતી અનસૂયા હાલરડામાં પોતાના પુત્રને કહેતી : બેટા! તું શુદ્ધ છો, બુદ્ધ નામ

જ્ઞાનનો પિંડ છો, રાગ ને પરથી ઉદાસીન છો અને નિર્વિકલ્પ જ્ઞાનજ્યોત છો. આપણે સમયસારની શ્રી જયસેનાચાર્યદેવની ટીકામાં બંધ-અધિકાર ને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારને વિષે—એમ બે સ્થળે તથા શ્રી 'પરમાત્મપ્રકાશ'ની ટીકામાં પણ વિશેષ ભાવના માટે આવે છે કે—હું સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ છે એવો છું; હું નિર્વિકલ્પ છું; હું ઉદાસીન છું; હું નિજ નિરંજન શુદ્ધ આત્માનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચય-રત્નત્રયાત્મક જે નિર્વિકલ્પ સમાધિ તેનાથી ઉત્પન્ન વીતરાગ–સહજાનંદરૂપ સુખની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ (-સ્વરૂપ) છે એવા સ્વસંવેદનજ્ઞાન વડે સ્વસંવેદ્ય (પોતાથી વેદાવાયોગ્ય)-ગમ્ય (જણાવાયોગ્ય)-પ્રાપ્ય (પ્રાપ્ત થવા યોગ્ય)—એવો ભરિતાવસ્થ (-ભરેલી અવસ્થાવાળો, પરિપૂર્ણસ્વરૂપ) છું; હું રાગ-દ્વેષ-મોહ, ક્રોધ-માન-માયા-લોભ, પાંચ ઇન્દ્રિયોનો વિષય-વ્યાપાર, મન-વચન-કાયાનો વ્યાપાર, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ, ખ્યાતિ-પૂજા-લાભની તેમ જ દૃષ્ટ-શ્રુત-અનુભૂત ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા તથા મિથ્યારૂપ ત્રણ શલ્ય ઇત્યાદિ સર્વ વિભાવ પરિણામ રહિત શૂન્ય છું. ત્રણે લોકમાં ત્રણે કાળે શુદ્ધ નિશ્ચયનયે હું આવો છું તથા બધાય જીવો એવા છે—એમ મન-વચન-કાયાથી તથા કૃત-કારિત-અનુમોદનાથી નિરંતર ભાવના કર્તવ્ય છે.

અહા! તે વખતે 'તું શુદ્ધ છો, બુદ્ધ છો, ઉદાસીન છો, નિર્વિકલ્પ છો'—એવી વાતો નાટકમાં પણ આવતી; અત્યારે તો ધર્મના સ્થાને પણ વ્રત કરો, તપ કરો, મંદિર બનાવો, તમારું કલ્યાણ થશે—એમ બહારની—શુભ રાગની ને ક્રિયાકાંડની—વાતો ચાલે છે. જો કે શાસ્ત્રમાં એવું આવે ખરું કે—એક નાની, જવ જેટલી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવે તોપણ તેને એટલું પુણ્ય બંધાય કે જેનો મહિમા સરસ્વતી પણ ન ગાઈ શકે. પણ તે કોની વાત છે? જે સમકિતી છે, આત્માનુભવી છે, અંદર પુણ્ય-પાપના વિભાવથી ભિન્ન આત્માના આનંદનો સ્વાદિયો છે તે જીવ શ્રી જિનેન્દ્રભગવાનની પ્રતિમા, ભલે નાની પણ, સ્થાપે તો તેને ઘણું ઊંચું પુણ્ય બંધાશે. અંદરમાં જેને પુણ્યમાં હેયબુદ્ધિ થઈ છે અને શુભાશુભ રહિત એવો નિજ શુદ્ધ જ્ઞાયક આત્મા જ એકમાત્ર ઉપાદેય છે એવી રુચિ તેમ જ અનુભૂતિ થઈ છે, તેને હેયબુદ્ધિએ જે પુણ્ય પરિણામ આવે છે તેની વાત છે. જેને પુણ્યમાં ઉપાદેય બુદ્ધિ—સુખબુદ્ધિ છે એવા મિથ્યાદૃષ્ટિની વાત નથી. અહીં તો કહે છે કે—સત્સમાગમે પુણ્યપાપથી ભિન્ન નિજ શુદ્ધાત્મદેવને અંતરમાં બરાબર ઓળખે તો ચૈતન્ય જ્ઞાયક પ્રભુની અગાધતા, અપૂર્વતા ને અનંતતા ભાસે અને તેનો અનુભવ થાય.

'ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્ય દેવ સમીપ આવે છે.'

શુભ રાગનો, વિકલ્પનો, એક સમયની પર્યાયનો, અરે! ગુણભેદનો પણ અંતરમાંથી મહિમા છૂટી જાય, અંદર અનંત આનંદનોનાથ બિરાજે છે તેનો મહિમા લાગે, તો જ સમસ્ત રાગના વિકલ્પથી—પછી ભલે તીર્થંકર નામકર્મ બંધાય એવો વિકલ્પ હોય—પેલે પાર એવો નિજ ચૈતન્યદેવ દૃષ્ટિમાં આવે છે, અનુભવમાં આવે છે. સમજાય છે કાંઈ?

અંદર જ્ઞાયકદેવનો મહિમા આવે ત્યારે આખા સંસારનો રસ છૂટી જાય છે, અને ત્યારે જ ભગવાન આત્મા સમીપ આવે છે. ભાઈ! આ તો ભાગવત કથા છે ભાગવત કથા! નિજ જ્ઞાયક ભગવાનને બતાવનારી છે અને વીતરાગ સર્વજ્ઞ ભગવાને કહેલી છે માટે આ, ભાગવત કથા છે. અનંત અગાધ શક્તિઓના ધારક એવા નિજ અભેદ ચૈતન્ય-સ્વરૂપનો અંદર રસ લાગે તેને સંસારનો રસ છૂટી જાય છે—વિષયની વાસનામાંથી સુખબુદ્ધિ ઊઠી જાય છે. અંતરમાં જ્યાં અતીન્દ્રિય આનંદના નાથનો—આનંદસ્વરૂપ નિજ જ્ઞાયક પ્રભુનો—મહિમા આવ્યો, દૃષ્ટિમાં તેનો સ્વીકાર ને સત્કાર થયો ત્યાં શુભ ભાવનો પણ મહિમા ઊઠી જાય છે—જ્ઞાનીને વ્રતાદિના શુભ પરિણામમાં પણ રાગ અને દુઃખ લાગે છે, તેમાંથી સુખની બુદ્ધિ ઊઠી જાય છે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં તથા સમયસાર-નાટકમાં પણ કહ્યું છે કે—જેને છટ્ઠા ગુણસ્થાને-ભાવલિંગ—આત્માના અનુભવની ઉગ્રતા–પ્રચુરતા—પ્રગટ થયેલ છે. તેને જે વ્રતાદિ ૨૮ મૂળગુણનો વિકલ્પ ઊઠે છે તે પ્રમાદદશા, પરાધીનતા અને જગપંથ છે, શિવપંથ નથી.

**घटमें है प्रमाद जब तांई, पराधीन प्रानी तब तांई।**
**जब प्रमादकी प्रभुता नासै, तब प्रधान अनुभौ परगासै ॥**

જ્યાં સુધી હૃદયમાં પ્રમાદ છે ત્યાં સુધી જીવની પરિણતિ પરાધીન છે; જ્યાં સ્વભાવના ઉગ્ર અવલંબને પ્રમાદનું જોર નાશ પામે છે ત્યાં શુદ્ધાત્માના અનુભવનો પ્રચંડ ઉદય થાય છે.

**ता कारन जगपंथ इत, उत सिव मारग जोर।**
**परमादी जगकौं धुकै, अपरमादि सिव ओर ॥**

—તેથી વ્રતાદિના રાગરૂપ પ્રમાદ પણ સંસારનો પંથ છે, અને શુદ્ધાત્માનો પ્રચુર અનુભવ મોક્ષનો પંથ છે; પ્રમાદી જીવની ગતિ સંસાર તરફ છે અને અપ્રમાદી જીવની ગતિ મોક્ષ તરફ છે.

અહા! છટ્ઠે ગુણસ્થાને વ્રતાદિનો શુભ રાગ છે તે પણ પ્રમાદ અને સંસાર છે. અત્યારે તો શુભ ભાવથી ધર્મ થશે એમ માનીને રાજી રાજી થઈ જાય છે. અરે, પ્રભુ!

આ તું શું કરે છે? વ્રત-સમિતિનો વિકલ્પ પણ રાગ છે, તારી જાત નથી, સંસારની જાત છે; તું તો સ્વભાવે મુક્તસ્વરૂપ છો ને, પ્રભુ! વ્રતાદિના શુભ વિકલ્પ રહિત આત્માનુભવસ્વરૂપ અપ્રમાદદશા તે એક જ મોક્ષ તરફ ઝૂકે છે, પૂર્ણ પરમાનંદદશાનું કારણ છે. આ તો છઠ્ઠે-સાતમે ગુણસ્થાને વીતરાગ આરાધનામાં ઝૂલતા ભાવલિંગી મુનિરાજની વાત છે. પરંતુ જે એમ માને છે કે શુભ ક્રિયા કરતાં કરતાં ધર્મ થઈ જશે તેને મોક્ષમાર્ગ કેવો? તે તો હજી મિથ્યાત્વદશામાં જ પડેલો છે.

પ્રશ્ન :—પહેલાં અશુભ છોડી શુભમાં આવે, પછી શુભને પણ છોડી શુદ્ધમાં આવે—એવો ક્રમ છે ને?

ઉત્તર :—ભાઈ! સમાધિશતકમાં તે વાત લીધી છે તે કોના માટે? મિથ્યાત્વ ભાવ સૌથી મોટું પાપ છે. તે છૂટ્યા વિના પરમાર્થે અશુભ કદી છૂટે જ નહિ. ત્યાં તો, જેને મિથ્યાત્વનું મહા પાપ છૂટી ગયું છે, શુભાશુભ રાગથી ભિન્ન નિજ જ્ઞાયકસ્વભાવનો અનુભવ થયો છે, પણ અસ્થિરતાનો રાગ છૂટ્યો નથી એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની માટે કહ્યું છે કે—

અવ્રતને પરિત્યાગીને વ્રતમાં રહે સુનિષ્ઠ,
વ્રતને પણ પછી પરિહરે લહી પરમ પદ નિજ. ૮૪.

જેને સમસ્ત પ્રકારના રાગથી ભિન્ન નિજ શુદ્ધાત્માનું ભાન થયું છે તે જીવ, જ્યાં સુધી શુદ્ધાત્માના આલંબનનો મંદ પુરુષાર્થ હોય છે ત્યાં સુધી, અવ્રતના પરિણામને ત્યાગીને વ્રતના પરિણામમાં રહે છે; અને જ્યારે પોતે શુદ્ધાત્માના અવલંબનનો અંદરમાં ઉગ્ર પુરુષાર્થ કરે છે ત્યારે આત્માના પરમ વીતરાગ પદને પ્રાપ્ત કરીને વ્રતના પરિણામ પણ છોડી દે છે. 'ઇષ્ટોપદેશ' માં શ્રી પૂજ્યપાદસ્વામી કહે છે :

મિત્ર રાહ દેખત ખડે, ઈક છાયા ઈક ધૂપ;
વ્રતપાલનસે દેવપદ, અવ્રત દુર્ગતિ કૂપ.

એક તડકામાં અને બીજો છાયામાં—એમ બે મિત્રો ત્રીજાની રાહ જોઈને ઊભા હોય, તેમાં જે તડકામાં ઊભો છે તે તાપમાં કષ્ટપૂર્વક પ્રતીક્ષા કરે છે અને જે છાયામાં ઊભો છે તે શાતાપૂર્વક પ્રતીક્ષા કરે છે; તેમ જેને આત્માનો અનુભવ પ્રગટ થયો છે એવો જીવ અવ્રતના તાપમાં રહી અને બીજો જીવ આત્મશુદ્ધિ સહિત વ્રતની છાયામાં રહી પરમાત્મપદની પ્રતીક્ષા કરે છે, તે બંનેમાં તફાવત છે. ત્યાં તે બંને આત્મજ્ઞાનીની વાત છે; પરંતુ જે રાગને ધર્મ માને છે એવા મિથ્યાદૃષ્ટિની વાત નથી. મિથ્યાદૃષ્ટિને તો હજુ મિથ્યાત્વનું મોટું પાપ પડ્યું છે, તેને શુભ વડે અશુભ ટાળવાનું ક્યાં રહ્યું? સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે—રાગના પ્રેમમાં ભગવાન દૂર થઈ જાય છે અને રાગનો મહિમા છૂટવાથી ભગવાન ચૈતન્યદેવ સમીપ આવે છે. અહા! ભાષા તો સાદી ગુજરાતી છે.

**'હે શુદ્ધાત્મદેવ! તારા શરણે આવવાથી જ આ પંચપરાવર્તનરૂપી રોગ શાન્ત થાય છે.'**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ—એ જીવને પરિભ્રમણ કરવાનાં પાંચ પરાવર્તન છે. પ્રભુ! તારા—જ્ઞાયકદેવના—શરણે આવવાથી તે પંચપરાવર્તનનાં દુઃખનો અંત આવે છે. પંચપરાવર્તનમાં ભવ ને ભાવ બંને આવી ગયા. ભાવમાં શુભ ને અશુભ બંને આવી ગયા. તે બંને કર્મચક્ર છે. પ્રભુ! અંદર તારી ચીજ એવી છે કે તેના શરણે આવવાથી રાગનો પ્રેમ ને મહિમા છૂટી જાય. પ્રભુ! તારા સ્વભાવમાં જા, તો તારા પરિભ્રમણનો અંત આવી જશે. તારા સ્વભાવના શરણે જવાથી શુભાશુભ ભાવપરાવર્તનનો અંત આવી જશે.

**'જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે.'**

દીકરો સારો પાકે, પૈસા મળે, બહારની મોટપ મળે—એ બધામાં મિથ્યાદૃષ્ટિને મહિમા લાગે છે. ભાઈ! એ બધી લૌકિક અને મૂર્ખાઈથી ભરેલી વાત છે. જેને અંદર ચૈતન્યસ્વભાવનો મહિમા ભાસે તેને બહારનો મહિમા અને રસ છૂટી જાય છે.

**'અહા! મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાન્તિ છે, બહાર નીકળતાં તો અશાન્તિ જ લાગે છે.'**

અહા! નિજ જ્ઞાયક આત્મા પોતે જ વિશ્રાન્તિગૃહ—વિસામાનું પવિત્ર સ્થાન છે. જીવ સંસારનો થાક ઉતારીને અંદર વિશ્રાન્તિ કરે છે, અંતરમાં આનંદના નાથમાં સ્થિતિ કરીને વિશ્રાન્તિ લે છે. નિજ વિશ્રાન્તિઘરમાંથી બહાર નીકળીને શુભ ભાવમાં આવવું તે પણ અશાન્તિ—દુઃખ—જ લાગે છે.

**'હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું. જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ, બસ તે જ મારે જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.'**

બાયડી, છોકરાં, કુટુંબ, મોટા હજીરા કે કોઈ પણ વિકલ્પ—અમારે એ કાંઈ જોઈતું નથી, અમારે તો અમારો આનંદનો નાથ—નિર્વિકલ્પ જ્ઞાનાનંદથી ભરપૂર આત્મા—જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી—એવી ભાવના સમ્યગ્દૃષ્ટિને નિરંતર વર્તતી હોય છે.

❀

# પ્રવચન–૮૨

તા. ૧-૯-૭૮

## વચનામૃત—૨૦૬

જ્ઞાનીએ ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કર્યું છે. અભેદમાં જ દૃષ્ટિ છે : 'હું તો જ્ઞાનાનંદમય એક વસ્તુ છું'. તેને વિશ્રાન્તિનો મહેલ મળી ગયો છે, જેમાં અનંતો આનંદ ભરેલો છે. શાન્તિનું સ્થાન, આનંદનું સ્થાન—એવો પવિત્ર ઉજ્જવળ આત્મા છે. ત્યાં—જ્ઞાયકમાં—રહી જ્ઞાન બધું કરે છે પણ દૃષ્ટિ તો અભેદ ઉપર જ છે. જ્ઞાન બધું કરે પણ દૃષ્ટિનું જોર એટલું છે કે પોતાને પોતા તરફ ખેંચે છે. ૨૦૬.

'જ્ઞાનીએ ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કર્યું છે.'

શું કહે છે? ધર્માત્મા જ્ઞાની કહેવાય છે. તે જ્ઞાનીએ શું કર્યું છે? તેણે પોતાના જ્ઞાયકભાવ સાથે એકત્વ—નિજ ચૈતન્યતત્ત્વના સહજ અસ્તિત્વને ગ્રહણ—કર્યું છે. ગ્રહણ કરવું એટલે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં એકત્વબુદ્ધિ કરવી. જેને ધર્મી થવું છે તેણે પોતાની વર્તમાન પર્યાય દ્વારા પોતાના ચિદાનંદમય ધ્રુવ અસ્તિત્વને પકડવું. રાગ ને પર્યાયની જે અનાદિથી પકડ છે તે મિથ્યાદૃષ્ટિ છે. જ્યારે આનંદના સાગર, જ્ઞાનના સાગર, એવા પોતાના સ્વભાવ—ચૈતન્ય જ્ઞાયકપ્રભુ—ઉપર દૃષ્ટિ લગાવીને તેમાં એકાકાર થાય ત્યારે સમ્યગ્દર્શન રૂપ ધર્મનું પ્રથમ સોપાન પ્રગટે છે.

દ્રવ્યસંગ્રહની ૪૭ મી ગાથામાં કહ્યું છે : '**दुविंहं पि मोक्खहउं झाणे पाउणदि जं मुणि णियमा**' નિશ્ચય અને વ્યવહાર—આરોપિત—એ બંને મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. અંતરમાં ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં ધ્યાન લગાવવાથી, ત્રિકાળી ધ્રુવ સ્વભાવને ધ્યાનનો વિષય બનાવવાથી ચૈતન્યના ધ્રુવ અસ્તિત્વનું જે ગ્રહણ થયું તે મોક્ષમાર્ગ છે. તે, શાસ્ત્રજ્ઞાનથી કે વ્રતાદિના શુભ વિકલ્પથી કાંઈ પ્રાપ્ત થતો નથી. અહીં તો નિજ ચૈતન્યના

અસ્તિત્વસામાન્યને ગ્રહણ કરવાની વાત છે; પછી ભલે બોલતાં આવડે કે ન આવડે, સમજાવતાં આવડે કે ન આવડે—એ કોઈ ચીજ નથી. ભાઈ! આ મારગડા કોઈ જુદા! સ્વયં ભગવાન છતાં જન્મ-મરણ કરીને જીવ હેરાન થઈ ગયો છે. 'પરમાત્મપ્રકાશ' માં કહ્યું છે : જેણે રાગ ને પર્યાયનો આદર કર્યો છે તેને ભગવાન આત્માનો અનાદર છે; તેને જ્ઞાયક આત્મા હેય છે. ધર્મી જીવને તો ત્રિકાળી અભેદ નિજ જ્ઞાયક ઉપર દૃષ્ટિ છે, કેમ કે તેણે પર્યાયમાં તેનો આશ્રય ગ્રહણ કર્યો છે.

દ્રવ્યસ્વભાવનો દૃષ્ટિમાં આશ્રય થયો હોવાથી જ્ઞાનીને 'રાગથી હું સદા ભિન્ન છું' એવા ભેદજ્ઞાનની ધારા કાયમ નિરંતર ચાલુ જ હોય છે. તેને ઘડીએ ઘડીએ ભેદજ્ઞાન નવું નવું કરવું પડતું નથી. અહા! મારગ ઘણો ઝીણો છે ભાઈ! ઘણું વાંચતાં આવડે, બોલતાં આવડે કે શુભ રાગના ઘણા વિકલ્પો કરે તો અંતરસન્મુખતાનું ધ્યાન થાય—એવી એ ચીજ નથી. હવે મુદ્દાની રકમની વાત કહે છે :

"અભેદમાં જ દૃષ્ટિ છે : 'હું તો જ્ઞાનાનંદમય એક વસ્તુ છું'."

જ્ઞાનીને, 'હું તો અખંડ જ્ઞાનાનંદમય એક પરિપૂર્ણ વસ્તુ છું' એમ અભેદ ત્રિકાળી નિજ જ્ઞાયકતત્ત્વમાં જ દૃષ્ટિ પડી છે; પર્યાયમાં ભલે રાગમય ભાવ આવે, તોપણ અંદર શ્રદ્ધાનું જોર ધ્રુવ જ્ઞાયક પર જ હોય છે; ધ્રુવ ધ્યેય પરથી દૃષ્ટિ જરા પણ ખસતી નથી, હઠતી નથી. 'હું તો અભેદ જ્ઞાનાનંદમય છું'—ત્યાં 'જ્ઞાન ને આનંદવાળો છું' એમ પણ નહિ; એ તો ભેદ થઈ ગયો. ધર્મીની દૃષ્ટિ તો અંદર અતીન્દ્રિય જ્ઞાનાનંદમય અભેદ જ્ઞાયક ઉપર જ સદા હોય છે.

'તેને વિશ્રાન્તિનો મહેલ મળી ગયો છે, જેમાં અનંતો આનંદ ભરેલો છે.'

અહા! જ્ઞાનીને અનંત અતીન્દ્રિય આનંદથી ભરપૂર નિજ જ્ઞાયક-આરામધામ મળી ગયું છે. આરામધામ એટલે વિશ્રાન્તિનો મહેલ. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ.' જે, રાગાદિ વિભાવથી રહિત શુદ્ધ છે, સહજ જ્ઞાનમય છે, નિજ અસંખ્યપ્રદેશી ચૈતન્યઘન છે અને સ્વયં પ્રકાશમાન, સુખનો ભંડાર છે, એવું જે નિજ જ્ઞાયકતત્ત્વ તે જ વિશ્રાન્તિનો મહેલ છે. જેણે આવા જ્ઞાયકતત્ત્વનો અંતરદૃષ્ટિમાં સ્વીકાર કર્યો તેને સુખ ભંડાર એવો વિશ્રાન્તિનો મહેલ મળી ગયો. અનાદિ કાળથી જે અજ્ઞાન ને પુણ્ય-પાપના ભાવમાં ભટકતો હતો, તેને જ્યાં અંતર જ્ઞાયકની દૃષ્ટિ થઈ ત્યાં વિશ્રામ લેવાનું સ્થાન મળી ગયું. અહા! સુખધામ અંતર ભગવાન આત્મા છે, બહારના આ બંગલા, પૈસા કે લાડી-ગાડી સુખનું ઠામ નથી, તે તો દુઃખનું નિમિત્ત છે. નિમિત્ત કાંઈ દુઃખનું ધામ નથી, પરંતુ નિમિત્તના લક્ષે જીવ સ્વયં જે રાગાદિ ભાવ કરે છે તે દુઃખનું

ધામ છે. ખરેખર તો ભગવાન આત્મા અંદર આનંદનું વિશ્રામધામ છે. સમજાય છે કાંઈ?

અહા! આ પુસ્તક તો ઘણું સુંદર બહાર આવી ગયું. લોકો વાંચે છે અને ખુશી થયાના પત્રો પણ આવે છે. અહીં કહે છે કે—દેવ-ગુરુ આદિ પરના કે રાગના લક્ષે તો નહિ પણ એક સમયવર્તી નિજ પર્યાયના કે ગુણભેદના લક્ષથી પણ અભેદ ચૈતન્યધામની પ્રાપ્તિ થતી નથી. પર્યાય તો અંશ છે, વ્યક્ત છે અને ત્રિકાળી જ્ઞાયક આત્મા તો અંશી છે, અવ્યક્ત છે. સમયસારની ૪૯મી ગાથાની ટીકામાં કહ્યું છે કે—છ દ્રવ્યસ્વરૂપ જ્ઞેય—લોક, રાગાદિ કષાયનો સમૂહ અને ક્ષણવર્તી પર્યાય—એ બધું વ્યક્ત છે અને જ્ઞાયક—ભગવાન આત્મા—એ બધાંથી ભિન્ન હોવાથી 'અવ્યક્ત' છે.

ભાઈ! તને ખબર નથી કે અંદર અનંતી અનંતી ઈશ્વરતાથી ભરેલો મહાપ્રભુ ભગવાન આત્મા બિરાજે છે. તેની અનંત શક્તિઓમાં એક પ્રભુત્વ નામની શક્તિ છે. જ્ઞાનીને અખંડ પ્રતાપવંત સ્વતંત્રતાથી શોભાયમાન એવા પ્રભુત્વમય વિશ્રાન્તિનો મહેલ મળી ગયો છે, જેમાં એકલો ભરચક આનંદ ભરેલો છે. દુઃખ એ વિકૃત દશા છે અને તે વિકૃત અવસ્થાને સીમા છે, મર્યાદા છે, માટે તે ટળી શકે છે. ત્રણ લોકનો નાથ જે નિજ જ્ઞાયક ભગવાન આત્મા તેને સીમા—મર્યાદા નથી. તે અસીમ સ્વભાવમાં વિશ્રામ લેવાથી જીવ ત્યાંથી કદી હઠતો નથી, ત્યાં કદી થાકતો નથી.

બેનના બોલમાં આવે છે કે—બહારનાં બધાં કાર્યમાં સીમા—મર્યાદા હોય. અમર્યાદિત તો અન્તર જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા—મર્યાદા નથી. અંદરમાં—સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિ કાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે.

પર્યાયમાં જે પરાશ્રિત સુખદુઃખનું વેદન છે તે કર્મફળચેતના—વિકારી પરિણામ—છે. જીવને શુભાશુભ ભાવના કર્તાપણારૂપ કર્મચેતના અને સુખદુઃખના ભોક્તાપણારૂપ કર્મફળચેતનાના પરિણામ અનાદિથી છે. ખરેખર તો તે એક સમયનો વિકારી ભાવ છે. તેને મર્યાદા છે. 'અનુભવપ્રકાશ'માં પં. દીપચંદજીએ એમ કહ્યું છે કે—'તારી શુદ્ધતાની તો શી વાત! પણ તારી અશુદ્ધતા પણ ઘણી મોટી' કેમ કે અનંત તીર્થંકરો પાસે ગયો, વાણી સાંભળી, સમવસરણ જોયાં, તોપણ તેં તારી અશુદ્ધતાનો નાશ કર્યો નહિ. ત્યાં જઈને પણ અંદર અભિપ્રાયમાં એવું જોર—આગ્રહ રાખ્યો કે—'હું તો દયા-દાન વગેરે પુણ્યનો કર્તા છું, રાગવાળો છું'; અંદર શુદ્ધતાની મહત્તા આવવી જોઈએ તે આવી નહિ, અંતરમાં પૂર્ણાનંદથી ભરેલો વિશ્રાન્તિનો મહેલ છે તેની મહત્તા ભાસી નહિ.

'શાન્તિનું સ્થાન, આનંદનું સ્થાન—એવો પવિત્ર ઉજ્જ્વળ આત્મા છે.'

પુણ્ય-પાપની અશુચિથી રહિત, પરમ શુચિ, પરમ પવિત્ર અને પરમ ઉજ્જ્વળ એવો નિજ શુદ્ધ આત્મા જ અંદર શાન્તિનું ધામ છે, આનંદનો મહેલ છે. અહા! આ મહા પવિત્ર જ્ઞાયક પ્રભુ વાણીમાં કઈ રીતે આવે? વાણી જડ ને ભગવાન આત્મા ચેતન; વાણી ચેતનથી વિરુદ્ધસ્વભાવવાળી છે. તેનામાં ચેતનની વ્યાખ્યા કેટલી આવે? માત્ર ઈશારા આવે. પ્રભુ! તારી પવિત્ર અને ઉજ્જ્વળ ચીજમાં દયા-દાનાદિ ઔદયિકભાવની ગંધ પણ નથી. પણ અંતરમાં આનંદમૂર્તિ જ્ઞાયક આત્માની પ્રતીતિ થયા વિના, દૃષ્ટિ થયા વિના એ વાત બેસે નહિ.

'ત્યાં—જ્ઞાયકમાં—રહી જ્ઞાન બધું કરે છે પણ દૃષ્ટિ તો અભેદ ઉપર જ છે.'

શાન્તિસ્થાન, આનંદસ્થાન એવા નિજ જ્ઞાયક ધ્રુવ તત્ત્વમાં રહીને જ્ઞાની જ્ઞાન બધું કરે—શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનું, તેમના સ્વભાવ-વિભાવપણાનું, તેમના સુખ-દુઃખરૂપ વેદનનું, તેમના સાધક-બાધકપણાનું જ્ઞાન કરે—પણ, તે વખતે પણ તેની દૃષ્ટિ તો અંદર અભેદ દ્રવ્ય ઉપર જ છે. દૃષ્ટિ અભેદ દ્રવ્ય ઉપર હોવા છતાં પણ તે પોતાનું, રાગનું ને પર્યાયનું જ્ઞાન કરે, સંયોગી ચીજ પર લક્ષ જાય તેનું પણ જ્ઞાન કરે. જ્ઞાનમાં તો બધું આવે, પણ રુચિમાં તેનું આલંબન હોતું નથી—તેના ઉપર અભિપ્રાયનું જોર હોતું નથી; જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે.

પૂર્ણાનંદ અભેદ જ્ઞાયકમાં દૃષ્ટિ સ્થાપીને જ્ઞાની બધાનું—શુભ ભાવ હોય, દેવ -શાસ્ત્ર-ગુરુ તથા જિનપ્રતિમા આદિ મળે તેનું—પોતામાં રહીને જ્ઞાન કરે. જ્ઞાનનો સ્વપર -પ્રકાશક સ્વભાવ હોવાથી, પરને પણ જાણવાની તેની તાકાત છે. જ્ઞાનમાં જાણે બધું, પણ દૃષ્ટિનો વિષય જ્ઞાયક ધ્રુવ આત્મા તો અભેદ એકાકાર છે. દૃષ્ટિ થતાં સાથે જે જ્ઞાન થયું તે પોતાના ત્રિકાળી દ્રવ્યસ્વભાવને તેમ જ પર્યાયને તથા પરને પણ જાણે.

પ્રશ્ન :—જેને અભેદ જ્ઞાયકની દૃષ્ટિ તથા અનુભવ થયો છે, તેની પર્યાયમાં કોઈ વ્યવહાર છે કે નહિ? કે એકલો નિશ્ચય જ છે?

ઉત્તર :—સાધક જીવને દૃષ્ટિના આશ્રયભૂત ભૂતાર્થ જ્ઞાયક આત્માનો નિશ્ચય થયો છે, અનુભવ થયો છે, છતાં પર્યાયમાં હજુ અશુદ્ધતા ને અલ્પતા છે. સમયસારની ૧૨ મી ગાથામાં કહ્યું છે કે—'ववहारदेसिदा पुण'—અપરમભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. તેની ટીકા કરતાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે : '...अशुद्धद्रव्यादेशितयोपदर्शितप्रतिविशिष्टैक-

भावानेकभावो व्यवहारनयो विचित्रवर्ण मालिकास्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्।...' સાધકદશામાં અભેદ જ્ઞાયકના આશ્રયે પ્રગટેલી અંશે શુદ્ધતા અને તેની સાથે ભૂમિકાને અનુરૂપ વર્તતો અશુદ્ધતાનો અંશ—એ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આશ્રય માટે તો એક શુદ્ધ પરમ જ્ઞાયકભાવ જ પ્રયોજનવાન છે; પર્યાયના ભેદરૂપ વ્યવહાર માત્ર જાણેલો પ્રયોજનવાન છે, આશ્રય માટે પ્રયોજનવાન નથી. સાધકભૂમિકામાં વર્તતી અલ્પ શુદ્ધિ ને તેને અનુરૂપ વર્તતો રાગ તે કાળે—તે ભૂમિકામાં—જાણેલાં પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? અહા! મારગડા જુદા છે ભાઈ!

શું કહ્યું? દૃષ્ટિ તો અભેદ જ્ઞાયક ઉપર જ છે; તેની સાથે જે થયું તે જાણે બધું. જાણવામાં શો દોષ? તે વખતે પણ દૃષ્ટિ તો અભેદ દ્રવ્ય ઉપર જ છે. અહાહા! અહીં તો માલ-માલની વાત છે.

'જ્ઞાન બધું કરે પણ દૃષ્ટિનું જોર એટલું છે કે પોતાને પોતા તરફ ખેંચે છે.'

ભૂમિકા પ્રમાણે રાગાદિ ભાવ આવે છે, જ્ઞાન તે બધાને જાણે પણ છે, પરંતુ અંદર દૃષ્ટિનું જોર એટલું છે કે પોતાના પરિણામપ્રવાહને પોતાના ધ્રુવ જ્ઞાયક સ્વભાવ તરફ ખેંચે છે. અહાહા! અંદરની આવી વાતો છે.

સહજ ચિદાનંદ.

## વચનામૃત—૨૦૭

**હે જીવ! અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો તેથી તારો કર્મરાશિ ક્ષય થયો નહિ. તું જ્ઞાયકમાં ઠરી જા તો એક શ્વાસોછ્‌વાસમાં તારાં કર્મો ક્ષય થઈ જશે. તું ભલે એક છો પણ તારી શક્તિ અનંતી છે. તું એક અને કર્મ અનંત; પણ તું એક જ અનંતી શક્તિવાળો બધાંને પહોંચી વળવા બસ છો. તું ઊંઘે છે માટે બધાં આવે છે, તું જાગ તો બધાં એની મેળે ભાગી જશે. ૨૦૭.**

'હે જીવ! અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો તેથી તારો કર્મરાશિ ક્ષય થયો નહિ.'

શુદ્ધોપયોગ છે તે, આત્માની નિર્મળ પર્યાય છે; શુભાશુભ ઉપયોગ પણ આત્માની જ મલિન પર્યાય છે.

હે જીવ! અનંત કાળમાં તેં કદી શુદ્ધોપયોગ કર્યો નથી. શુભ-અશુભ ભાવ તો અનંત વાર કર્યા. અરે! નિગોદ અને એકેન્દ્રિયમાં પણ ક્ષણે ક્ષણે સંકલેશ અને વિશુદ્ધિના પરિણામ થાય છે; માટે સંકલેશ ને વિશુદ્ધિના તથા શુભ ને અશુભના પરિણામ તે કોઈ નવીન ચીજ નથી, અપૂર્વ ચીજ નથી.

પ્રશ્ન :—નિગોદમાં દેવ-શાસ્ત્ર-ગુરુ તથા દયા-દાન-વ્રત વગેરેનો યોગ નથી, તો ત્યાં પરિણામમાં વિશુદ્ધતા કઈ રીતે થાય?

ઉત્તર :—ભાઈ! નિગોદમાં પણ આત્મા છે ને? તેને પણ પરિણામમાં સંકલેશની મંદતા જરા થાય છે; તેના ફળમાં તે મનુષ્ય પણ થાય છે. આત્મા પોતાના સ્વરૂપનો આશ્રય છોડીને પરાશ્રયરૂપ પરિણમે તો તેને સંકલેશ-વિશુદ્ધિરૂપ કર્મધારા ચાલે છે. જ્ઞાનીએ રાગથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વરૂપને ગ્રહણ કર્યું છે તેથી તેને, અસ્થિરતાને લીધે પર્યાયમાં અલ્પ રાગાદિ હોવા છતાં અંદરમાં નિરંતર ભેદજ્ઞાનની નિર્મળ ધારા—ધર્મધારા—ચાલે છે.

અજ્ઞાની જીવે અનાદિ કાળથી, 'હું સ્વભાવે સદા શુદ્ધ છું' એવો ઉપયોગ કદી કર્યો નથી તેથી તો તેનો કર્મરાશિ ક્ષય થયો નથી. શું કહે છે? શુદ્ધોપયોગ પોતાના શુદ્ધ જ્ઞાયક આત્માના અવલંબનથી થાય છે. તે શુદ્ધ-ઉપયોગ હે જીવ! તેં કદી પ્રગટ કર્યો નથી. શુદ્ધોપયોગ છે તો આત્માની શુભાશુભ મલિનતા રહિત નિર્મળ પર્યાય; પણ તે થાય છે ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકનો આશ્રય કરવાથી. તેનાથી કર્મરાશિ ક્ષય થઈ જાય છે.

શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં પ્રશ્ન ઉઠાવીને કહ્યું છે કે—શુભભાવથી પાપની નિર્જરા અને પુણ્યનો બંધ તથા શુદ્ધભાવથી બંનેની નિર્જરા થાય છે એમ કેમ કહેતા નથી? ત્યાં તેનો ઉત્તર આપતાં એમ કહ્યું છે કે—મોક્ષમાર્ગમાં સ્થિતિનું ઘટવું તો બધીયે પ્રકૃતિઓમાં થાય છે, ત્યાં પુણ્ય-પાપની વિશેષતા છે જ નહિ; વળી પુણ્ય પ્રકૃતિઓમાં અનુભાગનું ઘટવું શુદ્ધોપયોગથી પણ થતું નથી, પરંતુ ઉપર ઉપરની પુણ્યપ્રકૃતિઓના અનુભાગનો તીવ્ર બંધ -ઉદય થાય છે; તથા પાપપ્રકૃતિઓના પરમાણુ પલટી શુભપ્રકૃતિરૂપ થાય એવું સંક્રમણ શુભ અને શુદ્ધ બંને ભાવ થતાં થાય છે. માટે તું કહે છે એવો નિયમ સંભવતો નથી...શુદ્ધભાવથી પણ પુણ્યનો રસ વધે એવો જ કોઈ સ્વભાવ છે! અહા! આવી વાત છે. અહીં તો થોડો માલ-માલ કહે છે : હે જીવ! તેં શુદ્ધોપયોગ કર્યો નથી તેથી કર્મરાશિ ક્ષય થયો નથી.

'તું જ્ઞાયકમાં ઠરી જા તો એક શ્વાસોચ્છ્વાસમાં તારાં કર્મો ક્ષય થઈ જશે.'

તારી પ્રભુતાભરી ભગવત્શક્તિમાં તું સ્થિર થઈ જા, તારા ચૈતન્યચમત્કારમય મહિમામાં જામી જા, તો એક શ્વાસોચ્છ્વાસ જેટલા સમયમાં તારાં કર્મોનો ક્ષય થઈ જશે. પ્રવચનસારમાં કહ્યું છે :

અજ્ઞાની જે કર્મો ખપાવે લક્ષ કોટિ ભવો વડે,
તે કર્મ જ્ઞાની ત્રિગુપ્ત બસ ઉચ્છ્વાસમાત્રથી ક્ષય કરે.

તારા જ્ઞાયક ધ્રુવ સ્વભાવમાં એવો લીન થઈ જા કે ત્યાંથી બહાર નીકળવાનું બને જ નહિ—વિકલ્પ આવે જ નહિ; એમ થવાથી તારો કર્મપુંજ એક ક્ષણમાં નાશ થઈ જશે. છ ઢાળામાં પણ કહ્યું છે :

કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન વિન કર્મ ઝરૈં જે,
જ્ઞાનીકે છિનમેં, ત્રિગુપ્તિતૈં સહજ ટરૈં તે.

'તું ભલે એક છો પણ તારી શક્તિ અનંતી છે.'

તું એક છો અને કર્મરૂપ પર્યાય પરમાણુ અનંત છે. વિભાવપર્યાયમાં એક પરમાણુ નિમિત્ત ન હોય, પણ અનંત પરમાણુની બનેલી કર્મ તેમાં નિમિત્ત પડે છે. એટલું તો તારામાં જોર છે. શું કહ્યું?

અશુદ્ધતાની પર્યાય પોતાના ઊંધા પુરુષાર્થના જોરથી પોતે કરે છે, ત્યારે સામે નિમિત્તપણે એક પરમાણુ હોતો નથી, પણ અનંત કર્મપરમાણુ હોય છે. એક ડાકુ સામે બસો સિપાહી રાખવા પડે તે, ડાકુનું જોર સૂચવે છે કે સિપાહીનું? તેમ જીવના એક વિભાવપરિણામ સામે નિમિત્તપણે અનંત કર્મપરમાણુ છે તે, જીવનું જોર સૂચવે છે કે કર્મપરમાણુનું? નિમિત્તના જોરની વાત નથી. કર્મનું જોર આત્મા ઉપર જરા પણ નથી.

નિમિત્તથી વિકાર થાય છે એમ છે જ નહિ; નિમિત્તથી થાય તો તે સ્વયં ઉપાદાન થઈ જાય, પણ એમ તો બનતું નથી. પોતે ભલે એક છે, પણ પોતાની શક્તિ અનંતી છે. અનંત શક્તિશાળી નિજ જ્ઞાયક પ્રભુની દૃષ્ટિ તથા તેમાં સ્થિરતા કરવાથી પર્યાયમાં રહેલી અશુદ્ધતાનો તથા તેમાં નિમિત્તરૂપ જે અનંત કર્મપરમાણુ હતા તેનો પણ નાશ થઈ જાય છે; કર્મની પર્યાય અકર્મરૂપ થઈ જાય છે.

પ્રભુ! તારામાં અનંત બળ છે. વિકૃત અવસ્થામાં સામે નિમિત્ત અનંત કર્મપરમાણુ છે, પણ તેનો નાશ કરવાની તારામાં અનંતી શક્તિ છે. અશુદ્ધતા ટળે છે ત્યારે કર્મ પણ સ્વયં પોતાની યોગ્યતાથી અકર્મરૂપ થઈ જાય છે. નિર્જરા થાય છે ને? તેના ત્રણ પ્રકાર છે : (૧) અશુદ્ધતાનો એકદેશ નાશ, (૨) નિમિત્તરૂપ કર્મનો એકદેશ ક્ષય અને

(૩) શુદ્ધિની એકદેશ વૃદ્ધિ થવી. તેમાં બે, જીવમાં છે અને એક કર્મની અવસ્થા છે. અંતરમાં શુદ્ધિની વૃદ્ધિ થવી તે મૂળ નિર્જરા છે. તે પ્રગટ કરવાની તાકાત પોતામાં છે. પરમાર્થે કર્મનો નાશ આત્મા કરી શકતો નથી, અને અશુદ્ધતાનો નાશ પણ કરતો નથી, પરંતુ ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકનો અંતરમાં આશ્રય કરતાં અશુદ્ધતા ઉત્પન્ન જ થતી નથી; તેને વિભાવનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અંદર સ્વભાવના આશ્રયે શુદ્ધતા પ્રગટ કરી, તો અસદ્‌ભૂત વ્યવહારનયથી અશુદ્ધતા નાશ કરી—એમ કહેવામાં આવે છે.

**'તું એક અને કર્મ અનંત; પણ તું એક જ અનંતી શક્તિવાળો બધાંને પહોંચી વળવા બસ છો.'**

અનંત અનંત ગુણનો ધણી જે નિજ જ્ઞાયક આત્મા, તેમાં એક વીર્ય નામનો ગુણ છે. સ્વરૂપની રચનાના સામર્થ્યસ્વરૂપ સ્વભાવ તે વીર્યગુણ છે. શું કહે છે? આ ગુણનો ગુણ એટલે કે સ્વભાવ એ છે કે પર્યાયમાં અનંતી શુદ્ધિની રચના કરે. શુભાશુભની રચના કરે તે સ્વભાવ વીર્ય નહિ, એ તો નપુંસકતા છે. પ્રભુ! તારામાં એટલી તાકાત છે કે જ્યાં સ્વભાવમાં ઉપયોગ આવ્યો ત્યાં તું પોતે એક અનંતી શક્તિવાળો જ બસ છો; અનંત કર્મોનો તેમ જ અશુદ્ધતાનો નાશ કરવા માટે તું એક જ પર્યાપ્ત છો.

**'તું ઊંઘે છે માટે બધાં આવે છે, તું જાગ તો બધાં એની મેળે ભાગી જશે.'**

જ્ઞાની વ્યવહારમાં સૂઈ ગયા છે, નિશ્ચયમાં જાગે છે; અને અજ્ઞાની વ્યવહારમાં જાગે છે અને નિશ્ચયમાં સૂઈ ગયા છે—અજ્ઞાનીને નિશ્ચય સ્વભાવ પ્રત્યે અત્યંત દુર્લક્ષ છે. જ્ઞાની સ્વભાવમાં જાગૃત છે અને રાગમાં સૂઈ ગયા છે. સમાધિતંત્રમાં કહ્યું છે :

સૂતો જે વ્યવહારમાં, તે જાગે નિજમાંય;
જાગ્રત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય. ૭૮

જે વ્યવહારમાં ઉપેક્ષાવાળો છે તે આત્માના કાર્યમાં ઉત્સુક છે અને જે વ્યવહારમાં ઉત્સુક છે તે આત્માના કાર્યમાં ઉપેક્ષાવાળો છે—બેદરકાર છે. મોક્ષપાહુડમાં પણ આવે છે ને?—

યોગી સૂતા વ્યવહારમાં તે જાગતા નિજકાર્યમાં;
જે જાગતા વ્યવહારમાં તે સુપ્ત આતમકાર્યમાં. ૩૧.

જ્ઞાનીને પર્યાયમાં રાગ આવે પણ તેને પોતે જ્ઞાતા રહીને જાણે છે; એ તો જ્ઞાનની

પર્યાયનો સ્વપર-પ્રકાશક સ્વભાવ છે. અહીં કહે છે કે—તું સૂતો છે તો બધાં આવે છે, તું જાગી જા તો તે બધાં પોતાની મેળે ભાગી જશે. અહા! આ, બેનનાં વચનામૃતની ભાષા તો ગુજરાતી છે, તેનું હિન્દી ભાષાન્તર પણ થઈ ગયું છે; હજી તો બીજી ભાષાઓમાં પણ થશે.

સિંહની જ્યાં ત્રાડ પડે ત્યાં બકરાં ઊભી પૂંછડીએ ભાગી જાય, ધ્રૂજે; એમ ભગવાન જ્ઞાયક આત્મા અંદર જ્ઞાન ને આનંદની જાગૃતિમાં જાગી જાય તો અશુદ્ધતા ને કર્મ ભાગી જાય. ભાઈ! આ માત્ર વાતો નથી પણ વસ્તુનું સ્વરૂપ છે.

સહજ ચિદાનંદ.

બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઈ નથી. અહીં ક્યાં અમારે કાંઈ છાનું રાખવું છે! બેન તો અજોડ છે. એકલા હી હૈ. અમારે ખાનગી-ગુપ્ત છે નહિ.
—*પૂજ્ય ગુરુદેવ*

# પ્રવચન–૮૩

તા. ૨-૯-૭૮

## વચનામૃત—૨૦૮

બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતદૃષ્ટિ પ્રગટ થતી નથી. આત્મા બહાર નથી; આત્મા તો અંદરમાં જ છે. માટે તારે બીજે ક્યાંય જવું નહિ, પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ; તેને એક આત્મામાં જ વારંવાર લગાડ; વારંવાર ત્યાં જ જવું, એને જ ગ્રહણ કરવો. આત્માના જ શરણે જવું. મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે. અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર. આ એકને જ ગ્રહણ કર. ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે. વારંવાર...વારંવાર એમ કરતાં...કરતાં (સ્વરૂપમાં લીનતા જામતાં....જામતાં) ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઈ જાય છે. જે વસ્તુ છે તે ઉપર જ તારી દૃષ્ટિનો દોર બાંધ, પર્યાયના આલંબને કાંઈ ન થાય. ૨૦૮.

'બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી.'

શું કહે છે? બાહ્ય દૃષ્ટિથી—નિમિત્તાધીન દૃષ્ટિથી, રાગાધીન દૃષ્ટિથી ને પર્યાયાધીન દૃષ્ટિથી—અંદર જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ પ્રગટ થતી નથી. પુણ્ય-પાપ ને દયા-દાનાદિના ભાવ જે પોતાનું સ્વરૂપ નથી તેને પોતાના માનનાર જીવ બહિરાત્મા છે. જેની દૃષ્ટિ રાગ ને પર્યાય ઉપર છે એવા બહિર્દૃષ્ટિ જીવને, તે દૃષ્ટિ વડે અંતર્દૃષ્ટિ થઈ શકશે નહિ. જીવ જ્યારે અંતર્દૃષ્ટિ કરે, ત્યારે તેને અંદર ધ્યાનમાં સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે.

'આત્મા બહાર નથી; આત્મા તો અંદરમાં જ છે.'

ભગવાન આત્મા બહાર ક્યાંય નથી, પર્યાયની સમીપ અંદર ધ્રુવ જ્ઞાયકપણે પડ્યો

છે. જ્યાં સુધી પર્યાય પર દૃષ્ટિ છે ત્યાં સુધી અંતર ત્રિકાળી ધ્રુવ વસ્તુ ઉપર દૃષ્ટિ જશે નહિ. દૃષ્ટિ સ્વયં શ્રદ્ધાગુણની પર્યાય છે. પર્યાયની સમીપમાં અંદર ધ્રુવ પાતાળ—તળ છે. તે ધ્રુવ તળ ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સમ્યક્ થાય છે. દૃષ્ટિના આશ્રયભૂત ત્રિકાળી જ્ઞાયક આત્મા કાંઈ બહાર નથી. અંદર જે ધ્રુવ જ્ઞાયક ભાવ છે તે એક સમયની નિર્મળ પર્યાયમાં આવતો નથી, તો રાગમાં તો ક્યાંથી આવે? આત્મા જો બહારમાં શરીરાદિ બાહ્ય પદાર્થમાં ને પુણ્યપાપના બાહ્ય ભાવોમાં—નથી તો બાહ્ય દૃષ્ટિથી અંતરાત્મદૃષ્ટિ કેવી રીતે પ્રાપ્ત થાય? આત્મા રાગાદિ ભાવોમાં ને પર્યાયમાં ક્યાં છે કે જેથી બાહ્ય દૃષ્ટિથી અંતર્દૃષ્ટિ થાય? રાગની પર્યાયથી પણ આત્મા કથંચિત્ ભિન્ન છે અને વર્તમાન પર્યાય જેટલો પણ તે નથી, તે તો અંદર ત્રિકાળ શુદ્ધ અખંડ એક જ્ઞાયકભાવ છે. અહા! આવી વાત છે. ન સમજે એટલે નિશ્ચયાભાસી કહે. એને આવું સ્પષ્ટ વસ્તુસ્વરૂપ ન બેસે તો શું થાય પ્રભુ? કહ્યું છે ને!—

**जामें जितनी बुद्धि है उतनी देय बताय।**
**वाको बुरो न मानिये, और कहाँसे लाय॥**

પર્યાય ને રાગથી તો જ્ઞાયક આત્મા અંદર ભિન્ન છે. અહા! આઠ વર્ષનો બાળક પણ આ વાત સમજે તો કેવળજ્ઞાન પામી જાય! જ્યાં પોતાના જ્ઞાયકસ્વભાવનો અંદરમાં અતીન્દ્રિય આનંદઝરતો અદ્ભુત રસ ચાખ્યો, ત્યાં તે પોતાની માતાને કહે છે :

**अज्जेव धम्मं पडवज्जयामो, जहिं पवण्णा ण पुणब्भवामो।**
**अणागयं णेव य अत्थि किंची, सद्धा खमं णे विणइत्तु रागं॥**

માતા! મને સંયમધર્મ અંગીકાર કરવાની રજા આપો. હું મારા આનંદના વિશેષ વેદન માટે વનમાં જાઉં છું. જેણે અંતર્મુખ દૃષ્ટિ વડે અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો છે, સ્વાનુભૂતિ પ્રગટ કરી છે તે સ્વાનુભૂતિજનિત આનંદના વિશેષ સ્વાદ માટે અંદરના વૈરાગ્યભીના ભાવથી પોતાની માતાને કહે છે : હે માતા! અમારી રુચિ અંતર આનંદનિધાન આત્મા સિવાય બીજે ક્યાંય લાગતી નથી; અંદર દૃષ્ટિના વિષયભૂત જે જ્ઞાયકસ્વભાવ ધ્રુવ આત્મા છે તેના પરથી અમારી રુચિ જરાય ખસતી નથી. તે રુચિના જોરે વિશેષ આનંદને પ્રાપ્ત કરવા અમે વનમાં જઈએ છીએ. હે જનેતા! પુત્રમોહવશ તારે રોવું હોય તો એક વાર રોઈ લે; પણ અમે કોલકરાર કરીએ છીએ કે હવે ફરીને બીજી માતાને નહિ રડાવીએ—ફરીને અવતાર નહિ લઈએ, આ જ ભવમાં ભવાતીત થઈ પૂર્ણ પરમાત્મદશાને પ્રાપ્ત કરશું.

અહીં કહે છે કે ભગવાન આત્મા બહારમાં—નિમિત્તમાં, રાગમાં ને પર્યાયમાં—

નથી તો તેને બહારમાં ક્યાંથી મળશે? તું બહારમાં શોધે છે, પણ તે તો અંદરમાં છે; તું અંદર જા; જ્યાં ભગવાન છે ત્યાં જા.

પ્રશ્ન :—ભગવાન તો મંદિરમાં હોય ને?

ઉત્તર :—તારો ભગવાન ત્યાં ક્યાં છે? તે તો અહીં અંદર દેહમંદિરમાં છે. ભગવાન જ્ઞાયક આત્મા જો પોતાની એક સમયવર્તી પર્યાયમાં પણ નથી તો દયા, દાન, વ્રત કે તપમાં ક્યાંથી આવ્યો? નિમિત્તમાં તો ક્યાંથી હોય જ? નિમિત્તથી અત્યંત જુદો ને વિભાવથી તદ્દન રહિત એવો નિજ શુદ્ધ જ્ઞાયક આત્મા અંતરમાં છે.—દેહદેવળમાં પોતાનો જ્ઞાયકપ્રભુ અંદર જુદો બિરાજે છે.

'માટે તારે બીજે ક્યાંય જવું નહિ, પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ; તેને એક આત્મામાં જ વારંવાર લગાડ; વારંવાર ત્યાં જ જવું, એને જ ગ્રહણ કરવો.'

બાહ્ય દૃષ્ટિ હોવાથી જીવ આત્માને શોધવા માટે બહારમાં ફાંફાં મારે છે, પણ આત્મા અન્યત્ર ક્યાંય નથી. ભગવાનનાં દર્શન કરવાના ભાવ આવે, પણ ભગવાનમાં તારો આત્મા નથી; તે પણ તારાથી પર છે. અંદર એક સમયની પર્યાય સમીપ જે ધ્રુવ જ્ઞાયક તત્ત્વ છે તે જ તારો આત્મા છે. તારે જો તારા આત્મપ્રભુને પ્રાપ્ત કરવો હોય તો તારે અંતર્મુખ થવા સિવાય બીજે ક્યાંય જવું નહિ, પરિણામને ક્યાંય—અશુભ કે શુભમાં—ભટકવા દેવા નહિ. તારા પરિણામને વારંવાર અંતર આત્મામાં લગાવ. ત્યાં અંતરમાં પૂર્ણાનંદ ભગવાન આત્મા બિરાજે છે. વારંવાર ત્યાં અંદરમાં જા. અજ્ઞાની રાગ અને પુણ્યમાં પોતાનું અસ્તિત્વ માને છે, તેથી તે આત્માને બહાર શોધે છે, બહાર ભટકે છે. દયા-દાન આદિ બાહ્ય ભાવથી આત્મા મળશે એમ માનનાર બહિરાત્મા છે, મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! બાહ્ય દૃષ્ટિ છોડી અંદર જ્ઞાયકને પકડ, એને જ ગ્રહણ કર; પરિણામને તે બાજુ લઈ જા.

'આત્માના જ શરણે જવું.'

અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનું દળ એવા નિજ ભગવાન આત્માના શરણે જા. દેવ-ગુરુ આદિ પરદ્રવ્ય, તેમના તરફનો શુભ રાગ કે એક સમયની પર્યાય પણ તારું શરણ નથી. માટે ત્રિકાળ શરણભૂત એવા નિજ જ્ઞાયકસ્વભાવનો આશ્રય લે, તેના શરણે જા, તો તને કોઈ અદ્ભુત નિરાકુળ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થશે.

'મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે.'

ચક્રવર્તી રાજા આદિ મોટા પુરુષના આશ્રયે જેમ, પોતાના પુણ્યના યોગે, સુખ-સાહેબી વગેરે બધું મળે છે, તેમ પૂર્ણાનંદસ્વરૂપ નિજ અખંડ ચૈતન્યચક્રવર્તીના—મોટાના—આશ્રયે જ, પોતાના અંતર્મુખ પુરુષાર્થથી, અતીન્દ્રિય જ્ઞાન, આનંદ, વીર્ય, સ્વચ્છતા વગેરે બધું પ્રગટ થાય છે.

'અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર.'

શ્રી શાન્તિનાથ, કુન્થુનાથ અને અરનાથભગવાન તીર્થંકર, ચક્રવર્તી અને કામદેવ—એ ત્રણેય પદવીના ધારક હતા. તેમણે ચક્રવર્તીપદના પુણ્યયોગે પૃથ્વીના છ ખંડને સાધ્યા હતા, એ તો ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. ખરેખર તો, છ ખંડને નહિ પણ અંદર અખંડ જ્ઞાયકને તેમણે સાધ્યો હતો.

પ્રશ્ન :—છ ખંડને સાધવાની વાત તો શાસ્ત્રમાં આવે છે ને?

ઉત્તર :—ભાઈ! છ ખંડ તો બાહ્ય પૃથ્વીના ટુકડા છે. તે જીતવાની વાત તો દૂર રહી, પણ અંદર છ દ્રવ્યને જાણનારી જ્ઞાનના ઉઘાડરૂપ પર્યાય છે તે પણ બાહ્ય છે. જ્ઞાનીને ખંડ પર્યાયનો આશ્રય હોતો નથી, અખંડ દ્રવ્યસ્વભાવનો આશ્રય હોય છે. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો જન્મ-મરણનો અંત લાવવાની ચીજ છે; તે કાંઈ બહારથી મળતી નથી. શું તે બહારમાં છે? દયા-દાનના વિકલ્પોમાં, કે દેવ-શાસ્ત્ર-ગુરુમાં કે મંદિરમાં આત્મા છે, કે જે ત્યાંથી મળી જાય?

પ્રશ્ન :—આપના પ્રભાવથી તો ઘણાં મંદિરો બન્યાં છે ને?

ઉત્તર :—અહીંના (અમારા) ઉપદેશથી મંદિરો બન્યાં છે તે એક વ્યવહારના કથનની રીત છે. ૫૦ મંદિરો બન્યાં છે, આફ્રિકામાં (નાઈરોબીમાં) ૧૫ લાખ શિલિંગનું દિગંબર જૈન મંદિર બને છે. તે સૌ પોતપોતાના કારણે બન્યાં છે—બને છે, જીવ તેનો કર્તા નથી. પુદ્ગલના સ્કંધોની તે પ્રકારે રચના પુદ્ગલથી સ્વયં થાય છે, જીવ તેનો કર્તા છે—એમ માનવું તે અજ્ઞાન છે.

પરથી—મંદિર, શાસ્ત્ર વગેરેથી—આત્માનું જ્ઞાન ત્રણ કાળમાં થતું નથી. અરે! સમવસરણમાં ભગવાનની પાસે ગયો, ત્યાં તેમના સન્મુખ થવાથી પણ આત્માનું જ્ઞાન થતું નથી. બાહ્યમાં ક્યાં છે આત્મા? મંદિરમાં કે પ્રતિમામાં આત્મા છે? રાગમાં...અરે! એક સમયની પર્યાયમાં આખો આત્મા છે? અહા! અલૌકિક વાત છે ભાઈ!

મહારાષ્ટ્રમાં એક દિગંબર સાધુ છે; તે આ પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) વાંચે છે ને બહુ રાજી થાય છે. તે વચનામૃતનાં પુસ્તકો અહીંથી મગાવે છે અને ત્યાંના શ્રાવકોને

ભેટ આપે છે. તે દિગંબર સાધુ છે પણ તેમને અહીંનો પ્રેમ છે; પુસ્તક વાંચીને તેમને અંદર એમ થઈ ગયું કે અહા! આ તે શી ચીજ છે!

પ્રશ્ન :—તમે મુનિને માનો છો?

ઉત્તર :—ભાઈ! સાંભળ તો ખરો. મુનિના તો અમે દાસાનુદાસ છીએ. પણ તેનામાં સાચું મુનિપણું હોવું જોઈએ ને? અહા! મુનિદશા એટલે શું? ભાઈ! મુનિ તો પરમેશ્વરપદની—કેવળજ્ઞાન ભૂમિકાની—નજીક આવી ગયા હોય છે. અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ જેને ધારાવાહી પરિણમન પ્રગટ્યું હોય તેને મુનિ કહેવાય છે ભાઈ! તે દશા જેને પ્રગટી છે તે અહા! ધન્ય અવતાર! ધન્ય જીવન! એવા મુનિને કોણ ન માને? અહીં કહે છે કે—આ અગાધશક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર, તેનો અંદર ઉગ્ર આશ્રય કર, તો સાચું મુનિપણું પ્રગટ થાય.

'આ એકને જ ગ્રહણ કર.'

દેવ-શાસ્ત્ર-ગુરુ પણ તારા માટે પર છે; તેના આશ્રયે—લક્ષે પણ આત્મા પ્રાપ્ત થતો નથી; માટે તેનું લક્ષ છોડી દે. અંતરમાં જ્ઞાનાનંદનો પિંડ પ્રભુ આત્મા બિરાજે છે તેનું લક્ષ કર, તે એકને જ ગ્રહણ કર. તારા પરિણામને ત્યાં અંદર લઈ જા, તેથી તને પર્યાયમાં જ્ઞાનાનંદની પ્રાપ્તિ થશે.

'ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે.'

પૂર્ણાનંદ પ્રભુમાં દૃષ્ટિ પડી અને અંદર સ્વરૂપસ્થિરતા જામી, પછી પરિણામ બહાર જાય, છતાં ચૈતન્યનું આલંબન તેને અંતરમાં ખેંચે છે, અંદરમાં જ લાવે છે.

'વારંવાર...વારંવાર એમ કરતાં...કરતાં (સ્વરૂપમાં લીનતા જામતાં...જામતાં) ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઈ જાય છે.'

પરિણામ બહાર જાય, પણ 'હું તો અંદર પૂર્ણાનંદ જ્ઞાયક છું' એમ ચૈતન્યના આલંબનના બળ વડે ઉપયોગને વારંવાર અંદરમાં લાવવાનો અભ્યાસ કરતાં...કરતાં—સ્વરૂપમાં ઉગ્ર લીનતા જામતાં...જામતાં—શુદ્ધિની ધારા ખૂબ વધીને સાધકને પૂર્ણ પરમાત્મદશા પ્રગટ થઈ જાય છે. અહા! અહીં તો ક્ષપકશ્રેણી એટલે કે સાધનાની એકદમ છેલ્લી સ્થિતિની વાત કરી છે. જીવને પહેલાં અંદર પરિણામમાં પોતાના શુદ્ધ આત્માને પકડતાં સ્વાનુભૂતિયુક્ત સમ્યગ્દર્શન થાય, પછી તે શુદ્ધ આત્માનો ઉગ્ર આશ્રય લે ત્યારે ચારિત્ર થાય, પછી એનાથી પણ વધુ ઉગ્ર આશ્રય કરવાથી શ્રેણી—વીતરાગતારૂપ નિર્મળ

પર્યાયની ધારા, સ્વભાવસન્મુખતારૂપ એકાગ્રતાની નિર્મળ ધારા—પ્રગટીને પૂર્ણતા પ્રગટ થઈ જાય છે.

અહા! આવો માર્ગ છે. જેનાથી જ્ઞાનાનંદની પૂર્ણતાસ્વરૂપ પરમાત્મદશા પ્રાપ્ત થાય છે તે નિજ શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયરૂપ ઉપાયની જીવને ખબર નથી અને બીજા ઉપાયથી પરમાનંદદશા પ્રાપ્ત થશે એમ ખોટો સંતોષાઈ જાય છે. અરેરે! ૮૪ લાખ યોનિમાં રખડતાં રખડતાં માંડ મનુષ્યપણું મળ્યું, તીર્થંકર ભગવાનની વાણી મળી, પણ વાણીનો મર્મ સમજ્યો નહિ. મૃત્યુકાળે ભગવાનનું નામ સ્મરણ કરે તોય તે રાગ છે, તેનાથી સાચી આત્મશાન્તિ પ્રગટતી નથી.

પ્રશ્ન :—છોકરાંને યાદ કરે તેના કરતાં તો સારું ને?

ઉત્તર :—ધૂળમાંય સારું નથી. છોકરાંને યાદ કરવાનો ભાવ પાપ છે, ને ભગવાનને યાદ કરવાનો ભાવ પુણ્ય છે; બંને રાગભાવ છે, તેમાં સાચી આત્મશાંતિ નથી. સ્ત્રી, પુત્ર વગેરે બધાં સ્વાર્થનાં સગાં છે. પોતે પાપ કરીને કરોડ રૂપિયા ભેગા થયા હોય; તેને મરતી વખતે પાંચ લાખ રૂપિયા ધર્માદામાં વાપરવાનો ભાવ થાય. બોલવા જતાં જીભ અટકી જાય, માંડ માંડ પાંચ લાખ...પાંચ લાખ—એમ અર્ધું પર્ધું બોલાય ત્યાં છોકરો વચ્ચે બોલી ઊઠે : 'બાપુજી! અત્યારે પૈસાને યાદ ન કરાય, ભગવાન...ભગવાન કરો.' સ્ત્રી-પુત્ર વગેરે સ્વાર્થનાં પૂતળાં છે, ધુતારાની ટોળી છે. નિયમસારમાં કહ્યું છે : પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે, સ્ત્રી-પુત્ર-મિત્રાદિક બીજું કોઈ સુખદુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રી-પુત્રમિત્રાદિક) ધુતારાની ટોળી તને મળી છે. અહીં કહે છે : પરિણામને અંતરમાં—ભગવાન આત્મામાં—વારંવાર વાળવાથી પૂર્ણાનંદ-દશા પ્રગટ થઈ જાય છે.

'જે વસ્તુ છે તે ઉપર જ તારી દૃષ્ટિનો દોર બાંધ, પર્યાયના આલંબને કાંઈ ન થાય.'

નિજ પૂર્ણાનંદ પ્રભુ પર દૃષ્ટિનો દોર લગાવી દે, પર્યાયના લક્ષે કલ્યાણ કાંઈ નહિ થાય. જોઈ ભાષા? દયા-દાન આદિ રાગથી તો નહિ, પણ એક સમયની પર્યાયના આશ્રયે પણ તારું કલ્યાણ નહિ થાય. અહાહા! આવું આ પુસ્તક છે. લોકો વાંચશે, વિચારશે ત્યાં હળવે હળવે—બે મહિને, ચાર મહિને, છ મહિને—આ પુસ્તક શું છે તે ખબર પડશે. અધ્યાત્મનું એકલું માખણ છે માખણ.

પર્યાયના આલંબનથી કાંઈ નહિ થાય. કાંઈ નહિ થાય? થશે—સંસાર. અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકનો—પૂર્ણાનંદના નાથનો—આશ્રય નહિ કરવાથી અને કેવળ પર્યાયનો આશ્રય કરવાથી કલ્યાણ—સમ્યગ્દર્શન—ત્રણ કાળમાં થશે નહિ. માટે અંદર ત્રિકાળી ભગવાન આત્મા ઉપર જ તારી દૃષ્ટિનો દોર સ્થિર કર, જેથી તારું કલ્યાણ—સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ વગેરે—થાય.

## વચનામૃત—૨૦૯

**જેમ રાજા પોતાના મહેલમાં ઊંડો ઊંડો રહે છે તેમ ચૈતન્યરાજા ઊંડા ઊંડા ચૈતન્યના મહેલમાં જ વસે છે; ત્યાં જા. ૨૦૯.**

ચક્રવર્તી રાજાને દેવોએ બનાવેલા રત્નમણિના પાંચ મોટા મહેલ હોય છે. રાજા પોતાના મહેલમાં—અંદર દૂર દૂર અંતઃપુરમાં—રહે છે, ત્યાં તેની ૯૬ હજાર રાણીઓ ભિન્ન ભિન્ન રહે છે.—એ પ્રમાણે આ ચૈતન્યરાજા અંદર ચૈતન્યમહેલમાં ઊંડે ઊંડે નિવાસ કરે છે. તે, રાગમાં તો નહિ પણ એક સમયની પર્યાયમાં પણ પૂરો આવતો નથી. ભગવાન જ્ઞાયકરાજા પર્યાયથી દૂર ઊંડા ઊંડા દ્રવ્યસ્વભાવમાં વસે છે. જેમ રાજા અંદર મહેલમાં દૂર દૂર છે, તેમ ભગવાન આત્મા પર્યાયભેદથી દૂર દૂર અંદર ચૈતન્યમહેલમાં વસે છે. ક્ષણવર્તી પર્યાયમાં તેનો વાસ નથી, પર્યાયથી દૂર અંદર ધ્રુવસ્વભાવમાં તેનો વાસ છે. અહા! આવી ભાષા છે, આવી વાતો છે. લોકો ભલે ગમે તે કહે ભાઈ! પણ આ તારા હિતની વાત છે.

અંતરમાં શુભાશુભ ભાવ તેમ જ અન્ય પર્યાય ઉપરથી પરિણામ હઠાવી તેને અંદર સ્વભાવના મહેલમાં જ્યાં ભગવાન આત્મા બિરાજે છે ત્યાં લગાડ. રાગ તો આંધળો છે એમાં ભગવાન નથી, પણ પર્યાય જે નિજ વસ્તુનો જ એક અંશ છે તેમાં પણ આખો ભગવાન નથી; ત્રિકાળી જ્ઞાયકમાં—જાગૃત સ્વભાવમાં—ભગવાન આત્મા છે, તેમાં નિવાસ કર; ત્યાં જા. અહા! ભાષા કેટલી સાદી! સમજાણું કાંઈ?

લોકો પદ્માવતી દેવી, ક્ષેત્રપાળ વગેરેની માન્યતા કરે છે, પણ એ માન્યતા તો ગૃહીત મિથ્યાત્વ છે ભાઈ! લોકોને, સમ્યગ્દર્શન શી ચીજ છે તેની ખબર નથી. સમ્યગ્દર્શન તથા તેના ધારક સમકિતીનો મહિમા કોઈ અદ્‌ભુત છે. છ ઢાળામાં કહ્યું છે : **'चरितमोह वश लेश न संजम, पै सुरनाथ जजै हैं।'** ભગવાન જ્ઞાયક આત્મા સમ્યગ્દર્શનમાં આવ્યો એટલે

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**



કે સમ્યગ્દર્શનનો વિષય થયો ત્યાં, ભલે સંયમ જરા પણ ન હોય છતાં ઈંદ્રો તેનો આદર કરે છે.—એવું સમ્યગ્દર્શનનું અદ્ભુત માહાત્મ્ય છે. ભગવાન આત્મા દ્રવ્ય છે; દ્રવ્ય કાંઈ પર્યાયમાં આવી જતું નથી પણ તે, પર્યાયનો આશ્રય બને છે. તેના—ધ્રુવ દ્રવ્યસ્વભાવના—આશ્રયે જ સમકિત આદિ બધી નિર્મળતા પ્રગટે છે. સમ્યગ્દર્શનપૂર્વક જે સમ્યગ્જ્ઞાન થયું તેમાં બધું—આખું જિનશાસન—જાણવામાં આવી ગયું. અહીં કહે છે કે—અંદર ચૈતન્યના ધ્રુવ મહેલમાં જ્ઞાયક આત્મા બિરાજે છે; ત્યાં જા,—તેનો અનુભવ કર.




> અહાહા! આ આવી ચીજ લોકોનાં ભાગ્યે બહાર આવી ગઈ. પોકાર કર્યો છે એમાં આત્માનો. બેનનો ફોટો છે ઉપર—ઘણો સારો; શાન્ત—શાન્ત!!
>
> —પૂજ્ય ગુરુદેવ

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

# પ્રવચન-૮૪

તા. ૩-૯-૭૮

## વચનામૃત—૨૧૦

તું પોતે માર્ગ જાણતો નથી ને જાણેલાને સાથે રાખે નહિ, તો તું એક ડગલું પણ કઈ રીતે ભરીશ? તું પોતે આંધળો, અને જો ગુરુવાણીનું અને શ્રુતનું અવલંબન ન રાખ, તો સાધકનો માર્ગ જે અંદરમાં છે તે તને કેમ સૂઝશે? સમકિત કેમ થશે? સાધકપણું કેમ આવશે? કેવળ કેમ પ્રગટશે?

અનંત કાળનો અજાણ્યો માર્ગ ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી. સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે પણ તે ગુરુવાણી અને આગમના અવલંબને થાય છે. સાચા નિર્ણય વગર—સાચા જ્ઞાન વગર—સાચું ધ્યાન થઈ શકતું નથી. માટે તું શ્રુતના અવલંબનને, શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.

શ્રવણયોગ હોય તો તત્કાળબોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાયયોગ હોય તો નિત્યબોધક એવાં આગમમાં પ્રવર્તન રાખજે. તે સિવાયના કાળમાં પણ ગુરુવાણી ને આગમે બતાવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખજે. ૨૧૦.

'તું પોતે માર્ગ જાણતો નથી ને જાણેલાને સાથે રાખે નહિ, તો તું એક ડગલું પણ કઈ રીતે ભરીશ?'

જેને પોતાના આત્માનું કલ્યાણ કરવું છે પણ પોતે માર્ગ જાણતો નથી એવા

જિજ્ઞાસુ જીવને, માર્ગના બતાવનાર એવા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનું અવલંબન વચ્ચે નિયમથી આવે છે. પોતાને અંદર આત્મા શી ચીજ છે, તેનું સાચું સ્વરૂપ શું છે, તેની પ્રાપ્તિ કઈ રીતે થાય—વગેરે કાંઈ ખબર નથી, અને જેને ખબર છે—અનુભવ છે—એવા દેવ-ગુરુ તથા જેમાં પૂર્વાપર અવિરુદ્ધપણે ન્યાય અને યુક્તિથી માર્ગ બતાવેલ છે એવાં સત્શાસ્ત્રોને સાથે રાખે નહિ, તો તું અંદર આત્મામાં એક ડગલું પણ કઈ રીતે ભરીશ? પોતે જાણતો નથી અને જાણનાર અનુભવીનો સમાગમ કરતો નથી તો, અંદરનો માર્ગ સાંભળ્યા—સમજ્યા વિના, તું અંદરમાં પ્રયત્ન કેમ કરી શકીશ? ભલે દેવ-શાસ્ત્ર-ગુરુ આપી દેતાં નથી, પણ જિજ્ઞાસુને માર્ગ સમજવામાં તે નિમિત્ત છે કે નહિ? આત્મા દેહ, લક્ષ્મી આદિ પરથી તદ્દન ભિન્ન, શુભાશુભ વિભાવોથી કથંચિત્ રહિત છે, તે એક સમયની પર્યાય જેટલો પણ નથી પણ પરિપૂર્ણ અખંડ જ્ઞાયકતત્ત્વ છે—એમ દેવ-શાસ્ત્ર-ગુરુ બતાવે છે કે નહિ? નિજ જ્ઞાયક આત્માને તું સ્વયં જાણતો નથી અને જે જાણે છે તેની સંગતિ કરતો નથી, તો અંતર આત્મામાં એક પગલું પણ નહિ ભરી શકે.

'તું પોતે આંધળો, અને જો ગુરુવાણીનું અને શ્રુતનું અવલંબન ન રાખ, તો સાધકનો માર્ગ જે અંદરમાં છે તે તને કેમ સૂઝશે? સમકિત કેમ થશે? સાધકપણું કેમ આવશે? કેવળ કેમ પ્રગટશે?'

તું પોતે આંધળો એટલે આત્મતત્ત્વનો અજાણ છો; અને જો સ્વાનુભવી ગુરુની વાણી અને આગમનું અવલંબન નહિ રાખ, તો તને અંદરમાં જવાનો માર્ગ કઈ રીતે સૂઝશે? સમયસારની ચોથી ગાથાની ટીકામાં કહ્યું છે : નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી જે સ્પષ્ટ ભિન્ન અનુભવમાં આવે છે એવું આ ભિન્ન આત્માનું એકપણું જ—કે જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે તોપણ કષાયસમૂહ સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી અત્યંત તિરોભાવ પામ્યું છે (—ઢંકાઈ રહ્યું છે) તે—પોતે આત્માને નહિ જાણતો હોવાથી અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ—સેવા નહિ કરી હોવાથી, નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું, નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું અને નથી પૂર્વે કદી અનુભવમાં આવ્યું. તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી. પરદ્રવ્યોથી ને પરભાવોથી ભિન્ન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ નિજ જ્ઞાયકનું ભાન પોતાને પોતાથી કદી થયું નથી અને જેમને તેનું જ્ઞાન વર્તે છે એવા દેવ-ગુરુનું અને તેનું સ્વરૂપ બતાવનાર એવાં આગમનું અવલંબન નહિ રાખ તો, તેને અંદરમાં સાધનાનો માર્ગ કદી સૂઝશે નહિ, સમ્યગ્દર્શન, મુનિપણું કે કેવળજ્ઞાન વગેરે કાંઈ પણ પ્રગટશે નહિ.

શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયસારની પાંચમી ગાથામાં કહે છે કે—આ એકત્વ-વિભક્ત

આત્માને હું મારા આત્માના નિજ વૈભવથી કહીશ. તેમનો નિજ વૈભવ શાથી પ્રગટ થયો છે?—કે શબ્દબ્રહ્મ—આગમ—ની ઉપાસના, તર્કશુદ્ધ યુક્તિઓનું અવલંબન, દેવ-ગુરુનો શુદ્ધાત્મપ્રમુખ ઉપદેશ અને નિરંતર પ્રચુર આનંદામૃતરસઝરતો સ્વાનુભવ—એ ચાર કારણે નિજ વૈભવ પ્રગટ થયો છે. અહાહા! ભગવાને કહ્યું છે માટે કહીશ—એમ નહિ; પણ ભગવાને જેવું કહ્યું છે તેવું, પણ મારા સ્વાનુભવ વૈભવથી કહીશ. જુઓ, આ શૈલી! અહીં કહે છે કે—તું સ્વયં તો આંધળો, અને જો ગુરુવાણી અને શ્રુતનું અવલંબન નહિ રાખ તો તને સાધનાનો માર્ગ કઈ રીતે સૂઝશે? સાધકપણું કેમ આવશે? કેવળજ્ઞાન કેમ પ્રગટશે?

'અનંત કાળનો અજાણ્યો માર્ગ ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી.'

અનાદિ કાળથી શુદ્ધાત્માનો જે માર્ગ કદી જાણ્યો નથી તે, સ્વાનુભવી ગુરુની વાણી અને આગમના અંતર્મુખ અભ્યાસથી જાણવામાં આવે છે. ગુરુ કે શાસ્ત્ર જ્ઞાન આપી ન દે, પણ જ્ઞાન થવામાં નિમિત્ત છે. ભલે તે નિમિત્તમાત્ર છે પણ તે બતાવે છે સ્વલક્ષ કરવાનું.

'સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે પણ તે ગુરુવાણી અને આગમના અવલંબને થાય છે.'

દેવ-શાસ્ત્ર-ગુરુ તો માર્ગ બતાવી અળગાં રહે છે. તે બતાવે છે કે 'આ માર્ગ છે.' પણ માર્ગમાં જાવું (—ચાલવું) તો પોતાને છે; સાચો નિર્ણય પોતે પોતાના અંતર્મુખ પુરુષાર્થથી કરવાનો છે. તે સાચા નિર્ણયમાં ગુરુવાણી અને આગમનો અભ્યાસ નિમિત્ત થાય છે.

'સાચા નિર્ણય વગર—સાચા જ્ઞાન વગર—સાચું ધ્યાન થઈ શકતું નથી.'

માણસ એમ કહે ને—ધ્યાન શેનું કરવું? ૐ ૐ કરવું? પંચપરમેષ્ઠીનું કરવું? અને અત્યારે તો એ વા વાયો છે કે ધ્યાનનો અભ્યાસ કરવો; પણ ધ્યાન કોનું? વસ્તુસ્વરૂપ શું છે? સર્વજ્ઞદેવે કહ્યો તે આત્મા કેવો છે? તેમાં ગુણ શા છે? એની પર્યાય શી છે?—વિકારી પર્યાય શી છે? અવિકારી પર્યાય શી છે? તેમાં નિમિત્ત ચીજ શી છે? પહેલાં તેવા યથાર્થ જ્ઞાન વિના સ્વરૂપ ઉપર દૃષ્ટિ જતી નથી. રાગથી કાંઈ પણ લાભ થશે, નિમિત્તથી લાભ થશે—એવી જ્ઞાનમાં વિપરીતતા હોય ત્યાં સ્વરૂપ ઉપર દૃષ્ટિ જતી નથી; તે જ્ઞાન અંતરમાં જઈ ન શકે. વસ્તુસ્વરૂપની ખબર વગર વાતો કરે ધ્યાનની; પણ કોનું ધ્યાન?

સાચા નિર્ણય વગર, સાચો સત્ ભગવાન—નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ—એના, અનુભવમાં નિર્ણય વગર, એના જ્ઞાન વગર, નિર્વિકલ્પ અભેદ ચીજ—એકરૂપ વસ્તુ—શી છે તેના જ્ઞાન વગર ધ્યાન સાચું થઈ શકતું નથી. કલ્પનાથી માને કે હું એકાગ્ર થાઉં છું,

પણ અખંડ, પરિપૂર્ણ એવા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિજ આત્માનું સાચું જ્ઞાન અને નિર્ણય કર્યા વગર અંતરમાં ધ્યાન થઈ શકે નહિ.

પ્રશ્ન :—'दुविहं पि मोक्खहउं झाणे पाउणदि' એમ દ્રવ્યસંગ્રહની ૪૭મી ગાથામાં આવે છે ને?

ઉત્તર :—અંદર જ્ઞાયક—ચેતનપદાર્થ—કેવો છે તેનું વાસ્તવિક જ્ઞાન યથાર્થ આગમ અને ગુરુથી થયું છે એવા જીવને ધ્યાન વિષે દ્વિવિધ મોક્ષહેતુ—મોક્ષનો માર્ગ પ્રાપ્ત થાય છે એમ ત્યાં કહ્યું છે. પરંતુ વસ્તુસ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન જ થયું ન હોય તો તે અંતરમાં જઈને ધ્યાન કઈ રીતે કરી શકે? જ્ઞાનમાં યથાર્થ—વાસ્તવિક તત્ત્વ શું, દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું, વિકાર શું—એવા વ્યવહારુ જ્ઞાનના વાસ્તવિક નિર્ણય વિના અંતરમાં જઈ નહિ શકે. અંતરમાં ધ્યાન કોને થાય?—અહીંયાં એ વાત ચાલે છે. અંદર દૃષ્ટિમાં જ્ઞાયક-સ્વરૂપનો સાચો નિર્ણય થયો હોય તે અંતરમાં ધ્યાન કરી શકે છે. બાકી રાગ-દ્વેષ ને પુણ્ય-પાપનું ધ્યાન તે તો આર્તધ્યાન ને રૌદ્રધ્યાન છે. સમજાણું? ઝીણી વાત છે ભાઈ! સમ્યગ્દૃષ્ટિ જ ધ્યાન યથાર્થ કરી શકે, કેમ કે તેને અખંડ ચીજ શું છે તે દૃષ્ટિમાં—શ્રદ્ધામાં આવ્યું છે, અને જ્ઞાનની પર્યાયમાં પણ 'આ હું પરિપૂર્ણ દ્રવ્ય છું' એવું જ્ઞાન આવ્યું છે.

રાત્રે પ્રશ્ન થયો હતો ને :—જેમ લોકાલોકને જાણવું વ્યવહાર છે તેમ પોતાના સુખ, વીર્ય આદિ બીજા ગુણોને જાણવું તે પણ વ્યવહાર છે?

ઉત્તર :—લોકાલોક તો પરપદાર્થ છે, પરને જાણવું, તન્મય થયા વિના, તે વ્યવહાર છે; આત્મા સ્વદ્રવ્યને—પોતાના ગુણપર્યાયને—તન્મયપણે રહીને જાણે તે નિશ્ચય છે. પરપદાર્થની જેમ દ્રવ્યથી પર્યાય જુદી છે—ભિન્ન છે એમ નથી. પોતાના સ્વરૂપનું જ્ઞાન—પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું, સુખ, વીર્ય આદિ પોતાના બીજા ગુણોનું જ્ઞાન—એ નિશ્ચય છે. નિયમસારમાં નિશ્ચયથી જ્ઞાનનું સ્વપર-પ્રકાશકપણું બતાવતાં કહ્યું છે : આત્મા પોતાના જ્ઞાનનું જ્ઞાન કરે તથા પોતાના બીજા ગુણોનું, પર્યાયોનું જ્ઞાન કરે તે નિશ્ચય છે. બીજા ગુણોનું જ્ઞાન કરે એ વ્યવહાર છે એમ નથી. પોતાના બધા ગુણ-પર્યાયો સાથે તન્મય રહીને જાણે છે માટે નિશ્ચય. પર જ્ઞેયો સાથે તન્મય થતો નથી માટે પરનું જાણવું વ્યવહાર છે. ઝીણી વાત છે બાપુ!

અહા! ભગવાન આત્મા નિર્વિકલ્પ ચીજ છે અંદર, જેના અભેદ સ્વરૂપમાં પર્યાયનો ભેદ નથી. અભેદમાં ભેદ નહિ હોવાથી પર્યાયને કથંચિત્ ભિન્ન કહી છે, માટે પર્યાયનું જ્ઞાન વ્યવહાર છે એમ નથી. પોતાના ગુણો ને પર્યાયોમાં તન્મય રહીને જાણે છે માટે નિશ્ચય છે. પરનું જાણપણું, તન્મય થઈને થતું નથી માટે, વ્યવહાર છે.

નિર્વિકલ્પ ચીજ અંદર છે,—પરમાત્માસ્વરૂપ. 'अप्पा सो परम-अप्पा'। આત્મા તે પરમાત્મા જ છે. આ આત્મામાં ને સર્વજ્ઞના આત્મામાં કાંઈ ફેર નથી; માત્ર અહીંયાં પર્યાય પ્રગટ નથી અને ત્યાં તેની પર્યાય પ્રગટ છે; બાકી વસ્તુ તો સરખી જ છે. જો અંતરમાં ચીજનો આવો નિર્ણય થયો નહિ ને ચીજનું યથાર્થ જ્ઞાન થયું નહિ તો ચીજ દૃષ્ટિમાં આવી નથી. ચીજ દૃષ્ટિમાં આવ્યા સિવાય ધ્યાન કોનું કરવું? ભાઈ! ધ્યાન તે કોઈ બીજી ચીજ છે! સમ્યગ્દર્શન ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. દ્રવ્યસંગ્રહની ૪૭મી ગાથામાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંદર ધ્યાનમાં પ્રાપ્ત થાય છે—એમ કહ્યું છે. કોઈ બહારમાં—વિકલ્પમાં, વાંચે છે અને સાંભળે છે તેમાં—સમ્યગ્દર્શન થઈ જાય એમ છે નહિ. બધું ધ્યાનમાં જ પ્રગટે.

હમણાં એક પ્રશ્ન આવ્યો હતો :—ચાલતાં ચાલતાં અનુભૂતિ થઈ જાય કે નહિ?

ઉત્તર :—ચાલતાં ચાલતાં? અહો! મુનિની દશા કોઈ જુદી જ છે. તેમને તો ચાલતાં અને બોલતાં પણ, સાતમું ગુણસ્થાન આવી જાય છે. એકદમ અંદર જામી જાય થોડી વાર. એવી રીતે સમ્યગ્દર્શન—અનુભૂતિ ચાલવાની ક્રિયામાં પ્રગટ થઈ જાય તેમ ન થઈ શકે; ત્યાં તો વિકલ્પ છે ચાલવાનો. અંદર ધ્યાનમાં જાય ત્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

પ્રથમ, ધ્યાનમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. અંતરમાં પ્રભુ નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ આત્મા છે, તેનો સાચો નિર્ણય કરી અનુભવ થવો તે ધ્યાનમાં થાય છે. આકરી વાતો બહુ! બહારની બધી વાતો ભૂલી જવી—લક્ષ પર્યાયમાં પણ નહિ, રાગમાં પણ નહિ; અને પોતાની પર્યાયને અંતરમાં લઈ જવી, ધ્યાનમાં આવી જવું. આવા ધ્યાનમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પર્યાય ભલે એક સમયની હો, ઉપયોગ ભલે અસંખ્ય સમયનો હોય, પણ તે જાત્યંતર એક સમયમાં થઈ જાય છે—સમ્યગ્દર્શન એક સમયમાં થઈ જાય છે. જે દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર છે તેને સ્વભાવ ઉપર લઈ જવી, તે એક સમયમાં થાય છે. પૂર્ણાનંદ પ્રભુ—નિર્વિકલ્પ ચૈતન્ય પ્રભુ—તેના ધ્યાનમાં સમ્યગ્દર્શન થાય છે.

મુનિની દશા જુદી છે! તેનું શું કહેવું! આત્માના અંતરમાં અનંત-અનંત-અનંત ગુણ, તેમાં દૃષ્ટિ ઘૂસી ગઈ અને લીનતા વધી ગઈ એવો પ્રચુર સ્વસંવેદનભાવ તે સાધુનું ચિહ્ન છે. રાગ, વિકલ્પ ને પંચમહાવ્રત તે કાંઈ સાધુપણું નથી. કહેવાય છે ને—"સાધુ 'બનવું' સહેલું છે, પણ સાધુ 'થવું' મુશ્કેલ છે." લૂગડાં ફેરવીને નગ્ન થઈ ગયો, ક્રિયાકાંડ અને વ્રત લઈ લીધાં, બહારથી સાધુ 'બની' ગયો; પરંતુ ખરેખર સાધુ 'થવું'—સાધુભાવે પરિણમવું મુશ્કેલ છે. અરે! બાપુ, સાધું થવું શી ચીજ છે? અરે! આ કાળમાં જ્યાં સમ્યગ્દર્શન ચીજ દુર્લભ થઈ ગઈ, ત્યાં સાધુપણું તો ભાઈ! કોઈ અલૌકિક ચીજ છે! મુનિરાજને અતીન્દ્રિય આનંદમાં રમતાં, બહાર વિકલ્પ આવે છે તો તે બોજો લાગે છે; પંચમહાવ્રતના વિકલ્પ આવે, શિષ્યને શીખવવાનો વિકલ્પ આવે અને વાંચનનો વિકલ્પ ઊઠે

તે પણ બોજો લાગે. અહા! પ્રભુ! નિર્વિકલ્પ આનંદ આગળ વિકલ્પ તો બોજો લાગે છે. અરે! સમ્યગ્દ્રષ્ટિને પણ, ક્ષાયિક સમકિત હોય તોપણ, સ્ત્રીનો—વિષયવાસનાનો—વિકલ્પ આવે છે પણ એ બોજો—દુઃખ લાગે. એ વિકલ્પો, નહિ છૂટતા જાણીને, દુઃખ લાગે છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો ગઠ્ઠો—પુંજ છે. તેમાં એકાગ્ર થતાં સમ્યગ્દર્શન થાય છે, તો તેમાંથી આનંદ, શાંતિ અને સ્વચ્છતા વગેરેનો અનુભવ આવે છે. ભલે જ્ઞાન છે પરોક્ષ, પણ પોતાને—આત્માને—જાણવામાં સ્વસંવેદનપ્રત્યક્ષ થઈ ગયું. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં નયચક્રનો આધાર આપીને પં. ટોડરમલજીએ કહ્યું છે : તત્ત્વના અન્વેષણ વખતે પહેલાં શુદ્ધાત્માને યુક્તિ—નય-પ્રમાણ—દ્વારા જાણે પછી આરાધના સમયે તેમાં નય-પ્રમાણના ભેદ નથી કેમ કે ત્યાં આત્માનો પ્રત્યક્ષ અનુભવ છે. અંતર જ્ઞાનની પર્યાયમાં—અનુભવજ્ઞાનમાં—'આ ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે, પૂર્ણ શાંતસ્વરૂપ, પૂર્ણ વીતરાગ—સ્વરૂપ છે' એવું સ્વસંવેદન-પ્રત્યક્ષ જ્ઞાન થઈ ગયું છે.

જેનાથી જન્મ-મરણનો—ભવનો અંત આવી જાય, અહા! એ કામ બહુ આકરું. ચોરાશીના અવતાર કરી કરીને અનંત કાળ માથે વીત્યો, પણ જીવને ક્યાંય સુખ નથી—સુખ નથી. સુખનો સાગર તો પ્રભુ આત્મા છે, ત્યાં તો ગયો નહિ, તેનો અનુભવ કર્યો નહિ અને બહારમાં સુખ માટે જ્યાં ત્યાં ઝાવાં નાખે છે—સ્ત્રીમાં, પૈસામાં ને આબરૂમાં—ધૂળમાં. અહા! જેને અંદર એ આનંદનો નાથ પ્રભુ આત્મા જાણવામાં આવ્યો નહિ તે અંતરમાં ધ્યાન કરી શકે નહિ. અત્યારે તો વા વાયો છે કે ધ્યાન કરો, ધ્યાન કરો. ધ્યાનના શિબિર કાઢે છે. પણ હજુ વસ્તુના સ્વરૂપની જ ખબર નથી, સર્વજ્ઞ પરમેશ્વરે કહેલાં પરમાગમમાં આત્મા કહ્યો છે તે શું છે અને જ્ઞાની અનુભવી ગુરુ આત્મા કોને કહે છે—એ તો ખબર નથી અને કહે કે ધ્યાન લગાવો બે-ચાર કલાક, પણ શેનું ધ્યાન લગાવે?

ધ્યાનના શિબિર ગોઠવે, તેમાં કહે કે 'શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ.' વળી 'ભોગાનંદમાં બ્રહ્માનંદ' કહે! અરે પ્રભુ! આ શું કરે છે તું? વિષયની મજામાં બ્રહ્મનો—આત્માનો—આનંદ? અરેરે! વિષયની વાસના એ તો દુઃખ છે, તેમાં આત્માનો આનંદ ક્યાંથી આવ્યો? 'ખૂબ રોવો—ખૂબ રોવો ને પછી શૂન્ય થઈ જાઓ; ખૂબ દાંત કાઢો ને પછી શૂન્ય થઈ જાઓ'—આવો ખોટો માર્ગ ચલાવ્યો છે. એ કોઈ ધ્યાન નથી, ભ્રમ છે.

અહા! મુનિરાજ તેમ જ સમ્યગ્દ્રષ્ટિ જીવનું આ સ્વસંવેદન ધ્યાન કોઈ જુદું જ છે, વચનાતીત છે. તે દશામાં, અનંત ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ ભિન્નભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયરૂપ તરંગોમાં અને આશ્ચર્યકારી આનંદતરંગોમાં હિલોળા લે છે. ત્યાં શૂન્યતા નથી, જાગૃતપણે અતીન્દ્રિય આનંદ આદિ અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે.

અહીંયાં કહે છે કે આત્માના સાચા નિર્ણય વિના સાચું ધ્યાન કદી થઈ શકતું નથી.

'માટે તું શ્રુતના અવલંબનને, શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.'

શ્રુતના અવલંબનથી—ભગવાન સર્વજ્ઞદેવે કહેલી જે વાણી તેના અનુસાર વીતરાગી દિગંબર સંતોએ જે પરમાગમો રચ્યાં છે તે જ સાચાં શાસ્ત્ર છે તેના અવલંબનથી—આત્માનો સાચો નિર્ણય કરવો. વાસ્તવિક પરમાગમનું અવલંબન તથા ચિંતવન સાથમાં રાખવું. તેમાં ફેર હોય ત્યાં સુધી ધ્યાન સાચું થઈ શકે નહિ.

અહા! આ તો ભવના અંતની વાતો છે પ્રભુ! અંદર નિર્વિકલ્પ ભગવાન આત્મામાં ભવ અને ભવના ભાવનો અભાવ છે. એવા નિજ દ્રવ્યસ્વભાવનો નિર્ણય કરીને તેનું ધ્યાન કરવું—અંદર એકાગ્રતા કરવી—એ ભવના અંતનું. મોક્ષની પર્યાયને નજીક કરે એવું, ધ્યાન છે.

સાચા ગુરુ ને સાચાં શાસ્ત્ર જે કહે તેનું શ્રવણ, મનન ને લક્ષ હોવું જોઈએ, કારણ-કે એ વિના વસ્તુસ્થિતિ લક્ષમાં નહિ આવે. શાસ્ત્ર અને ગુરુવાણીનો—ચારે અનુયોગનો—સાર વીતરાગતા છે. વીતરાગતા કેમ પ્રગટે? કે ત્રિકાળ વીતરાગસ્વરૂપ જે આ ભગવાન આત્મા અંતરમાં છે તેના આશ્રયે પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. ગુરુ કહે છે કે મારા આશ્રયે પણ તને વીતરાગતા પ્રગટતી નથી, અંદર પોતાના સ્વભાવના આશ્રયે પ્રગટે છે.

પ્રશ્ન :—ગુરુ એમ કહે કે તું મારો શિષ્ય નથી?

ઉત્તર :—શિષ્ય-બિષ્ય કોનો? શિષ્ય કેવો ને ગુરુ કેવા? પોતે પોતાનો ગુરુ અને પોતે પોતાનો દેવ; 'સર્વજ્ઞદેવ પરમગુરુ'—સર્વજ્ઞસ્વભાવ અને સર્વજ્ઞદેવ એ પરમગુરુ છે. પોતાનો સર્વજ્ઞસ્વભાવ 'જ્ઞ'સ્વભાવ, પૂર્ણસ્વભાવ—જેવો ભગવાનનો સ્વભાવ—એ સર્વજ્ઞદેવ છે. અલ્પજ્ઞપણું જેના સ્વભાવમાં નથી, રાગ તો નહિ પણ પુણ્ય—દયાદાનનો વિકલ્પ પણ નહિ. પૂર્ણ સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માના સાચા નિર્ણય ને જ્ઞાન વિના—એ ચીજ લક્ષમાં આવી જ નથી તો એનું—ધ્યાન કેમ કરવું? ચીજ લક્ષમાં આવી નથી, જ્ઞાનમાં એનો બરાબર ખ્યાલ આવ્યો નથી એને કદી ધ્યાન થઈ શકે નહિ.

'શ્રવણયોગ હોય તો તત્કાળબોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાયયોગ હોય તો નિત્યબોધક એવાં આગમમાં પ્રવર્તન રાખજે.'

પ્રવચનસારના ત્રીજા અધિકારમાં આવે છે : ગુરુવાણી તત્કાળબોધક છે અને આગમવાણી નિત્યબોધક છે. ગુરુની વાણી તો અમુક વખતે મળે માટે તત્કાળબોધક અને આગમનો સ્વાધ્યાય તો ગમે ત્યારે કરે—તેથી તે નિત્યબોધક છે. આત્માનું સ્વરૂપ

સમજવા માટે, તેના સાચા નિર્ણય માટે, તત્કાળબોધક ગુરુવાણી અને નિત્યબોધક આગમમાં પ્રવર્તન રાખજે.

'તે સિવાયના કાળમાં પણ ગુરુવાણી ને આગમે બતાવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખજે.'

હું જ્ઞાયક છું, શુદ્ધ છું, પરિપૂર્ણ પરમાત્મા છું—એવા વિચાર, મંથન અને ઘોલન, બીજા વખતમાં પણ, રાખ્યા કરજે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થયા પછી પણ આ લાગુ પડે?

ઉત્તર :—હા. સમ્યગ્દર્શન વગર ધ્યાન, મંથન યથાર્થ ક્યાં હોય છે? કોનું મંથન કરે? દહીં છે તો મંથન કરી માખણ કાઢે; પાણીમાંથી માખણ નીકળે? માટે પોતાનું સ્વરૂપ—શુદ્ધ, આનંદકંદ—દૃષ્ટિ ને જ્ઞાનમાં આવ્યું છે તેનું રટણ ને મંથન રાખજે—એમ જ્ઞાનીને બરાબર લાગુ પડે.

કરવાનું તો પોતાને જ છે. જીવ પોતે કરે ત્યારે ગુરુવાણી ને આગમ નિમિત્ત કહેવામાં આવે છે. 'દિશા દેખાડી શાસ્ત્ર અળગાં રહે.' ગુરુવાણી તથા શાસ્ત્ર દિશા દેખાડે, બાકી રહે અળગાં. જ્યાં સુધી ગુરુતત્ત્વનું લક્ષ છે ત્યાં સુધી અંતરમાં જઈ નહિ શકે.

પ્રશ્ન :—ગુરુ ધારવા કે નહિ?

ઉત્તર :—એ તો વ્યવહારે ગુરુ કહેવામાં આવે છે. નિશ્ચયથી તું જ દેવાધિદેવ તથા તું જ પરમગુરુ છો. તારી પર્યાયમાં તું તારાથી સમજ્યો માટે તું તારો ગુરુ છે. ગુરુએ સમજાવ્યું એમ વ્યવહારે કહેવાય, ખરેખર તો તેં તને પોતાને સમજાવ્યો. હું તો પૂર્ણાનંદ છું, શુદ્ધ છું, ચૈતન્યકંદ છું—એમ તેં તેને સમજાવ્યો માટે તું તારો ગુરુ છે. અહા! બહુ વાત આકરી.

અત્યારે સમ્યગ્દર્શન અને તેના વિષયમાં બહુ ફેરફાર થઈ ગયો છે. મંદિર બનાવો, ગજરથ કાઢો, લાખો કરોડો રૂપિયા ખર્ચો એટલે ધર્મધુરંધરની પદવી આપે. અરે, પ્રભુ! ત્યાં ક્યાં ધર્મ છે? એ ક્રિયા તો પરથી થઈ છે, કષાયની મંદતાનો ભાવ હોય તો ત્યાં પરલક્ષી શુભભાવ છે, પુણ્ય છે. પુણ્ય છે તે ધર્મ નથી. ધર્મ નથી માટે શુભભાવ બિલકુલ આવતો જ નથી—એમ નથી, આવે છે. સ્વરૂપમાં સ્થિર ન થઈ શકે ત્યારે અશુભથી બચવા માટે જ્ઞાનીને પણ શુભભાવ આવે છે; પણ એ હેય અને દુઃખરૂપ લાગે છે.

પ્રશ્ન :—હેય ને દુઃખરૂપ છે તો લાવ્યા કેમ?

ઉત્તર :—હેય ને દુઃખરૂપ જાણવા છતાં પણ નીચલી ભૂમિકામાં તે આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? પોતાના પરમાત્મસ્વરૂપનું જેને ભાન ને જ્ઞાન થયું તેને અશુભ રાગ આવે તે તો મહા દુઃખ લાગે છે જ, પરંતુ શુભભાવ આવે તે પણ બોજો અને દુઃખરૂપ લાગે છે.

એ પ્રમાણે શ્રવણયોગ ને સ્વાધ્યાય-યોગ સિવાયના કાળમાં પણ ગુરુવાણી ને આગમ દ્વારા બતાવવામાં આવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખવાં.

❀

## વચનામૃત—૨૧૧

**વસ્તુનું સ્વરૂપ બધાં પડખેથી જ્ઞાનમાં જાણી અભેદજ્ઞાન પ્રગટ કર. અંદરમાં સમાયા તે સમાયા; અનંત અનંત કાળ સુધી અનંત અનંત સમાધિ સુખમાં લીન થયા. 'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે,' માટે તું તે જ્ઞાનપદને પ્રાપ્ત કર. તે અપૂર્વ પદની ખબર વગર કલ્પિત ધ્યાન કરે, પણ ચૈતન્યદેવનું સ્વરૂપ શું છે, આવા રતનરાશિ જેવા તેના અનંત ગુણોનો સ્વામી કેવો છે—તે જાણ્યા વગર ધ્યાન કેવું? જેનું ધ્યાન કરવું છે તે વસ્તુને ઓળખ્યા વિના, તે ગ્રહણ કર્યા વિના, ધ્યાન કોના આશ્રયે થશે? એકાગ્રતા ક્યાં જામશે? ૨૧૧.**

'વસ્તુનું સ્વરૂપ બધાં પડખેથી જ્ઞાનમાં જાણી અભેદજ્ઞાન પ્રગટ કર.'

વસ્તુનું સ્વરૂપ ચારે બાજુથી જેવું છે તેવું—દ્રવ્ય, ગુણ, પર્યાય તથા વિકાર ને સ્વભાવ વગેરે બધાં પડખાંથી—જ્ઞાનમાં જાણી અભેદજ્ઞાન પ્રગટ કર. જાણે તો બધું—દ્રવ્ય, ગુણ, પર્યાય, સ્વભાવ, વિભાવ, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર વગેરે બધું—પણ આશ્રય તો અંદર ત્રિકાળી એક અભેદજ્ઞાનનો કરે. નિયમસારના આવશ્યક-અધિકારમાં કહ્યું છે કે, ભગવાન અરિહંતદેવના શ્રીમુખેથી નીકળેલા મૂળ અને ઉત્તર પદાર્થોનું પ્રતિપાદન કરવામાં સમર્થ એવો જે કોઈ મુનિ ક્યારેક છ દ્રવ્યોમાં પોતાનું ચિત્ત જોડે છે, ક્યારેક તેમના મૂર્ત-અમૂર્ત, ચેતન-અચેતન ગુણોમાં મન જોડે છે અને વળી ક્યારેક તેમના અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયોમાં બુદ્ધિ જોડે છે, પરંતુ ત્રિકાળ-નિરાવરણ, નિત્યાનંદ એવા નિજકારણસમયસારના સ્વરૂપમાં લીન સહજજ્ઞાનાદિ શુદ્ધ ગુણપર્યાયોના આધારભૂત નિજ

આત્મતત્ત્વમાં ચિત્ત ક્યારેય જોડતો નથી, તે તપોધનને પણ તે કારણે જ—પર વિકલ્પોને વશ થતો હોવાના કારણે જ—અન્યવશ કહેવામાં આવ્યો છે. આ દ્રવ્ય છે, આ ગુણ છે ને આ પર્યાય છે—એમ ત્રણ ભેદ આવ્યા, પણ અંદર અભેદજ્ઞાન છે તે તેના લક્ષમાં ન આવ્યું. વસ્તુસ્વરૂપ આવું છે ભાઈ! માર્ગ બહુ આકરો! સમજ કે ન સમજ પણ માર્ગ તો આ જ છે, અનંત જ્ઞાનીઓ તથા અનંત આગમ વસ્તુસ્વરૂપ આમ જ કહે છે.

આ બધી વાત અંતરથી સૂઝતી નથી, તેથી 'આનાથી થાય, આનાથી થાય' એમ કરીને અજ્ઞાની બિચારા બહારથી ધર્મ થતો માને. શું કરે? વસ્તુના સ્વરૂપને સર્વ પ્રકારથી જ્ઞાનમાં જાણીને અભેદજ્ઞાનનું લક્ષ થયું નથી તું અખંડાનંદ પૂર્ણ પ્રભુ છો, ત્યાં દૃષ્ટિ લગાવીને અભેદજ્ઞાન પ્રગટ કર.

**'અંદરમાં સમાયા તે સમાયા; અનંત અનંત કાળ સુધી અનંત અનંત સમાધિસુખમાં લીન થયા.'**

'શ્રીમદ્'માં આમ વચન છે—સમજ્યા એ સમાઈ ગયા. સમજ્યા કે હું આત્મા આનંદસ્વરૂપ છું—એ સમાઈ ગયા, અંદરમાં ગયા; અનંત અનંત કાળ સુધી નિર્વિકલ્પ ભગવાનમાં—અનંત અનંત સમાધિસુખમાં—લીન થયા. મુનીન્દ્રો અનંત સમાધિઆનંદમાં ડૂબી ગયા. અંદર નિર્વિકલ્પ ચીજ ને આનંદમાં લીન થયા તે થયા, કદી બહાર નીકળ્યા જ નહિ.

**'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે.'**

આ સમયસારની ૨૦૫ મી ગાથાનું હરિગીત છે. સમ્યગ્જ્ઞાન એટલે કે આત્માનો અનુભવ—એવો જ્ઞાનગુણ વિના બહુ લોકો, ભલે તે દયા-દાન, વ્રત-તપ, ભક્તિ-પૂજા તથા શાસ્ત્રવાંચન વગેરે લાખ-કરોડ-અબજ વર્ષ કરે પણ એનાથી આ પદને—અભેદજ્ઞાનને—પામી શકે નહિ. શાસ્ત્રજ્ઞાન તે આ અભેદજ્ઞાનપદ નહિ, એ તો શબ્દજ્ઞાન થયું; તેમાં તેને અભિમાન થઈ જાય કે મને બહુ જ્ઞાન છે, લોકો પણ મને જ્ઞાની કહે છે, તો ભ્રમણામાં પડી ગયો. અંદર અખંડાનંદસ્વરૂપ અભેદ આત્મામાં એકાકાર થઈને જ્ઞાન પ્રગટ કર. બાકી બીજી રીતે જ્ઞાન કોઈ પણ આત્માને પ્રગટ નહીં થાય. શાસ્ત્રની—વાણીની પૂજા કરે એ બધા વિકલ્પ છે. જેમ ભગવાનની—મૂર્તિની પૂજા વિકલ્પ છે તેમ શાસ્ત્રની પૂજા પણ વિકલ્પ છે; એ એક જ જાત છે. ત્યાં ઢોલ-નગારાં વગાડે, 'હો હો' એમ ધૂન લગાવે. પણ એમાં છે શું? એ તો રાગ છે.

પ્રશ્ન :—ઢોલ વગાડવો કે નહિ?

ઉત્તર :—વગાડી શકે છે કે કોણ? રાગ આવે ને ક્રિયા થવાની હોય તો થાય.

વીતરાગ પ્રતિમાની ભક્તિ-પૂજાનો વિરોધ કરવો યોગ્ય નથી. વીતરાગ પ્રતિમાની પૂજા તો અનાદિથી થતી આવી છે; એ કાંઈ નવી નથી. જ્ઞાનીને પણ વીતરાગ પ્રતિમાને પૂજવાના ભાવ આવે છે; પણ છે એ વ્યવહાર, શુભ રાગ. એ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી.

પ્રશ્ન :—ધર્મ નથી, તો પછી આવે છે કેમ?

ઉત્તર :—નીચે રાગની ભૂમિકા છે. અશુભ રાગથી બચવા માટે જ્ઞાનીને પણ વીતરાગ જિનપ્રતિમાના પૂજન-ભક્તિના ભાવો આવે છે. અમે તો નિશ્ચયવાળા છીએ, અમને પ્રતિમાના પૂજનનો ભાવ ન આવે એમ માને, તો એવી વાત છે જ નહિ—વસ્તુસ્વરૂપ એમ છે નહિ. પં. બનારસીદાસજી કહે છે—જેના હૃદયમાં સમ્યગ્દર્શન વડે મિથ્યાત્વજનિત નિદ્રાની અસાવધાની નષ્ટ થઈ ગઈ છે, તેના અંતરમાં જૈનમતની પદ્ધતિ પ્રગટ થઈ છે, જેણે મિથ્યા-અભિમાનનો ત્યાગ કર્યો છે, જેને છ દ્રવ્યોના સ્વરૂપની ઓળખાણ થઈ છે, જેણે અરિહંતદેવ-કથિત આગમનો ઉપદેશ શ્રવણ કર્યો છે, જેના હૃદયભંડારમાં જૈન મુનિઓનાં વચનો પ્રવેશ કરી ગયાં છે અને જેના સંસારનો કિનારો નજીક આવી ગયો છે તે જ જિનપ્રતિમાને જિનરાજ સદૃશ માને છે. જ્ઞાનીને પણ ભક્તિ વગેરેનો શુભરાગ આવે છે; તે સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી; પણ છે તે શુભભાવ, ધર્મ નથી.

ભક્તિનો રાગ, પૂજાનો રાગ તથા દયા વગેરેનો રાગ આવે, પણ જીવ જો તેનો કર્તા થઈ જાય કે 'હું તેનો કર્તા છું' તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. જડની પર્યાયનો કર્તા તો ત્રણ કાળમાં છે જ નહિ. સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદસ્વામી ત્યાં સુધી કહે છે કે ઉપદેશનો વિકલ્પ આવે છે તે પણ પ્રભુ! ઉન્માદ છે. અહા! મારો નાથ—અંતર આનંદનો નાથ! તેમાં આ ઉપદેશ દેવાના વિકલ્પ ઊઠે છે તે ઉન્માદ છે!

પ્રશ્ન :—તે તો ચારિત્રનો ઉન્માદ છે ને?

ઉત્તર :—ત્યાં ચારિત્રના જ ઉન્માદની વાત છે. ત્યાં દર્શનનો ઉન્માદ ક્યાં છે? તે તો સમકિતી જ્ઞાની છે, મુનિ છે. તેમને તો ત્રણ કષાયનો અભાવ થઈને અંદર ભાવલિંગ—પ્રચુર સ્વસંવેદન—પ્રગટ થયું છે. એ મુનિ એમ કહે છે : અરે! ઉપદેશ દેવાનો વિકલ્પ આવ્યો તે ચારિત્રમોહનો ઉન્માદ છે.

ભાઈ! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે. અંતરમાં સમાયા તે સમાયા—અનંત અનંત કાળ સુધી સમાધિસુખમાં લીન થયા.

'માટે તું તે જ્ઞાનપદ પ્રાપ્ત કર.'

શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન નથી, પણ જ્ઞાનપદ પ્રાપ્ત કરવું તે જ્ઞાન છે. તે અપૂર્વ

પદની—જ્ઞાનઘન ભગવાન આત્માની—ખબર વિના કલ્પિત ધ્યાન કરે, આંખ મીંચીને 'ૐ अर्हं' વગેરે ધ્યાન કરવું તે વિકલ્પ છે. અંદર આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં એકાગ્ર થતાં રાગ રહિત—વીતરાગ—પર્યાય થાય તેનું નામ ધ્યાન છે.

બાપુ! માર્ગ કોઈ જુદો છે. વિકલ્પના વ્યવહારથી પ્રાપ્ત થાય એવી તે ચીજ નથી. વિકલ્પ શુભ રાગ તે દુઃખ છે, તેનાથી આનંદની પ્રાપ્તિ થાય? વ્યવહાર જેટલો છે તે તો શુભ રાગ છે, દુઃખ છે, અને ભગવાન આત્માનો નિશ્ચય હોય તે તો આનંદ છે. શુભરાગથી—દુઃખથી આનંદની પ્રાપ્તિ થાય? પ્રભુ! ગરબડ બહુ કરી નાખી. આ પંડિતાઈની ચીજ નથી, અંતરની દૃષ્ટિ અને અનુભવની ચીજ છે.

**'તે અપૂર્વ પદની ખબર વગર કલ્પિત ધ્યાન કરે, પણ ચૈતન્યદેવનું સ્વરૂપ શું છે, આવા રતનરાશિ જેવા તેના અનંત ગુણોનો સ્વામી કેવો છે—તે જાણ્યા વગર ધ્યાન કેવું?'**

કલ્પિત ધ્યાન કરે, પરંતુ ચૈતન્યદેવ—અંદર દેવાધિદેવ ભગવાન આત્મા—નું સ્વરૂપ શું છે? અનંત ચૈતન્યનાં રત્નો ભર્યાં છે એમાં. અહા! એવાં અનંત ગુણરત્નોનો સ્વામી કેવો છે? છેલ્લા સ્વયંભૂરમણ-સમુદ્રના તળમાં રત્નો પડ્યાં છે, રેતી નહિ; તેમ ચૈતન્યસમુદ્રમાં અનંત અનંત રત્નો પડ્યાં છે. સ્વયંભૂ ભગવાન આત્મા છે અસંખ્ય પ્રદેશી, પણ અંદર અનંત ચૈતન્યરત્નો ભર્યાં છે. ભગવાન! તે અનંત ગુણરત્નોથી ભરેલા ભગવાન આત્માની પ્રતીતિ નિર્વિકલ્પ અનુભૂતિ થાય ત્યારે થાય છે; રાગની કે વિકલ્પની તાકાત નથી કે તેની પ્રતીતિ કરી શકે, કારણ કે તે પ્રતીતિમાં અનંત ચૈતન્યરત્નની પ્રતીતિ આવે છે. અહા! તે પ્રતીતિની તાકાત કેટલી કે જેણે અનંત અનંત ચૈતન્યરત્નના રાશિને—ત્રિકાળી જ્ઞાયક ભગવાન આત્માને—વિશ્વાસમાં લઈ લીધો?

ભાઈ! આ વાતો કોઈ અલૌકિક છે. ભાષાથી ગમે તે પ્રકારે કહો પણ તેનો પાર આવે એવું નથી—એવી ચીજ છે. આ ભગવાન આત્મા અનંત અનંત ગુણરત્નોથી ભરેલો સ્વયંભૂરમણ મહાસમુદ્ર છે કે જે ગુણરત્નોની કોઈ સીમા નથી. એ ગુણોનો સ્વામી કેવો છે તે જાણ્યા વિના ધ્યાન કેવું? આ વાત સર્વજ્ઞનાં આગમમાં જ કહી છે, બીજે આ વાત છે જ નહિ. તે પણ દિગંબર જૈનનાં જે પરમાગમો છે તેમાં જ કહી છે; જૈન નામ ધરાવનાર સંપ્રદાયો છે તેમાં પણ આ વાત નથી.

**'જેનું ધ્યાન કરવું છે તે વસ્તુને ઓળખ્યા વિના, તે ગ્રહણ કર્યા વિના, ધ્યાન કોના આશ્રયે થશે? એકાગ્રતા ક્યાં જામશે?'**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અંદર જેની મોટપનો પાર નથી તે નિજ ચૈતન્યદેવના—સર્વજ્ઞદેવ, સર્વદર્શીદેવ, પૂર્ણાનંદદેવ વગેરે અનંત અનંત દિવ્ય શક્તિઓથી ભરેલા નિજ ભગવાન આત્માના—જ્ઞાન વગર તેનું ધ્યાન કઈ રીતે કરી શકે? જેમાં એકાગ્ર થવું છે તે વસ્તુને ઓળખ્યા વિના, તેને ગ્રહણ કર્યા વિના એટલે કે લક્ષમાં લીધા વિના ધ્યાન—એકાગ્રતા કોના આશ્રયે થશે? વસ્તુની જ ખબર નથી, તો આશ્રય કોનો કરે? એકાગ્રતા ક્યાં થશે? વસ્તુસ્વરૂપના સાચા જ્ઞાન ને સાચી પ્રતીતિ થયા પછી જ તેમાં એકાગ્રતા વિશેષ થશે. વાસ્તવિક જ્ઞાન અને વાસ્તવિક પ્રતીતિ થયા પછી જ સાચું ધ્યાન થશે. તે પહેલાં ધ્યાન થશે નહિ.

ૐ
સહજ ચિદાનંદ.

(બેનશ્રીને આવતાં દેખીને કહ્યું—) બેન માટે જગ્યા કરો, 'ધર્મની શોભા' ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતી સ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

—*પૂજ્ય ગુરુદેવ*

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રવચન-૮૫

તા. ૪-૯-૭૮

## વચનામૃત—૨૧૨

**એક સત્-લક્ષણ આત્મા—એનો જ પરિચય રાખજે. ‘જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ.’ તું લોકાગ્રે વિચરનારો લૌકિક જનોનો સંગ કરીશ તો તારી પરિણતિ પલટી જવાનું કારણ થશે. જેમ જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે તેમ તું લોકથી નિરપેક્ષપણે તારા પરાક્રમથી—પુરુષાર્થથી અંદર વિચરજે. ૨૧૨.**

‘એક સત્-લક્ષણ આત્મા—એનો જ પરિચય રાખજે.’

શું કહે છે? આત્મામાં એક ‘ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ’ નામની ત્રિકાળી શક્તિ છે. ઉત્પાદ એટલે જીવાદિ વસ્તુઓનું નવી અવસ્થારૂપે ઊપજવું, વ્યય એટલે પૂર્વની અવસ્થાથી નાશ પામવું અને ધ્રૌવ્ય એટલે વસ્તુપણે કાયમ ટકવું. એ ત્રણેની એકતા ‘સત્’ છે. તત્ત્વાર્થસૂત્રમાં ‘उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्’—એમ ‘સત્’ની વ્યાખ્યા કહી છે. ‘सद्रव्यलक्षणम्’—‘સત્’ એ દ્રવ્યનું સ્વરૂપ છે. આત્મામાં એક અસ્તિતત્વમાત્રમયી ‘પરિણામશક્તિ’ છે. તેના કારણે દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય ઉત્પાદથી આલિંગિત, સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વસ્વરૂપ પરિણામ થયા કરે છે. સદૃશ એટલે ધ્રૌવ્ય અને વિસદૃશ એટલે ઉત્પાદ-વ્યય—એ જેનું સ્વરૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિવાળા નિજ આત્માનું—એક સત્-લક્ષણ નિજ જ્ઞાયક તત્ત્વનું—સદા લક્ષ રાખજે, એનો જ નિરંતર પરિચય રાખજે.

‘એક સત્-લક્ષણ આત્મા’—અહા! બહુ ટૂંકી ભાષા! એક દેશવાસી સાધુનો પત્ર આવ્યો છે કે—આ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ૫૦ હિન્દી, ૫૦ ગુજરાતી અને ૫૦ મરાઠી —એમ ૧૫૦ પુસ્તક મોકલો. અરે! કોઈ પણ મધ્યસ્થ જીવ, પછી ભલે તે વેદાન્તી હોય

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કે અન્ય હોય, આ 'વચનામૃત' પુસ્તક વાંચે તો તેને અંદર એમ થઈ જાય કે—અહા! આ શી ચીજ છે? ભાઈ! આ તો વસ્તુનું સ્વરૂપ છે, કોઈ પોતાના ઘરની મતિકલ્પના નથી. આત્મા 'દ્રવ્ય' છે તેથી તે પણ 'સત્' લક્ષવાળો છે. તેનો અંતરમાં પરિચય રાખજે, રાગનો, પર્યાયનો કે વ્યવહારનો નહિ. અહા! વાત બહુ સૂક્ષ્મ છે.

સમયસારની ટીકામાં—ચોથા કળશમાં—'जिनवचसि रमन्ते' કહ્યું છે. જે જિનવચનમાં રમે છે તે શીઘ્ર પરમ જ્ઞાયકજ્યોતિરૂપ નિજ સમયસારને અનુભવે છે. જિનવચનમાં શું કહ્યું છે? ત્રિકાળ જિનસ્વરૂપી જ્ઞાયક પ્રભુ, કે જેમાં ઉદયભાવનો સંગ નથી ને વ્યવહાર કે વિકલ્પની ગંધ નથી તે જિનવચનમાં ઉપાદેયપણે કહ્યો છે. બધાં શાસ્ત્રોમાં ત્રિકાળ સત્-લક્ષણવાળા નિજ આત્માનું—વીતરાગસ્વરૂપ નિજ જ્ઞાયકભાવનું—લક્ષ કરવાનું કહ્યું છે. આ વીતરાગસ્વરૂપ જ્ઞાયક આત્માનો જ પરિચય રાખજે; કેમ કે પ્રભુની આજ્ઞા વીતરાગતા પ્રગટ કરવાની છે. વીતરાગ સ્વભાવનો અંશે આશ્રય થતાં પર્યાયમાં અંશે વીતરાગતા પ્રગટ થશે અને તે વીતરાગ પર્યાય, સ્વભાવનો પૂર્ણ આશ્રય થતાં, પૂર્ણ વીતરાગતાનું કારણ થશે.

શું કહ્યું? વીતરાગ પૂર્ણાનંદમૂર્તિ જિનસ્વરૂપી જે નિજ જ્ઞાયક ભગવાન તેનો પરિચય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ વીતરાગ પર્યાય ઉત્પન્ન થશે. આ વીતરાગ પર્યાય ત્રિકાળી જ્ઞાયક ભગવાનના આલંબનથી ઉત્પન્ન થાય છે અને તે વીતરાગ નિર્મળ પર્યાય પૂર્ણ વીતરાગતા તથા સર્વજ્ઞતાનું કારણ છે.

પ્રશ્ન :—વ્યવહાર કાંઈ કારણ નહિ?

ઉત્તર :—વીતરાગતાની અધૂરી નિર્મળ પર્યાય પૂર્ણ વીતરાગ પર્યાયનું કારણ કહેવું તે વ્યવહાર. નિશ્ચયથી તો સત્-લક્ષણવાળા નિજ ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસ્વભાવના પૂર્ણ આશ્રયથી જ પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. શુભ રાગ તો કારણ નહિ પણ અધૂરી શુદ્ધિને કારણ કહેવું તે પણ વ્યવહાર છે; નિશ્ચય કારણ તો ત્રિકાળી ધ્રુવ સ્વભાવનો પૂર્ણ આશ્રય છે. માટે બીજું બધું મૂકીને એક સત્-લક્ષણ ત્રિકાળી જ્ઞાયકનો જ પરિચય રાખજે.

અહા! આ તો અગમનિગમની વાતો છે પ્રભુ! આ કોઈ બહારની પંડિતાઈની ચીજ નથી. અરે! એ બહિર્લક્ષી શાસ્ત્રજ્ઞાન પણ શું છે? તે પણ ખંડખંડ જ્ઞાન છે અને તે કેવળ જ્ઞેયનિમગ્ન હોવાથી બંધનું કારણ છે. શું કહેવું છે?—ધારણાથી કરેલું શાસ્ત્રજ્ઞાન તે માત્ર શબ્દજ્ઞાન છે; આત્મજ્ઞાન નથી. પ્રભુ! તારો સ્વભાવ વીતરાગી જ્ઞાનથી ભરપૂર છે; તેનો પરિચય કર. ક્યાં સુધી? પર્યાયમાં પૂર્ણ વીતરાગ સર્વજ્ઞદશા થાય ત્યાં સુધી.

અહા! પુસ્તકની શૈલી છે કાંઈ! તદ્દન સાદી ભાષા. કહે છે કે—વીતરાગસ્વરૂપી નિજ જ્ઞાયક ભગવાનના પરિચયમાં વીતરાગ ભાવથી રહેવું તે જ મોક્ષનો માર્ગ છે. પાંચ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પાંડવો શત્રુંજય પર્વત પર આત્મધ્યાનમાં નિમગ્ન હતા; તે વખતે દુર્યોધનના ભાણેજે વૈરભાવથી લોઢાનાં ધગધગતાં આભરણ પહેરાવ્યાં. ત્રણ મોટા પાંડવ તો પોતાના આત્માના પરિચયમાં—અંદર અતીન્દ્રિય આનંદમાં—ઉગ્રપણે લીન થઈ ગયા અને મુક્તિને પામ્યા. નાના બે પાંડવ પોતાના સ્વરૂપના પરિચયમાં તો છે, પરંતુ તેમને જરીક 'મોટા ભાઈઓને શું થતું હશે' એમ અસ્થિરતાનો શુભ વિકલ્પ આવી ગયો. તેના પરિણામે બે ભવ વધી ગયા. ભાઈ! પોતાના સ્વરૂપનો પરિચય છોડીને વિકલ્પમાં આવવું તે ભવ છે, સંસાર છે. માટે અહીં કહે છે—એક સત્-લક્ષણ નિજ આત્માનો જ પરિચય રાખજે. જરા આકરું લાગે, પણ કલ્યાણનો માર્ગ તો આ એક જ છે.

"'જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ.'"

આ આત્મા સ્વભાવે વીતરાગ જિનસ્વરૂપ જ્ઞાયક ભગવાન છે; તેનો જેને અંતરની રુચિથી પરિચય હશે, તેની પરિણતિ એવી જ વીતરાગ જિનસ્વરૂપ થઈ જશે. વીતરાગ પ્રભુનો આ માર્ગ બહુ અલૌકિક છે ભાઈ! લોકોએ તો અત્યારે માર્ગના નામે બહુ ગડબડ કરી નાખી છે—વીતરાગી સંતોએ કહેલા આ વસ્તુસ્વરૂપને તો 'એકાન્ત છે' એમ માને છે અને પોતે રાગની ક્રિયામાં ધર્મ માની બેઠા છે. શું થાય? બાપુ! વીતરાગનો આ માર્ગ સમજવા માટે અંતરની દૃષ્ટિ જોઈએ.

તે સમજવા માટે અહીં આ ભાષા જોઈ? જુઓ—'જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ'. લૌકિક વિષયનો પરિચય કરીશ તો રાગાદિ વિકારની પર્યાય ઉત્પન્ન થશે. અરે! વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનો એકલો પરિચય કરીશ તોપણ શુભ રાગ ઉત્પન્ન થશે; અંદર નિજ જ્ઞાયક પ્રભુની દૃષ્ટિ તથા પરિચય કર્યા વિના વીતરાગતા કદી ઉત્પન્ન થશે નહિ. પ્રભુ! પ્રભુનો માર્ગ આવો છે કે—જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ. હવે ત્રીજા વાક્યમાં કહે છે કે—

'તું લોકાગ્રે વિચરનારો લૌકિક જનોનો સંગ કરીશ તો તારી પરિણતિ પલટી જવાનું કારણ થશે.'

સિદ્ધ ભગવાન તો લોકાગ્રે બિરાજે છે, અને તું પણ, તારી જાતિ સિદ્ધ સમાન હોવાથી, લોકાગ્રે—લોકથી અગ્ર નામ ભિન્ન, જગતથી નિરાળો—વિચરનાર છો. સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદ-આચાર્યદેવે કહ્યું છે કે—અમને અમારા ચૈતન્યલોકમાંથી બહાર આવીને, ઉપદેશ આપવાનો જે વિકલ્પ આવે છે તે પણ ચારિત્રમોહનો ઉન્માદ છે :

બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;
એ સૌ મુજ ઉન્મત્તતા, હું તો છું અવિકલ્પ. ૧૯.

અરેરે! ઉપદેશનો જે રાગ આવ્યો તે પણ પરદેશ છે; અમે ત્યાં ક્યાં જઈ ચડ્યા? અમારે તો અમારા સ્વરૂપ-સ્વદેશમાં ત્વરાથી જવું છે; અમારે શીઘ્ર પૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત કરવી છે. આત્માવલોકન ગ્રંથમાં કહ્યું છે : ગુરુ કોને કહે છે?—જીવનું નિજ સ્વરૂપ વીતરાગ છે. વીતરાગ...વીતરાગ...એમ વીતરાગપદને જે વારંવાર (**मुहु मुहु गणदि वीयरायं**) કહે છે તે જ સદા ગુરુપદે શોભે છે. ચરણાનુયોગમાં ભલે શુભ રાગની પ્રધાનતાથી વ્યાખ્યા કરી; પરંતુ ત્યાં પણ સાથે રહેલી—સ્વભાવના આશ્રયે પરિણમેલી—વીતરાગતા જ બતાવવી છે. ત્યાં સ્વપર-પ્રકાશક વીતરાગ વિજ્ઞાન સ્વભાવના આલંબને પ્રગટ થયું છે; શુભ રાગ છે માટે વ્યવહારને જાણનારું જ્ઞાન પ્રગટ થયું છે—એમ નથી; કેમ કે, આ રાગને—વ્યવહારને—જાણનાર જ્ઞાનમાં એક સત્-લક્ષણ નિજ આત્મા છે; તેનો પરિચય કર્યો તો તેને પોતાની પર્યાયમાં વીતરાગતા ઉત્પન્ન થઈ છે, રાગ ને વ્યવહારના પરિચયથી નહિ.

'તું લોકાગ્રે વિચરનારો'—તેનો શો અર્થ?—સિદ્ધ લોકના અગ્રે બિરાજે છે, તારે પણ તેમની જેમ સિદ્ધ થવું છે ને? તું પણ રાગાદિ લૌકિક ભાવોથી ભિન્ન રહેનારો છો ને? પ્રભુ! તારો દેશ, શુભાશુભ લૌકિક ભાવોથી પેલે પાર એવો, વીતરાગ સ્વભાવ છે. શુભ રાગ પણ પરદેશ છે; ત્યાં આત્માનો જ્ઞાન, શાન્તિ, સમાધિ વગેરે પરિવાર નથી. આત્માનો બધો પરિવાર વીતરાગસ્વભાવમાં છે, તે જ આત્માનો દેશ છે.

લોકોત્તર દશાએ વિચરનાર પ્રભુ! તું જો લૌકિક જનોનો સંગ કરીશ—રાગના રસીલા, વિષયોના પ્રેમી, એવા જગતના જીવોનો પરિચય કરીશ—તો તારી પરિણતિ પલટી જશે. તેમનાથી નહિ પણ તું પોતે તેમનો પરિચય કરીશ તો તારી પરિણતિ ફરી જશે. અહાહા! આવો માર્ગ છે. આ શાસ્ત્ર લોકો વાંચશે; તેમને લાગશે કે—આ તો તત્ત્વની વાસ્તવિક ચીજ છે; આ કોઈ પક્ષ નથી. આ બોલવાની ક્રિયા પણ જડની છે, તેનો પણ પરિચય ન કર; અને રાગના રસિક જે લૌકિક જન, જેમને પુણ્ય અને પુણ્યનાં ફળ શરીર, લક્ષ્મી વગેરે ઉપર પ્રેમ છે તેમનો પણ પરિચય ન કર. તેમનો રસપૂર્વક પરિચય કરીશ તો તારી દશાનું પતન થશે.

ભાઈ! સવારથી સાંજ સુધી આખો દિવસ વેપારધંધામાં, બાયડી ને છોકરાંમાં ખૂંચી ગયો. એકાદ કલાક શ્રવણ કે વાંચન માટે કાઢે; ત્યાં જરાક શુભ ભાવમાં રાજી રાજી થઈ જાય; પણ એ તો એરણની ચોરી ને સોયનું દાન છે. અરે બાપુ! તારો માર્ગ કોઈ જુદો છે! તું તો લોકાગ્રે—લોકોત્તર સ્વભાવે—વસનાર નાથ છો ને પ્રભુ! લોકાગ્રે સિદ્ધ વસે છે, તેને કોઈનો પરિચય છે? તું લોકથી ભિન્ન જ્ઞાયક ભગવાન જો લૌકિક સંગ કરીશ તો તે તારા પતનનું કારણ થશે. અહા! આવું સ્વરૂપ છે પ્રભુ!

'જેમ જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે તેમ તું લોકથી નિરપેક્ષપણે તારા પરાક્રમથી—પુરુષાર્થથી અંદર વિચરજે.'

સિંહ શું કોઈ હરણિયાં ને શિયાળિયાંનો પરિચય કરતો હશે? જંગલમાં સિંહ જેમ નિર્ભયપણે વિચરે છે, તેમ તું પણ તારા સ્વરૂપમાં, લોકથી સાવ અળગો થઈને, વિચરજે. અંદર ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ સ્વભાવ સમસ્ત લૌકિક ભાવથી ભિન્ન જ છે. શરીરનો, કર્મનો, ઉદયનો કે રાગનો પણ જેને પરિચય નથી એવી વીતરાગી ચીજ અંદર પડી છે. અહા! સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની વાણી વીતરાગતા ઉત્પન્ન કરવાની શીખ આપે છે. ભગવાન શું કહે છે?—તારી ચીજ વીતરાગસ્વરૂપ છે; તેનો પરિચય કર, તો તને અંદરમાં વીતરાગ પર્યાય ઉત્પન્ન થશે.

જંગલનો રાજા કેસરી સિંહ નિર્ભયપણે વિચરે છે, તેને કોઈનો પરિચય છે? તેમ તું ત્રણ લોકનો જાણનાર—ત્રણ લોકનો પરિચય કરનાર નહિ—ચૈતન્ય રાજા છો. શ્રુતજ્ઞાનમાં પણ તું ત્રણ લોકનો જાણનાર છો પ્રભુ! સિંહ જેમ જંગલમાં નિર્ભયપણે વિચરે છે તેમ તું પણ લોકથી નિરપેક્ષપણે વિચર.

કોઈ રાજા કે કરોડપતિ વંદન કરે તો રાજી, ને ગરીબ વંદન કરે તો ઉપેક્ષા; કોઈ પચીસ લાખ કે કરોડ રૂપિયા વાપરવાનું વચન આપે તો ખુશી ખુશી થઈ જાય; પ્રભુ! તારે તેની શી પડી છે? તેનો પરિચય ન કર પ્રભુ! તેના રાગમાં તારું પતન થશે, તારા વીતરાગ સ્વરૂપને તું ચૂકી જઈશ.

પ્રભુ! અંતરમાં વીતરાગી તારાં બેસણાં છે; રાગથી ભિન્ન ઉદાસીન તારું આસન અંદર પડ્યું છે. તારો માર્ગ તો અંતરમાં છે. તું લોકથી—લોક રાજા હોય કે ગરીબ હોય, દાની હોય કે યાચક હોય—નિરપેક્ષ થઈ જા. તારે તેની શી અપેક્ષા છે? તેની અપેક્ષા કરીશ તો રાગ ઉત્પન્ન થશે. અંદર ત્રણ લોકનો નાથ ભગવાન જ્ઞાયકદેવ બિરાજે છે તેની અપેક્ષા કર ને. પરની અપેક્ષા છોડી દે, નિરપેક્ષ થઈ જા. તું લોકમાં નિરપેક્ષપણે પોતાના અંતર્મુખ પરાક્રમથી—સ્વસન્મુખ પુરુષાર્થથી—પોતાના નિજ સ્વરૂપમાં ઊતરજે. ત્યાં આનંદકંદ પ્રભુ છે, જિનસ્વરૂપી ભગવાન છે, તે જ તારો સ્વદેશ છે; માટે ત્યાં જ તું વિચરજે.

જુઓ આ ભાષા! આ કોને ન પસંદ પડે? અહા! ઘણે ઠેકાણે આ પુસ્તકો પહોંચી ગયાં છે, ઘણાને ભેટ આપ્યાં છે, ઘણા વેચાતાં મંગાવે છે. ભગવાન! આ તો તારા સ્વરૂપની વાતો છે. આ એક બોલમાં જ (૨૧૨મા બોલમાં) કેટલું સમાયેલું છે! ભાઈ! લોકો માને, બહુ માન આપે, પ્રશંસા કરે, પણ જો તેનો પ્રેમથી પરિચય કરીશ તો તું

મરી જઈશ, તારું પતન થઈ જશે. માટે તું પોતાના અંતર્મુખ પરાક્રમથી, સ્વભાવસન્મુખ પુરુષાર્થથી, અંદરમાં વીતરાગ ભાવ તરફ નિરપેક્ષપણે વિચરજે.

## વચનામૃત—૨૧૩

**લોકોના ભયને ત્યાગી, ઢીલાશ છોડી, પોતે દૃઢ પુરુષાર્થ કરવો. 'લોક શું કહેશે' એમ જોવાથી ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી. સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે. નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો, બસ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે. ૨૧૩.**

'લોકોના ભયને ત્યાગી, ઢીલાશ છોડી, પોતે દૃઢ પુરુષાર્થ કરવો.'

દુનિયા મારા માટે શું માનશે? આ માણસ સાવ નમાલો છે, કાંઈ બોલતાં ય આવડતું નથી, અંદર ને અંદરમાં પડ્યો રહે છે—એમ લોકો ગમે તે બોલે, તેની તને શી પડી છે? લોકો મને પ્રશંસે, લોકોમાં હું બહાર આવું—એવી બુદ્ધિવાળો જીવ તો બહિરાત્મા—મિથ્યાદૃષ્ટિ છે. માટે લોકોનો ભય ત્યાગી દે, ઢીલાશ છોડી દે અને અંતર્મુખ સ્વભાવનો દૃઢ પુરુષાર્થ કર.

પ્રભુ! તું તો જિનસ્વરૂપી વીતરાગસ્વભાવની મૂર્તિ છો ને. સવારે કહ્યું' તું ને—

**घट घट अन्तर जिन बसै, घट घट अन्तर जैन।**
**मति-मदिराके पानसौं, मतवारा समुजै न॥**

દરેક પ્રાણીની અંદર જિનસ્વરૂપી વીતરાગમૂર્તિ ભગવાન જ્ઞાયક આત્મા બિરાજે છે. જિનસ્વરૂપી ભગવાન આત્માનું અંતરમાં જેણે અવલંબન લીધું તે જૈન છે. 'જૈન' કોઈ વાડો કે સંપ્રદાય નથી; જિનત્વશક્તિનો આધાર લે—ત્રિકાળી ધ્રુવ સ્વભાવનો આશ્રય લે—તે જૈન. પરંતુ જેણે, 'હું જાણું છું, મને ઘણું આવડે છે, મને માનવાવાળા ઘણા છે, મારી પ્રસિદ્ધિ ઘણી છે'—એમ મતિ-મદિરા એટલે કે આવડતના અભિમાનનો દારૂ પીધો છે તે પોતાના જિનસ્વરૂપી ભગવાન આત્માને સમજી શકતો નથી, જૈનપણું પામી શકતો નથી. પ્રભુ! તારે બહારની પ્રસિદ્ધિનું શું કામ છે? પ્રસિદ્ધિ તો અંતરમાં પોતાના સ્વરૂપની કરવાની છે. તે માટે શિથિલતા છોડી પોતે અંતર્મુખ દૃઢ પુરુષાર્થ કરવાનો છે. ગુણગુણીના ભેદરૂપ વિકલ્પમાં આવવું તે પણ શિથિલતા ને બંધનું કારણ છે. તું તો અનંત પરાક્રમનો ધણી પ્રભુ છો;

તારામાં 'પ્રભુત્વ' નામનો એક ગુણ છે. અખંડ જેનો પ્રતાપ છે એવી સ્વતંત્રતાથી શોભાયમાનપણું જેનું સ્વરૂપ છે તે 'પ્રભુત્વ' ગુણ છે. સ્વતંત્રતા ને સ્વાધીનતા એ જ આત્માની શોભા છે. પરાશ્રિત ભાવથી—શુભ રાગથી—લાભ થાય એમ વસ્તુસ્વરૂપમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? આ જ માર્ગ છે.

જિનાજ્ઞાનું—ચારેય અનુયોગનું—તાત્પર્ય વીતરાગભાવ છે. બાર અંગનો અભ્યાસ વિકલ્પરૂપ છે, તે કોઈ અદ્ભુત ચીજ નથી; પણ તેમાં કહેલી ભગવાન આત્માની અનુભૂતિ એ જ અદ્ભુત છે. તે અનુભૂતિ અર્થાત્ વીતરાગી પર્યાય નિજદ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે. માટે, બાર અંગ ને ચારેય અનુયોગ એમ કહે છે કે—જિનસ્વરૂપી ત્રિકાળી નિજ જ્ઞાયક પ્રભુનો આશ્રય લે અને લોકનો, નિમિત્તનો ને વ્યવહારનો આશ્રય છોડી દે. આવી અંદરની વાત સમજવી આકરી લાગે એટલે લોકો કહે ને કે આ નિશ્ચયાભાસ છે, એકાન્ત છે! ભાઈ! આ એકાન્ત જ છે, પણ સમ્યક્. દ્રવ્ય ને પર્યાય—એમ બંનેનું યથાર્થ જ્ઞાન કરવું તે પ્રમાણ એટલે કે અનેકાન્ત છે. તેમાં રાગ, વિભાવ ને પર્યાયને—વ્યવહારને—ગૌણ કરી, ત્રિકાળી શુદ્ધ સ્વભાવરૂપ નિશ્ચયનો યથાર્થ આશ્રય કરવો તે સમ્યક્ એકાંત છે. શ્રીમદે પણ કહ્યું છે : અનેકાન્ત પણ સમ્યક્ એકાન્ત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી. માટે અંતરમાં દૃઢ પુરુષાર્થ કરીને રાગ ને વિકલ્પથી ભિન્ન એવા નિજ વીતરાગ જ્ઞાયક પ્રભુનો આશ્રય લે.

"'લોકો શું કહેશે?' એમ જોવાથી ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી."

લોકો મને માને છે, અથવા લોકો મને માનતા નથી, એને માને છે—એવું બધું જોવા જઈશ તો અંદર ચૈતન્યલોકમાં તું જઈ શકીશ નહિ. લોકો માને કે ન માને તેની સાથે તારે શો સંબંધ છે? લોકો સભામાં આવે—ન આવે એ એમની મરજી. 'લોકો શું કહેશે' એવું જોવા બેસીશ તો તું અંદર સ્વરૂપ-સ્વદેશમાં નહિ જઈ શકે. નિત્ય ચિન્મય અસ્તિત્વ-સ્વભાવથી ભરેલા જ્ઞાયકલોકમાં જવા માટે આ બધી બહારની પંચાત છોડી દે. તેના લક્ષે અંતર જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યલોકમાં પહોંચી શકાશે નહિ.

'સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે.'

સાધકજીવને એક નિજ શુદ્ધ જ્ઞાયક આત્મા સિવાય બીજી કોઈ લૌકિક વસ્તુઓ સાથે અંતરના રસપૂર્વક સંબંધ હોતો નથી; સ્ત્રી, કુટુમ્બ કે પરિવાર સાથે તો નહિ પણ જે સાધર્મીજીવો તેમનો સંગ નહિ; અરે! રાગનો પણ સંબંધ નહિ. જો તેમનો સંગ કે સંબંધ કરવા જઈશ તો વિકલ્પ ઊઠશે. અહા! આવું વસ્તુનું સ્વરૂપ છે; જગતથી સાવ નિરાળી વાત છે.

અજ્ઞાનીને આખો બહારનો સંબંધ પોસાઈ ગયો છે, તેને આ અંદર શુદ્ધ આત્માનો સંબંધ રહી ગયો છે, તે તેનાથી વંચિત રહી ગયો છે. અનાદિ કાળથી તે પરલક્ષમાં ને પુણ્યપાપના સંગમાં પડ્યો છે, પણ પર ને રાગના સંબંધ રહિત અંદર આ શી ચીજ છે તેનું તેણે કદી પોષણ કર્યું નથી. જ્ઞાની સાધક જીવને તો માત્ર એક નિજ શુદ્ધ વીતરાગ ધ્રુવ તત્ત્વનો જ સંબંધ હોય છે, રાગ કે નિમિત્ત સાથે સંબંધ હોતો નથી.

'નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો, બસ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે.'

દુનિયાની દરકાર છોડી દે. તેને ઘણું જ્ઞાન છે ને મને થોડું જ્ઞાન છે, લોકો મારી ગણતરી નહિ કરે—એ બધી વાતો છોડી દે; શું તારે હજુ દુનિયામાં ગણાવું છે? લોકોત્તર માર્ગ પર ચાલનાર સાધક જ્ઞાની જીવ તો અંદર નિરંતર નિર્ભયપણે, નિઃસ્પૃહપણે શુદ્ધાત્મસાધનાનો પુરુષાર્થ કરવાનું જ વિચારે છે. સાધકને મોક્ષ સાધ્ય છે, અને મોક્ષનું સાધન માત્ર વીતરાગ પર્યાય છે; વીતરાગ પર્યાય ત્રિકાળી વીતરાગ સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે. એ રીતે સ્વભાવ, માર્ગ અને માર્ગનું ફળ—ત્રણેય વીતરાગસ્વરૂપ છે.

દુનિયા પોકાર કરે છે કે કંઈક વ્યવહાર તો જોઈએ ને? જીવોના રક્ષણ માટે અહિંસા વગેરે વ્યવહારધર્મ કહ્યો છે ને? અરે ભગવાન! કોનું રક્ષણ? અહિંસા વગેરેના શુભ વિકલ્પ આવે, પણ તે તો બંધનું કારણ છે. વ્યવહારધર્મનો અર્થ એટલો છે કે—વીતરાગસ્વભાવમાં પૂર્ણપણે રહી શકતો નથી, તેથી જ્ઞાનીને પણ ભૂમિકા પ્રમાણે દયા, દાન, વગેરેના શુભ ભાવ આવે છે તેને ઉપચારથી એટલે કે વ્યવહારનયથી ધર્મ કહેવામાં આવે છે. ખરેખર તો તેને અંદરમાં સ્વભાવના આશ્રયે જેટલો વીતરાગભાવ પરિણમ્યો છે તે જ ધર્મ છે, શુભ રાગ કાંઈ ધર્મ નથી. અશુભ ભાવ તો અધર્મ છે જ, પરંતુ શુભ ભાવ પણ, મીઠી ભાષામાં કહીએ તો પુણ્ય છે અને કડક ભાષામાં કહીએ તો—વીતરાગભાવસ્વરૂપ શુદ્ધતાનો ઘાતક હોવાથી—અધર્મ છે. આવો છે વીતરાગમાર્ગ પ્રભુ!

મોક્ષમાર્ગપ્રકાશકમાં એવું આવે છે કે—ઉપદેશ દેનાર, લોકો રાજી થાય તો, ખુશી થઈ જાય, શ્રોતાની સંખ્યા ઘણી હોય, ત્યાં શ્રોતા તરફ મોઢું તાકે કે—મારી વાતમાં કોને મહિમા આવે છે? અરે પ્રભુ! આ બધું શું છે તને? ક્યાં જવું છે પ્રભુ? લોકાગ્રે જવાવાળા સાધક જીવો તો આ બધી લપ મૂકીને નિર્ભયપણે અંદર ઉગ્ર પુરુષાર્થ કરવાનું જ વિચારે છે. અંદર ચૈતન્યરત્નાકર પ્રભુ બિરાજે છે. સમ્યગ્દષ્ટિ સાધક જીવને માત્ર તેનો જ સંબંધ હોવો જોઈએ. ચારિત્રદશામાં પણ ત્રિકાળી શુદ્ધ તત્ત્વનો જ આશ્રય છે. સાધકને જ્યાં શુભ રાગનો પણ સંબંધ નથી ત્યાં નિમિત્ત કે લૌકિક સંગ—તેનો સંબંધ—ક્યાંથી હોય? સહદેવ

ને નકુળ જેવા મહા મુનિરાજને પણ જરા એક વિકલ્પ આવવાથી મુક્તિદશા અટકી ગઈ ને બે ભવ વધી ગયા. શુભરાગ પણ જગપંથ—સંસારપંથ છે, શિવમાર્ગ નથી. અરેરે! જીવો ક્યાંય ને ક્યાંય અટકી જાય છે. શુભ રાગને મુક્તિનું કારણ માનવું તે મિથ્યાત્વરૂપી શલ્ય છે. જીવને અટકવાના રસ્તા અનેક છે, છૂટવાનો રસ્તો એક છે—વીતરાગભાવ. માટે લોકોત્તર માર્ગે જનાર સાધક નિર્ભયપણે અંતર્મુખ ઉગ્ર પુરુષાર્થ કરવાનું જ વિચારે છે, બીજું બધું છોડી દે છે.

## વચનામૃત—૨૧૪

**સદ્ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં (નિમિત્તપણાની) પૂર્ણ શક્તિ છે પણ તું તૈયાર ન થાય તો—તું આત્મદર્શન પ્રગટ ન કર તો—?? અનંત અનંત કાળમાં ઘણા સંયોગ મળ્યા પણ તેં અંતરમાં ડૂબકી મારી નહિ ! તું એકલો જ છો; સુખદુઃખ ભોગવનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર કેવળ તું એકલો જ છો.**

**“જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.”**

**—તું એકલો જ મોક્ષ જનાર છો, માટે તું આત્મદર્શન પ્રગટ કર.**

**ગુરુની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ કર ને ઠર; તો તને અનંત જ્ઞાન ને સુખનું ધામ એવા નિજ આત્માનાં દર્શન થશે. ૨૧૪.**

‘સદ્ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં (નિમિત્તપણાની) પૂર્ણ શક્તિ છે પણ તું તૈયાર ન થાય તો—તું આત્મદર્શન પ્રગટ ન કરતો—??’

કેવળી ભગવંતોએ અને જ્ઞાની ધર્માત્મા સંતોએ વીતરાગતાનો ઉપદેશ આપ્યો છે; પણ તે ઉપદેશ તો નિમિત્તમાત્ર છે. શ્રોતા પોતે પોતાના ઉપાદાનથી અંતર્મુખ થઈને વીતરાગ ભાવ પ્રગટ ન કરે તો નિમિત્ત શું કરે? વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ—એ ત્રણેમાં વીતરાગતાના નિમિત્તપણાની પૂર્ણ શક્તિ છે, પણ પ્રભુ! તું પોતે અંદરથી તૈયાર ન થા, સ્વસન્મુખ થવાનો પુરુષાર્થ ન કર, અંતર પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ ન કર, તો વીતરાગતારૂપી કાર્ય

ક્યાંથી થાય? ભગવાનના સમોસરણમાં એક વાર નહિ પણ અનંત વાર વાણી સાંભળી, પણ તેથી શું?

સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મતમંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

બહારનાં—વ્યવહારનાં—સાધન અનંત વાર કર્યાં, પરંતુ અંતર્મુખ દૃષ્ટિ કદી કરી નથી. અંદર વીતરાગદૃષ્ટિ વિના શુદ્ધાત્મદર્શન કદી પ્રગટ થતું નથી.

**'અનંત અનંત કાળમાં ઘણા સંયોગ મળ્યા પણ તેં અંતરમાં ડૂબકી મારી નહિ!'**

સમોસરણમાં ગયો, તીર્થંકરદેવ અને નિર્ગ્રંથ ગુરુ મળ્યા, તેમની વાણી મળી, પરંતુ તેં અંદર સ્વરૂપમાં ડૂબકી મારી નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ વીતરાગ માર્ગ ધ્યાનમાં પ્રગટ થાય છે. કઈ રીતે? 'दुविहं पि मोक्खहउं झाणे पाउणदि जं णियमा मुणी।' નિજ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવનું ધ્યાન કરવાથી, અંદર નિર્વિકલ્પ એકાગ્રતા કરવાથી, અંતર જ્ઞાયક-સ્વરૂપમાં ડૂબકી મારવાથી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ વીતરાગ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. જીવે અંતરમાં ડૂબકી કદી લગાવી નથી. અંદર ધ્રુવ ધામને ધ્યેય બનાવી સ્વભાવમાં ડૂબકી માર તો સમ્યગ્દર્શન વગેરે શુદ્ધ દશા—વીતરાગ ભાવ—પ્રગટ થાય.

**'તું એકલો જ છો; સુખદુઃખ ભોગવનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર કેવળ તું એકલો જ છો.'**

સુખ કે દુઃખ ભોગવવામાં પ્રભુ! તું એકલો જ છો; અને પુણ્ય-પાપના પરિણામ કરીને સ્વર્ગમાં કે નરકમાં જવાવાળો તું એકલો જ છો. પરિણામ કરવામાં પણ તું પોતે એકલો જ છો, તેથી તેનું ફળ ભોગવવામાં પણ તું એકલો જ છો; તેમાં કોઈ ભાગીદાર હોતો નથી.

**"'જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.'**

**—તું એકલો જ મોક્ષ જનાર છો, માટે તું આત્મદર્શન પ્રગટ કર."**

જન્મ-મરણ કે મુક્તિદશા જીવ સ્વયં એકલો જ પામે છે, તેમાં તેને અન્ય કોઈ સહાય થતું નથી. આત્મા સ્વયં કર્મ કરે છે, સ્વયં તેનું ફળ ભોગવે છે, સ્વયં સંસારમાં ભમે છે અને સ્વયં સંસારથી મુક્ત થાય છે.

નિયમસારની ટીકામાં કહ્યું છે : પોતે કરેલા કર્મના ફળાનુબંધને ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશ છે, સ્ત્રીપુત્રમિત્રાદિક બીજું કોઈ સુખદુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રી-પુત્ર-મિત્રાદિક ધુતારાની ટોળી તને મળી છે.

જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે; જીવ એકલો સદા તીવ્ર મોહને લીધે સ્વસુખથી વિમુખ થયો થકો શુભ અને અશુભ કર્મનાં ફળરૂપ સુખ અને દુઃખને વારંવાર ભોગવે છે; જીવ એકલો ગુરુ દ્વારા કોઈ એવા અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને પામીને તેમાં સ્થિત રહે છે.

પૂર્ણ પરમાનંદદશાને એટલે કે મુક્તિદશાને પ્રાપ્ત કરવાવાળો—મોક્ષે જનાર—તું એકલો જ છો, તેમાં કોઈ સંગાથી નથી; માટે તું એકલો સ્વયં આત્મદર્શન પ્રગટ કર.

**'ગુરુની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ કર ને ઠર; તો તને અનંત જ્ઞાન ને સુખનું ધામ એવા નિજ આત્માનાં દર્શન થશે.'**

ગુરુની વાણી બરાબર લક્ષપૂર્વક સાંભળીને તેનો ઊંડો વિચાર કર, તેમણે બતાવેલું તત્ત્વ—આત્માનું યથાર્થ સ્વરૂપ—અંતરમાં બરાબર નક્કી કરીને તેની સમ્યક્ પ્રતીતિ કર અને તેમાં સ્થિરતા કર; તો તને અતીન્દ્રિય જ્ઞાનાનંદનો કંદ એવા નિજ શુદ્ધાત્મતત્ત્વનાં દર્શન થશે, તેનો તને અતીન્દ્રિય અનુભવ થશે. આવી વાત છે પ્રભુ! ન સમજાય એટલે આકરી લાગે; પણ કલ્યાણ કરવું હોય તો આ સમજ્યે જ છૂટકો છે.

❀

સં. ૨૦૩૩

ચંપાબેન એટલે કોણ?! એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે. સ્ત્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે.—આ, એમની વાણીનું પ્રમાણપણું છે.

—પૂજ્ય ગુરુદેવ

# પ્રવચન–૮૬

તા. ૫-૯-૭૮

## વચનામૃત—૨૧૫

મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય—પોતાના સત્સ્વરૂપની શોધ ચાલુ રહે એવી રીતે જોડાય. શુદ્ધતાનું ધ્યેય છોડીને શુભનો આગ્રહ ન રાખે.

વળી તે 'હું શુદ્ધ છું, હું શુદ્ધ છું' કરીને પર્યાયની અશુદ્ધતા ભુલાઈ જાય—સ્વચ્છંદ થઈ જાય એમ ન કરે; શુષ્કજ્ઞાની ન થઈ જાય, હૃદયને ભિંજાયેલું રાખે. ૨૧૫.

'મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય—પોતાના સત્સ્વરૂપની શોધ ચાલુ રહે એવી રીતે જોડાય.'

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા શ્રી જિનેન્દ્રદેવે પ્રત્યક્ષ જોયેલા આ પૂર્ણ જ્ઞાનાનંદઘન -સ્વરૂપ નિજ ભગવાન આત્માની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની, જીવાદિ નવ તત્ત્વની ને સ્વ-પરની શ્રદ્ધાના વિકલ્પ તથા દયા, દાન, વ્રત અને ભક્તિના ભાવ શુભ પરિણામ છે, તે ધર્મ કે ધર્મનું કારણ નથી. અંદર ત્રિકાળી ધ્રુવ સ્વભાવને ધ્યેય બનાવીને સમ્યગ્દર્શન થતાં જે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે તે ધર્મનું પહેલું પગથિયું છે.

મુમુક્ષુ જીવને શુભભાવ આવે, પણ તેમાં તેનું લક્ષ, કર્તવ્યપણાના અભિપ્રાયનું જોર, નથી. 'શુભભાવ કરવા જેવો છે' એમ અભિપ્રાયમાં જોર આવી જાય તો પોતાની શોધકવૃત્તિ જ ટળી જાય. શુદ્ધ પૂર્ણ જ્ઞાનાનંદમય ધ્રુવ વસ્તુની શોધનવૃત્તિ વહી ન જાય, અંદર પોતાના સ્વરૂપની ખોજ ચાલુ રહે એ રીતે સત્સમાગમ, શ્રવણ, વાંચન, ભક્તિ વગેરેના શુભભાવમાં જોડાય. જિજ્ઞાસુ જીવને સમ્યગ્દર્શન થવા પહેલાં શુભભાવ આવે, પરંતુ શુદ્ધ સ્વભાવની શોધકવૃત્તિ, ગમે તે પ્રસંગમાં હો, અંદર નિરંતર ચાલુ જ રહે છે. અહા! આ વાત કેમ

બેસે? ભારે કામ! હજુ તો સંસારનાં કામથી નવરાશ ન લે, અને બે-પાંચ લાખ રૂપિયા મળે ત્યાં બસ! થઈ ગયું—અમે પૈસાવાળા. અરે પ્રભુ! આ તને શું થઈ ગયું? જ્યાં શુભ રાગ પણ તારી ચીજ નથી ત્યાં પૈસા તારા ક્યાંથી થઈ ગયા?

ત્રિકાળી જ્ઞાનાનંદના નાથનો અનુભવ—અતીન્દ્રિય રસાસ્વાદ—સમ્યગ્દર્શન થતાં પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન પામ્યા પહેલાં પણ મુમુક્ષુ જીવને અંતર તરફનું વલણ હોય છે. તે વખતે શુભભાવ આવવા છતાં મુમુક્ષુને અંદર શુદ્ધાત્મસ્વભાવની શોધકવૃત્તિ ખસી ન જાય—પોતાના જ્ઞાયક સ્વભાવની ખોજ ચાલુ રહે—એવી રીતે તેમાં જોડાય.

સમ્યગ્દર્શન તો ધર્મનું પહેલું પગથિયું છે; ચારિત્ર તો આગળ કોઈ જુદી ચીજ છે. મુમુક્ષુ એટલે મોક્ષના અભિલાષી, મોક્ષની ઉત્કંઠાવાળા જીવ. તેમને દયા, દાન, ભક્તિ, પ્રભુનું નામસ્મરણ—એ બધા શુભભાવ આવે. પણ એ, ધર્મ કે ધર્મનું કારણ નથી; રાગ હોવાથી બંધનું કારણ છે. મિથ્યાત્વ ગયા પછી જ્ઞાનીને પણ અશુભથી બચવા માટે શુભભાવ આવે છે, પરંતુ તે વખતે પણ અંદર ભેદજ્ઞાનની નિર્મળ ધારા સતત ચાલુ હોવાથી તેની સધાયેલી શુદ્ધ પરિણતિ વહી જતી નથી. અજ્ઞાનીને તો મિથ્યાત્વ જ મોટામાં મોટું અશુભ પડ્યું છે તો તેનો શુભભાવ કોનાથી બચાવે? મિથ્યાત્વ મહાન પાપ આગળ તેના શુભભાવની શી ગણતરી? અહા! વાત ઝીણી છે ભાઈ! વર્તમાનમાં અત્યારે ધર્મના નામે બહુ ગરબડ ચાલી છે.

પોતાનો એક છોકરો ખોવાઈ ગયો હોય તો કેટલી શોધ કરે? તે ક્યાં ગયો હશે? તેનું શું થયું હશે?—એમ અનેક પ્રકારની ચિન્તા કરે; એમ પોતે રાગના પ્રેમમાં ભગવાન આત્માને ભૂલી ગયો છે, પરંતુ જ્યારે અંતરમાં મુમુક્ષુપણું થાય છે ત્યારે અંદર શુદ્ધાત્માની શોધકવૃત્તિ ખસી ન જાય એ રીતે શુભ ભાવમાં જોડાય—શુભભાવમાં તે તલ્લીન ન થાય. અહાહા! આવી વાત છે. અજાણ્યા માણસને તો એમ લાગે કે—આ કઈ જાતનો ધર્મ છે? ભાઈ! જૈનધર્મ કોઈ પક્ષ કે વાડો નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. જિનસ્વરૂપ ભગવાન આત્માની રુચિવાળો મુમુક્ષુ શુભરાગના કાળે પણ જિનસ્વરૂપની શોધકવૃત્તિ વહી ન જાય—એ રીતે શુભભાવમાં જોડાય.

'શુદ્ધતાનું ધ્યેય છોડીને શુભનો આગ્રહ ન રાખે.'

શુભભાવ આવે તો મને લાભ થશે અને શુભભાવથી મને સમ્યગ્દર્શન ને આત્માનુભવ થશે—મુમુક્ષુ એવો આગ્રહ ન રાખે. અંદર શુદ્ધતાનું—જ્ઞાનધારાનું—ધ્યેય છોડીને, લક્ષ ચૂકીને શુભનો પ્રેમ ન રાખે.

''વળી તે હું શુદ્ધ છું, હું શુદ્ધ છું' કરીને પર્યાયની અશુદ્ધતા ભુલાઈ

જાય—સ્વચ્છંદ થઈ જાય એમ ન કરે; શુષ્કજ્ઞાની ન થઈ જાય, હૃદયને ભિંજાયેલું રાખે.''

મુમુક્ષુ જીવ જેમ શુદ્ધતાનું ધ્યેય છોડીને શુભનો આગ્રહ ન રાખે, તેમ તે 'હું શુદ્ધ છું' એમ કરીને પર્યાયમાં અશુદ્ધતા છે એ ભૂલી ન જાય, સ્વચ્છંદી ન થઈ જાય. સ્વચ્છંદી એટલે 'વિકારી પર્યાય મારામાં સર્વથા છે જ નહિ' એમ માનીને વિકારનું સેવન કરે—મોહાવેશમાં વર્તન કરે તે. સમયસારમાં એક ઠેકાણે 'સ્વચ્છંદ' નો અર્થ સ્વતંત્રતા કર્યો છે. તે અર્થ અહીં નથી. અહીં તો જે, 'આત્મા તો સદા શુદ્ધ જ છે, બંધ-મોક્ષ માત્ર કલ્પના છે' એમ માનીને, પર્યાયમાં પ્રત્યક્ષ અશુદ્ધતા છે તેનો સ્વીકાર ન કરે અને ગમે તેવા મોહાવેશમાં વર્તે, ગમે તેવા પાપભાવમાં વર્તે, તેને સ્વચ્છંદી કહ્યો છે. શાસ્ત્રમાં જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે. ત્યાં અજ્ઞાની એમ સમજે કે મારો ભોગ પણ નિર્જરાનો હેતુ છે; પરંતુ એમ નથી. વિષયવાસનાનો તેમ જ ભોગનો ભાવ એકલો પાપભાવ છે.

અહીં તો કહે છે કે—મુમુક્ષુને સત્સમાગમ વગેરેનો શુભભાવ આવે, પણ સાથે સાથે અંદર શુદ્ધતાનું ધ્યેય—શોધકવૃત્તિ—ચાલુ રહે છે. જે શુદ્ધતાને ધ્યેયરૂપે કરતો નથી અને પર્યાયમાં ગમે તેટલી અશુદ્ધતા હોય તેથી મારે શું? એમ સ્વચ્છંદપણે વર્તે છે તે શુષ્કજ્ઞાની છે. મુમુક્ષુ જીવ શુષ્કજ્ઞાની ન થઈ જાય, હૃદયને ભિંજાયેલું રાખે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે : 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ, કોઈ જીવો રાગની ક્રિયામાં જડ જેવા થઈ રહ્યા છે અને કોઈ જીવો જ્ઞાનના એકલા ઉઘાડની વાતો કરે ને અંદર પરિણામમાં સ્વચ્છંદ સેવે છે. સ્વછંદ સેવનાર નિશ્ચયાભાસી છે. ગમે તેવા પાપના ભાવ આવે તેની દરકાર નહિ તે સ્વચ્છંદી છે, સ્વતંત્ર નહિ. જેને પાપનો ભય નથી, પરથી ને રાગથી ઉદાસીનતા આવી નથી તે જીવ લૂખો છે—શુષ્કજ્ઞાની છે. ભાઈ! પાપનું સેવન કરીને નરકે જઈશ, તિર્યંચમાં અવતાર થશે. કુદરતના નિયમથી વિરુદ્ધ કરીશ તો કુદરત તને છોડશે નહિ. માટે હૃદયને ભિંજાયેલું રાખવું, શુષ્કજ્ઞાની ન થઈ જવું. અહા! બહુ આકરું કામ ભાઈ!

## વચનામૃત—૨૧૬

**સંસારથી ખરેખરા થાકેલાને જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે કાંઈ જોઈતું જ નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ**

છે' એમ દૃઢતા કરી બસ 'દ્રવ્ય તે જ હું' એવા ભાવે પરિણમી જાય છે, બાકી બધું કાઢી નાખે છે.

**દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી. શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ 'મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા બેસતી નથી. એને—દ્રવ્યદૃષ્ટિવાળા જીવને—ખબર છે કે અનંત કાળમાં અનંત જીવોએ આવી રીતે દ્રવ્ય દૃષ્ટિ સ્થાપીને અનંતી વિભૂતિ પ્રગટ કરી છે. દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ; છતાં 'મને સમ્યગ્દર્શન થયું, મને અનુભૂતિ થઈ' એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી. તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધાંને કાઢી નાખી, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે. કોઈ પણ જાતની આશા વગર તદ્દન નિસ્પૃહ ભાવે જ દૃષ્ટિ પ્રગટ થાય છે. ૨૧૬.**

ભાઈ! આ તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલો જે વીતરાગ પંથ છે તેની વાત છે; આ કોઈ મનોરંજન માટે રાજારાણીની કથા-વાર્તા નથી. પોતાનો આત્મા સ્વભાવે ભગવત્સ્વરૂપ છે; તેને પામવાની શી રીત છે તેની આ વાત છે. 'શક્તિ-અપેક્ષાએ પોતે ભગવત્સ્વરૂપ છે' એ ભાષામાં અને જ્ઞાનના ઉઘાડ સ્વરૂપ ખ્યાલમાં આવ્યું, પણ તેની જે પ્રકારે હયાતી છે તેવી અંદરમાં પ્રતીતિ ક્યાં આવી છે? જેને પ્રતીતિમાં ને જ્ઞાનમાં 'રાગ ને પર્યાય જેટલો જ હું છું' એમ ભાસે છે તેને પોતાનું ત્રિકાળી ભગવત્સ્વરૂપ યથાર્થપણે ભાસતું નથી. પોતાનું સ્વરૂપ છતું હોવા છતાં તેને અછતું થઈ ગયું છે. કેવળજ્ઞાનીના કેડાયત એવા દિગંબર સંતોએ, સર્વજ્ઞની વાણી અનુસાર પોતાને અંતરમાં જે અનુભવ થયો તેના આધારે, જગતને જાહેર કરેલી આ વાત છે. તેઓ કહે છે કે :—તારી ચીજ—તારું દ્રવ્ય—છતું હોવા છતાં તારું લક્ષ—રુચિ પરદ્રવ્ય, રાગ ને પર્યાય ઉપર હોવાથી, સ્વદ્રવ્યની રુચિ નહિ હોવાથી, તારું સ્વદ્રવ્ય તને જણાતું—મનાતું નથી. અને તેથી તું સંસારમાં પરિભ્રમણ કરીને દુઃખી થઈ રહ્યો છે. માટે, અહીં કહે છે કે—

'સંસારથી ખરેખરા થાકેલાને જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.'

અત્યારે તો ધર્મના નામે બહુ ગરબડ થઈ ગઈ છે. પરની દયા પાળો, વ્રત કરો, બસ, થઈ ગયો ધર્મ. ભાઈ! બહારની ક્રિયા અને શુભ રાગથી ધર્મ માનવો તે તો મિથ્યાત્વશલ્ય છે. ભાષામાં બોલે કે—'**मिच्छत्तसल्लं परिवज्ञामि**' પણ હજુ મિથ્યાત્વ શું અને

તેનાથી રહિતપણું શું—એની ખબર ન મળે! પાઠ બોલી જાય તેથી શું? અહીં તો કહે છે કે સંસારના પરિભ્રમણથી જે ખરેખરો થાક્યો છે તેને જ સ્વસન્મુખ રુચિથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અરેરે! ચોરાશી લાખ યોનિમાં અવતાર કરીને અનંત કાળ ગયો છતાં જીવ થાકતો નથી! અરે! એક શ્વાસમાં ૧૮ વાર જન્મમરણ થાય એવા નિગોદના ભવ અને તિર્યંચના ભવ કેવા હશે? એને રાગ ને ભવનો કેટલો પ્રેમ હશે? સ્ત્રીઓ એક દીમાં જુદા જુદા સાડલા ફેરવ્યા કરે, એમ અજ્ઞાની જીવ અનાદિથી ભવને ફેરવ્યા કરે છે. ભાઈ! હવે જો તને ભવનો થાક લાગ્યો હોય તો રુચિને બહારથી સમેટીને અંદરમાં વાળ તો તને સમ્યગ્દર્શન—સાચું આત્મદર્શન—પ્રગટ થાય.

પૂર્ણાનંદનો નાથ ભગવાન જ્ઞાયક અંદર જ્યાં બિરાજે છે ત્યાં તારી દૃષ્ટિ લઈ જા ને, તેનો અનુભવ કર ને, તો તારો સંસારનો થાક ઊતરી જશે, ભવનો અંત આવી જશે. એ સિવાય ગમે તેટલાં દયા, દાન, ભક્તિ, વ્રત, ઉપવાસ વગેરે કરે—એ બધો સંસાર છે.

**“વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે ‘મારે કાંઈ જોઈતું જ નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે’ એમ દૃઢતા કરી બસ ‘દ્રવ્ય તે જ હું’ એવા ભાવે પરિણમી જાય છે, બાકી બધું કાઢી નાખે છે.”**

આ ભગવાન આત્મા ઊંડે ઊંડે ધ્રુવ તળમાં કેટલી શક્તિ ધરાવે છે?—કે અપરિમિત અનંત. જ્ઞાન, આનંદ આદિ અનંત-અનંત ગુણનો ભંડાર એવા એ નિજ જ્ઞાયક ભગવાનનો સાચો મહિમા પર્યાયમાં જેને બરાબર ખ્યાલમાં આવે છે તે રાગાદિ વિભાવથી એટલો બધો થાકી જાય છે કે ‘મારે પૂર્ણાનંદસ્વરૂપ મારા નાથ સિવાય બીજું કાંઈ જોઈતું નથી’ એમ અંદરમાં પાકી દૃઢતા કરી ‘માત્ર જ્ઞાયક દ્રવ્ય તે જ હું’ એવા ભાવે પરિણમી જાય છે. અરે! દુનિયા પ્રશંસા કરે કે નિંદા કરે,—એ તો જગતની ચીજ છે. તેની સાથે મારે શો સંબંધ છે? આત્મસ્વભાવનો અદ્‌ભુત મહિમા બરાબર સમજાતાં મુમુક્ષુ જીવ અંતરમાં સંસારથી એટલો બધો થાકી જાય છે કે ‘મારે એક મારું આત્મદ્રવ્ય જ જોઈએ છે, બીજું કાંઈ જ જોઈતું નથી—પૂર્ણાનંદસ્વરૂપ જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તે એક જ જોઈએ છે’ એવી અંદર દૃઢતા કરીને બસ, ‘જ્ઞાયક દ્રવ્યસ્વભાવ તે જ હું છું, શરીરાદિ પરવસ્તુ કે રાગાદિ પરભાવ તે હું નથી, દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ કે એક સમયની અધૂરી-પૂરી પર્યાય મારું ત્રિકાળી સ્વરૂપ નથી, અરે! જ્ઞાનાદિ ગુણભેદરૂપ પણ હું નથી, અનંત ગુણોનો સાગર એક શુદ્ધ અભેદ ભગવાન તે જ હું છું’ એવા ભાવરૂપે તે પરિણમી જાય છે—સમ્યગ્દર્શનજ્ઞાનરૂપ નિર્મળ ભાવે પરિણમી જાય છે. એક શુદ્ધ દ્રવ્યસ્વભાવ તે જ હું

છું, તે જ મારે જોઈએ છે—એવી દૃઢતા કરીને તે ભાવરૂપ પોતે પરિણમી જાય છે અને બાકી બીજું બધું કાઢી નાખે છે. ચાહે તો શુભ રાગ હો કે ક્ષાયોપશમિક જ્ઞાન હો, તે બધું ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો આશ્રય લઈને કાઢી નાખે છે. જીવ જ્યારે પર્યાય દ્વારા પર્યાયનો આશ્રય છોડી દે છે અને એકલા ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરે છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે.

અત્યારે તો ઉપદેશકો પણ એમ કહે છે—દાન કરો, ભક્તિ કરો, ભગવાનનો જાપ કરો, ધરમ થઈ જશે—કલ્યાણ થઈ જશે. અરે ભાઈ! શુભ વિકલ્પમાં આત્મા ક્યાં છે? એ તો અનાત્મા—રાગ છે. વિકલ્પથી પાર એવી જ્ઞાયક ચીજ ઉપર દૃષ્ટિ દે તો રાગ ને પર્યાયબુદ્ધિ છૂટી જાય.

મુમુક્ષુ જીવ સ્વભાવની દૃષ્ટિ થતાં બીજું બધું કાઢી નાખે છે; શાસ્ત્રની પૂજા કરવાથી કલ્યાણ થઈ જશે—એ દૃષ્ટિ પણ છૂટી જાય છે. ભગવાનની વાણી પૂજ્ય છે, પણ તે વ્યવહારથી પૂજ્ય કહી છે. જિનેન્દ્રભગવાનની પ્રતિમા તો શાસ્ત્રથી પણ કથંચિત્ વિશેષ છે; વીતરાગ શાંતરસદર્શક એ જિનબિંબની પૂજા વગેરેનો ભાવ શુભ છે; તેને પણ દૃષ્ટિમાંથી કાઢી નાખે છે.

**'દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી.'**

શું કહે છે? સમ્યક્ દૃષ્ટિ છે તે નિમિત્તનો, રાગનો, પર્યાયનો કે ગુણ-ગુણીના ભેદનો પણ સ્વીકાર કરતી નથી; દૃષ્ટિ તો પૂર્ણાનંદસ્વરૂપ અભેદ જ્ઞાયકનો જ સ્વીકાર કરે છે.

**''શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ 'મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા બેસતી નથી.''**

શાશ્વત નિજ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર સ્થિર થયેલી દૃષ્ટિ, ત્રિકાળી નિજ દ્રવ્યસામાન્ય ઉપર જામેલી દૃષ્ટિ, એમ જોવા નથી બેસતી કે સમ્યગ્દર્શન, આત્માનુભૂતિ, સ્વરૂપરમણતા કે કેવળજ્ઞાન થયું કે નહિ; કેમ કે સમ્યગ્દર્શન, આત્માનુભૂતિ વગેરે એક સમયની નિર્મળ પર્યાય છે. દ્રવ્યદૃષ્ટિ નિર્મળ પર્યાયનું પણ આલંબન લેતી નથી; તે તો સદા માત્ર એક ત્રિકાળી ધ્રુવ શુદ્ધ જ્ઞાયકભાવના આલંબનભાવે પરિણમે છે. અહા! આવી વાત છે પ્રભુ! આકરી પડે એટલે લોકો સોનગઢના નામે વિરોધ કરે છે. અરે પ્રભુ! આ તો તારા સ્વરૂપની પ્રાપ્તિની વાત છે; તું કોનો વિરોધ કરે છે ભાઈ?

પ્રશ્ન :—સોનગઢ વ્યવહારનો લોપ કરી નાખે છે એમ લોકો કહે છે ને?

ઉત્તર :—ભાઈ! ભૂમિકા અનુસાર વ્યવહાર આવે છે ખરો, પણ તે પરમાર્થ કે

પરમાર્થનું વાસ્તવિક કારણ નથી. અહીં તો કહે છે કે દૃષ્ટિ તો ગુણ-ગુણીના ભેદરૂપ વ્યવહારનો પણ સ્વીકાર કરતી નથી. બહારની ક્રિયાની વાત તો ક્યાંય રહી ગઈ, દયા-દાન, વ્રત-તપ વગેરે શુભ ભાવની વાત પણ ક્યાંય રહી ગઈ, પણ 'હું ગુણી છું અને જ્ઞાન, આનંદ વગેરે મારા ગુણો છે' એવો ભેદવ્યવહાર પણ દૃષ્ટિનો વિષય નથી. આવી વાત છે પ્રભુ! દૃષ્ટિના ધ્યેયમાં તો એકલું અભેદ ધ્રુવ જ્ઞાયકદ્રવ્ય જ દેખાય છે. દેખાય છે એટલે શ્રદ્ધાય છે, પ્રતીતિમાં આવે છે.

પ્રશ્ન :—પંચાસ્તિકાયસંગ્રહની ટીકામાં ભિન્ન-સાધ્યસાધનભાવરૂપ વ્યવહારની વાત કહી છે ને?

ઉત્તર :—તે કઈ અપેક્ષાએ કહ્યું છે ભાઈ? એ તો સાધકજીવને વર્તતી શુદ્ધિની સાથે ભૂમિકા અનુસાર કેવા વિકલ્પ આવે છે તેનું જ્ઞાન કરાવવા ઉપચારથી તેને સાધન કહ્યું છે, પણ તેનાથી નિશ્ચય અર્થાત્ શુદ્ધિ થાય છે—એમ નથી. અરેરે! લોકો શાસ્ત્રનાં કથનમાંથી પણ પોતાની દૃષ્ટિ પોષાય એવા અર્થ કાઢે છે! પણ વસ્તુની તત્ત્વદૃષ્ટિનું પોષણ કેમ થાય એની તેમને ખબર નથી.

દ્રવ્યદૃષ્ટિ ગુણ-ગુણીના ભેદરૂપ વ્યવહારનો પણ સ્વીકાર કરતી નથી. અહાહા! સોગાનીનું 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' છે તેના કરતાં પણ આ પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) અલૌકિક છે. સમ્યગ્દૃષ્ટિ જીવ દૃષ્ટિના વિષયમાં કોઈ પણ ભેદનો સ્વીકાર કરતો નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ નિમિત્તપણે છે, પણ તે તો પર છે; રાગ પણ વિભાવ હોવાથી પોતાનો સ્વભાવ નથી; અરે! નિશ્ચયથી તો પોતે પર્યાય જેવડો પણ નથી, કેમ કે પર્યાય પણ દ્રવ્યનો એક સમયનો ભેદ છે ને? દૃષ્ટિ રાગ ને પર્યાયનો સ્વીકાર નહિ કરતી હોવા છતાં પર્યાય-અપેક્ષાએ આત્મામાં અશુદ્ધતા છે, પર્યાય છે—એ વાત સાધક જીવના લક્ષમાં હોવી જોઈએ. સમયસારની ૧૪મી ગાથાની ટીકામાં કહ્યું છે કે—બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો, પર્યાયનયથી આત્માનો અનુભવ કરતાં, ભૂતાર્થ છે, પણ શુદ્ધનયથી આત્માનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે. શું પર્યાય-અપેક્ષાએ આત્મામાં અશુદ્ધતા છે જ નહિ? અશુદ્ધતા જ ન હોય તો ટાળવું શું? પર્યાયમાં અશુદ્ધતા હોય તો દ્રવ્યસ્વભાવનો—ધ્રુવ આત્માનો—આશ્રય લેવાથી તે ટળે; ન જ હોય તો ટળે શું?

નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની પર્યાય પણ દૃષ્ટિનો વિષય નથી, તો જિનપ્રતિમા, મંદિર, શાસ્ત્ર કે ગુરુ એનો વિષય ક્યાંથી હોય? દ્રવ્યસ્વભાવમાં સ્થિર થયેલી દૃષ્ટિ એમ જોવા નથી બેસતી કે મને સમ્યગ્દર્શન થયું કે નહિ; કેમ કે એ તો પર્યાય છે. પર્યાય ઉપર પણ જ્ઞાનીની દૃષ્ટિ હોતી નથી. અહાહા! સમ્યગ્દર્શન થયું, અને કેવળજ્ઞાન તો થયું પણ નથી; તોપણ—

'એને—દ્રવ્યદૃષ્ટિવાળા જીવને—ખબર છે કે અનંત કાળમાં અનંત જીવોએ આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીને અનંત વિભૂતિ પ્રગટ કરી છે.'

સાધકજીવને ખબર છે કે અંદરમાં જે જ્ઞાન, આનંદ આદિ અનંત અનંત સંપદા પડી છે તે અનંત જ્ઞાનીઓએ અંતર્મુખ દ્રવ્યદૃષ્ટિ કરીને પર્યાયમાં પ્રગટ કરી છે. અહા! આત્માની એ શાશ્વત અતીન્દ્રિય વિભૂતિ! આ પૈસા વગેરે બહારની વિભૂતિ તો, મસાણનાં હાડકાંમાંના ફોસ્ફરસના ભડકા જેવી, ક્ષણિક છે. દુનિયા ગાંડી છે, તેને તો 'પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ' એવું થઈ પડ્યું છે. અહીં તો કહે છે કે—સમ્યગ્દર્શનરૂપ વિભૂતિ પ્રગટ થઈ તેને પણ દૃષ્ટિ સ્વીકારતી નથી; દૃષ્ટિનું જોર તો ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક ઉપર જ છે. અહા! આવી વાતો છે.

''દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ; છતાં 'મને સમ્યગ્દર્શન થયું, મને અનુભૂતિ થઈ' એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી.''

સત્‌માંથી સત્ આવે. દ્રવ્ય જે અખંડ અભેદ વસ્તુ છે તેની દૃષ્ટિ, પ્રતીતિ ને અનુભવ કરવાથી દ્રવ્યમાં જે જે વિભૂતિ છે તે—સમ્યગ્દર્શન, નિર્મળ જ્ઞાન, અકષાય શાન્તિ, અનાકુળ અતીન્દ્રિય આનંદ વગેરે બધું—પ્રગટ થાય છે. અહા! જેને જન્મમરણનાં દુઃખોથી રહિત થવું હોય તેના માટે આ વાત છે. બાકી તો જે બહારમાં રાજી રાજી થઈ રહ્યા છે તેનું તો શું થાય? બહારના જડ વૈભવની વાત તો ક્યાંય રહી ગઈ, પણ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ પ્રવચનસારની ટીકામાં કહે છે કે—અમારે તો જ્ઞાનના વિશેષ ઉઘાડની—બાહ્ય જાણપણાના વૈભવની—પણ જરૂર નથી, અમારે અંદર જ્યાં જ્ઞાયકભગવાન છે ત્યાં જવું છે, ત્યાં ઠરવું છે; બસ, આ એક જ ભાવના છે, 'अलम्...अलम्'—વિશેષ ક્ષાયોપશમિક જ્ઞાનથી પણ બસ થાઓ, બસ થાઓ.

સાધકની દૃષ્ટિ અભેદ પૂર્ણાનંદ પ્રભુ પર પડી છે. તે ત્યાંથી જરાય ખસતી નથી; પર્યાયમાં અટકતી નથી. અહા! આ વાત આકરી લાગે; કેમ કે કોઈ દી સાંભળીને યથાર્થપણે ગ્રહણ કરી નથી. મધ્યસ્થભાવે સાંભળે તો વસ્તુ બરાબર આ જ છે—એમ ખ્યાલમાં આવે. અનાદિ કાળથી દ્રવ્ય પર દૃષ્ટિ દીધી નથી; દૃષ્ટિ શું અને દ્રવ્ય પર દેવી એટલે શું?—એ કાંઈ ખબર નથી; તેથી અઘરું લાગે. અહીં તો કહે છે કે—દૃષ્ટિ પ્રગટ થઈ છતાં 'મને સમ્યગ્દર્શન તો થયું' એમ દૃષ્ટિ પર્યાય ઉપર જોર દેતી નથી, પર્યાયમાં ચોંટી જતી નથી.

'તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધાંને કાઢી નાખી, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે.'

દ્રવ્ય એટલે ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ જે નિજ વસ્તુ, જ્ઞાનાનંદ આદિ અનંત અનંત સંપદાનું ઘર—અનંત અનંત સ્વભાવવૈભવથી ભરપૂર ચૈતન્યમહેલ, તેના ઉપર જ દૃષ્ટિ, બીજું બધું કાઢી નાખીને, શરૂઆતથી માંડીને પૂર્ણતા સુધી સ્થપાયેલી રહે છે.

'કોઈ પણ જાતની આશા વગર તદ્દન નિસ્પૃહ ભાવે જ દૃષ્ટિ પ્રગટ થાય છે.'

લોકો મને જાણે કે—'આને સમ્યગ્દર્શન થયું છે;'—એ બધી આશાઓ મૂકી દે ભાઈ! શું તારે ઢંઢેરો પીટવો છે? 'હું આ પામ્યો' એમ દૃષ્ટિ વિષયવાળાને હોય નહિ. દુનિયા મને જાણે—માને, હું સમ્યગ્દર્શન વગેરે ધર્મ પામ્યો છું—એમ લોકો જાણે એવી કોઈ પણ પ્રકારની આશા વગર બિલકુલ નિરીહ ભાવે—નિસ્પૃહ ભાવે જ દૃષ્ટિ અર્થાત્ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

❀

## વચનામૃત—૨૧૭

**દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિનાં નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં—પર્યાયમાં—ચોંટી નથી જતી. 'અહો! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો!' એમ જ્ઞાન જાણે, પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર—દ્રવ્યસ્વભાવ ઉપર—જામેલી તે જામેલી જ રહે છે. ૨૧૭.**

'દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિનાં નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે.'

દ્રવ્ય એટલે જીવ, પુદ્ગલ વગેરે વસ્તુ. ભગવાન આત્મામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય—બધું હોવા છતાં ધ્રૌવ્ય ને ઉત્પાદ-વ્યય અર્થાત્ દ્રવ્ય ને પર્યાય બંને સરખી કિંમતનાં નથી. વસ્તુ નવી અવસ્થાપણે ઊપજે તે ઉત્પાદ, જૂની અવસ્થાથી નાશ પામે તે વ્યય અને

વસ્તુપણે—મૂળ સ્વભાવપણે—કાયમ ટકી રહે તે ધ્રૌવ્ય. વસ્તુના એકરૂપ ટકતા અંશને ધ્રૌવ્ય અર્થાત્ દ્રવ્ય, અને જુદી જુદી અવસ્થાપણે પલટતા અંશને ઉત્પાદ-વ્યય અર્થાત્ પર્યાય કહે છે. પૂર્ણાનંદ પિંડ ભગવાન આત્મામાં એકરૂપે ટકતો અંશ ને અનેકરૂપે પલટતો અંશ—બંને અંશ હોવા છતાં તે એક સરખી કક્ષાના નથી. ટકતા અંશની—ધ્રૌવ્યની—કક્ષા સદા ઊંચી જ છે અને પલટતા અંશની—ઉત્પાદ-વ્યય—કક્ષા સદા નીચી જ છે.

આત્મા સમ્યગ્દર્શનપર્યાયપણે ઊપજ્યો, મિથ્યાદર્શનપર્યાયપણે નષ્ટ થયો અને શ્રદ્ધા-ગુણપણે અફર ટકી રહ્યો; ત્યાં ઉત્પાદ-વિનાશરૂપ ફેરફાર થનારો ભાવ એટલે કે પર્યાય અને અફર રહેનારો ભાવ એટલે કે દ્રવ્ય, તે બંને સમાન કોટિનાં નથી; દ્રવ્યની કોટિ ધ્રુવ શક્તિરૂપ હોવાથી સદા ઊંચી જ છે અને પર્યાયની કોટિ ક્ષણિક વ્યક્તિરૂપ હોવાથી સદા નાની જ છે. જેમને અંદર પ્રચુર સ્વસંવેદન વર્તી રહ્યું છે એવા ભાવલિંગી મુનિરાજને જે ચારિત્રપર્યાય પ્રગટ થઈ છે, અચારિત્રપર્યાયનો વ્યય થયો છે અને ચારિત્રગુણ સદા શક્તિપણે એકરૂપ ટકી રહ્યો છે, ત્યાં પણ તેમની ભાવલિંગરૂપ નિર્મળ પર્યાય અને ત્રિકાળી દ્રવ્ય બંને સમાન કોટિનાં નથી.

દ્રવ્ય તો પૂર્ણાનંદનો નાથ ધ્રુવ—ટકતો અંશ છે અને પર્યાય તો—ભલે ક્ષાયિક સમ્યક્ત્વ, કેવળજ્ઞાન કે સિદ્ધની પર્યાય હોય—પ્રતિસમય બદલતો અંશ છે. ત્રિકાળી અને બદલતો એ બંને અંશ એક કોટિના નથી. પર્યાય તો એક સમય પૂરતો તરંગ છે અને દ્રવ્ય તો અનંત પર્યાયતરંગો સર્જવાની શક્તિવાળો ત્રિકાળી મહાસાગર છે, તે બંનેની કોટિ સમાન કેમ હોય? કેવળજ્ઞાન આદિ અનંત પૂર્ણ પર્યાયોના સર્જનહારની—શુદ્ધાત્મદ્રવ્યની—કિંમત સદા ઊંચી જ છે અને ક્ષણસ્થાયી કેવળજ્ઞાન વગેરે પર્યાયની કિંમત સદા નીચી છે—ઓછી છે.

દ્રવ્યસ્વભાવનો અચિન્ત્ય મહિમા છોડીને એક સમયની પર્યાયનો મહિમા આવી જાય, પર્યાયની કિંમત દ્રવ્ય જેટલી માની બેસે, તો તેની પર્યાયમૂઢ-દૃષ્ટિ કદી ટળે નહિ. દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દર્શન છે ને પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદર્શન છે. સ્વામીકાર્તિકે 'અનુપ્રેક્ષા' માં કહ્યું છે કે—ક્યાં મારી ભાવશ્રુતરૂપ અલ્પ પર્યાય ને ક્યાં સર્વજ્ઞની પૂર્ણ પર્યાય! હું તો પર્યાય -અપેક્ષાએ તરણાતુલ્ય પામર છું અને સર્વજ્ઞ તો પૂરણ થઈ ગયા છે. એ બંને વાત પર્યાયની છે. અહીં તો દ્રવ્ય અને પર્યાય બંને એક કોટિનાં નથી એમ બતાવવું છે. પર્યાયની કોટિ નાની જ છે અને દ્રવ્યની કોટિ સદા ઊંચી જ છે. આત્માના કલ્યાણ માટે દ્રવ્યનો આશ્રય સદા ઉપાદેય છે અને પર્યાયનો આશ્રય સદા હેય છે—છોડવાયોગ્ય છે.

'દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી.'

શું કહે છે? જ્ઞાની ધર્માત્માની દૃષ્ટિ નિમિત્ત ઉપર નથી, રાગ ઉપર નથી, અરે! પર્યાય કે ગુણભેદ ઉપર પણ નથી. તેને તો અંદર પોતાનું ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મદ્રવ્ય એટલા બધા રસકસવાળું—જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિઓથી ભરપૂર અભેદ સત્ત્વવાળું—દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં કે ભેદમાં ચોંટતી નથી; અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ કદી ચુકાતું નથી અને પર્યાય કે ગુણભેદ ઉપર અભિપ્રાયનું વજન જતું નથી. જ્ઞાનીની દૃષ્ટિ સદા સામાન્ય અર્થાત્ ત્રિકાળી ધ્રુવ સ્વભાવ ઉપર જ રહે છે. નિજ શુદ્ધાત્મદ્રવ્યની દૃષ્ટિ તે જ સમ્યગ્દર્શન છે. દ્રવ્યની દૃષ્ટિ વિના લાખ કે કરોડ વ્રત, તપ, ભક્તિ વગેરે કરે અથવા શાસ્ત્રોનો ખૂબ અભ્યાસ કરે, કરોડો શ્લોકો કંઠસ્થ કરે, પણ એ કાંઈ સમ્યગ્દર્શન પામવાનો રસ્તો નથી. જીવ અનાદિથી બાહ્ય જ્ઞાન ને ક્રિયામાં રોકાઈ જાય છે અને માની બેસે છે કે—'મેં ઘણું કર્યું'. ભાઈ! ધૂળેય કાંઈ કર્યું નથી. અંતરમાં દ્રવ્યસ્વભાવ ભરપૂર છે, પણ બહારના લક્ષે અંતર્મુખ લક્ષ થઈ શકે નહિ. બહારની દૃષ્ટિથી અંતરની દૃષ્ટિ થઈ શકે નહિ. અંતર્દૃષ્ટિનો વિષય તો અંદર અભેદ ધ્રુવ જ્ઞાયક આત્મા છે. અહા! આકરી વાત છે ભાઈ!

'ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં—પર્યાયમાં—ચોંટી નથી જતી.'

અનુભૂતિ આત્માની નિર્મળ દશા છે, પર્યાય છે. દેહાદિ પરથી ને શુભાશુભ રાગથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ધ્રુવ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થતાં સ્વાનુભૂતિરૂપ નિર્મળ દશા થાય, પણ સાધક જીવની દૃષ્ટિ તે સ્વાનુભૂતિરૂપ પર્યાયમાં ચોંટી નથી જતી. તે તો સાધનાના પ્રારંભથી પૂર્ણતા સુધી, પર્યાય તેમ જ ગુણભેદ બધાંને કાઢી નાખી, અભેદ પૂર્ણ દ્રવ્યસ્વભાવ ઉપર જ સ્થપાયેલી રહે છે.

"'અહો! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો!' એમ જ્ઞાન જાણે, પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર—દ્રવ્યસ્વભાવ ઉપર—જામેલી જ રહે છે."

'અહા! આવો અદ્‌ભુત પૂર્ણાનંદમય દ્રવ્યસ્વભાવ મારા લક્ષમાં આવ્યો એટલે કે અનુભવમાં આવ્યો!' એમ જ્ઞાન જાણે, પણ તે વખતે દૃષ્ટિ તો શાશ્વત ધ્રુવ દ્રવ્યસ્વભાવ અર્થાત્ ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકભાવ ઉપર જ છે. સમકિતીની દૃષ્ટિ સદા ધ્રુવ જ્ઞાયકસ્તંભ ઉપર જામેલી તે જામેલી જ રહે છે. ભલે ભૂમિકા પ્રમાણે પર્યાયમાં વિકલ્પો આવે, પણ દૃષ્ટિ તો સદા સામાન્ય ધ્રુવ સ્વભાવ ઉપર જામેલી જ રહે છે.

જ્ઞાનીની દૃષ્ટિ અંદર દ્રવ્યસ્વભાવમાં જામી ગઈ છે—સ્થિર થઈ ગઈ છે. દૃષ્ટિ

સ્થિરસ્વભાવના આશ્રયે સ્થિર થઈ ગઈ છે, ધ્રુવમાં ધ્રુવ થઈ ગઈ છે. દૃષ્ટિ ધ્રુવ થઈ ગઈ છે એટલે કે ધ્રુવ દ્રવ્યસ્વભાવનો આશ્રય લેનારપણે સ્થિર થઈ ગઈ છે. ધ્રુવમાં એકાગ્ર થઈ ગઈ છે. ધ્રુવનો આશ્રય લેનારી દૃષ્ટિરૂપ પર્યાય કાંઈ ત્રિકાળી ધ્રુવરૂપ થઈ જતી નથી.

ૐ
સહજ ચિદાનંદ.

# પ્રવચન-૮૭

તા. ૬-૯-૭૮

## વચનામૃત—૨૧૮

**કોઈ એકાન્તમાં વસનાર—એકાન્તપ્રેમી—માણસ હોય, એને પરાણે બાહ્ય કાર્યમાં જોડાવું પડે તો તે ઉપલકપણે જોડાતો દેખાય ખરો, પણ કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ!! અથવા કોઈ ઘણો નબળો માણસ હોય ને એના માથે કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે? એવી રીતે જ્ઞાનીને જ્ઞાનધારા વર્તતી હોવાથી બહારનાં કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે. ૨૧૮.**

'કોઈ એકાન્તમાં વસનાર—એકાન્તપ્રેમી—માણસ હોય, એને પરાણે બાહ્ય કાર્યમાં જોડાવું પડે તો તે ઉપલકપણે જોડાતો દેખાય ખરો, પણ કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ!!'

બહારની પ્રવૃત્તિમાં જોડાવામાં જેને જરા પણ રસ નથી, સંસારનાં, દેશનાં કે કુટુંબ-પરિવારનાં બાહ્ય કાર્યોની જેને અંતરથી રુચિ છૂટી ગઈ છે, એવા એકાન્તપ્રિય—નિવૃત્તિના પ્રેમી—મનુષ્યને, પરિસ્થિતિને વશ કોઈ બહારના કામમાં જોડાવું પડે, ઘરવખરીની ખરીદીમાં કે દીકરા-દીકરીનાં લગ્ન વગેરે સાંસારિક કાર્યમાં જોડાવું પડે, તો તે ઉપલકપણે નીરસભાવે જોડાતો દેખાય ખરો, પણ કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ!! બહારની પ્રવૃત્તિમાં ઊભેલો દેખાય પણ અંતરમાં તેના પ્રત્યે અત્યંત નીરસભાવ હોવાથી ખરેખર તે તેમાં જોડાયેલો નથી, અંતરમાં અત્યંત ઉદાસ છે; તેમાં તેને ક્યાંય પ્રેમ કે રસ નથી.

'અથવા કોઈ ઘણો નબળો માણસ હોય ને એના માથે કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે?'

પહેલાં એકાન્તમાં વસનાર—એકાન્તપ્રેમી—માણસની વાત લીધી; હવે કહે છે કે—કોઈ બુદ્ધિબળે ઘણો નબળો હોય અને એના માથે કોઈ જવાબદારીભર્યું કામ સોંપવામાં આવે તો તેને કેટલું આકરું લાગે?

'એવી રીતે જ્ઞાનીને જ્ઞાનધારા વર્તતી હોવાથી બહારનાં કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે.'

દેહથી ને રાગાદિ વિભાવથી ભિન્ન એવા નિજ શુદ્ધ જ્ઞાયક આત્માનું જેને ભેદજ્ઞાન થયું છે એવા જ્ઞાનીને 'હું જ્ઞાનમાત્ર છું, પરનો કે વિભાવનો કર્તા, ભોક્તા કે સ્વામી નથી' એવી જ્ઞાનધારા—જ્ઞાતાપણાના અનુભવરૂપ નિર્મળ ધારા—પરિણતિમાં સતત વર્તતી હોવાથી તેને બહારનાં—શુભાશુભ વ્યવહારનાં—કાર્યમાં જોડાવું ભારરૂપ લાગે છે. સાધકનું આવું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? અંદર નિષ્કર્મ શુદ્ધ જ્ઞાયક તત્ત્વના પ્રેમીને—

- શુભાશુભ કર્મમાં પ્રવર્તવું દુઃખદાયક લાગે છે,
- અણુવ્રત-મહાવ્રતની બાહ્ય પ્રવૃત્તિ ઉપાધિરૂપ લાગે છે,
- ઉપદેશ, તત્ત્વચર્ચા વગેરે કાર્યો ઉન્મત્તની ચેષ્ટા જેવાં લાગે છે,
- ૨૮ મૂળગુણના પાલનની શુભ વૃત્તિ બોજારૂપ લાગે છે;

—તેને તો તે બધી પ્રવૃત્તિ તથા વિકલ્પોથી પેલી પાર અંદર જે જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા—આનંદામૃતનો મહાસાગર—બિરાજે છે તેના ઉપર દૃષ્ટિ હોવાથી ત્યાં જ—નિષ્કર્મ શુદ્ધ જ્ઞાનાનુભૂતિમાં જ—વસવું ગમે છે, બહાર વિકલ્પમાં આવવું બોજો લાગે છે. આવો માર્ગ છે ભાઈ!

માર્ગ ઘણો કઠણ...? ભાઈ! માર્ગ કઠણ નથી પણ અંતરનો અભ્યાસ નથી એટલે કઠણ લાગે છે. દૃષ્ટિને અંદર રુચિપૂર્વક નિત્ય સ્થિર જ્ઞાયક તત્ત્વમાં લગાડવાનો ક્યારેય અભ્યાસ કર્યો નથી અને અનાદિથી બહારના અભ્યાસમાં ચડી ગયો છે. શાસ્ત્રોનો બાહ્ય અભ્યાસ ઘણો કર્યો, મુનિપણાનાં બાહ્ય આચરણ ઘણાં પાળ્યાં, સ્ત્રી, કુટુંબ, રાજપાટ છોડ્યાં, નવ કોટિએ બ્રહ્મચર્ય પાળ્યું, નગ્નપણું ધારણ કર્યું—એમ બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, પણ તેથી શું થયું? અંદર ધ્રુવ જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ થયા વિના એ બધું થોથાં છે.

જ્ઞાનીને અંદર પરિણતિમાં જ્ઞાતાધારા વર્તતી હોવાથી, બહારમાં—વિકલ્પમાં આવવું બોજારૂપ લાગે છે. શાસ્ત્રનાં બહિર્લક્ષી ભણતર તથા રાગરૂપ શુભાચરણથી ભિન્ન જ્ઞાતાસ્વરૂપ પોતાના આત્માનું સતત સ્વાનુભવપૂર્વક જ્ઞાન થવું તે જ્ઞાનધારા છે. ધર્મીને તે જ્ઞાનધારા

નિરંતર વહે છે, ને બાહ્ય કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે. તેને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે અનન્ય ભક્તિભાવ આવે છે, તેમાં ઉત્સાહ પણ દેખાય છે, છતાં તે શુભભાવ અંદરથી બોજારૂપ લાગે છે.

અધ્યાત્મની આ વાત લોકોએ સાંભળી નથી એટલે 'એકાન્ત' લાગે, પણ ભાઈ! આ જ ખરો માર્ગ છે. સ્વભાવના આશ્રયે ધર્મ થાય અને રાગથી ધર્મ ન થાય—એ જ ખરો 'અનેકાન્ત' છે. લાખ વ્રત, તપ, દાન, ભક્તિ વગેરેના શુભભાવ કરે કે શાસ્ત્રોના કરોડો અબજો શ્લોક કંઠસ્થ કરી લે, દુનિયાને સમજાવતાં આવડે—એ કોઈ આત્મજ્ઞાન કે ધર્મ નથી. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ તો એમ કહે છે : અનંત વાર મુનિવ્રત પાળ્યાં, શ્રુતનો પુષ્કળ અભ્યાસ કર્યો, પણ નિજ આત્માના અનુભવપૂર્વક જ્ઞાન વિના આત્મિક સુખનો અંશ પણ પામ્યો નહિ. બાહ્ય કારણથી અંતર આત્મજ્ઞાન ત્રણ કાળમાં થતું નથી. તેથી જ્ઞાનીને જગતનાં બાહ્ય કાર્યમાં ઉત્સાહ રહેતો નથી, અરે! વિકલ્પમાં આવવું તે પણ બોજારૂપ લાગે છે.

મુનિરાજ તો અંદર અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે; તેઓ કર્મપ્રક્રમ એટલે કે શિષ્યોને ભણાવવા, પાઠશાળા ચલાવવી કે લેખ લખવા વગેરે બહારનાં કોઈ કામનો બોજો માથે રાખતા નથી. ભગવાનના સમોસરણમાં જઈ વાણી સાંભળવાનો, ધર્મનો ઉપદેશ કરવાનો અને વ્રતાદિ તથા શ્રુતચિંતનનો વિકલ્પ આવે છે પણ દૃષ્ટિના આશ્રયભૂત શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘનના રસાસ્વાદ પાસે એ બધું બોજારૂપ લાગે છે. અહા! આવી અદ્‌ભુત વાત છે. વાણિયાને જૈનધર્મ મળ્યો, પણ એ તો વ્યવસાયમાં ગુંચાઈ ગયા. વ્યવસાય એટલે ઉદ્યોગ. અંદર આત્માને સમજવાનો ઉદ્યોગ ક્યારેય કર્યો નહિ ને આ બહારના ઉદ્યોગમાં—હીરા-માણેકના ધંધામાં—રોકાઈને નિજ ચૈતન્યને ભૂલી ગયા. બહારના વેપારધંધાનો વ્યવસાય તે પાપ છે, અને શુભ રાગમાં આવે તો એ વ્યવસાય પણ પુણ્ય છે. પુણ્ય-પાપના વ્યવસાય રહિત અંદર ભગવાન આત્માનાં જ્ઞાન ને અનુભવનો વ્યવસાય જીવે કદી કર્યો નથી.

પ્રભુ તારા હિતના પંથની રીત કોઈ જુદી જ છે. પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવના આશ્રયે ક્રીડા કરતા જ્ઞાનીને અંદર આનંદામૃતના સ્વાદ આગળ ઈંદ્રનાં ઈંદ્રાસનો—ઈંદ્રિયના વિષયો—સડેલાં મીંદડાં અને કૂતરાં જેવાં લાગે છે. ઈંદ્ર સમ્યગ્દૃષ્ટિ છે, એકાવતારી છે, તેને વિષયવાસનાનો વિકલ્પ આવે છે, પણ તે દુઃખરૂપ લાગે છે, બોજારૂપ લાગે છે.

પ્રશ્ન :—દુઃખરૂપ ને બોજારૂપ લાગે છે તો કરે છે કેમ?

ઉત્તર :—જ્ઞાનીને અંદર કર્તાપણાની બુદ્ધિ નથી, પણ નીચલી ભૂમિકામાં—જ્યાં

સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી—પુરુષાર્થની નબળાઈથી એવા ભાવ આવે છે.

પ્રશ્ન :—ઘરનાં કામ પણ બોજારૂપ લાગે?

ઉત્તર :—ઘરનાં કામ—-પરનાં કામ—જીવ ક્યાં કરી શકે છે? પણ ઘરનાં કામની આમ વ્યવસ્થા કરવી, વસ્તુને આમ સાચવવી, છોકરાંછૈયાંને સારી કેળવણી આપવી વગેરે રાગભાવ આવે તે તો બધો બોજો છે જ, પરંતુ જેને અંદર 'હું તો જ્ઞાયક, જ્ઞાયક, વિભાવથી રહિત ધ્રુવ જ્ઞાયક છું' એવી દૃષ્ટિ થઈ છે, અંતરમાં ભેદજ્ઞાનની નિર્મળ ધારા પર્યાયમાં સતત ચાલુ છે, તેને વ્રતાદિના જે શુભભાવ આવે છે તે પણ બોજો લાગે છે. અહાહા! આકરું પડે, પણ માર્ગ તો આ જ છે ભાઈ! આ જ્ઞાયકના રસ્તે ચડ્યા વિના જન્મ-મરણનો અંત નહિ આવે.

અહા! મુનિરાજને ઉપદેશનો વિકલ્પ પણ ઉન્મત્તતા લાગે છે. અરે! શું છે આ? શું વિકલ્પથી ભાષા નીકળે છે? અને ભાષા નીકળવાથી શું શ્રોતાને લાભ થશે? વાણી નીકળે તેનાથી એને શું જ્ઞાન થશે? આ તને શો ઉન્માદ થયો છે?—'પરને હું મોક્ષ કરાવી દઉં'! વીતરાગદશા થયા વિના એને મુક્તિ થતી નથી; તું એને શો મોક્ષ કરાવી દઈશ? અહા! મુનિરાજને તો માત્ર અસ્થિરતાજનિત વિકલ્પ છે, તે પણ ઉન્મત્તતા લાગે છે! ઝીણું બહુ ભાઈ! જ્ઞાનીને જ્ઞાનધારા નિરંતર વર્તતી હોવાથી બહારનાં કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે.

સહજ ચિદાનંદ.

## વચનામૃત—૨૧૯

**ગમે તેવી કટોકટીમાંથી પોતાનાં જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. તેને વ્યર્થ જવા ન દેવું. ૨૧૯**

'ગમે તેવી કટોકટીમાંથી પોતાનાં જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો.'

ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય, ગમે તે પ્રસંગ હોય, રોગનો કે કુટુંબમાં બીજા અનેક પ્રકારનો પ્રસંગ હોય, એવા સમયમાં પણ ધર્મી જીવ પોતાનાં જ્ઞાન ને ધ્યાનનો વખત કાઢી લે છે. ગમે તેવા કઠિન સમયમાં અંતરંગ જ્ઞાયક સ્વરૂપનાં જ્ઞાન ને ધ્યાનનો સમય ખેંચીને મેળવી લેવો જોઈએ.

'આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે.'

ભાઈ! આ મનુષ્યભવ અમૂલ્ય છે. તેનો એક સમય પણ કૌસ્તુભમણિ કરતાં પણ મહા મૂલ્યવાન છે. પોતાનું હિત કરવા આ અવતાર છે. આ ભવ, ભવનો અભાવ કરવા માટે છે. શરીરમાં રોગ આવે, ઈંદ્રિયો હીણી પડી જાય, માંડ માંડ અક્ષરો દેખાય, બહુ ધ્યાન રાખે તો કાને માંડ સંભળાય—એ પહેલાં તું તારા આત્માનું કામ કરી લે ને પ્રભુ! ભાવપ્રાભૃતમાં કહ્યું છે ને—

રે! આક્રમે ન જરા, ગદાગ્નિ દહે ન તનકુટિ જ્યાં લગી,
બળ ઈન્દ્રિયોનું નવ ઘટે, કરી લે તું નિજહિત ત્યાં લગી.

જ્યાં સુધી ઘડપણ ઘેરી ન વળે, રોગરૂપી અગ્નિ કાયારૂપી ઝૂંપડીને બાળે નહિ, ઈન્દ્રિયો નબળી પડે નહિ, તે પહેલાં પ્રભુ! તું તારું હિત કરી લે. ગમે તેવા વિકટ પ્રસંગમાં તું તારું કામ કરી લે, વાયદા કરીશ તો પછી નહિ થાય. માટે ગમે તેમ કરીને તારા જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લે. સમજાણું કાંઈ? બહારના સંયોગમાં મોટા ફેરફાર થઈ જાય—વેપારમાં મોટું નુકશાન જાય, વીમાકંપની ભાંગે, કમાઉ દીકરો મરે, દીકરી દુખાય, લેણિયાત લોહી પીએ અને ઉઘરાણી ખોટી થાય—જાણે ચારે બાજુએ આફતથી—દુઃખથી ઘેરાઈ ગયો હોય; અરે પ્રભુ! તું ક્યાં અટકી ગયો? એવા સમયમાં પણ તું તારાં જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લેજે. આવો મનુષ્યભવ ફરી ફરી નહિ મળે. શ્રીમદ્ ૧૭ મા વર્ષે કહે છે :

બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો;
તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો.

અરે! એક આંટો પણ ટળે તો ભવભ્રમણનો અંત આવી જાય. 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો.' પ્રભુ! બાહ્ય સુખની અભિલાષામાં તારા આત્મિક સુખનો નાશ થાય છે—એમ સમજીને તું તારાં જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લે, તારું હિત કરવાનો વખત લઈ લે.

દુકાન સરખી ચાલે, છોકરાઓ બરાબર કામ કરે, તેનો આપણને સંતોષ થાય, તો પછી આપણે નિવૃત્તિ લઈશું—એમ કહે, તે તો ત્યાં ને ત્યાં જ છે; ભાવમાં છૂટ્યો જ છે ક્યાં? ભાઈ! ગમે તે પ્રસંગે આ દેહ છૂટશે ને ચાલ્યો જઈશ ક્યાંય ૮૪ લાખ યોનિમાં! અહા! વંટોળિયામાં ઊડતું તણખલું ક્યાં જઈને પડશે? એમ, પ્રભુ! આ આંખ વિંચાશે પછી ઉતારા ક્યાં થશે—એની ખબર છે? માટે તારા હિત ખાતર, પોતાના કલ્યાણ માટે ગમે તેવી કટોકટીમાં પણ વખત કાઢી લે, દુનિયા માટે રોકાઈશ નહિ; આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે.

'તેને વ્યર્થ જવા ન દેવું.'

પોતાનાં જ્ઞાન-ધ્યાન માટે અંતર્મુખ થવાનો વખત મેળવી લેવો, બહારનાં કાર્યોમાંથી છૂટીને અંતરમાં જવાના પ્રયત્ન માટે સમય કાઢી લેવો. આવો સમય ફરી ફરીને નહિ મળે પ્રભુ! આ કર્યું ને તે કર્યું, મંદિરો બંધાવ્યાં ને પુસ્તકો છપાવ્યાં; બસ, એમાં રોકાઈ ગયો, પણ એમાં તને શું આવ્યું? ૨૬ લાખનું પરમાગમમંદિર બન્યું એમાં તને શું? ભાઈ! એ વિકલ્પ આવ્યો, પણ પરનું કોઈ કાંઈ કરી શકતું નથી. એ વિકલ્પથી પણ તું નિવૃત્તિ લઈ લે. આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે, તેને વ્યર્થ જવા ન દે, શીઘ્ર આત્માનું કલ્યાણ કરી લે.

## વચનામૃત—૨૨૦

**જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર. શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે. ૨૨૦**

'જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર.'

'હું નિત્યાનંદસ્વરૂપ કેવળ જ્ઞાયક છું'—એવી જે જ્ઞાન-શ્રદ્ધાનસ્વરૂપ નિર્મળ પરિણતિ, તેનો દૃઢ અભ્યાસ કર. ભાષા એમ છે કે 'જ્ઞાયકપરિણતિ'; ત્યાં જ્ઞાયક કોઈ પર્યાય નથી, જ્ઞાયક તો ત્રિકાળી શક્તિભૂત ધ્રુવ સ્વભાવ છે. તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા થવી—'આ હું જ્ઞાયક ભગવાન છું' એમ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય થવી—તે 'જ્ઞાયકપરિણતિ' છે. દયા, દાન ને વ્રતાદિના પરિણામ એ કાંઈ 'જ્ઞાયકપરિણતિ' નથી. આવી વાતો આકરી પડે, પણ ભાઈ! આ, તારા હિતની વાત છે. તું હિતનો માર્ગ બીજી રીતે માનીને બેસી ગયો છે, પણ તેથી કાંઈ તારું હિત થશે નહિ. તને એમ લાગે કે—અરે! આ તો કોઈને ગણતા જ નથી, પણ બાપુ! તારે બહારમાં ગણાવું છે કે અંતરમાં જ્ઞાયકની દૃષ્ટિ કરીને ભગવાન થવું છે? ભાઈ! ભગવાન થવા જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર.

અહા! આ (બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક! જુદી જુદી રીતે પંદર પ્રકારે આ પુસ્તકની પ્રસિદ્ધિ થઈ છે. આ વચનામૃત, આખા પુસ્તકરૂપે, નાની નાની પુસ્તિકાઓમાં, તાડપત્ર ઉપર, ચાકળા ઉપર, ચાંદીનાં પાના ઉપર—એમ પંદર પ્રકારે પ્રસિદ્ધ થયાં છે. આટલું બધું થયું તે કેટલાકથી સહન થતું નથી, પણ બાપુ! આ તો સત્યની પ્રસિદ્ધિ છે. ભાઈ! તારો નાથ અંદર બિરાજે છે તેની ખ્યાતિ—પ્રસિદ્ધિ કર ને; રાગ ને પુણ્યની

પ્રસિદ્ધિમાં રોકાઈને તેં અનાદિથી તારું અહિત કર્યું છે, તો હવે તારા હિત ખાતર અંદર ભગવાન જ્ઞાયકને ઓળખીને જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર ને.

'શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે.'

આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાન વડે તે લોકાલોકનો—સર્વ પદાર્થોનો—કેવળ જ્ઞાતા જ છે, કર્તા નથી. પણ શુભ રાગ જણાતાં 'આ દયા-દાન આદિનો રાગ તે હું છું, હું તેનો કર્તા છું' એમ તેનું કર્તૃત્વ જો માન્યું તો તે અભિપ્રાયમાં આખા લોકનું કર્તાપણું સમાયેલું છે. હું માત્ર જાણનાર તત્ત્વ છું—એ ભૂલી ગયો ને 'આ મેં કર્યું, મેં કર્યું' એમ અભિપ્રાયમાં આખા લોકનો કર્તા થઈ ગયો. જૈનેતરમાં પણ કહ્યું છે કે—'હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડા નીચેનો કૂતરો એમ માને કે આખું ગાડું મારાથી ચાલે છે; એ પ્રમાણે, દુકાનના થડે બેસે ને માને કે આ બધી વ્યવસ્થા મારાથી ચાલે છે, તો તે પેલા ગાડા નીચેના કૂતરા જેવો છે.

ભગવાન આત્મા તો જ્ઞાતાદ્રષ્ટાસ્વરૂપ છે; એ જ્ઞાનસ્વરૂપ આત્મા રાગને કરે? કે રાગનો જ્ઞાતા રહે? અરે! જેણે કર્તૃત્વ સ્વીકાર્યું તેણે આખા લોકનું કર્તાપણું સ્વીકાર્યું છે. કહ્યું છે ને—

करै करम सोई करतारा।
जो जानै सो जाननहारा॥
जो करता नहि जानै सोई।
जानै सो करता नहि होई॥

જ્ઞાતાપણું જ આત્માનું સ્વરૂપ હોવાથી, તેમાં રાગનું કર્તૃત્વ આવતું નથી. કેમ કે તેને પોતાના અનંત ગુણોમાં 'રાગને કરવું' એવો કોઈ ગુણ નથી. રાગના એક કણનું પણ કર્તૃત્વ જે માને છે તે આખા લોકનો કર્તા થાય છે. શું કહ્યું? વ્રતાદિ શુભભાવનો પણ જે કર્તા થાય છે તે આખા વિશ્વનો કર્તા થાય છે; કેમ કે, જેમ જાણનાર એકને જાણે તે બધાને જાણે એવો તેનો સ્વભાવ છે, તેમ અકર્તાસ્વભાવથી—જ્ઞાતાસ્વભાવથી—ભ્રષ્ટ જીવ પોતાને એક અણુમાત્ર રાગનો પણ કર્તા—રાગ મારું કર્તવ્ય છે એમ—માને તો તેમાં આખા લોકનું કર્તૃત્વ આવી જાય છે. સમજાણું કાંઈ?

અહા! મારગ બહુ આકરો. અરે! આ તો જન્મ-મરણનો અંત લાવવાની ચીજ છે. બેનની ભાષામાં કેટલા ટૂંકા શબ્દો આવ્યા છે!—'શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે.' આવી વાત કાને પડવી પણ કઠણ છે. ભાઈ! અંતરમાં દૃષ્ટિનો

વિષય આખો જ્ઞાયક પ્રભુ પડ્યો છે, તેને છોડીને તું રાગમાં ને બાહ્ય પ્રવૃત્તિમાં ઘૂસી ગયો છે; પણ તને ખબર નથી કે રાગના કર્તૃત્વમાં આખી દુનિયાનું કર્તાપણું—ચૌદ બ્રહ્માંડમાં પરમાણુ વગેરે જેટલા પદાર્થ છે તે બધાયનું કર્તાપણું—સમાયેલું છે, અને તે જ બધાં દુઃખનું મૂળ છે.

❁

## વચનામૃત—૨૨૧

**સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ. અંતર્મુહૂર્ત નહિ પણ શાશ્વત અંદર રહી જવું તે જ નિજ સ્વભાવ છે, તે જ કર્તવ્ય છે. ૨૨૧.**

'સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ.'

'શરીર આદિ પરદ્રવ્યથી ભિન્ન અને રાગાદિ વિભાવથી રહિત જે ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકભાવ તે જ હું છું' એવી શ્રદ્ધા, જ્ઞાન અને અનુભૂતિરૂપ નિર્મળ દશા તે શુદ્ધોપયોગ છે. તે જ સર્વસ્વપણે ઉપાદેય છે. આમ તો આશ્રય કરવાની અપેક્ષાએ—આલંબન લેવાની અપેક્ષાએ—તો સદાશુદ્ધ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ જ સર્વસ્વપણે ઉપાદેય છે, પણ કર્તવ્ય-અપેક્ષાએ—શુભ ને અશુભ ભાવ ઉપાદેય નથી, માટે—ત્રિકાળી શુદ્ધના અવલંબને પ્રગટ થતો શુદ્ધોપયોગ પણ સર્વસ્વપણે ઉપાદેય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અરે! આ ગહન સંસાર! તેમાં જન્મ-મરણ કરનારા કેટલાય જીવો તો, અનંત કાળ ગયો છતાં, નિત્યનિગોદમાંથી બહાર નીકળ્યા નથી. અહા! તેમાંથી નીકળી ત્રસપણું પામવું એ પણ ચિંતામણિરત્ન પેઠે દુર્લભ છે : '**दुर्लभ लहि ज्यों चिन्तामणि, त्यों पर्याय लही त्रस तणी।**' ભાઈ! આ મનુષ્યપણું મળ્યું છે તે શેના માટે? બાયડી, છોકરાં ને ધૂળધાણી માટે? ના, આત્માનું હિત કરવા માટે. હિત કરવા માટે સર્વસ્વપણે ઉપાદેય તો શુદ્ધ ઉપયોગ છે. આલંબન લેવાની અપેક્ષાએ ખરેખર ઉપાદેય તો ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક ધ્રુવ ચીજ છે; પરંતુ ઉપયોગ ત્રિકાળી ધ્રુવ સ્વભાવના આશ્રયે શુદ્ધ થાય છે; તેથી પર્યાયમાં પ્રગટ થયેલા શુદ્ધોપયોગને પણ, આલંબન અપેક્ષાએ નહિ પણ સાધનાની અપેક્ષાએ, ઉપાદેય કહેવામાં આવે છે.

'અંતર્મુહૂર્ત નહિ પણ શાશ્વત અંદર રહી જવું તે જ નિજ સ્વભાવ છે, તે જ કર્તવ્ય છે.'

શું કહ્યું? આત્મા—જ્ઞાયક વસ્તુ—શુદ્ધ ચૈતન્યઘન છે ને તેના આલંબને પ્રગટ થતો ઉપયોગ તે શુદ્ધોપયોગ છે. તેમાંથી હઠવું નહિ, ઘડીક નહિ પણ કાયમ અંતરમાં સ્થિર થઈ જવું—શાશ્વત અંદર રહી જવું—એ જ નિજ સ્વભાવ છે, એ જ કર્તવ્ય છે, અને ધર્મીને એની જ ભાવના હોય છે. ધર્મીને ભૂમિકા પ્રમાણે શુભ રાગ આવે છે, પણ તે બોજારૂપ લાગે છે. અરે! અત્યારે તો 'વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો, કષાય મંદ કરો, તેનાથી ધર્મ થશે, સુખ થશે' એવી પ્રરૂપણા ચાલે છે; પણ ભાઈ ધર્મ તો વીતરાગભાવ છે અને આ તો શુભ રાગ છે. રાગ ભાવ ધર્મ કે ધર્મનું કારણ—વીતરાગ ભાવ કેમ હોઈ શકે?

પ્રશ્ન :—વ્રતાદિના શુભ ભાવ વ્યવહારે તો ધર્મ છે ને?

ઉત્તર :—ના. કોના શુભભાવને વ્યવહારે ધર્મ કહેવાય? જેને અંતરમાં શુદ્ધ આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન-રમણતાસ્વરૂપ નિશ્ચયધર્મ પ્રગટ થયો છે, તેને અસ્થિરતાના કારણે જે દેવ-ગુરુ આદિની શ્રદ્ધાનો કે વ્રતાદિના આચરણનો શુભ રાગ આવે છે તેમાં વ્યવહારે ધર્મનો આરોપ કરવામાં આવે છે. ખરેખર તે શુભ રાગ ધર્મ નથી પણ, અંતરમાં પ્રગટેલા સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધિરૂપ ધર્મની સાથે વર્તતો હોવાથી, તેને ધર્મ કહેવો વ્યવહાર છે. ખરેખર તો વીતરાગ ભાવ કર્તવ્ય છે, શુભ રાગ નહિ.

પ્રશ્ન :—તો પછી અમારે કરવું શું?

ઉત્તર :—અંતર ભગવાન જ્ઞાયક સ્વભાવમાં, તેનાં શ્રદ્ધાન-જ્ઞાન-રમણતાસ્વરૂપ શુદ્ધોપયોગ લગાવીને એકાગ્રપણે કાયમ જામી જવું. નબળાઈથી જો રાગ આવે તો તેનો જ્ઞાતા રહેવું, કર્તા ન થવું. અસ્થિરતાને કારણે શુદ્ધોપયોગમાંથી બહાર આવે ત્યારે શુભ ભાવ થાય, પણ તેને કર્તવ્ય જાણીશ નહિ, તેનો કેવળ જાણનાર–દેખનાર રહેજે. જ્ઞાતાસ્વભાવે પરિણમી જવું, શુદ્ધોપયોગરૂપે કાયમ રહી જવું, બસ, તે એક જ કર્તવ્ય છે.

## વચનામૃત—૨૨૨

**મુનિઓ વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે. તેમની દશા નિરાળી, પરના પ્રતિબંધ વિનાની, કેવળ જ્ઞાયકમાં પ્રતિબદ્ધ, માત્ર નિજગુણોમાં જ રમણશીલ, નિરાલંબી હોય છે. મુનિરાજ મોક્ષપંથે પ્રયાણ ચાલુ કર્યાં તે પૂરાં કરે છે. ૨૨૨.**

'મુનિઓ વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે.'

મુનિપણું કોને કહેવાય છે? શુદ્ધ ચૈતન્યઘનસ્વરૂપ નિજ આત્મવસ્તુનો સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને સ્વરૂપરમણતાપૂર્વક આશ્રય કરીને જ્યાં ત્રણ કષાયનો અભાવ થયો છે, જ્યાં અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ ભાવલિંગ પ્રગટ થયું છે અને જ્યાં શુદ્ધોપયોગપણે અંદર શાશ્વત રહી જવાની તીવ્ર ભાવના છે,—એવા પરમેષ્ઠિપદને—પરમેશ્વરપદને—સાચું મુનિપણું કહેવાય છે. અહા! મુનિપણું તે આવી ચીજ છે; સમજાણું કાંઈ?

મુનિઓ આત્માના ઉપયોગને અંદર આત્મામાં વારંવાર લાવે છે. અરે! છટ્ઠે ગુણસ્થાને વ્રતાદિનો વિકલ્પ ઊઠે તે પણ પ્રમાદ અને જગપંથ છે, વીતરાગતા નથી. મુનિ ઉપયોગને અંતરમાં વારંવાર લઈ જાય છે.

'ધન્ય મુનિદશા!' તે, બેનના આ પુસ્તકમાંથી મુનિદશાના બોલ લઈને છપાવેલી જુદી પુસ્તિકા છે. તેમાં બહુ સરસ વાત આવી છે. મુનિની દશા સાવ નિરાળી છે ભાઈ! મુનિદશા તેને કહેવાય કે જ્યાં અંતરમાં, જ્ઞાયક પ્રભુના અવલંબને ત્રણ કષાયોનો અભાવ થયો હોવાથી, અતીન્દ્રિય આનંદની લહેરો ઊઠે છે. મુનિ પોતાનો ઉપયોગ વારંવાર અંતરમાં લઈ જાય છે, છટ્ઠે ગુણસ્થાને આવે ત્યારે મહાવ્રત, સમિતિ, આહાર, વિહાર તથા ઉપદેશ વગેરેનો વિકલ્પ આવે છે, પણ તે પ્રમાદ છે, જગપંથ છે. તેને છોડીને મુનિ વારંવાર ઉપયોગને અંદર સ્વભાવમાં સ્થિર કરે છે. આનંદ...આનંદ...આનંદ, જેમાં અતીન્દ્રિય આનંદ ભરચક ભર્યો પડ્યો છે એવો જે પૂર્ણાનંદ ભગવાન આત્મા અંદરમાં બિરાજે છે તેમાં ઉપયોગને વારંવાર લઈ જાય તેનું નામ મુનિપણું છે. અહાહા! આકરું કામ છે ભાઈ!

પ્રશ્ન :—આપ મુનિને માનો છો?

ઉત્તર :—ભાઈ! આત્મજ્ઞાનયુક્ત સાચા ભાવમુનિપણાને કોણ ન માને? તે તો પંચપરમેષ્ઠી માંહેલા સાધુપરમેષ્ઠી છે; તેના તો અમે દાસાનુદાસ છીએ. કેટલાક કહે છે કે તમે મુનિને માનતા નથી, પણ બાપુ! તમારે મનાવાનું શું કામ છે? અંદર સાચું મુનિપણું હોય અને જો બીજા તેને ન માને તો મુનિપણું શું ચાલ્યું જાય છે? અને અંદરમાં જો સાચું મુનિપણું ન હોય, ને બીજા મુનિપણું માને તો શું સાચું મુનિપણું આવી જાય છે? મુનિપણું મનાવવા વગેરેના વિકલ્પો તો ક્યાંય દૂર રહી ગયા, પણ મુનિને તો વ્રતાદિના શુભ વિકલ્પ આવે તે પણ કર્તવ્ય નથી.

'તેમની દશા નિરાળી, પરના પ્રતિબંધ વિનાની, કેવળ જ્ઞાયકમાં પ્રતિબદ્ધ, માત્ર નિજગુણોમાં જ રમણશીલ, નિરાલંબી હોય છે.'

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આટલી પાઠશાળાઓમાં એક કલાક તો ભણાવવું પડશે, પાઠશાળા માટે કે મંદિર માટે આટલા પૈસા મેળવી આપવા પડશે, વ્યાખ્યાન આપવાં પડશે. પત્રમાં લેખ આપવા પડશે—અરે! આ બધું મુનિનું કામ નહિ. મુનિની દશા જ કોઈ લોકોત્તર હોય છે, કામના બોજા વિનાની, કેવળ નિજ જ્ઞાયક તત્ત્વમાં જ લાગેલી, પોતાના જ્ઞાન, આનંદ આદિ ગુણોમાં જ રમણશીલ અને નિરાલંબન સ્વભાવવાળી હોય છે.

'મુનિરાજ મોક્ષપંથે પ્રયાણ ચાલુ કર્યાં તે પૂરાં કરે છે.'

મુનિરાજ અંતરના આનંદમાં પ્રયાણ ચાલુ કર્યાં તે પૂર્ણ કરે છે. અંદર આનંદમાં ઉગ્ર પ્રયાણ કરવું તેનું નામ મુનિપણું ને શુદ્ધોપયોગ છે.

સહજ ચિદાનંદ.

તા. ૨૯-૧૧-૭૭

બેનનાં વચનામૃત એ કેવળજ્ઞાનનો કક્કો છે. બે-ચાર વાર નહિ પણ દસ વાર વાંચશે ત્યારે સમજાશે.

—*પૂજ્ય ગુરુદેવ*

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રવચન–૮૮

તા. ૮-૯-૭૮

## વચનામૃત—૨૨૩

**શુદ્ધાત્મામાં ઠરવું તે જ કાર્ય છે, તે જ સર્વસ્વ છે. ઠરી જવું તે જ સર્વસ્વ છે, શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી. ૨૨૩.**

'શુદ્ધાત્મામાં ઠરવું તે જ કાર્ય છે, તે જ સર્વસ્વ છે.'

શું કહે છે? ચૈતન્યસ્વરૂપ નિજ શુદ્ધ આત્મામાં દૃષ્ટિ જમાવીને સ્થિર થવું એ જ કરવાનું છે. અંદર એવી ઝંખના જોઈએ કે નિજ ચૈતન્ય સિવાય બીજે ક્યાંય ગમે નહિ, ઠીક લાગે નહિ. આનંદઘનજીએ કહ્યું છે ને—

દેખણ દે રે સખિ, મુને દેખણ દે,
 ચંદ્રપ્રભ મુખચંદ, સખી મુને દેખણ દે;
ઉપશમ રસનો કંદ સખિ મુને દેખણ દે,
 સેવે સુર-નર-ઈંદ્ર, સખી મુને દેખણ દે...

સાધક આત્મા પોતાની શુદ્ધ પરિણતિરૂપ સખીને શ્રી ચંદ્રપ્રભ ભગવાનની સ્તુતિના બહાને કહે છે : હે સખી! મને ચંદ્રપ્રભનું એટલે કે શીતળતાના પુંજસ્વરૂપ જ્ઞાયક આત્માનું, મુખચંદ અર્થાત્ ચંદ્ર જેવું શાન્ત શીતળ સ્વરૂપ—ઉપશમરસનો કંદ—જોવા દે ને; મારે એ સિવાય બીજી કોઈ ચીજ ન જોઈએ. 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.' આત્માર્થીને અંદર ચૈતન્યનાં—જ્ઞાયક પ્રભુનાં—દર્શન કરવાની જ એક ઝંખના હોય છે, તે સિવાય બીજી કોઈ ચીજ તેને પસંદ નથી, રુચિકર લાગતી નથી.

સાધક જીવ કરે છે : હે જ્ઞાયક પ્રભુ! મને તારાં દર્શન દે ને, તારો અંદરનો વૈભવ મને જોવા—માણવા દે ને. અરેરે! પ્રભુ! એકેન્દ્રિય, બે-ઈંદ્રિય, ત્રણેન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયપણામાં મેં તને ક્યાંય ન દેખ્યો, અરે! બાહ્ય મુનિપણું અનંત વાર લીધું,

પરંતુ ત્યાં પણ તારાં દર્શન ન થયાં નાથ! હવે તો એક વાર ચેતનપ્રભુનાં દર્શન કરવા દો. સંસારની બીજી ઝંઝટ છોડીને ધર્મી જીવને ચેતનનો અનુભવ કરવાની લગની લાગી છે; દુનિયા માન આપે કે ન આપે—એની સાથે કોઈ સંબંધ નથી. 'આ ધર્માત્મા છે' એમ લોકો ગણતરીમાં ગણે—એની કોઈ કિંમત નથી. ચૈતન્યભગવાન પર દૃષ્ટિ દેવાથી તે પ્રાપ્ત થાય છે, માટે હે શુદ્ધ પરિણતિરૂપી સખી! મને સ્વભાવ પર દૃષ્ટિ કરવા દે. શરીરનાં પ્રાણ પણ ભલે જાઓ, પણ મારો ચૈતન્યભાવપ્રાણ મારી દૃષ્ટિમાં આવો. ધર્મીને સદા આવી ભાવના હોય છે.

શુદ્ધ આત્મામાં ઠરી જવું એ જ કરવા જેવું છે. શુભરાગ અને બાહ્ય ક્રિયા ભૂમિકા પ્રમાણે હો, પણ તેનાથી મને શો લાભ છે? હું તો શુદ્ધ ચિદાનંદ પ્રભુ છું; રાગમાં તો નહિ પણ પર્યાયમાં રોકાવું તે પણ મારું સ્વરૂપ નથી. પ્રભુ! રાગનો અને પુણ્ય ને પાપનો ભેટો અનંત વાર કર્યો, પણ એ તો પરિભ્રમણનું કારણ થયું, માટે તેનું લક્ષ છોડી અંદર પૂર્ણાનંદ પ્રભુનો ભેટો કર. તેનો ભેટો કરી અંદરમાં ઠરી જવું એ જ કરવા યોગ્ય છે. અહા! આ મારગડા કોઈ અલૌકિક છે ભાઈ! અંદર આ જ્ઞાયક આત્મા ચૈતન્ય-રત્નાકર—જ્ઞાન, આનંદ આદિ ગુણોનો સમુદ્ર—છે, તેમાં ઊંડું અવગાહન કરીને ઠરી જવું તે જ કાર્ય છે. પરનું કાર્ય તો આત્મા કરી શકતો જ નથી, પણ દયા, દાન વગેરે કાર્ય પણ મારું સ્વરૂપ નથી; મારું કાર્ય તો મારા નિજ ઘરમાં—શુદ્ધ આત્મામાં—વાસ કરવો તે છે. અનાદિ મિથ્યા બુદ્ધિને કારણે પુણ્ય-પાપમાં વાસ કર્યો, પણ તે મારું ખરું કાર્ય નથી.

સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય એની આ વાત છે. ખાસ વાત તો એ છે કે—આત્મામાં એક 'જીવત્વ' નામની શક્તિ છે. સુખ, સત્તા, ચૈતન્ય અને અવબોધ—એ ત્રિકાળી ધ્રુવ ભાવપ્રાણ વડે જેનું જીવન—અસ્તિત્વ છે એવા નિજ જ્ઞાયકનો ભેટો કરવો. સર્વજ્ઞ પરમેશ્વરે જે સર્વજ્ઞસ્વભાવી જ્ઞાયકવસ્તુ કહી છે તેની દૃષ્ટિ કરીને તેમાં સ્થિર થવું તે જ 'શુદ્ધાત્મામાં ઠરવું' છે. અને એ જ સૌએ કરવાનું છે. આમાં લોકોને 'એકાન્ત' લાગે છે, અને કહે છે કે—કંઈક બહારનું સાધન જોઈએ ને? વ્યવહારને ભગવાને સાધન કહ્યું છે ને? ભાઈ! ભક્તિ વગેરેમાં રાગ મંદ કરે, પણ એ તો રાગ છે ને પ્રભુ! રાગના આલંબને અંદર શુદ્ધાત્મામાં ઠરી શકાતું નથી. વીતરાગમૂર્તિ ચૈતન્યઘન પ્રભુનો ભેટો તો શુદ્ધોપયોગથી થાય છે. તેથી સર્વસ્વપણે ઉપાદેય—કર્તવ્ય માત્ર શુદ્ધોપયોગ છે. મુનિરાજ વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે. અંતર્મુહૂર્ત નહિ પણ શાશ્વત અંદર રહી જવું તે જ નિજ સ્વભાવ—શુદ્ધોપયોગ છે અને તે જ કર્તૃત્વ છે.

કર્મ, શરીર, સ્ત્રી, કુટુંબ આદિ પર ચીજ તારી છે જ નહિ, પણ જે તારી પર્યાયમાં છે તે પુણ્ય-પાપના ભાવને પણ છોડીને, અંદર ચૈતન્યમૂર્તિ સ્વયંભૂ જ્ઞાયકપ્રભુમાં દૃષ્ટિ કરીને

તેમાં ઠરી જા. લોકોને આ વાત આકરી લાગે અને કહે કે—બહારનાં સાધન તો જોઈએ ને? અરે! કેટલાક તો એવાય સમન્વયવાદી નીકળ્યા છે કે જેઓ એમ માને છે કે બધા ધર્મોમાં એક જ વાત કહી છે. અરે ભાઈ! જેણે સર્વજ્ઞસ્વભાવી આત્મા માન્યો નથી અને જેમાં સર્વજ્ઞપણાની પ્રગટ પર્યાયવાળો આત્મા નથી, ત્યાં એ સર્વજ્ઞસ્વભાવી આત્માની સાચી વાત કઈ રીતે કરી શકે? જેના મતમાં આત્મા સર્વજ્ઞસ્વભાવી છે તેને સર્વજ્ઞસ્વભાવી આત્મામાં સ્થિર થવું તે કાર્ય છે.

અહા! આ વાત જીવને કદી સાંભળવા મળી નથી. 'શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા; પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના.' શુભ રાગની ક્રિયા તો અનંત વાર શ્રવણમાં, પરિચયમાં ને અનુભવમાં આવી છે, પણ રાગથી ભિન્ન નિજ ચૈતન્યના એકત્વની—આનંદના નાથની—પ્રાપ્તિ કદી થઈ નથી, કેમ કે સર્વજ્ઞસ્વભાવી નિજ એકત્વ અંતરના પ્રેમપૂર્વક કદી સાંભળ્યું નથી, તેનો કદી પરિચય કર્યો નથી અને તે કદી અનુભવમાં આવ્યું નથી.

એક સમયની જ્ઞાનની પર્યાયમાં ત્રણ કાળ ને ત્રણ લોક અત્યંત સ્પષ્ટપણે જેને જાણવામાં આવી ગયા છે તે વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની વાણી કોઈ જુદી જ છે, અદ્‌ભુત છે! તેમની વાણીમાં એમ આવ્યું કે—પ્રભુ! તું શુદ્ધાત્મા છો ને! અમે પર્યાયમાં જેવું પ્રગટ કર્યું એવી ચીજ જ તું છો; અમારી નાતનો ને જાતનો તું છો. અમારો સ્વભાવ પર્યાયમાં પ્રગટ થયો છે, ને તારામાં તે સ્વભાવ પ્રગટ કરવાની પૂર્ણ શક્તિ ભરી પડી છે. અહા! જ્યાં નવ તત્ત્વનો નિર્ણય કરવાનું કહ્યું છે ત્યાં પણ '**भूदत्थेणाभिगदा**' કહીને નવ તત્ત્વમાં રહેલા પોતાના ચિદાનંદમય એકત્વનો અંદર નિર્ણય આવવો તેને સમ્યક્ત્વ કહ્યું છે. તે પરમાનંદમય જ્ઞાયકપ્રભુમાં ઠરવું તે જ કાર્ય છે; તેની એવી લગની લાગે કે જેથી તેમાં સ્થિર થઈ જાય.

વળી કહે છે—'તે જ સર્વસ્વ છે.' ભગવાન પૂર્ણાનંદ પ્રભુમાં દૃષ્ટિ લગાવીને તેમાં સ્થિર થવું એ જ સર્વસ્વ છે. અહા! બાર અંગમાં પણ 'અનુભૂતિ' કરવાનું જ કહ્યું છે. '**ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।**'—માટે જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું એટલે કે અનુભૂતિ કરવાનું જ આગમમાં ફરમાન છે. અરે! એ અનુભૂતિ પાસે ઉપદેશની ભાષા, વિકલ્પ કે શાસ્ત્રનું બહિર્લક્ષી જ્ઞાન પણ શી ચીજ છે? મને તો અંદરથી જ એમ આવ્યું હતું કે—શાસ્ત્રજ્ઞાન તે પર છે, તે સ્વાનુભૂતિ નથી. જો તે પર ન હોય તો તે પરલક્ષી જ્ઞાનમાં પણ આત્માનો અતીન્દ્રિય આનંદ આવવો જોઈએ. પરાશ્રિત જ્ઞાન—પરાશ્રિત ભાવ તો દુઃખરૂપ છે. અહીં કહે છે કે—પરાવલંબન છોડીને નિજ જ્ઞાયકતત્ત્વમાં—શુદ્ધાત્મામાં—ઠરવું તે જ કર્તવ્ય છે અને તે જ સર્વસ્વ છે.

'ઠરી જવું તે જ સર્વસ્વ છે, શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી.'

અંદર ચૈતન્યદળમાં દૃષ્ટિ કરીને સ્થિર થઈ જવું—અંતર શુદ્ધાત્મામાં જામી જવું—એ જ વસ્તુ છે, એ જ સર્વસ્વ છે, એ જ કર્તવ્ય છે. કરવાનું તો એ જ છે, એના વિના સંસારનો અંત નથી. જીવ બહારથી—પૈસા, આબરૂ અને કીર્તિ વગેરેથી—સુખ માને છે પણ એમાં ધૂળેય સુખ નથી. અરે! શાસ્ત્રનું જ્ઞાન કરીને માનવું કે 'અમે સુખી છીએ'—એ પણ મિથ્યાત્વભાવ છે. માટે અહીં કહે છે કે—શાસ્ત્ર અભ્યાસ વગેરેના શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી. એ શુભભાવથી પણ પેલે પાર એવા નિજ શુદ્ધાત્મામાં દૃષ્ટિ સ્થાપીને તેમાં જ સ્થિર થવું તે જ સર્વસ્વ છે.

પ્રભુ! અનાદિથી શુભભાવમાં અટકી ગયો. શાસ્ત્રજ્ઞાન તથા મુનિપણાને યોગ્ય શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી. બહારનાં મુનિપણાં અનંત વાર લીધાં, પણ અંતરથી મુનિપણું એક વાર પણ આવ્યું નહિ. અંતરથી મુનિપણું ક્યારે આવે?—શુદ્ધાત્માની દૃષ્ટિ કરીને અંતરમાં સ્થિર થાય ત્યારે સાચું મુનિપણું આવે છે. મુનિપણું લઈ લેવું એ જુદી ચીજ છે ને અંદરથી મુનિપણું આવવું તે જુદી ચીજ છે. દયા, દાન, પૂજા, ભક્તિ તથા શાસ્ત્રશ્રવણ-વાંચનના શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી, તે સ્વની—આત્માની ચીજ નથી, પરભાવ છે.

હાલના ઉપદેશકો કહે છે કે—''મહાવીરનો ધર્મ 'અનેકાંત' છે. વ્યવહારથી પણ ધર્મ થાય અને નિશ્ચયથી પણ ધર્મ થાય, નિમિત્તથી પણ ધર્મ થાય અને ઉપાદાનથી પણ ધર્મ થાય—એનું નામ અનેકાન્ત છે.'' ભાઈ! ભગવાને તો વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી અસ્તિ-નાસ્તિ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તેને 'અનેકાન્ત' કહ્યો છે. સ્વપણે અર્થાત્ શુદ્ધ સ્વભાવપણે—નિશ્ચયપણે અસ્તિ ને પરપણે-રાગાદિ વ્યવહારપણે નાસ્તિ—તેનું નામ અનેકાન્ત છે, વ્યવહારપણે—શુભરાગપણે નાસ્તિ હોવાથી તેનાથી ધર્મ થતો નથી તે તો સમ્યક્ એકાન્ત છે. ભાઈ! શુભભાવ આવે પણ તેને છોડીને અંદર પૂર્ણાનંદના નાથ પર નજર નાખને. નજર બહારમાં ફરે છે તેને અંતરમાં વાળીને અંદર જે નિધાન પડ્યાં છે તેને જો ને. તે જ સર્વસ્વ છે. દુનિયા માનો કે ન માનો, 'સત્' ને સંખ્યાની જરૂર નથી. 'સત્' તો આ જ છે. શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી.

❀

## વચનામૃત—૨૨૪

**અંતરાત્મા તો દિવસ ને રાત અંતરંગમાં આત્મા, આત્મા ને**

**આત્મા—એમ કરતાં કરતાં, અંતરાત્મભાવે પરિણમતાં પરિણમતાં, પરમાત્મા થઈ જાય છે. ૨૨૪.**

જેણે રાગથી ભિન્ન થઈને અંતરમાં ભગવાન આત્માનું ભેદજ્ઞાન કર્યું છે એવો અંતરાત્મા દિવસ ને રાત અંદરમાં આત્મા, આત્મા ને આત્મા—'હું એક શુદ્ધ જ્ઞાયક પરમબ્રહ્મ પરમાત્મા છું' એમ અંતરંગમાં રટણ કરતાં કરતાં, અંતરાત્મભાવે પરિણમતાં પરિણમતાં, પર્યાય-અપેક્ષાએ પરમાત્મા થઈ જાય છે. દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત ને તપ વગેરે શુભ રાગરૂપ પરિણમવું તે તો બાહ્ય ભાવ છે, અંતરાત્મભાવ નથી. હું શુદ્ધ જ્ઞાયક છું, શુદ્ધ જ્ઞાયક છું ને શુદ્ધ જ્ઞાયક છું—એમ અંતરાત્મભાવે રટણ કરતાં કરતાં સાધક જીવ પૂર્ણ પરમાત્મા થઈ જાય છે. રટણ શબ્દે ભાષા કે વિકલ્પ નહિ હો! રટણ એટલે અંદરમાં શુદ્ધ ભાવનું ઘૂંટણ. વ્રતાદિનો કે પૂજા-ભક્તિનો શુભ રાગ એ કોઈ અંતરાત્મભાવ નથી. જેની દૃષ્ટિ અંદર ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક દ્રવ્ય ઉપર પડી છે તે અંતર સ્વભાવસન્મુખ થયેલો અંતરાત્મા શુદ્ધાત્મસ્વભાવે પરિણમતાં પરિણમતાં પર્યાયે સાક્ષાત્ પરમાત્મા થઈ જાય છે.

અંતરાત્મા કે જે શક્તિએ પરમાત્મસ્વરૂપ છે, તેનું અંતરંગ અંતરાત્મભાવે થતાં—એક પરમાત્મસ્વરૂપની ભાવના અર્થાત્ શુદ્ધોપયોગ કરતાં કરતાં પર્યાયમાં પૂર્ણ પરમાત્મા થઈ જાય છે; પરમાત્મા થવા માટે સાધન બીજું કોઈ છે નહિ. મનુષ્યપણું, વજ્ર-ઋષભના રાચસંહનન વગેરે બાહ્ય સાધન હોય તો પરમાત્મા થઈ શકે છે—એમ છે જ નહિ. નિમિત્ત તરીકે તે ભલે હો, પણ એમાં આત્માને શું આવ્યું? અહીં તો કહે છે કે —શુદ્ધાત્મસ્વરૂપ નિજ જ્ઞાયક પરમાત્માનું ઉપયોગમાં રટણ કરતાં કરતાં, અંદર એકાગ્રતા કરતાં કરતાં, અંતરમાં શુદ્ધાત્મભાવે પરિણમતાં પરિણમતાં સાધક ધર્માત્મા સાક્ષાત્ પરમાત્મા થઈ જાય છે. અહા! આ વાત દુનિયાથી કોઈ જુદી જ છે, અલૌકિક છે.

## વચનામૃત—૨૨૫

**અહો! અમોઘ—રામબાણ જેવાં—ગુરુવચનો! જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે; સ્વભાવ પ્રગટ થઈ જાય છે. અવસર ચૂકવા જેવો નથી. ૨૨૫.**

'અહો! અમોઘ—રામબાણ જેવાં—ગુરુવચનો!'

સર્વજ્ઞભગવાનનાં, વીતરાગી સંતોનાં ને સ્વાનુભૂતિપરિણત ગુરુનાં અહો! રામબાણ જેવાં અમોઘ વચનો! ચૈતન્યભગવાન જ્યારે પોતાની શુદ્ધ પરિણતિમાં આવે છે ત્યારે આત્મકલ્યાણ થાય છે. 'આવે છે' નો અર્થ કાંઈ દ્રવ્ય પર્યાયરૂપ થઈ જાય છે—એવો તેનો અર્થ નથી. 'जीवो चरितंदसणणाणठिओ' અર્થાત્ 'જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત' એમ કહ્યું ત્યાં દ્રવ્ય પર્યાયરૂપ થઈ ગયું—એમ કહેવું નથી; પણ જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે—શુદ્ધ પરિણમનરૂપે પરિણમે છે—એમ કહેવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધિમાં સ્થિત તે સ્વસમય છે અને પુણ્ય ને પાપમાં, રાગમાં ને દયા-દાનના વિકલ્પમાં સ્થિત છે તે, પુદ્ગલપ્રદેશોમાં સ્થિત હોવાથી, પરસમય, મિથ્યાદૃષ્ટિ, અનાત્મા છે.

રામનું બાણ અમોઘ, અચૂક ને અફર હોય છે; તે હંમેશાં સફળ રહેતું, હંમેશાં સફળ જતું, નિષ્ફળ કદી જતું નહિ; તેમ 'પ્રભુ! આનંદનો નાથ જ્ઞાયક આત્મા જે અંદર બિરાજે છે તેની દૃષ્ટિ કર, તેમાં સ્થિરતા કર; તેમાં અંતરાત્મભાવે પરિણમન કરવાથી તને પરમાત્મદશા પ્રગટ થશે'—એ, ગુરુનાં વચનો રામબાણ જેવાં અફર છે, તેને યથાર્થપણે ગ્રહણ કરવાથી અચૂક આત્મપ્રાપ્તિ થાય છે. રામનું બાણ કદી લક્ષ્ય ચૂકે નહિ તેમ કેવળીનાં, સંતોનાં કે જ્ઞાનીનાં વચનો પણ અફર હોય છે, લક્ષ્યનો બોધ થવામાં અચૂકપણે નિમિત્ત થાય છે. ભાઈ! 'લોકો રાજી થાય, લોકો મને પસંદ કરે' એવી, લોકોની લાલચ અને લાલસાની દૃષ્ટિ છોડી દે; એમાં તને શો લાભ છે પ્રભુ!

'જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે, સ્વભાવ પ્રગટ થઈ જાય છે.'

ગુરુવચન રાગાદિ વિભાવ તોડવાનું અને જ્ઞાનાદિ સ્વભાવ પ્રગટ કરવાનું કહે છે. કર્મ, શરીર, સ્ત્રી-પુત્ર કે વેપારધંધો વગેરે પરપદાર્થનું કરવાનું કે છોડવાનું—એ વાત અહીં લીધી નથી, કેમ કે આત્મા પરદ્રવ્યનું કાંઈ પણ કરી-મૂકી શકતો નથી. 'જ્ઞાયક સ્વરૂપની દૃષ્ટિ ને રમણતા કર' એ ગુરુનું વચન છે.

જીવની અંદરથી તૈયારી હોય તો રામબાણ જેવાં અમોઘ-અચૂક-સફળ ગુરુ વચનોના નિમિત્તે આત્મા સમજાય છે, વિભાવ તૂટી જાય છે અને અતીન્દ્રિય આનંદમય સ્વભાવપરિણતિ પ્રગટ થાય છે. જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ કરવાથી, તેનો અનુભવ કરવાથી વિભાવ ટળી જાય છે—એમ ગુરુ કહે છે. અનાદિથી વિભાવ સાથે એકતા માની છે; ભગવાન કહે છે કે—જ્ઞાયક અને રાગાદિ વિભાવ વચ્ચે સંધિ છે, એકતા છે જ નહિ. પોતાના એકત્વવિભક્ત સ્વભાવની દૃષ્ટિના અભાવને લીધે રાગાદિ સાથે એકત્વ માની રાખ્યું છે, પણ વસ્તુનું સ્વરૂપ એવું છે જ નહિ. અહા! આવી વીતરાગી સંતોની રામબાણ જેવી

અમોઘ વાણી કે જેને યથાર્થપણે સમજવાથી અચૂક વીતરાગીપણું પ્રગટ થાય છે. જીવ પોતે તૈયાર થાય—અંદર જ્ઞાયકસ્વભાવમાં જાય—તો વિભાવ સાથે એકતા તૂટી જાય છે. પર્યાયમાં નિર્મળ સ્વભાવ પ્રગટ થઈ જાય છે.

શ્રી પદ્મનંદી-આચાર્યદેવ જિનેન્દ્ર ભગવાનની સ્તુતિમાં અલંકારિક ઉપમા આપતાં કહે છે :—હે પ્રભુ! હે નાથ! આકાશમાં આ શરદ ઋતુનાં વાદળાં છૂટાંછવાયાં ખંડ-ખંડ દેખાય છે તે શું છે? તે શાથી ખંડખંડ થયાં છે? પ્રભુ! મને તો એમ લાગે છે કે—આપની બાળક-અવસ્થામાં સૌધર્મેન્દ્રે આપને તેડીને અત્યંત ભક્તિથી જ્યારે તાંડવનૃત્ય કર્યું હતું ત્યારે તેના વિશાળ હાથ-પગના પ્રચુર આઘાતથી વાદળાં વર્ષાઋતુમાં જે અખંડ હતાં તે, જાણે ખંડખંડ થઈ ગયાં હોય! અહીંયાં તો એમ કહે છે કે—હે જ્ઞાયક પ્રભુ! જેણે અંતરમાં તારાં દર્શન કર્યાં, તારા ઉપર દૃષ્ટિ સ્થિર કરી, તેનાં કર્મવાદળ, જે અજ્ઞાનદશામાં અખંડ હતાં તે, તૂટીને ખંડખંડ થઈ જાય છે, વિભાવ તૂટી જાય છે ને સ્વભાવ પ્રગટ થઈ જાય છે. અહા! અધ્યાત્મની આ વાતો ઝીણી પડે પણ એ, વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના શ્રીમુખથી નીકળેલા દિવ્યધ્વનિનો સાર છે.

અંતરથી વીતરાગપણું પ્રગટ કર—એ વીતરાગી સંતોનાં—ગુરુનાં—રામબાણ જેવાં વચન છે. વીતરાગપણું પ્રગટ કઈ રીતે થાય? વીતરાગમૂર્તિ ત્રિકાળી જ્ઞાયકપ્રભુનો અંતરમાં આશ્રય કરવાથી વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે, વિભાવ સાથે એકતા તૂટી જાય છે ને સ્વભાવ પ્રગટ થાય છે. અંદર અકષાયસ્વભાવી ભગવાન આત્માનો આશ્રય લઈને જે દૃષ્ટિ થઈ તેનાથી રાગ તૂટી જાય છે અને સ્વભાવ પ્રગટ થાય છે; શક્તિરૂપે જે પૂર્ણ જ્ઞાનસ્વભાવ હતો તે પર્યાયમાં અંશે વ્યક્તરૂપે પ્રગટ થઈ ગયો. અહા! ભાષા સહેલી છે, ભાવ કાંઈક આકરા છે; પરંતુ રસ્તો તો આ જ છે. સરળ કહો કે કઠણ કહો, વસ્તુ તો આ જ છે. દુનિયા ગમે તે રીતે માને ને મનાવે, તેથી કાંઈ રસ્તો હાથ નહિ આવે.

'અવસર ચૂકવા જેવો નથી.'

અહા! આવું દુર્લભ મનુષ્યપણું મળ્યું, જૈનકુળમાં જન્મ થયો, વીતરાગની વાણી મળી, પ્રભુ! તારા માટે બધો અવસર આવી ગયો છે; તે અવસર ચૂકવા જેવો નથી. અરેરે! આ નિગોદના ભવ, ઝીણાં ઝીણાં ફુદડાંના ભવ! તેને ક્યાં ખબર છે કે અમે કોણ છીએ? ફુદડાં બહારના પ્રકાશમાં ઝંપલાવે છે પણ પોતાની અંદર જે ચૈતન્યપ્રકાશ છે તેની તેમને ક્યાં ખબર છે? અરેરે! તેઓ ક્યારે પંચેન્દ્રિય થાય? ક્યારે મનુષ્ય થાય? ક્યારે જૈનકુળમાં જન્મ પામે, ક્યારે સર્વજ્ઞ ત્રિલોકનાથની વાણી સાંભળવા મળે? ક્યારે તત્ત્વ સમજે ને રાગ તોડે? પ્રભુ! આ અમૂલ્ય અવસર ચૂકવા જેવો નથી. શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં

કહ્યું છે : 'सब अवसर आ चुका है।'—આ અવસર ચૂકવા યોગ્ય નથી, હવે સર્વ પ્રકારથી અવસર આવ્યો છે, આવો અવસર પામવો કઠણ છે. તેથી શ્રીગુરુ દયાળુ થઈને મોક્ષમાર્ગને ઉપદેશે છે, તેમાં ભવ્ય જીવોએ પ્રવૃત્તિ કરવી.

## વચનામૃત—૨૨૬

**પોતાનો અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ પૂર્ણ રીતે જોતાં આખો લોકાલોક ભૂત-ભવિષ્યની પર્યાય સહિત સમયમાત્રમાં જણાઈ જાય છે. વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાઓ, સ્વરૂપનિશ્ચળ જ રહેવું યોગ્ય છે. ૨૨૬.**

'પોતાનો અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ પૂર્ણ રીતે જોતાં આખો લોકાલોક ભૂત-ભવિષ્યની પર્યાય સહિત સમયમાત્રમાં જણાઈ જાય છે.'

વીતરાગ સર્વજ્ઞ ભગવાનનો અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ તો તેમની પાસે રહ્યો, અહીં તો, જેની ઊંડપનો પાર નથી એવા પોતાના અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવની વાત છે. ગિરિગુફામાં ઊંડે ઊંડે જાય પણ ત્યાં તો તેના ઊંડાણની હદ આવી જાય છે; અહીં જ્ઞાયકસ્વભાવ તો, જેનો પાર ન આવે, ઈંદ્રિયજ્ઞાનમાં જેનો પત્તો ન લાગે, એવા અનંત અનંત ગુણોનો ભંડાર છે. શરીરપ્રમાણ આટલા મર્યાદિત ક્ષેત્રમાં રહેલો હોવા છતાં પણ જેના ગુણો, ધર્મો, શક્તિઓ અમર્યાદિત અનંત છે—અપાર છે એવા પોતાના ગહન ગંભીર જ્ઞાયકસ્વભાવને પૂર્ણપણે જોવાથી સમસ્ત લોકાલોક—વિશ્વની બધી વસ્તુઓ તેનાં દ્રવ્ય, અનંત અપાર ગુણો ને ત્રણે કાળની પર્યાયો સહિત—એક સમયમાં જણાઈ જાય છે.

અહીં, 'જ્ઞાયકસ્વભાવ પૂર્ણ રીતે જોતાં' એ કથનમાં 'જોવાપણું' આખરનું, પૂર્ણ સર્વજ્ઞદશાનું લીધું છે. સમ્યગ્દર્શનમાં જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરવાથી તેના અગાધ અપાર પૂર્ણ સ્વભાવની પ્રતીતિ તો આવી ગઈ છે, પણ ત્યાં જ્ઞાનના વિકાસની પરિણતિ અલ્પ છે. અનંત અનંત ગુણસમૃદ્ધિથી ભરપૂર એવા નિજ જ્ઞાયકસ્વભાવનો અંતર્મુખનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન સહિત પૂર્ણ આશ્રય કરવાથી, તેને સ્વસન્મુખના પૂર્ણ સામર્થ્યથી પૂર્ણ રીતે જોતાં, અંદરમાં ચૈતન્યની એવી અદ્‌ભુત ને અપૂર્વ પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટ થશે કે જે સમસ્ત લોકાલોક ત્રણે કાળની પર્યાય સહિત એક સમયમાં એકીસાથે જાણી લે છે.

અહા! વસ્તુની—દ્રવ્યની—અનંતતાનો મહિમા અતિ ગહન છે. જેમ તેના ગુણો

અનંત અનંત છે તેમ તેની પર્યાયો પણ અનંત અનંત છે. ભૂતકાળની કદી શરૂઆત છે? ભવિષ્યકાળનો કદી અંત છે? તેમ દ્રવ્યની પર્યાયો પણ અનાદિ-અનંત છે. તે બધી પર્યાયોનું પ્રત્યક્ષ—અત્યંત સ્પષ્ટ—જ્ઞાન વર્તમાન એક સમયમાં થઈ જાય એવા મહિમાવાળી ગહન ગંભીર તારી ચીજ છે પ્રભુ! તે જ્ઞાયકપ્રભુને અપૂર્ણ રીતે સમ્યક્પણે જોવાથી સમ્યગ્દર્શન ને સમ્યગ્યજ્ઞાન વગેરે થાય છે; તેને પૂર્ણ રીતે જોવાથી, તેનો અંતરમાં પૂર્ણ આશ્રય કરવાથી જ્ઞાનાદિ ગુણોની પર્યાયમાં પૂર્ણ નિર્મળ વિકાસ પ્રગટ થઈ જાય છે, જેમાં આખું જગત તેનાં સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયો સહિત એક સમયમાં જાણી લે છે.

અહા! 'અનાદિ-અનંત'ના ઊંડાણની શી વાત કરવી! અનાદિમાં પહેલું કે શરૂઆત હોતાં જ નથી. પર્યાયની શરૂઆત હોય તો તે અનાદિ શેની? દ્રવ્યની પહેલી પર્યાય કઈ? પહેલો સિદ્ધનો જીવ ક્યો? પહેલો નિગોદનો જીવ ક્યો? ભાઈ! અનાદિમાં 'પહેલું' છે જ ક્યાં? અહા! આવું અદ્ભુત તત્ત્વ! પૂર્ણ જ્ઞાયકદ્રવ્યની અંદર પ્રતીતિ કરવાથી સમ્યગ્દર્શન, તેનો વિશેષ આશ્રય લેવાથી ચારિત્ર ને તેનો પૂર્ણ આશ્રય લેવાથી—તેને પૂર્ણ રીતે જોવાથી—ભૂત-ભવિષ્યની પર્યાયો સહિત આખા લોકાલોકને એક સમયમાત્રમાં યુગપદ જાણનાર કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આ સર્વજ્ઞપદ જ્ઞાયકસ્વભાવી નિજ આત્માને પૂર્ણ રીતે જોવાથી પ્રગટ થાય છે, કોઈ શુભ રાગ, વ્યવહાર કે બાહ્ય ક્રિયાકાંડથી પ્રગટ થતું નથી.

'વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાઓ, સ્વરૂપનિશ્ચળ જ રહેવું યોગ્ય છે.'

અહા! સાધક જીવ કહે છે : અમને બહારનાં જાણપણાંના વિશેષ ઉઘાડની રુચિ નથી; અરે! શાસ્ત્રનાં જાણપણાના ઉઘાડની અભિલાષાથી પણ બસ થાઓ, બસ થાઓ, અમારે તો અમારા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવની એકાગ્રતામાં નિશ્ચળ રહેવું છે. જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ તો પ્રગટ થઈ છે પણ તેના ઉગ્ર અવલંબન દ્વારા સ્વરૂપમાં અત્યંત જામી જવાની અમારી ભાવના છે. ક્ષયોપશમજનિત જ્ઞાનના ઉઘાડની આકાંક્ષાથી બસ થાઓ, સ્વરૂપનિશ્ચળ જ રહેવું યોગ્ય છે.

પ્રવચનસારની ટીકામાં શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવે પણ આ વાત કહી છે : ભગવાન સમસ્ત પદાર્થોને જાણે છે તેથી કાંઈ તેઓ 'કેવળી' કહેવાતા નથી, પરંતુ કેવળ અર્થાત્ શુદ્ધ આત્માને જાણતા અનુભવતા હોવાથી તેઓ 'કેવળી' કહેવાય છે. કેવળ (-શુદ્ધ) આત્માને જાણનાર-અનુભવનાર શ્રુતજ્ઞાની પણ 'શ્રુતકેવળી' કહેવાય છે. કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત એટલો છે કે—કેવળી જેમાં ચેતન્યના સમસ્ત વિશેષો એકસાથે પરિણમે છે એવા કેવળજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે અને શ્રુતકેવળી જેમાં ચેતન્યના કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે એવા શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે; અર્થાત્ કેવળી સૂર્યસમાન

કેવળજ્ઞાન વડે આત્માને દેખે—અનુભવે છે અને શ્રુતકેવળી દીવા સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે—અનુભવે છે. આ રીતે કેવળીમાં ને શ્રુતકેવળીમાં સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ જ મુખ્ય છે, વધારે–ઓછા પદાર્થો જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે. માટે ઘણું જાણવાની ઈચ્છારૂપ ક્ષોભ છોડી સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું યોગ્ય છે. એ જ કેવળજ્ઞાન-પ્રાપ્તિનો ઉપાય છે.

'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં પણ આવ્યું છે કે, પ્રશ્ન :—હાલ આપ ક્યા શાસ્ત્રનું વાંચન કરો છો? ઉત્તર :—શાસ્ત્ર વાંચવાની આદત ખાસ રહી નથી અને મારે ક્ષયોપશમ પણ વધારવો નથી. 'મોક્ષમાર્ગપ્રકાશક'માં પણ કહ્યું છે : વળી શાસ્ત્રાભ્યાસમાં પણ કોઈ તો વ્યાકરણ, ન્યાય, કાવ્યાદિ શાસ્ત્રોનો ઘણો અભ્યાસ કરે છે, પણ એ તો લોકમાં પંડિતતા પ્રગટ કરવાનાં કારણ છે, એમાં કોઈ આત્મહિતનું નિરૂપણ તો નથી. જે જીવ નાના પ્રકારની યુક્તિપૂર્વક શબ્દોના અર્થ કરવા માટે વ્યાકરણ અવગાહે છે, વાદાદિક વડે મહંત થવા માટે ન્યાય અવગાહે છે તથા ચતુરપણું પ્રગટ કરવા માટે કાવ્ય અવગાહે છે—ઈત્યાદિ લૌકિક પ્રયોજનપૂર્વક તેનો અભ્યાસ કરે છે તે ધર્માત્મા નથી, પણ તેનો બને તેટલો થોડોઘણો અભ્યાસ કરી આત્મહિત અર્થે જે તત્ત્વાદિકનો નિર્ણય કરે છે તે જ ધર્માત્મા પંડિત સમજવો.

અહીં તો કહે છે કે—પોતાના જ્ઞાયકસ્વભાવમાં દૃષ્ટિ સ્થિર કરીને સ્વરૂપમાં જામી જવું એ જ કરવા જેવું છે. જાણપણાનો વિશેષ ઉઘાડ હો કે ન હો, તેની સાથે શો સંબંધ છે? વધારે જાણવાની આકાંક્ષારૂપ ક્ષોભથી બસ થાઓ. સ્વરૂપનિશ્ચળ જ રહેવું યોગ્ય છે. અહાહા! અંતરમાં પૂર્ણાનંદસ્વરૂપ જ્ઞાયકનો નિર્વિકલ્પ અનુભવ કરીને સ્થિર થઈ જવું એ જ કર્તવ્ય છે પ્રભુ! બાકી વિશેષ વાંચન હો કે ન હો, બીજાને સમજાવતાં આવડે કે ન આવડે—એ કોઈ મહત્ત્વની ચીજ નથી.

❁

જામનગર, એપ્રિલ—૭૯

બેનને અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે ૯ ભવનું જ્ઞાન છે. (—૪ ભૂતના, ૪ ભવિષ્યના). બેન તો ભગવાન પાસેથી આવ્યાં છે. અનુભવમાંથી આ વાત આવી છે ઉદયભાવથી તો મરી ગયાં છે, આનંદથી જીવે છે. પરમાત્મા પાસેથી આવ્યાં છે. સાક્ષાત્ પરમાત્મા ત્રણ લોકના નાથ બીરાજે છે સીમંધર-ભગવાન, ત્યાં અમે સાથે હતા. શું કહીએ પ્રભુ? સીમંધર પરમાત્મા પાસે ઘણી વાર જતા હતા. તે ભગવાનની આ વાણી છે. બેન તો આનંદસાગરમાં.... —પૂજ્ય ગુરુદેવ

# પ્રવચન-૮૯

તા. ૯-૯-૭૮

## વચનામૃત—૨૨૭

**શુદ્ધનયના વિષયભૂત આત્માની સ્વાનુભૂતિ સુખરૂપ છે. આત્મા સ્વયમેવ મંગળરૂપ છે, આનંદરૂપ છે; તેથી આત્માની અનુભૂતિ પણ મંગળરૂપ અને આનંદરૂપ છે. ૨૨૭.**

અધિકાર સૂક્ષ્મ છે ભગવાન! અનાદિ અજ્ઞાનને લીધે જીવ ઈંદ્રિયજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન, દયા-દાન-વ્રત-તપ વગેરે વિભાવભાવમાં એકત્વબુદ્ધિ કરીને તેના ફળરૂપ ૮૪ લાખ યોનિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. જૈનેતરમાં પણ કહ્યું છે કે—'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' અંદર પોતાના ધ્રુવ ચૈતન્યપ્રભુના ભાન વિના ભક્તિ, પૂજા, નામસ્મરણ વગેરે ક્રિયાકાંડનો જે શુભ રાગ થાય છે તે બધો બંધનું કારણ છે, સંસારનું કારણ છે. ઝીણી વાત છે પ્રભુ! જન્મ-મરણ રહિત થવાની ચીજ કોઈ બીજી છે, તે અહીંયાં બેન કહે છે.

અહીં એક બેન—ચંપાબેન છે, જેમને અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન છે. તેમની નીચે ૬૪ બાળબ્રહ્મચારી દીકરિયું છે. બેનના ઉપદેશમાં જે આવ્યું હતું તેમાંથી બ્રહ્મચારી દીકરિયુંએ લખી લીધું તો આ બહાર આવી ગયું. ત્રણ મહિનાથી તેના પર (બહેનશ્રીનાં વચનામૃત પર) વ્યાખ્યાન ચાલે છે. આ ૨૨૭મા બોલમાં શું કહે છે તે સાંભળો.

'શુદ્ધનયના વિષયભૂત આત્માની સ્વાનુભૂતિ સુખરૂપ છે.'

ભાષા બહુ સાદી છે. જે, અંદર સચ્ચિદાનંદ પ્રભુ એવા નિજ આત્માને કર્મ અને દેહ આદિ પરથી ભિન્ન, સદા અસ્ખલિત એકરૂપ, જ્ઞાનાદિ સ્વભાવોથી ભરપૂર, અભેદ અને રાગાદિ વિભાવથી રહિત જુએ છે—અનુભવે છે તે જ્ઞાનને શુદ્ધનય કહેવામાં આવે છે. અરેરે! આ નિજ શુદ્ધ આત્માને જોવાનું કામ ક્યારેય કર્યું નથી; બાકી શાસ્ત્રજ્ઞાન અનંત

વાર કર્યું, લોકોને પણ સમજાવ્યું, પરંતુ એ પરલક્ષી જ્ઞાન અજ્ઞાન છે, રાગનો હેતુ છે. અહીં તો આત્માના જ્ઞાનની વાત છે. આત્મા શી ચીજ છે? આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. સંયોગ, વિભાવ ને વર્તમાન દશાથી ભિન્ન ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક શુદ્ધ આત્માની, કે જે શુદ્ધનયનો વિષય છે તેની, અંદર ધ્યાનના ધ્યેયસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુની, અતીન્દ્રિય સ્વાનુભૂતિ સુખરૂપ છે.

વિષય ઝીણો હો પ્રભુ! જીવે બધું કર્યું છે, પણ આત્મજ્ઞાન કદી કર્યું નથી; અને તેથી પરિભ્રમણ ન મટ્યું. ચોરાશી લાખ યોનિમાં જન્મ-મરણ કરી કરીને ભાઈ! સોથા નીકળી ગયા. અરે! કીડા, કાગડા, કૂતરાં ને નરક વગેરેના એ દુઃખમય ભવ! નરક પણ એક યોનિ છે ભાઈ! મધ્યલોકની નીચે સાત પાતાળ છે, ત્યાં નરકના જીવો છે. પૂર્વે ઘણાં પાપ કરેલાં, તેનાં ફળરૂપે નારકીઓ નરકમાં ખૂબ દુઃખમય યાતનાઓ ભોગવે છે. જેમ અહીં મનુષ્ય ને તિર્યંચ છે, સ્વર્ગમાં દેવ છે, તેમ નીચે નરકમાં નારકીઓ છે. તે, આપણને આંખે દેખાય નહિ પણ, ન્યાયથી બરાબર સિદ્ધ થઈ શકે છે. કોઈ માણસ એક મનુષ્યનું ખૂન કરે અને જો કોર્ટમાં પૂરેપૂરું સાબિત થાય તો તેના ફળ તરીકે ફાંસીની શિક્ષા મળે, પણ જો તેણે લાખો-કરોડો મનુષ્યને નિર્દયપણે મારી નાખ્યા હોય તો તેનું ફળ શું? શું તેને લાખ વાર ફાંસી આપે? એક મનુષ્યને મારવાના ને લાખો મનુષ્યોને મારવાના ભાવનું ફળ એક સરખું હોય? શું કુદરત અન્યાયવાળી છે? તેને જે લાખો મનુષ્યોને મારવાનો આકરો પાપભાવ હતો, લાખો મનુષ્યોને ભયંકર દુઃખ દેવાનો જે અતિ રૌદ્ર ભાવ હતો, તેના ફળ જેટલું દુઃખ જ્યાં હોય ત્યાં તેનું જન્મવું થાય છે; તે સ્થાનને નરકયોનિ કહેવામાં આવે છે. પ્રભુ! આત્માના જ્ઞાન વગર, ચિદાનંદ પ્રભુના અનુભવ વિના, તેં પણ આવા અવતાર અનંત વાર કર્યા છે.

અહા આ વચનામૃત! એ તો બેનના (બહેનશ્રીના ચંપાબેનના) અનુભવમાંથી નીકળેલાં વચન છે. પ્રભુ! તું કોણ છો? તારી પ્રભુતા ક્યાં છે, કેટલી છે?? એ તને ખબર નથી. તારામાં તો અનંત અનંત અનંત ગુણો છે. તારા ગુણવૈભવનો ક્યાંય અંત નથી, 'આ આખરનો—છેલ્લો ગુણ' એવું તેમાં નથી. અરે! ક્ષેત્રનો પણ ક્યાંય અંત છે? ચૌદ બ્રહ્માંડ તો અસંખ્ય યોજનમાં છે, ત્યાર પછી અલોકાકાશ—એકલું ખાલી આકાશ—અનંત યોજનમાં છે. આકાશ તો લોક અને અલોકમાં સર્વત્ર છે. આ વાદળી રંગનું દેખાય છે તે આકાશ નથી હો, વાદળી રંગ દેખાય છે તે તો રૂપી પુદ્ગલ છે. આકાશ તો અરૂપી ક્ષેત્ર છે. તે ક્ષેત્રનો અંત ક્યાં, કે જેના પછી ક્ષેત્ર નથી? લૉજિકથી કાંઈક વિચાર તો કરવો પડશે ને? એક વાર તો નાસ્તિકને પણ વિચાર કરવો પડે કે અહા! આ શી વાત છે? એ ક્ષેત્રનો અંત ક્યાં, કે જે પછી ક્ષેત્ર ખલાસ થઈ ગયું? અહા! જ્યાં ક્ષેત્રનો પણ અંત નથી ત્યાં ભાવની અનંતતાની તો શી વાત! એ અમાપ ક્ષેત્રને જાણવાવાળો ભગવાન આત્મા—ક્ષેત્રજ્ઞ દેહપ્રમાણ

અસંખ્ય પ્રદેશોમાં હોવા છતાં તેનું 'જ્ઞ' સામર્થ્ય અમાપ છે. અહા! આ વાત કેમ બેસે?

પ્રભુ શું કહીએ! તારામાં જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, વીર્ય તથા અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ આદિ અનંત અનંત ગુણો છે. જેનો કોઈ અંત નથી એટલા અપાર અપાર ગુણો તારામાં છે. આવો અનંત ગુણાત્મક અભેદ આત્મા શુદ્ધનયનો વિષય છે. શુદ્ધનય એટલે પોતાના જ્ઞાનની જે નિર્મળ પર્યાયમાં શુદ્ધ આત્મા વિષયભૂત—ધ્યેયભૂત થાય છે તે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો શુભ વિકલ્પ એ તો રાગ છે. એ રાગથી શુદ્ધ આત્મા ધ્યેયભૂત થતો નથી. સમજાય છે કાંઈ?

જે જ્ઞાનની પર્યાય જ્ઞાનસ્વભાવી નિજ આત્માને ચૂકીને કેવળ પરનો વિષય કરે છે તે જ્ઞાન જ્ઞેયનિમગ્ન હોવાથી અજ્ઞાન છે, દુઃખરૂપ છે; જ્ઞાનની જે દશા સ્વને વિષય બનાવે—શુદ્ધનયના વિષયભૂત ત્રિકાળી નિજ પ્રભુની અનુભૂતિ કરે—તે જ્ઞાનમય સ્વાનુભૂતિ સુખરૂપ છે. અરે! રાગના—પુણ્ય ને પાપના—અનુભવ તો અનાદિ કાળથી કર્યા. વિષયનું વેદન, સ્ત્રીના ભોગ વગેરે તો આત્માને દુઃખરૂપ છે. સ્ત્રીના ભોગ કાળે તેના શરીરને જીવ ભોગવતો નથી હો, શરીર તો માટી છે, જડ છે ને ભગવાન આત્મા તો ચેતન છે, અરૂપી છે. અરૂપી ચેતન રૂપી જડને કેમ ભોગવે? અજ્ઞાની ભોગવે છે પોતાના રાગને ને માને છે કે સ્ત્રીના શરીરને—પરને ભોગવું છું.

પરમાં સુખ માનવું એ તો મિથ્યા ભ્રમ છે, અજ્ઞાન છે. સુખ તો ભગવાન આત્મામાં છે. કસ્તૂરી પોતાની નાભિમાં છે તેની હરણને જેમ ખબર નથી, તેમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય પ્રભુતા વગેરે ગુણો ભરપૂર ભરેલા છે, પણ પામર પ્રાણીઓને—રાગના પ્રેમીઓને—તેની ખબર નથી; તેથી તેનો અંદરથી મહિમા આવતો નથી. અહા! અહીં બેને તો એક લીટીમાં કહી દીધું છે કે—'શુદ્ધનયના વિષયભૂત આત્માની સ્વાનુભૂતિ સુખરૂપ છે.' આ તો શાસ્ત્રભાષા—અધ્યાત્મભાષા છે, તેને તો પહેલાં સમજવી પડશે ને પ્રભુ! આ વસ્તુ સમજ્યા વિના કરોડોપતિ ને અબજોપતિ રાંકા, ભિખારા ને દુઃખી છે, અંદર પોતાની લક્ષ્મીનું ભાન નથી ને બહારની—ધૂળની—લક્ષ્મીના પ્રેમમાં મૂઢ થઈ ગયા છે.

વ્યાખ્યાનમાં એક વાર એક રાજાને કહ્યું હતું : દરબાર! સુખ આત્મામાં છે, પણ જે બહારના વિષયોમાંથી સુખ મેળવવા માગે છે તે વિષયનો ભિખારી છે, માગણ છે. મહિને પાંચ લાખ માગે તે નાનો માગણ અને એક કરોડ માગે તે મોટો માગણ. જેને અંદરની લક્ષ્મીની કિંમત નથી તે બહારમાં—પાંચ-પચાસ કરોડ કે અબજની ધૂળમાં સુખ માટે ફાંફાં મારે છે.

અરે! સત્ય વસ્તુ શી છે, કેવી છે—એ એણે કદી જોયું નથી, શ્રદ્ધયું નથી. બહાર ને બહારની મહિમા કરીને જિંદગી ગુમાવી. આત્માનો જે વાસ્તવિક સ્વભાવ—શુદ્ધનયનો વિષયભૂત આત્મા—તેની જેણે અનુભૂતિ કરી નથી તેને જે કામ, ક્રોધ, માયા ને લોભ તથા ભક્તિ વગેરેનો રાગ છે તે કષાયભાવ છે. કષાયભાવ કરીને જીવે આડોડાઈ કરી છે, તેના ફળમાં આડું શરીર—તિર્યંચપણું મળ્યું. મનુષ્યનું શરીર સીધું છે ને ગાય, ભેંસ, ઘોડો વગેરે પશુઓનું શરીર આડું હોય છે. પોતાની જ્ઞાયક ચીજ ભૂલીને પર્યાયમાં આડોડાઈ બહુ સેવી; રાગ, દ્વેષ ને વિષયસેવનના પરિણામ એટલા કર્યા, અને તેનાથી એવું પ્રારબ્ધ બંધાયું કે જેના ફળમાં શરીર આડું મળ્યું. પરિણામ તો આડા થયા, પરંતુ શરીર પણ આડાં મળ્યાં. આવું તો અનંત વાર કર્યું છે પ્રભુ! અરેરે પ્રભુ! તને તારી દયા નથી ને પરની દયા કરવા નીકળી પડ્યો!

પ્રભુ! તું કોણ છો? તું તો અંદર સચ્ચિદાનંદ—અતીન્દ્રિય આનંદનો નાથ—છો. શુદ્ધનયના વિષયભૂત તે સચ્ચિદાનંદ પ્રભુની અનુભૂતિ સુખરૂપ છે. શું કહે છે? સ્વભાવ સન્મુખ ઝુકાવથી નિજ શુદ્ધ આત્માનો જે અનુભવ થાય, જ્ઞાન થાય, તે અતીન્દ્રિય સુખરૂપ છે. પર પણ. અરે! જે અમૃત-સ્વરૂપથી ભરેલો અમૃતસાગર ભગવાન આત્મા અંદર ડોલે છે તે, પુણ્ય-પાપના ભાવનું વેદન કરે એ તો ઝેરના પ્યાલા પીએ છે. અહીં તો કહે છે કે—તે છોડીને, ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ છે તેના ઉપર દૃષ્ટિ લગાવીને, તેને ધ્યેય બનાવીને જે અનુભૂતિ નામ અનુભવ થાય તેમાં આનંદ આવે છે. તે આનંદમય દશાનું નામ ધર્મ છે, બાકી બધાં થોથાં છે.

ભગવાનની પૂજા ને ભક્તિ બહુ કરે, પણ ભાઈ! અંતરમાં તારા જ્ઞાયકનાથને, પરમાનંદસ્વરૂપ તારા ઈશ્વરને સમજ્યો નથી, રાજી કર્યો નથી, ને પરને રાજી કરવા જાય છે તેમાં તારું કાંઈ વળવાનું નથી. સમજાણું કાંઈ? આ તો દુનિયાથી જુદી જાત છે, સુખરૂપ છે. ઈન્દ્રિયના વિષય, ભલે તે શાસ્ત્ર-જ્ઞાન હોય, દુઃખરૂપ છે. નિત્યાનંદ પ્રભુ અંતરમાં બિરાજે છે તેને ધ્યેય બનાવીને વર્તમાન દશામાં જે અનુભવ પ્રગટ્યો તે અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. નાથ! તારી ચીજને અંદર અનુભવતાં જે આનંદ આવે તે બીજે ક્યાંય નથી. ઈંદ્રનાં ઈંદ્રાસન હો, મોટાં રાજપાટ હો કે શેઠિયાઓની મોટી શેઠાઈ હો, એ બધું ધૂળધાણી છે. આત્માના ભાન વિના એ બધા દુઃખી પ્રાણી છે. આનંદસ્વરૂપ નિજ આત્માનો અંદર અનુભવ કરે તે સુખી છે. 'સુખિયા જગતમેં સંત, દુરિજન દુખિયા રે'—અંદર સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુનો અનુભવ કરે એ સંત સુખી છે.

**'આત્મા સ્વયમેવ મંગળરૂપ છે, આનંદરૂપ છે; તેથી આત્માની અનુભૂતિ પણ મંગળરૂપ અને આનંદરૂપ છે.'**

'મંગ' નામ પવિત્રતા ને 'લ' નામ લાવે,—તેને મંગલ કહેવાય છે. ભગવાન આત્મા સ્વયમેવ મંગળસ્વરૂપ છે, કેમ કે તેનામાં પવિત્રતાની શક્તિ અંદર ભરી પડી છે ને તેના આશ્રયે પર્યાયમાં પવિત્રતાની પ્રાપ્તિ થાય છે. લોકો તો, ઘરે દીકરો થાય, નવું મકાન બનાવે વગેરે, બહારના લૌકિક પ્રસંગોને માંગળિક કહે છે. ભાઈ! એ તો ધૂળેય માંગળિક નથી, એ તો બધા નાશવાન સંયોગો છે. મંગળનો બીજો અર્થ : 'મં' નામ મમકાર અર્થાત્ અહંકાર; 'ગલ' નામ ગાળે, પોતાના સ્વરૂપને ભૂલીને વર્તમાન પર્યાયમાં જે દયા, દાન વગેરે ભાવો થાય છે તેને 'મમ' નામ 'મારા છે' એમ માનવું તે ભ્રમ ને અજ્ઞાન છે; તેને 'ગલ' નામ ગાળે, નાશ કરે, તે આત્મા સ્વયમેવ મંગલરૂપ છે. જ્ઞાનાનંદમૂર્તિ આત્મા સ્વયમેવ મંગળરૂપ છે તેથી તેના આશ્રયે પરિણમેલી સ્વાનુભૂતિ પણ મંગળરૂપ ને આનંદરૂપ છે. અહા પ્રભુ! આ ઉપદેશ કોઈ જુદી જાતનો છે. દુનિયા ક્યાં ઊભી છે એ બધી ખબર છે. અહીં આ શરીરને તો ૮૯-૯૦ વર્ષ થયાં, ૭૨ વર્ષથી તો શાસ્ત્રોનો અભ્યાસ છે, ૬૬ વર્ષથી તો દુકાન છોડી દીધી છે. જન્મ ઉમરાળામાં થયો. દુકાન પાલેજમાં હતી, પણ એ બધી ધૂળની પેદાશ હતી. અહીં તો અંદર ચૈતન્યની દુકાન માંડી છે, એમાં સ્વાનુભૂતિની પેદાશ થાય છે. અહા! આ તો જન્મ-મરણના અંત આવે એવી વાત છે.

જેમ પોતાની નાભિમાં કસ્તૂરી છે તેની હરણને ખબર નથી, તેમ આ જ્ઞાયક આત્મા અંદર મંગળરૂપ ને આનંદરૂપ છે તેની તને ખબર નથી, તેથી જ્યાં ત્યાં—બાયડીમાં ને પૈસામાં—તે ગોતવા જાય છે; એ તારી મૂર્ખાઈ ભરેલી દશા છે. પ્રભુ! તારો આત્મા મંગળરૂપ ને આનંદરૂપ છે; તેથી તેની અનુભૂતિ પણ મંગળરૂપ ને આનંદરૂપ છે. અહા! આટલા શબ્દોમાં કેટલું ભર્યું છે! પણ 'આત્મા' શું છે—એ વાત જગતને મગજમાં બેસતી નથી; કેમ કે કોઈ દી સાંભળી નથી ને! તેનો ઝુકાવ ને પ્રેમ બહારની 'હાહો'માં છે. અંદર મંગળ ને આનંદસ્વરૂપ ત્રિકાળી આત્મા છે, તેને ઓળખીને અનુભવ કરે તો પર્યાયમાં મંગળ ને આનંદ પ્રગટ થાય. એનું નામ ધર્મ છે. બાકી બીજી બધી વાતું છે, થોથાં છે.

## વચનામૃત—૨૨૮

**આત્માના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા, બસ...તારું અસ્તિત્વ આશ્ચર્યકારી અનંત ગુણપર્યાયથી ભરેલું છે; તેનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં પણ પૂરું આવી શકતું નથી. તેને અનુભવી, તેમાં ઠરી જા. ૨૨૮.**

'આત્માના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા, બસ!'

શું કહે છે? ભગવાન આત્માનું જે સહજ અસ્તિત્વ, હયાતી, મોજૂદગી, વિદ્યમાનતા, સત્તા છે તેને સત્યસ્વરૂપે ઓળખીને સ્વરૂપમાં ઠરી જા; બસ, એ જ કરવાનું છે. વર્તમાન પર્યાય—વિચાર—બદલે છે તેનું લક્ષ છોડી દે, અંદર અનાદિ-અનંત કાયમી સત્તા—ત્રિકાળી અસ્તિત્વ—છે તેના તરફ લક્ષ દે. વસ્તુ પોતે અનાદિ-અનંત પોતાની સત્તામાં રહેવાવાળી છે; તે કદી પરની સત્તામાં જાય નહિ અને પરની સત્તાથી પોતાનામાં કાંઈ થાય નહિ.

ભગવાન! તારા અસ્તિત્વના મહિમાનો પાર ન મળે એવી તો તું અંદર અદ્‌ભુત ચીજ છો. જેમ, આ શરીર 'છે', તો એનું અસ્તિત્વ છે ને? વાણી 'છે' તો તેનું અસ્તિત્વ છે ને? 'છે' તો એ જાણવામાં આવે છે ને? તેમ, આત્માને પોતાનું અસ્તિત્વ છે કે નહિ? એ કાયમી અસ્તિત્વને—'છે'ને–જાણવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. અહાહા! આ બેનનાં વચનો તો અંદર આનંદના અનુભવમાંથી નીકળેલાં છે. લોકોને એ બેસવું કઠણ પડે. સમજાણું કાંઈ?

આત્માના અસ્તિત્વને ઓળખીને—જાણીને સ્વરૂપમાં ઠરી જા. ત્યાં 'જાણીને' એ દશા છે અને ત્રિકાળી અસ્તિત્વ તે ધ્રુવ આત્મા છે. 'જાણવું' એ તેની દશા છે. ભાઈ! આ તો, અધ્યાત્મનો માર્ગ છે, 'ચકલો લાવ્યો ચોખાનો દાણો ને ચકલી લાવી મગનો દાણો, ને એની બનાવી ખીચડી'—એવી કોઈ કથા-વાર્તા નથી. પ્રભુ! આ તો ભવનો અંત કઈ રીતે આવે, પોતાની પરમાનંદરૂપ પૂર્ણ દશા કઈ રીતે પ્રગટે, તેની—અધ્યાત્મની—આ વાત છે.

પ્રભુ! તારા અસ્તિત્વને ઓળખીને, તેનું જ્ઞાન કરીને, 'હું આત્મા પૂર્ણાનંદસ્વરૂપ છું' એમ નક્કી કરીને અંદર સ્વરૂપમાં ઠરી જા, બસ! અંતર સ્વરૂપરમણતામાં રમ. લોકમાં પણ કહેવાય છે ને—'નિજ પદ રમે સો રામ કહિયે, રાગમેં રમે સો હરામ કહિયે'. જે નિજ જ્ઞાયકમાં રમે તેને આત્મારામ કહીએ, અને જે પુણ્ય ને પાપ, શુભ ને અશુભ, વિષય ને કષાયના ભાવ અને દયા ને દાનના ભાવમાં રમે છે તેને હરામ કહીએ. અંદર તો આત્મા આનંદનો નાથ છે. પ્રભુ! તેં કોઈ દી તેને જોયો નથી, કોઈ દી સાંભળ્યો નથી. પોતાના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જવું—એ કાર્ય તેં ક્યારેય કર્યું નથી. માટે તારી હયાતીને, મોજૂદગીને, અસ્તિત્વને ઓળખીને તેમાં ઠર. અહા! આ કઈ જાતની ભાષા? ભાષા તો સાદી ગુજરાતી છે. બેનની ભાષા ગુજરાતી છે.

'...તારું અસ્તિત્વ આશ્ચર્યકારી અનંત ગુણપર્યાયથી ભરેલું છે;'

જેમ સાકર મીઠાશ ને સફેદીથી ભરી પડી છે, તેમ ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન આદિ આશ્ચર્યકારી અનંત ગુણોથી ભર્યો પડ્યો છે. અનંત અનંત અદ્‌ભુત ગુણરૂપ

ભેદોથી ભરેલા એવા આ નિજ આત્મતત્ત્વનું જ્યાં સુધી જ્ઞાન ન કરે ત્યાં સુધી તેની બધી સાધના એકડા વિનાનાં મીંડાં છે. જેમ એકડા વિનાનાં લાખ મીંડાંની કોઈ કિંમત નથી તેમ જ્ઞાયક પ્રભુના જ્ઞાન વિના જેટલો ક્રિયાકાંડ કરે, દયા-દાન, વ્રત-તપ ને પૂજા-ભક્તિની ધમાલ કરે, એ બધું નિરર્થક છે, એટલે કે ભવનો અંત લાવવા માટે નિરર્થક છે ને રખડવા માટે સાર્થક છે.

ભાઈ! તારી ચીજમાં—અસ્તિત્વમાં શું ભર્યું પડ્યું છે તેની તેને ખબર નથી. તારું અસ્તિત્વ અનંત શક્તિઓથી—અનંત ગુણરૂપ ભેદોથી ભરપૂર છે. લોકોને આ વાત બેસવી કઠણ પડે છે. પ્રભુ! ભગવાન જ્યાં અનંત ગુણસ્વરૂપે બિરાજે છે ત્યાં અંદર ચૈતન્યગુફામાં જા. બાપુ! આ માર્ગ છે. દુનિયાએ માર્ગને બગાડી માર્યો છે, ઊંધો કરી નાખ્યો છે. જેનાથી આત્મજ્ઞાન થાય ને ભવનો અંત આવે એ ચીજ કોઈ બીજી છે પ્રભુ! એ કોઈ બહારની વિદ્વત્તાનો વિષય નથી. લાખો-કરોડોમાં ભાષણ કરે માટે તેનું જ્ઞાન સાચું છે—એમ નથી. અહીં તો કહે છે કે—તારા અસ્તિત્વમાં ચમત્કારી અનંત શક્તિઓ ભરી પડી છે, તેને ઓળખીને તારા સ્વરૂપમાં જામી જા.

'તેનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં પણ આવી શકતું નથી.'

'જ્ઞ' સ્વભાવી આત્માનો અનુભવ કરીને—તેમાં લીન થઈને—પર્યાયમાં પૂર્ણ દશા પ્રગટ થતાં 'સર્વ'નું—ત્રણ કાળ ને ત્રણ લોકનું—'જ્ઞ' પણું અર્થાત્ જ્ઞાતાપણું થાય તેને સર્વજ્ઞપણું કહે છે. તે સર્વજ્ઞને અરિહંત ભગવાન કહેવામાં આવે છે. જેમણે રાગ, દ્વેષ ને અજ્ઞાનરૂપી 'અરિ'—શત્રુનો 'હંત' નામ નાશ કર્યો છે, વીતરાગતા ને સર્વજ્ઞપણું પ્રગટ કર્યું છે, તેને અરિહંત કહે છે. તે અરિહંત ભગવાનની વાણીમાં પણ આત્માનું પૂરું સ્વરૂપ આવી શકતું નથી. મૂંગાને પૂછે કે ગોળ કેવો? શું જવાબ આપે? જેણે ચાખ્યો છે તેને ખબર પડે, પણ ભાષામાં પૂર્ણરૂપે કહી શકે નહિ. શ્રીમદે કહ્યું છે :

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
  કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપ ને અન્યવાણી તે શું કહે?
  અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦

ઘીનો સ્વાદ ગળથૂથીમાંથી મળ્યો છે. તેનો સ્વાદ કેવો છે?—બતાવો; સાકર જેવો? ગોળ જેવો? ઘીતેલાં જેવો? ઘીનો સ્વાદ ખ્યાલમાં છે પણ તેને કોઈ પદાર્થ સાથે મીંઢવીને (સરખાવીને) કહી શકાય નહિ, અરે! ઘી જેવા જડ રૂપી પદાર્થની કોઈની સાથે મીંઢવણી (સરખામણી) થઈ શકે નહિ , તો આત્માના અમૂર્તિક આનંદની કોની સાથે મીંઢવણી કરવી?

આત્માનું ભાન થતાં, ભલે તે ગૃહસ્થ-અવસ્થામાં હોય, જે અતીન્દ્રિય આનંદ આવે છે તેનું વર્ણન કોણ કરી શકે? તેનું સંપૂર્ણ વર્ણન ભગવાનની વાણીમાં પણ આવી શકતું નથી.

'તેને અનુભવી, તેમાં ઠરી જા.'

અહા! આ તો માખણ જેવી વાત છે. માખણ છાશથી જેમ છૂટું પડી જાય, એમ જ્ઞાયકના આનંદરૂપ સ્વાદમાં રાગ નીતરી જાય છે, ભિન્ન પડી જાય છે. શુદ્ધ ચિદાનંદસ્વરૂપ પોતાના આત્માને પહેલાં ઓળખ, પછી, પર ને વિભાવથી વિમુખ થઈ, સ્વભાવ સન્મુખ થઈને, તેનો અનુભવ કર. સ્વરૂપમાં વિશેષ અનુભવરૂપ સ્થિરતા થવી તે ચારિત્ર છે. અણુવ્રત, મહાવ્રત કે બ્રહ્મચર્ય પાળે—એ બહારની ક્રિયા કાંઈ ચારિત્ર નથી. બ્રહ્મ નામ આત્મા, તેના સ્વરૂપમાં ચરવું—રમવું તે બ્રહ્મચર્ય છે; અને '**स्वरूपे चरणं चारित्रम्**।'—જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં ચરવું—લીન થવું તે ચારિત્ર છે. અહા! જ્ઞાની ને અજ્ઞાનીની વાતમાં શબ્દે શબ્દે ફેર છે.

આણંદ કહે પરમાણંદા, માણસે માણસે ફેર;
એક લાખે તો નવ મળે, એક તાંબિયાના તેર.

એ રીતે અહીં પણ એમ કહે છે—બાપુ! જ્ઞાની ને અજ્ઞાનીને ભાવે ભાવે—દરેક ભાવમાં—ફેર છે. જ્ઞાની ને અજ્ઞાનીના ભાવ કદી મળતા આવે નહિ. આ ૨૨૮મા બોલમાં 'આત્માના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા' એમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી. હવે ૨૨૯ મા બોલમાં મુનિની વાત કરે છે.

સહજ ચિદાનંદ.

❁

તા. ૨૬-૧૧-૬૫

આ ચંપાબેનનું જ્ઞાન તો... કરતાં અનંત અનંત સામર્થ્યવાળું છે. એને તો લૌકિક, પણ આમને તો અલૌકિક જ્ઞાન છે. આત્મજ્ઞાન સહિતનું જાતિસ્મરણ છે. એમને ચાર ભવનું જ્ઞાન છે પણ ગંભીર એટલાં કે કોઈ દિવસ બહાર પાડતાં નથી. મને પણ પોતાની વાત ન કરે, મારું બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. ક્યાં બોલેજ છે? માટે લોકોને મહિમા આવતો નથી. એમનાં જેવાં દુનિયામાં કોઈ સ્ત્રી નથી. સ્ત્રીઓનાં મહાભાગ્ય છે કે આવા કાળમાં—આવા મિથ્યાત્વના જોરના કાળમાં એમનો અહીં જન્મ! એ તો જે બહુમાન કરશે એમનાં મહાભાગ્ય છે. —પૂજ્ય ગુરૂદેવ

# પ્રવચન-૯૦

તા. ૧૦-૯-૭૮

## વચનામૃત—૨૨૯

મુનિને સંયમ, નિયમ ને તપ—બધાંમાં આત્મા સમીપ હોય. અહો! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો...ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ?

તારે શુદ્ધિ વધારવી હોય, દુઃખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળા સંગમાં વસજે.

લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે. વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.

અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે, પણ પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ મંદ પડી જાય.

—આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને (આચાર્યદેવની) ભલામણ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે. આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ સમજી લેવાનું છે. ૨૨૯.

'મુનિને સંયમ, નિયમ ને તપ—બધાંમાં આત્મા સમીપ હોય.'

અહા! મુનિ કોને કહીએ? આ બહારથી નગ્ન થઈ ગયા, બાયડી-છોકરાં છોડ્યાં, તે ધૂળે ય સાધુપણું નથી. 'साधयति इति साधुः।'—જે આત્મસ્વરૂપ સાધે તે સાધુ છે. જ્યાં હજુ વસ્તુસ્વરૂપની પણ ખબર નથી, ત્યાં સાધુપણું આવ્યું ક્યાંથી?

અહીં ઉત્કૃષ્ટ—મુનિની—વાત લીધી છે. મુનિને સંયમ, નિયમ ને તપ વગેરેમાં આત્મા સમીપ હોય છે, શ્રદ્ધા-અપેક્ષાએ તો ચોથા ગુણસ્થાને પણ આત્મા સમીપ હોય છે, પણ અહીં મુનિદશાની વાત કહી છે. નિયમસારની ૧૨૭ મી ગાથામાં કહ્યું છે :

સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને.

જે મુનિને સંયમમાં, નિયમમાં, તપમાં અને સત્ચારિત્રમાં નિજ કારણપરમાત્મા સદા સમીપ અર્થાત્ નિકટ છે, આત્મા સદા ઊર્ધ્વ રહે છે—દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે—તે પરદ્રવ્ય પરાઙ્મુખ પરમવીતરાગ-સમ્યગ્દષ્ટિ વીતરાગ-ચારિત્રવંતને સામાયિકવ્રત સ્થાયી છે એમ કેવળીઓના શાસનમાં કહ્યું છે.

સંયમ = સં + યમ, સમ્યક્ પ્રકારે ઈંદ્રિયો તથા વાસનાઓનું દમન. ત્રિકાળી જ્ઞાયકભાવને સમ્યક્ પ્રકારે જાણીને સ્વરૂપમાં વિશેષ સ્થિર થવું—આત્માનુભવમાં વિશેષ લીન થવું—તેનું નામ સંયમ ને નિયમ વગેરે છે. આત્માના ભાન વિના બહારના નિયમ તો જીવે અનંત વાર કર્યા, પણ તેથી શું? એવા આકરા નિયમ ધારણ કર્યા કે—છ છ મહિનાના ઉપવાસના પારણે જ્યારે ભિક્ષા લેવા જાઉં ત્યારે ભિક્ષા દેનારી બાઈનું નામ મોતી હોય, તેણે મોતીની ભાતવાળો સાડલો પહેરેલો હોય, સાડલાના છેડે મોતી બાંધેલું હોય ને મોતીચુરના લાડવા બનાવ્યા હોય—આવો યોગ હોય ત્યાંથી આહાર લેવો, નહિતર દેહ છૂટી જાય તોય આહાર ન લેવો; પરંતુ આનંદમૂર્તિ ભગવાન આત્મા જો તેને સમીપમાં વર્તતો નથી તો એને સંયમ ને નિયમ કહેવાતા નથી.

પ્રશ્ન :—તપ કોને કહેવાય?

ઉત્તર :—જેને શુદ્ધાત્માનાં શ્રદ્ધાન, જ્ઞાન ને અનુભવ થયેલ છે તેને સ્વરૂપમાં વિશેષ સ્થિરતા થતાં, ઈચ્છાનો નિરોધ કરીને આનંદનો જે ઉગ્ર સ્વાદ આવે તેનું નામ તપ છે. **स्वरूपे प्रतपनं तपः।** જેમ સુવર્ણ ગેરુથી ઓપે છે, શોભે છે, તેમ ભગવાન આત્મા અંતર આનંદની દશામાં ઉગ્રપણે પ્રતપન કરે છે, ઉગ્રપણે શોભે છે, તેનું નામ તપ છે; બાકી બધી લાંઘણ છે. દેશને માટે ઉપવાસ પર ઊતરે તેમાં ધૂળે ય સંયમ કે તપ નથી, એ તો રાગની ને બંધની ક્રિયા છે. બંધનના ફળમાં તો ગતિ મળે. અહીં તો કહે છે કે આનંદનો નાથ—નિજ શુદ્ધાત્મા—જ્યારે સમીપ હોય છે ત્યારે સંયમ ને નિયમ કહેવામાં આવે છે. અહા! વાતે વાતે ફેર! આ મારગડા જુદા છે બાપુ!

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુસંતને, મૂક્યું નહિ અભિમાન.

આત્માના ભાન વિના અનાદિ કાળથી રખડ્યો. જ્ઞાની ધર્માત્મા શું કહે છે તે માન્યું નહિ. પગ દાબવા એ કાંઈ સેવા નથી, એમણે જે તત્ત્વ કહ્યું તે અંતરથી માનવું તે સેવા છે. અનાદિથી સત્પુરુષને કદી અંતરથી માન્યા નથી અને 'હું જાણું છું, મને આવડે છે' એવા અભિમાનમાં તારી જિંદગી ગઈ છે પ્રભુ! જીવે અનંતા ભવ કર્યા. ભવનો આદિ છે? આદિ હોય તો ક્યારથી ભવ શરૂ થયા? આત્મા જેમ અનાદિ છે તેમ તેના ભવ પણ અનાદિથી છે. ભાઈ! તારો ભૂતકાળ જો; ભવ...ભવ... ભવ. અરે! એ ભવનો અંત ખરો? ભાઈ! એ ભવનો અંત લાવવાવાળી ચીજ જે અંદર પડી છે તેને સમીપ ન લાવ્યો; એ ભગવાન જ્ઞાયકથી તું દૂર રહી ગયો.

'અહો! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો...ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ?'

આનંદસ્વરૂપને સાધે, શક્તિના આલંબને વ્યક્તતા પ્રગટ કરે, તે સાધુ. જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશની શક્તિ પડી છે, ઘૂંટવાથી તે વ્યક્ત થાય છે; તેમ ભગવાન આત્મામાં જ્ઞાન ને આનંદની પૂર્ણ શક્તિ ભરી પડી છે; તે જ્ઞાનાનંદસ્વભાવી આત્માને સમીપમાં લઈને, તેની એકાગ્રતાથી. તારે રાગને દૂર કરીને ભગવાન આત્માની પૂર્ણ સાધના કરવાની છે;...ત્યાં આ લૌકિક જનોના પરિચયનો પ્રેમ કેમ? સભામાં રાજા આવે કે શેઠિયા આવે, તેમને પ્રસન્ન કરવા તારે રોકાવું!—આ બધું શું છે તારે? દુનિયાને રાજી રાખવી, સભા કેમ રાજી થાય—એ શું છે તારે? શું તારે લોકરંજન કરવું? અહીં કહે છે કે—જેને આત્માનું ભાન ન મળે, ચૈતન્યની દૃષ્ટિની ખબર નથી, એવા લૌકિક જનનો પરિચય કરવાથી તને શો લાભ છે? લૌકિક જનનો પરિચય છોડીને સ્વભાવનો પરિચય કર.

'તારે શુદ્ધિ વધારવી હોય, દુઃખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે.'

આ બોલમાં મુનિની મુખ્યતાથી કથન છે. જેને સંગ અને રાગથી ભિન્ન નિજ જ્ઞાયક-પ્રભુની દૃષ્ટિ અને અનુભવ થયો હોય, ને પછી સ્વરૂપમાં વિશેષ રમણતા થતાં સંયમ, નિયમ અને તપ વગેરે અનુષ્ઠાનમાં ભગવાન આત્મા સદા સમીપ વર્તતો હોય તે સાચા મુનિ છે. એવા મુનિને શ્રી આચાર્યદેવ કહે છે કે–પૂર્ણાનંદ પ્રભુ આત્મા તને અનુભવમાં આવ્યો છે ને ચારિત્ર–સ્વરૂપની વિશેષ રમણતા—પણ પ્રગટ થયેલ છે, પરંતુ એનાથી વિશેષ શુદ્ધિ વધારવી હોય, દુઃખથી સંપૂર્ણપણે છૂટવાની ભાવના હોય, તો જેનામાં પોતાથી અધિકગુણ હોય અથવા સમાનગુણ હોય તેના સંગમાં વસજે. અહીં તો એ કહેવું છે કે—સંગ કરવો પડે તો કોનો કરવો? જો અસંગ તત્વમાં—પોતાના જ્ઞાયક સ્વરૂપમાં-સંપૂર્ણ સ્થિર થઈ

જવાય તો તે સૌથી ઉત્તમ છેઃ પરંતુ મુનિ પણ એ રીતે કાયમ અસંગ રહી શક્તા નથી. અંદર જ્ઞાયક પ્રભુ દૃષ્ટિ અને સ્થિરતાએ જાગૃત તો થયો છે, પણ સ્થિરતામાં હજુ કચાશ—ઓછપ છે, તેથી સ્વાનુભવમાંથી ઉપયોગ બહાર તો આવી જાય છે—વિકલ્પો તો આવે છે. એવા સંતને કહે છે : પોતાથી વધુ ગુણવાળા અથવા સરખા ગુણવાળા સાધક સંતના સંગમાં રહેવું. પ્રવચનસારની ચરણાનુયોગસૂચક ચૂલિકામાં કહ્યું છે ને—

તેથી શ્રમણને હોય જો દુઃખમુક્તિ કેરી ભાવના,
તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં. ૨૭૦.

લૌકિક જનના સંગથી સંયત પણ અસંયત થાય છે. તેથી જો શ્રમણ દુઃખથી પરિમુક્ત થવા ઇચ્છતા હોય તો તે સમાન ગુણવાળા શ્રમણના અથવા અધિક ગુણવાળા શ્રમણના સંગમાં નિત્ય વસો. જેમ શીતળ ઘરના ખૂણામાં રાખેલું પાણી શીતળ રહે છે અને બરફના સંગથી પાણી વિશેષ શીતળ થાય છે તેમ સમાન ગુણવાળાના સંગથી શ્રમણને ગુણની રક્ષા થાય છે અને અધિક ગુણવાળાના સંગથી શ્રમણને ગુણની વૃદ્ધિ થાય છે.

'લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે. વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.'

આ ઉપદેશ મુખ્યપણે મુનિને લક્ષમાં રાખીને છે. જેમણે હજી ધંધા છોડ્યા નથી, સંસારની પાપપ્રવૃત્તિમાં પડ્યા છે એવા શેઠિયાઓ અને રાજાઓનો સંગ તને નુકસાન કરશે. અગ્નિના સંગે પાણીની જેમ, લૌકિક સંગથી તારી સાધના વિકારી થઈ જશે, અસંયતપણું આવી જશે. માટે, જો શુદ્ધિની વૃદ્ધિ કરવી હોય તો પોતાથી શુદ્ધિમાં અધિક હોય અથવા સમાન ગુણવાળા હોય તેનો સંગ કરવો. રાજા ને શેઠિયા આવ્યા છે માટે ઉપદેશ દઉં, તેમને રાજી રાખું—એ વિકલ્પો તને નુકસાન કરશે. વિશેષ ગુણીનો સંગ તને તારી પરિણતિમાં વિશેષ વૃદ્ધિનું કારણ થશે, અને સમાન ગુણીના સંગમાં તારી સાધનાપરિણતિનું રક્ષણ થશે. માટે લૌકિક જનનો સંગ છોડી ગુણીના સંગમાં વસવું.

'અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે, પણ પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ મંદ પડી જાય.'

જેમની દૃષ્ટિ વિપરીત છે અને જે વિષયકષાયમાં રત છે એવા ધર્મવિમુખ લૌકિક જનના સંગનો કોઈ અણધાર્યો પ્રસંગ આવી પડે તો તે વખતે પોતે પોતાના પુરુષાર્થ વડે સાવધાની રાખી જુદો રહે, પણ જો પોતે જ રસપૂર્વક—તેમના આદરપૂર્વક—પરિચય કરે તો તેની પરિણતિ મંડ પડી જાય, સાધનાથી વિચલિત થઈ જાય.

'આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને (આચાર્યદેવની) ભલામણ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે.'

અહા! આ તો સ્વરૂપમાં ઝૂલતા ને વનજંગલમાં વિચરતા મુનિઓની વાત છે. સ્વરૂપરમણતારૂપ અંદરની શુદ્ધિ અને ભૂમિકા અનુસાર આવતા વ્રતાદિના વિકલ્પ—એ બંને નિશ્ચય અને વ્યવહારને સુમેળ છે. એ બેયની સંધિ જ એવી છે કે—મુનિ અંદર સ્વરૂપમાં જાય, અને બહાર આવે—વ્યવહારનો વિકલ્પ આવે—તો સારા ગુણીનો—અધિક ગુણવાળાનો સંગ કરે.

'આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ સમજી લેવાનું છે.'

સમ્યગ્દર્શનના અભિલાષીએ કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રનો, સત્ય-અસત્યની પરીક્ષા કરીને, સંગ છોડી દેવો. સાચાં દેવ, શાસ્ત્ર અને ગુરુનો સંગ મળે—સત્સમાગમ કરે—તો અંદર પરમ પુરુષની સમીપ જાય. પોતે સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરી તો સત્સમાગમ તથા તેનો વિકલ્પ નિમિત્ત કહેવાય છે. અંદર સ્વભાવનું લક્ષ ન કરે તો સાચાં દેવ, શાસ્ત્ર અને ગુરુ પ્રત્યેના એકલા બહિર્લક્ષી વિકલ્પો તો બંધનું કારણ છે. જેમ મુનિઓને આચાર્યદેવનો ઉપદેશ છે કે—લૌકિક જનના પરિચયનો રસ છોડી, વિશેષ ગુણી અથવા સમાન ગુણીના પરિચયમાં વસવું, તેમ નીચેની ભૂમિકાવાળાએ પણ પોતાની ભૂમિકાનુસાર સમજી લેવું.

સહજ ચિદાનંદ.

## વચનામૃત-૨૩૦

**આત્મા તો આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ! પહેલાં ચારે બાજુથી તેને ઓળખી, પછી નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી અંદરમાં ઠરી જવું. તો અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે. અંદર સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ જ સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે.—'ते एव साक्षात् अमृतं पिबन्ति।' ૨૩૦.**

'આત્મા તો આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ! પહેલાં ચારેબાજુથી તેને ઓળખી, પછી નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી અંદરમાં ઠરી જવું. તો અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે.'

જેમાં રાગ તો નહિ પણ અલ્પ જ્ઞાન પણ જેનો સ્વભાવ નથી એવો આ ભગવાન આત્મા પરમ આશ્ચર્યકારી અદ્‌ભુતાદ્‌ભુત ચૈતન્યમૂર્તિ છે. તે સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત અનંત ગુણોથી ભરપૂર ભર્યો પડ્યો છે. બધાં ક્ષેત્રે ને બધા કાળે તે આશ્ચર્યકારી ચૈતન્ય જિનપ્રતિમા અંદરમાં સદા બિરાજે છે. તેની બધા પડખેથી ઓળખાણ કર. પૂર્ણાનંદમય પ્રભુની ચારે બાજુથી—ઉપાદાન–નિમિત્તથી, નિશ્ચય–વ્યવહારથી, પ્રમાણ-નય-નિક્ષેપથી–પહેલાં બરાબર ઓળખાણ કરવી જોઈએ. નિશ્ચયથી—દ્રવ્યઅપેક્ષાએ—આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે અને વ્યવહારથી–પર્યાય-અપેક્ષાએ–તે જ આત્મા અશુદ્ધ તેમ જ દુઃખી છે; આત્મા દ્રવ્ય તરીકે ધ્રુવ વસ્તુ છે અને તે જ આત્મા પર્યાય તરીકે પલટતી વસ્તુ છેઃ એ પ્રમાણે જેવું વસ્તુસ્વરૂપ છે એવું બધાં પડખાંથી બરાબર ઓળખે. વસ્તુસ્વરૂપને બરાબર ઓળખ્યા પછી નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી અંદર આત્માનુભવમાં ઠરી જવું. આત્મા નિશ્ચયથી અબદ્ધ છે ને વ્યવહારથી બદ્ધ છે—એનો પ્રથમ સાચો નિર્ણય કરે; પરંતુ તે બંને નયપક્ષ વિકલ્પ છે, રાગ છે, તેનાથી આત્માનુભવ પ્રાપ્ત થતો નથી. એ પ્રમાણ-નય-નિક્ષેપ વગેરેનો પક્ષ છોડી અંતરમાં સ્થિર થઈ જવું, અભેદ આત્માને ધ્યેય બનાવીને મસ્ત—સ્વરૂપમંથર-થઈ જવું. તો અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે.

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા અંદર શક્તિએ તો સદા અબદ્ધસ્વરૂપ અર્થાત્ મુક્તસ્વરૂપ છે. યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાપૂર્વક તે ધ્રુવ મુક્તસ્વરૂપનું અંતરમાં ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્તદશા પ્રગટ થશે. જીવને સંસારનાં પાપધ્યાન કરતાં તો આવડે છે. જેમ સંસારનાં આર્ત ને રૌદ્ર ધ્યાનમાં ચડી જાય છે, તેમ એવું ધ્યાન—એવી એકાગ્રતા—ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં લગાવ. અહા! મારગ તો આવો છે. તે દયા, દાન, વ્રત કે ભક્તિથી મળશે નહિ, એ તો રાગ છે. રાગભાવથી વીતરાગતા મળે?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. કંદમૂળની એક રાઈ જેટલી કણીમાં અનંત જીવો છે, તેમ દરેક આત્મામાં જ્ઞાન-આનંદઆદિ અનંત અનંત ગુણો છે. ભાઈ! તારી અતીન્દ્રિય ગુણઋદ્ધિની તને ખબર નથી!

'सिद्धि रिद्धि वृद्धि दीसै घटमें प्रगट सदा,
अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं।'

અહા! ત્રણ લોકનો નાથ એવો પ્રભુ તું, તારા સ્વભાવની સમૃદ્ધિ કેટલી? સિદ્ધની સંખ્યા કરતાં અનંત-અનંતગણા ગુણ અંદર આત્મામાં ભર્યા પડ્યા છે. એવા નિજ આત્માનો પ્રથમ પ્રમાણ-નય આદિથી સાચો નિર્ણય કર. પછી વિકલ્પ છોડી સ્વરૂપમાં ઠર. ગુફામાં જવું હોય તો આંગણા સુધી ઘોડાગાડી કામ આવે પણ અંદર જવામાં તે કામ ન આવે,

એમ ભગવાન આત્મામાં જવા માટે પ્રથમ તે સંબંધના વિકલ્પ આવે, પણ અંદર પ્રવેશ કરવામાં વિકલ્પ કામ ન આવે.

સમ્યગ્દર્શન ધર્મનું પ્રથમ પગથિયું છે. તે પહેલાં પ્રમાણ ને નયથી આત્માનો સાચો નિર્ણય કરવો જોઈએ. જોકે પ્રમાણ-નયના ભેદ તે પણ વિકલ્પ છે, વૃત્તિનું ઉત્થાન છે, તેનાથી તને શો લાભ છે? અંદર ભગવાન આત્માનો ભેટો કરવો હોય તો એ વિકલ્પનો પક્ષ છોડી દે. પ્રભુ! તું અનંત શક્તિઓનો ભંડાર છો, તેને એક વાર અંદર નજરે નિહાળ તો ખરો. બહારમાં નજર કરીને જગતને જાણવામાં રોકાઈ ગયો, પણ અંદર જાણનારો પ્રભુ કોણ છે તેને તેં જાણ્યો નથી. એક વાર લક્ષ કર તો અંતરમાંથી મુક્તસ્વરૂપ પ્રગટ થશે.

**“અંદર સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ જ સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે—‘ते एव साक्षात् अमृतं पिबन्ति।’”**

આ ભગવાન જ્ઞાયક આત્મા સ્વભાવે તો અતીન્દ્રિય અમૃતસ્વરૂપ છે જ. અરે! આ કેમ બેસે? અરે! જ્યાં એક અડદની દાળ સરખી સદડી ન થઈ હોય ત્યાં પિત્તો ખસી જાય ને કષાયના આવેશમાં આવીને બાયડી ઉપર ઢીંચણિયું ફેંકે એવા જીવને, અંદર જ્ઞાયક ભગવાન આનંદામૃતથી ભરપૂર છે એ વાત કઈ રીતે સમજાય? પ્રભુ! આ તને શું થયું? તારા અપલખણ તો જો! તું કોણ છો? તારું સ્વરૂપ શું છે?-એ તો તું જોતો નથી. પર ચીજનું આત્મા કાંઈ કરી શકતો નથી, પણ ‘પરનું કરી શકું છું.’ એમ માનીને તું ત્યાં ને ત્યાં રોકાઈ ગયો. તું અકર્તાસ્વભાવી—જ્ઞાયકસ્વભાવી—તારા ધ્રુવ સ્વભાવને જોવાને નવરો થતો નથી! ભાઈ! તારી બહારની વિદ્વત્તાનાં અભિમાન એક વાર છોડી દે અને અંદર પૂર્ણાનંદપ્રભુ ઉપર તારી નજર લગાવી દે. તું સ્વભાવે મુક્તસ્વરૂપ તો છો જ, પણ સ્વરૂપની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં પણ અંશે મુક્તદશા પ્રગટ થશે. સમ્યગ્દર્શન થતાં જે મિથ્યાત્વ ને અનંતાનુબંધી કષાયથી મુક્ત થયો તેને શ્રદ્ધા-અપેક્ષાએ મોક્ષ થયો કહેવાય છે.

આ ચૈતન્ય બાદશાહ જ્ઞાયક પ્રભુ પર દૃષ્ટિ કરવાથી, તેમાં સ્થિરતા કરવાથી જ્ઞાનીઓ સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને આસ્વાદે છે, તેઓ જ સાક્ષાત્ અમૃતને પીએ છે. આત્મા વ્યવહારે બદ્ધ છે ને નિશ્ચયે અબદ્ધ છે. ‘વ્રતાદિના શુભ ભાવથી જીવ બંધાયેલો છે’ એવા વ્યવહારનો તો (સમયસારમાં) પહેલેથી જ નિષેધ કરતા આવ્યા છે, પણ નિશ્ચયપક્ષે વસ્તુદૃષ્ટિથી ‘અબદ્ધ છું, મુક્ત છું, સામાન્ય છું, એકરૂપ છું.’ એવા વિકલ્પની જે વૃત્તિ ઊઠે છે તે પણ વિકાર છે, દુઃખ છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એવા વિકલ્પથી પાર એવા નિજ જ્ઞાયકસ્વરૂપમાં જઈ અતીન્દ્રિય આનંદામૃતનો પ્રત્યક્ષ અનુભવ કરે છે. જ્ઞાનીનો આ સ્વાનુભવ કોઈ અદ્ભુત છે, વચનાતીત છે. ત્યાં શૂન્યતા નથી. જાગૃતપણે અલૌકિક

ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે. તું ત્યાં જા, તને ચૈતન્યદેવનાં અદ્‌ભુત દર્શન થશે.

આ તો હજી ધર્મના પ્રથમ એકડાની—સમ્યગ્દર્શનની—વાત છે, ચારિત્રની—મુનિપણાની—વાત હજુ આઘી છે. ભગવાનને સર્વજ્ઞપર્યાય ને પૂર્ણ અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે તે ક્યાંથી આવે છે? બહારના વિષયોમાંથી આવે છે? અંદરમાં શક્તિપણે ભરપૂર છે તે, પર્યાયમાં પ્રગટ થાય છે. અરે પ્રભુ! તને તારી પ્રભુતાની ખબર નથી. બહારનો આશ્રય છોડી અંદરનો આશ્રય લે તો તને અતીન્દ્રિય આનંદામૃતના ઘૂંટડા પીવા મળશે.

જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે તેણે વિષયનો રસ છોડી દેવો પડશે. જેને વિષયનો રસ છે તેને આત્માનો રસ નહિ લાગે. જેને અંતર આત્માનો રસ લાગ્યો છે. તે અતીન્દ્રિય આનંદામૃતનો સાક્ષાત્ આસ્વાદ પ્રાપ્ત કરે છે. તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ધર્મની શરૂઆત છે; બાકી બીજું બધું થોથે થોથાં છે. ભલે સામાયિક-પ્રતિક્રમણ કરે, પણ જ્યાં દૃષ્ટિ જ મિથ્યા છે ત્યાં સામાયિક-પ્રતિક્રમણ હતાં જ કે દી? અહીં તો કહે છે : પ્રભુ! અંદર જા ને, અંદરમાં જ્ઞાયક ભગવાન બિરાજે છે. તું બહારમાં ઢૂંઢે છે, પણ બહારમાં તારી ચીજ નથી. તારી ચીજ—તારો પ્રભુ—અંતરમાં છે તેને શોધ ને, તો તને આનંદામૃતનો કોઈ અપૂર્વ સ્વાદ આવશે.

## વચનામૃત—૨૩૧

**આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો—ભગવાન થઈ ગયો; અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણરત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ ગયા. ૨૩૧.**

'આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો—ભગવાન થઈ ગયો;'

અંદર નિર્વિકલ્પ જ્ઞાયક પ્રભુનાં ગાણાં ગાતાં ગાતાં ગુણી-સમકિતી થઈ ગયો. શું કહે છે? જેમાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ વગેરે અનંત અનંત ગુણો છે એવા નિજ અભેદ જ્ઞાયક પ્રભુનો અંતરમાં મહિમા કરતાં કરતાં પોતે પર્યાયમાં પ્રભુ થઈ ગયો. અરે! એક બાયડી સરખી મળે એમાં જે રાજી રાજી થઈ જાય તેને અંતરમાં આ ભગવાન આત્માનો મહિમા ક્યાંથી આવે? સમ્યગ્દર્શન—આત્માનો અતીન્દ્રિય અનુભવ-કોઈ બહારના ક્રિયાકાંડથી પ્રાપ્ત થાય એવી તે ચીજ નથી. પ્રભુ! જગતથી આ વાત સાવ ઊંધી છે. જગતની દૃષ્ટિ બહારમાં—'વ્રત કરો, તપ કરો' વગેરેમાં—છે, પણ એ તો બધી રાગની વાત છે. રાગના ગાણાં ગાવાથી સમ્યગ્દર્શન કદી થતું નથી. અનંત

ગુણોની અભેદ ચૈતન્યમૂર્તિનો અંતરમાં મહિમા લાવવાથી, તેના ઉપર દૃષ્ટિ કરવાથી, ગુણી અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ થવાય છે. અરે! જ્યાં સમ્યગ્દર્શન શી ચીજ છે તેનીય હજુ ખબર નથી ત્યાં સામાયિક ને ચારિત્ર ક્યાંથી આવી ગયું?

વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવે જેવો જોયો ને કહ્યો તે અનંત અનંત ગુણોથી ભરેલા આ નિજ આત્માના ગુણ ગાતાં ગાતાં અર્થાત્ મહિમા કરતાં કરતાં સમ્યગ્દૃષ્ટિ થઈ ગયો, ગુણી થઈ ગયો. આત્માનું કદ ભલે શરીરપ્રમાણ છે પણ એના ગુણો આકાશના પ્રદેશો કરતાં પણ અનંતગણા છે. અહા! આ કે દી સાંભળ્યું છે એણે? બધો કાળ એણે ભિખારાવેડામાં કાઢ્યો છે. સુખ અને શાંતિ જાણે બહારથી—વિષયોમાંથી—આવતાં હોય એમ માને છે, તેથી સુખ માટે બહારમાં ભીખ માગે છે. ભગવાન પાસે ભીખ માગે કે—'આપજો આપજો રે, પ્રભુ મને શિવપદ આપજો રે'... ભગવાન પાસે તારું શિવપદ છે કે એ તને આપે?

ભાઈ ! તારો નાથ તો અનંત ગુણે બિરાજમાન છે. એ પ્રભુની બાદશાહી તો એના ગુણોમાં છે, શરીર આદિ પરમાં ને પુણ્યપાપના વિકારી ભાવમાં એની બાદશાહી નથી. અનંત ગુણના સ્વામીને લક્ષમાં લઈને અંદર સ્વભાવમાં જાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે, ગુણી થાય છે. શ્રી શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ—એ ત્રણેય, તીર્થંકર, ચક્રવર્તી અને કામદેવ—એ ત્રણ પદવીના ધારક હતા. છ ખંડમાં બીજે ક્યાંય તેમના જેવું રૂપ કે બળ નહોતું, છતાં એ બધું છોડીને અંતરમાં ચાલ્યા ગયા હતા. ચક્રવર્તી છ ખંડને સાધે છે એમ વ્યવહારથી કહેવાય છે, પણ ખરેખર તો તેઓ અંદર અખંડ જ્ઞાયકને સાધે છે.

અહા! આત્માનો અનંત અપાર ગુણવૈભવ! સાધારણ જીવે તો એ સાંભળ્યો પણ નથી તો તેના જાણવામાં કે સાધવામાં ક્યાંથી આવે? ગુણીમાં—ભગવાન જ્ઞાયકમાં—એકાગ્ર થતાં થતાં પર્યાયમાં અરિહંત ભગવાન થઈ ગયો. એ કાંઈ વ્રત, તપ કરતાં કરતાં કેવળી થઈ ગયો —એમ નથી. છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ જીવ સિદ્ધપદ પામે છે. અત્યારે અહીંથી નહીં, પણ મહાવિદેહમાંથી સિદ્ધપદ પામે છે, કેવી રીતે પામે છે? અનંત અનંત ગુણોનો ભંડાર એવા નિજ જ્ઞાયક આત્માના ગુણ ગાતાં ગાતાં—અંદર એકાગ્ર થતાં થતાં—ભગવાન થઈ જાય છે, સિદ્ધ થઈ જાય છે. અરેરે! દુનિયા આખી અવળે રસ્તે ચડી ગઈ છે, પણ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ તો આ જ છે.

**'અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણરત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ ગયા.'**

શું કહે છે? ભગવાન આત્મા અસંખ્યપ્રદેશી છે. જેમ સોનાની સાંકળી હજાર મકોડાની બનેલી છે, તેમ ભગવાન આત્મા અસંખ્યપ્રદેશી સ્વદેશમાં બિરાજે છે.

પ્રશ્ન : અમને—પામરને—આપ ભગવાન કહો છો?

ઉત્તર : ભાઈ! તું પામર નથી, શક્તિએ ભગવાન છો. તને તારા સ્વરૂપની ખબર નથી. સાંકળીની દરેક કડીમાં—મકોડામાં—પીળાશ, ચીકાશ ને વજન વગેરે ગુણોથી ભરપૂર સોનું છે તેમ આત્માના દરેક પ્રદેશમાં જ્ઞાન, દર્શન ને ચારિત્ર વગેરે અનંત અનંત ગુણો ભર્યા પડ્યા છે. અસંખ્ય પ્રદેશ એ તારો સ્વદેશ છે અને તેમાં અનંત ગુણરૂપ પ્રજા વસી રહી છે. અસંખ્યપ્રદેશી પ્રભુમાં અનંત અનંત ગુણરતન! અહા! તે પકડવું—સમજવું—હજી કઠણ પડે, ત્યાં અંદર તો ક્યારે જાય? અસંખ્યપ્રદેશી એક આત્મા, તેના પ્રત્યેક પ્રદેશમાં ગુણરતનના ઓરડા ભર્યા છે. ધૂળની ઝવેરાતમાં કાંઈ નથી. અંતરમાં ચૈતન્યનું અનંતું ઝવેરાત પડ્યું છે. અંદર ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરીને જ્યાં નિજ શુદ્ધાત્માનુભૂતિ થઈ ત્યાં અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણરત્નોના ઓરડા અંશે બધા ખુલ્લા થઈ ગયા.

એક માણસ રત્નદ્વીપમાંથી પથ્થર સમજીને એક રત્ન લઈ આવ્યો. જ્યાંથી તે લાવ્યો હતો ત્યાં આવાં લાખો-કરોડો રત્નો હતાં. તે માણસ તે રત્નના પ્રકાશમાં ઘરકામ કરે. ત્યાં એક શેઠિયો આવ્યો. પ્રકાશ જોઈને તેણે કહ્યું : અરે! આ તું ક્યાંથી લાવ્યો? આની કિંમત તો ઘણી ઊંચી છે. કરોડો સોનામહોરથી ભરેલી મારી કરોડ ગોદામ તને આપું, તું મને આ રતન આપ. તે માણસને આશ્ચર્ય થયું : અહા! આ તે આવી ચીજ! આવા પથ્થર તો ત્યાં લાખો-કરોડો હતા. એવી રીતે અહીં ત્રણ લોકના નાથ પરમાત્મા કહે છે કે—આત્માના અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણરત્નના ઓરડા પડ્યા છે; તે ગુણરત્નના ઓરડા, અંદર ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ કરીને, હવે ખોલ...ખોલ. રાગની એકતાનાં—'પુણ્ય-પાપ ને દયા, દાન, વગેરે મેં કર્યાં' એમ મિથ્યાત્વનાં—તાળાં માર્યાં છે, તે હવે અંદર જ્ઞાયકના અભ્યાસ વડે ખોલ...ખોલ. જ્ઞાનીને જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણરત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ ગયા છે.

❀

બેન અલૌકિક ચીજ છે; દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન આત્માને અનુભવે છે. એને (બહારમાં) ક્યાંય મજા પડતી નથી. એ અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

આ (વચનામૃત) કથા-વાર્તા નથી, ભાગવત કથા છે. પરમાત્માની વાણીના ઈશારા છે. તેનો અનુભવ કરે તેને ખબર પડે. બેન તો ભગવતી માતા છે.

—પૂજ્ય ગુરુદેવ